શ્રીગુરુલીલામૃત

(જ્ઞાનકાંડ)

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥



मौने मौनी गुणिनि गुणवान् पण्डिते पण्डितो वा
दीने दीनः सुखिनि सुखवान् भोगिनि प्राप्तभोगः ।
मूर्खे मूर्खो युवतिषु युवा वाग्मिनि प्रौढवाग्मी
धन्यः कोऽपि त्रिभुवनजयी योऽवधूतेऽवधूतः ॥

श्रीशंकराचार्याः ।

રંગ અવધૂત

પ્રકાશક : **શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ,**
નારેશ્વર (પોસ્ટ સાયર, વાયા અંકલેશ્વર-૩૯૩ ૧૦૭)
ફોન : (૦૨૬૬૬) ૨૫૩૨૯૩

(સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.)

પ્રથમ આવૃત્તિ	સં. ૧૯૯૧	૧૧૦૦ પ્રત
દ્વિતીય આવૃત્તિ	સં. ૨૦૦૬	૧૨૫૦ પ્રત
તૃતીય આવૃત્તિ	સં. ૨૦૧૧	૨૨૦૦ પ્રત
ચતુર્થ આવૃત્તિ	સં. ૨૦૧૯	૨૨૫૦ પ્રત
પાંચમી આવૃત્તિ	સં. ૨૦૨૭	૨૨૦૦ પ્રત
છઠ્ઠી આવૃત્તિ	સં. ૨૦૩૧	૨૭૦૦ પ્રત
સાતમી આવૃત્તિ	સં. ૨૦૩૮	૩૦૦૦ પ્રત
આઠમી આવૃત્તિ	સં. ૨૦૪૨	૫૦૦૦ પ્રત
નવમી આવૃત્તિ	સં. ૨૦૪૮	૫૦૦૦ પ્રત
દસમી આવૃત્તિ	સં. ૨૦૫૨	૫૦૦૦ પ્રત
અગિયારમી આવૃત્તિ	સં. ૨૦૫૪	૫૦૦૦ પ્રત
બારમી આવૃત્તિ	સં. ૨૦૫૯	૨૦૦૦ પ્રત
તેરમી આવૃત્તિ	સં. ૨૦૬૧	૨૦૦૦ પ્રત
ચૌદમી આવૃત્તિ	સં. ૨૦૬૩	૩૦૦૦ પ્રત

સન ૨૦૦૭

જ્ઞાનકાંડ	રૂા. ૨૮/-
કર્મકાંડ	રૂા. ૨૭/-
ઉપાસનાકાંડ	રૂા. ૨૦/-

મુદ્રક : હેમ પ્રિન્ટીંગ પ્રેસ
૪, લબ્ધી એસ્ટેટ, પ્રતાપનગર,
વડોદરા - ૩૯૦ ૦૦૪
ફોન. : ૨૫૮૦૨૪૪, ૨૫૮૦૨૩૩,
૬૫૪૧૬૧૩



કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું, મૃદ્ બની કેશ કાળા પખાળું !
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા, અંગ પર જો ધરે તું કૃપાળુ ! !
મૃગ થઈ વ્યાધથી દેહ વીંધાવું આ, અજિન થઈ બેસવા કામ લાગું !
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું, દરસ વિણ આન નવ કાંઈ માગું ! !

- રંગ અવધૂત

નિવેદન

(ચૌદમી આવૃત્તિનું)

શ્રી ગુરુલીલામૃત વરદ ગ્રંથની આ આવૃત્તિ સમયે તેને લખાયાને ૭૫ વર્ષ પૂર્ણ થઈ તેનો અમૃત મહોત્સવ ગુજરાતમાં અને અન્ય સ્થળે દબદબાભેર ઉજવાઈ રહ્યો છે. ઠેર ઠેર પૂ.શ્રી.ના હસ્તાક્ષર ગ્રંથના સાન્નિધ્યમાં સામૂહિક પારાયણો યોજાઈ રહ્યાં છે. જેનો આંકડો દિવાળી ઉપર ૭૫૦૦ ની આસપાસ પહોંચશે એ અત્યંત આનંદની અને રોમાંચક ઘટના છે. કોઈ પણ વરદ ગ્રંથ તેના લેખકની હયાતિમાંજ આટલો પ્રસિદ્ધ થયો હોય તેવું જાણમાં નથી પૂ.શ્રી ના બ્રહ્મલીન થયા પછી પણ એ ગ્રંથની માગ એટલી જ નહીં, એથી ય વધુ રહી છે.

આજે આ નવી આવૃત્તિ બહાર પાડતી વખતે ન છૂટકે એની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડ્યો છે. શ્રી ગુરુલીલામૃત ગ્રંથ આમ પણ ટ્રસ્ટને તો મોંઘો પડતો જ રહ્યો છે. પણ પૂ.શ્રી ના જન્મ શતાબ્દિ વર્ષથી જે કિંમત રાખેલી તેજ રાખીને આ ગ્રંથ પરિવારને કેમ સસ્તો પડે તે વિચારી કિંમતમાં વધારો કરતા ન હતા. પણ હવે કાગળની મોંઘવારીએ માઝા મૂકી છે તેથી કચવાતે દિલે કિંમતમાં વધારો ક્યોં છે જે પરિવારના સદસ્યો સમજણપૂર્વક દરગુજર કરશે એવી આશા વધુ પડતી નથી.

આ આવૃત્તિમાં 'બિરુદાવલી શ્રી ગુરુલીલામૃતની '' શ્રી ગુરુલીલામૃત ની આરતી'' તથા 'શ્રી ગુરુલીલામૃત નું માહાત્મ્ય'એમ ત્રણ રચનાનો સમાવેશ કરી ભક્તોની આકાંક્ષા દુર કરવા પ્રયત્ન કર્યો છે. આ રચનાઓ શ્રી ધીરુભાઈ જોષીની છે.

આ વખતે ફરીથી પ્રુફો જોઈ ભૂલો સુધારી લેવાઈ છે. એમા ડૉ. દેવદત્ત જોષી, શ્રી નવનીતભાઈ પાઠક, શ્રી શૈલેષભાઈ પાઠક આદિની મદદ મળી છે. તે તે સદ્‌ભક્તોના આભાર સહ વાચકોને નિવેદન કે એમાં રહી ગયેલા મુદ્રણદોષો તરફ અમારૂં ધ્યાન દોરશો જેથી બીલકુલ શુદ્ધ રીતે ગ્રંથ છપાયા કરે.

આ વખતે પણ નારાયણ મુદ્રણાલયના મેનેજર શ્રી નિરંજન મો. પાઠક તથા અન્યનો કાગળ આદિ વ્યાજબી કિંમતે પ્રાપ્ત કરવામાં સહકાર રહ્યો છે તથા પ્રેસમાં તેને પહોંચતો કરવો, કોમ્પ્યુટર પર ભૂલો જોઈ લેવી વગેરે સેવા પણ તેમણે કરી છે તે તેમની ગુરુભક્તિને વંદન જ ઘટે !

ગ્રામોદ્ધાર મુદ્રણાલય, વલ્લભવિદ્યાનગરમાં આ બધું છપાતું હતું પણ નારેશ્વર - વડોદરાથી ત્યાં દોડવું કઠીન હોવાથી આ વર્ષે વડોદરા શ્રી રંગ ઓફસેટ સીસ્ટમમાં તે છાપવાનું નક્કી થતાં મૂળ ગ્રંથની સી.ડી. આપવા બદલ ગ્રામોદ્ધાર પ્રેસના મેનેજર શ્રી સરૈયાજીનો આભાર માનીએ છીએ. અને શ્રી રંગ ઓફસેટ પ્રેસના માલિક શ્રી રમેશભાઈ પવાર તથા તેમના આ કામના નિષ્ણાત સુપુત્ર શ્રી જીતુભાઈનો પણ આભાર માનીએ છીએ. તેમણે સમયસર કાર્ય કરવાનું બીડું ઝડપ્યું એજ મોટી વાત છે.

પૂ. શ્રી ગુરુ મહારાજશ્રીના ચરણોમાં અનેકાનેક પ્રણામ સહ જેતે દાતાઓનો ઋણ સ્વીકાર કરી નિવેદનને પૂર્ણ કરીએ.

દાતાઓની ચાદી

	સર્વશ્રી		
૧	સુરેશભાઈ એચ. પટેલ	વિદ્યાનગર	૧૫૦૧/-
૨.	મંત્ર મંજુલાબેન, હસ્તે સુહાસિનીબેન મહેતા	અમેરીકા	૧૦૦૧/-
૩.	હેમલતા નલિનચંદ્ર જોષી	વલસાડ	૨૫૦૦/-
૪.	સ્વ. ઘનલક્ષ્મીબેન શાન્તિલાલ ગઙ્કર	અમદાવાદ	૫૦૧/-
૫.	દત્તાત્રેય નારાયણ ક્ષીરસાગર	અમદાવાદ	૧૦૦૧/-
૬.	નવીનભાઈ પી. વ્યાસ	અમદાવાદ	૧૧૧૧/-
૭.	ઈન્દીરાબેન એમ. દવે હસ્તે ડાહ્યાભાઈ મોરારભાઈ પટેલ	ઉમલ્લા	૫૦૧/-
૮.	નરોત્તમભાઈ મુળજીભાઈ વિઠ્ઠલ	એના	૨૫૦૦/-
૯.	નરોત્તમભાઈ વિઠ્ઠલ તથા લક્ષ્મીબેન	એના	૨૫૦૦/-
૧૦.	પૂ. સદ્‌ગુરુ સી. સી. મહેતા સાહેબની પુનિત સ્મૃતિ નિમિત્તે હસ્તે અશોક કર્ણિક	અમદાવાદ	૫૦૦૦/-
૧૧.	મિતેષકુમાર દલસુખભાઈ પટેલ	અંકલેશ્વર	૫૦૨/-
૧૨.	કુમારી મેહુલીબેન જગદિશચંદ્ર ટંડેલ	સેલવાસ	૧૦૦૦/-
૧૩.	સ્વ. ગિરધરભાઈ રામશંકર ભટ્ટ તથા સ્વ. શાન્તાબેન ગિ. ભટ્ટ હસ્તે રજનીભાઈ ગિરધરલાલ ભટ્ટ	ચાણસા	૧૦૦૦/-
૧૪.	સ્વ. અંબાબેન અંબેલાલ હસ્તે કમળાબેન અંબેલાલ વશી	સૂરત	૨૫૦૧/-
૧૫.	શ્રી ગુરુલીલામૃત સ્વાહાકાર યજ્ઞ હસ્તે જગદિશાનંદ	કપડવંજ	૫૨૫૨/-

- પ્રકાશક

નિવેદન

(અગિયારમી આવૃત્તિનું)

ત્રણેક વર્ષમાં જ શ્રીગુરુલીલામૃત વરદ ગ્રંથની પાંચ હજાર પ્રતો ચટણીની માફક ખલાસ થઈ ગઈ અને છેલ્લા છએક માસથી એની માંગ ઉત્તરોત્તર વધતી રહી છે તેથી આ અગિયારમી આવૃત્તિ ભક્તહૃદયી વાચકોના કરકમલમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ અને ગુરુમહારાજની અસીમ કૃપાનો આનંદ લૂંટીએ છીએ. કાગળની વધતી જતી મોંઘવારી કયાં જઈ અટકશે એ તો કલ્પવું પણ મુશ્કેલ છે. પરંતુ તે સાથે પૂ. શ્રી. ની કૃપાશિષ પણ એટલી જ વધતી રહી છે અને મોંઘવારી પાછળ રહી ગઈ છે. કિંમતમાં ઝાઝો વધારો કર્યા સિવાય આ આવૃત્તિ પ્રગટ થાય છે તે તેનું ઉદાહરણ છે. આના મૂળમાં અવધૂત પરિવારના નીચેના ઉદાર હૃદય પૂ. શ્રી ના સાહિત્ય માટે અનન્ય માન અને શ્રદ્ધા ધરાવનાર નિષ્કામ દાતાઓ યશભાગી છે.

મુખપૃષ્ઠનો બ્લોક મૂળ અવધૂતી કલાકાર સ્વ. શ્રી પ્રમોદભાઈ પટેલ (ભરૂચ) ના ચિત્ર ઉપરથી થએલો છે તેનું સ્મરણ કરી પૂ. શ્રીના ચરણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી આ નાનકડા નિવેદનને સમાપ્ત કરીએ છીએ.

- પ્રકાશક

દત્તજયંતી, વિ. સં. ૨૦૫૪

*****

(નવમી આવૃત્તિનું)

બ્ર. પ. પ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી (ટેંબે) સ્વામી મહારાજશ્રી ગરુડેશ્વરમાં પધાર્યા અને પોતાની અંતિમ લીલાઓ અહીં કરી ગુજરાતમાં દત્તભક્તિનાં બીજ વાવ્યાં તેને સાતેક દાયકા જેટલો સમય થયો. માત્ર નાનપણમાં એક જ વાર તેમનાં દર્શનથી કૃતાર્થ થયેલા પૂ.શ્રીએ પાંચેક દાયકા પહેલાં આ વરદ ગ્રંથને પ્રભુપ્રેરિત કલમે લખ્યો. એની મુદ્રિત આવૃત્તિ (જ્ઞાનકાંડ) વિ. સં. ૧૯૯૦ ની વિજયાદસમીએ બહાર પડી અને આજે (વિ. સં. ૨૦૪૭) નવમી આવૃત્તિ બહાર પડે છે તે કોઈ પણ વરદગ્રંથના ઈતિહાસમાં અપૂર્વ કહી શકાય તેવી બીના છે.

પૂ. શ્રીએ તો આ ગ્રંથમાં સરસ્વતી દેવીની સ્તુતિ કરતાં પ્રથમ અધ્યાયમાં જ દોહરા લખ્યા છે :

કલિતારક ગુરુગાન છે, રમ્ય રુચિર રસાળ; નિશ્ચય મનનો હોય તો પાછો કાઢે કાળ ૯૯
પઢે કથા જે કો સદા, કરે શ્રવણ સદૈવ; ઈહામુત્ર સુખ સંપદા પામે, ટળે કુદૈવ. ૧૦૦
પુત્ર પૌત્ર ધનધાન્યની સદા વૃદ્ધિ ઘરમાંહ્ય; લક્ષ્મી વસે સદા ગૃહે, જ્યાં ગુરુકીર્તન થાય. ૧૦૧
સપ્તાહશ્રવણે ટળે પાપ, સર્વ સુખ હોય; ગુરુકૃપાથી રોગગ્રહપીડા કદિ ન હોય. ૧૦૨
દત્તકથામૃત આ નકી કામધેનુ કલિ માંહ્ય; કામિત સિદ્ધ કરે, હરે ભવભય, મુક્તિ થાય. ૧૦૩

વાત છે ગુરુકથાની, તેના લાભોની. એ જ વાત શ્રીગુરુલીલામૃત, જે દત્તકથામૃત છે તેને પણ લાગુ પડે છે. પૂ.શ્રીને તો કશાયની સ્પૃહા ન મળે. પણ ભકતો પર અનુગ્રહ કરવા માટે સ્વયં દત્ત ભગવાને, ગુરુમહારાજે એમને નિમિત્ત બનાવી જે વરદ ગ્રંથ ગુજરાતની પ્રજાને આપ્યો તેને ગુજરાતી પ્રજાએ અનેરા ઉમંગથી ઝીલ્યો છે. વ્યક્તિગત પાઠપારાયણો, નિત્ય સ્વાધ્યાય તો થાય છે જ; પરંતુ સામુહિક રૂપમાં કથાઓ, સમૂહ પારાયણો, સપ્તાહો યોજાય છે અને શ્રીગુરુલીલામૃત ગ્રંથની નકલો ચપોચપ ઉપડી જાય છે. આગળ આપેલી અત્યાર સુધી છપાયેલી નકલો, વર્ષ વગેરેની માહિતી ઉપરથી આ સ્પષ્ટ દેખાય છે કે દિવસે દિવસે આ ઔપાસનિક વરદ ગ્રંથની માંગ વધતી જ રહી છે. આઠમી આવૃત્તિ આ ગ્રંથ લખાયાને ૫૦ વર્ષ થાય છે ત્યારે તેની સુવર્ણજયંતીના વર્ષમાં પ્રગટ થાય છે તે એક મણિકાંચનયોગ છે. સાથે સાથે શ્રી અવધૂત નિવાસ ટ્રસ્ટ સ્થપાયાને પણ ૫૦ વર્ષ થાય છે તે સુભગ પુણ્ય સંયોગ છે.

★ ★ ★

આ નવમી આવૃત્તિના પ્રકાશન સમયે શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટના આદ્ય સ્થાપક પ્રમુખ સદ્‌ગત મુ શ્રી મોદીકાકા (અમૃતલાલ નાથાલાલ મોદી) યાદ આવ્યા વિના ન જ રહે. જ્યારથી પ્રકાશનનું કાર્ય આરંભાયું ત્યારથી જ, તેઓ જ બધાં પ્રકાશન કાર્યનો ભાર વેંઢાર્યા કરતા; પરિવાર યથાશક્તિ દાનનો ધોધ પણ વહેવડાવતો. એ પછી જેમ જેમ એમનો કાર્યભાર વધતો ગયો તેમ તેમ આ પ્રકાશન કાર્યના ભાવિની ચિંતા એમને થવા લાગી. અને પૂ. શ્રીની હયાતિમાં જ એમણે પોતે થઈને પૂ. શ્રીની અનુજ્ઞા મેળવી શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટની સ્થાપના કરી નિરાંતનો દમ ખેંચ્યો. અલબત્ત શરૂનાં વર્ષોમાં તો એ ટ્રસ્ટ માટે જે નજીવી રકમ અલગ મુકાએલી તેમાં બધાં જ પ્રકાશનો માટે ખૂબ થોડો અવકાશ રહેતો તેથી અગાઉની જેમ જ એમના શિરે જ મોટા ભાગનો ભાર રહેતો. છતાં એમના હૃદયમાં ગુરુમહારાજનાં વચનો પરની શ્રદ્ધા કોઈ અજબની હતી. ઘણીવાર તેઓ કહેતા કે નરસિંહ મહેતાની હુંડી તો ભગવાને સ્વીકારેલી તે સાંભળેલી વાત છે; જ્યારે મારી હુંડી તો ભગવાને કંઈ કેટલીય વાર સ્વીકારીને મારી લાજ રાખી છે અને ઉપાડેલાં કાર્યમાં અણધાર્યા દાનો આવી મળતાં અને એ કાર્ય **'દેવનું કાર્ય દેવ કરશે'** એ પૂ. શ્રીના વચનાનુસાર સંપૂર્ણ સફળતાને વરતું એમણે અનુભવ્યું છે, તે તે પ્રસ્તાવનાઓમાં તેમણે નોંધ્યું પણ છે અને એમની સાથે કાર્ય કરતાં આપણે સૌએ જોયું પણ છે.

જ. શં. આચાર્ય

ગુરુપૂર્ણિમા, વિ. સં. ૨૦૪૭

****

(પાંચમી આવૃત્તિના નિવેદનમાંથી)

પાંચેક દાયકા જૂની વાત છે. પૂર્વાશ્રમના શ્રી પાંડુરંગ વળામે બરોડા કૉલેજમાં અભ્યાસ કરતા હતા તે વખતે તેઓ શ્રી ભગવાન નામના એક અતિ ઉચ્ચ કોટિના ગૃહસ્થ સંતના પરિચયમાં આવ્યા. શ્રી વળામેનું સંસ્કૃત ધર્મગ્રંથોનું વાચન, પરિશીલન તે ઉંમરે પણ ઘણું સારૂં હતું. અને હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા ત્યારથી એમને સંસ્કૃત ભાષા પ્રત્યે એક પ્રકારનો વિશેષ પક્ષપાત હતો. સંસ્કારિતા અને સંસ્કૃતિની જનની તરીકે સંસ્કૃતને પોતે બિરદાવતા હતા. એમના પોતાના મિત્રમંડળના વર્તુળમાં એક એવો નિયમ રાખેલો કે એ બધા અંદર અંદર સંસ્કૃતમાં જ વાતચીત કરે. સંસ્કૃત ભાષા માટે આટલો બધો પક્ષપાતભર્યો પ્રેમ રાખનારને સંત શ્રી ભગવાને એક દિવસ વાતવાતમાં પૂછયું કે તમે પ્રાકૃત ગ્રંથો જોયા છે કે ? ગર્વોક્તિ જેવું ગણાય એવી છટાથી યૌવનસહજ મસ્તીમાં અદબપૂર્વક બોલાઈ ગયું કે આપ જેવા સંસ્કૃત ન સમજનારા પ્રાકૃત ગ્રંથો જોયા કરે ! બાકી મૂળ છોડીને ડાળાં પાંખડાંને તો કોણ જુએ ? આવી અપમાનભરી લેખાય તેવી વાણી સાંભળીને એ સંતની મુખકળામાં જરાય ફેર ન પડયો. પ્રત્યુત, સંતસહજ વાત્સલ્યભાવથી શ્રી ભગવાન કહેવા લાગ્યા કે તમે કહો છો તે સાચું છે એમ ગણીએ પરંતુ હું સંસ્કૃતનો જ્ઞાતા છું, સંસ્કૃત જાણે એને બીજું કશું જોવાની જરૂર નથી એ જે એક પ્રકારનો વિદ્યાનો, જ્ઞાનનો, ભાષાજ્ઞાનનો, જ્ઞાનખજાનો પ્રાપ્ત કરી લીધાનો ઘમંડ છે તે અભિમાનમાંથી મુકત થવાની ખાતર પણ પ્રાકૃત ગ્રંથો જુઓ તો સારૂં ! આવા ભાવનું શ્રી ભગવાને સમજાવ્યું.અને પોતે પ્રાકૃત ગ્રંથોના પરિશીલનમાં ડૂબી ગયા. અને એમાંથી સમજાયું કે એ પ્રાકૃત ગ્રંથોમાં નર્યું ઔપનિષાદિક નવનીત મીઠી, મૃદુ, લોકસુલભ વાણીમાં પીરસાએલું છે. અને એ રીતે લાખો કરોડોમાં ગણાતી આમ જનતા પર એ દિવ્ય વાણીના પ્રાકૃત ભાષાના ગ્રંથકારોએ અનહદ ઉપકાર કર્યો છે. હવે જ્યારે **શ્રીગુરુલીલામૃત** ગ્રંથ લખવાની દેવે આજ્ઞા કરી ત્યારે સંસ્કૃતમાં લખવાનો વિચાર સ્ફુરેલો. પરંતુ આ ગ્રંથની શરૂઆત થાય તે પહેલાં વાણીવિશુદ્ધયર્થે એક અનુષ્ઠાન રૂપે **'શ્રીગુરુચરિત્રસપ્તશતીસમનુવાદ'** ઓવી છંદમાં દેવપ્રેરણાથી ગુજરાતીમાં લખાયો અને ત્યાર પછી દેવે **શ્રીગુરુલીલામૃત** ગ્રંથ ગુજરાતીમાં લખવાની આજ્ઞા કરી અને તેનો છંદ પણ આમ જનતાને સુલભ દોહરા છંદ પસંદ કરવાની પ્રેરણા મળી.

પોતાની માતૃભાષા ગુજરાતી ન હોવાથી આવું ભગીરથ કાર્ય કેમ થશે એવો મનમાં ઊંડે ઊંડે વસવસો હતો અને તે માટે **"નવ જાણું ગુર્જરગિરા કાવ્યાલંકૃતિ શબ્દ, રચનાપાટવ ના લહું, અપાર એ જ્ઞાનાબ્ધ."** વગેરે સ્વાભાવિક રીતે બાલોચિત-નિખાલસતાથી પોતાની ત્રુટિઓ દેવ પાસે રજૂ કરીને એ ગ્રંથ લખવાની શક્તિ, પ્રેરણા, બુદ્ધિ વગેરે માટે પ્રાર્થના કરી. આખોય ગ્રંથ **લખાયો** છે. પોતે લખ્યો નથી, ભગવાને લખાવ્યો છે. અને આ જાતનો નિરભિમાન એકરાર આ જ્ઞાનકાંડના પ્રથમ અધ્યાયમાં મુકતમને કરીને આખોય ગ્રંથ લખવામાં પોતે તો એક નિમિત્ત માત્ર જ બન્યા છે. લખાવનારો તો સ્વયં ભગવાન જ છે એમ સ્પષ્ટ કર્યું છે.

આ રીતે આ **શ્રીગુરુલીલામૃત** ગ્રંથનું ગુજરાતી ભાષામાં અવતરણ થયું છે તે આ તબક્કે જનતા સમક્ષ મૂકતાં આનંદ થાય છે. **(શરદપૂર્ણિમા સં. ૨૦૨૭)**

(ત્રીજી આવૃત્તિનું)

સંવત ૨૦૦૭ની **રંગજયંતી** (કારતક શુકલ નવમી) ને અનુલક્ષીને **શ્રીરામજી**ની પ્રેરણાથી વડોદરામાં મહંતજી શ્રી નારાયણદાસજી રાગલોલાવાળા તરફથી **શ્રીગુરુલીલામૃત**નાં ૧૦૮ સપ્તાહપારાયણનો મહાયજ્ઞ યોજાયો તે અરસામાં આ દૈવી ઔપસાનિક ગ્રંથની ત્રીજી આવૃત્તિ બહાર પાડતાં અમને અત્યંત આનંદ થએલો.

''ગુરુલીલામૃત આ નકી ચિંતામણિ જગ માંહ્ય.''

એ સ્વાનુભવસિદ્ધ સત્યનો અનુભવ અનેકને આવવાથી આ વરદ ગ્રંથનાં વ્યક્તિગત પાઠ પારાયણો દિનપ્રતિદિન વધતાં જ જાય છે અને સમૂહપારાયણો પણ ઠેર ઠેર વધારે ને વધારે પ્રમાણમાં યોજાયા કરે છે. આ રીતે ધર્મપ્રેમી જનતાની અભિરુચિ દત્તઉપાસના તરફ કંઈક વધુ ઢળવા લાગી હોય એમ સમજાય છે. વળી આ ગ્રંથમાં શાસ્ત્રીય ખંડનમંડનની માથું ખાઈ જતી કોઈ સાઠમારી કયાંય નજરે પડતી નથી. પ્રત્યુત સમગ્ર ધર્મવિષય કેવળ નિષ્પક્ષ તટસ્થતાથી સરળ ભાષામાં રજુ થયેલો હોવાથી સામાન્ય ધાર્મિક વલણવાળી સુજ્ઞ જનતાનું ધ્યાન પણ આ ગ્રંથનું પરિશીલન કરવા તરફ વિશેષ આકર્ષાતું થયું છે.

દત્તઉપાસનામાં રસ લેનારા કેટલાય જીજ્ઞાસુઓ કંઈક વખતથી મૂકભાવે અનન્ય નિષ્ઠાથી શુદ્ધ હાર્દિક ઝંખના-સંકલ્પ સેવ્યા કરતા હતા કે **શ્રીમદ્‌ભાગવત** કે **રામાયણ**ની જેમ **શ્રીગુરુલીલામૃત**નું પ્રવચન-સપ્તાહ યોજાય તો આ ગ્રંથ વાંચી ન શકે તેવી શ્રદ્ધાળુ આમ જનતા પણ એના રસાસ્વાદનો લાભ અંશતઃ પણ પામી શકે. એ શુભ ભાવનાના ફળરૂપે સત્યસંકલ્પદાતા શ્રીહરિની પ્રેરણાથી શ્રવણોત્સુક ઉત્સાહી જનસમૂહ સમક્ષ આવાં પ્રવચન-સપ્તાહ સફળતાપૂર્વક યોજાયાની વાતો બે પાંચ ઠેકાણેથી જ્યારે અમારે કાને આવી ત્યારે અમારા આંતરિક આહ્લાદની માત્રા ખરેખર ખૂબ જ વધી ગઈ. અમારા જીવનકાળમાં આવી સુવર્ણ ધન્ય પળ આવી એ જોઈ જાણીને અમારૂં હૈયું હર્ષોદ્રિકથી છલકાઈ જાય છે; અને નતમસ્તકે કૃતજ્ઞભાવે પૂજ્યપાદ સદ્‌ગુરુ **શ્રી અવધૂતજી**ને અમે શતશઃ પ્રણામ કરી હૈયું હળવું કરીએ છીએ.

''સસ્તું સાહિત્ય'' જેવી આમ જનતાની પ્રકાશન સંસ્થાએ ઉપાસનાના આ ગ્રંથનું ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વ ને ઉપયોગિતા સમજીને તેમાંથી થોડો ભાગ 'મદાલસા અને અલર્ક' એ નામથી સ્વતંત્ર પુસ્તિકા રૂપે છપાવીને પોતાનાં ગ્રાહકોને શ્રીગુરુલીલામૃતની પ્રસાદી પહોંચાડવામાં ઔચિત્ય માન્યું છે એની નોંધ લેતા અમને હર્ષ થાય છે.

ગુરુપૂર્ણિમા : સં. ૨૦૧૧

(પ્રથમ આવૃત્તિનું)

આવા ગ્રંથને લાંબી પ્રસ્તાવનાની જરૂર ન હોય. આવી જાતનો ગ્રંથ ગુજરાતીમાં કદાચ આ પહેલો જ હશે. ભગવાન દત્તાત્રેયના અંશાવતાર તરીકે સુપ્રસિદ્ધ બ્ર. શ્રી. પ. પ. **વાસુદેવાનંદસરસ્વતી (ટેંબે) સ્વામી મહારાજ**ના ગુજરાતમા આગમન (સમાધિસ્થાન ગરુડેશ્વર નર્મદા-ઉત્તરતટ) પછી ગુજરાતીઓમાં શુદ્ધ અને સશાસ્ત્ર દત્તઉપાસનાનો પ્રચાર ઠીકઠીક થવા લાગ્યો છે. એમની પરંપરામાં ઉછરેલા અને એમના જ કૃપાપાત્ર પૂજ્ય **શ્રી રંગ અવધૂત મહારાજ**ની આ ગ્રંથકૃતિ છે એટલું જ ગ્રંથની પ્રામાણિકતા માટે બસ છે.

ગ્રંથ લખાયાને લગભગ બે વર્ષ થઈ ગયાં. ત્યારથી એ હસ્તલિખિત રૂપમાં અમારી પાસે પડી રહેલો. કેટલાકે એને જોએલો, કેટલાકે આમ તેમ વાંચેલો પણ ખરો. અનેકની ઇચ્છા એ છપાઈને જલદી બહાર પડે એવી હતી. પણ દોહરા એકંદર ઓગણીસ હજાર ઉપરાંતનો મોટો ગ્રંથ ! અને ફાવે તેવા કુસંસ્કારી માણસના દ્રવ્યથી એ ન જ છપાય, તેમ જ એ છપાવવા માટે કોઈ પણ માણસ પાસે સીધી કે આડકતરી રીતે પણ દ્રવ્યની માગણી ન જ કરવી એવી પૂજ્ય **મહારાજશ્રી**ની સખ્ત આજ્ઞા !! એટલે ઠેઠ **ઈશ્વરના ઇન્કાર સુધી** પહોંચેલા ધૃષ્ટતાની પરિસીમાના આ ભૌતિક જમાનામાં બધું કેમ પાર પડે એની અમને એક જાતની મુંઝવણ જ હતી. પૂજ્ય મહારાજશ્રી તો કહેતા કે **દેવનું કામ દેવ કરશે. તમે કરનાર કોણ ? મિથ્યા કર્તૃત્વનો બોજો માથે લઈ વૃથા કાં મરો છો ?** એટલે એ દલીલ બાજુએ મૂકી, ફાવે તેમ કરી, છેવટે એક એક ભાગ કરી ત્રણ ખંડ જુદા જુદા છપાવીને પણ ગ્રંથ પ્રસિદ્ધ તો કરવો જ એવો વિચાર કરતા હતા. એટલામાં કેવળ દૈવી પ્રેરણાથી કહાણાનિવાસી ગં. સ્વ. શ્રી મૂળીબેન હરગોવન સોનીએ પોતાના સદ્‌ગત પતિ શ્રી ડાહ્યાલાલ ભગવાનદાસ સોનીના પુણ્યસ્મરણાર્થે પાંચસો રૂપિયા આ ગ્રંથ છપાવવા ખાતે આપવાનું લખ્યું એટલે પૂજ્ય મહારાજશ્રીના શબ્દો યાદ કરી બીજા ખર્ચનું સૌ થઈ રહેશે, એવો વિચાર કરી પ્રકાશનનું કામ શરૂ કર્યું.

ગ્રંથની પ્રસ્તાવના તરીકે પૂજ્ય મહારાજશ્રી પાસે બે શબ્દની યાચના કરતાં એમણે પોતાની અવધૂતી શૈલીમાં લખી નાંખ્યું કે : **"તમારું જીવન પ્રસ્તાવનાઓમાં જ** વ્યતીત થવાનું કે શું ? સીધેસીધા **ગ્રંથના અંતરંગમાં ઉતરી પડો. તમને** એનો થોડો પણ રંગ લાગશે તો એક દિવસ ગુજરાતની આખી દત્ત-આલમ એથી રંગાયા વિના નહિ રહે."

(ઓંવી)

"મૂળે **ૐ** બ્રહ્મ નિર્ગુણ ॥ ન થઈ, તિહાં અહં-સ્ફુરણ ॥ એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ ॥ તદધ્યક્ષ શ્રીદત્ત ॥ ૧ ॥
પ્રાચી **ન** તત્ત્વ આ તો અતિ ॥ માને નૂતન અલ્પમતિ ॥ ચર્ચા માંહે આયુષ્યક્ષતિ ॥ કરે અતિ અજ્ઞાને ॥ ૨ ॥
રે ના **મો** અનેક એક નામી ॥ રામ કૃષ્ણ જે અનામી ॥ તે જ દત્ત સ્મર્તૃગામી ॥ આપ્યું જેણે આ બધું ॥ ૩ ॥
જેને **ભ** જન સાથે કામ ॥ તેને ચર્ચા છે હરામ ॥ બીજા જે કો ચર્ચાકામ ॥ લડવા દે તેમને ॥ ૪ ॥
ચાલે **ગ** તિ ન ત્યાં તર્કોની ॥ અગમ્ય લીલા એ પ્રભુની ॥ થાકયા વર્ણવી સંતો ઝીણી ॥ ગાઈ વીણી અલ્પ ત્યાં ॥ ૫ ॥
સુખે **વ** ઘો સંતોચ્છિષ્ટ ॥ સેવે સભાગી જે કો શિષ્ટ ॥ નિંદે ભલે ગ્રહ દુષ્ટ ॥ માનું કષ્ટ ન કદા ॥ ૬ ॥
ગુરુ **તે** જ ઈશ્વર ॥ દત્ત ત્રિમૂર્તિ નિર્ધાર ॥ તલ્લીલાનો વિસ્તાર ॥ કલિતાર જાણ આ ॥ ૭ ॥
એકં **દ** ર ગ્રંથ સંખ્યા ॥ ઊનવિંશતિ સહસ્ર લખ્યા ॥ દોહા ત્રણ કાંડે ભાખ્યા ॥ જ્ઞાન કર્મ ઉપાસના ॥ ૮ ॥
યત્સ **ત્તા** થી વર્તે દેહ ॥ તત્સેવામાં અર્પી એહ ॥ મન બુદ્ધિ ઇન્દ્રિય સહ ॥ કર્યું સ્તવન તેહનું ॥ ૯ ॥
પદં **ત્રે** ધા નિદધે ॥ એમ વર્ણવ્યો જેને વેદે ॥ તે જ એક ત્રિધા ભેદે ॥ ગાયો સંદેહ મૂકી ॥ ૧૦ ॥
જેની **યા** દશ ભાવના ॥ ફળ તાદશ તેને શાણા ॥ અકર્મીના પડિયા કાણા ॥ શબ્દ ઘણા શું કરે ॥ ૧૧ ॥
ગંગા **ય** મુના વાચ્યભેદે ॥ લીલા વિધવિધ લક્ષ્યાભેદે ॥ રામકૃષ્ણદત્તાભેદે ॥ ભેદલીલામાં તથા ॥ ૧૨ ॥
તત્સત્ ૐ માટે તપસી ॥ રહ્યો અવધૂત બધે હસી ॥ વૃથા લેખિની વૃથા મસી ॥ જો પેસી અંતરે ॥ ૧૩ ॥

ઉપર લખ્યા પ્રમાણે સમગ્ર ગ્રંથમાં લગભગ ઓગણીશ હજાર કરતાં વધારે દોહરા છે. તેમાંનો આ પ્રથમ ખંડ-જ્ઞાનકાંડ-ગુજરાતની ધર્માભિમુખ પ્રજા પાસે રજૂ કરીએ છીએ. એમાં ભગવાન આદ્યગુરુ શ્રી આદિદત્તની લૌકિક અલૌકિક લીલાઓનું, એમણે કરેલા અનેકવિધ ઉપદેશો વગેરેનું સાથેના વિષયપ્રવેશમાં જણાવ્યા પ્રમાણે સરળ, પ્રાસાદિક સારગ્રાહી વિવેચન છે. પૂજ્ય મહારાજશ્રીના પોતાના જ શબ્દોમાં કહીએ તો

"બ્રહ્મરસાસ્વાદે ભર્યો નર્યો ગ્રંથ સાદ્યન્ત; મદ્વાકયે વિશ્વાસ જો, જોશે પરચો સંત."

પણ એ 'બ્રહ્મરસાસ્વાદ' નો પ્રાણ શ્રદ્ધા છે. પરમ સત્યનો આનંદ સ્વાનુભવથી લૂંટવાનો હોય છે. શબ્દજાળ ત્યાં નકામી છે. એ સ્વાનુભવની દુરધિગમ્ય સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જે મહાનુભાવ વિરલ વ્યક્તિઓએ એ રસાસ્વાદ માણ્યો છે, જે 'બ્રહ્મવિદ્' થઈ 'બ્રહ્મ' બન્યા છે, તેમનાં ચરણ તળાંસવાની અત્યાવશ્યકતા છે. પણ આ બધું અડગ અનન્ય શ્રદ્ધા વગર બનતું નથી અને શ્રદ્ધા કોઈની આપી થોડી જ અપાય છે ? હજારો ભદ્રંભદ્રોની શુષ્ક પાંડિત્યભરી દલીલો શ્રદ્ધા જન્માવી શકવા, અથવા તો એકવાર જન્મેલી અને સુવિચારે પલ્લવિત થએલી શ્રદ્ધાને ડગાવવા, અસમર્થ છે. શ્રદ્ધા એ ધર્મજીવનનું સર્વસ્વ છે એમ કહીએ તો કંઈ જ ખોટું નથી. શ્રદ્ધા વગરનું કર્મ રખ્યામાં હોમેલા ઘીની માફક નકામું છે. શ્રદ્ધાશૂન્ય હૃદયને ઈશ્વરી દરબારમાં સ્થાન જ નથી. ભગવાન કૃષ્ણચંદ્રે કહ્યું છે કે :

અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।
અસદિત્યુચ્યતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥

અશ્રદ્ધાવાનને માટે આ લોક કે પરલોક કાંઈ જ નથી.

આવી શ્રદ્ધા સ્વયંસ્ફુરિત હોય છે. એ ઉપર કહ્યું તેમ આપી અપાતી નથી. પણ ઊલટું એ શ્રદ્ધા ડગાવનારાં દશ્ય પ્રલોભનો અને અદશ્ય સિદ્ધયાદિ ઉપસર્ગોનો જ સામનો શ્રેયઃપથના પથિકને વધુ કરવો પડે છે. પણ એ બધાની સામે સાચી શ્રદ્ધાથી સુનદ્ધ થઈ જે પોતાના એકમેવ આલંબનને જ્ઞાનપૂર્વક વળગી રહે છે તેને સ્વપ્રે પણ પીછેહઠ નથી જ ! પણ જે શ્રદ્ધા પારણામાં લગ્નગ્રથિત થએલી બાલિકાના પાતિવ્રત્ય જેવી હોય છે તે તો ઝાકળના જળબિંદુની માફક ક્ષણૈક ચમકારો કરી અન્ય ક્ષણે જ ઊડી જાય છે. પણ જેના મૂળમાં વિવેક, વૈરાગ્ય, અને સુવિચારના હાથથી ઊંડે ઊંડે જ્ઞાન, ભક્તિ અને સ્વાનુભવનું અમૃત સિંચાયા કર્યું હોય છે તે તો મોટા મોટા ઝંઝાવાતોની સામે પણ મેરુવત્ ટકી રહે છે.

આ શ્રદ્ધા શી ચીજ છે, અનેક પ્રલોભનો અને દિલને હેબતાઈ નાંખે એવા પ્રસંગોની સામે એ કેવી રીતે ટકી શકે છે, અને એ શ્રદ્ધાના પ્રારંભે કંટકમય ભાસતા પથનું પર્યવસાન નિરતિશય આનંદ અને ઈહ પરલોકના કલ્યાણમાં કેવું થાય છે તે આ ગ્રંથમાં આપેલા દૃષ્ટાંતોથી સ્પષ્ટ થયા વિના નહિ રહે.

આખા ગ્રંથનો પારાયણ, સપ્તાહ વગેરે વિધિ છેલ્લા-ઉપાસના કાંડ-ખંડમાં આપ્યો જ છે. પણ દરેક ખંડ સ્વતઃપૂર્ણ હોવાથી, એનું ખંડશઃ અલગ પારાયણ પણ થઈ શકે તેમ હોવાથી પૂજ્ય મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે ભાવિક અને શ્રદ્ધાવાન ભક્તજનો માટે આ ખંડનો પારાયણવિધિ નીચે આપ્યો છે. તેનો ઉપયોગ કરી દરેક જણ તેની ઔપાસનિક અને વરદ શક્તિનો પરચો જોઈ લે. આ દૃષ્ટિથી ગ્રંથવાચનની પ્રથમ શરૂઆત શુકલ પક્ષના ગુરુવારે કરવી.

૧. રોજ સ્નાનાદિથી પરવારી ધૌત વસ્ત્ર પહેરી શુચિર્ભૂત થઈ, પૂર્વ કે ઉત્તરાભિમુખે બેસી ધૂપદીપપૂજનાદિ કરી એક અધ્યાયનો નિયમિત પાઠ કરવો. અસાધારણ આપત્પ્રસંગે આખા અધ્યાયથી ઓછો પાઠ કરવો.

સ્ત્રીઓએ શુચિર્ભૂત થઈ ધૌત વસ્ત્ર પહેરી ગ્રંથ પાટલા પર પધરાવી, ધૂપપૂજનાદિ કરી એકવીસ, ઓગણપચાસ, એકસોઆઠ કે યથાશક્તિ એથી વધારે ઓછી (પૂર્વાભિમુખે ઊભા રહી) મંદગતિએ પરિક્રમા કરવી. વાંચી શકે તેમણે પરિક્રમા પહેલાં ઉપર કહેલા પ્રમાણે પાઠ પણ કરવો. અશુદ્ધ સ્થિતિમાં ગ્રંથને સ્પર્શ સરખો કરવો નહિ.

૨. સપ્તાહપારાયણ કરનારે દિનશુદ્ધિ જોઈ, બેસવાની જગ્યા લીંપીગૂંપી પુષ્પરંગવલ્લ્યાદિથી શુદ્ધ કરી, સ્નાનોત્તર નિત્યનિયમથી પરવારી શાંતચિત્તે વાચનનો આરંભ કરવો. બેસવા માટે હંમેશાં એક જ સ્થાન રાખવું, ને સપ્તાહ પૂરી થતાં સુધી ગ્રંથનું ઉત્થાપન કરવું નહિ. બંને તો અખંડ, નહિ તો પાઠ દરમ્યાન, ઘીનો દીવો રાખવો.

૩. સપ્તાહ દરમ્યાન અભ્યંગ સ્નાન તેમજ તાંબૂલસેવનાદિ વિલાસી ચીજોનો સદંતર ત્યાગ કરવો. બ્રહ્મચર્યાદિ યમ-નિયમોનું કડક પાલન કરવું. હંમેશ ભૂમિશયન કરવું; ને પારાયણ થયા પછી ઉત્તરાંગ પૂજનકર્મ કર્યા બાદ સાત્ત્વિક ફલાહાર કે હવિષ્યાન્ન એક વખત લેવું. રાતે **પંચપદી** કરી આખો દિવસ દત્તભજનમાં ગાળવો. વાચનક્રમ :

પહેલે દિવસે : અધ્યાય ૧ થી ૭ **બીજે** દિવસે : ૮ થી ૧૪. **ત્રીજે** દિવસે : ૧૫ થી ૨૨ **ચોથે** દિવસે : ૨૩ થી ૩૦ **પાંચમે** દિવસે : ૩૧ થી ૩૮ **છઠ્ઠા** દિવસે : ૩૯ થી ૪૭ને **સાતમે** દિવસે : ૪૮ થી ૫૫

આઠમે દિવસે વિસર્જનપૂજનાદિ કરી બ્રાહ્મણ સુવાસિનીને ભોજન આપી પારણાં કરવાં. જે જાતે પારાયણ ન કરી શકે તેઓ કામના પરત્વે કે નિષ્કામ બુદ્ધિએ પણ કોઈ સુપાત્ર અને સદાચારસંપન્ન નિર્લોભી બ્રાહ્મણ પાસે પારાયણ કરાવે. અને ત્યારે પણ પારાયણ કરનાર અને કરાવનાર બંને ઉપર જણાવેલા બ્રહ્મચર્યાદિ નિયમોનું કડક રીતે પાલન કરે.

વિજયાદશમી : વિક્રમાર્ક ૧૯૯૦ **પ્રકાશક**



आदावत्रिवरप्रदानमनसूयातो जनिर्बालकः
क्रीडार्थं ह्रदमज्जनं वरवधूलीलार्जुनानुग्रहः ।
रामाचार्यकसाध्यपिङ्गलयदुप्रह्लादबोधौ तथाऽ-
लर्कायुर्वरदानमित्यवगतं श्रीदत्तलीलामृतम् ॥

(द. षो. ज.)

વિષયપ્રવેશ

અધ્યાય

૧ ગણપતિ, શારદા, સદ્‌ગુરુ આદિનું સ્તવનવંદન, ગ્રંથ-લેખનનો હેતુ અને માહાત્મ્ય, નિરંજનની પ્રભુદર્શન માટે વ્યાકુળતા. ૧ થી ૫

૨ યોગીશ્વર અલખગુરુનું દર્શન, ચાર યુગનું વર્ણન. ૫ થી ૯

૩ ગુરુમાહાત્મ્યવર્ણન; દીપક આખ્યાન. ૯ થી ૧૪

૪ અવતારકારણ, અંબરીષ આખ્યાન; નવવિધા ભક્તિનું નિરૂપણ ૧૪ થી ૧૭

૫ અત્ર્યનસૂયા આખ્યાન; સતી અનસૂયાના પાતિવત્ય-પ્રભાવનું વર્ણન, અનસૂયાની કીર્તિ સાંભળીને સાવિત્રી, લક્ષ્મી ને પાર્વતીને થએલો ખેદ ને દ્વેષ. ૧૮ થી ૨૨

૬ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશનું સતીપ્રભાવથી બાળક થવું, ત્રણે શક્તિઓનો ગર્વપરિહાર. ૨૨ થી ૨૬

૭ શાંડિલીની એકનિષ્ઠ પતિભક્તિ ને તેનો પ્રભાવ, માંડવ્યનું ઉપાખ્યાન, અનસૂયામાતાના સતીત્વથી શાંડિલીના પતિને પ્રાણદાન ને રોગમુક્તિ ૨૬ થી ૩૧

૮ ભગવાન દત્તાત્રેયનું જન્મકથાનક ને લીલાઓનો નિર્દેશ. ૩૨ થી ૩૬

૯ ભક્તરાજ પ્રહ્લાદને જ્ઞાનોપદેશ; પિંગલને પંચમ આશ્રમનો બોધ; સાધ્ય દેવોને ઉપદેશ, મુનિજનોની પરીક્ષા ને ઉપદેશ. ૩૬ થી ૪૦

૧૦ રવિસપ્તમી ને અનંતવ્રત; દત્ત ભગવાનના વરદાનથી કાર્તવીર્યનો જન્મ; તેને રાજ્યાદિ પર આવેલો નિર્વેદ; દત્તભગવાનને શરણે જવા ગર્ગમુનિની સલાહ. ૪૦ થી ૪૩

૧૧ ઇંદ્રાદિ દેવોનો જંભથી પરાજય; દેવોનું ભગવાન દત્તાત્રેયને શરણાગમન; પરાંગનાસ્પર્શદોષનિરૂપણ; જંભપરાજય; સહ્યાદ્રિના દત્તાશ્રમનું વર્ણન; કાર્તવીર્યની આકરી કસોટી; તેની નિશ્ચલ નિષ્ઠા. ૪૪ થી ૪૮

૧૨ કાર્તવીર્યને વરપ્રદાન; એકલે હાથે ઉત્તમ પ્રજાપાલન; વૈરાગ્યોદય; આર્તસ્તવન, શરણાગમન. ૪૮ થી ૫૩

૧૩ શાસ્ત્રાધ્યયનથી ક્રમિક ચિત્તશુદ્ધિ. શિલ્પજ્ઞની ક્રમમુક્તિનું દૃષ્ટાંત; કામશાસ્ત્રજ્ઞ વિપ્રનું દૃષ્ટાંત; સપ્તમંત્રો દ્વારા સાત બ્રહ્મરાક્ષસોમાંથી સુશીલ બ્રાહ્મણની મુક્તિનું દૃષ્ટાંત. ૫૩ થી ૫૭

૧૪ બ્રહ્મરાક્ષસ દ્વારા વિષ્ણુદત્તને દત્તદર્શન; સૂર્ય તથા અગ્નિ સાથે ભગવાનનું શ્રાદ્ધાન્નભોજન, ઉચ્છિષ્ટાશનથી બ્રહ્મરાક્ષસનો મોક્ષ, વિષ્ણુદત્તને જીવન્મુક્તિપ્રદાન; અનેક રોગગ્રસ્ત વિપ્રયુવકને પ્રાયશ્ચિત્તવિધાનથી આરોગ્યપ્રદાનનું દૃષ્ટાંત ૫૭ થી ૬૧

૧૫ મંત્રપ્રયોગથી વિપ્રવેશી ઝુટિંગને પાત્રમાં પૂરવાનું દૃષ્ટાંત; જીવાત્માનો ગર્ભવાસ; જન્મ, બાલ્ય, યૌવન, ને જરાનું નિર્વેદાત્મક વર્ણન; સ્વયં જ્ઞાની છતાં મૂઢવત્ આચરતા વિપ્રબાળને અભેદજ્ઞાનબોધ; કર્માકર્મવિવેક; બંધ ને મોક્ષનું નિરૂપણ; પવિત્રાન્નપ્રાશનથી વૃત્તિસ્થૈર્ય; શાસ્ત્રાધ્યયનનું તાત્પર્યકથન. ૬૨ થી ૬૭

અધ્યાય

૧૬ અદ્વૈતજ્ઞાનની ઉત્કૃષ્ટતાનું પ્રતિપાદન; પંચીકરણનિરૂપણ; સહસ્રાર્જુનને જ્ઞાનયોગનો બોધ ૬૭ થી ૭૧

૧૭ ષડ્‌લિંગાદિક વર્ણન, જહદજહલ્લક્ષણાથી મહાવાકયનું વિવરણ. ૭૧ થી ૭૫

૧૮ યમનિયમાદિ અષ્ટાંગયોગવર્ણન. ૭૫ થી ૭૮

૧૯ જ્ઞાનયોગવિવરણ; સાચા જ્ઞાનયોગીના આચરણની સમજૂતી; અર્જુનસ્તવન; અર્જુનનો જ્ઞાનાનુભવ. ૭૮ થી ૮૨

૨૦ જીવન્મુક્તાવસ્થા સિદ્ધ થયા પછી રાજ્યધુરાનું વહન, જ્ઞાની ને અજ્ઞાનીની ઓળખ. ૮૨ થી ૮૬

૨૧ સૂર્યદ્વારા અર્જુનનું સત્ત્વહરણ કરવાનો દેવોનો પ્રયત્ન; વસિષ્ઠનો શાપ; ઇંદ્રાદિદેવો સાથે તુમુલ યુદ્ધ; દેવોનો પરાજય; વિષ્ણુનું સ્તવન, રેણુકાકૂખે અવતાર માટે વચન. ૮૬ થી ૮૯

૨૨ ભૃગુપુત્ર ઋચીક અને ગાધિરાજાનું ઉપાખ્યાન, ભૃગુઋષિના આશીર્વાદથી વિશ્વામિત્ર અને જમદગ્નિનો જન્મ; વિશ્વામિત્રનો બ્રહ્મર્ષિપદ માટે પ્રયત્ન અને પ્રાપ્તિ. ૮૯ થી ૯૩

૨૩ પરશુરામાવતાર; ચિત્રરથની જલક્રીડા; રેણુકાનો માનસિક દોષ; જમદગ્નિનો પ્રકોપ; ત્રણ પુત્રોનું દહન, રેણુકામાતાનો પરશુરામ હાથે શિરચ્છેદ; પુત્રો તથા માતાનાં પુનરુજ્જીવન. ૯૪ થી ૯૭

૨૪ સહસ્રાર્જુનનું જમદગ્નિના આશ્રમમાં ઉત્તમ સ્વાગત; અર્જુને કરેલું ધેનુહરણ; પરશુરામ અર્જુન વચ્ચે દારુણ યુદ્ધ. અર્જુનવધ. ૯૭ થી ૧૦૨

૨૫ પિત્રાજ્ઞાથી પરશુરામનું પ્રાયશ્ચિત્ત; અર્જુનપુત્રોને હાથે જમદગ્નિવધ; રેણુકાવિલાપ; એકવીસવાર નિઃક્ષત્રી પૃથ્વી કરવાની ભીષણ પ્રતિજ્ઞા. ૧૦૨ થી ૧૦૬

૨૬ પરશુરામનું મૃત પિતા તથા રેણુકાને લઈને દત્ત ભગવાન પાસે ગમન; ભગવાનનો પરશુરામને આશીર્વાદ; રેણુકાનું પત્યનુગમન, સહગમનમાહાત્મ્ય. ૧૦૬ થી ૧૧૦

૨૭ દત્તભાર્ગવસંવાદઃ પરશુરામનો માતૃપ્રેમ; રેણુકામુખે વેદોની ઉત્પત્તિ, રેણુકામાહાત્મ્યવર્ણન. ૧૧૦ થી ૧૧૩

૨૮ ગાલવમુનિના યજ્ઞનું ઋતુધ્વજને હાથે રક્ષણ; પાતાલકેતુનો વધ; ગંધર્વકન્યા મદાલસાનું ઋતુધ્વજ-કુવલયાશ્વ-સાથે લગ્ન. ૧૧૩ થી ૧૧૮

૨૯ તાલકેતુના છળથી મદાલસાનો અગ્નિપ્રવેશ; પત્નીમરણથી ઋતુધ્વજનો ખેદ અને ગૃહત્યાગ; વનમાં નાગસુતો સાથે મૈત્રી; નાગસુતોનું સ્વપિતાને મિત્રનું પત્નીવિરહ-દુઃખકથન. ૧૧૮ થી ૧૨૧

૩૦ અશ્વતરનાગની સરસ્વતીઆરાધના, તેમના વરદાન પછી શંકરની આરાધના અને મદાલસાનું પુનર્જીવન; ઋતુધ્વજનું પાતાલમાં ગમન અને મદાલસા સાથે પુનર્મિલન; નાગે આપેલું કન્યાદાન; શત્રુજિતના રાષ્ટ્રમાં બંનેનું આગમન ને તેમનો ભાવિક સત્કાર. ૧૨૧ થી ૧૨૬

અધ્યાય

૩૧ મદાલસાને પુત્રરત્નપ્રાપ્તિ; પારણામાં જ અદ્વૈતામૃતપાન કરાવવું; ત્રણ પુત્રોને નિવૃત્તિમાર્ગનો ઉપદેશ, પુત્રોના મૂઢવત્ આચરણથી રાજાને થતો ખેદ અને રોષ; અલર્કજન્મ, અન્વર્થક નામાભિધાન; પ્રવૃત્તિમાર્ગના ઉપદેશ માટે રાજાનો આગ્રહ. ૧૨૬ થી ૧૩૨

૩૨ અલર્કને વ્યવહારજ્ઞાનનો ઉપદેશ; વાનપ્રસ્થ અવસ્થામાં મદાલસાએ પતિને કરેલો બોધ; અલર્કની રાગાંધતા; સુબાહુએ અલર્કની મુક્તિ માટે યોજેલો ઉપાય, કાશિરાજની મદદથી સુબાહુને હાથે અલર્કનો પરાજય ને પલાયન. ૧૩૨ થી ૧૩૫

૩૩ માતાનું સ્મરણ કરતાં મદાલસાએ આપેલી પત્રિકાની સ્મૃતિ; પત્રિકાવાચનથી શીઘ્ર વૈરાગ્યોદ્ભવ, દત્તદર્શન, દત્તઅલર્કસંવાદ, આત્મસ્વરૂપનો બોધ, અનર્થમૂલક મમતાનું વિવરણ, અસંગશસ્ત્રથી સંસારવૃક્ષનું છેદન-નિરૂપણ. ૧૩૫ થી ૧૩૯

૩૪ મનઃસ્થિરતા માટે મુમુક્ષુની સાધનાનું નિરૂપણ, વિવેકપુરઃસરના દૃઢ જ્ઞાનાનુભવની અનિવાર્યતા, મનોનાશ માટે યોગાભ્યાસ, અષ્ટાંગયોગવિવરણ. ૧૩૯ થી ૧૪૨

૩૫ યોગાભ્યાસ માટે વિગતવાર સૂચનાઓ ને માહિતી, અભ્યાસમાં આવતાં વિઘ્ન નિવારવાના ઉપાયનું વર્ણનઃ સિદ્ધિનાં પ્રલોભનો; ઈશોપાસનાનું અમોઘશાસ્ત્ર, સાત ધારણાનું વર્ણન. ૧૪૨ થી ૧૪૫

૩૬ સિદ્ધિઓનું વર્ણન, ધ્યાનના અભ્યાસ વિષે સૂચનાઓ. જીવન્મુક્ત યોગીની સ્થિતિનું વર્ણન, ભિક્ષાવિવેકનિરૂપણ, યોગચર્યાવર્ણન. ૧૪૫ થી ૧૪૯

૩૭ યોગીની ઉત્કૃષ્ટતાનું પ્રતિપાદન, નાદશ્રવણમાં એકાગ્રતા, વિશ્વંભરનું ધ્યાન અને પ્રણવમંત્રની ઉપાસનાનું નિરૂપણ. ૧૪૯ થી ૧૫૩

૩૮-૩૯ સ્વરોદયવિવરણ ૧૫૩ થી ૧૬૦

૪૦ મૃત્યુચિહ્નવર્ણન, મૃત્યુકાળે ધ્યાનસ્થ રહેવા વિષે, આત્માભ્યાસાર્થે જાગૃતિ વિષે. ૧૬૦ થી ૧૬૩

૪૧ વંદનભક્તિથી અલર્કનો ઉદ્ધાર, ઈશ્વરગુરુનો અભેદ. સમૃદ્ધિનો નાશ એ ઈશ્વરકૃપાનું પહેલું ચિહ્ન, દેવના આલિંગનથી અલર્કનું પ્રેમરસાલુપ્ત થવું, અલર્કની આર્તપ્રાર્થના અને વંદન. ૧૬૩ થી ૧૬૬

અધ્યાય

૪૨ આત્મજ્ઞાનબોધથી અલર્કની કૃતકૃત્યતા, કાશિરાજની આત્મજ્ઞાન માટે સુબાહુને વિજ્ઞપ્તિ; મુક્તિનાં સાધનનો કાશિરાજને ઉપદેશ, પુત્રને રાજ સોંપી અલર્કનું વનસેવન ને દત્તોપાસન. ૧૬૬ થી ૧૭૦

૪૩ અપુત્ર આયુરાજાનું અનન્યભાવે ભગવાન દત્તને શરણગમન, આયુરાજાની અતિ આકરી કસોટી, સો વર્ષ પર્યંત એકનિષ્ઠ દાસ્યભક્તિ, પુત્રવરપ્રદાન. ૧૭૦ થી ૧૭૩

૪૪ પ્રસાદફળભક્ષણથી ગર્ભધારણ, સ્વપ્નમાં બાલમુકુંદદર્શન, ગર્ભપાત કરાવવા હુંડાસરના પ્રયત્ન, સુદર્શનથી ગર્ભનું રક્ષણ, પુત્રજન્મ. ૧૭૩ થી ૧૭૬

૪૫ મહામોહિનીની સહાયથી રાજપુત્રહરણ, તેનો ઘાત કરી રાંધી લાવવાની આજ્ઞા; દેવે કરેલું રક્ષણ, વસિષ્ઠદ્વારમાં બાળકને મૂકવો ને મૃગમાંસ હુંડાસુરને જમાડવું, વસિષ્ઠમુનિને ત્યાં નામકરણ ને લાલનપાલન, સર્વવિદ્યાનો સંપૂર્ણ અભ્યાસ. ૧૭૬ થી ૧૮૦

૪૬ પુત્રવિલોપનથી-રાજારાણીનું કરુણ આક્રંદન. ૧૮૦ થી ૧૮૩

૪૭ ચાર પ્રકારના ભક્તનું વર્ણન, ઈશ્વરપ્રાપ્તિનું ઉત્તમ સાધન ભક્તિ; આયુરાજાના સાંત્વનાર્થે નારદની યોજના, ઈન્દુમતી અને આયુરાજાનું સ્તવન. ૧૮૩ થી ૧૮૭

૪૮ નહુષને સ્વરક્ષણની માહિતી થવી, હુંડાસરનો વધ કરવા પ્રવૃત્ત થવું. ઇંદ્રાદિ દેવોની સહાય, નહુષનું પ્રયાણ. ૧૮૭ થી ૧૯૦

૪૯ હુંડાસુર અને નહુષ વચ્ચે તુમુલ યુદ્ધ, હુંડવધવર્ણન, અશોકસુંદરી સાથે લગ્ન અને માબાપને ત્યાં ગમન. ૧૯૦ થી ૧૯૩

૫૦ કચ દેવયાનીનું ઉપાખ્યાન, કચના શાપથી દેવયાનીનો યયાતિ રાજા સાથે સંબંધ, શર્મિષ્ઠાને દાસી તરીકે રાખવી. ૧૯૩ થી ૧૯૭

૫૧ શર્મિષ્ઠાને પુત્ર થવાથી દેવયાનીએ યયાતિને અપાવેલું વૃદ્ધત્વ. શર્મિષ્ઠાસુત પુરુએ પિતાનું વૃદ્ધત્વ સ્વીકારવું, પુરુનું રાજ્યારોહણ, યદુમાં વૈરાગ્યોદ્ભવ ને વનગમન, યોગીશ્વર અવધૂતનું દર્શન, વિષયોની નશ્વરતાનો બોધ, શોધકબુદ્ધિથી વસ્તુમાત્રથી સારશોધનની જરૂરિયાત વિષે. ૧૯૭ થી ૨૦૧


૫૨-૫૩-૫૪-૫૫ અવધૂતયદુસંવાદથી ચોવીસ ગુરુઓ પાસેથી ભગવાન દત્તાત્રેયે ગ્રહણ કરેલા સારનું નિરૂપણ, યદુને થયેલું આત્મજ્ઞાન અને કૃતકત્યતા. જ્ઞાનકાંડની પરિસમાપ્તિ અને કર્મકાંડનું-શ્રીપાદશ્રીવલ્લભ અને નૃસિંહસરસ્વતીની અવતારલીલાનું-સૂચન. ૨૦૧ થી ૨૧૬

ભગવાન શ્રી દત્તાત્રેય



માલા કમંડલુ લસે કર નીચલામાં । ડમરુ ત્રિશૂળ વચલા કરમાં બિરાજે।
ઊંચા દ્વિહસ્ત કમલે શુભ શંખચક્ર । એવા નમું વિધિહરીશ સ્વરૂપ દત્ત ।।

પ. પૂ. શ્રી સદ્‌ગુરુ રંગ અવધૂત મહારાજ



કરતાં સ્નાન થયા મગ્ન ગુરુના પાદપદ્મમાં
ઠીકરું સ્થિર રહી જાતું વંદન રંગપાદમાં !

શ્રીગુરુલીલામૃત

અધ્યાય ૧

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ, ગુરુ દેવ મહેશ્વર;
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, નમું તે ગુરુદેવને.

ગ્રંથારંભે તુજ નમું ચરણકંજ[૧] ગણરાજ;
આપો સન્મતિ મોરયા[૨] જેથી સુધરે કાજ. ૧

અનારંભ આરંભ તું, મૂળારંભ મહેશ;
નિરાલંબ આલંબ તું, જગદાલંબ જનેશ. ૨

'અણોરણીયાન્'[૩] શ્રુતિ કથે, મૂષકવાહન દેવ;
મહાકાય 'મહતો મહીયાન્'[૪], કરે સહુ સેવ. ૩

અનંત કોટિ બ્રહ્માંડ જે, શમવ્યાં ઉદરની માંહ્ય;
લંબોદર તુજને કહ્યો, શ્રુતિ સ્મૃતિ જશ ગાય. ૪

વક્ર પાપ ખંડન થકી, વક્રતુંડ કહેવાય;
વક્રોક્તિપ્રિય ગણપતિ, લળી લળી લાગું પાય. ૫

નિરાકાર સાકાર તું, નિર્ગુણ સગુણ ગુણેશ;
નિરાધાર આધાર તું, સર્વાધાર ગણેશ. ૬

મૂલાધારે તું વસે, કરે મતિપ્રકાશ;
ગુરુલીલા ગાવા કરી, કરો પૂર્ણ જે આશ. ૭

ભક્તભાવનારૂપ તું, ધરે રૂપ અનેક;
સર્વ રૂપ તુજનાં પ્રભો, આદિ અંત તું એક. ૮

ગજવદન ઓંકાર તું, સર્પમેખલા ચિત્ર;
નાગ જનોઈ કોટમાં, પીતાંબર પવિત્ર. ૯

એક દંત તુજનો અતિ ઉજ્જવલ જ્ઞાનપ્રકાશ;
હરણ કરી અજ્ઞાનનું, કાપે ભવના પાશ. ૧૦

સકલ દેવ તુજને નમે, કાર્યારંભે ધન્ય;
વિઘ્ન વિનાયક સંહરો, કાંઈ ન માગું અન્ય. ૧૧

દાન ચતુર્ધા મુક્તિનું, કરો હાથથી ચાર;
જય ગૌરીસુત જય નમું, આપો વિમલ વિચાર. ૧૨

ગુરુલીલામૃત ગ્રંથ આ, કરો પૂર્ણ નિર્વિઘ્ન;
જ્ઞાનદીપ પ્રજ્વાળીને, હરો તિમિર અરિઘ્ન.[૫] ૧૩

મતિહીણો હું નવ લહું, કાવ્યશાસ્ત્રવિચાર;
કરો કોડ પૂરા પ્રભો, મનવાંછિત દેનાર. ૧૪

સિદ્ધિબુદ્ધિદાતા તમે, બાળક હું ઉદ્દામ;[૬]
નવ જાણું બીજું કશું, કરું અનન્ય પ્રણામ. ૧૫

બુદ્ધ્યાવરણ નિવારીને, દેખાડો નિજ રૂપ;
નાસે ભ્રાંતિ જે થકી, થાય શુષ્ક ભવકૂપ. ૧૬

૧. ચરણકમળ ૨. ગણપતિ. ૩. સૂક્ષ્મથીએ સૂક્ષ્મ. ૪. મહાનથીએ મહાન્ ૫.શત્રુઓનો નાશ કરનાર.. ૬. ઉચ્છૃંખળ;. કોઈ પણ જાતના ભાન વગરનો.

વળતી પ્રણમું શારદા, બ્રહ્મકુમારી જેહ;
વાગ્દેવતા વિશ્વમાં, વિલસે જે નિર્દેહ. ૧૭

અસાર સંસારે કરે સારવસ્તુનું દાન,
બ્રહ્મવિદ્યાનું સતી; શારદા અભિધાન[૧]. ૧૮

પ્રાણિમાત્રના દેહમાં, ગર્જે હંસ અવાક્;
સોહં-હંસારૂઢ તું, માત ચતુર્ધા વાક્. ૧૯

હંસોપાસન એ કરી, યોગી થાય વિમુકત;
નિર્ગુણ તુજ રૂપે રહે, ભેદાભેદવિયુક્ત. ૨૦

મૂળ અખંડિત એક તું, અસ્તિભાતિપ્રિયરૂપ;
નામરૂપનિમિત્તથી ભાસે નાનારૂપ. ૨૧

પ્રથમ પ્રણવરૂપે રહી, કરે વર્ણવિકાસ;
[૨]પંચાશત્ અક્ષર બધા, સ્વરવ્યંજનપ્રકાશ. ૨૨

નામરૂપાત્મક બધું, એથી ઉપન્યું જેહ;
વાણીવિકાર શાસ્ત્રો કહ્યો, વાચારંભણ એહ. ૨૩

એકરૂપ સઘળે રહી; સુંદર મા તુજ રૂપ;
જ્ઞાની વિલોકી એ હસે, પામે મોદ[૩] અનુપ.[૪] ૨૪

મૂરખ ભ્રાન્તિથી ભમે, ભેદખેદમાં ત્રસ્ત;
થાય કૃપા જો તાહરી, મૂળ નિહાળે વસ્ત. ૨૫

જે દીસે ભાસે બધું, તે તે પ્રણવસ્વરૂપ;
તું જ એક બધે હસે, નાનારૂપ અરૂપ. ૨૬

સગુણ રૂપ જે તાહરૂં, મોહક મુનિજન ધ્યાય;
દેખી વિરમે વૈખરી, દેહી વિદેહી થાય. ૨૭

ચંદ્રવદન શ્વેતાંગી તું, શ્વેત વસ્ત્ર સુહાય;
શ્વેત પુષ્પ વીણા કરે, નાદબ્રહ્મ શ્રુતિ ગાય. ૨૮

પુસ્તક બીજે કર ધર્યું, કરે જ્ઞાનનું દાન;
સ્ફટિકમાળ જપયજ્ઞનું કરે મૂક ગુણગાન. ૨૯

એક હસ્ત ખાલી રહ્યો [૫]વરદ ભક્તને કાજ;
[૬]નીલકંઠ નાચે મુદા[૭], ડોલે સુરવરસાજ. ૩૦

મહામાયા તું જોગણી, પ્રસવે જગત્ વિશાળ;
ખાઈ ભૂખી સર્વદા, તુંજ કાળનો કાળ. ૩૧

શિવમાં શિવરૂપે રહી, શક્તિ નામ તુજ ફોલ;
હોય બ્રહ્મ વિણ [૮]આન જો, તો શોભે એ બોલ. ૩૨

શી રીતે વર્ણું તુને ? વેદ શાસ્ત્ર તુજ શ્વાસ;
હર વાણીગત [૯]જાડ્ય મા ! કરી જ્ઞાનપ્રકાશ. ૩૩

વર્ણાત્મક જે તાહરૂં, સુંદર રૂપ પવિત્ર;
નિર્ગુણ જ્ઞાનાત્મક વળી, દેખાડી એ ચિત્ર, ૩૪

નાદબ્રહ્મરહસ્ય જે પ્રગટાવી ઉર માંહ્ય,
બોલ જિહ્વાગ્રે રહી; ચરણે અર્પું કાય. ૩૫

થાય ગ્રંથ રસાળ આ, પામે હરિજન હર્ષ;
શ્રવણ પારાયણ થકી, મટાડે ભવતર્ષ. ૩૬

આવરણવિક્ષેપનો થાય સમૂળો નાશ;
સચ્ચિદ્ઘનપરબ્રહ્મનો થાય વિમળ પ્રકાશ. ૩૭

એવી વ્યુત્પત્તિ અને રચના થાય પવિત્ર;
એવો વર દે શારદે, રહસ્ય મંત્ર સુચિત્ર. ૩૮

ગુરુ રૂપે મા તુજ તું, ઈષ્ટ દિગંબર દત્ત;
જાણી પ્રણમું ભાવથી, થાય ભેદ નિરસ્ત. ૩૯

ગુણાતીત ત્રિગુણાત્મક, મૂર્તામૂર્તસ્વરૂપ;
અજ અક્ષય અવિનાશી જે, દત્તાત્રેય અનુપ. ૪૦

યોગિજનોના ઈશ જે, ધ્યાય મુનિજન નિત્ય;
ભક્તોદ્ધારક ગુણનિધિ, વિનવું ધારી પ્રીત્ય. ૪૧

બ્રહ્માહરિહરરૂપ તું, પૂર્ણ નિરામય એક;
કૃપાનિધે કરુણા કરી, ઉરમાં પ્રેર વિવેક. ૪૨

માયા લૂંડી તાહરી, ભરે નિત્ય સલામ;
સ્થાવરજંગમરૂપ તું, કરૂં કોટિ પ્રણામ. ૪૩

જ્યાં ત્યાં સઘળે તું ભર્યો, ખાલી ન એકે ઠામ;
જીવશિવ તુજ રમકડાં, અક્ષય તારૂં ધામ. ૪૪

વ્યોમવત્[૧૦] નિર્લેપ તું, આદિ અંત અભંગ.
વચમાં માયોપાધિથી, ભાસે નાના રંગ. ૪૫

નામરૂપ વિણ ના કશું, સઘળો તારો ખેલ;
સચ્ચિદ્ આનંદ એક તું, કરતો ઓથે ગેલ. ૪૬

તું જ રવિ શશી તારલા, અગ્નિ વરુણ કુબેર;
બ્રહ્મા હરિ હર ગણપતિ, ઇંદ્ર, કાળ, કર મ્હેર. ૪૭

તું જ સ્ત્રી પુમાન તું, ક્લીબ[૧૧] વૃદ્ધ ને બાળ;
એકાનેક તુજમાં કશું ના, મિથ્યા એ ખ્યાલ. ૪૮

વિશ્વંભર ધાતા પિતા, લીલા તારી અગાધ;
શેષ વર્ણને મૂક ત્યાં પહોંચે કોનો સાદ ? ૪૯

દશે દિશ વ્યાપી રહ્યો, વદે દિગંબર લોક;
દશે દિશ વ્યાપી વધ્યો ! શું વર્ણું હું [૧૨]તોક ? ૫૦

૧. નામ. ૨. પચાસ. ૩. આનંદ. ૪. જેને કોઈ સાથે સરખાવી ન શકાય એવો. ૫. વરદાન આપનાર. ૬. મોર. ૭. આનંદથી. ૮. બીજું. ૯. જડતા, અજ્ઞાન. ૧૦ આકાશની માફક. ૧૧. નપુંસક. ૧૨. બાળક.

સાષ્ટાંગ પ્રણતિ[૧] કરું, સ્મૃતિગામી[૨] તું દેવ;
ચરણ પખાળું કેશથી, કરું અહર્નિશ સેવ. ૫૧

હૃદયનિયામક અંતરે, બાહિર સદ્‌ગુરુરૂપ;
પુનઃ પુન પ્રણમું તુને, [૩]બાધે આ ભવકૂપ. ૫૨

ભાવભૂખ્યો તું પ્રભો, ભક્તભાવનાધીન;
અત્યનસૂયાતપ થકી, પ્રગટયો દેખી યકીન[૪]. ૫૩

કલિતારક મહિમા વધ્યો, ધર્યો પુણ્ય અવતાર;
શ્રીપાદશ્રીવલ્લભ નૃસિંહસરસ્વતી તાર.[૫] ૫૪

નિર્ગુણ સગુણ બધે રહ્યો, મહિમા અપરંપાર;
ગ્રંથ રચું કર પ્રેરણા, થાય મૂઢ ભવપાર. ૫૫

કાષ્ઠપૂતળી નાચતી, ચાલક ખેંચે જેમ;
ચાલક તું મુજ યંત્રનો, લખું લખાવું તેમ. ૫૬

લજ્જા તારે હાથ છે, હું તો નિમિત્તમાત્ર;
જેમ હલાવે તું પ્રભો, ત્યમ હાલે આ ગાત્ર. ૫૭

સચ્ચિત્સુખ સોહામણું નિર્ગુણ રૂપ અનંત,
દેખાડી હર ભેદને, કર નિર્ભય નિર્દ્વન્દ્વ. ૫૮

હું-મારૂં બાળી વિભો, આત્મજ્યોતિ ઉજાળ;
જ્ઞાનખજાનો ખોલીને, દૈન્ય અજ્ઞતા ટાળ. ૫૯

ગુણૈશ્વર્ય સાકાર જે, રૂપ ફૂટડું દિવ્ય;
લીલારહસ્ય ખોલીને, પ્રેર કલ્પના ભવ્ય. ૬૦

ગુણ ગાવા કીધી મતિ, સ્ફૂર્તિ આપી કર પૂર્ણ;
ગાઇ ગવાડી જે જનો, તરે ભવામ્બુ[૬] તૂર્ણ[૭]. ૬૧

તું જ સ્તુત્ય[૮] સ્તોતા વિભો, સ્તવન એક પવિત્ર;
કર્તા કારયિતા પ્રભો, કર્મ તું જ વિચિત્ર. ૬૨

લેખન લેખક લેખ્ય તું, ગાન ગેય ગાનાર;
જાણી વિરમું વરદ હે ! મૂકી ચિંતાભાર. ૬૩

દેહભાવે દાસ હું, જીવભાવે ત્વદંશ;
આત્મભાવે તું જ હું, થયો દ્વૈતનો ભ્રંશ[૯]. ૬૪

ગુરુમૂર્તિરૂપે ખડો, આપે તું જ પ્રબોધ;
કૃપાદૃષ્ટિ તારી થતાં, વહે જ્ઞાનનો ધોધ. ૬૫

નમું તે તુને દત્ત હે ! નૃસિંહસરસ્વતી દેવ !
તીર્ણ[૧૦] થયા ગુરુરૂપથી, યતિવર વાસુદેવ !! ૬૬

જ્ઞાની ધ્યાની સહુ જપે, થવા સ્વરૂપાનંદ;
દત્તાદિગંબરરૂપ તું, સાક્ષાત્ સચ્ચિત્કંદ. ૬૭

દૈન્યહારક તું ગુરો, અદકું તારૂં દાન;
મારી મૃત્યુ શિષ્યનું, કરે અમર [૧૧]અમાન. ૬૮

ભવતારક તુજ પાદુકા, વંદું પુનિપુનિ[૧૨] ધન્ય !
ન્યૌછાવર કરૂં પ્રાણને, ભજ્યું ચરણ અનન્ય !! ૬૯

મૂળે નિર્ગુણ એક તું, નિરાકાર નિઃસંગ;
ભક્તોદ્ધારણકારણે, ધારે વિધવિધ રંગ. ૭૦

રામકૃષ્ણાદિક સહુ, તુજના એ અવતાર;
કરૂં પ્રાર્થના દેવ હે ! કરો ગ્રંથવિસ્તાર. ૭૧

વેદ શાસ્ત્ર મૂગાં થયાં વર્ણન કરતાં જ્યાંય,
કોણ રાંક હું બાપડો ? કેવળ લાગું પાય ! ૭૨

તવ લીલાંબુધિ કયાં વિભો ? કયાં મુજ બુદ્ધિ મંદ ?
મેરુ ઉખાડું નખ થકી, કરો કૃપા ભગવંત ! ૭૩

હું અનાથ અપંગ છું, તું વિણ આન ન નાથ;
ભવાટવીમાં રખડતો; કરો સદ્‌ગુરુ સાથ. ૭૪

તું માતા હું બાળ છું, પિવાડ બોધસ્તન્ય;[૧૩]
તુજ લીલામૃતપ્રાશને, થાઉં જગમાં ધન્ય. ૭૫

તવ આજ્ઞા શિર પર ધરી, થયો લેખનોદ્યુક્ત;
લખું લખાવે તેમ, ના જાણું યુક્તાયુક્ત. ૭૬

ભ્રાંતિપડળ નિવારીને, કર જ્ઞાનાંજન ધીર;
સ્ફુરે અનેરૂં કાવ્ય ને થાય ગ્રંથ [૧૪]રુચિર. ૭૭

નમું કવીશ્વર વાલ્મીકિ, વ્યાસ પરાશર ધન્ય;
સંત મહંત હરિજન[૧૫] સહુ, સુશીલ ભક્તો અન્ય. ૭૮

નવ જાણું ગુર્જરગિરા, કાવ્યાલંકૃતિ શબ્દ;
રચનાપાટવ[૧૬] ના લહું, અપાર એ જ્ઞાનાબ્ધ. ૭૯

કોણ મશક[૧૭] હું બાપડો, હોય ન જો ગુરુ સાથ ?
ક્ષમા કરો દોષો સહુ, આપો સજ્જન સાથ ! ૮૦

કૃપા કરી મુજ રંક પર, આપો જ્ઞાનનું દાન;
સદા સંતનો દાસ હું, કાંઈ ન મુજને ભાન. ૮૧

ઋષિ મુનીશ્વર સંતને વંદી કવિવર એમ,
માતપિતાચરણે નમું, જેથી થાયે ક્ષેમ. ૮૨

વંદું વિકલ તાતને, સદ્‌ગુણની જે ખાણ;
માતા [૧૮]રખુમાબાઈને કરૂં કોટિ પ્રણામ. ૮૩

જેની શુભ આશિષથી તર્યો રંગ આ દીન,
માતપિતાચરણે થજો, ચિત્ત સદાય વિલીન. ૮૪

૧. પ્રણામ. ૨. સ્મરણ કરતાંની સાથે જ પ્રાપ્ત થનાર. ૩. પીડે. ૪. વિશ્વાસ. ૫. તારક. ૬. ભવજલ. ૭. શીઘ્ર. ૮. સ્તુતિ કરવા યોગ્ય. ૯. ભંગ; નાશ. ૧૦. અવતાર ધારણ કર્યો. ૧૧ नास्ति मानं प्रमाणं यस्य अमर्यादः प्रमाणातीत. ૧૨. ફરી ફરી. ૧૩. ધાવણ; દૂધ. ૧૪. સુંદર. ૧૫. પ્રભુના લાડીલા; પ્રભુભક્ત. ૧૬. કૌશલ્ય. ૧૭. મગતરૂં. ૧૮. રુકિમણી-લક્ષ્મી.

મહારાષ્ટ્ર બ્રાહ્મણતણી પેટા જ્ઞાતિ જેહ,
કહ્રાડે સંજ્ઞા ધર્યો તેમાં નિમિત્ત દેહ. ૮૫

અત્રિ ગોત્ર [1]ત્રિપ્રવર ને ઋગ્વેદ પવિત્ર;
આશ્વલાયનસૂત્ર ને શાકલશાખા ચિત્ર.[2] ૮૬

યજ્ઞજાતિગોત્રાદિમાં વાસુદેવ ગુરુરાય
થયા તીર્ણ, તત્સંગથી થઈ પુણ્ય આ કાય. ૮૭

વળામે ઉપનામ છે, પાંડુરંગ અભિધાન;
અભિવાદન સહુને કરું, મૂકી સઘળું માન. ૮૮

ભાંગ્યું તૂટયું બોબડું, બોલે બાળક બોલ;
સૂણે કૌતુકથી સહુ, માને એ બહુમોલ. ૮૯

બાલવાકયવત્ ગાણું આ, તેમ સ્વીકારો સંત,
મત્સર મૂકી વેગળો; થાશે તુષ્ટ અનંત. ૯૦

કવિત્વરીતિ નવ લહું, નહિ વ્યુત્પત્તિજ્ઞાન;
મૂરખ હું નાદાન પણ સમર્થઘરનું શ્વાન. ૯૧

ગુર્વાજ્ઞા શિર પર ધરી, ગાવા થયો પ્રવૃત્ત;
ગુરુલીલા પ્રેમે કરી, સુણો સંત [3]સુવૃત્તઃ ૯૨

"ચરિતામૃતઘટ લે સુખે; કરી પાન પિવાડ,
હોય તૃષાતુર તેહને; મોત પાડશે રાડ ! ૯૩

દૈન્ય રહેશે ના કદિ; જા, મોજ કર મસ્ત !!"
એમ કહી મૂકયો શિરે, વરદ સ્વપ્નમાં હસ્ત. ૯૪

એની લીલા એ લહે ! પૂરો કરશે કોલ;
મૂગો વેદ વદે ક્ષણે, કહે ગુરુ જો 'બોલ.' ૯૫

કામધેનુ ગુરુવાકય એ, એમાં નહિ સંદેહ;
વાસુદેવસરસ્વતી, નૃસિંહસરસ્વતી એહ ! ૯૬

શ્રીપાદશ્રીવલ્લભ દત્તાત્રેયસ્વરૂપ !
મહિમા કો વર્ણી શકે ? બ્રહ્માહરિહરરૂપ !! ૯૭

જેમ વગાડે તેમ આ વાગે મુખતંબૂર;
સપ્તમ પંચમ એ બધા, સર્વ એહના સૂર. ૯૮

કલિતારક ગુરુગાન છે, રમ્ય રુચિર રસાળ;
નિશ્ચય મનનો હોય તો, પાછો કાઢે કાળ. ૯૯

પઢે કથા જે કો સદા, કરે શ્રવણ સદૈવ;
ઈહામુત્ર[4] સુખ સંપદા પામે, ટળે કુદૈવ, ૧૦૦

પુત્ર પૌત્ર ધન ધાન્યની સદા વૃદ્ધિ ગૃહ માંહ્ય;
લક્ષ્મી વસે સદા ગૃહે, જ્યાં ગુરુકીર્તન થાય. ૧૦૧

સપ્તાહશ્રવણે ટળે પાપ, સર્વ સુખ હોય;
ગુરુકૃપાથી રોગગ્રહપીડા કદિ ન હોય. ૧૦૨

દત્તકથામૃત આ નકી કામધેનુ કલિ માંહ્ય;
કામિત[5] સિદ્ધ કરે, હરે ભવભય, મુક્તિ થાય. ૧૦૩

જોયું જે અનુભવદગે, બોલું તેજ પ્રમાણ;
રાખો શ્રદ્ધા હૃદયમાં, નવ કરશો અનુમાન. ૧૦૪

આકંઠ તૃપ્તિ થતાં સ્વાભાવિક [6]ઉદ્ગાર,
જેમ નીસરે તેમ આ નિશ્ચય ભુક્તોદ્ગાર. ૧૦૫

પ્રાકૃત જાણી ના હસો; ભાષાડંબર વ્યર્થ;
કાષ્ઠપેટિકામાં ભર્યાં રત્નાભૂષણ અર્થ. ૧૦૬

કાષ્ઠદૃષ્ટિથી જે ત્યજે, સાવ અભાગી તેહ !
ભર્યો ખજાનો અર્થમાં; કરો કેમ સંદેહ ? ૧૦૭

માની અલ્પ રખે મુને કરો ગ્રંથ ઉપહાસ;[7]
અલ્પ મક્ષિકામુખ થકી, મળે મિષ્ટ મધુ ખાસ ! ૧૦૮

હીન શુક્તિકામાં ભર્યાં, મોતી અમૂલ્ય તોય !
નિંદ્ય કાકવિષ્ઠા થકી, પૂજ્ય પીપળો હોય !! ૧૦૯

[8]ઈક્ષુકાંડ વાંકું ભલે, મેલું દીસે બહાર;
મીઠો રસ માંહે ભર્યો, ત્યજે કોણ ગમાર ? ૧૧૦

મા અવગણના ગ્રંથની, માટે કરશો કોઈ;
ઉદાસીનતા વા કદિ, એળે આયુ ખોઈ. ૧૧૧

હંસ મોતીડાં ચરે, વાયસ વિષ્ઠા ખાય !
વિષયી દોડે વિષયમાં, ભક્ત ગુરુકથા ગાય !! ૧૧૨

બ્રહ્મરસાસ્વાદે ભર્યો નર્યો ગ્રંથ [9]સાદ્યન્ત;
મદ્વાકયે વિશ્વાસ જો, જોશે પરચો સંત. ૧૧૩

ગુરુકથા જ્ઞાનપ્રદા, કામધેનુસમ જાણ;
સત્ય વચન એ માહરું, સૂણો સંત દઈ કાનઃ - ૧૧૪

વિપ્ર નિરંજન એક ત્યાં, ભાવિક ભક્ત સુજાણ;
શાંત દાંત[10] ઉપરત[11] કરે ભાવે હરિગુણગાન. ૧૧૫

હરિપદ જોવા નેનથી, તલસે રાત્રંદિન;
ચેન નહિ મનમાં સદા, થાય પ્રતિદિન ક્ષીણ. ૧૧૬

તીર્થાટન બહુ આચર્યો, કર્યા વ્રત અને દાન;
કંટાળ્યો ગ્રંથો થકી, આખર સેવ્યું રાન. ૧૧૭

વ્યાકુલ ચિત્તે અતિ થયો, કર્યું દેહદમન;
આળસ નિદ્રા પરિહરી, કરે ઉગ્ર સાધન. ૧૧૮

૧. આત્રેય, આર્ચનાનસ ને શ્યાવાશ્વ. ૨. સુંદર. ૩. સદાચારમાં રત. ૪. આ લોકમાં ને પરલોકમાં. ૫. ઈચ્છિત. ૬. ઓડકાર. ૭. ઠેકડી. ૮. શેરડીનો સાંઠો. ૯. આદિથી અંત સુધી. ૧૦. ઈંદ્રિયનિગ્રહવાન્. ૧૧. વિષયોથી પરાવૃત્ત થયેલો.

ગુરુ વિણ મારગ કો લહે ? જાણી થયો [1]નિર્વિણ્ણ;
ગુરુ શોધવા નીસર્યો, શિષ્ય અતિશે ખિન્ન. ૧૧૯

પ્રારબ્ધે પ્રભુ જો મળે, ભક્તિતણું શું કામ ?
પોથીમાં પ્રભુ સાંપડે, થાય કીટનું કામ ! ૧૨૦

ડગલે ડગલે લીમડા, ચંદન વિરલું હોય !
કલ્પદ્રુમ[2] તો ક્રોડમાં, કોક વિરલો જોય !! ૧૨૧

વેષધારી વાટમાં, દુર્લભ સંત સુજાણ;
સદ્‌ગુરુ પુણ્યે સાંપડે, કરે જ્ઞાનનું દાન ! ૧૨૨

શિષ્યવિત્તહારક[3] બહુ, ચિંતાહારક કોક !
ફરે વિપ્ર ગુરુશોધમાં, જોઈ હસે કુલોક. ૧૨૩

ખાનપાન ભૂલી ગયો, રાતદિવસનો ભેદ;
અહા ! પ્રભુ ક્યારે મળે ? એક જ મનમાં ખેદ. ૧૨૪

આંખો ઊંડી અતિ ગઈ, ધૂલિધૂસર ગાત્ર;
મારે પથ્થર છોકરાં, ફોડી નાંખ્યું પાત્ર ! ૧૨૫

વસ્ત્ર સહુ ફાટી ગયાં, જ્યમત્યમ ઊડે કેશ !
ખાવા ધાન મળે નહિ, ડગે ન તોએ લેશ !! ૧૨૬

ફરે ભૂતસમ બાવરો, આવ્યો ગિરિ[4] ગિરનાર;
દત્ત દિગંબર જ્યાં વસે ! થયા કડાકા ચાર !! ૧૨૭

કરે પ્રાર્થના કરગરી; કહેઃ દોડ ગુરુદેવ !
કૃપા કરી પ્રગટયા ગુરુ, અલખ દત્ત તતખેવ. ૧૨૮

આગળ રસમય એ કથા, સૂણો સંત ગભીર;
પ્રથમાધ્યાયે આ કર્યું, વંદન મંગલ ધીર. ૧૨૯

સદ્‌ગુરુશોધે શિષ્ય હા ! કરે કષ્ટ અપાર;
સૂણતાં શ્રદ્ધાભક્તિથી, થાશે જયજયકાર !! ૧૩૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શિષ્યવ્યાકુલતાવર્ણનં નામ પ્રથમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧ ॥ દોહરા ૧૩૦

અધ્યાય ૨

[5]અંબાસુત તુજને નમું, ગંધર્વસ્થિત[6] દેવ;
વિઘ્નો નાસે સ્મરણથી, સુરનર કરતા સેવ. ૧

રંગ કહેઃ સંતો સૂણો ! આવ્યો ગિરિ ગિરનાર;
વિપ્ર નિરંજન સ્તુતિ કરે, ફરી ફરી જયજયકાર. ૨

આંસુ ચોધારાં વહે, ગદ્‌ગદ્ નીકળે વેણ;
રોમાંચિત તનુ થરથરે, અર્ધોન્મીલિત નેન ! ૩

ક્ષણ ક્ષણ મૂર્છિત થાય ને પડે ભૂમિ પર સ્તબ્ધ !
સાવધ થાતાં, વેગથી ફરી ઉચ્ચારે શબ્દ !! ૪

કહેઃ ગુરુવરા દોડ હે ! અંત ન જો ક્ષણમાત્ર;
ઊભો હું તુજ બારણે, હવે ન રહેશે ગાત્ર. ૫

યન્નામસ્મરણે ટળે દૈન્ય પલકમાં હાય,
તન્નામસ્મરણે હજી કાં ન ટળી મુજ હાય ? ૬

દૈવ બલી[7] પ્રતિકૂલ જો, સ્મરે દેવને કોણ ?
કૃપા થતાં પ્રભુ તાહરી, દૈવ બાપડું કોણ ? ૭

તું દાતા હું દીન છું, હું ચાતક તું મેઘ;
તું પારસ પ્રભુ લોહ હું, દોડ દોડ સવેગ. ૮

પાપી હું [8]અઘહારી તું, બાનાની પત રાખ;
[9]પાવકસંગે [10]આર્દ્ર પણ, થાય પલકમાં ખાખ. ૯

ભક્તસારથિ તું પ્રભો, દોરી તારે હાથ;
મૂક્યું માથું ચરણમાં; મા કર અધવચ ઘાત. ૧૦

તારી ગણિકા નીચ ને વ્યાધ, પંખીની જાત;
ભારે પ્રભુ શું હું થયો, બાળક આજ કુજાત ? ૧૧

કૃપાસિંધુ ! લોપાઈ કાં, કરુણા તારી આજ ?
કો માને દોડયો [11]પુરા, ત્વરિત ભક્તને કાજ ? ૧૨

માનસ ચંચલ માહરું, થાય ન સ્થિર ક્ષણેક;
આશ્વાસન દે દર્શને, જગાડ ચિત્તવિવેક. ૧૩

ભક્તવત્સલ તાહરું બ્રીદ[12] પ્રભુ સંભાળ;
દોડ વેગથી, જો રડે વિરહે તારું બાળ. ૧૪

તું માતા પાલક પિતા, [13]સખા ચિરંતન તુંજ;
ઈષ્ટ કુલગુરુ તુંજ તું, નિવાર ચિંતાપુંજ.[14] ૧૫

ક્રૂર થયો કાં હે પ્રભુ ? બોલ, કોધ સંહાર;
કર અપરાધ ક્ષમા પ્રભો ! હું તો મૂઢ ગમાર. ૧૬

પિતા કદાચિત્ કોપતાં; મા આશ્વાસે બાળ;
ક્રુદ્ધ થતાં માતા, પિતા કરે આળપંપાળ. ૧૭

તું જ માતા તું પિતા; થતાં ગુરો તું રુષ્ટ ?
કોને કહેવું દુઃખ એ ? કોણ નિવારે કષ્ટ ? ૧૮

દીનવત્સલ નાથ તું, હું અનાથ નાદાર;
દાસ પડું ચરણે ભલે માર પ્રભો કે તાર. ૧૯

દુખિયાનો બેલી કહ્યો, તને ત્રિલોકીનાથ;
કેમ સાદ મુજ રંકનો ધરે ન કાને તાત ? ૨૦

૧. નિર્વેદ પામેલો. ૨. કલ્પવૃક્ષ. ૩. શિષ્યોનું દ્રવ્ય પડાવી લેનાર. ૪. પર્વત. ૫. (૧) પાર્વતીપુત્ર ગણપતિ (૨) અંબાના પુત્ર શ્રીનૃસિંહસરસ્વતી. ૬. (૧) ઘોડા પર બેઠેલા ગણપતિ (૨) ગંધર્વનગર. (ગાણગાપુર) માં રહેલા શ્રીનૃસિંહસરસ્વતી. ૭. બળવાન. ૮. પાપ હરણ કરનાર. ૯. અગ્નિ. ૧૦. ભીનું. ૧૧. પૂર્વે; જૂના વખતમાં. ૧૨. બાનું. ૧૩. મિત્ર. ૧૪. સમૂહ.

કાઠિન્ય ન શોભે પ્રભો, આખર આવી હાય !
રુદન સાંભળી હા ! શિલા દ્રવે,[૧] ન કાં ગુરુરાય ? ૨૧

એમ કહી મૂર્છિત પડયો, ઢળી ધરણી[૨] પર બાળ;
દેખી સદ્‌ગુરુ દોડિયા, ભક્તતણા પ્રતિપાળ. ૨૨

જટાતાજ શિર પર ધર્યો, ભસ્મલિપ્ત શરીર;
વ્યાઘ્રાંબરવેષ્ટિત તનુ, મુખ પર હાસ્ય ગભીર ! ૨૩

શાંતિની પ્રતિમા સમી દેખી મૂર્તિ એહ,
પૂજે સ્વપ્ને કોડથી બાળ નિરંજન તેહ. ૨૪

ગંધાક્ષતપુષ્પે કરી, કીધું પૂજન ત્યાંય;
આલિંગન આપી મુદા, ફરી ફરી લાગે પાય. ૨૫

લીધું ચરણામૃત તિહાં વાગ્યો ઘંટ અગમ્ય;
જાગ્યો મીઠા સ્વપ્નથી, દેખે મૂર્તિ કમ્ય.[૩] ૨૬

નાસાગ્રે દૃષ્ટિ [૪]લસે, તેજ-પુંજ શરીર;
સ્વપ્નછબી સન્મુખ ખડી, દેખી દોડે ધીર. ૨૭

પાદ પખાળે કેશથી, વહે અશ્રુ ચોધાર;
આનંદે ગદ્‌ગદ્‌ ગિરા[૫] કરે શિષ્ય જયકાર ! ૨૮

જય યોગીશ્વર જય નમું, પાવન તમ દર્શન;
ત્રિવિધ તાપ નાઠા સહુ, પૂર્ણ વિરામ્યું મન. ૨૯

સફળ કષ્ટ સહુએ થયાં, ધન ધન આજ સુદિન !
અપૂર્વ દર્શન આપીને, તાર્યો [૬]અર્ભક દીન !! ૩૦

કૃપા કરી મુજને કહોઃ કયાંથી આવ્યા દેવ ?
પુણ્યનામ શું આપનું ? રહો કહાં ગુરુદેવ ? ૩૧

કહે યોગીશ્વરઃ દેહને અલખ કહે આ જન;
રહીએ [૭]અનિકેતન સદા, કરીએ તીર્થાટન. ૩૨

દત્ત દિગંબર દેવને સ્મરીએ શ્વાસેશ્વાસ;
ગુરુકથામૃતપાન છે એજ હમારો ગ્રાસ. ૩૩

કોણ ઈહાં તું એકલો, કરે આમ [૮]ક્રંદન ?
દેહદમન શે આદર્યું ? કહે વત્સ કારણ. ૩૪

કહે નિરંજનઃ હે પ્રભો ! થાવા હરિદર્શન,
ઝંખું રાત્રંદિન સદા, કેમેય ન ઠરે મન. ૩૫

ચોદિશ ભટકી થાકિયો, કાંઈ ન દીઠો સાર;
શાસ્ત્રારણ્યે ભટકતાં, વધી ભ્રાન્તિ નિઃસાર. ૩૬

છેવટ ભગ્ન[૯] થઈ કર્યો, ત્યજવા પ્રાણ નિશ્ચય;
દૈવે દીઠા આપને; જય અલખ જય જય ! ૩૭

સુણી દત્ત પ્રત્યક્ષ છે, કલિમાં ગુરુવર એક;
આવ્યો દોડી ગિરિ પરે, મનમાં રાખી ટેક. ૩૮

ચાર દિવસ ઉપવાસી હું, દ્રવે ન દેવ લગાર;
આખર મરતાં દેખિયા, ચરણ આપના સાર. ૩૯

ડૂબું આ ભવસાગરે, પાર ઉતારો નાથ;
સાધન સુલભ કહો મુને; ઝાલો ગુરુવર હાથ. ૪૦

એમ કહી વંદે ફરી; દ્રવ્યા અલખ યોગીશ !
મૂકી મસ્તક પર કહે હસ્તઃ વત્સ મા બ્હીશ ! ૪૧

કલિતારક ગુરુનામ છે, ગુરુ સાક્ષાત્‌ પરબ્રહ્મ;
એકભક્તિથી જો ભજે તો કયાંથી રે' ભ્રમ ? ૪૨

સમદૃષ્ટિ છે એહની, કરે કૃપાવર્ષાવ;
દેવ સકલ વશ થાય ને જાય સંસૃતિતાવ. ૪૩

કલિકાલ પીડે નહિ, મોત ન આવે પાસ;
દૈન્ય દુરિત[૧૦] નાસે સહુ, થાય સિદ્ધિઓ દાસ. ૪૪

શું દુર્લભ ગુરુભક્તને ? નિશ્ચય મનનો એક,
હોય અડગ વિશ્વાસ તો, કરે પૂર્ણ ગુરુ ટેક. ૪૫

અનન્ય નિષ્ઠા મન વિષે, ગુરુ ત્રિમૂર્તિરૂપ;
ભાવ શુદ્ધ તો ક્ષણ મહીં, શિષ્ય થાય તદ્રૂપ. ૪૬

કોપે હરિ હર વા યદિ, રક્ષે ગુરુ નિજ ભક્ત;
ગુરુકોપ નિવારવા, દેવ ન કોઈ શકત. ૪૭

મહિમા એવો ગુરુ તણો, તારક એ ગુરુનામ;
ગાવી લીલા મુખ થકી, થાય શિષ્યનાં કામ. ૪૮

સુણી વચન એવાં કરે, શિષ્ય ચરણવંદન;
ભાવે પ્રાર્થે વિનયથી, કહેઃ ગુરો ચિદ્‌ઘન ! ૪૯

ઊઠે શંકા મન વિષે, કરો દૂર સંદેહ;
ગુરુ ત્રિમૂર્તિ શેં હરિહરબ્રહ્માત્મક એહ. ૫૦

દેવ રુષ્ટ થતાં ગુરુ રક્ષે નિજ [૧૧]પરિજન;
રુષ્ટ થતાં શ્રીગુરુ કદિ, ત્રાતા કોઉ ન ક્ષણ. ૫૧

કોનું વચન, કહો પ્રભો ! સર્વ શાસ્ત્ર આધાર;
ટાળો શંકા હૃદયની, ધન્ય અલખ ભવતાર ! ૫૨

કૃપાનિધિ વળતી વદે અલખ એહ અવધૂતઃ-
સાંભળ સુમતિ શિષ્ય હે ! પ્રશ્ન તાહરો [૧૨]પૂત. ૫૩

વેદ સાક્ષી આ વચનમાં, કહું મૂળથી [૧૩]વાદ;
આદિપુરુષ વિષ્ણુ થકી, થયા ચતુર્મુખ[૧૪] તાત. ૫૪

તન્મુખથી વેદો થયા ઉદિત[૧૫] ચાર પવિત્ર;
તદ્વિસ્તાર પુરાણ જે અઢાર પરમ વિચિત્ર. ૫૫

વ્યાસરૂપ નારાયણે દ્વાપરાન્તે એહ
કર્યા પ્રગટ [૧૬]અવની વિષે, પાવન નિઃસંદેહ. ૫૬

૧. પીગળે. ૨. જમીન. ૩. મોહક. ૪. શોભે. ૫. વાણી. ૬. બાળક. ૭. કોઈ પણ ઘર પ્રત્યે આસક્તિ વગર. ૮. વિલાપ. ૯. હતાશ. ૧૦. પાપ. ૧૧. સેવક. ૧૨. પવિત્ર. ૧૩. સંવાદ. ૧૪. બ્રહ્મા. ૧૫. પ્રકાશિત. ૧૬. પૃથ્વી.

તચ્છિષ્યાદિદ્વારથી થયાં લોકપ્રસિદ્ધ;
[1]આબાલકવૃદ્ધો સહુ, વંદે [2]સુર નર સિદ્ધ. ૫૭

તેમાં ત્રિભુવનખ્યાત[3] જે બ્રહ્મવૈવર્ત એક,
તદ્‌ગત આ તુજને કહું સદ્‌ગુરુકથાવિવેક. ૫૮

પૂછ્યો મહિમા ગુરુતણો, કલિએ [4]વિધિને ત્યાંય;
બ્રહ્મદેવ વિસ્તારથી, સ્વયં ગુરુકથા ગાય. ૫૯

અલખવચન એવાં સૂણી, કરે નિરંજન પ્રશ્ન;
વિનયનમ્ર ભાવે ફરી, કહેઃ અલખ વિતૃષ્ણ[5] ! ૬૦

લોકાનુગ્રહકારણે ફરો કૃપાસાગર;
વિસ્તારી મુજને કહો, કથા સર્વ ગુરુવર ! ૬૧

કહે અલખઃ સૂણ વત્સ હે ! થયો નૈમિત્તિક[6] કલ્પ;
પૃથ્વી જલમય થઈ બધી, રહ્યું કાંઈ ન અલ્પ. ૬૨

વટપત્રો સૂતા હરિ, કલ્પસાગર માંહ્ય;
નારાયણ અવ્યકત જે, કરે કલ્પના ત્યાંય. ૬૩

લીન થઈ સૃષ્ટિ બધી, મુજમાં નાના જીવ;
કર્મભોગ માટે કરું, પુનઃ સર્વ સજીવ. ૬૪

નવો કલ્પ વારાહ આ આવ્યો જાણી એમ,
[7]પૂર્વસર્ગવિત્ શ્રીહરિ, પ્રપંચરચના તેમ ૬૫

કરવા, યોગનિદ્રા ત્યજી કરે મનઃસંકલ્પ;
જગદુત્પત્તિકારણે, નાભિકંજ જે અલ્પ, ૬૬

કર્યું વિકસિત ક્ષણ મહીં; ત્યાંથી પ્રાદુર્ભૂત[8]
થયા [9]વિરિંચિ, ચાર દિશ જુએ ચતુર્મુખ પૂત.[10] ૬૭

[11]શૂન્ય દિશા દેખી કહે વિધિ સ્વગત ગર્વિષ્ઠઃ
મત્સમ કોઈ ના બલી, હુંજ એક [12]વરિષ્ઠ. ૬૮

જાણી નારાયણ કહે, કરી હાસ્ય ગભીરઃ
મા ગર્વ કર બાળ હે ! મહાવિષ્ણુ હું ધીર !! ૬૯

તાત તાહરો જાણ હું, ભજ મુજને નિર્માન !
સૂણી નીચું વિધિ જુએ, દેખે વિષ્ણુ મહાન. ૭૦

નમસ્કાર પ્રીતે કરી, કરે સ્તુતિ વિધિ ત્યાંય,
કમલાસન બહુકાળ ત્યાં; તુષ્ટ શ્રીહરિ થાય. ૭૧

કહે નારાયણ વત્સ હે ! આજ્ઞા મારી સૂણ;
કર રચના સૃષ્ટિતણી !! કહે વિધિ નમી તૂર્ણઃ ૭૨

સૃષ્ટિરચનારીત હું, નવ જાણું હરિ લેશ;
દેખી નજરે ના કદિ; રચું કેમ [13]હૃષીકેશ ? ૭૩

બ્રહ્મવચન એ સાંભળી, શ્રીહરિ થયા પ્રસન્ન;
કહેઃ વેદ લે આ વિધે ! અનાદિ એ દર્પણ. ૭૪

રચનાવિધિ એમાં કહ્યો, એ અનુસાર પ્રકાશ
યથાપૂર્વ કર મૂળથી, સાવધાન થઈ ખાસ. ૭૫

સૂક્ષ્મરૂપે જીવ જો, થયા લીન સકર્મ;
વેદોદિત માર્ગે સ્રજી પુનઃ, પછી લે [14]શર્મ. ૭૬

આજ્ઞા શિર ચઢાવીને, રચે સૃષ્ટિ વિધિ એહ;
ઉદ્‌ભિજ્જાંડજ સ્વેદજ જરાયુજાદિક દેહ. ૭૭

બ્રહ્મનિષ્ઠ સનકાદિ જે, માનસપુત્રો તેમ;
મરીચ્યત્ર્યાદિક સહુ સૃષ્ટિવિવર્ધક એમ; ૭૮

દેવાસુર વિપ્રાદિ જે વર્ણાશ્રમાદિયુક્ત;
નર કિન્નર યક્ષાદિ એ સર્જે [15]સતતોદ્યુક્ત. ૭૯

કૃત ત્રેતા દ્વાપર અને સર્જી કલિયુગ એમ,
એક એક બોલાવીને, પ્રેરે જગમાં તેમ. ૮૦

કૃતયુગને બોલાવીને કહે પ્રથમ વિધિ સૂણઃ
મારી આજ્ઞાથી જગે જઈ ફેલાવ સ્વગુણ ! ૮૧

'પ્રમાણ આજ્ઞા' કહી તદા, થયો જવા તૈયાર
કૃતયુગ; લક્ષણ એહનું સૂણ નિરંજન બાળ. ૮૨

બોલે અનૃત[16] ના કદા, જ્ઞાન વૈરાગ્યયુક્ત;
શુભ્ર જનોઈ કોટમાં, [17]કંકણાક્ષસ્રગ્‌યુક્ત. ૮૩

એવા સાત્ત્વિક રૂપથી, આવી કરે વંદન;
કહેઃ વિરિંચિ ! કાં મુને પ્રેરે [18]મર્ત્યભુવન ? ૮૪

પૃથ્વી પર જન જે વસે, બહુધા નિંદક એહ;
જૂઠાબોલા ચાડીયા લુચ્ચા પોષે દેહ. ૮૫

એવા દુર્જન દેખીને, કંપે આ મુજ કાય;
જાવું કેમ મહીતલે ? થશે કેમ ત્યાં ? હાય ! ૮૬

સૂણી વચન બ્રહ્મા વદેઃ મા ડર કૃતયુગ ! રાખ;
કષ્ટ નહીં પડશે તુને, કાળ વહી જશે [19]દ્રાક્. ૮૭

સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર વર્ષ પર્યન્ત,
રહે દક્ષ[20] અવની વિષે; થતાં મુદતનો અન્ત. ૮૮

મોકલીશ હું અન્યને; જા મા કર કૃત વાર !
એમ કહી પ્રેર્યો તિહાં, સત્યયુગ તત્કાળ. ૮૯

થતાં કાળ પૂરો વિધિ, ત્રેતાયુગને તેમ;
બોલાવી આજ્ઞા કરે, જાવું તારે એમ. ૯૦

૧. બાળકથી તે ઘરડાં સુધીનાં. ૨. દેવ. ૩. પ્રખ્યાત. ૪. બ્રહ્મદેવને. ૫. તૃષ્ણારહિત. ૬. પાંચ જાતના પ્રલયમાંથી બ્રહ્મદેવના શયનના નિમિત્તથી થએલો અવ્યક્તસંજ્ઞક કલ્પ. ૭. પહેલાંની સૃષ્ટિના જ્ઞાનવાળા. ૮. પ્રગટ. ૯. બ્રહ્મા. ૧૦. પવિત્ર. ૧૧. ખાલી. ૧૨. સૌથી મોટો. ૧૩. ઈન્દ્રિયોના પ્રેરક; વિષ્ણુ. ૧૪. કલ્યાણ; આરામ. ૧૫. ઉદ્યોગી. ૧૬. અસત્ય. ૧૭. કંકણ અને રુદ્રાક્ષની માળાસહિત. ૧૮. મૃત્યુલોક. ૧૯. જલદી. ૨૦. સાવધાન.

લક્ષણ તેનું સૂણ તું, કહું બાળ હે મસ્ત !
ભોગ થકી તનુ પુષ્ટ છે, યજ્ઞસામગ્રી હસ્ત. ૯૧

તેથી ત્રેતામાં દ્વિજો, યાગહોમરત સર્વ;
કર્મમાર્ગગામી સદા, કરે ધર્મ સગર્વ. ૯૨

ધર્મશાસ્ત્રપ્રવર્તક ત્રેતાયુગ પણ એમ;
બાર લાખ છન્નુ હજાર વર્ષ રહ્યો એ તેમ. ૯૩

વળતી બોલાવી કહે મિશ્રરૂપ દ્વાપર
બ્રહ્મદેવ, તલ્લક્ષણો કહું સૂણ દ્વિજવર. ૯૪

ખડ્ગ ખપ્પર ચાપ ને બાણ શસ્ત્ર છે હાથ;
ઉગ્રતાશાંતિદયાકૌર્ય[1]મૂર્તિ સાક્ષાત્ ! ૯૫

પાપપુણ્યયુત એહને બોલાવીને તેમ,
કહે વિરિંચિઃ જા સુખે; રહે પૃથ્વી પર એમ. ૯૬

આઠ લાખ બીજાં વળી ચોસઠ સહસ્ર [2]અબ્દ,
પૂર્ણ થતાં એનાં કહે બ્રહ્મા કલિને શબ્દ. ૯૭

મલિન રૂપ છે એહનું, મેલું અંતઃકરણ;
વિચારશૂન્ય મેલું દિસે સદા પિશાચવદન. ૯૮

ઝઘડાખોર સદા લડે, અધોમુખ અશુદ્ધ;
લથડિયાં ખાતો ફરે, આંખ લાલ છે ક્રુદ્ધ. ૯૯

પ્રેમભાવ જાણે નહિ, સદા વ્યસનચકચૂર;
દ્વેષમૂર્તિ રૌદ્ર[3] એ, દયાહીન અતિ ક્રૂર. ૧૦૦

ડાબે હાથે લિંગને પકડી સુદૃઢ એહ,
જમણે હાથે જીભને, આવ્યો વિચિત્રદેહ. ૧૦૧

પાપસંઘ સાથે ફરે; નાચે કૂદે એમ !
મુખ મીઠું વિખ અંતરે, હસે રડે વળી તેમ !! ૧૦૨

મર્કટવત્ ચેષ્ટા કરે; આવ્યો વિધિની પાસ;
પૂછેઃ આજ્ઞા શી મુને ? કહાં કરૂં કંકાસ ? ૧૦૩

દેખી વિચિત્ર એહનું પિશાચસમ એ રૂપ,
બ્રહ્મદેવ ગદ્‌ગદ્ હસે; કહેઃ કલિ હે હૂપ ! ૧૦૪

લિંગ જિહ્વા કાં અરે, પકડ્યાં એ અડબંગ ?
ક્યાં નાસે એ ? શા કલે, તારા આવા ઢંગ ? ૧૦૫

કહે કલિઃ આ લિંગ ને જિહ્વાથી હું લોક
જીતીશ સહુ ક્ષણમાં વિધે, ભાગ્યે ઉગરે કોક. ૧૦૬

સ્વભાવ મારો એ વિધે ! થાતાં મારૂં રાજ,
લિંગજિહ્વારત સહુ થાશે જન નિર્લાજ. ૧૦૭

એ બેને સંયમ થકી, પકડી રાખે જેહ;
તે આગળ હું રાંક છું, એમાં નહિ સંદેહ. ૧૦૮

તેથી રસના[4] લિંગ આ, પકડી રાખ્યાં આમ;
બાકી નીડર હું બધે; કહેઃ કરૂં શું કામ ? ૧૦૯

કલિવચન એવાં સૂણી, બોલે સરજનહારઃ
કિંચિત્ કાલ જઈ જગતમાં, કર સ્વગુણપ્રચાર. ૧૧૦

કહે કલિઃ પૃથ્વી વિષે પ્રેરે મુજને કેમ ?
સૂણ સ્વભાવ કહું તુને, દુર્ગુણ મારા તેમ. ૧૧૧

ધર્મસેતુભંજક, વિધે ! હું નિર્લજ્જ અતીવ;[5]
નિરંકુશ મારા સદા કલહદ્વેષ સચિવ[6]. ૧૧૨

પરસ્ત્રી પરધન જે હરે, તેજ ભાઈ મુજ જાણ;
પ્રપંચદંભમાત્સર્યયુત, સખા તે જ મુજ માન. ૧૧૩

બક સમ દાંભિક જે અતિ, યતિઓ તાપસ જેહ,
ભૂતદ્રોહી કપટી જે, વિધે ! પ્રાણ મુજ તેહ. ૧૧૪

આથી બીજું કોઈએ, વ્હાલું ન મુજને જાણ;
પુણ્યશાળી જન સહુ, તે મુજ શત્રુ માન. ૧૧૫

બ્રહ્મદેવ કહેઃ કલે ! આજ્ઞા મારી જેહ,
શિરસા વંદ્ય કરી સુખે, જા તું નિઃસંદેહ. ૧૧૬

આયુષ્ય ટૂંકું કલિ વિષે, સો વરસ પ્રમાણ;
અલ્પાયાસે જન તિહાં, પામે શીઘ્ર [7]નિર્વાણ. ૧૧૭

કષ્ટ ઉઠાવે મરી મરી, અન્ય યુગોમાં લોક;
તપોનુષ્ઠાનો થકી પામે સિદ્ધિ કોક. ૧૧૮

[8]યુગાંતરે આયુષ્ બહુ, કષ્ટ ઘણેરાં ત્યાંય;
ભક્તિમાત્રથી તુજ મહીં, સ્વલ્પે સિદ્ધિ થાય. ૧૧૯

માટે બ્રહ્મજ્ઞાની જે, દેવભક્ત હરિજન;
મા વિઘ્ન કર તેમને, કર સહાય પ્રતિક્ષણ. ૧૨૦

સૂણી વચન એવાં કલિ, કહે કરી વંદનઃ
સ્વામી ! જે આ તેં કહ્યા, વેરી તે મુજ જન. ૧૨૧

જ્યાં વેરી મુજના વસે, જાવું ત્યાં વિધિ કેમ ?
તન્નામશ્રવણે ડરૂં, થાઉં દુખિત તેમ. ૧૨૨

પુણ્યજનો ભૂમંડલે, વસે ઘણેરા ત્યાંય;
તેમાં પણ ભારત મહીં, અમિત પુણ્ય નિત થાય. ૧૨૩

દેખતાં જ જન એ સહુ, મુને મારશે [9]હન્ત !
કેમ ગતિ મારી થશે તિહાં ? કહો ભગવંત. ૧૨૪

સૂણી વચન કલિનાં હસી કહે બ્રહ્માઃ મા ડર;
કાલાત્મા લઈ સાથ આ, જા નિર્ભય ભૂ પર. ૧૨૫

૧. ક્રૂરતા, કઠોરતા. ૨. વરસ. ૩. બિહામણી. ૪. જીભ. ૫. અતિશય. ૬. દિવાન; સલાહકાર. ૭. મોક્ષ. ૮. અન્ય યુગમાં. ૯. અફસોસ.

ધર્મવાસના સર્વની, ફેરવશે એ જાણ;
પુણ્યશાળી પણ એ જતાં, થશે પાપમતિ માન. ૧૨૬
કહે કલિઃ સૂણ હે વિધે ! વેરી મુજના કોણ;
વિસ્તારી તુજને કહું; તીર્થવાસી ધૃતમૌન. ૧૨૭
શિવવિષ્ણુપાસક સહુ, ધર્મનિષ્ઠ જન જેહ,
ઉપદ્રવ મુજને કરે; નહિ છોડું હું એહ. ૧૨૮
બીજા પણ શત્રુ બહુ, વસે [1]જાહ્નવીતીર;
કાશીવાસી સંયમી, વ્રતી જપી જે ધીર. ૧૨૯
તીર્થાટનરત જે સદા, ધ્યાનનિષ્ઠ મુનિ જેહ;
શાસ્ત્રશ્રવણોદ્યુક્ત જે, દાનશૂર, [2]અરિ તેહ. ૧૩૦
શાન્ત દાન્ત દેખી, વિધે ! કંપે આ મુજ કાય;
અદાંભિક પુણ્યાર્થીને દેખી કંઈ કંઈ થાય ! ૧૩૧
નૈષ્ઠિક વાડવ[3] દેખીને, પ્રાણ થાય વ્યાકુળ;
નાસાગ્રસ્થિતદૃષ્ટિને દેખી ઊઠે શૂળ. ૧૩૨
સ્ત્રીપુત્રાદિસ્નેહથી બદ્ધ માયાદાસ,
દેખી ફુવારા પ્રેમના છૂટે ઉરમાં ખાસ. ૧૩૩
વેદશાસ્ત્રદૂષક જનો, હરિહરનિંદક જેહ;
ભેદદર્શી મદ્બાંધવો, પરમ આપ્ત મુજ એહ. ૧૩૪
જિતેન્દ્રિય જે સર્વદા, પૂજે હરિહર એક;
રાગદ્વેષરહિત જે, એથી ડરું હું છેક. ૧૩૫
બ્રહ્મદેવ કહેઃ કલે ! જા ભૂ પર સત્વર;
ગમનમાત્રથી તાહરો પડશે પ્રભાવ પ્રખર[4]. ૧૩૬
તારી ઇચ્છાના થશે જા જન સહુએ દાસ;
એમાં વિરલો કો કદિ હોય પુણ્યજન ખાસ, ૧૩૭
ધર્મીને એ મા કદિ સતાવીશ કલિયુગ;
જા વિજયી થા ભૂતલે, મા ચઢાવીશ સૂગ. ૧૩૮
બ્રહ્મવેણ એ સાંભળી, કરે કલિ વંદન;
વિનયનમ્ર કહેઃ વિધે ! દુષ્ટ માહરું મન. ૧૩૯
સ્વભાવ ફરશે કેમ એ ? થાશે સુશીલ કેમ ?
ધર્મ સાથે મિત્રતા થાય કદાપિ કેમ ? ૧૪૦

હાસ્ય કરી બ્રહ્મા કહેઃ સૂણ નિવાસઉપાયઃ
કાલમલાત્મક હે કલે ! થશે અધર્મ સહાય. ૧૪૧
અધર્મ સાથે આ લઈ, કર નિર્ભય સંચાર;
સજ્જન વેરી છો રહ્યા, દુષ્ટ આપ્ત અપાર. ૧૪૨
તેમાં વિરલો પુણ્યવાન્ હશે કોક જે નર,
તે જ જીતશે કલિ તુને; અન્ય સર્વ અનુચર.[5] ૧૪૩
બહુધા લોકો વશ તને થશે સર્વ ભૂ પર !
બ્રહ્મવચન એ સાંભળી વદે જોડી કલિ કરઃ ૧૪૪
તો પણ મન માને નહિ, જવા માહરું એમ;
છાતી ધગધગ થાય આ; કહે વિધિ, કરું કેમ ? ૧૪૫
કલિવચન સાશંક એ, સૂણી સકલ તત્કાલ,
બ્રહ્મદેવ વદે ફરીઃ સૂણ ધ્યાન દઈ બાળ ! ૧૪૬
લોભવિવર્જિત જે સદા, શુદ્ધ બુદ્ધ[6] નર ધીર;
તેને ત્વદ્દોષો કદિ સ્પર્શે નહીં લગીર. ૧૪૭
હરિહર ગુરુને જે ભજે, અભેદભાવે જન;
ગોસેવક આગળ નહીં ચાલે તારું ક્ષણ. ૧૪૮
કાશીવાસી જે જનો, વિપ્રસેવક ધન્ય !
માતપિતાસેવા કરે, ગુરુસેવક અનન્ય; ૧૪૯
શૈવ વૈષ્ણવ ભક્ત જે, તુલસીપૂજક તેમ;
આજ્ઞા મારી માનીને, મા પીડ કલિ એમ. ૧૫૦
શાસ્ત્રશ્રવણ કરે સદા, સ્વધર્મનિરત સુજન;
શ્રુતિસ્મૃતિ પુરાણ ને જાણે ધર્મ; મા ક્ષણ ૧૫૧
પીડ કલે ! તું તેમને, ગુરુભક્ત વિશેષ !
કહે કલેઃ ભગવન્ કહો ગુરુસ્વરૂપ અશેષ. ૧૫૨
ગુરુમહિમા મુજને કહો, કહો શિષ્યસ્વરૂપ !
સૂણી વચન બ્રહ્મા કહે, ગુરુમાહાત્મ્ય અનુપ. ૧૫૩
રંગ કહે ધીરજ ધરો, આગળ રસ ભરપૂર;
ગુરુકૃપાથી પલકમાં થશે શુષ્ક ભવપૂર. ૧૫૪
આ અધ્યાયે શિષ્યને, મળ્યા અલખ યોગીશ;
આગળ ગુરુમહિમા કહ્યો, રીઝે સૂણતાં ત્રીશ[7]. ૧૫૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ગુરુપ્રાપ્તિકથનં નામ દ્વિતીયોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨ ॥ દોહરા ૧૫૫

અધ્યાય ૩ જો

[8]રમોમાનનકંજને કરે પ્રફુલ્લિત જેહ;
ભવતારક તત્પદ નમું, [9]પરમપદપ્રદ એહ. ૧
રંગ કહે આગળ સૂણો, વદે વિરિંચિ તાતઃ
સાંભળ કલિયુગ ધ્યાનથી, ગુરુ બ્રહ્મ સાક્ષાત્. ૨

---

૧. ગંગા. ૨. શત્રુ. ૩. બ્રાહ્મણ. ૪. તીવ્ર. ૫. નોકર; સેવક. ૬. જ્ઞાની. ૭. ત્રિગુણનિયામક; ત્રિલોકના નાથ; ભગવાન દત્તાત્રેય. ૮. (૧) રમા એટલે લક્ષ્મી; તેના મુખકમળને વિકસિત કરનાર તત્પતિ શ્રીવિષ્ણુ (૨) રમા એટલે માતુશ્રી રમાબાઈ; તેના મુખકમળને પ્રફુલ્લ કરનાર તત્પુત્ર દત્તાંશાવતાર ગુરુવર્ય શ્રીવાસુદેવાનંદસરસ્વતી. (૩) ઉમા એટલે પાર્વતી; તન્મુખકમળને વિકસિત કરનાર તત્પતિ શ્રીમહાદેવ; અથવા (૪) તત્પુત્ર ગણપતિ. ૯. મોક્ષ આપનાર.

ગકાર સિદ્ધિપ્રદ કહ્યો, રકાર પાપદાહક;
ઉકાર વિષ્ણુ અવ્યક્ત જે, સદ્‌ગુરુ એમ ત્र્યાત્મક. ૩

ગકાર ગણપતિ જાણ તું, રકાર [૧]વહ્નિસ્વરૂપ;
ઉકાર શ્રીહરિરૂપ છે, શ્રીગુરુ [૨]ત્રિતયસ્વરૂપ. ૪

ગુરુ પિતા ગુરુ માત છે, ગુરુ શંકર શ્રીમત્;
મંત્ર દ્વિવર્ણ ગુરુ નકી, [૩]ચતુર્વર્ગફલપ્રદ. ૫

ઈશ્વર કોપે જો કદિ, રક્ષે ગુરુ નિજ ભક્ત;
ક્રુદ્ધ થતાં ગુરુ, રક્ષવા દૈવત કોઈ ન શક્ત. ૬

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહેશ્વર દેવ;
પરબ્રહ્મ શ્રીગુરુ નકી, જાણી કરવી સેવ. ૭

જીવભાવ નિવારીને, કરે બ્રહ્મસ્વરૂપ;
તેથી સદ્‌ગુરુ જાણ તું, કલે ! વિરિંચિરૂપ. ૮

અજ્ઞાનાદિક શિષ્યનાં કરી દૂર ક્ષણ માંહ્ય,
પાળે એ નિજ ભક્તને, ગુરુ હરિ શ્રુતિ ગાય. ૯

ભવસંહારક શ્રીગુરુ, તેથી શિવસ્વરૂપ !
એમ ત્રિમૂર્તિરૂપ એ, શ્રીગુરુ એક અનુપ. ૧૦

પ્રસન્ન થાતાં શ્રીહરિ, માગે હરિજન એહ;
અખંડ ગુરુભક્તિ સદા, એક જ નિઃસંદેહ. ૧૧

રીઝે સદ્‌ગુરુ જો કદિ, થાય જગત્પતિ તુષ્ટ;
હાજર સિદ્ધિ ચરણમાં, જાય દુરિત સુદુષ્ટ. ૧૨

ઈશ તુષ્ટ થતાં કદિ, નહીં સદ્‌ગુરુ પ્રસન્ન;
પ્રસન્ન થાતાં શ્રીગુરુ, ખડો ઈશ આસન્ન[૪]. ૧૩

માટે અનન્ય ભક્તિથી ભજતાં ગુરુવર એક,
મોક્ષાદિક ફળ સહુ મળે; કહ્યો શાસ્ત્રવિવેક. ૧૪

કર્મ ભક્તિ ને જ્ઞાનનું યોગરહસ્ય અનુપ
દેખાડી સચ્છિષ્યને, શોષે ગુરુ ભવકૂપ. ૧૫

પૂછે કલિયુગ વિનયથી, સૂણી બ્રહ્મવચન;
સર્વદેવ સમાન શેં થયા ગુરુ ! કહો પણ. ૧૬

બ્રહ્મદેવ કહે કલે ! સાંભળ દઈને ધ્યાન;
વિસ્તારી તુજને કહું, ગુરુ વિણ નહિ નિર્વાણ. ૧૭

ગુરુ વિણ શ્રવણ બને નહિ; વિના શ્રવણ ભય દૂર
કેમ થાય ? કહે કલે ! મશક[૫] ગુરુ વિના શૂર. ૧૮

ભલે સુલભ શાસ્ત્રો રહ્યાં, દુર્ગમ[૬] તત્ત્વજ્ઞાન;
પાર ન પામે ગુરુ વિના, વૃથા બુદ્ધિ અભિમાન. ૧૯

પોથાં પઢતાં પંડિતો, ડૂબ્યા કંઈક ગમાર;
રહસ્ય ઊંડું ના લહે, સદ્‌ગુરુ વિના લગાર. ૨૦

સચ્છાસ્ત્રો પણ ગુરુ વિના, ઊંડા કૂપ અસાર;
ગુરુ પ્રકાશક તેમનો, જ્યોતિ બતાવે સાર. ૨૧

ગુરુસેવાથી સહુ કંઈ, સિદ્ધ થાય જગ માંહ્ય;
કથા [૭]પુરાતન એ કહું, જેથી સંશય જાય. ૨૨

પુરા ગોદાવરીતટે, આશ્રમ એક મહાન્
હતો અંગિરસ ઋષિતણો, [૮]નંદનવાડી સમાન. ૨૩

નાના વૃક્ષ [૯]લતા થકી, શોભે એ આશ્રમ;
મૃગ પક્ષી નિર્ભય ફરે, હરે દર્શને શ્રમ. ૨૪

બ્રહ્મર્ષિઓ વસે ઘણા, જપતપસાધનસિદ્ધ;
વેદધર્મા એક ત્યાં, પૈલપુત્ર પ્રસિદ્ધ. ૨૫

શિષ્યો તેના બહુ કરે સકલ શાસ્ત્રપઠન;
સેવા સદ્‌ગુરુની કરી, કરે શ્રવણ મનન. ૨૬

મુખ્ય શિષ્ય તેમાં વસે, દીપક એક પવિત્ર;
ભાવતણી તેના કરે, ગુરુ પરીક્ષા ચિત્ર.[૧૦] ૨૭

એક દિવસ સહુ શિષ્યને કરી ગુરુ એકત્ર,
કહે, એક પૂછું વદોઃ કરે કોણ એ અત્ર ? ૨૮

સકલ શિષ્ય કહેઃ ગુરો ! તારક તું અમ એક;
આજ્ઞા શિરસાવંદ્ય છે, તારી અમને છેક. ૨૯

ઉલ્લંઘે ગુરુવચનને, રૌરવ નરકે જાય;
માને નહિ ગુરુવાક્યને, ગોથાં અનંત ખાય. ૩૦

ડૂબે માયાસિંધુમાં, પામે દુર્ગતિ તેમ;
કલ્પે પણ ગતિ થાય ના, કથે શાસ્ત્ર સહુ એમ. ૩૧

સૂણી વચન શિષ્યોતણાં, ફુલ્લવદન ગુરુ એહ,
દીપકાદિક શિષ્યને, કહે વિગતસંદેહઃ ૩૨

પૂર્વજન્મોમાં કર્યાં, ગહન કર્મ અનેક;
પાપપુંજ ભેળો થયો, કર્યો ક્ષીણ ત્યાં કેંક ૩૩

તપોનુષ્ઠાનો કરી કરી; રહ્યો તોય અવશિષ્ટ;
વણ ભોગવ્યે ના ઉચિત એ કરવો ક્ષીણ વિશિષ્ટ. ૩૪

શેષ પાપપ્રારબ્ધ એ જો પાછું ઠેલાય
તપશ્ચરણધર્માદિથી, વિઘ્ન મોક્ષમાં થાય. ૩૫

ઘોર પાપની ના કદિ ઘટે ઉપેક્ષા એહ;
સ્વદેહે ભોગવ્યા વિના, ટળે ન નિઃસંદેહ. ૩૬

પાપનિષ્કૃતિ એ થવા, જઈ વારાણસી[૧૧] માંહ્ય;
ભોગવીશ સ્વદેહથી, પાપ સર્વ એ ત્યાંય. ૩૭

એવો નિશ્ચય માહરો પાર ઉતારે કોણ ?
સેવા દુઃખદ જે કરે, શિષ્ય એહવો કોણ ? ૩૮

૧. અગ્નિ. ૨. ત્રણ. ૩. ચાર પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ, ને મોક્ષ-રૂપ ફળ આપનાર. ૪. પાસે. ૫. મગતરું ૬. ન સમજાય એવું. ૭. પ્રાચીન; જૂની. ૮. ઈન્દ્રનો બગીચો. ૯. વેલ. ૧૦. વિચિત્ર. ૧૧. કાશી.

સર્વપાપહંત્રી[૧] પુરી કાશી પુરાણપ્રસિદ્ધ;
લઈ જાવા મુજને તિહાં, કહો કોણ છે સિદ્ધ ? ૩૯

શિષ્યોમાં મદ્રક્ષણે, કહો, કોણ સમર્થ ?
કો સેવા સ્વીકારશે ? દુઃખ સહેશે વ્યર્થ ? ૪૦

સૂણી વચન એવાં વદે, ગુરુસેવારત એહ;
સચ્છિષ્ય દીપક તિહાં, ગુરુમાન્યવર જેહઃ ૪૧

સ્વામી શેષ ન રાખવું, પાપ કદાપિ જાણ;
પ્રતિક્રિયા[૨] સત્વર કરી, થાવું મુક્ત સુજાણ. ૪૨

વદે વેદધર્માઃ નકી [૩]યાવત્ સુદૃઢ દેહ,
[૪]તાવત્ ક્ષય કરવો; પછી, પાપ વિષોપમ એહ. ૪૩

તીર્થસેવા કૃચ્છથી પ્રાયશ્ચિત્તે તેમ,
દેહરોગથી નિષ્કૃતિ થાય પાપની એમ. ૪૪

ઉપાય બીજો નવ મળે, કોથી નવ છટકાય;
સ્વકૃત જાતે ભોગવે, તો જ પાપક્ષય થાય. ૪૫

દેવ ઋષિ કિન્નર ભલે, હોય જ્ઞાની કે મૂઢ;
અટલ કાયદો કર્મનો, કોઈ ન પામે છૂટ. ૪૬

કહે શિષ્ય દીપકઃ ગુરો ! સત્ય વચન છે એહ;
આજ્ઞા આપો રંકને, ચરણે અર્પ્યો દેહ. ૪૭

વદે વેદધર્માઃ-અરે ! સાંભળ દીપક, બાળ !
ગલત્કુષ્ઠી થઈશ હું, પંગુ અંધ તત્કાળ. ૪૮

એકવીસ વર્ષો સુધી પડશે અતિશે ત્રાસ;
એવું પાતક માહરૂં, વિચાર કરીને ખાસ, ૪૯

હા પાડ માટે અરે ! શક્તિ હોય જો પૂર્ણ.
કહે દીપક એ કરગરી, જોડી બેઉ કર તૂર્ણઃ- ૫૦

મુજ દેહે સ્વામી કરૂં, પાપનિષ્કૃતિ એહ;
થાઉં કુષ્ઠી આંધળો, વર્ષ એકવીસ જેહ. ૫૧

આજ્ઞા આપો દાસને, એમ કહીને બાળ,
દીપક વિનવે ભાવથી, ગ્રહી ચરણ તત્કાળ. ૫૨

સૂણી વચન મુનિવર કહે, હૃષ્ટ થઈને એહઃ
ગહન પાપગતિ, બાળ હે ! એમાં શો સંદેહ ? ૫૩

જાતે ભોગવવું રહ્યું, સ્વકૃત પાતક જેહ;
શિષ્યાદિદ્વારા નહીં થાય પાપક્ષય એહ. ૫૪

માટે એ સ્વશરીરથી, સર્વ ભોગવીશ પાપ;
મન માને તો એકવીસ વર્ષ રક્ષ અમાપ. ૫૫

રોગીની પીડાથીએ પીડા સેવા માંહ્ય
અધિક ભોગવવી પડે; થશે કષ્ટી તુજ કાય. ૫૬

આ સર્વે તુજને કહ્યું, સ્પષ્ટ પ્રથમથી જાણ;
પાપ સ્વદેહે ભોગવું, હોય શક્તિ તો માન. ૫૭

કાશીમાં લઈ જા મુને, રક્ષ અહર્નિશ ત્યાંય;
તવોપકારે ભોગવી પાપ, થઈશ સુકાય. ૫૮

વિગતપાપ અક્ષયપદે થઈશ સુસ્થિર મુક્ત;
કહે નમી દીપકઃ ગુરો ! છે નિશ્ચય તુજ યુક્ત. ૫૯

લઈ જઈ કાશી મહીં, સેવા કરીશ અનન્ય;
વિશ્વનાથ સમ તું ગુરો ! તુંથી અધિક ન અન્ય. ૬૦

સેવાવ્રત સ્વીકારીને, કલે ! શિષ્યવર એહ,
આવ્યો સદ્‌ગુરુને લઈ કાશી તારક જેહ. ૬૧

મણિકર્ણિકાઘાટ પર, કંબલાશ્વતર પાસ,
વાસ કરાવ્યો પ્રેમથી; સેવે દીપક દાસ. ૬૨

સ્નાન કરી પ્રણમી મુદા મણિકર્ણિકા માત,
વિશ્વનાથપૂજન કરી રહ્યા મુનીશ્વર, તાત ! ૬૩

પાપ ભોગવવા કરે, તુરત એહ આરંભ;
થયા ગલત્કુષ્ઠી અહા ! પંગુ અંધ, અદંભ. ૬૪

સેવે દીપક ભાવથી, થયા ગુરુ અતિ ક્ષીણ;
બગડ્યું લોહી કુષ્ઠથી, વહે પરૂ નિશદિન. ૬૫

કૃમિ પડયા સહુ ગાત્રમાં, થઈ સ્મૃતિ પણ નષ્ટ;
પીડા નવ જોવાય એ, ગણે ન દીપક કષ્ટ. ૬૬

ભિક્ષા માગી કોડથી, અર્પે ગુરુને અન્ન;
વિશ્વનાથ સમ માનીને, પૂજે નિત્ય અખિન્ન. ૬૭

રોગી બહુધા લોકમાં થાય ચીડિયા જેમ,
શાંત મુનિ પણ આ થયા ક્રૂર સ્વભાવે તેમ. ૬૮

ભિક્ષા અરપે ભાવથી, નિત્ય શિષ્ય [૫]સ્વાદ્વન્ન;
ક્રોધે ફેંકી દે ગુરુ ! અલ્પ કેટલું અન્ન ? ૬૯

એમ કહી ભૂખ્યા રહે, કરે શિષ્ય ઉપવાસ;
બીજે દિન બહુ આણતાં, કહે બાળ કુગ્રાસ. ૭૦

ખાધું ના ખાધું કરી, નિત્ય ફેંકી દે અન્ન;
ધન્ય શિષ્ય સેવા કરે, સદા ચિત્ત પ્રસન્ન ! ૭૧

કેમ ન આણે તું અરે, નિત્ય પકવાન્ન મિષ્ટ ?
એમ ક્રોધે કરે કદિ, કહેઃ શાક ફળ ઈષ્ટ. ૭૨

એવું આણે શિષ્ય જો, કહેઃ અરે તું દુષ્ટ !
રોગ વધે જો માહરો, થાય એથી તું પુષ્ટ ! ૭૩

એમ કહી મારે કદિ, બોલે ક્રૂર વચન;
ધન્ય શિષ્ય ! તોયે કદિ, થાય ન [૬]ખિન્નવદન. ૭૪

૧. નાશ કરનાર. ૨. નાશ કરવાનો ઈલાજ. ૩. જ્યાં સુધી. ૪. ત્યાં સુધી. ૫. મિષ્ટાન્ન. ૬. ઉદાસ.

કહે કદાચિત્ પ્રીતથીઃ શિષ્યશિરોમણિ ધન્ય !
મારે માટે તેં સહ્યાં કષ્ટ ધન્ય ! અનન્ય. ૭૫

વળતી પાછા ક્રોધથી, કહેઃ કાળું કર મુખ;
જા અહીંથી, કાં વ્યર્થ તું આપે મુજને દુઃખ ? ૭૬

કીટક કરડે આ મુને, મારે દુર્ગન્ધ તન;
કેમ ન ધુએ તું અરે, પૂય[૧] રક્ત ક્ષણ ક્ષણ ? ૭૭

કરવા માંડે એમ તો, કહેઃ લાગી છે ભૂખ;
વિપરીત એમ વદે સદા ! સહે શિષ્ય સુમુખ !! ૭૮

પાપગતિ એવી અહા ! નષ્ટ થાય વિચાર;
શુભાશુભ સૂઝે નહીં, વધે ક્રોધ અવિચાર. ૭૯

દૈન્યદુઃખપીડિત વદે જે સદા વિપરીત
ઉન્મત્તવત્, તે જાણવો પાપરૂપ પતિત. ૮૦

અષ્ટાદશ કુષ્ઠો મહીં, ગલત્કુષ્ઠ અતિ હીન;
મહાકષ્ટપ્રદ જે થકી, થયા મુનિ પણ દીન. ૮૧

તો પણ દોષો એહના, શિષ્ય ન આણે મન;
માની ઈશ્વર એહને, સેવે તોડી તન. ૮૨

જે જે માગે સદ્‌ગુરુ, માગી આપે એહ;
ગણી ઈશ વિષ્ણુ સમા, પૂજે ગતસંદેહ. ૮૩

વસે કાશીમાં તોય એ કરે ન દેવદર્શન;
તીર્થયાત્રા વા કદિ, ગુરુસેવારત મન. ૮૪

દેહતણી ચિંતા કદિ, કરે ન શિષ્ય સુજાણ;
ગુરુપદ સેવે સર્વદા, વદે ન ગુરુ વિણ વાણ[૨]. ૮૫

નિષ્ઠુર વાણી ગુરુતણી સૂણી ન માને ખેદ;
ગુર્વાજ્ઞાસમ આચરે, માની પ્રત્યક્ષ વેદ. ૮૬

સેવા એની દેખીને, થયા પિનાકી[૩] તુષ્ટ;
પ્રગટ થઈ પોતે કહેઃ માગ માગ સંતુષ્ટ. ૮૭

ધન્ય ધન્ય સદ્‌ભક્ત હે ! કુલદીપક દીપક !
પ્રસન્ન હું તુજ પર કહે, શું અભીષ્ટ[૪] નિઃશંક ? ૮૮

બોલે દીપક માફ કર, ભો મૃત્યુંજય ધીશ[૫] !
પૂછ્યા વિણ ગુરુને કદિ, કાંઈ ન માગું ઈશ ! ૮૯

એમ કહી સદ્‌ગુરુ કને, આવ્યો વિનયગભીર;
કહેઃ પ્રસન્ન મુને થયા વિશ્વનાથ નટવીર. ૯૦

આવ્યા વર દેવા મુને, વ્યોમકેશ[૬] મહેશ;
આજ્ઞા હોય કહો ગુરો ! માગું રોગવિશ્લેષ[૭]. ૯૧

તદ્વરદાને શીઘ્ર આ, થશે શાન્ત કુરોગ;
સૂણી ક્રુદ્ધ મુનિવર થયા; કહેઃ ભલો ઉદ્યોગ ! ૯૨

થાકયો શું સેવા થકી ? વ્યાધિ મહાદુસ્તર;
શાન્તિ માટે ના કદિ, પ્રાર્થીશ તું ઈશ્વર. ૯૩

વિના ભોગ ના એ ટળે પાતક, શિષ્ય સુજાણ !
માગી વર પ્રતિબદ્ધ એ, કરવું ના કદિ જાણ. ૯૪

નહિ તો ભોગવવું પડે, અન્ય જન્મમાં એહ;
સકલ શાસ્ત્ર એવું કહે, એમાં નહિ સંદેહ. ૯૫

માટે આ જન્મે બધું, કરૂં ભોગવી ક્ષીણ;
[૮]શિષ્ટ રહે તો મોક્ષમાં, કરે વિઘ્ન એ હીન. ૯૬

ગુરુવચન એવાં સૂણી દીપક શિષ્ય સુજાણ,
આવ્યો ઈશ્વર જ્યાં ખડા, આજ્ઞા કહી પ્રમાણ. ૯૭

આવી કહેઃ વિશ્વેશ હે ! ના વરથી કંઈ કામ;
ના પાડે શ્રીગુરુ મુને, જાઓ સુખે સ્વધામ. ૯૮

સૂણી વચન વિચિત્ર એ, શિવ નિર્વાણમંડપ
આવ્યા વિસ્મિત દોડતા, કહે હરિને વિશ્વપ.[૯] ૯૯

દેવસભામાં [૧૦]વૃત્ત એ સૂણી વિષ્ણુ વિચિત્ર;
પૂછેઃ કોણ ગુરુ કહો, કોણ શિષ્ય શિવ ચિત્ર. ૧૦૦

ઈશ કહેઃ હરિ સાંભળો, દીઠું અચરજ જેહ;
ગુરુભક્તિરત બાળ એ, અજોડ નિઃસંદેહ. ૧૦૧

ગોદાવાસી એક ત્યાં, વસે તપસ્વી મહાન્;
નામે વેદધર્મા મુનિ, છે તચ્છિષ્ય સુજાણ. ૧૦૨

અવિશ્રાંત સેવા કરે દીપક ગુરુની જેમ,
તત્સમ કયાંય ત્રિલોકમાં, જોયો અન્ય ન એમ. ૧૦૩

ગુરુભક્તિ એ એહની, દેખી થયો પ્રસન્ન;
વર આપું એવું થયું, મુને શ્રીહરિ મન. ૧૦૪

ગયો સ્વયં ચાલી તિહાં, કહ્યું, માગ વરદાન;
'આજ્ઞા ગુરુની ના મુને' કહી શિષ્ય એ જાણ, ૧૦૫

ના માગે કાંઈ, હરે ! કહેઃ હજારો વર્ષ,
રાતદિવસ તપ જે કરે, હરે ન કાં [૧૧]તત્તર્ષ ? ૧૦૬

તપસ્વી યોગીતણી કરી ઉપેક્ષા એમ,
આપે વર મુજને કહે બલાત્કારથી કેમ ! ૧૦૭

તન મન ધન વાણી સદા અરપી ગુરુને એહ,
રાતદિવસ સેવા કરે દીપક ગતસંદેહ. ૧૦૮

ગુરુ માતા ગુરુ છે પિતા, ગુરુ ત્રિમૂર્તિસ્વરૂપ;
નિશ્ચય એનો એહવો; દીપક શિષ્ય અનુપ. ૧૦૯

તદ્‌ગુણવર્ણન કેટલું કરૂં ? થયો હું છક;
[૧૨]તમોધ્વાંતદીપક અહા દીપક કુલદીપક ! ૧૧૦

૧. પરૂ. ૨. વાણી. ૩. શિવ. ૪. ઈચ્છિત. ૫. બુદ્ધિના પ્રેરક. ૬. શંકર. ૭. વિયોગ. ૮. બાકી. ૯. જગતનું રક્ષણ કરનાર. ૧૦. હકીકત. ૧૧. તેમની તરસ. ૧૨. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર દીવો.

જ્ઞાન ધર્મ યશ સંપદા, સર્વે ગુરુપદ માંહ્ય;
એવા નિશ્ચયથી ભજે, એ ગુરુચરણ સદાય. ૧૧૧

સૂણી વચન વિશ્વેશનાં,શાર્ઙ્ગપાણિ[1] પણ એમ;
જોવા દોડયા વેગથી, ગુરુશિષ્યને તેમ. ૧૧૨

વિશ્વનાથે જે કહ્યું, તેથી પણ વધુ એહ;
દેખી સેવાવ્રત થયા પ્રસન્ન શ્રીહરિ તેહ. ૧૧૩

બોલાવી એ શિષ્યને, કહે વિષ્ણુ સુજાણ;
ગુરુભક્તિથી તાહરી, થયો તુષ્ટ હું જાણ. ૧૧૪

માર્ગ ઈપ્સિત[2] વર કંઇ ! વદે સુદીપકઃ દેવ !
શી ભક્તિ જોઇ હરે ? કરી ન મેં તુજ સેવ. ૧૧૫

ઇચ્છા કાંઇ નવ મુને; કાં આપે વરદાન ?
ભજન ન કીધું તાહરૂં, સ્મરણ કદાપિ ન જાણ. ૧૧૬

અરણ્યવાસી તાપસી કરે અહોનિશ ધ્યાન;
સ્વપ્ને પણ ના તેમને, દર્શન દે તું જાણ ! ૧૧૭

તપોહીન નાદાન હું કેમ કરે હેરાન,
બળાત્કારે વર થકી ? કહે કારણ સુજાણ. ૧૧૮

સૂણી વચન નિર્દોષ એ, થયા શ્રીહરિ તુષ્ટ;
તદ્‌ભક્તિથી મુગ્ધ એ વદે પરમ પ્રહૃષ્ટઃ ૧૧૯

અનન્ય જે ગુરુભક્તિ તેં કરી વત્સ હે ! જાણ,
થયો તુષ્ટ હું તે થકી; મદ્‌ભક્તિ એ માન. ૧૨૦

ગુરુભજને રત[3] જે સદા, મદ્‌ભક્તિ પણ તેહ;
તદધીન આપું બધું ઈપ્સિત, નહિ સંદેહ. ૧૨૧

અનન્યભાવે જે કરે, માતપિતાની સેવ;
પતિવ્રતા પતિને ભજે, માની પ્રત્યક્ષ દેવ; ૧૨૨

તે સહુ પણ મુજને ભજે, ભક્ત પ્રિય એ જાણ;
સાધુસંતસેવા કરે, મદ્‌ભક્ત એ માન. ૧૨૩

હરિવચન એવાં સૂણી, દીપક કરે પ્રણામ;
વિનયવચન બોલે કહે, સાંભળ વિષ્ણુ સુજાણ ! ૧૨૪

નિશ્ચય મનનો મમ કહું:- વેદશાસ્ત્રાદિક જેહ,
દાતા એક તે સર્વનો, સદ્‌ગુરુ નિઃસંદેહ. ૧૨૫

સર્વ જ્ઞાનનું મૂળ છે, સદ્‌ગુરુ એક અભિન્ન;
તદધિન દેવો સહુ, બ્રહ્મા હરિ હર ભિન્ન. ૧૨૬

શું પ્રયોજન અન્યથી ? ગુરુ દેવાધિક દેવ;
સર્વ દેવ તીર્થો સહુ કરતા ગુરુપદસેવ. ૧૨૭

ગુરુ વિણ યોગી સિદ્ધ ના પામે કોઇ જ્ઞાન;
જ્ઞાન પામતાં દૂર શું ઇશ્વર ? કહે સુજાણ. ૧૨૮

જે વર આપે તું હરે ! દે ન ગુરુ શું એહ ?
ઘરનું છોડી બ્હાર કો ખોળે વૃતસંદેહ[4] ? ૧૨૯

સૂણી વચન [5]સુહાર્દ એ, થયા વિષ્ણુ સંતુષ્ટ;
કહેઃ શિષ્ય [6]શિખામણે ! માગ કાંઇ પણ હૃષ્ટ. ૧૩૦

પ્રાણસખા તું માહરો, પ્રિય મુજને અતિ જાણ;
ત્વદ્‌ભક્તિથી બદ્ધ હું, માગ કાંઇ વર, માન. ૧૩૧

વિશ્વનાથ આવી ગયા, દેવા વર પ્રસન્ન;
હું વિષ્ણુ આવ્યો હવે; અભિન્ન બંને જણ. ૧૩૨

સંતોષ થશે અમ બેયને, માગ કંઇ વરદાન;
આપું અભીષ્ટ[7] પ્રેમથી, મા કર તું અનુમાન. ૧૩૩

શું માગું ? દીપક કહેઃ અભીષ્ટ એક જ વર;
ભક્તિ જે ગુરુચરણમાં, વધો ઉત્તરોત્તર. ૧૩૪

જ્ઞાન ગુરુસ્વરૂપનું, ભક્તિ પ્રેમલક્ષણ;
એક જ આપ હરે મુને, ચહે ન અન્ય વર મન. ૧૩૫

એમ કહી હરિચરણમાં, પડયો શિષ્ય તત્કાળ;
ઊઠાડી શ્રીહરિ કહેઃ ધન્ય ! પ્રાણપ્રિય બાળ. ૧૩૬

ધન્ય ધન્ય ગુરુભક્તિથી, થયો ધન્ય તું મુક્ત !
પરબ્રહ્મપદ પામીને, થઇશ જીવન્મુક્ત !! ૧૩૭

ધર્મબુદ્ધિથી તું કદિ, લૌકિકબુદ્ધ્યા તેમ,
મનોભાવથી શ્રીગુરુ ભજ સ્તુતિ કર એમ. ૧૩૮

ગુરુસ્તુતિ તે માહરી સ્તુતિ નિશ્ચય તું જાણ;
ગુરુભજનથી હું રીઝું, પ્રસન્ન વાકય પ્રમાણ. ૧૩૯

વેદપાઠકો જે કરે, સાંગ[8] શ્રુતિચિંતન;
વેદાન્તે નિશ્ચય કરે, પરબ્રહ્મ ગુરુજન; ૧૪૦

તે મુજને પ્રિય પ્રાણથી ! માટે ભજ ગુરુ, બાળ !
તુષ્ટ થતાં સદ્‌ગુરુ, થશે સુવશ દેવ તત્કાળ. ૧૪૧

બે અક્ષર ગુરુ એ નકી, છે અમૃતાર્ણવ એમ;
ક્ષણેક ડૂબકી મારતાં, રહે ત્રિતાપ જ કેમ ? ૧૪૨

સદ્‌ગુરુસ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ;
ગુરુનામામૃતપાનથી જાય મરણ સંદેહ. ૧૪૩

શિવ વિરિંચિ માહરો, બ્રહ્મનિષ્ઠનો તેમ;
થાય અનુગ્રહ, તો મળે સદ્‌ગુરુ; ન મળે એમ. ૧૪૪

અમે દેવ જે આપીએ, આપે ગુરુ પણ તેહ;
માટે ત્રિમૂર્ત્યાત્મક ગુરુ, એમાં નહિ સંદેહ. ૧૪૫

દીપકને કહી એમ એ, ગયા વિષ્ણુ નિજ ધામ;
ગુરુસેવકને શું કમી ? થાય દાસ સહુ કામ. ૧૪૬

૧. વિષ્ણુ. ૨. ઇચ્છિત. ૩. પ્રીતિવાળો. ૪. સંદેહયુક્ત. ૫. નિર્દોષ હૃદયના ભાવથી પૂર્ણ. ૬. શિરોમણિ; ઉત્તમ. ૭. ઇચ્છિત. ૮. નિરુક્ત, વ્યાકરણાદિ ષડંગો સહિત.

એવો વર પામી, કલે ! પહોંચ્યો ગુરુસંમુખ;
દીપક નમન કરી ખડો, સદ્‌ગુરુ પ્રસન્નમુખ. ૧૪૭

ઘટઘટનું જાણે બધું, ગુરુ સર્વજ્ઞ એહ;
પૂછેઃ શ્રીહરિ ક્યાં ગયા ? કરે કેમ સંદેહ ? ૧૪૮

આવ્યો સંભાષણ કરી; શું માગ્યું તેં બાળ ?
આપ્યું શું હરિએ તને ? કહે સર્વ તત્કાળ. ૧૪૯

કહે શિષ્યઃ બહુ ખેંચતાં માગ્યું મેં પણ એક;
ત્વત્પદભક્તિ દૃઢ સદા, સેવા અખંડ નેક. ૧૫૦

આપી એ વર હરિ ગયા; કહો, કરું શું દેવ ?
શિષ્યવચન સૂણી કહેઃ 'ચિરં જીવ'[૧] ગુરુદેવ. ૧૫૧

કાશીમાં વસ સર્વદા, થશે સિદ્ધિઓ દાસ;
સકળ નિધિ[૨] તુજ બારણે, થશે પૂર્ણ સહુ આશ. ૧૫૨

મત્સંતોષે જા થશે, ત્વદધીન વિશ્વેશ;
તુજને સ્મરતાં લોકનાં, ટળશે કષ્ટ અશેષ. ૧૫૩

ત્વત્સ્મરણમાત્રે કરી, કરશે જન કલ્લોલ
સ્ત્રીપુત્રાદિકયુક્ત સદા; સત્ય માહરો કૉલ. ૧૫૪

એમ કહી મુનિ એ થયા દિવ્યદેહ નીરોગ;
વેદધર્મા ક્ષણ મહીં; દિસે ન શોધ્યો રોગ ! ૧૫૫

શિષ્યપરીક્ષાર્થે થયા જ્ઞાની કુષ્ઠી એહ;
મહાતપસ્વી એહને કયાંથી [૩]અઘસંદેહ ? ૧૫૬

લોકાનુગ્રહકારણે, આવ્યા કાશી માંહ્ય;
સર્વપાપહર ક્ષેત્ર જે, મહિમા કહ્યો ન જાય. ૧૫૭

બ્રહ્મદેવ કલિને કહે, શૌનકાદિને સૂત;
અલખ નિરંજનને કહે, કહે **'રંગ'** ગુરુદૂત. ૧૫૮

બ્રહ્માજ્ઞા શિર પર ધરી, ગયો કલિ જગ માંહ્ય;
વર્તે તત્સમ સર્વદા, ગુરુભક્તજશ ગાય. ૧૫૯

તૃતીયાધ્યાયે એ કથા, દીપકાખ્યાન રમ્ય;
સૂણતાં ગુર્વાશિષથી જામે **રંગ** અગમ્ય. ૧૬૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ગુરુમાહાત્મ્યવર્ણનં નામ તૃતીયોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩ ॥ દોહરા ૧૬૦

અધ્યાય ૪

અલખવચન એવાં સૂણી, થયો શિષ્ય સંતુષ્ટ;
વદે નિરંજન બાળ એ, ચિત્ત અતિશે હૃષ્ટઃ- ૧

જય જય અલખ નમું તુને, તું સંસૃતિવનદીપ;
શંકાતમ[૪] નિવારીને, પ્રગટયો જ્ઞાનપ્રદીપ. ૨

ત્વન્મુખથી જે નીસર્યું સદ્‌ગુરુમહિમામૃત,
પીતાં મોદ[૫] ન ચિત્તમાં માય એહ અમૃત. ૩

તૃષા થકી વ્યાકુળ થઈ, મરતાં ભવરણ માંહ્ય;
ચરિતામૃતપાનદ[૬] મળ્યો, દૈવે તું ગુરુરાય. ૪

ત્રિમૂર્ત્યાત્મક શ્રીગુરુ સાક્ષાત્ દેવસ્વરૂપ;
તો મનુષ્યરૂપે ધરે, કાં અવતાર અરૂપ ? ૫

શંકા મુજને થાય એ, કરો દૂર પ્રભુ એહ !
એમ કહી વંદન કરે; હર અલખ સંદેહ. ૬

કહેઃ ધન્ય તુજ પ્રશ્ન આ, શિષ્યચંદ્ર તું એક;
બોધાર્ણવ મમ ઊછળે, સૂણી પ્રશ્નવિવેક. ૭

ગુરુલીલામૃતપાનની ઇચ્છા તુજને જેહ,
બ્રહ્મપ્રાપ્તિનું જાણ તું સૂચક મંગલ એહ. ૮

પ્રથમ ઝબૂકે વીજળી, વૃષ્ટિ પછીથી થાય;
ઠંડક આપે જગતને, લોક મેહુલા ગાય. ૯

ફર્યો બહુ હું ક્ષિતિતલે[૭], કોઈ ન પૂછે એમ;
શિશ્નોદરરત જન સહુ, જીવે પશુઓ જેમ. ૧૦

આજે તું એક જ મળ્યો, પ્રથમ પ્રશ્ન પૂછનાર;
સૂણ કથા સઘળી કહું, પાવન જે ભવતાર. ૧૧

ભૂમિભાર ઉતારવા, દેવ મૂળ અરૂપ;
ભક્તોદ્ધારણકારણે, થાય બ્રહ્મ સરૂપ. ૧૨

મનુષ્યરૂપે અવતરી, કરે ધર્મપાલન;
અધર્મ સંહારી પ્રભુ, કરે ભક્તરક્ષણ. ૧૩

અલખવચન એવાં સૂણી, કરે નિરંજન પ્રશ્નઃ
કહો મને અવતારનું કારણ એ પ્રભુ કૃત્સ્ન[૮]. ૧૪

કહે અલખઃ સૂણ બાળ હે ! મૂળ બ્રહ્મ નિર્ગુણ;
એક અનાદિ એ થયું, સ્વમાયાથી ત્રિગુણ. ૧૫

વિશ્વકારણ એક એ, થયું ત્રિધા પ્રતીત;
સૃષ્ટિસ્થિતિસંહારકૃત્ કાર્યભેદે ત્યતીત. ૧૬

સ્રષ્ટા રજઉદ્રેકથી[૯], બ્રહ્મા એક જ જાણ;
સત્ત્વોદ્રેકે વિષ્ણુ એ, પોષણકર્તા માન. ૧૭

તમઉદ્રેકે રુદ્ર એ હર્તા સ્વયંભૂ ઈશ;
એકરૂપ બધા, કરે લીલા વિધવિધ ત્રીશ. ૧૮

૧. લાંબો વખત જીવ. ૨. કુબેરના નવનિધિ; ભંડાર. ૩. પાપ. ૪. અંધારું. ૫. આનંદ. ૬. પીવાડનાર. ૭. પૃથ્વી પર. ૮. બધું. ૯. અતિશયતાથી.

અંબરીષ નામે હતો, સૂર્યવંશી નૃપ એક;
વિષ્ણુભક્ત એકાદશી કરે રાખી વ્રત ટેક. ૧૯

મૂળ કારણ એ થયો અવતારોનું જાણ;
એ સઘળું તુજને કહું, સાંભળ દઈને ધ્યાન. ૨૦

યથાવિધિ એકાદશી કરી વિષ્ણુચિંતન,
કરે ઉપોષણ ભાવથી, રાત સર્વ જાગરણ. ૨૧

નિત્યનિયમ એ એહનો, કરે ભૂપ વ્રત તેમ;
એક દિવસ આવ્યા તિહાં, ઋષિ દુર્વાસા એમ. ૨૨

કરવા વ્રતનો ભંગ એ, દુર્દૈવ સમ જાણ,
આવ્યા રાજગૃહે તદા, અતિથિ ક્રોધન[૧] માન. ૨૩

સાધનદ્વાદશી એ દિને, હતી એક ઘડી શિષ્ટ;
બીધો નૃપ એ અંતરે, જોઈ અતિથિ વિશિષ્ટ. ૨૪

રાજા અતિથિભક્ત એ ગયો દોડી સંમુખ;
લાવી આદરથી કરે પૂજન પ્રહૃષ્ટમુખ. ૨૫

નમન કરી પૂછે મુદા, કુશલપ્રશ્ન પવિત્ર;
કહેઃ પારણાં આજ છે, અલ્પ દ્વાદશી ચિત્ર. ૨૬

સત્વર સ્નાનાદિક કરી આવો, સિદ્ધ ભોજન !
'ઠીક' કહી નદીએ ગયા ઋષિવર સશિષ્યજન. ૨૭

કરે વિલંબ કર્માદિમાં, કહે નૃપઃ-કરૂં કેમ ?
થાય ભંગ વ્રતનો જતાં વહી દ્વાદશી એમ. ૨૮

અતિથિ વિણ ભોજન કરૂં, તોએ દોષ મહાન;
સ્વગત વિચારે ભૂપ કે કરૂં અલ્પ જલપાન. ૨૯

થાય ઉભય સંસિદ્ધ ને લાગે અલ્પ ન દોષ !
એમ કહી રાજા પીએ વારિ[૨] માની સંતોષ. ૩૦

આવ્યા દુર્વાસા તિહાં; કહેઃ-ભૂપ હે ! એમ
અતિથિને ભૂખ્યા ત્યજી, પીધું વારિ આ કેમ ? ૩૧

મત્ત થયો, તુજને ઘટે કરવી શિક્ષા યુક્ત !
એમ કહી દેવા થયા, ઋષિ શ્રાપ ઉદ્યુકત. ૩૨

ક્રોધનમૂર્તિ દેખી એ, થયો ભૂપ ભયભીત;
સ્મરે શાર્ઙ્ગધર અંતરે ભક્તવત્સલ હિત[૩] ૩૩

સ્મૃતિમાત્રે પ્રગટ્યા તિહાં, સત્વર નારાયણ;
ધેનુ[૪] વત્સ માટે યથા, શરણાગતરક્ષણ. ૩૪

ત્યાં તો અચૂક નીસર્યા મુનિશ્રાપવચનઃ-
રાજા નાના યોનિમાં, કર તું શીઘ્ર ભ્રમણ. ૩૫

મુનિવાકય નિષ્ફળ નહિ એમ જાણી નૃપ એહ;
પડે શ્રીહરિચરણમાં; કહે રક્ષ આ દેહ. ૩૬

ભક્તવત્સલ શ્રીહરિ કહે, મુનીશ્વર ! જાણ;
રક્ષું હું મુજ ભક્તને, વચન એક મુજ માન. ૩૭

શાપ સહી નવ એ શકે, આપ મુને તું શાપ;
સહીશ સઘળું હું મુને ! બાળ કાજ જ્યમ બાપ. ૩૮

હર્યશ[૫] દુર્વાસ એ, કરે સ્વગત વિચાર;
હરશે ભૂમિભાર એ, શાપે ધરી અવતાર. ૩૯

દુષ્કર દીર્ઘ તપાદિથી દુર્લભ ભુવિ[૬] હરિ જેહ,
અંબરીષપ્રભાવથી શાપે સુલભ સદેહ. ૪૦

લક્ષ્મી સહ નાના ધરી ભૂ પર એ અવતાર,
ભક્તોદ્ધારક શ્રીહરિ કરશે અઘસંહાર. ૪૧

અંબરીષજન્મે કશું થાય ન ફળ નિષ્પન્ન;
પરોપરાકાર્થે શપું[૭], માટે નારાયણ. ૪૨

સ્વગત વિચારી એમ એ, વદે દુર્વાસા ધન્યઃ-
શાપ માહરો આ તુને, સાંભળ વિષ્ણુ અનન્ય. ૪૩

'વિશ્વરૂપ સઘળે ભર્યો સ્થૂલસૂક્ષ્મસ્વરૂપ;
અજ અક્ષય તોએ હરિ, થા મત્સ્યાદિસ્વરૂપ. ૪૪

મચ્છાપે દશ વાર તું, ધારણ કર અવતાર;
મૃત્યુલોકમાં હે હરે ! માર દુષ્ટ, અઘહાર !"[૮] ૪૫

શાપ સ્વીકારે શ્રીહરિ, પ્રીતે સચ્ચિદ્ઘન;
ભક્તવત્સલ નાટકી, અનન્ત નારાયણ. ૪૬

મત્સ્યાદિક અવતાર એ સર્વ વર્ણવ્યા સ્પષ્ટ,
ભાગવતાદિક ગ્રંથમાં; ટળે શ્રવણથી કષ્ટ. ૪૭

કવચિત્ સ્પષ્ટ ગુપ્ત કવચિત્, જાણે બ્રહ્મવિદ્ એહ;
વિમૂઢ કયાંથી એ લહે ? કરે વેદ સંદેહ ! ૪૮

ભાવભૂખ્યા શ્રીહરિ, કરવી ભક્તિ એક;
જાગ્રત્સ્વપ્નસુષુપ્તિમાં રાખી અખંડ ટેક. ૪૯

[૯]'ભક્તિર્ગરીયસી કલૌ' કહે સ્વાનુભવ એમ;
સકળ શાસ્ત્ર એવું કથે, આપે પર પદ તેમ. ૫૦

ભક્તિ માતા જ્ઞાનની, કરે વિભક્તિ[૧૦] દૂર;
કૃપા થતાં ગુરુદેવની, થાય શુષ્ક ભવપૂર. ૫૧

ધન્ય ભક્તિપ્રભાવ એ ! જેથી નિર્ગુણ બ્રહ્મ,
નામરૂપાત્મક થઈ સગુણ નિવારે ભ્રમ. ૫૨

સૂણી વચન વંદન કરે, શિષ્ય નિરંજન એહ;
કહેઃ ધન્ય યોગીશ્વરા, અરપું ચરણે દેહ. ૫૩

કહો ભક્તિસ્વરૂપ એ, કૃપા કરી ગુરુરાય;
વિસ્તારી સઘળું મુને, જેથી પાતક જાય. ૫૪

૧. ક્રોધી. ૨. પાણી. ૩. કલ્યાણકારક. ૪. ગાય. ૫. ઈશ્વરાવતાર. ૬. પૃથ્વી પર. ૭. શાપ આપું. ૮. પાપ હરણ કરનાર. ૯. કલિમાં બીજાં સાધનોથી ભક્તિ શ્રેષ્ઠ છે. ૧૦. ભિન્નતા, ભેદ.

કહે અલખઃ સૂણ બાળ હે ! ભક્તિસ્વરૂપ અગમ્ય;
સર્વશ્રેષ્ઠ પ્રભુપ્રેમ જે નિર્મળ અનન્ય રમ્ય, ૫૫

ઈશ્વરભક્તિ એ નકી ! તત્સંગે આનંદ;
તદ્વિરહે વ્યાકુળતા; ભજે સતી જ્યમ કંથ, ૫૬

તદ્ભાવે ભજતાં હરિ, સદ્‌ગુરુ તેજ સ્વરૂપ,
પામે પરમાનંદ એ; રહે કહાં ભવકૂપ ? ૫૭

શ્રવણ કીર્તન ને વળી સ્મરણ પાદસેવન,
અર્ચન, વંદન ભાવથી, દાસ્ય નિશ્ચલમન, ૫૮

સખ્ય સદા હરિનું અને આત્મનિવેદન તેમ;
ભક્તિ નવવિધા કહી પ્રેમલક્ષણા એમ. ૫૯

પ્રથમ શ્રવણભક્તિ કહું, સાંભળ શિષ્ય સુજાણઃ
કાયા વાચા મન સદા રાખી સુદૃઢ માન, ૬૦

નિંદ્રાતંદ્રાદિક ત્યજી, મૂકી આળસ દૂર;
સાંભળવા હરિગુણ સદા, યુદ્ધકથા જ્યમ શૂર. ૬૧

અંતર્નિષ્ઠ રહે સદા, આસનબદ્ધ પવિત્ર;
સૂણે [1]અસૂયાદિક ત્યજી, હરિગુરુલીલા ચિત્ર, ૬૨

નિશ્ચલ શ્રદ્ધા અંતરે, કરે ન બીજી વાત;
દૃષ્ટિ નવ ડોલે કદિ, તે જ શ્રવણ સાક્ષાત્. ૬૩

સદ્‌ગુણ સેવે સર્વદા, કરે શાસ્ત્રશ્રવણ;
નિશ્ચય આત્મસ્વરૂપનો, થાએ નિર્મલ મન. ૬૪

શ્રદ્ધા વિણ કથા સૂણે, કરે કુતર્ક અનેક;
ઊંઘે દેવદ્વારમાં, છોડી શ્રવણવિવેક. ૬૫

મિથ્યા શ્રમ એ એમનો, જાય ન એથી ભ્રમ;
હાથ ન લાગે મુક્તિનો, શ્રવણે એવા ક્રમ. ૬૬

સાવધાન માટે થઈ, પ્રેમે કરવું શ્રવણ;
સાંભળ બાળ હવે કહું, દ્વિતીય ભક્તિ કીર્તન. ૬૭

[2]અજન્માનું દિવ્ય જે, જન્મકથાનક એહ
ભાવે ગાતાં ના રહે જન્મબીજસંદેહ. ૬૮

પ્રીતે અક્રિય ઈશનું, દિવ્ય કર્મ પવિત્ર
ગાવું; જેથી સહુ ટળે કર્મવાસના ચિત્ર. ૬૯

અખંડ શ્રદ્ધાભક્તિથી, કરવું લીલાગાન
હરિગુરુસંતતણું સદા; ટળે દેહ અભિમાન. ૭૦

ગાતાં પ્રીતે જો ઊઠે ચિત્તે સાત્ત્વિક ભાવ,
તોજ જન્મસાફલ્ય છે; જાય દૂર ત્રિતાવ. ૭૧

ભાવ હૃદયમાં માય ના, થાય કંઠ [3]ગદ્‌ગદ્;
રોમાંચિત તનુ પ્રેમથી, વહે અશ્રુ દડ્‌દડ્. ૭૨

દેહભાન રહે નહીં, થાય વિદેહી ભક્ત !
કીર્તનભક્તિ એ નકી; અન્ય દંભ અભક્ત. ૭૩

ત્રીજી સ્મરણભક્તિ પછી, કહું લક્ષણ શ્રેષ્ઠઃ
આઠેયમાં વ્યાપી રહી, એહ ભગવત્પ્રેષ્ઠ. ૭૪

અંગ હજારો જેહનાં, રૂપ હજારો ચિત્ર;
નામ હજારો ને વળી, કર્મ અનંત વિચિત્ર; ૭૫

એ સર્વનું ભાવથી, કરવું સ્મરણ અખંડ,
રાતદિવસ નિષ્ઠા થકી; રહે ન માયાબંડ ! ૭૬

હરતાંફરતાં બેસતાં, ખાતાંપીતાં એમ;
સૂતાં સ્મરણ શમે નહીં, જાગતાં વળી તેમ. ૭૭

ધ્યાન હૃદયમાં સર્વદા, મુખમાં પવિત્ર નામ;
શ્વાસ એહ વિણ એક ના, જાય ખાલી હરામ. ૭૮

સ્મરણભક્તિ સુશ્રેષ્ઠ એ ! ચોથી સેવન જાણ;
મળે ઈશ્વર એક ત્યાં, સેવક સેવ્ય [4]અમાન. ૭૯

અનાદિ એ અજ્ઞાનથી તો પણ દ્વૈતારોપ;
ઉત્તમાધમ ભાવ એ કરે વ્યર્થ આરોપ. ૮૦

અજ્ઞલોકપ્રવૃત્તિ આ જોઈ શ્રુતિ દયાળ,
વદે સનાતન નિયમ એ; નડે ન સંસૃતિજાળ. ૮૧

વજ્રાંકુશધ્વજકંજથી શોભિત હરિપદ જેહ;
સેવે શ્રદ્ધાભક્તિથી, પામે તત્પદ[5] એહ. ૮૨

સાધુસંતસેવા કરે, સેવે ગુરુપદકંજ;
માતપિતાસેવા થકી, રહે લેશ ના [6]રંજ. ૮૩

પાદસેવન ભક્તિ એ ! અર્ચન તત્પરિણામ;
પંચમ ભક્તિ એ નકી, આપે પદ નિર્વાણ. ૮૪

પ્રતિમા કલ્પિત દેવની કરી સગુણ સુંદર;
સદ્‌ભાવે પૂજન કરે, માની દેવસમ નર. ૮૫

યથાસાંગ અર્ચન કરે સર્વ સાહિત્ય પૂર્ણ,
પરંપરાગત માર્ગથી; પામે સિદ્ધિ તૂર્ણ. ૮૬

ષોડશોપચારે કરે પૂજન પ્રાતઃકાલ;
મધ્યાહ્ને નિષ્ઠા થકી, નિત્ય પંચોપચાર. ૮૭

નીરાજન[7] પુષ્પાંજલિ, રાતે અર્પણ તેમ;
ત્રિકાલ પૂજન ભાવથી કરવું નિયમે એમ, ૮૮

યથાપ્રાપ્ત ઉપચારથી, અથવા માનસ જાણ;
અનન્ય નિષ્ઠાથી સદા, કરવું પૂજન માન. ૮૯

પોતાને જે જે રુચે, ભાવે તે જ પ્રથમ,
અર્પણ કરવું દેવને, એજ ગુર્વર્ચનક્રમ. ૯૦

૧. ગુણોને ઠેકાણે દોષારોપણ કરવું તે. ૨. પરમાત્મા. ૩. ગળગળો. ૪. પ્રમાણ વગરના; મિથ્યા; અતાત્ત્વિક. ૫. મોક્ષ. ૬. ખેદ. ૭. આરતી.

અર્ચનમૂર્તિ હૃદયમાં આપદતલમસ્તક,
ધ્યાવી વિશ્વાસે સદા; ટળે સર્વ અઘ[૧] અક.[૨] ૯૧

વૃત્તિ સુસ્થિર રાખીને, એમ અખંડ ધ્યાન;
[૩]પૂજોત્તર ગુરુમંત્રનો જાપ નિયમથી જાણ. ૯૨

અર્ચનભક્તિ એ કહી ! છઠ્ઠી જાણ વંદન;
જેથી સમ વૃત્તિ થઈ, પામે સચ્ચિદ્‌ઘન. ૯૩

પરબ્રહ્મથી માંડીને, વસ્તુ અણુ પર્યંત;
સ્થાવરજંગમ એ બધી, બ્રહ્મરૂપ અનંત. ૯૪

નિશ્ચય રાખી ઉર વિષે, કરી દૂર અભિમાન;
વંદન કરવું ભાવથી, રુદ્રાધ્યાય પ્રમાણ. ૯૫

સમદૃષ્ટિ રાખી બધે, બ્રાહ્મણ અંત્યજ એમ;
જ્ઞાની મૂરખ સર્વને, નમે દેવ સમ તેમ. ૯૬

ગો કૂતર હય[૪] ખર સહુ વસ્તુ ચરાચર જેહ;
દેવભાવથી વંદવી, કરી દૂર સંદેહ. ૯૭

વાચ્ય દેહ સગુણ છે, લક્ષ્ય બ્રહ્મ નિર્ગુણ;
અંતર્યામી એક એ, ચાલક ભાસક પૂર્ણ. ૯૮

દેહો દેવાલય બધાં, આત્મા દેવ અભેદ;
નિશ્ચયભાવે વંદતાં, જડે ન શોધ્યો ખેદ. ૯૯

સચ્ચિદ્‌ આત્મા એક એ, અસ્તિભાતિપ્રિયરૂપ;
નિષ્ઠા રાખી વંદતાં, પામે લોક અનુપ. ૧૦૦

લોકો નિંદે જો કદિ, કરે ન એનો ખેદ;
માનામાન ગણે નહિ, વંદે દેવ અભેદ. ૧૦૧

વંદનભક્તિ આ કહી ! સાંભળ દાસ્યલક્ષણઃ-
દાસ સ્વયં પ્રભુનો ગણી, વર્તે સાવધમન. ૧૦૨

સેવા ગુરુ ઈશ્વરતણી, કરવી રાત્રંદિન;
દેહઅહંતા ગાળવી, વૃત્તિ તત્પદલીન. ૧૦૩

પ્રમાદ આળસ મૂકીને, સહી માન અપમાન;
અનન્ય નિષ્ઠા રાખીને, સેવે શ્રીહરિ જાણ. ૧૦૪

[૫]યોગક્ષેમની ના કરે, ચિંતા કદિએ ક્ષણ;
સેવામાં મન વચન ને કરે દેહ અર્પણ. ૧૦૫

દાસ્યભક્તિથી આ નકી, પાપ પલકમાં જાય;
વૈરાગ્યોદય અંતરે, જ્ઞાનદીપ્તિ ઉર થાય. ૧૦૬

સખ્યભક્તિ જે આઠમી, સાંભળ તદ્‌ગુણ સાર;
કરવી મૈત્રી પ્રભુ તણી, ટળે સકળ સંસાર.[૬] ૧૦૭

અનેક દેહ પડી ગયા, વીત્યા કલ્પ અનેક;
તોએ પ્રિયતમ[૭] મિત્ર જે વસે અંતરે એક. ૧૦૮

ક્ષણૈક છૂટો નવ પડે, કરવું તત્સહ સખ્ય ![૮]
[૯]નિરપેક્ષ અનન્ય જો, પામે પદ બ્રહ્માખ્ય.[૧૦] ૧૦૯

એ વિણ પલક ગમે નહીં, ન પડે ચેન લગાર;
એ વિણ ડગ હાલે નહીં, લાગે અન્ય અસાર. ૧૧૦

અંતર્યામી ઈશ એ, બહાર સદ્‌ગુરુરૂપ;
સર્વશ્રેષ્ઠ પર મિત્ર એ, એનું સખ્ય અનુપ. ૧૧૧

તત્સખ્યે ભ્રાંતિ ટળે, જાય જીવશિવખેદ;
બ્રહ્માનંદ બધે લસે, એક અખંડ અભેદ. ૧૧૨

તન મન ધન પરિવાર જે, સ્ત્રી પુત્ર ગૃહ ક્ષેત્ર,
ઈશ્વરસદ્‌ગુરુચરણમાં કરવાં અર્પણ અત્ર; ૧૧૩

સાત્ત્વિકભાવે સર્વદા, અનન્ય અર્પણ એહ;
આત્મનિવેદન ભક્તિ એ, ટાળે ભવસંદેહ. ૧૧૪

શુદ્ધ બુદ્ધ હું સર્વદા, અપાપવિદ્ધ[૧૧] પવિત્ર;
સ્વતઃસિદ્ધ અદ્વૈત હું, ત્યાં સાક્ષિત્વ વિચિત્ર ! ૧૧૫

કર્તા ના હું જો કદિ, ક્યાંથી ભોકતૃત્વભૂત ?
બદ્ધત્વાદિક સર્વ એ, ઉટંગ તૂતેતૂત ! ૧૧૬

નિત્યમુક્ત નિઃસંગ હું, એ અભ્યાસ અખંડ;
આત્મનિવેદન શ્રેષ્ઠ એ, ભક્તિતત્ત્વ પ્રચંડ. ૧૧૭

એ ઉપર બેસી થયા, સંત સર્વ પ્રતિદેવ !
અત્રિ શિરોમણિ સર્વના, યત્સુત[૧૨] થયા ત્રિદેવ !! ૧૧૮

તત્સ્ત્રી અનસૂયા સતી, પતિભક્ત વિખ્યાત;
નિષ્ઠા દેખી બેઉની, દેવત્રિતય[૧૩] સાક્ષાત્ ૧૧૯

બ્રહ્મા હરિહર અવતર્યા, દત્તસ્વરૂપે એક !
ધન્ય અનસૂયા સતી ! ધન્ય અત્રિવિવેક !! ૧૨૦

સૂણી નિરંજન એ વદેઃ- અહો ધન્ય દયાળ !
કહો અલખ આશ્ચર્ય એ; થયા દેવ શેં બાળ ? ૧૨૧

કોણ અત્રિ સુધન્ય એ ? કોણ અનસૂયા તેમ ?
રીઝ્યા દેવો શા થકી, થયા તત્સુત એમ ? ૧૨૨

સૂણી પ્રશ્ન આગળ વદે, અલખ કથાનક એહ;
રંગ કહે જે સાંભળી, થાશો મુક્ત સદેહ. ૧૨૩

અંબરીષ-આખ્યાન ને ભક્તિ નવવિધા તેમ,
આ અધ્યાયે વર્ણવી, પામે જેથી ક્ષેમ.[૧૪] ૧૨૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
ભક્તિસ્વરૂપવર્ણનં નામ ચતુર્થોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪ ॥ દોહરા ૧૨૪

૧. પાપ. ૨. દુઃખ. ૩. પૂજન થયા પછી. ૪. ઘોડો. ૫. અપ્રાપ્તિની પ્રાપ્તિ તે યોગ અને પ્રાપ્તનું રક્ષણ તે ક્ષેમ;ચરિતાર્થ; ગુજરાન. ૬. જન્મમરણની પરંપરા. ૭. પરમેશ્વર. ૮. મિત્રતા. ૯. નિઃસ્વાર્થ. ૧૦. બ્રહ્મ નામનું; મોક્ષ. ૧૧. પાપથી ન વિંધાએલો; પાપથી અસ્પૃષ્ટ. ૧૨. જેના પુત્ર. ૧૩. ત્રણ. ૧૪. કલ્યાણ.

અધ્યાય ૫

શિષ્યપ્રશ્ન આ સાંભળી, કહે અલખ તત્કાળઃ-
ધન્ય પ્રશ્ન આ તાહરો, ધન્ય મતિ તુજ બાળ ! ૧

વિરાટરૂપ શ્રીહરિતણા, નાભિકંજથી જેહ,
થયા પ્રગટ બ્રહ્મા પુરા, તત્સુત અત્રિ એહ. ૨

સૃષ્ટિક્રમ ફેલાવવા, થતાં સંકલ્પ માત્ર,
માનસપુત્રો સાત[૧] ત્યાં થયા પ્રગટ સુગાત્ર. ૩

તેમાં બીજા અત્રિ એ બ્રહ્મનેત્રોત્પન્ન;
રહે વ્યવસ્થાશૂન્ય જે, નામ અત્રિ ઉપપન્ન[૨], ૪

[૩]નિષ્કલ્મષ તપ વિધિતણું, થયું પ્રગટ સાક્ષાત્
ઋષિસ્વરૂપે એ નકી, જાણ અત્રિ શ્રુતિતાત. ૫

પ્રથમ ગ્રહણ જે સૂર્યનું, કોઈ ન જાણે એહ;
પ્રસિદ્ધ કારણ જે કરે, અત્રિ સર્વજ્ઞ જેહ; ૬

પ્રગટ કર્યું ઋગ્વેદનું, પંચમ મંડલ જાણ;
અગ્નીંદ્રાદિકસ્તવન જ્યાં, શીઘ્ર ફલપ્રદ માન. ૭

કૃતયુગમાં જોઈ સહુ, લોક રોગથી ગ્રસ્ત;
[૪]આયુર્વેદ રચી કરે, સર્વ રોગ જે અસ્ત. ૮

મનુસ્મૃતિ અતિ કઠણ એ, લહે ન લોક યથાર્થ;
જાણી બીજી જે રચે અત્રિ સુલભ સ્પષ્ટાર્થ. ૯

કોણ વર્ણવે એહને ? ધન્ય બ્રહ્મસુત એહ;
બ્રહ્મનિષ્ઠ નિરીચ્છ જે નિતાંત[૫] નિઃસંદેહ. ૧૦

પિત્રાજ્ઞાથી એ વરે સતીશિરોમણિ જાણ,
અનસૂયા કર્દમસુતા[૬], સાધ્વી સુંદર માન. ૧૧

આજ્ઞા લઈ નિજ તાતની, આવ્યા અત્રિ સસ્ત્રીક,
ઋક્ષ કુલાચલ[૭] શિખર પર; કરે નિત્ય આહ્નિક.[૮] ૧૨

એકપગે ઊભા રહી, કરે વાયુભક્ષણ;
એકભક્તિથી શ્રીહરિ ધ્યાય સહી શીતોષ્ણ. ૧૩

વરસ સેંકડો વહી ગયા, કરતાં તપ દારુણ;
હાલી ઊઠ્યા લોક ને, પહોંચી સ્વર્ગમાં ધૂન. ૧૪

જોઈ ટેક દેવો થયા બ્રહ્માહરીશ પ્રસન્ન;
સ્વચિહ્નાંકિત પલકમાં, આવી ખડા આસન્ન. ૧૫

તત્તોજે હતધ્યાન એ, જુએ ઉઘાડી નેન;
હૃષ્ટ ત્રિમૂર્તિ જોઈને, કરે સ્તુતિ મધુવેણ.[૯] ૧૬

દેવત્રય જોઈ નમે, આશ્ચર્યાંકિત એહ;
પૂછે કર જોડીઃ- પ્રભો ! થયો મુને સંદેહ. ૧૭

ધ્યાન ધર્યું મેં એકનું, કોણ તમે આ ત્રણ ?
કહો દેવ કૃપા કરી, ઠરે જે થકી મન. ૧૮

વળતી દેવો એ વદેઃ- સાંભળ અત્રિ સુજાણ !
ત્રણ ગાત્ર પણ એક છે, રૂપ અમારું માન. ૧૯

જે કો જે રૂપે ભજે, તેને તે તે રૂપ
દેખાડી નિજ ભક્તને, રહીએ એક સ્વરૂપ. ૨૦

પરબ્રહ્મ જે એક છે, મૂળ સત્ય અખંડ;
તેમાં માયોપાધિથી, ભાસે વિધવિધ ખંડ. ૨૧

જીવ શિવ પ્રકૃતિ બધા, મિથ્યા એ આરોપ
સદ્વસ્તુ પરબ્રહ્મ પર; થાય જ્ઞાનથી લોપ. ૨૨

કાર્યોપાધિથી વદે, દેવ એક વિધવિધ;
જ્ઞાનાજ્ઞાને જગતમાં, એક મૂઢ એક સિદ્ધ. ૨૩

ઉત્પત્તિકારણ કહ્યો બ્રહ્મદેવ જે જાણ,
પાલક વિષ્ણુ તેજ છે, શિવ સંહારક માન. ૨૪

સિંહાસન પર ભૂપ જે, રણમાં યોદ્ધો તેહ;
પ્રિયતમ એ રણવાસમાં, એક જ નિઃસંદેહ. ૨૫

ભ્રાંતિથી નાના દિસે, જ્ઞાનદૃષ્ટિથી એક;
દેહાદેહાતીત એ, નામ રૂપ અલેખ. ૨૬

માટે ત્રણે એક આ, માન ન ભેદ લગાર !
એમ કહી ત્રણે થયા એકરૂપ તત્કાળ. ૨૭

દેખી અત્રિ પ્રસન્ન એ, કરે હૃદયમાં ધ્યાન;
શિરસાષ્ટાંગ નમે પુનઃ, વદે પ્રાર્થના વાણઃ- ૨૮

હે કમલોદ્ભવ, શ્રીહરે, મૃડાનીશ[૧૦] મહેશ;
દાસ નમું તમ રંક હું, કૃપા કરો ત્રિગુણેશ ! ૨૯

થાતાં તમ દર્શન વિભો ! તૂટે ભવબંધન;
પતિત પાવન થાય જો કરે નામસ્મરણ. ૩૦

અભેદદૃષ્ટિ સ્થાપીને, આપો સત્યપ્રકાશ;
'હું-તું' હરણ કરી વિભો ! રાખો ચરણે દાસ. ૩૧

પિત્રાજ્ઞા પાલન કરી, થાઉં ત્વત્પદલીન;
એ જ એક માગું વિભો ! થાય બંધ સહુ ક્ષીણ. ૩૨

---

૧. મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ. ૨. યોગ્ય. ૩. નિષ્કલંક. ૪. હારિતસંહિતાદિ અત્રિપ્રણીત આયુર્વેદના ગ્રંથ પ્રસિદ્ધ છે. ૫. અત્યંત. ૬. કર્દમ ઋષિની પુત્રી. ૭. મુખ્ય પર્વત-મહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન્, ઋક્ષ, વિંધ્ય અને પારિયાત્ર- આ સાત કુલાચલ કે કુલપર્વત કહેવાય છે. ૮. નિત્યકર્મ ૯. મધુરવાણીથી. ૧૦. પાર્વતીપતિ.

વળતી ત્રિમૂર્તિ એ વદેઃ-ધન્ય અત્રિ સુજાણ !
આપ્યું પ્રીતે જા તુને, આજ આત્મવરદાન. ૩૩

થાશે દૈવી પુત્ર ને કરશે કીર્તિ અનુપ;
ઇચ્છા પૂર્ણ થશે સહુ, ધ્યાતાં અસ્મદ્રૂપ.[૧] ૩૪

એમ કહી દેવો થયા, ત્રણેય અંતર્હિત;[૨]
આજ્ઞા શિર ચઢાવીને આવ્યા ઋષિ પુનિત, ૩૫

પત્ની સહ રેવાતટે; ધન્ય નર્મદાતીર !
મહાનદી પાવન અતિ, વસે દંપતી[૩] ધીર. ૩૬

ઉભયતટપાવન અહા ! રેવા શિવસ્વરૂપ;
દર્શનમાત્રે જે હરે પાતક, ધન્ય અનુપ ! ૩૭

સ્પર્શે તાપ શમે સહુ, અમૃતનીર અગાધ;
કંકર શંકર ગણપતિ, પૂજે ઇષ્ટદ સાધ.[૪] ૩૮

વિંધ્યાચલનિવાસિની, [૫]મેકલકન્યા જેહ;
પશ્ચિમસાગરભામિની,[૬] કુમારીગંગા એહ. ૩૯

સુર કિન્નર માનવ અને દૈત્ય દાનવો તેમ;
જેની પરિક્રમા કરે ભાવે, ઇચ્છી ક્ષેમ. ૪૦

નંદનવનસમ યત્તટે શોભે અરણ્ય ચિત્ર;
દેવાલય બંને તટે અમિત પુણ્ય પવિત્ર. ૪૧

યજ્ઞાસ્મરણે ટળે વિષબાધા ક્ષણ માંહ્ય;
કુષ્ઠાદિક રોગો મહા; સ્નાનમાત્રથી જાય. ૪૨

અન્નપૂર્ણા એ નકી, કલિમાં તારક જાણ;
રુદ્રદેહા નર્મદા, પતિતોદ્ધારક માન. ૪૩

મહાદેવ પૂર્વે કરે મૃત્યુંજય તપ ઉગ્ર;
[૭]તદ્‌ધર્માંભોરૂપથી પ્રગટી જેહ અનુગ્ર.[૮] ૪૪

હરસંભૂતા [૯]શર્મદા, પાવન રેવા એમ;
આવ્યા ઋષિવર ત્યાં મુદા, સતી અનસૂયા તેમ. ૪૫

રેવાએરંડીતણો સંગમ જ્યાંય પવિત્ર;
ગુર્જરદેશે ત્યાં રહ્યા, આશ્રમ કરી સુચિત્ર. ૪૬

પાસે વ્યાસક્ષેત્ર જ્યાં, પાવન એ વિશ્રામ;
શુકયોગી જન્મ્યા જહાં, પામ્યા અક્ષય ધામ. ૪૭

તત્સંનિધ ઉત્તરતટે, આવ્યો આ આશ્રમ;
અનસૂયામાતા કહે લોક, નિવારે શ્રમ. ૪૮

ત્યાં આગળ એ દંપતી, વસે ધન્ય પવિત્ર !
અદ્વૈતોપાસન કરે, હંસોપાસન ચિત્ર. ૪૯

બ્રહ્માહરિહર દેવને, માની એકસ્વરૂપ;
આરાધન પ્રીતે કરે, જિતશ્વાસ અનુપ. ૫૦

સાધ્વી સેવારત સદા, માની પતિને દેવ;
ઇચ્છાસમ વર્તે સતી, કરે નિરંતર સેવ. ૫૧

સ્નાન દાન, પૂજન સદા, નિત્ય ભજનવિવેક;
અતિથિસેવા સર્વદા, કરે રાખી વ્રતટેક. ૫૨

દુશ્ચર તપ એ એમનું, દેખી દેવ ભયભીત;
વર્તે ઇચ્છાસમ સદા, રખે થાય કુપિત. ૫૩

ઉગ્ર રશ્મિ[૧૦] રવિ નિજ ત્યજી, તપે મંદકિરણ;
રખે તાપ લાગે કહી, રાખે દંપતીમન. ૫૪

મંદ અનિલ[૧૧] વહે સદા, વર્તે ઋતુ અનુકૂલ;
આપે ઇચ્છાસમ તિહાં, રમ્ય શાક ફળફૂલ. ૫૫

આજ્ઞાધારક ઇંદ્રએ વરસે મિત[૧૨] પર્જન્ય;
આપે અમૃત ચંદ્રમા, કુબેર વિત્ત[૧૩] સુધન્ય. ૫૬

રખે કાંકરા ચરણમાં ખૂંચે જાણી એમ,
પૃથ્વી મૃદુ પોતે થઇ; ડરે કાળ પણ તેમ. ૫૭

આજ્ઞા વિણ સતીની કદિ, જતા ન આશ્રમ માંહ્ય;
આજ્ઞા એવી યમ કરે, રોગમૃત્યુને ત્યાંય. ૫૮

વ્યાઘ્રઅજા[૧૪] સાથે રમે, મૂષક[૧૫] અહિ[૧૬] સંગાત;
બક રમાડે મત્સ્યને, ભૂલી વેર સાક્ષાત્ ! ૫૯

એવો નિત્ય તિહાં વસે આનંદોત્સવ જાણ;
દેખી દેવો સહુ કરે ઇર્ષ્યા અબુધ અજાણ. ૬૦

ડોલી ઊઠયા સુર સહુ, થયો શોર મહાન્;
કરી ઇંદ્ર આગળ બધા, આવ્યા વૈકુંઠ જાણ. ૬૧

કર જોડી પ્રાર્થી કહે, સકળ વૃત્ત એ ત્યાંય;
કહેઃ- દોડ શ્રીહરિ હવે, સ્વર્ગે રહ્યું ન જાય. ૬૨

ધન્ય અનસૂયા સતી ! ધન્ય અત્રિઋષિ એહ !
ધન્ય તપસ્યા એમની ! ધન્ય એમના દેહ ! ૬૩

ડરીએ નિશદિન મન વિષે, કરીએ ધાકે સેવ;
ભક્તવત્સલા ! એક છે ઓથ તાહરી, દેવ ! ૬૪

કો જાણે કોને કદા, વદશે શાપવચન ?
હરશે પદ કો દેવનું ? કર ગોસંરક્ષણ. ૬૫

સૂણી પ્રાર્થના શ્રીહરિ, કરે સ્વગત વિચારઃ-
અત્ર્યનસૂયામન વિષે, વસે ન સ્વર્ગ લગાર. ૬૬

૧. અમારૂં રૂપ. ૨. ગુમ. ૩. પતિપત્ની. ૪. સાધુસંતો. ૫. મેકલ-અમરકંટકનું એક શિખર તેમાંથી નીકળેલી તેથી તત્કન્યા. ૬. પ્રિયા. ૭. એના પસીનારૂપે ૮. શાંત. ૯. કલ્યાણ કરનાર, મોક્ષપ્રદ. ૧૦. કિરણ. ૧૧. પવન. ૧૨. જોઇતો; પ્રમાણસર. ૧૩. ધન. ૧૪. બકરી. ૧૫. ઉંદર. ૧૬. સાપ.

દેવપદપ્રાપ્તિતણી, કદિ સ્વપ્નમાં એમ
ઇચ્છા નવ, તોએ ડરે દેવ વ્યર્થ આ કેમ ? ૬૭

કરૂં ઉપાય હવે કંઈ, કરવા સુરભય દૂર;
એમ વિચારી, પ્રગટ એ કહેઃ- દેવ હે શૂર ! ૬૮

જાઓ સ્વસ્થાને સહુ, નિર્ભય નિઃસંદેહ;
ભીતિ દૂર કરીશ હું, હરી વિઘ્ન જે તેહ. ૬૯

અત્ર્યનસૂયા કોણ એ ? જોઉં તપ સામર્થ્ય,
કેવી નિષ્ઠા ઉર વિષે ? કેવી ટેક કિમર્થ્ય[૧] ? ૭૦

એમ કહી સહુ દેવને, આપી વિદાય એહ,
કરે યોજના મન વિષે, ભક્તવરપ્રદ જેહ. ૭૧

ભક્ત અનન્ય માહરો, અત્રિ એહ સુજાણ;
અનસૂયા સાધ્વી સતી, કોઈ ન તત્સમ આન. ૭૨

આપું દર્શન એમને, કરૂં કાંઇ ઇચ્છિત;
એમ વિચારે ત્યાં થયું, સ્મરણ એક ઉચિત. ૭૩

લક્ષ્મી સાવિત્રી ઉમા, વહે વ્યર્થ અભિમાન;
નિજ સમ ત્રિભુવનમાં નહીં, પતિવ્રતા કો આન. ૭૪

ગર્વ ઉતારૂં એમનો, થતાં એમ સંકલ્પ;
આવ્યા નારદ વેગથી બ્રહ્મલોકમાં સ્વલ્પ.[૨] ૭૫

ખાંધે વીણા હાથમાં મંજુલ[૩] લઘુ કરતાલ;
ગાતા હરિગુણ મુખ થકી, શોભે પુંડ્ર[૪] વિશાળ. ૭૬

આપી આસન પ્રેમથી, કરી પૂજન, પ્રશ્ન
પૂછે સાવિત્રી તિહાંઃ- કહો નારદ કૃત્સ્ન. ૭૭

આવ્યા ક્યાંથી બહુ દિને ? કાં દુર્લભ દર્શન ?
નારદ કહેઃ- ભૂલોકથી આવ્યો આ જ ક્ષણ. ૭૮

સાવિત્રી પૂછે પુનઃ- કહો બ્રહ્મસુત ક્યાંય,
દેખ્યું કૌતુક જો મુને; કાં ચિત્ત ત્યાં ધાય ? ૭૯

કહે નારદઃ- સુણ માત હે ! દેખ્યું કૌતુક એક;
બ્રહ્મલોક પણ જે થકી, લાગે વિષ સમ છેક. ૮૦

મૃત્યુલોકમાં સંપ્રતિ,[૫] વસે પુણ્યજન જાણ;
ઋષિવર ઋષિપત્ની અહા ! તત્સમ કોઈ ન માન. ૮૧

જપતપસાધનથી કરી રાખ્યા દેવ પ્રસન્ન;
હાજર આજ્ઞામાં સદા, ખડા નિત્ય આસન્ન. ૮૨

થાયે દર્શન દુઃખનું, સ્વપ્ને કદિ ન ત્યાંય;
આનંદોત્સવ સર્વદા; જાવું ગમે ન ક્યાંય. ૮૩

ઋષિઆશ્રમ આગળ ભરે પાણી નંદનવન;
કોણ કરે આનંદનું, માત ! એહ વર્ણન ? ૮૪

પૂછે સાવિત્રીઃ- કહો શું આનંદ અધિક,
અહીંથી નારદ, ત્યાં વસે ? લોક સુશીલ અધિક ? ૮૫

નારદ કહેઃ- મા શું કહું ધન્ય મર્ત્યભુવન !
ધન્ય લોક સુશીલ એ ! ધન્ય એહ ઋષિજન ! ૮૬

ઋષિપત્નીની વાત તો, મુખથી નવ કહેવાય !
ધન્ય પાતિવ્રત્ય એ ! કોથી વર્ણન થાય ? ૮૭

અહીંયાના આનંદથી, શતગુણ[૬] ત્યાં આનંદ,
વસે સાંપ્રત માત હે ! તુચ્છ બ્રહ્માનંદ !! ૮૮

સૂણી સાવિત્રી વદેઃ- કહો ધન્ય મુનિરાય !
મારાથીએ શું વસે, શ્રેષ્ઠ પતિવ્રતા ત્યાંય ? ૮૯

નારદ કહેઃ કો વર્ણવે ઋષિપત્નીની એમ
પતિભક્તિ અનન્ય એ ? કરવું વર્ણન કેમ ? ૯૦

શો હિસાબ તારો તિહાં, ઉમા રમા પણ રાંક !
ધન્ય એ ઋષિપત્નીઓ ! કરે ક્યાંકનું ક્યાંક ! ૯૧

પાતિવ્રત્યપ્રભાવથી નિમેષમાત્રે એહ,
ડોલાવે બ્રહ્માંડ આ; એમાં શો સંદેહ ? ૯૨

વિશેષ માતા શું કહું ? બ્રહ્મદેવ તુજ કંથ;
તે પણ માને તેમને; કોણ ઇતર[૭] ત્યાં હન્ત ! ૯૩

સાવિત્રી પૂછે ફરી કહો નારદજી એક;
કયા ઋષિની પત્ની એ, અડગ જેહની ટેક ? ૯૪

સૂણી નારદ એ વદેઃ- ઋષિપત્નીઓ એમ,
કંઈક ભૂતલમાં વસે, અડગ જેમનો પ્રેમ. ૯૫

સર્વશ્રેષ્ઠ પણ એહમાં, અત્રિપત્ની અનન્ય[૮];
પતિવ્રતાશિરોમણિ અનસૂયા અતિ ધન્ય ! ૯૬

કોણ વર્ણવે એહને ? થાય શેષ પણ મૂક !
સૂણી વચન સાવિત્રી એ, થઈ ખિન્નમન મૂક !! ૯૭

પડી વિચારમાં સતી ! દેખી નારદ એમ,
નમન કરી આવ્યા તિહાં, વિષ્ણુલોકમાં તેમ. ૯૮

દેખી લક્ષ્મી પ્રેમથી, પૂછેઃ- નારદ ધન્ય
સંભાર્યા હમણાં જ મેં; ક્યાંથી આવ્યા પુણ્ય ? ૯૯

નમન કરી નારદ કહેઃ- મૃત્યુલોકથી આમ;
બ્રહ્મલોક થઈ દર્શને, આવ્યો વૈકુંઠધામ. ૧૦૦

રમા કહેઃ- ત્રૈલોક્યમાં કરે નારદ ગમન;
દેખ્યું જો નૂતન કંઈ, સુખથી કર વર્ણન. ૧૦૧

વિધિસુત બોલે માત હે ! ધન્ય નર્મદાતીર !
મૃત્યુલોકમાં, જ્યાં વસે, ઋષિ ઋષિપત્ની ધીર. ૧૦૨

૧. ઇચ્છિત શું છે ? ૨. ઠીગણાં. ૩. મધુર સ્વરવાળા. ૪. તિલક. ૫. હાલમાં, ૬. સોગણો. ૭. બીજું. ૮. અજોડ

આશ્રમશોભાનંદ એ, મુખથી નવ કહેવાય;
જે દેખે તે મોદથી,[૧] ત્યાં જ લુબ્ધ થઈ જાય. ૧૦૩

ઋષિ પત્ની સાધ્વી સહુ, ધન્ય પતિભક્ત એહ !
સાધુસંતસેવા કરી, કરે ક્ષીણ નિજ દેહ. ૧૦૪

મન વાણી ને કર્મથી, ભજે સ્વપતિને એમ;
સ્વપ્ને પણ અતિથિ કદિ, જાય વિમુખ ના તેમ. ૧૦૫

દેખી વ્રત એ એમનું, થયા દેવ સહુ તુષ્ટ;
આજ્ઞાધારક ત્યાં વસે, સદા વરપ્રદ હૃષ્ટ. ૧૦૬

વિશેષ માતા શું કહું, બ્રહ્મા હરિ પણ સ્તબ્ધ;
દેખી વિશુદ્ધ ભાવ એ, ના ઉલ્લંઘે શબ્દ. ૧૦૭

સૂણી વચન લક્ષ્મી વદેઃ- નારદ કહો સુધન્ય;
ઋષિકાંતા કો ધન્ય એ, પતિભક્ત અનન્ય ? ૧૦૮

શું નિષ્ઠા મુજથી વધે ? શું સદ્‌ભક્ત અધિક ?
કહે નારદઃ- સત્ય હે ! શતધા એહ અધિક ! ૧૦૯

મુનિજાયા[૨] સાધ્વી સહુ, શ્રેષ્ઠ એક પણ ત્યાંય;
દર્શનમાત્રે જેહના, પામર પાવન થાય. ૧૧૦

અનસૂયા અત્રિતણી કાંતા[૨] પરમ પુનિત;
તદ્‌ભક્તિ જોતાં પડે ફીકી તમ અમ પ્રીત. ૧૧૧

વચન સૂણી લક્ષ્મી પડી વિચારમાં એકદમ;
આજ્ઞા માગી નીસર્યા નારદ, ગણે કદમ ! ૧૧૨

ત્યાંથી કૈલાસે તિહાં, આવ્યા નારદ એમ;
વંદન ઉમાપદે કરે, પૂછે ઉમિયા તેમઃ- ૧૧૩

કેમ ? કયાંથી નવીન શું ? દોડો કેમ વિચિત્ર ?
બોલે નારદઃ- શું કહું માતા વૃદ્ધ પવિત્ર ? ૧૧૪

આવ્યો મૃત્યુલોકથી, ફરતો ફરતો આમ;
બ્રહ્મલોકમાં થઈ, ત્યાંથી વૈકુંઠધામ. ૧૧૫

દીઠો ભૂતલને વિષે, આત્માનંદ વિશેષ;
તેવો આજ સુધી કદિ, દીઠો ક્યાંય ન શેષ[૩]. ૧૧૬

બોલે ઉમિયાઃ- શું કહો ? કહો સવિસ્તર એહ;
કહે મુનિઃ- મા સત્ય એ; મા કર મનસંદેહ. ૧૧૭

વર્ણાશ્રમધર્મે રહે, ઋષિ, ઋષિપત્ની ત્યાંય;
દેવપિતૃકર્મે કરે ક્ષીણ તપે નિજ કાય. ૧૧૮

ઉત્તમ તપ એ એમનું, શ્રદ્ધા અનન્ય એમ;
દેખી દેવગણ પિતૃઓ, થાય સંતુષ્ટ તેમ. ૧૧૯

વિશેષતઃ ઋષિપત્નીઓ, ધન્ય પતિભક્ત એહ !
શ્રદ્ધાભક્તિ એમની, અજોડ નિઃસંદેહ. ૧૨૦

દેવો પણ ધાકે ડરે, સેવા કરે સદાય;
બ્રહ્માહરિહર ભાવથી, જેના કિંકર[૪] થાય. ૧૨૧

ત્યાંનો એ આનંદ ક્યાં ? ધન્ય તપોનુષ્ઠાન !
દેખી માતા નવ ગમે છોડવું એ સ્થાન. ૧૨૨

સૂણી પાર્વતી એ વદેઃ- શું મુજથીએ શ્રેષ્ઠ
સાધ્વી એ ઋષિપત્નીઓ ? બોલો નારદ પ્રેષ્ઠ. ૧૨૩

કોણ એહવી એ વસે સતીશિરોમણિ જેહ,
દેવો પણ યચ્ચરણમાં વેચે દાસ્યે દેહ ? ૧૨૪

નારદ બોલેઃ- કાં કરે ક્ષોભ ચિત્તમાં માત ?
સોગન તારા જો વદું, લેશ અસત્ય વાત. ૧૨૫

ઋષિપત્ની સાધ્વી સહુ, પતિનિષ્ઠ એ જાણ;
તેમાં પણ શિરોમણિ, અનસૂયા એ માન. ૧૨૬

અત્રિજાયા શ્રેષ્ઠ એ, ભૂમંડલવિખ્યાત;
મૂર્તિ પવિત્રતાતણી ! પાતિવ્રત્ય સાક્ષાત્ !! ૧૨૭

શો હિસાબ તારો તિહાં, લક્ષ્મી પણ જ્યાં રંક ?
ખિન્ન ઉમા અતિ એ થઈ, સૂણી વચન નિઃશંક. ૧૨૮

વિચારસાગરમાં પડી ! દેખી નારદ તેમ,
નમન કરી પાછા ફર્યા, આગ લગાડી એમ !! ૧૨૯

ધન્ય માયા પ્રભુ તણી ! થઈ શક્તિત્રય ખિન્ન;
અનસૂયાકીર્તિ સૂણી, થઈ અતિશે દીન. ૧૩૦

ઉમા રમા સાવિત્રી એ, ચિંતા કરે સદૈવ;
સ્વભાવ એ સ્ત્રીજાતિનો, ન સહે અન્ય સુદૈવ. ૧૩૧

થયો દ્વેષસંચાર ને પડે ન ચેન લગાર;
હરવા સત્ત્વ સતીતણું, કરે એકત્ર વિચાર. ૧૩૨

જ્યારે ઇચ્છે શ્રીહરિ દેવા અપૂર્વ ફળ
કર્મોનું, ત્યારે કરે લીલા આવી અકળ. ૧૩૩

અત્યનસૂયાભક્તિનું દેવા ફળ હરિ એમ,
નિમિત્ત નારદને કરે; ખિન્ન શક્તિ પણ તેમ. ૧૩૪

ધન્ય અત્રિ [૫]વદાન્ય એ ! ધન્ય અનસૂયા જાણ !
ધન્ય ભક્તિ એ એમની ! કોણ તત્સમ આન ? ૧૩૫

મૂર્તિમંત તપ મુનિતણું, કર્દમ ઋષિનું જેહ;
અનસૂયારૂપે થયું પ્રગટ નિઃસંદેહ. ૧૩૬

ચંદ્રસમ સુંદર કહું, થાય ચિત્ત લજ્જિત;
ચંદ્રમા કલંકી એ, તત્સુત એ પણ ભીત ! ૧૩૭

તેજસ્વી રવિ સહ કહું, થાય રવિનો અસ્ત !
બ્રહ્મતેજ આ ના કદિ, થાય અસ્ત કે ગ્રસ્ત !! ૧૩૮

૧. આનંદથી. ૨. સ્ત્રી; પત્ની. ૩. બીજે; અવશિષ્ટ જગ્યાએ. ૪. ચાકર. ૫. ઉદારચરિત.

[1]ઔદાર્યે હરિસમ કહું, જ્ઞાને શિવસમ તેમ;
તત્સેવક તત્સુત અહા ! નિરુપમ બંને એમ. ૧૩૯

થવા સાકાર ઈશ્વરે, કરી પ્રથમ નિર્માણ
માયા; સગુણ પછી થયો, જગમાં પ્રગટ સુજાણ. ૧૪૦

ધરવા નૂતનાવતાર, તેમ પ્રાકટ્યસ્થાન[2]
કર્યું પૃથ્વી પર પ્રગટ આ, અનસૂયાતન જાણ. ૧૪૧

માયાસમ પણ આ ગણી, રખે કરે કો ભૂલ;
ક્યાં ચેતન આ સુંદરી ? ક્યાં માયા જડ સ્થૂલ ? ૧૪૨

બ્રહ્મ ચિત્કલા અનસૂયા, અત્રિ બ્રહ્મસ્વરૂપ;
દેહ ભિન્ન પણ એ નકી, બંને એકસ્વરૂપ ! ૧૪૩

એ વિણ દેવત્રય કદિ, થાય ન તત્સુત જાણ;
ધન્ય અનસૂયા સતી ! ધન્ય અત્રિ મહાન ! ૧૪૪

એકરૂપ ત્રણે થયા, દેવ ત્રિમૂર્તિ બાળ;
યજ્ઞાસ્મરણે ટળે પાપ, ડરે કળિકાળ ! ૧૪૫

શક્તિત્રય નિજ કંથને, પ્રેરે કરવા હરણ
સતીસત્વ; આગળ થશે એ રસમય નિરૂપણ. ૧૪૬

ઉતારવા નિજ શક્તિનું ગુમાન શ્રીહરિ કેમ,
કરે ઉપાય તે વર્ણવ્યું, આ અધ્યાયે એમ. ૧૪૭

અકળ કળા અનંતની, કોઈ ન પામે પાર;
કૃપા થતાં ગુરુદેવની, થાય **રંગ** ભવપાર ! ૧૪૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શક્તિત્રયખેદોદ્ભવો નામ પંચમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫ ॥ દોહરા ૧૪૮

અધ્યાય ૬

રંગ કહે આગળ સૂણો, વદે અલખ દયાળ;
સૂણે ધ્યાન દઈ શિષ્ય એ, ધન્ય નિરંજન બાળ. ૧

ભાગ્યા નારદ વેગથી, કરી દ્વેષસંચાર;
શક્તિત્રય વ્યાકુળ અતિ, પડે ન ચેન લગાર. ૨

છનછન કરતી નીસરી, સાવિત્રી ક્ષણ માંહ્ય;
આવી વિષ્ણુલોકમાં, કથે લક્ષ્મીને ત્યાંય. ૩

નારદજીએ જે કહ્યું, કહે સકળ એ જાણ;
લક્ષ્મી કહેઃ- જાણું બધું, કહ્યું મુને પણ માન. ૪

અનસૂયાની કીર્તિ એ, કેમ થાય સહન ?
ચાલો ઉમિયા મા કને, કરીએ સર્વ કથન ! ૫

ત્યાંથી બંને નીસર્યાં, આવ્યાં એ કૈલાસ;
સન્મુખ માતા પાર્વતી, દેખે ખિન્ન ઉદાસ. ૬

કહેતાં વાત વદે સતી ગૌરીઃ- મુજને પણ
કહ્યું નારદે ત્યારથી, થયું ખિન્ન આ મન. ૭

આજકાલની છોકરી, કરે સર્વ વખાણ;
સહ્યું કેમ હા ! જાય એ ? વદો કેમ ના વાણ ? ૮

વળતી ત્રણેએ મળી, કર્યો એક વિચાર;
મોકલવા ત્યાં નિજ પતિ, પરીક્ષવા નિર્ધાર. ૯

શ્રદ્ધાભક્તિ એહની જુએ કસીને જેહ;
સત્ત્વહરણ થાતાં થશે હીન સતી પણ એહ. ૧૦

નિશ્ચય એવો ત્યાં કરી જાય સર્વ નિજ સ્થાન;
અકળ કળા તારી પ્રભો ! ખસે ન તુજ વિણ પાન. ૧૧

થતાં પ્રેરણા તાહરી, થાય શક્તિ પણ દીન;
રાગદ્વેષાકુલ[3] અહા ! વર્તે સ્ત્રી જ્યમ હીન. ૧૨

આવી નિજ [4]આવાસમાં, ત્રણેય શક્તિ એમ;
વદે પતિને પ્રેરવા, સત્ત્વ હરવા તેમ. ૧૩

કહેઃ- પ્રિયતમ પ્રાણ હે ! મૃત્યુલોકમાં હાય !
મોજ કરે ઋષિપત્નીઓ, અમથી વિશેષ ત્યાંય. ૧૪

સૂણી વૈભવ કીર્તિ એ, બળે અંતઃકરણ;
કર્યું નારદે જ્યારથી એ આશ્ચર્યકથન. ૧૫

સૂણી વચન એ એમનાં, બ્રહ્મા હરિ હર તેમ
વદે નિજ નિજ પત્નીનેઃ- કોણ શ્રેષ્ઠ છે એમ ? ૧૬

કોણ વૈભવશાળી એ ? કોની કીર્તિ એહ ?
વદે શક્તિત્રય સાંભળો; કેમ કરો સંદેહ ? ૧૭

અત્રિઋષિની પ્રિયતમા, અનસૂયા એ નાર;
કીર્તિ એની સાંભળી, પડે ન ચેન લગાર. ૧૮

વસે નર્મદાતટ વિષે, આશ્રમ પુણ્ય પવિત્ર;
તપઃપ્રભાવ એનો સૂણ્યો, કહ્યો નારદે ચિત્ર. ૧૯

માટે વેગે ત્યાં જઈ, યુક્તિથી વ્રતભંગ
કરી, સત્ત્વ હરો તમે; તો જ રહેશે રંગ !! ૨૦

૧. ઉદારતામાં. ૨. પ્રગટ થવાનું સ્થાન. ૩. વ્યાકુળ. ૪. રહેઠાણ.

દેવ કહોઃ- જાણો તમે ! રાગદ્વેષથી એમ,
કરી સ્નુષા[1] પર કોપ આ, વ્યર્થ અંતરે તેમ; ૨૧

મોકલતાં વ્રત ભાંગવા, થશે ક્યાંક વિપરીત !
રાગદ્વેષ અનિષ્ટ એ, કરો સતી પર પ્રીત. ૨૨

અનસૂયાએ જિંદગી કાઢી ભક્તિ માંહ્ય;
અતીત અભ્યાગતતણી, કરી સેવા સદાય. ૨૩

નર્મદાની મહેરથી, પતિભક્તિથી તેમ;
કર્યું પ્રાપ્ત સામર્થ્ય એ, શક્તિ અલૌકિક એમ. ૨૪

અકારણ છળ[2] અન્યનો, કરતાં અનિષ્ટ થાય;
કરતાં છળ સાધુતણો, નિશ્ચય કુલક્ષય થાય. ૨૫

સાધુ કોપ કરે નહીં, જતાં પ્રાણ પણ એમ;
કર્મે દૈવ પ્રકોપતાં, કોપે સાધુ તેમ. ૨૬

સાધુકોપ નિવારવા, કોઈ ન ત્યાંય સમર્થ;
માટે વિચાર કરો ફરી, નહિ તો ખોશો [3]અર્થ. ૨૭

એમ બોધ કરે સહુ, દેવ ત્રિમૂર્તિ એહ;
રુચે ન તોએ શક્તિને, બળે અંતરે [4]ચેહ ! ૨૮

[5]મુમૂર્ષુને ના રુચે ઔષધ જેમ લગાર;
દૈવ કોપતાં, ના રુચે, તેમ બોધ લવભાર. ૨૯

રાજહઠ અતિ આકરી, બીજી યોગિહઠ;
બાળહઠ ત્રીજી, કદિ નમે ન તલ સ્ત્રીહઠ. ૩૦

શક્તિત્રય પતિને કહેઃ- કરો સત્ત્વહરણ;
જાઓ વેગે ભૂતલે, કરો વિલંબ ન ક્ષણ. ૩૧

બ્રહ્મા હરિ હર એ સૂણી, થયા જવા તૈયાર;
મળ્યા માર્ગમાં, વટ તળે બેસી કરે વિચાર. ૩૨

કહેઃ- ઉપાધિ નારદે કરી એહ ઘર માંહ્ય;
કરો યોજના કંઈ હવે, જેથી કારજ થાય ! ૩૩

છેવટ નિશ્ચય એ કર્યોઃ-અત્રિપત્ની સુદેહ;
અભ્યાગતરત સર્વદા રાખે સંત પર નેહ. ૩૪

નિત્ય જમાડે ભાવથી, સતી અતિથિને તેમ;
શ્રદ્ધાભક્તિથી કરે, સેવા અખંડ એમ. ૩૫

ભિક્ષુક થઈ જઈએ તિહાં, મધ્યાહ્ને સહુ આજ;
નગ્નભિક્ષા માગતાં, થશે સિદ્ધ એ કાજ. ૩૬

ગમી યુક્તિ આ સર્વને, આવ્યા આશ્રમદ્વાર;
બ્રહ્માહરિહર વેગથી ભિક્ષુરૂપ નિર્ધાર. ૩૭

નારાયણશબ્દે તિહાં, માગે ભિક્ષા એહ;
સૂણી શબ્દ સતી નીસરી બ્હાર, ચારુતર[6] દેહ. ૩૮

સૌમ્યમૂર્તિ દેખી કરે વંદન, પૂછેઃ- દેવ !
ક્યાંથી આવ્યા ? શી કરું, કહો તમારી સેવ. ૩૯

કરી સ્નાનસંધ્યા સુખે, આવો સત્વર ધન્ય !
પાક સિદ્ધ થયો સહુ, કરું પ્રણામ અનન્ય ! ૪૦

સ્વામી રેવાજી ગયા, કરવા નિજ ખટકર્મ;
અનુષ્ઠાનાદિક કરી, હશે આવતા ધર્મ. ૪૧

કરી વૈશ્વદેવાદિ એ, મંડલપૂજન તેમ;
યથાવિધિ કરશે સહુ, ભિક્ષા અર્પણ એમ. ૪૨

થઈ નિવૃત્ત કર્મથી, સત્વર આવો સંત !
વખત થયો એ રોજનો, મળશે સ્હામા કંથ. ૪૩

સૂણી વચન દેવો વદેઃ- થયા ક્ષુધિત અતિ જાણ;
બહુ દિનના ઉપવાસી મા, આજ સમાધ્યુત્થાન ૪૪

કરી, આવ્યા વેગથી, ભિક્ષા માટે આમ;
આપ, નહીં તો ના કહે; જઈએ બીજે ધામ ! ૪૫

વચન સાંભળી એમનાં, આપે સતી આસન;
બેસાડે પ્રાર્થી તિહાં, ભાવે કરે પૂજન. ૪૬

યથાવિધિ ઉપચારથી, મંડલપૂજન તેમ
કરી, આણતાં ઘૃત સતી પાત્રશુદ્ધિમિષ[7] એમ; ૪૭

કહે તાપસીઃ- હે સતી ! અનસૂયા સૂણ એક;
કીર્તિ તાહરી સાંભળી આવ્યા, ધન્ય વિવેક ! ૪૮

નગ્ન થઈને જો કરે અર્પણ ભિક્ષા જાણ,
તોજ ગ્રહણ કરીએ અમે; નિયમ એ અમ માન. ૪૯

વસ્ત્રહીન માટે થઈ, પીરસ સઘળું અન્ન;
નહિ તો વેળાસર કહે, જઈએ અન્ય ભુવન. ૫૦

સૂણી વચન વિપરીત એ, કરે સ્વગત વિચાર;
અનસૂયા સાધ્વી સતી, કહે પતિગુરુ તાર ! ૫૧

અભ્યાગત ના ભિક્ષુ આ, કરે પરીક્ષણ એહ;
જુએ મનોગત માહરું, દેવો નિઃસંદેહ. ૫૨

જાય વિમુખ આ અતિથિ જો, ધિક્‌ધિક્ ગૃહસ્થાશ્રમ !
ગૃહ નહીં એ વન નકી, પામે ભિક્ષુ જ્યાં શ્રમ. ૫૩

મન મારું નિર્મળ અતિ, જેવું ગંગાજળ;
નિર્ભય હું મનમાં સદા; કરે કામ શું ખળ ? ૫૪

૧. પુત્રવધૂ ૨. સતામણી. ૩. સ્વાર્થ. ૪.ચિતા (દ્વેષની). ૫. મરણ પથારીએ પડેલાને. ૬. વધારે સુંદર (અતિથિના શબ્દશ્રવણથી થયેલા આનંદથી) ૭. નિમિત્ત; સાધુસંતોની ભિક્ષામાં મંડલપૂજન કરી પાત્રશુદ્ધિ માટે પ્રથમ પાત્રને કિંચિત્ ઘી લગાડવાનો નિયમ હોય છે, તે નિયમને અનુસરી પ્રથમ ઘી આણે છે.

ગૃહ સુંદર આ માહરૂં, દેહરૂપ જે જાણ;
આત્મા દેવ મહીં વસે, શુદ્ધ નિરંજન માન. ૫૫

ગવાક્ષદ્વારાદિક થકી, દિસે ગેહ[1] સુંદર;
આનંદે રહે ગૃહપતિ; નવદ્વારયુત ઘર ૫૬

તેમ દેહ આત્માતણું; મોરીસમ ત્યાં એમ,
અશુદ્ધ વસ્તુ ત્યાગવા, યોનિદ્વાર ગુદ તેમ. ૫૭

આત્મા વ્યાપક એહ છે, નિર્ગુણ નિર્વિકાર;
દેહાધ્યાસાતીત એ, નડે ન પાપવિકાર. ૫૮

નિરભિમાન ત્યાં પાપ ના, પાપમૂળ અભિમાન;
પત્યુપદેશે મેં કર્યું પ્રાપ્ત બ્રહ્મજ્ઞાન. ૫૯

દેહાધ્યાસે જો ડરૂં, બ્રહ્મવાદિની કેમ ?
નગ્ન ભિક્ષા અર્પીને, થાઉં કૃતકૃત્ય એમ. ૬૦

જ્ઞાનાગ્નિ મુજ હૃદયમાં, સળગે પ્રગટ સદાય;
પાપપુણ્ય સ્પર્શે નહીં, ભસ્મ વિકારો થાય. ૬૧

વસ્ત્ર વાસના ના મુને, હું દિગંબરરૂપ;
આપું ભિક્ષા ભિક્ષુને, થાઉં નગ્ન અનુપ. ૬૨

એમ વિચારી, પ્રીતથી કહેઃ- યતિવર ધન્ય !
બેસો સ્વસ્થ, પૂરો કરૂં નિયમ તમારો ધન્ય ! ૬૩

સતીવચન એ સાંભળી, યતિવર થયા પ્રસન્ન;
કહેઃ- માત ! ભૂખ્યા અમે, પીરસ વેગે અન્ન. ૬૪

અનસૂયા મનમાં કહેઃ- કહે મુને આ માત;
બાળ અતિથિ માહરા, નિર્વિકાર સાક્ષાત્. ૬૫

નગ્ન થઈ જમાડતાં, ના મુજને કંઈ દોષ;
અભ્યાગત એ રીઝતાં, થશે પતિનો તોષ. ૬૬

આજ્ઞા પતિની છે મુને, જતાં પ્રાણ પણ જાણ
અતિથિ વિમુખ ન જાય એ રાખ સર્વદા ધ્યાન. ૬૭

બીજું ના માગે કશું, અતિથિ બાળક એહ;
માગે પ્રાણ જો એ કદિ, આપું નિઃસંદેહ ! ૬૮

એમ કહી પતિચરણનું, ધર્યું વેગથી ધ્યાન;
આવી રસોડામાં સતી, થઈ નગ્ન સુજાણ. ૬૯

લઈ અન્ન આવે તિહાં, થયા દેવ એ બાળ;
દેખી ચકિત થઈ સતી, લે તેડી તત્કાળ. ૭૦

ખોળામાં લઈ પ્રેમથી, ચોળે સુગંધ તેલ;
ન્હવડાવે ઉષ્ણોદકે, જેને લેશ ન મેલ ! ૭૧

રડે બાળ ભૂખે અહા ! કરે સતી વિચાર;
ત્યાં તો બન્ને સ્તન થકી, સ્રવે દુગ્ધામૃતધાર. ૭૨

એક એકને લઈ મુદા, પાન કરાવે એહ;
થાય તૃપ્ત, યત્તૃપ્તિ ના થાય [2]મખોથી તેહ ! ૭૩

ધન્ય સતીસામર્થ્ય એ, થયા ત્રિમૂર્તિ તૃપ્ત !
પારણામાં નાંખીને, ગાય ગીત સુતૃપ્ત. ૭૪

કર્મ પૂરૂં કરી ત્યાં મુનિ, આવ્યા આશ્રમ માંહ્ય;
થયા ચકિત શ્રવણે સૂણી, રમ્ય હાલરાં ત્યાંય. ૭૫

વેદગર્ભ સુસ્વર અતિ, ગાય અનસૂયા ધીર;
દેખી મુનિવર, વંદીને કહે વૃત્તાંત ગભીર. ૭૬

સૂણી વચન અત્રિ વદેઃ- ધન્ય ધન્ય તું એક !
ધન્ય તપસ્યા તાહરી ! ધન્ય ભક્તિવિવેક ! ૭૭

માતપિતાનું નામ તેં, કર્યું અજર અમર,
તાર્યું મારૂં કુળ, પ્રિયે ! ગાય ગુણ સુરનર. ૭૮

ધ્યાને જોતાં ઓળખ્યા, બ્રહ્મા હરિ હર દેવ;
કહેઃ- પ્રિયે ! તેં હદ કરી, કર્યા બાળ ત્રિદેવ ! ૭૯

સતી કહેઃ- હે નાથ ! આ સઘળો ચરણપ્રભાવ;
યત્સેવાથી પલકમાં, શમે ત્રિતાપદાવ.[3] ૮૦

વળતી પાસે જઈ કરે, ભાવે ઉભય વંદન;
કરે પ્રાર્થના પ્રેમથી; કહેઃ ! સચ્ચિદ્‌ઘન ! ૮૧

જગદીશ્વર નમીએ તુને, પાવન છે તુજ નામ;
લેતાં પામર પણ તરે, થાય પંગુનાં કામ. ૮૨

એક ભાવનાવશ તમે, ધરો રૂપ અનેક;
બ્રહ્માહરિહર, ધન્ય હે ! રાખો ભક્તની ટેક. ૮૩

એકરૂપ તમે બધા, નમીએ બાળસ્વરૂપ !
પૂર્ણ કરી મનકામના, લીલા કરો અનુપ. ૮૪

આશ્રમ પાવન આ કર્યો, દેવ ! પધારી આજ;
વિશેષ શું કહીએ પ્રભો ? થયાં પૂર્ણ સહુ કાજ. ૮૫

ધન્ય વૈભવ અત્રિનો ! કહે અલખઃ- સૂણ બાળ;[4]
બ્રહ્માહરિહર જ્યાં રમે, થઈ કૌતુકે બાળ ! ૮૬

અનંત બ્રહ્માંડોતણું કરે સુપાલન નિત્ય;
[5]સતીસ્તન્યપીયૂષથી તૃપ્ત, ધન્ય એ પ્રીત્ય ! ૮૭

ક્રીડા કરતાં એમ ત્યાં, થયા પૂર્ણ ષણ્માસ;
સાવિત્રી લક્ષ્મી ઉમા, કરે વિચાર ઉદાસ. ૮૮

રાહ જુએ પતિતણી, નિશદિન ચિંતાકાંત;
મળી એકઠી છેવટે, કહેઃ- હશે ક્યાં કાંત ? ૮૯

થઈ ગયા ષણ્માસ ને તોએ નાવ્યા કંથ;
અનસૂયાએ શું કર્યું, કો જાણે ? હા, હન્ત ! ૯૦

૧. ઘર. ૨. યજ્ઞોથી. ૩. દાવાનળ. ૪. નિરંજન. ૫. સતીના ધાવણરૂપી અમૃતથી.

નારદ પણ દેખાય ના; કહે કોણ એ વાત ?
સ્મરતાં વિધિસુત ક્ષણ મહીં, થયા પ્રગટ સાક્ષાત્ ! ૯૧

વગાડતા વીણા મુદા, કરતા હરિગુણગાન;
દેખી નારદને તિહાં, પૂછે શક્તિ અમાનઃ- ૯૨

કહો નારદજી શું થયું ? ગયા દેવત્રય ત્યાંય
અનસૂયાશ્રમમાં થયા છ માસ પણ હાય ! ૯૩

દેવ ન આવ્યા કેમ એ ? જાણો છો કંઈ વૃત્ત ?
કહે નારદ વંદન કરીઃ- કહું સત્ય કે તૂત ? ૯૪

પારણીએ ઝૂલે અહા ! ત્રણેય એ તમ કંથ;
અનસૂયાના સ્તન્યમાં, થયા લુબ્ધ, હા હન્ત ! ૯૫

કહે શક્તિત્રયઃ- કાં કરો વ્યર્થ મશ્કરી આમ ?
કંથ વિના પળ ના ગમે, ખાલી સ્વર્ગનાં ધામ. ૯૬

નારદ કહે સાચું કહું, ગયા કરવા વ્રતભંગ;
ત્યાં સતીપ્રભાવથી, જામ્યો અવળો રંગ. ૯૭

શ્રદ્ધા જોઈ એહની, થયા દેવત્રય બાળ;
જામ્યો પરમાનંદ ત્યાં ! કો કાઢે તમ ભાળ ? ૯૮

ઉપનિષદાદિક મંથતાં, સ્વપ્ને ન દે દર્શન;
તે બ્રહ્મ શિશુ[1] થઈ કરે સતીસ્તન્યપ્રાશન ! ૯૯

અહો ભાગ્ય દંપતીતણું ! કોણ વર્ણવે એહ ?
યન્નામસ્મરણે ટળે ભવભય નિઃસંદેહ. ૧૦૦

જગદ્વંદ્ય માતા સતી, અનસૂયા એ ધન્ય !
સાસુ તમારી એ હવે ! તમે સ્નુષા પણ ધન્ય !! ૧૦૧

અધોવદન શક્તિ કહેઃ- માફ કરો નારદ;
કૃપા કરી કહો હવે, જડે કેમ પતિપદ. ૧૦૨

મત્સર રાખ્યો જે અમે, મળ્યું તેહનું ફળ;
કોને જઈ કહેવું હવે ? કર્મકળા એ અકળ ! ૧૦૩

નારદ કહેઃ- જાઓ હવે, અનસૂયાની પાસ;
નિરભિમાન સતી એ સદા, કરશે પૂરણ આશ. ૧૦૪

રાગદ્વેષ ન એહમાં, માટે જાઓ માત;
આજ્ઞા વિણ એની કદિ વળે ન પાછા તાત. ૧૦૫

વળતી શક્તિત્રય વદેઃ- ચાલો નારદ સાથ;
અનસૂયાશ્રમમાં તમે, વિનવો આવી તાત. ૧૦૬

નારદ કહે મમ કામ ના, તોએ આવું એમ !
એમ કહી શક્તિત્રય સાથે નારદ તેમ. ૧૦૭

શીઘ્ર ત્યાંહથી નીસર્યા, આવ્યા રેવાતીર;
સ્નાન કરી પ્રાર્થે મુદા, વૃદ્ધ નર્મદા ધીરઃ- ૧૦૮

રુદ્રદેહા નર્મદા, શિવપદ તું દેનાર;
[2]અમલ નીર તારૂં અહા ! સદા રટે ઓંકાર ! ૧૦૯

સ્નાને તાર્યાં કંઈકને, પાને જીવ અનેક;
દર્શનમાત્રે તું કરે, પૂર્ણ મનોરથ ટેક. ૧૧૦

પૂરી કર અમ કામના; છોડવ પતિને તૂર્ણ.
અનસૂયાબંધન થકી, આપી આશિષ પૂર્ણ. ૧૧૧

અત્યનસૂયા ભક્ત છે, તારાં અનન્ય એહ;
આજ્ઞા ઉલ્લંઘે નહીં, તારી નિઃસંદેહ. ૧૧૨

સૂણી સ્તવન એ એમનું, દે રેવા દર્શન;
કહેઃ- કાર્ય થશે સહુ, કરો નિશ્ચિંત ગમન. ૧૧૩

શક્તિત્રય એ સાંભળી, નારદ સાથે તેમ
વંદન કરીને નીસરી, ત્યાંથી ભાવે એમ. ૧૧૪

આવી સંગમસ્થાનમાં, આશ્રમદ્વારે એહ;
દેખી અનસૂયા સતી, સ્હામી દોડે તેહ. ૧૧૫

[3]શ્વશ્રૂત્રય અતિ પૂજ્ય એ, સાથે નારદ એમ;
નમસ્કાર કરી ભાવથી, આણે અંદર તેમ. ૧૧૬

આસન આપી આદરે, કીધું પૂજન ત્યાંય;
કર જોડી પૂછે સતીઃ- કેમ આગમન થાય ? ૧૧૭

સૂણી વચન ત્રિશક્તિ એ કહેઃ- અનસૂયા ધન્ય !
ધન્ય નિષ્ઠા તાહરી ! પતિસેવા પણ ધન્ય ! ૧૧૮

ધન્ય ભક્તિ તાહરી ! દેહાભિમાન સમૂળ
ગલિત થયું તારૂં અહા ! તું ચિન્મૂર્તિ સ્થૂળ[4] ! ૧૧૯

બ્રહ્મવાદિની બ્રહ્મ તું, ભેદ ન તુજમાં લેશ;
દેખી ભાવ થયા સ્વયં, બાળ વિધિ હરિ મહેશ. ૧૨૦

તારૂં અમારૂં એમનું, અભિન્ન એક સ્વરૂપ;
પ્રેમલક્ષણા તાહરી, ધન્ય ભક્તિ અનુપ ! ૧૨૧

મહામાયા તું ચિત્કલા, કાત્યાયની તુજ નામ;
શોભે જગદંબે ભલું, કરે પૂર્ણ સહુ કામ. ૧૨૨

ત્વન્નામસ્મરણે ટળે, પાપ તાપ સહુ એમ;
દૈન્ય વ્યથા નાસે સહુ, પામે પામર ક્ષેમ. ૧૨૩

અત્યનસૂયાનામથી કરે નર્મદાસ્નાન,
ચોળી સંગમમૃતિકા, જાય કુષ્ઠાદિ જાણ. ૧૨૪

દર્શનમાત્રે આ હરે, દુરિત સર્વ તુજ સ્થાન;
શ્રદ્ધા રાખી અંતરે, કરે તીર્થમાં સ્નાન. ૧૨૫

સંગમમાટી ચોળીને, રોગી અશક્ત જન;
તીર્થોદકપ્રાશન થકી, થાય મુક્ત તત્ક્ષણ. ૧૨૬

૧. બાળક. ૨. નિર્મળ. ૩. સાસુ. ૪. દેહધારી; સાકાર.

એવું પાવન સ્થાન આ, જમાડતાં દ્વિજ એક.
અનંત વિપ્રભોજનતણું પામે પુણ્ય જો નેક. ૧૨૭

જપ તપ શીઘ્ર ફળે સહુ, થાય ભવનદી પાર.
[1]વરદે ! દર્શનપૂજને સિદ્ધ કામ તત્કાળ. ૧૨૮

અનસૂયાશ્રમનામથી થશે સ્થાન પ્રસિદ્ધ;
ત્વત્કૃપાથી જનતણી, થશે કામના સિદ્ધ. ૧૨૯

વિશેષ શું કહેવું હવે ? પતિ અમારા જાણ,
ત્વત્સન્નિધ રહેશે સદા; તેમ અમે પણ માન ૧૩૦

સન્નિધ રહી કરીશું સદા ભક્તકામના પૂર્ણ;
સત્ય વચન આ [2]ભામિની ! અદેય[3] છે એ ઋણ. ૧૩૧

અનસૂયા તુજ સમ નકી, થયું ન કોઈ આન
પતિભક્ત આ ત્રિભુવને; થશે ન બીજું માન. ૧૩૨

વેદમાતા તું સતી, કેવળ વેદસ્વરૂપ !!
એમ કહી વંદન કરે, સર્વ એક જ રૂપ ! ૧૩૩

એક બીજાને નમે; દેવભક્તનો ભેદ
રહ્યો લગાર ના તિહાં, ક્યાંથી ઈર્ષ્યા ખેદ ? ૧૩૪

સાવિત્રી લક્ષ્મી ઉમા, શક્તિત્રય નિર્માન
કહેઃ- અનસૂયા ! પ્રીતથી આપ એક તું દાન. ૧૩૫

પતિ અમારા દેવ જે, કર્યા તેહ તેં બાળ;
બાલ્યાવસ્થાથી કરી મુક્ત આપ તત્કાળ. ૧૩૬

પતિ દૈવત સાધ્વીતણું, એ વિણ ચેન ન જાણ;
અનસૂયા કર મ્હેર તું, આપ પતિનું દાન. ૧૩૭

બોલે અનસૂયાઃ- જુઓ પોઢ્યા પર્યંક[4] માંહ્ય !
સુખે લઈ જાઓ !! સૂણી શક્તિ [5]સન્નિધ ધાય. ૧૩૮

દેખે ત્યાં તો બાળકો, ત્રણેય એકસ્વરૂપ !
વદે પરસ્પર શક્તિ એ, જોઈ ચકિત અનુપ ! ૧૩૯

ધન્ય અનસૂયાતણી, ભક્તિ અકળ [6]અમેય !
દેખાડ્યું લીલા કરી, એણે આ નિજ ધ્યેય ! ૧૪૦

નિશ્ચય પતિનો થાય ના; થતાં અન્યનો સ્પર્શ,
પાતિવ્રત્ય રહ્યું કહાં ? વૃથા કર્યો [7]અમર્ષ ! ૧૪૧

માન્યું પ્રથમ જ હોત તો આવત ના આ દિન !!
એમ વિચારી ઉમા રમા, થાય સાવિત્રી દીન. ૧૪૨

માફી પતિની ઉર વિષે, માગે હતાશ એમ;
તોય રૂપની ના પડે, ઓળખાણ એ તેમ. ૧૪૩

છેવટ લાચારી થકી, કહે એક નિર્માનઃ-
અનસૂયા તુજ હાથમાં, બાજી સઘળી જાણ. ૧૪૪

આપ પૃથક્[8] તું ઓળખી, અનસૂયા ! પતિદેવ;
સૂણી હસે પ્રાર્થે સતી, આવી નિકટ[9] ત્રિદેવ. ૧૪૫

ભક્ત્યમૃતરસપાન એ, આગળ કરશે ધીર;
નિજ સ્વરૂપે પ્રગટશે, દેવત્રિતય ગભીર. ૧૪૬

શક્ત્યભિમાન હર્યું અને થયા દેવ સતીબાળ;
આ અધ્યાયે એ કથ્યું, સૂણતાં નાસે કાળ. ૧૪૭

અગાધ લીલા પ્રભુતણી, પામે વિરલો પાર !
કૃપા થતાં ગુરુદેવની, કહે **'રંગ'** શી વાર ? ૧૪૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શક્તિત્રિતયગર્વપરિહારો નામ પષ્ઠોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪ ॥ દોહરા ૧૪૮

અધ્યાય ૭

અલખ કહેઃ- પર્યંકની પાસે આવી ત્યાંય;
કરે પ્રાર્થના અનસૂયા, ચિત્તે હરિપદ ધ્યાય. ૧

નમન કરી પ્રભુચરણમાં, કહે ભક્તવત્સલ !
ભાવભૂખ્યો તું હરે, નિત્યતૃપ્ત અકળ ! ૨

પૂર્ણકામ સ્વતંત્ર તું, થયો ભક્તિપરતંત્ર;
મહિમા વિસ્તાર્યો જગે, કો જાણે તુજ તંત્ર ? ૩

શક્તિત્રય જે પૂજ્ય આ, આવી તે પણ આમ;
લીલા એ પણ તાહરી, કર પૂરણ તત્કામ. ૪

નિમિત્ત મુજને તેં કરી, કીધો ખેલ અગમ્ય;
સમેટ શ્રીહરિ વેગથી, કરી પ્રગટ મુખ રમ્ય. ૫

મૂળ સ્વરૂપે દેવ હે ! થાઓ પ્રગટ સુતૂર્ણ;
કરો મનોરથ સર્વના, વેગે શ્રીહરિ પૂર્ણ. ૬

એકરૂપ અનેક તું, અનેકરૂપે એક;
પ્રગટ કરો પ્રગટી પ્રભો ! એહ જ્ઞાનવિવેક. ૭

સૂણી વચન સતીતણાં, મૂળ સ્વરૂપે એહ;
પ્રગટ્યા વિધિહરિહર તિહાં, કર્યો દૂર સંદેહ. ૮

નિજ નિજ શક્તિ સહ તિહાં, થયા દેવ આરૂઢ,
નિજ નિજ વાહન પર તદા; દેખી થાય મતિ મૂઢ. ૯

કોટિસૂર્યસમ ઝળહળે, રૂપ અનુપમ એહ;
અત્ર્યનસૂયા ભાવથી, વંદે દેખી સુદેહ. ૧૦

કર જોડી પ્રાર્થી કહેઃ- અજ અક્ષય અવિનાશ !
જળથળ સઘળે તું ભર્યો, અખંડ એકપ્રકાશ. ૧૧

આદિ અંત તુજમાં નહીં, નામરૂપની ગંધ;
નિરાકાર નિર્ગુણ પ્રભો ! તું કેવલ નિર્દ્વંદ્વ. ૧૨

૧. હે વરદાન આપનારી. ૨. સુંદર સ્ત્રી. ૩. ન આપી શકાય એવું. ૪. પારણું. ૫. પાસે. ૬. અમાપ. ૭. ક્રોધ. ૮. જુદા. ૯. પાસે.

ધ્યાનગમ્ય અગમ્ય તું, નિગમસાર શ્રુતિતાત;
ધ્યેયરૂપ યોગેશ્વરા ! તુંજ વિશ્વ અજાત[૧]. ૧૩

નિજ માયાશ્રયથી વિભો ! ધારે વિધવિધ રૂપ;
[૨]લીલાવિગ્રહધારી તું ભક્તભાવનારૂપ. ૧૪

સાષ્ટાંગ પ્રણતિ તુને, બ્રહ્મા વિષ્ણુ મહેશ !
મંગલનામે તાહરા, નડે ન માયાલેશ. ૧૫

સાવિત્રી લક્ષ્મી ઉમા, તે પણ તુંજ અભિન્ન;
અર્ધનારીનટેશ્વરા ! નમીએ તવ પદ ક્લિન્ન[૩]. ૧૬

ધ્યેયરૂપમાં તાહરા, રહે વૃત્તિ અખંડ;
એજ માગીએ ફરી ફરી, સહે દેહ નિજ દંડ. ૧૭

બુદ્ધિ નિર્મળ થાય ને, થાય વાસના ક્ષીણ;
દેહઅહંતા સહુ ગળે, થાય ચિત્ત વિલીન. ૧૮

ઇંદ્રિયગણ આ આદરે, રહે સદા તત્પર
સેવામાં પ્રભુ તાહરી; એજ માગીએ વર. ૧૯

વિશ્વંભર ! નમીએ તને; કરીએ શું અર્પણ ?
સકળરૂપ ! તારૂં બધું, કરીએ શું પૂજન ? ૨૦

સામગ્રી તુજ વિણ નહીં, સર્વ તાહરૂં રૂપ;
શુદ્ધ ભાવના એ જ છે, પૂજા તારી અનુપ. ૨૧

ગંગાજળથી નર કરે, જેમ ગંગાપૂજન;
તુલસીદલ અર્પણ કરી, પૂજે તુલસી જન; ૨૨

દીપ ઉજાળી અગ્નિની, કરે આરતી જાણ;
તેમ નારાયણ બધું, એક ભાવ પ્રધાન. ૨૩

હૃદય સિંહાસન કર્યું, સુખે બિરાજો નાથ !
સ્નાન કરાવું પ્રેમથી, એજ વારિ અવદાત.[૪] ૨૪

વાસનાનાં વસ્ત્ર આ, અલંકાર ઇંદ્રિય;
હાર મનોમય આ ગ્રહી, કરો અમલ અક્રિય. ૨૫

પૃથ્વીતત્ત્વ ચંદન, પ્રભો ! વ્યોમતત્ત્વ ફૂલ તેમ;
ધૂપ વાતતત્ત્વે કર્યો, અર્પણ ભાવે એમ. ૨૬

અગ્નિતત્ત્વ પ્રદીપ ને, જલતત્ત્વ નૈવેદ્ય;
સ્વીકારી પ્રભુ દાસને, કરો પૂર્ણ અભેદ્ય. ૨૭

સોહંભાવે પ્રાર્થના સર્વ વાણીસ્વરૂપ;
પાદક્રમણ પ્રદક્ષિણા, મસ્તક શ્રીફળરૂપ ! ૨૮

ગ્રહણ કરી ભાવે, પ્રભો ! કરો ન્યૂન[૫] સંપૂર્ણ !!
એમ કહી વંદન કરે, અત્ર્યનસૂયા તૂર્ણ. ૨૯

દેખી વિશુદ્ધ ભાવ એ, પતિપત્નીનો તેમ;
પ્રસન્ન થઈ દેવો વદેઃ- માગો ઇપ્સિત એમ. ૩૦

આપ્યું જે અમ શક્તિએ, તે પણ અમને માન્ય;
માગો બીજું જે કંઈ, કરીએ તે પણ માન્ય. ૩૧

ધન્ય માત તું અનસૂયા ! ત્રિભુવનમાં તું એક;
અનન્ય ભક્તિ તાહરી, ધન્ય જ્ઞાનવિવેક ! ૩૨

ધન્ય અત્રિ જ્ઞાનીશ તું ! કહે, ઇચ્છિત જે વર;
કહે અત્રિઃ- વદ સુંદરી ! વર ઇપ્સિત સત્વર. ૩૩

સૂણી સ્નેહથી અનસૂયા, બોલે ગદ્‌ગદ્ વેણઃ-
કેમ દેવ ! પડશે હવે, તમ વિણ અમને ચેન ? ૩૪

પારણામાં જ્યારથી પોઢ્યા તમે ત્રયધીશ,
હતો આનંદ ચિત્તમાં; થશે અસ્ત શું ધીશ ? ૩૫

સ્વપ્નવત્ શું આ બધું ? થશે અન્યથા તેહ ?
તમ વિણ ખાલી ઘોડિયું ! ખાવા ધાશે એહ ! ૩૬

માતા દેવ કહી મુને, કરો અમર એ નામ;
એજ યાચના અન્ય ના, ઇપ્સિત ઉરમાં કામ. ૩૭

વચન સૂણી સાધ્વીતણાં, વદે 'તથાસ્તુ' એહ
બ્રહ્માહરિહર મોદથી, એકરૂપ ત્રિદેહ. ૩૮

પતિપત્ની ભાવે કરે, વંદન એ તત્કાળ;
વર આપી દેવો થયા ગુપ્ત ત્યાંય ભવતાર[૬]. ૩૯

અત્ર્યનસૂયા ત્યાં રહ્યાં, પ્રભુપરાયણ એમ;
કંઈક કાળ આનંદમાં, ગયો ભજનમાં તેમ. ૪૦

દૈવવશે ત્યાંથી વળી, આવ્યાં માહૂરગઢ,
થયા પુત્ર ત્રિમૂર્તિ જ્યાં, દેખી ભાવ સુદૃઢ. ૪૧

સૂણી વચન શંકા કરે, શિષ્ય નિરંજન એહ;
કહેઃ- અલખ ! કહો બધું, કરો દૂર સંદેહ. ૪૨

અત્ર્યનસૂયા સર્વદા, વસે નર્મદાતીર;
આશ્રમ છોડી દૂર કાં, આવ્યાં માહૂર ધીર ? ૪૩

શિષ્યચાતકપ્રશ્ન એ સૂણી ચતુર બેશક,
સ્વાદુકથામૃતધારથી વરસે મેઘ અલખ. ૪૪

કહે યોગીશ્વરઃ- ધ્યાનથી સાંભળ બાળ ગભીર !
પ્રતિષ્ઠાન નામે હતું નગર ગોદાતીર. ૪૫

જેને પૈઠણ જન સહુ કહે આજ, ત્યાં એક
કૌશિક નામે દ્વિજ હતો, શ્રીમત્ ભ્રષ્ટવિવેક. ૪૬

દૈવે બ્રાહ્મણ એ થયો, દ્રવ્યમદે ઉન્મત્ત;
પતિવ્રતા પત્ની ત્યજી, જારકર્મમાં રત. ૪૭

વેશ્યાસદને[૭] એ રહે, સદા વ્યસનમાં મગ્ન;
ભોગ ભોગવતાં આખરે, થયો રોગથી ભગ્ન. ૪૮

૧. અનુત્પન્ન. ૨. લીલાથી દેહ ધારણ કરનાર. ૩. દયાર્દ્ર. ૪. શુદ્ધ. ૫. ઓછું, ખૂટતું. ૬. સંસારમાંથી તારનાર. ૭. વેશ્યાને ઘેર.

અવિચારે સ્ત્રીપુરુષ જે, કરે વિષયોપભોગ;
રાત દિવસે ગણે નહીં ! રડે થતાં એ રોગ. ૪૯

ભોગ રોગનું મૂળ છે, ભોગમૂળ અવિચાર;
યૌવનધનસત્તામદે થાય નષ્ટ વિચાર. ૫૦

અતિ વિષયથી એમ એ, થયો વ્યાધિથી ગ્રસ્ત;
ગલત્કુષ્ઠ વ્યાપ્યો બધે, થયો અતિશય ત્રસ્ત. ૫૧

દેખી નિંદિત રૂપ એ, કાઢી મૂકે એમ;
વેશ્યા એ નિજ સદનથી, ધિક્કારીને તેમ. ૫૨

ઉપાય બીજો ના રહ્યો, કરે દુઃખ મન માંહ્ય;
ધીમે ધીમે ગૃહ વિષે, આવ્યો બ્રાહ્મણ ત્યાંય. ૫૩

આવ્યા દેખી નિજ પતિ, ઉર આનંદ ન માય;
દેહભાન ભૂલી સતી, સ્હામી લેવા ધાય. ૫૪

કહેઃ- ધન્ય દિન આજનો, પડ્યો હેમપર્જન્ય[૧] !
થયું દર્શન દેવનું, ભાગ્ય માહરૂં ધન્ય !! ૫૫

હેતે ઝાલી હાથ ત્યાં, આણે ઘરની માંહ્ય;
બેસાડે બહુ ભાવથી, આપી આસન ત્યાંય. ૫૬

અર્ઘ્યપાદ્યપૂજન કર્યું, લીધું ચરણામૃત;
નમસ્કાર કરી ભાવથી, બોલે જ્યમ પરભૃત.[૨] ૫૭

પ્રાણનાથ આ દાસીથી, સેવા કાંઈ ન થાય;
માફ કરો દોષો સહુ, અર્પું ચરણે કાય. ૫૮

એમ કહી વેગે કરે, સતી પાક તૈયાર;
વિધવિધ સામગ્રી કરી, કરે તૃપ્ત ભરથાર. ૫૯

ભોજન પૂર્ણ થયા પછી, અર્પે તાંબૂલ એમ;
ઉત્તમ શય્યા પાથરી, પોઢાવે પતિ તેમ. ૬૦

શેષપ્રસાદ લઈ કરે સેવા દેવસમાન;
ગણી દેવ પ્રત્યક્ષ એ, ધન્ય શાંડિલી જાણ ! ૬૧

પૂયરક્તથી બગડતાં, બદલે વસ્ત્ર સવેગ;
નૂતન પહેરાવે સદા, કરે ન એ ઉદ્વેગ. ૬૨

ઉષ્ણોદકથી ભાવથી, નિત્ય કરાવે સ્નાન;
ધોતાં મલમૂત્રાદિ ના કંટાળે કદિ જાણ. ૬૩

ક્ષતજંતુ ધોઈ કરે, નિત્ય ઔષધિ લેપન;
બોલી મંજુલ સર્વદા, કરે અંગમર્દન. ૬૪

નિત્ય નવાં પકવાન્નથી, કરે જમાડી તૃપ્ત;
તેથી કૌશિક એ રહે, સદા પ્રસન્ન સુતૃપ્ત. ૬૫

કહેઃ- પ્રિયતમા ધન્ય તું ! સહે કષ્ટ અપાર,
મુજ કારણ સાધ્વી સતી, હવે બેસ લગાર. ૬૬

તોએ સતી પળ નવ ઠરે; કહેઃ- પ્રાણજીવન !
ત્વત્પદસેવાથી અહા ! થાય ધન્ય જીવન. ૬૭

એમ દિવસ જતાં કંઈ, કરે ક્રોધ એ દુષ્ટ;
કહેઃ- સેવા કાં ના કરે ? થઈ પડી રહી પુષ્ટ. ૬૮

ત્રાસ થાય મુજને અતિ, બાળ કાળું કર મુખ;
તુજ સંગે ક્ષણ એક ના, દીઠું કેવું સુખ ! ૬૯

એમ કહી અપશબ્દથી, કરે તાડન એહ !
મૂરખ જન એ રીતથી, વર્તે નિઃસંદેહ. ૭૦

ઊલટી રીતિ મૂર્ખની, ગમે ન ઘરની નાર;
ભજે ભટકતી શંખણી, હાથે થાય ખુવાર ! ૭૧

સતી પ્રિયા ઘરની ત્યજી, કરે રાંડ પર વ્હાલ;
ધન જોબન ખાલી થતાં, ફૂટે વ્યર્થ કપાળ ! ૭૨

કરે સેવા રાંડની, ખાય હેતથી લાત !
પત્ની સેવા જો કરે, મારે મૂરખ લાત !! ૭૩

એમ મૂરખ વિપ્ર એ, મારે સતીને ત્યાંય;
ધન્ય શાંડિલી ! તોય એ લગાર ક્ષુબ્ધ ન થાય. ૭૪

ક્રોધ જોઈ એ પતિ તણો, બોલે મધુર વચન;
શો અપરાધ થયો ? પ્રભો ! કહો કોપકારણ. ૭૫

પાપી હું હતભાગિની, થયો આપને ત્રાસ;
હાથ દુખ્યા આ મારતાં, થયા નાથ ઉદાસ ! ૭૬

એમ કહી પ્રેમે ફરી, પંપાળે એ કર;
દેખી શાંતિ એહની, થયો શાંત દ્વિજવર[૩]. ૭૭

બોલેઃ- જોવાને વધ્યો તારૂં મન હું આમ;
પ્રેમ નિખાલસ તાહરો, કહું એક કર કામ. ૭૮

પ્રાણપ્રિય નિજ મિત્રને, ગુણી ભૃત્યને[૪] તેમ;
પતિવ્રતા સ્ત્રીને તથા, સાધુસંતને એમ; ૭૯

ગુપ્ત વાત પોતાતણી, દુઃખ માનસિક જેહ,
કહેવું શાસ્ત્રાજ્ઞા કહે, સઘળું નિઃસંદેહ. ૮૦

દુઃખભાર ઓછો કરે, કરી ઉપાય સુતૂર્ણ;
ધર્મજ્ઞા[૫] તું એ લહે, દુઃખ માહરૂં પૂર્ણ. ૮૧

વેશ્યા સુંદર એ અતિ તુજથી અધિક સુજાણ,
બિંબૌષ્ઠી ઘટ્ટસ્તની, કિન્નરકંઠી માન. ૮૨

શું મધુર મુખ એ કહું ? નેત્ર મત્સ્યસમ એહ !
પ્રિયે ! તુજને શું કહું ? શી નાજુક એ દેહ ! ૮૩

રાત્રંદિન ખેંચે મુને, હરતાં ફરતાં એમ;
ભોજન કરતાં, ઊઠતાં બેસતાં વળી તેમ. ૮૪

૧. સોનાનો વરસાદ ૨. કોયલ. ૩. વિષયલંપટ બ્રાહ્મણ. ૪. ચાકરને. ૫. ધર્મ જાણનાર.

સૂતાં સ્વપ્રે જાગતાં, બોલતાં તુજ સાથ;
વેશ્યા સ્હામે એ દિસે, ખડી દિવસ ને રાત. ૮૫

તદ્વિરહે વ્યાકુળ હું, ભલે શરીર અશક્ત;
મન મારૂં બળવાન પણ, થયું ન લેશ વિરક્ત. ૮૬

માટે એ વેશ્યાગૃહે, તેડી મુને સત્વર,
ચાલ સુંદરી ! જો અતિ પીડે કામજ્વર. ૮૭

પ્રાણ હવે રહેશે નહિ, જો કરીશ તું વાર;
કામબાણ જાણે સહુ, કેવાં એ અનિવાર. ૮૮

સુર કિન્નર જોગી જતિ, બને બાવરા એમ;
વર્તે અનુચિત કામથી, જ્ઞાની વિમૂઢ તેમ. ૮૯

કોણ રાંક મતિમંદ હું, વિષયકીટક ત્યાંય ?
ક્ષુદ્ર પાપ એથી ભલે, સમાધાન પણ થાય. ૯૦

પ્રાણિમાત્ર જાણે સહુ, કામોન્માદ વિચિત્ર;
તને મને સહુને, પ્રિયે ! અનુભવ એહ સુચિત્ર[૧]. ૯૧

માટે સત્વર જા લઈ, થાય ચિત્ત સંતુષ્ટ !
સૂણી વચન એ પતિ તણાં, વદે શાંડિલી હૃષ્ટઃ- ૯૨

પ્રિયતમ ! ચિંતા ના કરો, કરીશ ઇચ્છા પૂર્ણ.
ફાવે તેમ કરી, પ્રભો ! કહી એમ સુતૂર્ણ; ૯૩

અમૂલ્ય વસ્ત્રાભૂષણો, સુવર્ણ મૌક્તિક તેમ;
બાંધી લીધું પોટલું શિર પર વેગે એમ. ૯૪

બેસાડી [૨]સ્કંધે પતિ, સતી નીસરી એહ;
જાવા વેશ્યાગૃહ વિષે, મૂકી સકળ સંદેહ. ૯૫

ચોમાસાના દિવસ એ, રાત અંધારી જાણ;
મેઘાચ્છાદિત વ્યોમ[૩] હા ! સૂઝે વાટ ન માન. ૯૬

અંધકાર વ્યાપ્યો બધે, નિબિડ[૪] ઘોર વિજન;[૫]
કાદવ ઘુંટી સમ અહા ! થાય અશુભ શુકન. ૯૭

ક્ષણે ચમકતાં દામિની[૬], કરે માર્ગનિશ્ચય;
મંદમંદ ચાલે સતી, નિરુદ્વેગ નિર્ભય. ૯૮

થાય વ્યથા પતિને રખે, એમ વિચારી જાણ;
ચાલે સાવધ, ત્યાં અહા ! આવ્યું વિઘ્ન અજાણ ! ૯૯

રાજગૃહે ચોરી કરી, થતાં ચોર પસાર;
રાજદૂત પકડી કરે, મારપીટ અપાર. ૧૦૦

રાજાજ્ઞાથી શૂળી પર ચઢાવવા સત્વર,
લઈ જાતાં માર્ગે તિહાં, નાઠો એ તસ્કર.[૭] ૧૦૧

ખોળીને થાક્યા સહુ, અરણ્ય કોતર એહ;
અંતે દીઠો એકને, જેની તત્સમ દેહ. ૧૦૨

મૂળ ચોર એ માનીને, રાજાજ્ઞાથી મૂઢ;
રાજદૂત ક્રોધે કરે, સત્વર શૂલારૂઢ. ૧૦૩

ચોર નહીં માંડવ્ય એ, ઋષિ તપસ્વી જાણ;
માર્કંડેય ઋષિતણો, શિષ્ય પ્રસિદ્ધ માન. ૧૦૪

ચોરાભાવે એહને, કીધો શૂલારૂઢ;
રાજધાનીમાં ગયા, રાજદૂત એ મૂઢ. ૧૦૫

તપપ્રભાવે જીવને રાખી જેમનો તેમ,
ધ્યાનનિષ્ઠ મુનિ એ સહે, કષ્ટ શૂલ પર એમ. ૧૦૬

એ માર્ગે પતિને લઈ જતાં સુંદરી એહ;
લાગ્યો ધક્કો ધ્વાંતમાં[૮], થઈ ત્રસ્ત મુનિદેહ. ૧૦૭

વદે ચંડ[૯] માંડવ્ય એઃ- કોણ દુઃખમાં ડામ,
ધક્કો મારી દે ? અહા ! જીવે કેમ હરામ ? ૧૦૮

મરશે સૂર્યોદય થતાં, પાપી નિઃસંદેહ !!
શાપવચન એ સાંભળી, થઈ ખિન્ન સતી એહ. ૧૦૯

કહે સ્વગત ગભરાઈ એઃ- જીવન પતિ વિણ વ્યર્થ;
એક જ દૈવત સ્ત્રી તણું, એ વિણ સર્વ અનર્થ. ૧૧૦

ઋષિશાપ વૃથા ન એ, થશે કદાપિ એમ;
સૂર્યોદય અટકાવવા, કરૂં યુક્તિ હું તેમ. ૧૧૧

નિશ્ચય એવો એ કરી, વદે શાંડિલી ત્યાંયઃ-
સાંભળ [૧૦]સહસ્રરશ્મિ હે ! જો હું શુદ્ધ સદાય ૧૧૨

પતિવ્રતા મનકર્મથી, માન મારૂં વચન;
આજ્ઞા વિણ મારી કદિ, થા ઉદિત ન ક્ષણ. ૧૧૩

જો નવ માને, હે રવે ! વચન માહરૂં એહ,
સ્વાધિકારથી ભ્રષ્ટ તું થઈશ નિઃસંદેહ !! ૧૧૪

એમ કહી વેશ્યાગૃહે, આવી પતિ સંગાત;
અલંકાર સમર્પીને, કહે સકળ પતિવાત. ૧૧૫

કાલાવાલા બહુ કરી, એનું વળાવે મન;
તૃપ્ત કરી પતિકામના, લઈ કંથ તત્ક્ષણ ૧૧૬

આવી નિજ સદને સતી, ધન્ય શાંડિલી એહ !
ધિક્ ધિક્ એવા કંથને ! નરપશુ નિઃસંદેહ !! ૧૧૭

વેશ્યા જીવતી ડાકણી, કાળી નાગણ જાણ;
દર્શનમાત્રે દૂરથી હરે હસીને પ્રાણ. ૧૧૮

કામાનલજ્વાળા નકી, વેશ્યા દારુણ એહ;
કામી તેમાં જઈ પડે, થાય ખાખ સંદેહ. ૧૧૯

વેશ્યા નરકદ્વારની દૂતી નિશ્ચય માન;
મૂરખ ફંદામાં ફસી, ખુએ ધન અને પ્રાણ. ૧૨૦

૧. અત્યંત વિચિત્ર. ૨. ખભા ઉપર. ૩. આકાશ. ૪. ગાઢ. ૫. જેમાં માણસ ન મળે એવું. ૬. વીજળી. ૭. ચોર. ૮. અંધારામાં. ૯. ઉગ્ર. ૧૦. સૂર્ય.

કૌશિક એમ સડી ગયો, તોય ન મૂકે લત;
ધન્ય શાંડિલી તોય એ, રાખે પ્રભુસમ પત ! ૧૨૧

સતીશાપથી મન વિષે, થયો સૂર્ય ભયભીત;
આઠ દિવસ સંતાઈને, રહ્યો પતિવ્રતાકિત. ૧૨૨

અંધકાર વ્યાપ્યો બધે, પ્રાણિમાત્ર સહુ ત્રસ્ત;
ભૂચર ખેચર તરફડે, લોકો ચિંતાગ્રસ્ત. ૧૨૩

કાલમાન સૂઝે નહીં, થયા ગાભરા વિપ્ર,
યજ્ઞયાગ થંભ્યા સહુ, પુણ્યકર્મ પણ ક્ષિપ્ર.[1] ૧૨૪

થયા કડાકા દેવને, થંભ્યા હવિર્વિભાગ;
બુદ્ધિ કુંઠિત સર્વની, કાંઈ ન લાગે થાગ. ૧૨૫

મળે દેવ સ્વર્ગે સહુ, કરે બેસી વિચાર;
કહે દોષ ન લોકનો, આમાં ક્યાંય લગાર. ૧૨૬

ઉદય થાય ના રવિતણો; કેમ કરે જન કર્મ ?
યજ્ઞાદિક સહુ લોપતાં, કેમ પામીએ શર્મ ? ૧૨૭

હોય દોષ જો લોકનો, કરીએ પીડા એમ;
અતિવૃષ્ટિઆદિક મોકલી સપ્ત [2]ઈતિઓ તેમ. ૧૨૮

મોકલીએ રોગાદિ તો, થાય અધિક ઉત્પાત;
બ્રહ્મદેવ પાસે જઈ, માટે કરીએ વાત. ૧૨૯

એમ વિચારી દેવ એ, બ્રહ્મદેવની પાસ
આવી વંદન કરી કહે, મૃત્યુલોકનો ત્રાસ. ૧૩૦

સૂણી વાત એ એમની, વદે વિરિંચિ તાતઃ-
સતીશાપથી આ થયો, દેવ ! સકળ ઉત્પાત. ૧૩૧

કૌશિકસ્ત્રીના શાપથી, બ્હીએ ચંડકિરણ;[3]
ઉદિત થાય ન એમ એ, સૂણો સર્વ સુરગણ. ૧૩૨

બ્રહ્માંડો ડોલે સહુ, થાય સતી જો ક્રુદ્ધ;
માટે ઉપાય કરો કહુ, થશે સૂર્ય પ્રબુદ્ધ. ૧૩૩

તેજે તેજ શમે સહુ, સૂરજ આગળ દીપ;
તેમ સતીગણ સહુ નમે, જોઈ સતીપ્રદીપ. ૧૩૪

પતિવ્રતાશિરોમણિ અનસૂયા એ એમ,
પ્રાર્થી આણો પૈઠણે; થશે કાર્ય એ તેમ. ૧૩૫

ઉપદેશીને શાંડિલી, કરશે એ સહુ કામ;
બીજાથી એ નવ બને, જાઓ એને ધામ. ૧૩૬

સૂણી ઇંદ્રાદિક કહેઃ- આપ પધારો સાથ;
ભલે કહી ઊઠ્યા વિધિ, જાય સકળ સંગાત. ૧૩૭

આવ્યા અનસૂયાશ્રમે, દેવો રેવાતીર;
અત્ર્યનસૂયા દેખી એ, સ્હામે ધાય ગભીર. ૧૩૮

સાષ્ટાંગ પ્રણતિ કરી, આણે આશ્રમ માંહ્ય;
અર્ઘ્યપાદ્યપૂજન કરી, પૂછે સતી સુકાયઃ- ૧૩૯

કેમ પધાર્યા દેવ હે ! કહે ઇંદ્રાદિ એહઃ-
કામ પડ્યું તુજનું સતી, નિવાર ભયસંદેહ. ૧૪૦

નામ સૂણી આવ્યાં ઇહાં, તપ ઉજ્જ્વળ પણ તેમ;
પ્રતિષ્ઠાનનગરે સતી, જાવું પડશે એમ. ૧૪૧

કૌશિકપત્નીશાપથી થયો સૂર્યનો લોપ;
વર્તે હાહાકાર હા ! થતાં સતીનો કોપ. ૧૪૨

સમાધાન એનું કરી, કરાવ સૂર્યોદય;
એવું તપ ના અન્યનું ! કોણ કરે નિર્ભય ? ૧૪૩

સતી કહેઃ- દેવો તમે, આપો મુજને માન;
અશક્ય ના તમથી કશું, કરો રંક મહાન્ ! ૧૪૪

ચાલો તો પણ આવું હું, સમજાવું સતી એમ;
સૂર્યોદય કરાવવા, બોધું યુક્તિથી તેમ. ૧૪૫

એમ કહી પતિ સાથ એ, ગોદાતીરે ધન્ય !
દેવવૃંદ[4] સહ નીસરી, આવી સતી અનન્ય ! ૧૪૬

પ્રતિષ્ઠાન પહોંચ્યા સહુ, કૌશિકસદને એમ;
દેખી વૃંદ એ શાંડિલી, વંદે વિનીત તેમ. ૧૪૭

અનસૂયાને પ્રેમથી આપી આલિંગન;
પૂજી સહુને ભાવથી, પૂછેઃ- કિંકારણ ૧૪૮

આવ્યાં દેવી બારણે, દાસીના આ એમ ?
પાવન કીધું ઘર, સુખે બેસો થાક્યાં તેમ. ૧૪૯

સૂણી અનસૂયા વદેઃ- ધન્ય સાધ્વી તું જાણ;
વચન અમૃતથી ભલાં, મિષ્ટ તાહરાં માન. ૧૫૦

પતિવ્રતા સાધ્વીતણી, કીર્તિ ત્રિભુવન ગાય;
પતિસેવાથી ક્ષિતિતલે શું શું કહે ન થાય ? ૧૫૧

કાયા વાચા મન થકી, કરે પતિની સેવ;
તરી તારે અન્યને, કરે દીનને દેવ. ૧૫૨

ધર્મ અર્થ ને કામને, કરે પલકમાં પ્રાપ્ત;
મુક્તિ પદ ચાટે સદા; સતી તીર્થ પર્યાપ્ત.[5] ૧૫૩

કષ્ટ ના ગણે કો દિને, કરે ભાવથી સેવ;
દેવાધિક પતિને ગણી, સાધ્વી ધન્ય સુદૈવ ! ૧૫૪

ફાવે તેવો પણ પતિ, રાખે એ પર ભાવ;
સ્વધર્મપાલનથી થશે, દગ્ધ સકળ ત્રિદાવ ! ૧૫૫

મેં પણ આ ધર્મે કર્યો, આત્મા નિજ પાવન;
પતિચરણરત સર્વદા, રહે સંતુષ્ટ મન. ૧૫૬

૧. સત્વર. ૨. દૈવી ઉત્પાત - अतिवृष्टिरनावृष्टिर्मूषकाः शलभाः शुकाः । स्वचक्रं परचक्रं च सप्तैता ईतयः स्मृताः ॥ १ ॥ ૩. સૂર્ય. ૪. ટોળું. ૫. પૂરું; સંપૂર્ણ.

અંતર્બાહ્ય વસે પતિ, તન્મુખ પરમાનંદ
આપે; કોણ ગણે તિહાં તુચ્છ બ્રહ્માનંદ ? ૧૫૭

અનસૂયાનાં વચન એ, સૂણી શાંડિલી એમ;
નમન કરી બોલેઃ- અહા ! માનું હું પણ તેમ. ૧૫૮

ધન્ય અનસૂયા સતી ! વચન તાહરાં ધન્ય !
ધન્ય મહામાયા તુને ! નમું ફરી ફરી ધન્ય ! ૧૫૯

પતિસેવન મુજને ગમે, પતિ પ્રાણજીવન !
ઉત્તેજન આપ્યું સતી, આપી આજ દર્શન ! ૧૬૦

મહત્તપશ્ચરણે કદિ, દુર્લભ દર્શન જાણ;
દેવો સહ ત્વચ્ચરણનું, થયું આજ તે માન. ૧૬૧

પતિસેવાનું ફળ નકી, માનું ઉત્તમ એહ;
પતિ દૈવત આપણું, એમાં શો સંદેહ ? ૧૬૨

પૂર્ણકામ નિતાંત તું; લીધો કેમ આ શ્રમ ?
પ્રસન્નચિત્તે, માત હે ! કહે નિવારી ભ્રમ. ૧૬૩

સૂણી વચન સુરમ્ય એ, વદે અનસૂયા એહ
દેવો ગમ જોઈ મુદાઃ- કરે કેમ સંદેહ ? ૧૬૪

ત્વચ્છાપે રવિઉદય ના થાય શાંડિલી જાણ;
સૂર્યાભાવે કાળનું, રહે ન ઠામ પ્રમાણ. ૧૬૫

કાલોચ્છેદે કર્મનો, થાય ઉચ્છેદ એમ;
કર્મોચ્છેદે લોકનો થાય વિનાશ તેમ. ૧૬૬

કાલમાન રહે નહિ, ચઢે સ્વચ્છંદે જન;
સ્વચ્છંદાચરણે અહા ! કાળ નાશકારણ. ૧૬૭

અનર્થ આવો તુજ કરે, શોભે શું એ એમ ?
માટે માની માહરૂં, કર સૂર્યોદય તેમ. ૧૬૮

એ ઇચ્છાથી તુજ ગૃહે, આવી દેવની સાથ;
છોડ દુરાગ્રહ જો કદિ પડે દેહ પરાર્થ. ૧૬૯

સૂણી શાંડિલી એ વદેઃ- અનસૂયા તું જાણ;
થતાં સૂર્યનો ઉદય હા ! જશે પતિના પ્રાણ ! ૧૭૦

શાપ દારુણ ઋષિતણો; કેમ જશે એ વ્યર્થ !
મહાદુઃખ મુજને થશે; શો જીવનમાં અર્થ ? ૧૭૧

બોલે અનસૂયા તિહાંઃ- શી યમની તાકાત ?
પતિ મરણ જો પામશે, ઉઠાડીશ સાક્ષાત્ ! ૧૭૨

ચિંતા મા કર ભામિની, તાક લોકનું સુખ;
ઉઠાડીશ નિશ્ચય પતિ, નહીં થાય પળ દુઃખ. ૧૭૩

સૂણી વચન એ શાંડિલી; નમી સૂર્યને ત્યાંય
કહેઃ- દિનમણે ! નાથ તું, હું તો મૂઢ સદાય; ૧૭૪

કાલનિયંતા તું કરી મર્યાદાપાલન,
રહ્યો લુપ્ત મદ્વાક્યથી, ધન્ય વિશ્વકારણ ! ૧૭૫

ધીપ્રેરક ધીસાક્ષી હે ! સાંભળ મારૂં વચન;
કૃપા કરી થા ઉદિત, હે પ્રત્યક્ષ નારાયણ ! ૧૭૬

સૂણી વચન સતી તણાં, થાય ઉદિત એ એમ;
તેજોરાશિ સૂર્ય ત્યાં વરસે જાણે હેમ ! ૧૭૭

થતાં ઉદય રવિનો તિહાં, કરે કામ બે જાણ;
હરે ધ્વાંતને પ્રથમ ને, બીજું કૌશિકપ્રાણ !! ૧૭૮

દેખી અનસૂયા કહેઃ- મા થા સાધ્વી ખિન્ન
જો ઉઠ્યો આ તવ પતિ, રોગહીન અભિન્ન ! ૧૭૯

એમ કહી લીધું કરે, સંકલ્પોદક એમ;
કહેઃ- શીલ જો માહરૂં હોય અખંડિત તેમ, ૧૮૦

સેવા પતિની જો કરી, રાખી અનન્ય પ્રેમ;
પ્રાણાન્તે પણ જો ચહ્યું, સદા પતિનું ક્ષેમ; ૧૮૧

સ્વપ્ને પણ પતિ વિણ કદિ, માન્યું ન પર દૈવત;
મત્પાતિવ્રત્યાંશથી ઊઠો દ્વિજ આ મૃત ! ૧૮૨

નીરોગી શત વર્ષ એ, જીવો રોગવિમુક્ત;
આવો પાછું એ ફરી, [1]સૂક્ષ્મ ગયેલું યુક્ત !! ૧૮૩

એમ કહી મૂકે જીહાં વારિ, ઊઠ્યો ત્યાંય
[2]સુપ્તોત્થિતવત્ વિપ્ર એ; જય જય સઘળે થાય ! ૧૮૪

અંતર્બાહ્ય ફરી ગયું, દિસે દેવ સમ એહ;
હર્ષે ઘેલી શાંડિલી, દેખી દિવ્ય સુદેહ ! ૧૮૫

સર્વ દેવ વંદન કરે, નૃત્ય અપ્સરા તેમ;
ગંધર્વો ગાએ મુદા, વર્ષે પુષ્પો એમ ! ૧૮૬

અનસૂયાની કીર્તિ એ, આનંદે સહુ ગાય;
કહે **રંગ** સૂણતાં, વ્યથા ભવની સમૂળ જાય. ૧૮૭

આ અધ્યાયે એમ આ, વર્ણ્યો સતીપ્રભાવ !
ધન્ય અનસૂયા સતી ! ધન્ય શાંડિલીભાવ ! ૧૮૮

પ્રતિષ્ઠાનથી નીસરી અત્ર્યનસૂયા તેમ
માહૂરગઢ જઈ વસે આગળ વર્ણન એમ. ૧૮૯

અનન્ય ભક્તિ જોઈને, ધરે ત્રિમૂર્ત્યવતાર ;
કોણ વર્ણવે એ કથા ? કરે એજ વિસ્તાર !! ૧૯૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
પાતિવ્રત્યપ્રભાવકથનં નામ સપ્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૭ ॥ દોહરા ૧૯૦ (ખંડ પારાયણ ૧ લો દિવસ)

૧. સૂક્ષ્મ શરીરઃ મન પ્રાણાદિ. ૨. ઊંઘીને બેઠેલાની માફક.

અધ્યાય ૮

અલખ કહેઃ- સુરવર સહુ કરે [1]સુમનવર્ષાવ;
દેખી અનસૂયા તણો ! અપૂર્વ એહ પ્રભાવ. ૧

કહે ધન્ય સામર્થ્ય આ ! ત્રિભુવનપૂજ્ય અમેય;
અનસૂયા વંદન તને ! ધન્ય માત શ્રુતિગેય ! ૨

જીવાડ્યું આ વિશ્વને, કીધું દુષ્કર કામ;
જશ આપ્યો અમને, અહા ! કીધું દિગંત નામ. ૩

થયા પ્રસન્ન અમે બધા, માગ કાંઈ વરદાન;
કહે મનોરથ જે વસે ઉરમાં, સતી સુજાણ ! ૪

અનસૂયા વંદી વદેઃ- શું માગું હું દેવ ?
કૃતાર્થ હું પતિભક્તિથી, માગું અખંડ સેવ. ૫

[2]યાવજ્જીવ પતિતણો થાય ન કદિ વિયોગ;
પુત્ર થાય વિધિહરહરિ, માગું એ જ સુયોગ. ૬

અનસૂયામાતાતણાં સૂણી વચન સુર એમ,
કહી 'તથાસ્તુ' હર્ષથી, ગયા સ્વર્ગમાં તેમ. ૭

અત્રયનસૂયા ત્યાંહથી, આવ્યાં માહૂરગઢ;
[3]સહ્યશિખર પર બાંધીને, રહ્યાં આશ્રમ દૃઢ. ૮

શૂળી પર માંડવ્ય એ તપઃપ્રભાવે જાણ,
કરે પ્રાણરક્ષણ તિહાં; જાણ્યું સહુએ માન. ૯

દેવો સહ મુનિજન સહુ, આવ્યા નૃપની પાસ;
કહેઃ- દુષ્ટ ભૂપાલ હે ! કોને આપે ત્રાસ ? ૧૦

તપોનિષ્ઠ માંડવ્ય એ, કીધો શૂલારૂઢ !
ગભરાયો એ સાંભળી, થયો ભૂપ દિક્‌મૂઢ. ૧૧

શૂળી પરથી ક્ષણ મહીં, કર્યા મુક્ત ઋષિ ત્યાંય;
પાયે લાગી નૃપ કહેઃ- ક્ષમા કરો મુનિરાય; ૧૨

થયો મહા અપરાધ આ, અજાણતાં પ્રભુ એમ !
કહે માંડવ્યઃ- નૃપ હે ! મા કર ચિંતા તેમ. ૧૩

દોષ ન તારો એ નકી; અપરાધી યમ જાણ;
પૂછું જઈ યમધર્મને, તું તો મૂઢ અજાણ. ૧૪

મનોવેગથી એમ એ, આવ્યા યમને દ્વાર;
ક્રોધયુકત પૂછે ઋષિઃ- કહે ધર્મ નિર્ધાર; ૧૫

પૂર્વપુણ્યથી થાય જે ભૂપ ભોમ પર એમ,
સર્વદિક્‌પાલાંશ એ, કહ્યું શાસ્ત્રમાં તેમ. ૧૬

જે જે શિક્ષા નૃપ કરે, દિક્‌પાલનીજ જાણ;
કહે ચઢાવ્યો શૂલ પર મુને કેમ સુજાણ ! ૧૭

ધર્મરાજ કહેઃ- તમે [4]બાલ્યે રમતાં એક,
વિંધ્યો પંખી કંટકે; કર્યો અધર્મ છેક. ૧૮

તત્પાપપરિપાક આ, શૂલારોહણ જેહ !
કહે મુનિઃ- હે ધર્મ ! તું અધર્મ નિઃસંદેહ. ૧૯

બાર વરસ અંદર કરે, બાળક જે જે પાપ,
તદ્‌ભાગી માતાપિતા; આપ્યો અસહ્ય તાપ. ૨૦

ધર્મ થઈ અધર્મ તેં, કીધો હાથે એમ;
મચ્છાપે દ્વાપરયુગે, થા દાસીસુત તેમ. ૨૧

આગળ શાપે મુનિતણા, થયા અર્યમા[5] એહ
દાસીસુત ભૂલોકમાં, વિદુર નિઃસંદેહ. ૨૨

અત્રયનસૂયા એ રહ્યાં, સહ્યપર્વતે તેમ;
બ્રહ્માહરિહર ત્યાં સ્મરે, નિજ વર જાણી એમ. ૨૩

એક દિવસ અત્રિ તિહાં, કરે સમાધ્યુત્થાન;
ઋતુસ્નાન ત્યાં તો ખડી, આગળ સતી સુજાણ. ૨૪

ઋષિનેત્રથી નીસરી, જ્યોતિ એક પવિત્ર;
બ્રહ્માહરિહરરૂપ એ, જ્યોતિ ક્ષણમાં ચિત્ર ૨૫

પેઠી અનસૂયોદરે; થઈ ગર્ભસ્વરૂપ !
અકળ કળા ત્ર્યધીશની ! શોભે કાંતિ અનુપ !! ૨૬

ભાવે સ્મરતાં જેહને, ટળે જન્મ વિનાશ;
ગર્ભવાસ શો તેહને, અજ અક્ષય જે ખાસ ? ૨૭

તો પણ, ભક્તાધીન હું, બતાવવા એ તેમ,
કરે નાટકી શ્રીહરિ, લીલા અતર્ક્ય એમ ! ૨૮

[6]અંતર્વત્ની સુંદરી, આનંદાપ્લુત[7] એહ;
કથે જ્ઞાન ઉત્તમ અતિ, ટાળે ભવસંદેહ. ૨૯

બ્રહ્મચિત્કલા મૂળમાં, તેમાં દૈવી ગર્ભ;
[8]દોહદસુખ કો વર્ણવે ? નર્યો બ્રહ્મરસગર્ભ[9]. ૩૦

કરે સકળ સંસ્કાર એ, અત્રિમુનિ સન્નિષ્ઠ;
નવ માસ નવ દિન થયા, આવ્યો કાળ વરિષ્ઠ.[10] ૩૧

સ્વવિભૂતિમાસ જે માર્ગશીર્ષ ઉત્તમ,
ચર્તુદશીયુત પૌર્ણિમા લગ્ન[11] ઉત્તમોત્તમ; ૩૨

બુધવાસર વાસરમણિ,[12] મૃગ નક્ષત્ર એમ;
[13]પ્રદોષસમયે પુત્ર એ, થયા ત્રિમૂર્તિ તેમ ! ૩૩

અકસ્માત આગળ ખડું એક ત્રિમૂર્તિસ્વરૂપ;
ભસ્મોદ્ધૂલિતવર[14] વપુ[15] ષડ્‌ભૂજ સુમુખ અનુપ. ૩૪

૧. પુષ્પવૃષ્ટિ. ૨. જીવતાં સુધી. ૩. સહ્યાદ્રિ. ૪. બાળપણમાં. ૫. પિતૃલોકાધિપતિ, યમધર્મ. ૬. ગર્ભિણી. ૭. આનંદથી છલકાતી. ૮. ગર્ભિણીની ઇચ્છાઓ. ૯. તત્ત્વ ૧૦. શ્રેષ્ઠ. ૧૧. તિથિનક્ષત્રનો યોગ. ૧૨. બધા વારમાં રત્ન જેવો. ૧૩. સંધ્યાકાળ. ૧૪. સુંદર. ૧૫. શરીર.

નીચેના બે હાથમાં, ધર્યાં કમંડલુ માળ;
શોભે વચલા હસ્તમાં, ડમરુ ત્રિશૂળ વિશાળ. ૩૫

ઉપરના કરકંજમાં શંખ ચક્ર પણ એમ;
જટાજૂટ શિર પર લસે, કાષાયાંબર તેમ ! ૩૬

દેખી તેજઃપુંજ એ દિવ્યરૂપ સુકાય,
અત્યનસૂયાચિત્તમાં પરમાનંદ ન માય. ૩૭

સાષ્ટાંગ પ્રણતિ કરે, થયો કંઠ ગદ્‌ગદ્ !
સ્તવન કરે કર જોડીને, વહે અશ્રુ દડ્‌દડ્ ! ૩૮

જય સચ્ચિત્સુખ શ્રીહરે ! અજ અક્ષય અવિનાશ;
આદિ અંતમાં એક તું, મધ્યે એક [1]ઉદાસ ! ૩૯

અસંગ નિર્ગુણરૂપ તું, સઘળે સભર અનન્ત;
માયાવી પામર અહા ! જાણે શું તુજ અન્ત ! ૪૦

વિશ્વરૂપ ! તુજમાં ભમે, બ્રહ્માંડૌઘ[2] સમસ્ત;
જન્મ્યો મમ ઉદરે અહા ! માને કો એ મસ્ત ? ૪૧

સર્વતંત્રસ્વતંત્ર તું, થાય ભક્તિપરતંત્ર !
ભાવભૂખ્યો નાથ હે ! કો જાણે તુજ મંત્ર ? ૪૨

સત્યરૂપ ત્વદ્વચન એ, થાય કેમ અસત્ય ?
દીનવત્સલ નાથ હે ! પાળ ભક્ત નિજ ભૃત્ય.[3] ૪૩

[4]અઘભંજન ! [5]નતરક્ષણે, કદિ ન તું સાલસ્ય;[6]
આજ વિડંબન આદર્યું ! લહે કોણ રહસ્ય ? ૪૪

કોણ કહે આ રૂપને, ઋષિપુત્ર સુજાણ ?
બાલરૂપ માટે ધરી, કરો પૂર્ણ વરદાન. ૪૫

લાલનપાલન તાહરૂં પુત્રભાવથી તેમ,
કરતાં માયાભ્રમ સહુ, જશે અમારો એમ. ૪૬

એમ કહી બંને ગ્રહે, દિવ્ય ચરણ એ જાણ;
પ્રાર્થે પુનઃ પુનઃ પ્રભો ! તું વિણ નાથ ન આન. ૪૭

સૂણી વચન સુહાસ્ય એ, વદે ત્રિમૂર્તિ તેમઃ-
અહો ! ઋષીશ્વર કાં કરો, શંકા વિચિત્ર એમ ? ૪૮

આપ્યું કુલાચલે[7] જિહાં, પ્રથમ દર્શન એહ;
એકરૂપ ત્રણેય કહી, કર્યો દૂર સંદેહ. ૪૯

વળતી રેવાતટ વિષે, આવ્યા આશ્રમ માંહ્ય;
ત્રણેય ભિક્ષુકરૂપથી, યાચી ભિક્ષા ત્યાંય. ૫૦

નગ્નભિક્ષા અર્પતાં, રાખી શ્રદ્ધા એમ;
અનસૂયા તુજ બાળ ત્યાં, થયા ત્રિદેવ તેમ. ૫૧

અમ શક્તિ આવી તિહાં, કરે માગણી જાણ
અમારી, પ્રાર્થી તુને; માગ્યું તેં વરદાન, ૫૨

ખાલી ના પર્યંક એ રહે એમ વર એહ
આપી; શક્તિ સહ કર્યું ગમન નિઃસંદેહ. ૫૩

દેવો ઇંદ્રાદિક સહુ, ભક્ત અમારા એમ,
પ્રતિષ્ઠાનમાં તુષ્ટ એ, આપે વર સપ્રેમ. ૫૪

સત્ય કરવા સર્વ એ, સ્મરાવવા વર તેમ;
પ્રગટ કરવા ભક્તિનો, મહિમા અદ્‌ભુત એમ; ૫૫

દિવ્ય રૂપ ધારણ કરી, આપ્યું દર્શન જાણ;
દેખી નિષ્ઠા બેઉની, અનન્ય એક પ્રમાણ. ૫૬

આપ્યું મારૂં દાન મેં, માનો નિશ્ચય એહ;
રહીશ તમ સ્વાધીન હું, આજ્ઞાધીન સદેહ. ૫૭

વિશ્વનાટકી એમ એ, બોલી ત્યાં તત્કાળ;
બાલત્રય પોતે થયા, ધન્ય વિશ્વપ્રતિપાળ ! ૫૮

સ્નાન કરી અત્રિ મુદા, કરે શીઘ્ર જાતક;[8]
મુનિજન જય જય શબ્દથી, ગર્જે ત્યાં નિઃશંક ! ૫૯

દેવો પુષ્પવૃષ્ટિ કરે, વહે મંદ સમીર;[9]
વાગે દુંદુભિ સ્વર્ગમાં, ગાય ગંધર્વ ધીર ! ૬૦

નાચે આનંદે અહા ! અષ્ટ નાયિકા ત્યાંય;
સ્થાવર જંગમ સર્વને, અમિત આનંદ થાય ! ૬૧

વંધ્ય વૃક્ષ ફળ્યાં અહા ! વંધ્યા સગર્ભ તેમ;
આનંદોત્સવ વિશ્વમાં, વર્ત્યો સઘળે એમ ! ૬૨

મૂળપુરુષ જ્યાં અવતરે, ઊડે અખંડ ગુલાલ !
દુઃખો નાસે દશ દિશા, ટળે દુરિત દુષ્કાળ ! ૬૩

ધન્ય સાધ્વી અનસૂયા, દેવત્રયની માત;
યત્સ્તન્યે વિધિહરહરિ, થાય તૃપ્ત સાક્ષાત્ ! ૬૪

મુનિવર ઉલ્લાસે કરે બારમે દિન એમ,
નામકરણોત્સવ તિહાં; પાડે નામ સપ્રેમ. ૬૫

[10]અન્વર્થક નામો અહા ! દત્ત ચંદ્ર દુર્વાસ !
ઉચ્ચારણમાત્રો કરે, સર્વ પાપનો નાશ. ૬૬

સ્વાત્મદાન જેણે દીધું, દત્ત વિષ્ણુ તે જાણ;
કલિતારક મહિમા વધ્યો, ભજે મૂઢ સજ્ઞાન. ૬૭

બ્રહ્મદેવનો અંશ જે, ચંદ્ર તેહનું નામ;
આપે આલ્હાદન[11] તથા, જેનું શીતળ ધામ. ૬૮

પાતકની શિક્ષા કરી પાપીજનને એમ,
રક્ષે જે નિજ ભક્તને, દુર્વાસા એ તેમ. ૬૯

મહાદેવનો અંશ એ, ક્રોધમૂર્તિ સાક્ષાત્ !
પોઢાવે પ્રેમે સતી, ત્રણેય બાળ ઉદાત્ત.[12] ૭૦

૧. તટસ્થઃ નિર્વિકાર. ૨. સમૂહ. ૩. ચાકર; દાસ. ૪. પાપહારક. ૫. ભક્તરક્ષણમાં, ૬. આળસુ. ૭. હિમાલય પરનો એક ભાગ; ઋક્ષપર્વત. ૮. જાતકર્મસંસ્કાર. ૯. વાયુ. ૧૦. યથાર્થ. ૧૧. આનંદ. ૧૨. ઉદારચરિત.

પારણામાં નાંખીને ગાય મધુરાં ગીત, મંદ હીંચકા નાંખી એ; ધન્ય એહની પ્રીત ! ૭૧

હાલરડું-૧

(અજિ અક્રૂર હા નેતો - એ મરાઠી રાહ)

ઝૂલો ઝૂલો રે દત્ત દિગંબર સ્વામી ! અવધૂત પરાત્પર નામી ! ટેક

ઝૂલાવે અનસૂયા કર્દમતનયા જાયા અત્રિની નિગમાગેયા !!

॥ ચાલ ॥ ખાણો જે ચાર વિચિત્ર
પારણું એજ પવિત્ર;
ચોવીસ દોરડીએ ચિત્ર;
બાંધ્યું સ્તંભે માયાત્મક સ્મૃતિગામી ! ડોલે જો, અંતર્જામી !.....ઝૂલો. ૧

॥ ચાલ ॥ મનદોરી ખેંચી પ્રેમે
હીંચકા કર્મના ક્ષેમે
નાખે તું સહુને ધીમે;
તે ભક્તસખા ભક્તિવશ તું જન્મી, પારણીએ ઝૂલે અકામી !.....ઝૂલો ૨

॥ ચાલ ॥ સંસારવાસના ચાળા
વિષયોના જે તે કાળા
મમતાનાં મેલાં જાળાં;
મૂકીને એ શ્રુતિગર્ભ ગીત સુખધામી, સાંભળે ધન્ય ગુરુગામી !.....ઝૂલો. ૩

॥ ચાલ ॥ ઉન્મની નિદ્રા સાધી
પામે એ રંગ[૧] પ્રસાદી
સહુ ટળે ઉપાધિ વ્યાધિ;
ત્રિભુવનમાં ના તેને કશીએ ખામી, રાખે તું સ્વાત્મારામી !.....ઝૂલો. ૪

હાલરડું-૨

(બાળા જો જો રે - એ મરાઠી રાહ)

ઝૂલો ઝૂલો રે, અવધૂતા ! શોક મોહ અતીતા ! - ટેક
અદ્‌ભુત પારણું અણુ મેરું, ઘૂમે ઘેલું ઘેલું;
માયામય સ્તંભે ત્રિરંગી, પંચરંગી સુભંગી;
માંહે નિઃસંગી તન્મયતા, લે ઉન્મની ભગવંતા !.....ઝૂલો ૧
ખેંચે [૨]અદૃષ્ટ, યદૃદૃષ્ટ તન્નષ્ટ શ્રુતિસ્પષ્ટ;
અનાદ્યનન્ત તું મધ્યસ્થ, નિત્યપૂર્ણ સત્ત્વસ્થ;
લીલા એ તારી વિધવિધતા, એક મૂળમાં સત્તા !.....ઝૂલો ૨
સચ્ચિત્સુખ મુખડું વિકાસી, વિશ્વરૂપ પ્રકાશી,
જગદાડંબર આ લે ગ્રાસી, નિત્યતૃપ્ત ઉપવાસી !
ગ્રસ્ય ગ્રાસક તું અનન્તા ! ઓઢે નિર્ગુણ કંથા !.....ઝૂલો ૩
રંગ દિગંબર[૩] એ નિહાળી, બોલે કાલી કાલી;
માત શ્રુતિ પણ એ બોબડી; મૌને મૂર્તિ જડી !
મૂર્તામૂર્ત તું અચ્યુતા ! કર્તા ભર્તા હર્તા !.....ઝૂલો ૪

હાલરડાં ગાઈ સુખે, હીંચોળે શ્રુતિરૂપ;
ધન્ય ભાવ એ એહનો ! ધન્ય ભક્તિ અનુપ ! ૭૨

સૃષ્ટિ સ્થિતિ સંહાર જે કરે પલકમાં તેહ,
પારણીએ ઝૂલે; અહા ભક્તવાત્સલ્ય એહ ! ૭૩

વિશ્વંભર કોડે રડે, ભાવભૂખ્યા એમ;
અનસૂયા સ્નેહે અહા લઈ રમાડે તેમ ! ૭૪

બે જણને બે સ્તન થકી કરાવતાં સ્તનપાન,
ત્રીજો આકંદે અહા ! તેને અંગુલી સાન[૪]. ૭૫

૧. જ્યોતિઃસ્વરૂપ ૨. પ્રારબ્ધ. ૩. નિરાવરણ નિત્ય નિરંજન સ્વરૂપ. ૪. જ્ઞાની.

આપી છાનો એ કરે, કૃપાદૃષ્ટિથી એમ;
ધન્ય ભાગ્ય સાધ્વીતણું ! કોણ વર્ણવે તેમ ? ૭૬

યજ્ઞયાગથી તૃપ્ત ના થયા જેહ લગાર;
સતીસ્તન્યપાને અહા ! કાઢે તૃપ્તોદ્‌ગાર.[૧] ૭૭

અનન્યભક્તિનું કદિ, અપૂર્વ ફળ આ એમ;
લાલનપાલનનું અહા, કોણ વર્ણવે તેમ ? ૭૮

એની લીલા એ લહે, કરે ખેલ અનન્ત;
પામર પાછો ત્યાં પડે, જોવા જાતાં અન્ત. ૭૯

આજ્ઞા માગી ચંદ્રમા, ચંદ્રમંડલે એહ
રહ્યો જઈ આકાશમાં, વરસે અમૃતમેહ. ૮૦

જીવન જે ઔષધિતણું, વનસ્પતિનો પ્રાણ;
અમૃતાત્મા એ ચંદ્રમા, સૌંદર્ય મૂર્તિમાન ! ૮૧

દુર્વાસા પણ એમ એ, કરી તુરત વંદન
અત્ર્યનસૂયાચરણમાં, કરે શીઘ્ર ગમન. ૮૨

સ્વચ્છંદે વિચરે જગે, દંડે દુર્જન એમ;
તપોનિષ્ઠ યોગી મહા, ઉદ્ધારે જગ તેમ. ૮૩

જતાં બેઉ જણ એમ એ, કરે અનસૂયા દુઃખ;
દેખી દત્ત દ્રવે અહા ! આવે તુરત સન્મુખ. ૮૪

કહેઃ- માત આ શોક કાં કરે વ્યર્થ અજાણ ?
સ્મરી પૂર્વ વૃત્તાંત એ, હું જ ત્રિમૂર્તિ માન. ૮૫

એમ કહી ત્યાં પલકમાં, થયા ત્રિમૂર્તિસ્વરૂપ;
ત્રણ મસ્તક ષડ્‌ભુજ અહા ! શોભે મૂર્તિ અનુપ ! ૮૬

શંખ ચક્ર ગદા અહા ! પદ્મકમંડલ શૂલ;[૨]
શોભે આયુધ કર વિષે, જટાજૂટ શિર સ્થૂલ. ૮૭

એકસ્વરૂપ પુત્રત્રય, દેખી અભિન્ન એહ;
જોઈ રહી મોદે સતી, ભૂલી દેહ ને ગેહ ! ૮૮

વિશ્વરૂપી ક્ષણમાં દિસે, થાય સતી દિઙ્‌મૂઢ;
ક્ષણે પૂર્વવત્ શિશુ[૩] થઈ, કરે કૌતુક ગૂઢ ! ૮૯

ફેલાવી માયા અહા ! કરે મોહિત એમ;
[૪]અંકે બેસી હોંશથી, પીએ સ્તન્ય સપ્રેમ. ૯૦

લીલા દેખી શાંત એ, અનસૂયા તત્કાળ
થઈ; રમાડે કોડથી પૂર્ણકામ એ બાળ. ૯૧

ખેલે કૌતુકથી અહા ! વદે બોબડા બોલ;
મુગ્ધ ચેષ્ટા કરી હસે, કરે મૂક કલ્લોલ ! ૯૨

મૂગાને વાચાળ જે કરે, બોબડો તેહ !
ધન્ય લીલા એહની ! પડે અથડાઈ દેહ. ૯૩

પાંગળો ગિરિવર ચઢે, થતાં યત્કૃપા જાણ;
ક્ષણે ક્ષણે ગબડી પડે, ભક્તિવશ એ માન. ૯૪

ઋષિઓનાં બાળક કરી ભેગાં, રમે સદાય;
બોલાવે જમવા સતી, સૂણી રપૂચક થાય ! ૯૫

અનસૂયા પાછળ પડે, ધડુડુડુ દોડે એહ;
આખર થાકી બેસતાં, આવે હાથે તેહ ! ૯૬

યોગીને પણ સ્વપ્નમાં, કદિ ન આવે હાથ;
ભક્તભાવનાધીન એ, આવે જનનીહાથ ! ૯૭

ખોળામાં લઈ ભાવથી, ન્હવડાવે કદિ માત;
બીજે ક્ષણ માટી લઈ, ચોળે નખશિખાન્ત ! ૯૮

લીલા એવી બહુ કરી, કરે મનોરંજન
માતપિતાનું સર્વદા, સચ્ચિદ્‌આનંદઘન. ૯૯

આઠ વરસ થતાં કરે, અત્રિ મૌંજીબંધન;
પિત્રાજ્ઞા લઈ શીઘ્ર એ, જાય કૈલાસભુવન. ૧૦૦

મૃત્યુંજય પ્રાર્થી કરે, સકળ વિદ્યાભ્યાસ;
[૫]શાસ્ત્રયોનિ જે સ્વયં, પૂર્ણ આત્મપ્રકાશ ! ૧૦૧

ત્યાંથી ગોદાતટ વિષે પાંચાલેશ્વર જાણ,
આવી તપશ્ચર્યા કરે, જગદુદ્ધારક માન. ૧૦૨

[૬]આપ્તકામ માહૂરગઢે, આવી ક્ષણમાં તેમ;
અત્ર્યનસૂયા વંદીને, રહે સન્નિધ એમ. ૧૦૩

અંતર્બાહ્ય વ્યાપી રહ્યો, વ્યોમવત્ નિર્લેપ;
કો લીલા એની લહે, નષ્ટાવરણવિક્ષેપ ? ૧૦૪

લંગોટી ફેંકી દીધી, બેઠો જઈ સ્મશાન;
નગ્ન દિગંબર રૂપ એ ! આપે યોગી માન. ૧૦૫

ફેંકે પથ્થર દૂરથી, કાઢે મુખથી ગાળ;
રમે અહોનિશ એકલો, કો દિન જેવો બાળ; ૧૦૬

ભાસે યુવાનવત્ ક્વચિત્, કરે તરુણીથી ગેલ;
વૃદ્ધ થઈ ફરે ક્વચિત્, પ્હેરે જીર્ણ કુચેલ[૭] ! ૧૦૭

ક્વચિત્ જટા શિર પર ધરે, ફરે ઋષિ સમ એમ;
ક્વચિત્ ત્યાગી, ભોગી ક્વચિત્, ક્વચિત્ સંગી તેમ. ૧૦૮

યોગી થઈ ફરે ક્વચિત્, નગ્ન નિઃસંદેહ;
જરિયન વસ્ત્રોથી કદિ, શોભે એની દેહ ! ૧૦૯

હાડપિંજરસમ દિસે, પુષ્ટ કોઈ દિન એમ;
દંડી ભિક્ષુ[૮] થઈ ફરે, ક્વચિત્ અદંડી તેમ ! ૧૧૦

બ્રહ્મચારી સમ દિસે; ક્વચિત્ ગૃહસ્થાશ્રમ;
વાનપ્રસ્થ થઈ ફરે, ક્વચિત્ વિરુદ્ધાશ્રમ ! ૧૧૧

૧. તૃપ્તિના ઓડકાર. ૨. ત્રિશૂલ. ૩. બાળક. ૪. ખોળામાં. ૫. શાસ્ત્રનું મૂળ કારણઃ પ્રાકટ્યસ્થાન. ૬. પૂર્ણકામ; નિષ્કામ. ૭. કઢંગુ વસ્ત્ર. ૮. સંન્યાસી.

વિધિનિષેધ ફેંકી દઈ, કરે વિવિધ વર્તન;
વિચિત્ર ચેષ્ટા એહની; કોણ કરે વર્ણન ? ૧૧૨

મન વાણી પહોંચે નહિ, સુર કિન્નર મુનિ મૂઢ;
ભક્તરક્ષાકારણે ફરે એમ નિગૂઢ[૧] ! ૧૧૩

બાલોન્મત્તપિશાચવત્ દેખી લીલા એહ,
જ્ઞાની વંદન સહુ કરે, કરે મૂઢ સંદેહ ! ૧૧૪

સ્મરણમાત્રે જે હરે કષ્ટ સકળ તત્કાળ,
દર્શન આપી ભક્તને; એવો કોણ દયાળ ? ૧૧૫

કેવળ દેખે ભાવને, નવ દેખે અવગુણ;
નિર્ગુણ ભક્તિવશ થયો, દેવ જેહ સગુણ ! ૧૧૬

સહ્યાચળ પર એ વસે, દત્ત નિરંતર જાણ;
સ્મર્તૃગામી સર્વદા, જ્યાં ત્યાં હાજર માન. ૧૧૭

સૂતો માહૂરગઢ વિષે; વ્હાણે ગંગાસ્નાન;
આચમન કુરુક્ષેત્રમાં, કરે અવધૂત જાણ. ૧૧૮

ધ્યાન ગંધર્વપત્તને[૨]; વિભૂતિધારણ તેમ
કરે ધૂતપાપેશ્વરે; લીલા અતર્ક્ય એમ ! ૧૧૯

સંધ્યા કરહાટે કરે, કોલ્હાપુરમાં તેમ
ભિક્ષા માગે કોડથી, વિશ્વંભર એ એમ ! ૧૨૦

પંઢરપુરમાં શ્રીહરિ, કરે તિલકધારણ;
ભોજન પાંચાલેશ્વરે ! ચકિત થાય મુનિજન. ૧૨૧

તુંગભદ્રામાં સદા, કરે એહ જલપાન;
બદરીનારાયણ જઈ, સુણે કથા અમાન ! ૧૨૨

રૈવતગિરિ[૩] પર એમ એ, લે વિશ્રાંતિ તુષ્ટ !
પશ્ચિમસાગરમાં કરે સાયંસંધ્યા હૃષ્ટ !! ૧૨૩

દત્તાદિગંબર દેવ એ, કલિતારક તું જાણ;
વેદધર્મા યત્કીર્તને, શ્રવણે દીપક માન; ૧૨૪

કાર્તવીર્ય સ્મરણે તર્યો; દાસ્યભક્તિથી એમ
આયુ, અલર્ક વંદને, અર્ચને યદુ તેમ. ૧૨૫

વિષ્ણુદત્ત સેવન થકી, સખ્યે ભાર્ગવરામ;[૪]
કંઈક સ્વાત્મનિવેદને, પામ્યા અક્ષય ધામ. ૧૨૬

અધિક તુજને શું કહું ? સાધ્ય[૫] કિન્નરો જેહ;
ભક્તોત્તમ પ્રહ્લાદ પણ, આવ્યા શરણે તેહ ! ૧૨૭

સૂણી વચન આભો વદે, શિષ્ય નિરંજન એમ;
માફ કરો પ્રભુ ના લહું, શું પૂછવું વળી કેમ ! ૧૨૮

જેમ જેમ સૂણું કથા, તેમ વધે આશ્ચર્ય;
શ્રવણતૃષા છીપે નહીં; કરો તૃપ્ત ગુરુવર્ય ! ૧૨૯

ભક્તોત્તમ પ્રહ્લાદ એ, આવ્યો શરણે કેમ ?
કૃતાર્થ સાધ્યાદિક થયા, પામ્યા શેં એ ક્ષેમ ? ૧૩૦

વિસ્તારી સઘળું કહો, કૃપા કરી ગુરુરાય;
એમ કહી વંદન કરે, શિષ્ય નમાવી કાય. ૧૩૧

પ્રશ્ન રમ્ય એ સાંભળી, વદે અલખ દયાળ;
આગળ સૂણતાં એ કથા, નડે ન કદિએ કાળ. ૧૩૨

જ્ઞાનસત્ર ખોલ્યું અહા ! લે બડભાગી લાભ;
હતભાગી ખૂણે રડે, દેખી મિથ્યા ખ્વાબ[૬] ! ૧૩૩

દત્તજન્મકથા કહી, વિચિત્ર ચર્યા તેમ
આ અધ્યાયે; સૂણતાં પામે ના કો ક્ષેમ ? ૧૩૪

રંગ નાટકી શ્રીહરિ ! લીલા એની ગૂઢ !
પામર શું સ્હમજી શકે, જ્યાં જ્ઞાની પણ મૂઢ ? ૧૩૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
દત્તાત્રેયાવતારો નામ અષ્ટમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૮ ॥ દોહરા ૧૩૫ હાલ૦ ૨

અધ્યાય ૯

અલખ કહે સત્ત્વાંશી તું, પ્રભુપરાયણ જાણ;
ગુરુલીલા તુજને ગમે, કર કથામૃતપાન. ૧

પારાયણ તુજ કારણે, થાય માહરૂં એમ;
સ્મરે સર્વ લીલા ક્રમે, વધે આનંદ તેમ. ૨

ભક્તરાજ પ્રહ્લાદ એ, યત્કારણે નૃસિંહ
થયા પ્રગટ અવની વિષે, માર્યો દિતિસુતસિંહ[૭]. ૩

બેસાડ્યો પ્રહ્લાદને, પિત્ર્ય[૮] રાજ્ય પર એમ;
કરે રાજ્ય નીતિ થકી, ભક્તોત્તમ એ તેમ. ૪

નારદોપદેશે કરે, સદા ભગવચ્ચિંતન;
આત્મજ્ઞાન વિના ન એ, થાય શાંત પણ મન ! ૫

ક્વચિત્ મૂઢ ક્ષિપ્ત[૯] ક્વચિત્ ક્વચિત્, એકાગ્ર એમ;
આનંદોત્પ્લુત ક્ષણ મહીં, ક્ષણમાં સચિંત તેમ. ૬

૧. કોઈ ઓળખે ના તેમ; ગુપ્ત વેષે. ૨. ગાણગાપુર. ૩. ગિરનાર. ૪. પરશુરામ. ૫. સાધ્ય દેવો. ૬. સ્વપ્ન. ૭. દૈત્યોમાં સિંહ જેવો. ૮. પિતાથી ચાલી આવેલું. ૯. ભટકતું, અનેક જગ્યાએ વેરાએલું.

અક્ષય શાંતિ ના લહે, થયો અતિશય ખિન્ન;
ભમે એકલો વન વિષે, [1]મૃગયાબ્હાને દીન. ૭

સહ્યાદ્રિ પર રખડતાં કાવેરીતટ જાણ,
દેખે ભાગ્યે એક દિન, કોક પુરુષ અજાણ. ૮

સૂતો લાંબો થઈ અહા ! અજગરસમ ભૂ પર;
ધૂલિધૂસર[2] ગાત્ર છે, વર્ણચિહ્ન અકળ ! ૯

આંખો ચમકે તેજથી, નિર્મલ નિશ્ચલ સ્થિર;
દેખી એ અવધૂતને, વંદે ભક્ત સુધીર. ૧૦

કર જોડી પૂછેઃ- પ્રભો ! દેખાઓ નિર્ધન;
ખાનપાનથી પુષ્ટ આ, શેં દેખાએ તન ? ૧૧

શક્ત છતાં ઉદ્યોગ ના કરો, ભાસે એમ;
ઉદ્યોગે ધન સાંપડે, વિત્તાધીન જ તેમ ૧૨

ખાનપાનાદિક સહુ, આવી મળે સુભોગ;
ભોગે તનુ બંધાય છે; આ તો વિરુદ્ધ યોગ ! ૧૩

સૂતા નિરુદ્યમી સદા, નિરિચ્છ ને નિશ્ચેષ્ટ !
પુષ્ટ થયું શરીર શેં ? કહો પ્રભો યથેષ્ટ. ૧૪

જડે ન ઉદ્યમ મૂઢને, અમૂઢ આપ સુજાણ;
જ્ઞાની [3]દક્ષ દિસો અહા ! જાણી થયા અજાણ !! ૧૫

દેખી વિચિત્ર લોક આ, કરો ન કાંઈ ક્ષોભ;
વર્તો રાગદ્વેષ વિણ, સમાન એ નિઃક્ષોભ ! ૧૬

સૂણી વચન પ્રહ્લાદનાં, વદે વચન ભગવાન;
હસી મંદ અવધૂત એ, અત્રિપુત્ર સુજાણઃ- ૧૭

[4]મુનિચ્છાત્ર સાંભળ મુદા, કર્મભૂમિ આ જાણ;
સ્વર્ગ મોક્ષ ને નરકનું, દ્વાર એક સમાન. ૧૮

વિષયતૃષ્ણાથી ભમી [5]યોન્યંતરમાં જીવ,
આવે મનુષ્યલોકમાં, કર્મે પુણ્ય અતીવ[6]. ૧૯

સુખ માટે તન તોડીને, કરે પ્રયત્ન મહાન્;
સુખ સુખ કરતાં દુઃખથી, થાય વ્યાકુળ પ્રાણ. ૨૦

લોકયત્ન જોઈ થયો, હું સ્વયં નિવૃત્ત;
બાહ્ય ફાંફાં છોડીને, થયો અંતર્વૃત. ૨૧

આત્મા સુખસ્વરૂપ આ, લેશ ન એમાં દુઃખ !
અભ્યાસે એ જાણતાં, જડે ન શોધ્યું દુઃખ ! ૨૨

અવિદ્યાદિ ક્લેશ એ, થતાં નષ્ટ સહુ એમ;
સ્વયં પ્રભા[7] એની લસે, સુખસ્વરૂપ તેમ. ૨૩

માટે [8]સંસ્પર્શજ સહુ ભોગ દુઃખ છે માન;
જાણી એવું દૈવભુક્[9], પડી રહું હું જાણ. ૨૪

લોકો આવું કાં ન એ કરે ? પૂછીશ એમ;
સાંભળ કારણ, બાળ હે ! જાણી અનુભવ તેમ. ૨૫

અંતઃસુખ છોડી જનો, મારે ફાંફાં બ્હાર;
આત્મા માની દેહને, દુઃખી થાય ગમાર. ૨૬

અનિત્ય ગંદો દેહ જે કેવળ દુઃખસ્વરૂપ;
નિત્ય સુખાત્મક માનીને, પડે મૂઢ ભવકૂપ. ૨૭

શેવાળે છાયું દિસે, પાણી નિર્મળ જેમ;
સ્વાત્મા માયાચ્છન્ન એ, શુદ્ધ સુખમય તેમ. ૨૮

ખસેડતાં સદ્યુક્તિથી દૂર એહ શેવાળ,
નીચે અમૃતમય દિસે, પાણી ત્યાં તત્કાળ. ૨૯

જ્ઞાનાભ્યાસે તેમ એ ખસેડતાં અજ્ઞાન,
માયાપડળ ખરી પડે, થાય સ્વાત્મનું ભાન. ૩૦

પ્યાસો પાણી છોડીને, દોડે મૃગજળ પાસ;
અથડાઈ અંતે મરે, તેમજ માયાદાસ. ૩૧

સ્વાત્મસુખ સ્વાધીન જે, છોડી દોડે જેહ
વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ. ૩૨

વણ માગ્યે આવી મળે દુઃખ જેમ, સુખ તેમ
દૈવે વણ માગ્યે મળે; યત્ન નિરર્થક એમ. ૩૩

હતભાગી કૂટી મરે, થાય યત્ન નિષ્ફળ;
સ્વપ્ને સુખ પામે નહીં; અહા ! દૈવ અકળ. ૩૪

થાય સફળ તોએ કદિ, વિષય દુઃખનું મૂળ;
ક્ષણભંગુર પરતંત્ર એ, કરે વિરસ વ્યાકુળ. ૩૫

જાણી એવું અંતરે, કરું ન કાંઈ યત્ન;
શું વિષયોથી મર્ત્યને[10] દુઃખરૂપ જે કૃત્સ્ન ? ૩૬

વિષયેચ્છુને સર્વદા, પીડે રાગદ્વેષ;
મોહશોકશ્રમાદિથી થાય અંતરે ક્લેશ. ૩૭

ભયશંકાથી ના કદિ, આવે નિદ્રા એમ;
[11]અનવસ્થિત મન જેહનું, સદા અસુખી તેમ. ૩૮

અજગરશિષ્ય થઈ ત્યજી, પ્રાણેચ્છા મેં જાણ;
મધમાખી પાસે શીખ્યો, વ્યર્થ [12]અર્થની જાણ. ૩૯

માટે વ્યાઘ્રાદિક થકી, રોગશત્રુથી તેમ;
નૃપ તસ્કર યાચક થકી, ડરું ન કદિએ એમ. ૪૦

૧. શિકાર. ૨. ધૂળથી ખરડાયેલું. ૩. બાહોશ. ૪. નારદશિષ્ય. ૫. અન્ય યોનિઓમાં. ૬. અત્યંત. ૭. પ્રકાશ. ૮. ઈંદ્રિયો અને વિષયોના સંયોગથી પ્રાપ્ત થએલ. ૯. પ્રારબ્ધથી પ્રાપ્ત થાય તેનો હર્ષશોક વગર ઉપભોગ કરનાર. ૧૦. મનુષ્યને. ૧૧. અસ્થિર. ૧૨. ધનની.

નિરિચ્છ અંતરમાં સદા, [1]યદચ્છામસંતુષ્ટ;
દૈવે કાંઇ નવ મળે, તોએ ન હું અતુષ્ટ. ૪૧

ધીરજ ધારી ઉર વિષે, પડી રહું બહુ કાળ;
અજગરવત્ નિશ્ચેષ્ટ હું, માની સદા સુકાળ. ૪૨

મળે વધારે થોડું વા, સ્વાદુ કદન્ન જેહ;
જને વને નિશ્ચિંત હું, ખાઉં નિઃસંદેહ. ૪૩

આદરથી પૂજા કરી, જમાડતાં કદિ લોક,
તિરસ્કારથી વા કદિ, માનું હર્ષ ન શોક. ૪૪

જમ્યાં છતાં પણ ભાવથી, બોલાવે કદિ એમ;
વિધિનિષેધ ગણું નહીં, જમું ભાવથી તેમ. ૪૫

ભલે કડાકા કદિ પડે, દિવસરાતના જાણ;
દૃષ્ટિ સરખી નવ કરું, અન્ન તરફ હું માન. ૪૬

કષ્ટે ધન ભેળું કીધું, હરે અન્ય તે એમ,
[2]મધુવત્ માલિકને હણી, થયો વિરક્ત તેમ. ૪૭

સંગ્રહ ના કો દિ કરું, નાશમૂળ સંગ્રહ;
શીખ્યો મધમાખી કને, દુઃખમૂળ પરિગ્રહ. ૪૮

દૈવે આવી જે મળે, ચર્મ વલ્ક[3] વા એમ;
સારું નરસું વસ્ત્ર જે, ક્ષૌમ[4] જરિયન તેમ; ૪૯

ઓઢી કાઢું દિન સુખે; કદિ દિગંબર જાણ;
ફરું આનંદે સદા, માનું સર્વ સમાન. ૫૦

રાખોડામાં રહું પડી, કદિ પથ્થર પર એમ;
ગાલીચા પર ઠાઠથી, ભૂમિ પર પણ તેમ. ૫૧

કોઇ દિન વસ્તીમાં ફરું, કદિ જંગલમાં જાણ;
જંગલ વસ્તી છોડીને, સ્મશાનમાં કદિ માન. ૫૨

સ્નાનધ્યાન કરું કદિ, માલાચંદન તેમ;
અલંકાર વસ્ત્રો સજી, ફરું મોજથી એમ. ૫૩

ગાડીમાં ઘોડે કદિ, હાથી પર કદિ જાણ;
ફરું પગે આનંદથી, કદિ દિગંબર માન. ૫૪

પંડિત સમ ચર્ચા કરું, કદિ શાસ્ત્રની તેમ;
કદિ મૂઢ સમ આચરું, જોઉં ગંમત એમ. ૫૫

નિંદા કોની ના કરું, સ્તુતિ તેમજ માન;
રાગદ્વેષથી સર્વદા, રહું અળગો જાણ. ૫૬

જેનામાં ગત જેટલી, કરે તેટલું તેમ;
ભિન્નમતિ લોકો બધા; સ્તવું નિંદું કેમ ? ૫૭

શ્રેય સર્વનું સર્વદા, ઇચ્છું અખંડ જાણ;
આત્મરૂપ ગણી બધા, કરું ન કદિ અપમાન. ૫૮

બ્રહ્મનિષ્ઠ હું સર્વદા, બ્રહ્માસક્ત અખંડ;
બ્રહ્માત્મા, મુજમાં કદિ દિસે ન માયાબંડ. ૫૯

બ્રાહ્મણ વા ચાંડાલ હો, ભલે ગાય કે શ્વાન;
બ્રહ્મરૂપ મને બધાં, માનું સર્વ સમાન. ૬૦

સર્વવાસનાશૂન્ય હું, એક અસંગ એમ;
અંતર્મુખ રહું સદા, સ્વરૂપસ્થિત તેમ. ૬૧

અખંડ આનંદે ફરું, નિજાનંદમાં મસ્ત;
સર્વાવસ્થાશૂન્ય હું, મને શોક ના કષ્ટ. ૬૨

બહિર્વૃત્તિ છોડીને, થાવું અંતર્નિષ્ઠ;
શાંતિ અક્ષય તો મળે, મરે સમૂળાં ક્લિષ્ટ[5]. ૬૩

[6]વિકલ્પ હોમી ચિત્તમાં, કરવું ચિત્ત વિલીન.
અર્થાત્મક મનમાં સદા; મન અહંકૃતિલીન. ૬૪

અહંકારને હોમીને, મહત્તાત્ત્વમાં તેમ,
બુદ્ધિને માયા મહીં, કરવી વિલીન એમ. ૬૫

સર્વકારણકારણે સર્વાત્મામાં જાણ;
અંતે માયાને ત્યજી, પામે નર નિર્વાણ. ૬૬

વિરામ પામી સર્વથી, થાવું અંતર્નિષ્ઠ;
શાંત [7]સમાહિત સર્વદા, એક અદ્વૈતનિષ્ઠ. ૬૭

શુદ્ધ પરાત્મા એક હું, અસંગ નિશ્ચલ છેક;
બ્રહ્મરૂપ [8]સોહં સદા, એવો જ્ઞાનવિવેક ૬૮

થતાં સુદૃઢ મુક્ત એ; વિલંબ ત્યાં ન લગાર !
કહ્યું રહસ્ય તને બધું, તેનો સદા વિચાર ૬૯

કર સાવધ એકાંતમાં; મા કર વાણીવિલાસ;
અધિકારી વિણ નવ પચે, કાચો પારો ખાસ !! ૭૦

એમ કહી મૂગા રહ્યા, દત્ત દિગંબર એહ;
ઓળખ્યા નિજ અંતરે, પ્રહ્લાદે પણ તેહ. ૭૧

વંદન કરી સદ્ભાવથી, કીધું પૂજન તેમ;
આજ્ઞા લઈને નીસર્યો, આવ્યો રાજ્યે એમ. ૭૨

રાજ્યસ્ત્રીપુત્રાદિથી સદા અલિપ્ત જાણ,
તત્ત્વચિંતનરત કરે રાજ્ય દૈવભુક્ માન. ૭૩

[9]ચિર પ્રારબ્ધ ભોગવી, આત્મનિષ્ઠ એ એમ
સોંપી રાજ્ય સુપુત્રને, થયો નિવૃત્ત તેમ. ૭૪

મુક્તસંગ મહીમાં ફરે, મોદે[10] ગુરુક્તવત્[11];
ધન્ય લીલા ગુરુતણી ! કરે અન્ય નિજવત્ !! ૭૫

દેવાસુર પણ ના લહે, અકળ એહ સ્વરૂપ;
કોણ માનવ રંક ત્યાં ? અતર્ક્ય ત્રીશ અનુપ ! ૭૬

૧. આકાશવૃત્તિથી., અનાસુરતી. ૨. મધની માફક. ૩. વલ્કલ. ૪. રેશમી વસ્ત્ર. ૫. અવિદ્યાદિ કલેશો. ૬. મિથ્યા શંકા. ૭. ઈંદ્રિયોના ચાંચલ્યથી રહિત. ૮. એ (બ્રહ્મ) હું છું. ૯. લાંબા વખત સુધી ૧૦. આનંદથી ૧૧. ગુરુએ કહ્યા પ્રમાણે.

એક દિવસ આવ્યો તિહાં, માહૂરગઢની માંહ્ય
પિંગલ છંદઃશાસ્ત્રનો નાગ પ્રણેતા[૧] ત્યાંય. ૭૭

કૃષ્ણઆમલકી તળે કરે વેદપઠન;
[૨]વ્રાત્યવેષથી ત્યાં પ્રભુ, સુસ્વર પ્રસન્નમન. ૭૮

દેખી પિંગલનાગ એ પૂછેઃ- કહો સુજાણ !
આશ્રમ આ નિંદિત કયો ? કહો સર્વ પ્રમાણ. ૭૯

કૌપીન મૌંજી નવ દિસે, દંડ પાલાશ[૩] તેમ;
બ્રહ્મચારી તું નહીં, વિપ્રપુત્ર પણ એમ. ૮૦

બ્રહ્મસૂત્રદ્વય નહીં, અગ્નિહોત્રાદિ તેમ;
ગૃહસ્થત્વ તુજમાં કશું, દિસે ન મુજને એમ. ૮૧

શમદમાદિક સાધનો, વાનપ્રસ્થનાં જેહ;
તે પણ તુજમાં ના દિસે, થાય મુને સંદેહ. ૮૨

કોણ દિગંબરરૂપ તું ? નહિ સંન્યાસી જાણ;
જટાજૂટ શિર પર દિસે, ગ્રામ્યભોગમસ્તાન ! ૮૩

નગ્ન સ્ત્રી સાથે રમે, મદ્યપાનથી લાલ;
કોણે બોધ્યો માર્ગ આ ? બોલ સકળ તત્કાળ ! ૮૪

કહે દત્તઃ- ધીરો થઈ સાંભળ નાગ સુજાણ;
તેં ગણાવ્યા તેહથી, અન્ય આશ્રમ માન. ૮૫

પંચમ આ મારો નકી, આશ્રમ સુરમ્ય શ્રેષ્ઠ;
સૂણ્યો ના શું તેં હજી ? માને બ્રહ્મવિદ્ પ્રેષ્ઠ. ૮૬

અભેદદૃષ્ટિથી સદા, જુએ વિશ્વ અખંડ;
આત્મરૂપ જે સર્વદા, નિરસ્તવિકલ્પબંડ; ૮૭

રાગદ્વેષાતીત જે, સદા વૈરાગ્યયુક્ત;
પંચમ આશ્રમ આ નકી તેનો, જાણે મુક્ત. ૮૮

સૂણી વચન અંતર વિષે, ઓળખ્યા અવધૂત;
અનસૂયાસુત દત્ત એ જાણી, વદે અહિસુત.[૪] ૮૯

ખિન્ન થયો દિલમાં અતિ, કરે પ્રાર્થના દીન;
અશ્રુ આંખમાં માય ના, કહેઃ- પ્રભો હે ક્લિન્ન,[૫] ૯૦

શુદ્ધ નિરંજન નિત્ય તું, તને પુણ્ય ના પાપ;
ઉદ્ધત વાણી ઓચર્યો, માફ કર હે બાપ ! ૯૧

ગર્વે અવગણના કરી, કર્યો તને હડધૂત;
દુષ્ટતા એ માહરી, કર ક્ષમા અવધૂત ! ૯૨

[૬]શિક્ષા દે, જેથી પ્રભો ! થાય મત્કલ્યાણ;
એમ કહી ચરણે નમે, ફરી ફરી એ જાણ. ૯૩

કરી અનુગ્રહ પ્રીતથી, કરે પ્રભુ સદ્બોધ;
કૃતાર્થ પિંગલ ક્ષણ મહીં, થયો ચિત્તનિરોધ. ૯૪

શાંતચિત્ત વંદન કરી, ગયો સ્વાશ્રમે એમ.
સાધ્યદેવોને કહે, પ્રભુ પૂછતાં તેમઃ- ૯૫

શુદ્ધાંતઃકરણે સદા, સાત્ત્વિક ધૈર્યે તેમ,
મનોદમન કરવું ઘટે; તૂટે ગ્રંથી[૭] એમ. ૯૬

શમદમાદિસાધને થતાં ગ્રંથીનો ભંગ;
[૮]સ્વસ્થ થાય મન સર્વદા, થાય વૃત્તિનો ભંગ; ૯૭

ગર્વાકોશાદિક[૯] ત્યજી, માનાપમાન તેમ;
કામાદિક શત્રુ હણી, રહેવું અદમ્ય એમ. ૯૮

મર્મતોડ ન બોલવું, સહેવાં અન્ય વચન;
[૧૦]અનુદ્વિગ્ન રહેવું સદા, કરી [૧૧]દ્વંદ્વ સહન. ૯૯

રંગે પટ રંગાય છે, સંગે લાગે રંગ;
માટે નિઃસંગી થવું, કરવો વા સત્સંગ. ૧૦૦

પરનિંદા સ્હેવી સદા, કરવું કદિ ન તેમ;
દૈવભુક્ રહી સર્વદા સ્વાત્મભાવે એમ, ૧૦૧

સત્ય પ્રિય મિત[૧૨] બોલવું, ધર્મ્ય હિત પણ એમ;
પરછિદ્ર જોવું નહીં, બોલવું નહીં તેમ. ૧૦૨

બીજાનું ભૂંડું કદિ ના તાકો અવસાન;[૧૩]
સેવો સજ્જન સર્વદા, ના દુર્જન નાદાન. ૧૦૩

પ્રાણાન્તે પણ વચનનો, કરવો ના કદિ ભંગ;
વિષયકથા ત્યજવી સદા, લાગે મેલો રંગ. ૧૦૪

દુર્વર્તન મૂકી બધું, કરવું સત્સેવન;
હર્ષશોક ત્યજી સદા, રહેવું પ્રસન્નમન. ૧૦૫

બ્રહ્મ સત્ય, મિથ્યા બધું માની ક્ષણભંગુર;
ચિંતા બાંધી ચાકડે, રે'વું નિશ્ચિંત ઉર. ૧૦૬

સૂણી, દેવ વંદન કરી, જાય એમ સંતુષ્ટ;
તે દિનથી કીર્તિ વધી, આવે ટોળાં હૃષ્ટ. ૧૦૭

દુષ્ટોને દંડે સદા, રક્ષે ભક્તો તેમ;
થઈ પ્રસિદ્ધિ લોકમાં, દત્ત દયાઘન એમ. ૧૦૮

યોગ જ્ઞાન વૈરાગ્યનો, કરે અપૂર્વ બોધ;
દોડ્યા મુનિગણ સાંભળી, આવ્યા કરતા શોધ. ૧૦૯

કેડો મૂકે ના કદિ ! કરે દત્ત વિચાર;
સંગ દુઃખનું મૂળ છે, ખસે ન આ પળવાર ! ૧૧૦

૧. રચનાર. ૨. ઉપનયનાદિ સંસ્કાર ન થયા હોય તેમ; અનાર્ય વાહ્યાત્યની માફક વેષ ધારણ કરી. ૩. ખાખરાનો. ૪. નાગપુત્ર; પિંગલ. ૫. દયાળુ. ૬. ઉપદેશ. ૭. અહંકાર અને ચિદાત્માની એકતાના દૃઢ પ્રત્યય (અનુભવ) રૂપ અજ્ઞાનની ગાંઠ ૮. સ્વરૂપાવસ્થિત; શાંત ૯. નિંદાદિ. ૧૦. અખિન્ન. ૧૧. માનામાન, લાભાલાભાદિ ભાવો. ૧૨. પ્રમાણસર ૧૩. નાશઃ મોત.

જોઉં શ્રદ્ધા એમની, કરું પરીક્ષા જાણ !
વિચાર એવો અંતરે કરી દત્ત ભગવાન્, ૧૧૧

ઊંડા તલાવમાં જઈ, મારે ડૂબકી એમ;
સો વરસ ડૂબી રહે, કંટાળ્યા મુનિ તેમ. ૧૧૨

ભીતિથી નાસી ગયા; રહ્યા તોય અવશિષ્ટ
થોડા, માની રમત એ; કરે દત્ત અનિષ્ટ. ૧૧૩

ચગાવવા પણ તેમને, નિજ શક્તિ સાક્ષાત્
મૂર્તિમંત નવયૌવના, લઈ તેને સંગાત, ૧૧૪

આવ્યા તીરે નગ્ન એ; સ્ત્રી દિગંબર તેમ
અંકે બેસાડી મુદા, આપે ચુંબન એમ. ૧૧૫

મત્તાનેની અંગના[1] વાદ્ય વગાડી એહ,
ગાએ સુસ્વર કંઠથી, આલિંગે તદ્દેહ. ૧૧૬

આપે પાન એને પ્રભુ, લે પોતે ઉચ્છિષ્ટ;
આપે એને એમ એ, જોઈ ભાગ્યા શિષ્ટ. ૧૧૭

તેજસ્વીને દોષ ના, માનીને વળી કોક;
રહ્યા શિષ્ય શ્રદ્ધા થકી, થયા તેહ નિઃશોક. ૧૧૮

અદ્વૈતામૃતપાનથી કર્યા સર્વ સંતૃષ્ટ;
માયા સંકેલી બધી; થયા મુનિજનો હૃષ્ટ. ૧૧૯

ઈશ્વર ફાવે તે કરે ધર્મવ્યતિક્રમ[2] જાણ,
તેજસ્વીને ના નડે દોષ અગ્નિવત્ માન. ૧૨૦

મરે મૂઢ અનુકરણથી, વિણ સામર્થ્યે એમ;
વર્તે મોહે જો કદિ, વિણ ઐશ્વર્યે તેમ. ૧૨૧

કર્મ ન છોડે એહને, ઈશ્વર કર્માતીત !
વિધિ નિષેધ ગણે નહીં, વર્તે ધર્માતીત. ૧૨૨

કાલકૂટ યત્સ્પર્શથી મરે પામરો જાણ,
પીએ શંકર ક્ષણ મહીં ! કેમ બેઉ સમાન ? ૧૨૩

બ્રહ્મનિષ્ઠ ઈશ્વર સ્વયં, ગુણાતીત એ એમ;
ધર્માધર્માતીત બે, સદા નિર્દોષ તેમ. ૧૨૪

વાયુવત્ નિર્લેપ એ, સર્વવંદ્ય શ્રુતિતાત !
અનુકરણથી એમના, થાય મૂઢનો ઘાત. ૧૨૫

તદ્વર્તન લેવું નહીં, વચન માનવાં ખાસ;
મેળ ઉભયનો જોઈને, વર્તે તત્સમ દાસ. ૧૨૬

જ્ઞાની અજ્ઞાની કદિ, સમાન ના એ એમ;
ફાવે તેવો છો દિસે, જ્ઞાની મૂઢ ન તેમ. ૧૨૭

મૂર્ખ કુતર્ક ભલે કરે, જ્ઞાની બ્રહ્મ સાક્ષાત્;
પ્રમાણ ત્યાં શ્રુતિ અનુભવો, માનો નિશ્ચય વાત. ૧૨૮

વર્તન અનુચિત પ્રભુતણું, જોઈ નાઠા જેહ;
પસ્તાયા આખર સહુ, સુધન્ય અર્જુન એહ ! ૧૨૯

ટક્યો કષ્ટ સહી સહુ, રાખી શ્રદ્ધા એમ;
યોગામૃતપાને થયો, કૃતાર્થ આગળ કેમ ? ૧૩૦

કથા રસમય એ હવે, વદશે અલખ દયાળ;
સાંભળતાં શ્રદ્ધા થકી **રંગ** નડે ન કાળ ! ૧૩૧

પ્રહ્લાદાદિકને કર્યા કૃતાર્થ પ્રભુએ કેમ,
આ અધ્યાયે તે કર્યું વર્ણન યથાર્થ તેમ !! ૧૩૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
પ્રહ્લાદાદ્યુપદેશો નામ નવમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૯ ॥ દોહરા ૧૩૨

અધ્યાય ૧૦

વંદી ગણપતિ શારદા, સદ્ગુરુ ગુણભંડાર;
કહે **રંગ** સંતો સહુ, થાઓ હવે ટટાર. ૧

વદે નિરંજન શિષ્ય એઃ- ધન્ય અલખ દયાળ !
જ્ઞાનામૃતવર્ષાવથી કર્યો કૃતાર્થ બાળ. ૨

ધન્ય લીલા પ્રભુતણી, અતર્ક્ય નિઃસંદેહ;
કહો કોણ અર્જુન ટક્યો, ધન્ય એહની દેહ. ૩

અનુચિત દેખી ના ડગ્યો, રહ્યો સશ્રદ્ધ એમ;
કહો કૃપા કરી સહુ, થયો કૃતાર્થ કેમ. ૪

એમ કહી વંદન કરે ! વદે અલખ તતખેવઃ-
સાંભળ ધ્યાન દઈ હવે; ધન્ય એહ ગુરુદેવ ! ૫

ચંદ્રવંશમાં કૃતયુગે, હૈહયકુળમાં જાણ;
કૃતવીર્ય નામે રાજવી, થયો વિખ્યાત માન. ૬

ઇંદ્રતુલ્ય પરાક્રમી, સાર્વભૌમ એ એમ;
જિતશત્રુ ધાર્મિક સદા, શતપુત્રાન્વિત[3] તેમ. ૭

દૈવે ચ્યવનશ્રાપથી, મરી ગયા સહુ એહ;
થયું દુઃખ નૃપને અતિ, થઈ ક્ષીણ નિજ દેહ. ૮

ચિત્ત રહે ના રાજ્યમાં, થયો શોકથી દીન;
ઓચિંતા ગુરુ બૃહસ્પતિ, આવ્યા ત્યાં એક દિન. ૯

ખિન્નચિત્ત રાજા નમે, દંડવત્ એ એમ;
કહેઃ- હાય હું શું કરું, અપુત્ર પાપી તેમ ? ૧૦

૧. સ્ત્રી. ૨. ઉલ્લંઘન; વિરુદ્ધ વર્તન. ૩. યુક્ત.

દૈવે દેખ્યા ચરણ આ, થશે દુઃખ સહુ દૂર !
બોલે સદ્‌ગુરુઃ- સ્વસ્થ થા મા કર ચિંતા, શૂર ! ૧૧

સુલભ ઉપાય કહું તને, થશે વંશવિસ્તાર;
પાતક દગ્ધ થશે સહુ, મા કર અન્ય વિચાર. ૧૨

સંતતિવર્ધક વ્રત નકી, આપે ઉત્તમ પુત્ર;
થશે નામ જગમાં બધે, સૌખ્ય અત્ર અમુત્ર.[૧] ૧૩

જાતિવંધ્યા જે સતી, મૃતવંધ્યા[૨] વા તેમ;
[૩]કાકવંધ્યા વ્રત થકી, થશે સુપુત્રા એમ. ૧૪

સ્રવે ગર્ભ જેનો સદા, વધે ન આગળ છોડ;
અકાળ પ્રસૂતિ થાય વા, જન્મે મૃતશિશુ જોડ. ૧૫

જન્મતાં જ મરે ક્ષણે, થાય જડવત્ તેમ;
મરે બાળપણમાં સદા, થાય ઉન્માદ એમ. ૧૬

ભૂતગ્રહરોગાર્ત[૪] વા, થાય પ્રાણનો ઘાત;
હરે સકળ દોષો અહા, વ્રતભાસ્કર સાક્ષાત્ ! ૧૭

હોય સપ્તમી રવિદિને, ચંદ્રાનુકૂલ્ય[૫] તેમ;
ગ્રહશુદ્ધિ જોઈ સદા, કરે વ્રતારંભ એમ. ૧૮

વ્રતસંકલ્પ કરી કરે પુણ્યાહવાચન જાણ;
નાંદીશ્રાદ્ધ કરી પછી, આચાર્યવરણ માન. ૧૯

ગૃહશુદ્ધિ આચાર્ય એ કરી અગ્નિસ્થાપન;
કરે કલશ ઈશાન્યમાં યથાવિધિ સ્થાપન. ૨૦

એ ઉપર રવિ રુદ્ર ને સપ્ત માતૃકા તેમ;
સ્વર્ણમૂર્તિઓ તેમની, કરવી સ્થાપિત એમ. ૨૧

પૂજી, ઉત્તરમાં પછી સાત કલશ શાંત્યર્થ;
યથાસ્થાન સ્થાપન કરી, ચિંતન કરે સદર્થ. ૨૨

પૂર્વ પશ્ચિમ મધ્યમાં, ચતુષ્કોણમાં એમ,
યથાવિધિ સ્થાપન કરી, જલપૂરિત એ તેમ; ૨૩

[૬]મૃદ્ રત્નૌષધિપલ્લવો, નાંખે સમંત્ર માંહ્ય;
સ્તવન કરી પૂજે પછી, યથાશાસ્ત્ર એ ત્યાંય. ૨૪

શાન્તિસૂકત પઢે પછી, કરે અન્વાધાન;[૭]
હવન યથાવિધિ તત્પછી, મંત્રશાસ્ત્ર પ્રમાણ. ૨૫

સમિત્તલયવપાયસે દરેકને વિધિવત્,
અષ્ટોત્તરશત આહુતિ કરવી અર્પણ ઝટ. ૨૬

બલિદાનાદિક શેષ એ, કરવું યથાવિધાન;
આનંદે પૂર્ણાહુતિ, કરવી તે જ પ્રમાણ. ૨૭

[૮]જીવત્પ્રજા સુવાસિની[૯] વૃદ્ધ બ્રાહ્મણી તેમ,
બોલાવી પૂજન કરી, [૧૦]ઉદઙ્‌મુખ એ એમ ૨૮

ઊભી રાખી તત્કરે કરાવવો અભિષેક;
કલશોદકપલ્લવ થકી, પ્રસન્નચિત્તો છેક. ૨૯

પુત્ર આમનો જીવજો, દીર્ઘાયુષ્ય પ્રમાણ;
ગ્રહમંડલ સૂર્યાદિ એ, કરજો રક્ષા જાણ. ૩૦

બ્રહ્મા હરિ હર ઈંદ્ર એ, લોકપાળ પણ તેમ;
દેવો દેવી ગણ સહુ, રક્ષો નિશદિન એમ. ૩૧

બાલગ્રહ અગ્નિ શનિ, ભૂતપ્રેત પિશાચ;
મા પીડો એને કદિ, આવો કદિ ન આંચ ! ૩૨

એવી શુભ આશિષથી, થતાં પૂર્ણ અભિષેક;
આર્દ્ર વસ્ત્ર આચાર્યને, કરવાં અર્પણ છેક. ૩૩

યથાશક્તિ આચાર્યને, બ્રાહ્મણોને તેમ;
સુવાસિનીને દક્ષિણા, કરવી અર્પણ એમ. ૩૪

પૂજન કરી આચાર્યનું, કરવું ગોપ્રદાન;
કાલમૂર્તિ તલપાત્રમાં, પૂજી તે જ પ્રમાણ, ૩૫

અર્પણ કરીને વિપ્રને, બ્રાહ્મણભોજન તેમ
યથેષ્ટ [૧૧]પાયસાદિકે કરાવવું સપ્રેમ. ૩૬

આપી ભોજનદક્ષિણા, લેવું આશીર્વચન;
યથાસાંગ સઘળું થતાં, થશે અરિષ્ટનિરસન. ૩૭

થજો પુત્ર દીર્ઘાયુ ને, સુખી શતાબ્દ[૧૨] પૂર્ણ,
[૧૩]દુરિત દુઃખ એનાં સહુ, પડો વડવામુખ[૧૪] તૂર્ણ. ૩૮

બ્રહ્મા હરિહર [૧૫]સ્કંદ ને, શક[૧૬] વાયુ હુતાશ[૧૭]
દુષ્ટોથી રક્ષી સદા, કરો અરિષ્ટનાશ ! ૩૯

વિપ્રોએ એવું વદી, દેવું આશીર્વચન;
યજમાને સંતોષથી, કર્મ ઈશ્વરાર્પણ ૪૦

કરી, શેષભોજન પછી કરવું કુટુંબ સાથ;
રવિપ્રસાદે પલકમાં, બળે દુરિતસંઘાત.[૧૮] ૪૧

વ્રતપ્રભાવ એવો નકી, થશે સુપુત્ર જાણ;
કીર્તિ ફેલાશે બધે, મા કર તું અનુમાન. ૪૨

ગુરુવચન એ સાંભળી, થયો ભૂપ પ્રસન્ન;
પૂજન કરી ગુરુનું કરે તદ્વત્ વ્રતાચરણ. ૪૩

એક દિવસ મૈત્રેયી ત્યાં, આવી રાજસદન;
વંદન કરી રાણી કરે દુઃખકથન તત્ક્ષણ. ૪૪

૧. પરલોકમાં. ૨. સંતતિ થાય પણ જીવે નહિ તે. ૩. એક સંતાન થઈને મરી ગયા પછી ફરીથી ગર્ભ જ ન રહે તેવી. ૪. પીડિત. ૫. અનુકૂળતા. ૬. માટી. ૭. વેદીમાં અગ્નિ લાવવો તે. ૮. જીવતાં છોકરાંવાળી. ૯. સવાસણ. ૧૦. ઉત્તર તરફ મોઢું હોય તેમ. ૧૧. દૂધપાક. ૧૨. સો વરસ. ૧૩. પાપ. ૧૪. વડવાનલના મુખમાં. ૧૫. કાર્તિકસ્વામી. ૧૬. ઈંદ્ર. ૧૭. અગ્નિ. ૧૮. સમૂહ.

મૈત્રેયી બોલેઃ- સતી ! કર અનંતવ્રત એમ;
થશે પુત્ર ભૂમંડલે, વીર પ્રસિદ્ધ તેમ. ૪૫

વ્રતારંભ પૂનમ વિષે, માર્ગશીર્ષમાં જાણ
કરી, વર્ષ પ્રતિપૌર્ણિમા કરવું પૂજન માન. ૪૬

સ્વસ્તિવાચનપૂર્વ એ વિધિવત્ વ્રતાચરણ,
પ્રદોષપૂજન વ્રતદિને હવિષ્યાન્નભક્ષણ; ૪૭

વર્ષ એક શ્રદ્ધા થકી કરતાં અનંત એમ,
સર્વેશ્વર પ્રભુ તુષ્ટ એ, આપે સુપુત્ર તેમ. ૪૮

ઉદ્યાપન વર્ષે કરી, કરવું ગોપ્રદાન;
બાર કુંભ અર્પણ કરી, વિપ્રભોજન માન. ૪૯

યથાશક્તિ કરતાં સુખે, વ્રતાચરણ એ એમ;
પાપશમન થઈ, થશે ચક્રવર્તી સુત તેમ. ૫૦

લોકોત્તર ગુણી વશી[૧], યશસ્વી સન્માન્ય;
ચિરંજીવ દાતા સદા, શત્રુદમન [૨]વદાન્ય. ૫૧

શીલધરા રાજ્ઞી[૩] સૂણી, કરે વંદન એમ;
બ્રહ્મવાદિની સ્વાશ્રમે ગઈ મૈત્રેયી તેમ. ૫૨

કહી ભૂપને એ કરે, રાણી વ્રતાચરણ;
બ્રહ્મચર્ય પાળી સદા, કરે ભૂમિશયન. ૫૩

કામક્રોધાદિક ત્યજી, ગ્રહી મૌન સુજાણ;
હવિષ્યાન્ન ભક્ષે મુદા, વર્ષ એક પ્રમાણ. ૫૪

દત્તોપાસક એ સતી, વ્રતે ભાવના તેમ
રાખી વ્રત પૂરું કરે, યથાનિયમ સપ્રેમ. ૫૫

વ્રતપ્રભાવે દત્ત એ, થયા પ્રસન્ન જાણ;
દર્શન આપી સ્વપ્નમાં, બોલે સુહાસ્ય માનઃ- ૫૬

ધન્ય ધન્ય રાણી તને, [૪]અત્યુત્કટ વ્રત એમ,
કીધું તેં શ્રદ્ધા થકી; દેશે સત્ફળ તેમ. ૫૭

યોગી પુત્ર થશે તને, સપ્તદ્વીપપતિ જેહ;
મત્સમ સ્મૃતિગામી બધે, અકુંઠિતગતિ એહ. ૫૮

એમ વદી અવધૂત એ દત્ત દિગંબર ત્યાંય,
થાય ગુપ્ત તત્ક્ષણ અહા ! રાણી જાગ્રત થાય. ૫૯

સ્મરી તેજઃપુંજ એ રૂપ ચિત્તમાં તેમ;
હૃષ્ટ થઈ કહે સતી, સ્વપ્ન ભૂપને એમ. ૬૦

થયો તુષ્ટ નૃપ અંતરે, રહ્યો રાણીને ગર્ભ;
ઊઠે ઊર્મિ જ્ઞાનની, હરખે દેખી દર્ભ. ૬૧

પદ્માસન વાળી મુદા, બેસે ચિર ધ્યાનસ્થ !
થશે પુત્ર યોગી નકી, બોલે દોહદ સ્પષ્ટ. ૬૨

યથાકાલ સંસ્કાર એ, કરે હર્ષથી રાય;
ઉચ્ચ પંચ ગ્રહ વિષે, રાણી પ્રસૂત થાય. ૬૩

મધ્યરાત્રિ તોય એ, થઈ દિશા પ્રસન્ન;
અગ્નિજ્વાળા [૫]દક્ષિણે વહે મુદિત[૬] તત્ક્ષણ. ૬૪

સ્વચ્છ થયું આકાશ ને, વાય સુમંદ પવન;
થતાં જન્મ શિશુનો અહા ! થયું બ્રહ્માંડ પ્રસન્ન. ૬૫

દેવ વગાડે દુંદુભિ, કરે સુમનવર્ષાવ;
નાચે સલીલ[૭] અપ્સરા, ગાય ગંધર્વરાવ ! ૬૬

બાલમુખપ્રભા થકી થયા નિસ્તેજ દીપ;
સંતાયાં નક્ષત્ર એ, દેખી કુલપ્રદીપ. ૬૭

લોકચિત્ત ધર્મે વળ્યાં, થયા સંત પ્રસન્ન;
'થા દીર્ઘાયુ વત્સ હે !' વદે સિદ્ધ સૂરિજન.[૮] ૬૮

રાજાએ બોલાવીને ગણક[૯] કર્યું જાતક;
ગોભૂધનવસ્ત્રાદિથી કર્યા તૃપ્ત યાચક. ૬૯

લગ્ન સાધી જ્યોતિષી, કહેઃ- ભૂપ સાંભળ !
દૈવશાળી પુત્ર આ, થશે ભક્ત આગળ. ૭૦

તપોબળે શ્રીદત્તનો કૃપાપાત્ર એ જાણ;
થશે ખ્યાત ભૂમંડળે, સપ્તદ્વીપનૃપ માન. ૭૧

[૧૦]નષ્ટ વસ્તુ યન્નામથી, થશે ફરીથી પ્રાપ્ત;
સ્મરતાં દર્શન આપીને, કરશે કૃતાર્થ આપ્ત[૧૧]. ૭૨

પ્રતિદત્ત થશે નકી, ચક્રવર્તી એ એમ;
વર્ષ પંચાશી હજાર, અનંતવ્રતે તેમ. ૭૩

સૂર્યવ્રતપ્રભાવથી લક્ષાયુ નીરોગ;
જેતા સંમત સર્વને, જિતેન્દ્રિય કૃતયોગ. ૭૪

સૂણી વચન રાજા કરે ગણકપૂજન આમ;
ષોડશ દિવસે પુત્રનું, પાડ્યું અર્જુન નામ. ૭૫

ઉપનયનાદિ ઠાઠથી, કરે ભૂપતિ તેમ;
વિદ્યાભ્યાસ કરાવીને, કીધો સુયોગ્ય એમ. ૭૬

કાળે પિતા મરી ગયા; કહે પૌર[૧૨] પ્રધાનઃ-
રાજ્યાસન સંભાળ આ, પરંપરાગત જાણ. ૭૭

અર્જુન બોલેઃ- ના ગમે મને રાજ્ય નરકાન્ત;[૧૩]
ના બેસું ન્યાયાસને, ભલે થાય પ્રાણાન્ત. ૭૮

શાસ્ત્રસંમત ભૂમિનો ગ્રહી ષષ્ઠાંશ એમ,
દ્વાદશાંશ વેપારનો, રક્ષે પ્રજા ન તેમ; ૭૯

ચોરાદિકથી લોકનું, કરે ન સંરક્ષણ;
અંતે નરકે જાય એ, કહે શાસ્ત્રવચન. ૮૦

૧. સંયમી. ૨. ઉદાર. ૩. રાણી. ૪. અતિ તીવ્ર. ૫. જમણી તરફ. ૬. આનંદિત. ૭. લીલાથી; અભિનયપૂર્વક. ૮. જ્ઞાનીઓ; મુનિજનો. ૯. જોશી. ૧૦. ખોવાયેલી. ૧૧. સ્વસંબંધી; ઈષ્ટ. ૧૨. નાગરિકો. ૧૩. અંતે નરકમાં લઈ જનાર.

હોવા છતાં સમર્થ જો, ન નિવારે અધર્મ;
અન્યાયે ધન સંગ્રહે; પામે કદિ ન શર્મ. ૮૧

રાજનીતિ ત્યાગીને, ક્રોધલોભથી તેમ,
દંડે અદંડ્યને કદિ, દંડ્ય[૧] છોડી દે એમ; ૮૨

તેનું પણ કલ્યાણ ના, થાય કદિએ માન;
કહેશો તમે, તારે તથા કદિ ન કરવું જાણ. ૮૩

પરવિશ્વાસે વર્તતાં, કેમ બને એ એમ ?
એકલો હું શું કરું ? પામું સત્ફળ કેમ ? ૮૪

નિજ ભૃત્યો જે જે કરે પાપ તે પણ જાણ,
ચતુર્થાંશ નૃપમસ્તકે આવી પડે અજાણ. ૮૫

બોલે ગર્ગ મુનિ સૂણીઃ-ધન્ય ભૂપ અર્જુન !
વાણી યથાર્થ તાહરી, શાસ્ત્રસ્વાનુભવપૂર્ણ. ૮૬

ભૂમિ ધેનુસમ જાણ આ, પ્રજા વત્સસમાન;
વત્સ મરતાં ના દૂઝે, પ્રજા માન નૃપપ્રાણ. ૮૭

તીક્ષ્ણ દંડથી વંઠીને, પ્રજા હાથથી જાય;
મૃદુ દંડે માથે ચઢે; યુક્ત દંડ સુહાય ! ૮૮

પરવિશ્વાસ તને ન જો, કર તું યોગાભ્યાસ;
બીજાની જેથી કદિ, પડે ન કરવી આશ. ૮૯

નાના દેહે એકલો ફરી યોગથી એમ,
લહી સર્વ સાક્ષિત્વથી, રાજ્ય નીતિથી તેમ ૯૦

કરીશ તું નિર્ભય સદા; માટે વેગે જાણ,
યોગિરાજ શ્રીદત્તાને જા શરણ નિર્માન. ૯૧

સહ્યપર્વતે જે વસે નિજાનંદમાં મસ્ત,
[૨]નિસ્ત્રૈગુણ્યે સર્વદા; પકડ તેહનો દસ્ત[૩]. ૯૨

શુષ્ક થાય યન્નામથી, ભવસમુદ્ર તત્ક્ષણ;
[૪]વીતરાગ વિનિદ્ર જે, ધ્યાય નિત્ય મુનિજન. ૯૩

યોગબળે ભક્તોતણું, કરે રક્ષણ એમ;
દંડે દુષ્ટોને સદા, વિશ્વસાક્ષી તેમ. ૯૪

સમદૃષ્ટિ એ સર્વદા; ના વિષમત્વ લેશ,
એને નિર્દયત્વ વા; જે સદા નિષ્કલેશ. ૯૫

માતા મારે બાળને, કરે અન્યલાલન;
કો નિર્દય એને કહે ? દેવ કારુણ્યઘન ! ૯૬

ભજ ભાવે અવધૂતને, અત્રિનંદન જેહ;
આરાધન કર પ્રીતથી, મા કર મન સંદેહ. ૯૭

દુર્મતિને ના ગમે, દુષ્કર એ સાધન;
દુરાચારરત જે સદા, જાય ન પાસે ક્ષણ. ૯૮

દુર્મતિને દૂર જે, સદા ભક્તસમીપ;
માન મૂકી તેહની, વેગે દોડ સમીપ. ૯૯

સ્મરણમાત્રથી ભક્તને, તારે દઈ દર્શન;
સ્મૃતિગામી સઘળે ભર્યો, ખાલી ન મળે કણ. ૧૦૦

માયાધ્યક્ષ થઈ રચે, સૃષ્ટિ સઘળી જાણ;
પાળે સંહારે વિભુ[૫], ઉદાસીન એ માન. ૧૦૧

ત્રિમૂર્ત્યાત્મક દેવ એ, દત્ત દિગંબર એમ;
ભાવભૂખ્યો ભક્તનાં વહે યોગ ને ક્ષેમ. ૧૦૨

જંભદૈત્યથી ત્રાસીને, આવ્યો ઇંદ્ર શરણ;
દેવોને આશ્વાસી જે, કરે દૈત્યમર્દન. ૧૦૩

અર્જુન ! તેને જા શરણ, કર ભાવે સેવન;
સેવાથી એ રીઝતાં, થશે જાણ પ્રસન્ન. ૧૦૪

તદ્વરદાને એકલો, સપ્તદ્વીપપાલન
યથાન્યાય કરીશ તું, કરી સ્વૈર[૬] ભ્રમણ. ૧૦૫

યોગૈશ્વર્યે દત્ત એ, કરશે કૃતાર્થ એમ;
નાના શક્તિ આપીને, ધૃતિ મતિ પણ તેમ. ૧૦૬

અંતે મુક્તિ આપશે, મા કર તું સંદેહ;
કર સેવા નિશ્ચય થકી, અર્પી મન ને દેહ !! ૧૦૭

સૂણી વચન વંદન કરે, પ્રેમે અર્જુન જાણ;
વદેઃ- દેવ ! કૃપા કરી, કહો સકળ સુજાણ. ૧૦૮

જંભ કોણ ? શાથી થયા દેવો પણ એ ત્રસ્ત ?
શી રીતે હણી દૈત્યને નિવારે પ્રભુ કષ્ટ ? ૧૦૯

કહો મુને વિસ્તારથી, થયું કેમ દર્શન ?
ઇંદ્રે સેવા શી કરી ? કેમ વળાવ્યું મન ? ૧૧૦

આરાધન હું પણ કરી, કરું પ્રસન્ન એમ,
ભાવે એ અવધૂતને; થાઉં કૃતાર્થ તેમ ! ૧૧૧

સૂણી વચન અર્જુનતણાં, થયા ગર્ગ સંતુષ્ટ,
વદે વચન સુરમ્ય જે, સૂણો સંત પ્રહૃષ્ટ. ૧૧૨

આગળ જ્ઞાનામૃતતણો, થશે એહ વર્ષાવ;
ઠરે સજ્જનો પાનથી, જાય જન્મનો તાવ. ૧૧૩

અર્જુનજન્મકથા કહી, આ અધ્યાયે એમ,
રવિસપ્તમીવ્રતતણું, કીધું વર્ણન તેમ. ૧૧૪

જ્ઞાનપ્રપા[૭] ચાલુ કરી, પીએ સુભાગી જન; **રંગ** કૃપા ગુરુની થતાં, થાય મુક્ત તત્ક્ષણ. ૧૧૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
કાર્તવીર્યાર્જુનજન્મકથનં નામ દશમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦ ॥ દોહરા ૧૧૫

૧. દંડને યોગ્ય, અપરાધી. ૨. ત્રિગુણાતીત સ્થિતિમાં. ૩. હાથ. ૪. આસક્તિથી રહિત. ૫. વ્યાપક. ૬. સ્વેચ્છાએ. ૭. પરબ.

અધ્યાય ૧૧

રંગ કહેઃ- આગળ સૂણો, વદે અલખ દયાળ;
શિષ્ય નિરંજન સાંભળે, ગર્ગવચન રસાળ. ૧

ગર્ગ કહેઃ- અર્જુન ! હતો જંભ દૈત્ય મહાન;
જીતી ભૂતલ સ્વર્ગમાં આવ્યો દારુણ જાણ. ૨

દૂત મોકલ્યો સુર[૧] કને, કહે સોંપી દો રાજ્ય
સ્વર્ગ તણું, નહિ તો થશે જાણો [૨]સમર [૩]પ્રાજ્ય. ૩

દેવ કહે દેવેંદ્રને; થયો ઇંદ્ર તૈયાર
દૈત્યનિકંદન કાઢવા; આવ્યો સસૈન્ય બ્હાર. ૪

થયું યુદ્ધ દારુણ અતિ, કાઢ્યો દેવે ઘાણ;
નીકો લોહીની વહે, વીંધે અચૂક બાણ. ૫

દૈત્યો ત્રાસી સહુ ગયા, કરે પલાયન એમ;
જોઈ જંભાસુર થયો, આગળ પોતે તેમ. ૬

કરે દેવ જર્જર સહુ, શસ્ત્રાસ્ત્રો એ જાણ;
જય શબ્દે ગર્જે અહા ! દૈત્ય દારુણ માન. ૭

ગભરાયા સૂર અંતરે, હઠે ન દૈત્ય લગાર;
થાક્યા અંતે [૪]દિવિજ એ, કરે ઇંદ્ર વિચાર. ૮

ઐરાવતે ચઢી કરે, ક્રોધે વજ્રપ્રહાર;
દૈત્યકંદન આરભ્યું, વર્ત્યો હાહાકાર. ૯

ફોડ્યાં મસ્તક કેટલાં, પાડ્યા દેહ અપાર;
હસ્તપાદ ભાંગ્યા કંઈ, ઘાયલનો નહિ પાર ! ૧૦

કીધો મૂર્છિત જંભને, ઠરે શક્ર પળવાર;
ત્યાં તો ઊઠ્યો દનુજ[૫] એ, કરે શસ્ત્રઆસાર.[૬] ૧૧

અદ્‌ભુત મારો દૈત્યનો, કીધો શક્ર જર્જર;
સિંહનાદ વિજયી કરે, નાઠા ભગ્ન નિર્જર.[૭] ૧૨

દૈત્યો સાથે શીઘ્ર એ અમરાવતીમાં એમ,
જઈ ઇંદ્રપદ ભોગવે, યજ્ઞભાગ પણ તેમ. ૧૩

કાઢી મૂક્યા સ્વર્ગથી, થયા દેવ અતિ દીન;
મેરુગુફામાં બીકથી, જઈ ભરાયા ખિન્ન. ૧૪

મળી સર્વ હતાશ એ, બૃહસ્પતિની પાસ;
આવી દુઃખાતુર કહેઃ- ગુરો ! હવે ન આશ. ૧૫

દુર્જય દાનવ એ થયા, જંભ અભેદ્ય છેક;
આગળ અમારી શી ગતિ ? રાખ દેવગુરુ ટેક. ૧૬

આશ્વાસીને તેમને, કહે ધિષણ[૮] સુજાણઃ-
દૈવ બલી, [૯]વાસવ ! હવે થયું થનારું જાણ. ૧૭

ચિંતા નાહક કાં કરો ? કરો એક સહુ કામ !
સહ્યાદ્રિ પર જે વસે, દત્ત દિગંબર નામ; ૧૮

અત્ર્યનસૂયા પુત્ર એ તપોનિષ્ઠ વરિષ્ઠ,
ભક્તોદ્ધારણકારણે થયો તીર્ણ [૧૦]ત્ર્યધીષ્ઠ. ૧૯

ભક્તવરપ્રદ તેહને, જાઓ શરણ સદેવ;
ઇચ્છાધીન થઈ કરો, સર્વે તનથી સેવ. ૨૦

રીઝતાં અવધૂત એ, થશે તમારું કામ;
માટે જાઓ, દેવ હે ! સહ્યાદ્રિ પર આમ. ૨૧

ગુરુવચન એ સાંભળી, કરે દેવ વંદન;
સહ્યાચલ પર આવીને, ભાવે કરે નમન. ૨૨

આશ્રમમાં બેઠા પ્રભુ, આજાનુકર[૧૧] એહ;
વિશાલાક્ષ[૧૨] દિગ્વસ્ત્ર હા ! સાંગ[૧૩] સુંદર દેહ ! ૨૩

ફુલ્લકંજમુખ દિવ્ય એ, કંબુકંઠ[૧૪] ત્રિરેખ;
દર્શનમાત્રે લેખમાં, મારે ભાસે મેખ. ૨૪

અતર્ક્ય ક્રીડે નગ્ન એ, નગ્નસુંદરી સાથ;
અંકે બેસાડી ચૂમે, દાબી પ્રેમે હાથ. ૨૫

બોલાવે અનઘા[૧૫] કહી, એનો વિચિત્ર ખેલ;
[૧૬]પાનાસક્ત કરે અહા અનઘ મત્તવત્ ગેલ ! ૨૬

દેખી એવું રૂપ એ, રહી દૂર વંદન.
કરે શક્ર દેવો સહ; જુએ દત્ત ન ક્ષણ. ૨૭

દત્ત ઊઠતાં એ ઊઠે, દેવ સકળ પણ એમ;
ચાલતાં પ્રભુ દેવગણ ચાલે પાછળ તેમ. ૨૮

બેસે તો બેસે સુરો, રહે ખડા પ્રભુ સાથ;
પુનઃ પુનઃ વંદન કરે, જોડી બંને હાથ. ૨૯

દૃષ્ટિ સરખી નવ કરે, તોએ એ અવધૂત;
પ્રશ્ન એક પૂછે નહિ; થયા ખિન્ન સુર [૧૭]પૂત. ૩૦

ધિક્કારી નિજને અહા ! કહેઃ- દૈવ બલવાન;
જ્યાં ત્યાં આડું આપણું, કેમ કરે ભગવાન ? ૩૧

નહીં તપસ્યા આપણી, ભાવ સુદૃઢ એમ;
કરે ઉપેક્ષા દત્ત એ, દયામૂર્તિ પણ તેમ ! ૩૨

૧. દેવલોકો. ૨. યુદ્ધ. ૩. મોટું. ૪. દેવ. ૫. દૈત્ય. ૬. હેલી. ૭. દેવ. ૮. બૃહસ્પતિ ૯. ઇંદ્ર ૧૦. ત્રિમૂર્તિ. ૧૧. ઢીંચણ સુધી લાંબા હાથવાળા. ૧૨. વિશાળ આંખોવાળા ૧૩. બધા અંગોથી સુશોભિત. ૧૪. શંખના જેવી ત્રણ રેખાવાળા કંઠયુક્ત. ૧૫. નિષ્પાપ. ૧૬. મદ્યપાનમાં મગ્ન. ૧૭. પવિત્ર.

ભક્તપાલ ગોવિંદ એ, દીનનાથ શ્રુતિ ગાય;
અનન્ય શરણે એહના, શું કારજ ના થાય ? ૩૩

માટે નિશ્ચય એ કરો, ભલે પડે આ દેહ;
ખસવું ના આ સ્થાનથી ! નહીં વિસારે એહ !! ૩૪

એવો નિશ્ચય ઉર કરી, રહ્યા દેવ તે ઠામ;
દેખી સુદૃઢ ભાવ એ, રીઝ્યા અંતરજામ. ૩૫

એક દિવસ પૂછે તિહાં, દત્તદેવ સુજાણઃ-
દેવો ! છોડી સ્વર્ગ કાં આવ્યા ? દિસો મ્લાન. ૩૬

શી ઇચ્છા ઉરમાં વસે કરો સેવા કેમ ?
સૂણી દેવ વંદન કરી, બોલે સુદીન એમઃ- ૩૭

શું તુજથી છાનું પ્રભો ? તું સર્વજ્ઞ સુજાણ !
માત્યો અતિશે જંભ એ, કરે અતિ હેરાન. ૩૮

જીતી લીધું સ્વર્ગ ને, હર્યા યજ્ઞવિભાગ;
હતાધિકાર દેવો સહુ, ફરે ભીત જ્યમ છાગ.[૧] ૩૯

અભેદ્ય દાનવ સર્વથા, કાંઇ ન ચાલે બળ;
તારક તુજ વિણ ના, વિભો ! તાર કૃપાસાગર. ૪૦

ભક્ત અમે તુજના, પ્રભો ! કિંકર સેવક જાણ;
શરણાગતરક્ષણ કરી, રાખ અમારૂં માન. ૪૧

વધી દૈત્યને વેગથી, કર સુર સંકટમુક્ત !
એમ કહી વંદન કરે, ફરી ફરીથી યુક્ત !! ૪૨

મંદ સ્મિત કરી દત્ત ત્યાં, વદે વચન ગભીરઃ-
દેવો, હા ભૂલ્યા તમે; થયા મૂઢ કાં ધીર[૨] ? ૪૩

સ્ત્રીનું એંઠું ખાઈને, કરી ઉચ્છિષ્ટપાન,
થયો ભ્રષ્ટ હું સાવ આ; રહી શક્તિ ન સાન[૩] ! ૪૪

મદ્યાસક્ત વશી[૪] ન હું, થયો સ્વયં બેહાલ !
કરી શકું શું અન્યનું ? જાઓ ગૃહ તત્કાળ. ૪૫

સ્ત્રીસંસર્ગે પતન છે, સ્ત્રીસંભોગે દુઃખ;
દૈવે તેમાં હું પડ્યો, મરૂં લાગતાં ફૂંક ! ૪૬

ધર્માધર્મ જાણે નહિ, પાપપુણ્ય પણ એમ;
શું થાએ એના થકી ? જાઓ બીજે તેમ. ૪૭

દત્તવચન આ સાંભળી, કરી દેવ વંદન.
કહેઃ- ભગવન્ ! સત્ય આ, તારાં યથાર્થ વચન. ૪૮

માયિક સર્વ પદાર્થ જે, તે ઉચ્છિષ્ટ પ્રમાણ;
તેથી ભ્રષ્ટ જીવો બધા, તું તો અસંગ જાણ ! ૪૯

મદ્ય પ્રમાદ[૫] એ થકી, તેમાં આસક્ત જીવ;
જ્ઞાનદીપ અવધૂત તું, કેવળ અખંડ શિવ. ૫૦

શક્તિ તારી આ પ્રભો ! અનઘા નિશ્ચિત એહ;
અભિન્ન એથી અનઘ તું, એમાં શો સંદેહ ? ૫૧

વિપ્રાન્ત્યજસંગે યથા, સૂર્યપ્રભા અભ્રષ્ટ;
પાપપુણ્ય સ્પર્શે નહીં, તેમ શક્તિ તુજ સ્પષ્ટ ! ૫૨

દત્ત વદેઃ- નિશ્ચિત હૃદે, માનો જો આ એમ;
જશે દુઃખ નિશ્ચય હવે, સત્યજ્ઞાને તેમ. ૫૩

જાઓ યુદ્ધ કરી તમે, લાવો દૈત્યો આમ;
હરી વીર્ય ક્ષણમાં, સહુ ખ્હોંચાડું યમધામ. ૫૪

હરખાયા સુર અંતરે, સૂણી દત્તવચન;
વંદન કરી સદ્‌ભાવથી, ગયા સ્વર્ગભુવન. ૫૫

દેખી દોડ્યા દૈત્ય એ, થયો ઉગ્ર સંગ્રામ;
મારે દૈત્યો ક્રોધથી; નાઠા સુરવર આમ. ૫૬

દૈત્યો પાછળ એ પડ્યા, દેવો આગળ ધાય;
આવ્યા બંને દોડતા, દત્તાશ્રમમાં ત્યાંય. ૫૭

પ્રભુ પાછળ સુરવર સહુ, ભરાયા ભયભીત;
ત્યાં તો આવ્યા દૈત્ય એ, સૂણે દૂરથી ગીત. ૫૮

અર્ધમુગ્ધ થયા અહા ! આવ્યા આશ્રમ માંહ્ય;
દેખી કોકિલકંઠી એ, કોમળ જેની કાય. ૫૯

ઓષ્ઠ બિંબસમ શા દિસે ! શોભે કંજવદન;
દંત દાડમની કળી, [૬]ચંચરીકનયન ! ૬૦

[૭]તન્વંગી ઘટ્ટસ્તની, દત્તાંકે એ એમ;
દેખી મનોજ્ઞ[૮] સુંદરી, દોડ્યા દૈત્યો તેમ. ૬૧

હરે ચિત્ત દર્શન થકી, કનક કાન્તા જાણ;
પડે ન મોહે તે નકી, પશુ મુક્ત વા માન ! ૬૨

દેખી અદ્‌ભુત રૂપ એ, દૈત્યો પણ એ તેમ;
પડતા મૂકી દેવને, ધાયા સ્ત્રીગમ એમ. ૬૩

થયા વ્યાકુળ કામથી; કહે મળ્યું સ્ત્રીરત્ન !
થયા કૃતાર્થ આપણે, કરતાં કાંઇ ન યત્ન. ૬૪

કોણ દેવ આ બાપડા ? આવે કદિ પાછળ
વણ મોતે મરશે નકી ! કહી એમ એ ખળ,[૯] ૬૫

બલાત્કારે સુંદરી નાંખી શિબિકા[૧૦] માંહ્ય;
મૂકી મસ્તક પર મુદા સ્વસ્થાને જ્યાં જાય, ૬૬

[૧૧]સ્મરવિહ્વળ એ દુર્જનો; કહે દત્ત સસ્મિતઃ-
ઊઠો જુઓ શું હવે ? કરો યુદ્ધ નિશ્ચિત. ૬૭

સર્વ દોષોમાં કહ્યો, પરસ્ત્રી દોષ મહાન્;
નિમેષમાત્રે દૈત્યનો, થાશે કચ્ચરઘાણ. ૬૮

૧. બકરૂં. ૨. બુદ્ધિમાન. ૩. અલ્પ, થોડી. ૪. જિતેન્દ્રિય, પોતાને વશ. ૫. સ્વસ્વરૂપનું વિસ્મરણ. ૬. ભ્રમર જેવાં નેત્ર. ૭. સુંદર અંગવાળી. ૮. મનોહર ૯. દુષ્ટ ૧૦. પાલખી. ૧૧. કામથી વ્યાકુળ.

પરાંગનાસ્પર્શે કર્યું, મહાપાતક એમ;
થયા દૈત્ય હતબલ સહુ, હતશ્રીક[૧] પણ તેમ. ૬૯

મચ્છક્તિ લક્ષ્મી સ્વયં, બેઠી શિર પર જ્યાંય;
ફોડી મસ્તક દૈત્યનાં, આવી જો ક્ષણ માંહ્ય ! ૭૦

થયા મૃતોપમ દૈત્ય એ, કરો હવે સંગ્રામ;
વાળ તમારો એક ના, થાશે વાંકો આમ. ૭૧

નિમિત્તમાત્ર તમે સુરો, મરી ચૂક્યા એહ,
પાપે પાપી સર્વ એ; ઊઠો નિઃસંદેહ. ૭૨

કાપો નિર્ભય દૈત્યને, માની સૂકું ઘાસ;
વિજયમાળ પહેરો સુખે; મારી આશિષ ખાસ ! ૭૩

સૂણી વચન શ્રીદત્તનાં, વંદન કરી સુરવર;
પડ્યા પાછળ દૈત્યની, લઈ શસ્ત્ર સત્વર. ૭૪

પરાંગનાસ્પર્શે થયા, દૈત્ય સકળ હતબળ;
તોડે દેવો મસ્તકો, જેમ વૃક્ષથી ફળ. ૭૫

ઊંચો હાથ કરાય ના, થયા દૈત્ય નિસ્તેજ;
મારે દેવો ક્રોધથી, ચમકે શસ્ત્રો તેજ. ૭૬

તોડ્યા પાદ કંઈકના, કર્યા અન્ય નિર્હસ્ત;
છાતી વિંધી કંઈકને, પાડ્યા ભૂપર ત્રસ્ત. ૭૭

દત્તકૃપાથી દેવ એ, થયા વિજયી એમ;
મરી ગયા દૈત્યો સહુ, પાપી પાપે તેમ. ૭૮

શક્તિ પાછી આવીને, બેઠી અંકે એહ;
હસે દત્ત ચુંબન કરી; ત્યાં તો દેવો તેહ ૭૯

આવ્યા વિજયી દોડતા, કરે ચરણવંદન;
કહે દત્તઃ- ભલી કરી ! તમે ધન્ય સુરગણ !! ૮૦

દારુણ જંભાસુર અતિ, કર્યું યુદ્ધ તત્સાથ;
માર્યા અસુરો શૌર્યથી, વિજયધ્વજ સાક્ષાત્ ૮૧

ઊભો કીધો દેવ હે ! રક્ષી મારી લાજ;
છોડાવી દુષ્ટો થકી, મારી સ્ત્રી આ આજ. ૮૨

બદલો શેં વાળું, અહા ? કીધો એ ઉપકાર !
સૂણી વચન લજ્જિત કરે, દેવો જયજયકાર ! ૮૩

નમન કરી સાષ્ટાંગ એ, બોલે ગદ્‌ગદ્ તેમઃ-
કરી કાર્ય પોતે, કરો મોટા અમને કેમ ? ૮૪

[૨]કૂટ વચન બોલી, અહા મોહો અમને નાથ !
દુર્જય દાનવ, ત્યાં અમે કોણ દેવ અનાથ ? ૮૫

સૂત્રધાર ઓથે રહી, કાષ્ઠપૂતળી જેમ
અજબ નચાવે કૌતુકે, કીધી લીલા તેમ ! ૮૬

શક્તિ શી અમની પ્રભો ? અમે સાવ અજ્ઞાન !
ભક્તિ વિણ રીઝ્યા, વિભો ! કર્યા મુક્ત શિશુ સાન[૩]. ૮૭

સ્વતંત્ર ત્રિગુણાતીત તું, અમે દીન પરતંત્ર !
કર્મે બાંધી ફેરવે ! કો જાણે તુજ તંત્ર ? ૮૮

નમીએ પદકંજે સદા, અર્પણ કરીએ શિર !!
એમ કહી અત્યાદરે, કરે સ્તવન ગંભીર. ૮૯

દેખી સુરસદ્‌ભાવ એ, થયા દત્ત પ્રસન્ન;
મૂકી કર શિર પર મુદા, આપે આશીર્વચન. ૯૦

શું કમી મુજ ભક્તને ? સુખે સ્વર્ગોપભોગ
કરો હવે નિશ્ચિંત, હે ! ટળ્યો દૈવદુર્યોગ. ૯૧

દત્તાજ્ઞા વંદી શિરે, ગયા દેવ પણ તેમ;
ફરે મોજથી સ્વર્ગમાં, સ્વાધિકારયુત એમ. ૯૨

દેવો સહ અદ્યાપિ એ, વંદે ઇંદ્ર ચરણ;
આવે નિયમિત દર્શને, ભજે અર્પી તનમન. ૯૩

ગર્ગ કહેઃ- અર્જુન અરે ! એવો પ્રભાવ જાણ
અપૂર્વ યોગેશ્વર તણો, દત્તપ્રભુનો માન. ૯૪

જા સદ્‌ભાવે શરણ તું, કરશે અપાય દૂર;
થશે પૂર્ણ તુજ કામના, મા વિલંબ કર શૂર ! ૯૫

ગર્ગવચન એ સાંભળી, દ્રવ્યું અર્જુનચિત્ત !
ભક્ત્યુત્કંઠિત નીસર્યો, કાયા [૪]પુલકાંકિત. ૯૬

વંદન કરી મુનિચરણમાં, આવ્યો સત્વર એમ,
સહ્યાદ્રિ પર એકલો; દેખે અરણ્ય તેમ. ૯૭

જલઝરણાં ખળખળ વહે, શીતળ મંદ પવન;
વૃક્ષઘટા શોભે અહા ! કરે પક્ષી કૂજન. ૯૮

સમૃદ્ધિ ફળપુષ્પની ! કોણ વર્ણવે એહ ?
[૫]નીલકંઠ નાચે મુદા, ટહૂકે કોયલ મેહ[૬] ! ૯૯

નિર્વૈરે ક્રીડે સદા, વ્યાઘ્ર ધેનુ બે સાથ;
શોધ્યું દુઃખ જડે નહીં, નંદનવન સાક્ષાત્ ! ૧૦૦

અકસ્માત્ ત્યાં માર્ગમાં, દેખે પ્રભુપદચિહ્ન;
વજ્રાંકુશ ધ્વજ ચિહ્ન હા ! શોભે સ્પષ્ટ સુચિહ્ન. ૧૦૧

ચિહ્નાંકિત પદ દેખી એ, માર્ગે અર્જુન એમ;
ઉછળે આનંદે અહા ! કરે નમન સપ્રેમ. ૧૦૨

કંપે રોમાંચિત તનુ, વહે પ્રેમાશ્રુનીર;
દેહભાન મળે નહીં, ખડો સ્તંભવત્ ધીર. ૧૦૩

મન નિશ્ચલ ક્ષણમાં થયું, ચિંતાશૂન્ય અશેષ;
બુદ્ધિ નિર્મલ, ઇંદ્રિયો ચેષ્ટાશૂન્ય વિશેષ ! ૧૦૪

૧. હતૈશ્વર્ય. ૨. અટપટાં. ૩. જ્ઞાનાં. ૪. રોમાંચિત. ૫. મોર. ૬. મલ્હાર; વરસાદનો રાગ.

અંતર્બાહ્ય ભૂલી ગયો, થયું અહંવિસ્મરણ;
યોગીઓ પણ નવ લહે, ધન્ય એહ દર્શન ! ૧૦૫

ઘટિકાદ્વય ઊભો રહ્યો, શૂન્યવત્ એ એમ;
દૈવે જાગૃતિ આવતાં, વંદે તત્પદ તેમ. ૧૦૬

પુનઃ પુનઃ વંદન કરે, આળોટે ભૂ પર;
ભાવે શિર પર માટી એ, મૂકે ધન્ય નૃપવર ! ૧૦૭

કહેઃ- ધન્ય આ [1]મેદિની સેવે પ્રભુપદ એહ
પ્રેમે છાતી પર સદા, દેવદુર્લભ જેહ ! ૧૦૮

[2]હરિત તૃણાંકુર રોમ શાં ખડાં કરી સુધન્ય;
દર્શાવે આનંદને, ધન્ય ભૂમિ આ વન્ય ! ૧૦૯

દેખે વનવૃક્ષો તિહાં, ફલશાખાગ્રે નમ્ર;
કહેઃ- [3]સમિત્પાણિ અહા ! વંદે કેવાં કમ્ર[4] ? ૧૧૦

ભક્તો એ પ્રભુના નકી; દર્શાવે શું એમ ?
અક્કડ અભિમાને રહ્યા, થયા વૃક્ષ આ તેમ ! ૧૧૧

વંદનભક્તિથી કરે પૂર્વપાપક્ષાલન;
ફલપુષ્પે પૂજી પ્રભુ, કરે ક્ષમાયાચન ! ૧૧૨

ધન્ય પર્વત આ દિસે, ભક્તોત્તમ શું જાણ;
વહે શીર્ષ પર જે સદા; દત્તચરણરજ માન ! ૧૧૩

ભાવે સેવામાં ધરે, કંદમૂળ જળ મિષ્ટ;
[5]ભાગવતોત્તમ એ નકી, પ્રેમી પ્રભુને ઈષ્ટ.[6] ૧૧૪

ચાલે ચિંતી એમ ત્યાં, થાય આશ્રમદર્શન;
સંભળાએ વેદધ્વનિ, હરે શોક તત્ક્ષણ. ૧૧૫

ચકોર દેખી ચાંદણું, જેમ અતિ હરખાય;
દેખી અર્જુન દૂરથી, ગાંડો ગાંડો થાય. ૧૧૬

પાસે આવ્યો પ્રેમથી, દેખ્યા શ્રીભગવંત;
બેઠા સહજાનંદમાં, લતાગૃહે અનંત. ૧૧૭

આજાનુકર રમ્ય એ, કોટિમદનસ્વરૂપ;
દેખી મૂર્તિ નેનથી, થયો દિઙ્મૂઢ ભૂપ. ૧૧૮

મંદસ્મિત મુખકંજ પર, દેખી નાસે મોત;
ચંદ્રસૂર્ય લાજી મરે, દેખી નેનની જ્યોત ! ૧૧૯

ધૂલિધૂસર અંગ છે, સદા દિગંબર જાણ;
દેખી વૃત્તિ નવ ખસે, લુબ્ધ ભૃંગવત્ માન. ૧૨૦

[7]દામિની સમ દમકતી, માયાનારી અંક
બેસાડી કીડે અહા ! અસંગ એ નિઃશંક. ૧૨૧

અજ્ઞાની દેખી હસે, કરે કુતર્ક એહ;
ગર્ગવચન સ્મરી રહ્યો, અર્જુન નિઃસંદેહ. ૧૨૨

માની મિથ્યા ખેલ એ, ભજે ભાવથી તેમ;
કહે દત્તઃ- જા દૂર હે ! નહિ તો મારીશ એમ. ૧૨૩

'ભલે' કહી વંદન કરી, કરે પાદસેવન;
વારે અપશબ્દે પ્રભુ, ખસે ન તોએ ક્ષણ. ૧૨૪

પતિક્રોધથી ના ખસે, સતી જેમ પળમાત્ર;
ભાવે સેવા આચરે, તેમ ભૂપ સત્પાત્ર. ૧૨૫

પ્રભુપદનખમાણિક્યથી થાય હાર્દતમ[8] નષ્ટ;
તન્મયતા સ્વરૂપમાં, ગણે કોણ ત્યાં કષ્ટ; ૧૨૬

હડસેલી મૂકે પ્રભુ, કરે લત્તાપ્રહાર;
તોએ શિષ્ય નવ એ ખસે, સહે અપશબ્દ માર. ૧૨૭

આનંદે સેવે સદા, કરે અંગમર્દન;
મદ્ય માંસ લાવે મુદા, [9]સ્રક્ ચંદન લેપન. ૧૨૮

નિદ્રા આળસ પરિહરી, રાખી ચરણે ધ્યાન;
જાણી મનનો ભાવ એ, સેવા કરે સુજાણ. ૧૨૯

શ્રદ્ધા રાખી અંતરે, લે ઉચ્છિષ્ટપ્રસાદ;
એક દિવસ પ્રભુ શું કરે, જોવા ભાવ ઉદાત્ત ? ૧૩૦

દૃષ્ટિમાત્રથી હસ્ત બે, પાડે ભૂ પર એહ;
કહે હસીનેઃ- કાં અરે ! પાડે નાહક દેહ ? ૧૩૧

અશુભ આગળ પર દિસે, જા અહીંથી તત્ક્ષણ;
અશુદ્ધસંગ સારો નહિ, હું તો ભ્રષ્ટ કુજન.[10] ૧૩૨

રહું અમંગલ સર્વદા, કર્મબહિષ્કૃત જાણ;
ભક્ષ્યાભક્ષ્ય જાણું નહિ, પાપપુણ્ય સમાન. ૧૩૩

વર્તું મત્તવત્ સદા, નગ્ન પિશાચ જેમ;
નગ્નસ્ત્રી સાથે કરું ક્રીડા અયુક્ત એમ. ૧૩૪

[11]મત્સંસર્ગોત્થિત અહા ! પાપે ખોયા હાથ;
પ્રાણ જશે નિશ્ચય હવે; કાં નોતરે ઘાત ? ૧૩૫

સૂણી વચન વિસ્મિત વદે, સ્મરી ગર્ગોપદેશ;
વંદન કરી સદ્ભાવથી, ડગે ન ચિત્તે લેશઃ- ૧૩૬

વદી લોકવત્ વ્યર્થ કાં, દેવ પમાડો મોહ ?
અગ્નિસંગે શું કદિ, થયું ભ્રષ્ટ ક્યાં લોહ ? ૧૩૭

સર્વાત્મા નિઃસંગ તું, માયાશ્રયથી વેષ
ભજવે લોકોકારણે; અનઘ તું નિઃશેષ. ૧૩૮

શક્તિ અનઘા સર્વથા તારી, આ કાં આળ
વૃથા સ્વીકારે તું પ્રભો ? અગમ્ય તારી જાળ ! ૧૩૯

એકરૂપ બંને તમે, ભેદ લગાર ન ત્યાંય;
ના જાણે તે શબ્દથી, ભલે વૃથા ઠગાય. ૧૪૦

૧. પૃથ્વી. ૨. લીલાં. ૩. હાથમાં સમિધ લઈ; પૂજ્યભાવથી. ૪. રમણીય. ૫. ભગવદ્ભક્ત. ૬. વ્હાલો; પ્રિય. ૭. વીજળી. ૮. હૃદયમાં રહેલો અજ્ઞાનરૂપી અંધકાર. ૯. માળાઃ હાર. ૧૦. ખરાબ માણસ. ૧૧. મારા સંસર્ગથી ઉત્પન્ન થયેલ.

વિશ્વરૂપ જૂદો ન તું, ના જાણે જે એહ;
પામર શાસ્ત્રે બદ્ધ એ, કરે વૃથા સંદેહ. ૧૪૧

ભેદદર્શીને એ ભલે, બાંધે વિધિનિષેધ;
ભેદાભેદાતીત તું; શો તુજને [1]પ્રતિષેધ; ૧૪૨

તુંથી શુદ્ધ ન કાંઇએ, તું તો અશુદ્ધ[2] ખાસ !
એવું જાણે કો ન તે થાએ ત્વત્પદદાસ ? ૧૪૩

ભલે પડે આ દેહ પણ, રહે ભાવ કાયમ;
થાય અન્યથા ના કદિ, એ નિશ્ચય મક્કમ. ૧૪૪

ત્વચ્ચરણે મન સર્વદા, રહે સુનિશ્ચલ એમ;
માગું ના બીજું કશું ! ભાવે પ્રાર્થે તેમ. ૧૪૫

સૂણી વચન નિર્દોષ એ, વળ્યા દત્ત તત્ક્ષણ;
બોલે વચનામૃત મુદા, આગળ તદ્વર્ણન. ૧૪૬

દત્તકૃપાથી જંભનો કરી પરાજય એમ;
સૂણી દેવ વિજયી થયા, અર્જુન ભાવે તેમ ૧૪૭

આ અધ્યાયે દત્તને, જાય શરણ સુદીન;
અલખનિરંજનવાદથી કથે **રંગ** સુલીન. ૧૪૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે જંભપરાજયકથનં નામ એકાદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧ ॥ દોહરા ૧૪૮

અધ્યાય ૧૨ મો

અલખ નિરંજનને કહેઃ- સૂણી અર્જુનવેણ
વળ્યા દત્ત, વત્સારવે[3] વળે જેમ સુરધેન.[4] ૧

વદેઃ- માગ પ્રસન્ન હું, આપું દુર્લભ વર;
ધન્ય ભક્તિ તાહરી; નિશ્ચય ધન્ય અઢળ ! ૨

ગુહ્ય તત્ત્વ જે માહરૂં, જાણે તું તે તેમ;
ના છોડે મુજને તથા, પ્રાણપ્રિય તું એમ. ૩

અનન્ય ભક્તો જે સદા, રહું તેમની પાસ;
થાય દુઃખભાગી સહુ, અભક્ત દુર્જન ખાસ. ૪

ભક્ત સખા તું માહરો; મૂકી દેહની આશ,
કીધી સેવા ખંતથી; માગ ઈપ્સિત ખાસ ! ૫

સૂણી વચન રાજા વદે, પુલકાંકિત એ એમઃ-
થયા દેવ પ્રસન્ન જો, આપો ઋદ્ધિ[5] તેમ. ૬

કરૂં એકલો ન્યાયથી પ્રજાપાલનકર્મ;
ધર્મ અર્થ ને કામથી, પામું અભિન્ન શર્મ.[6] ૭

જ્ઞાન થાય પરચિત્તનું, કીર્તિ દિગંત તેમ;
નષ્ટલાભ મન્નામથી, થાય ભક્તને એમ. ૮

સ્મરતાં દર્શન આપીને, કરૂં કૃતાર્થ જન;
સિદ્ધિ સેવામાં સદા, કરૂં યથેષ્ટ ગમન. ૯

[7]શૈલ કાનન[8] ભૂ વિષે, વ્યોમ અંબુ[9] પર તેમ,
ગમન અકુંઠિત સર્વદા;[10]લઘિમાદિક પણ એમ. ૧૦

સ્વર્ગે પાતાળે બધે, કરૂં સ્વૈર સંચાર;
વિજય મળે સર્વત્ર ને થાય શત્રુસંહાર. ૧૧

પ્રગટે ઇચ્છામાત્રથી, સહસ્ર બાહુ તેમ;
સદા સર્વચિત્તજ્ઞતા, પૂર્ણાયુષ્ય એમ. ૧૨

એકછત્ર મહીતળે, કરૂં રાજ્ય હું જાણ;
ત્વત્તુલ્યે લઢતાં મરૂં, [11]ખ્યાત્યાધિકથી માન. ૧૩

કુમાર્ગપ્રવૃત્તિ કદા થાય ન મુજથી એમ;
સન્માર્ગે વર્તું સદા, કરૂં સત્સંગ તેમ. ૧૪

ઉપદેશક સાચા મળે, રહું દુષ્ટથી દૂર;
દંડું ધર્મે દુષ્ટને, થાઉં કદિ ન ક્રૂર. ૧૫

પૂજ્ય અતિથિથી સદા, ભર્યું રહે મુજ ઘર;
ભંડારો ભરપૂર ને ખૂટે દ્રવ્ય ન તલ. ૧૬

ભક્તિ અવ્યભિચારિણી, ત્વચ્ચરણમાં તેમ;
સ્મરણ અખંડ રહે પ્રભુ, માગું પ્રાર્થી એમ. ૧૭

એમ કહી વંદન કરે, કહે 'તથાસ્તુ' દેવ;
સપ્તદ્વીપમહીપતિ થઇશ તું તતખેવ. ૧૮

જે જે માગ્યું તેં સુખે આપ્યું મેં તું જાણ;
એમ બોલતાં, હાથ બે ફૂટ્યા પૂર્વસમાન. ૧૯

અકળિત લીલા પ્રભુ તણી, જોઇ અર્જુન એહ;
આલિંગે પ્રભુને મુદા, થઇ નિશ્ચલ દેહ. ૨૦

વરદહસ્ત મૂકી શિરે, ઊઠાડે પ્રભુ તેમ;
કહેઃ- અર્જુન ! જા હવે, માની આજ્ઞા એમ. ૨૧

રાજ્યાસન સંભાળ જા, રહે નિશ્ચિંત જાણ !!
સૂણી અર્જુન વંદીને કહેઃ- 'આજ્ઞા પ્રમાણ.' ૨૨

૧. પ્રતિબંધ, અટકાવ. ૨. **नास्ति शुद्धं यस्मात्**- જેનાથી બીજું કાંઇ શુદ્ધ નથી તે. ૩. વાછરડાની બૂમથી. ૪. કામધેનુ ગાય. ૫. સમૃદ્ધિ. વૈભવ. ૬. કલ્યાણ. ૭. પર્વત. ૮. જંગલ. ૯. પાણી. ૧૦. લઘિમા. (શરીર ફાવે તેવું હલકું કરી શકવાની શક્તિ.) વગેરે સિદ્ધિઓ. ૧૧. વધારે કીર્તિવાળાથી.

થયો ગળગળો સ્નેહથી, વહે આંસુ ચોધાર;
કહેઃ- પ્રભુ ના ભૂલશો, નિરાધાર આ બાળ. ૨૩

ભવતારક ત્વચ્ચરણનું, રહેજો સદા સ્મરણ !
એમ કહી વંદન કરે, જુએ પાછું ક્ષણ ક્ષણ. ૨૪

જતાં સાસરે નવવધૂ, થાય જેમ વિહ્વળ;
થયો ભૂપતિ તેમ એ, થયા ચરણ વિકળ. ૨૫

સ્મરણ રાખી અંતરે, કરતો મુખથી ગાન;
'દત્ત' 'દત્ત' એવું સદા, ચાલે અર્જુન જાણ. ૨૬

આવ્યો રેવાતટ વિષે, રાજધાનીમાં એમ;
થયો દાખલ ભૂપતિ, માહિષ્મતીમાં તેમ. ૨૭

સામૈયું મંત્રી કરે, પૌર ઋષિ મુનિ દેવ;
મંત્રઘોષ વાદ્યાદિથી, આણ્યો ગૃહ તતખેવ. ૨૮

ચાર વેદના મંત્રાથી, તીર્થોદકથી તેમ;
[1]આર્દ્ર ઉદુંબરપલ્લવે, રાજ્યાભિષેક એમ ૨૯

કીધો મુહૂર્ત સાધીને; આપે અર્જુન દાન
અમિત ગોધનક્ષેત્રનું, અન્ન વસ્ત્ર પ્રમાણ. ૩૦

વસુ રુદ્ર આદિત્ય ને મરુદ્ગણો પણ તેમ,
સિદ્ધ ગંધર્વ કિન્નરો વિશ્વેદેવો એમ, ૩૧

આવ્યા અભિષેકે સહુ; થયો મહોત્સવ જાણ;
રાજા પૂજે સર્વને, કરી યોગ્ય સન્માન. ૩૨

આપે આશીર્વચન એ, 'થા દીર્ઘાયુ' એમ;
રાજાઓ કર આપીને, વંદે પદ સપ્રેમ. ૩૩

સાદ પડાવે રાજવી, રાજ્યે બેસી તૂર્ણઃ-
મારા વિણ જે કો ધરે શસ્ત્ર, દોષી તે પૂર્ણ. ૩૪

હિંસા ચોરી વા કરે, મારીશ તેને ઠેર;
કાયદો આ તોડતાં, કરું ન કદિએ મ્હેર. ૩૫

સૂણી વચન એવું સહુ, મૂકી દે હથિયાર;
પાળી આજ્ઞા ધાકથી, રક્ષે નિજ આચાર. ૩૬

બન્યો એકલો ભૂપતિ, ક્ષેત્રપાળ ધનપાળ;
ગ્રામપાળ સેનાપતિ, ધાન્યપાળ પશુપાળ. ૩૭

વિપ્રતપસ્વિપાળ એ ! અગ્નિ ચોર રિપુ વ્યાળ[2]
કરે ઉપદ્રવ જો કદિ, કરે એજ પ્રતિપાળ.[3] ૩૮

નાના રૂપ ધરી કરે, એક પ્રજારક્ષણ;
હરી આપદા સર્વદા, પાળે શિશુવત્ જન. ૩૯

માહિષ્મતીમહીં વસે, ફરે ત્રિલોકે તેમ;
યથાન્યાય પાળે પ્રજા, કાર્તવીર્ય એ એમ. ૪૦

નષ્ટલાભ યજ્ઞામથી, સ્મરતાં દર્શન થાય;
રોગરાઈ પીડે નહીં, સદા સુભિક્ષ[4] ત્યાંય. ૪૧

અનાવૃષ્ટિ કદિએ નહીં, અતિવૃષ્ટિ પણ એમ;
માગ્યો વરસે મેહ ને, દૂઝે ધરતી તેમ. ૪૨

વિપ્રામર[5] યજ્ઞો થકી, કીધા સુતૃપ્ત જાણ;
આપી અમૂલ્ય દક્ષિણા, સહસ્રાર્જુને માન. ૪૩

માઘ કૃષ્ણ અષ્ટમી દિને, દત્તવ્રત પણ એમ
કરે, અનઘ અવધૂતને પૂજી નૃપ એ તેમ. ૪૪

ઉત્સવકીર્તનમાં કરે, રાત્રી વ્યતીત જાણ;
અન્ય દિને દ્વિજભોજને, કરે પારણાં માન. ૪૫

અનઘાષ્ટમી વ્રત આ કરે, નિત્ય નિયમથી જેહ;
થાય સુખી સમૃદ્ધ એ; એમાં નહિ સંદેહ. ૪૬

જે દિવસે વરદાન એ, પામ્યો ભૂપ સુજાણ;
કરે ઉત્સવ તદ્દિને, શશ્વત્[6] દર્શન માન. ૪૭

કરે દત્તનું હૃદયમાં, સ્મરણ ધ્યાન નિશદિન;
તેજસ્વી રવિ સમ અહા ! પ્રભુચરણમાં લીન. ૪૮

કરી રાજ્ય ધર્મે સદા, કરે દુષ્ટદંડન;
ગાય સુકીર્તિ જેહની, સુર કિન્નર મુનિ જન. ૪૯

યજ્ઞદાનતપયોગમાં, [7]શ્રુતવીર્યે પણ તેમ;
જયપરાક્રમમાં નહીં કોઈ તત્સમ એમ. ૫૦

એક દિવસ ક્રીડા કરે, સહસ્ર નારી સાથ;
સ્વચ્છંદે રેવાતટે, ભૂપ એહ વિખ્યાત. ૫૧

રાવણ લંકાધીશ ત્યાં, નારદવાક્યે એમ
આવ્યો લઢવા ગર્વથી, દેખે અર્જુન તેમ. ૫૨

નેત્રસંકેતે કરી સ્ત્રીહાથે બંધન;
આણ્યો બાંધી, પારણે લટકાવ્યો તત્ક્ષણ. ૫૩

ખેંચે મૂછો છોકરાં, ધાવણાં ઘર માંહ્ય;
રમે રમકડું માનીને, ચૂં કે ચાં ન થાય. ૫૪

થયો દીન રાવણ અતિ, જાણે કુબેર એમ;
છોડાવે અર્જુન કને કરી પ્રાર્થના તેમ. ૫૫

એવો બળિયો ભૂપ એ, કાર્તવીર્ય સુજાણ;
યજ્ઞામસ્મરણે ટળે અરિષ્ટ નિશ્ચય માન. ૫૬

વર્ષ ચોરાશી હજાર, રાજ્ય કરે એ એમ;
થતાં કૃપા યોગીંદ્રની, યથાન્યાય નૃપ તેમ. ૫૭

દત્તદર્શને નિત્ય એ, આવે સુમતિ તેમ;
નમસ્કાર સેવા કરી, જાય પાછો એમ. ૫૮

રહે રાતવાસો કદિ, કરે ધર્મચિંતન;
નૂતન વસ્તુ લાવીને, કરે ખાસ અર્પણ. ૫૯

૧.ભીની; લીલી. ૨. (૧) સર્પાદિ ઝેરી પ્રાણી, (૨) વ્યાઘ્રાદિ હિંસ્ર પશુ; (૩) લુચ્ચા અને બદમાસ લોક. ૩. પાલન; રક્ષણ. ૪. સુકાળ. ૫. બ્રાહ્મણો અને દેવો. ૬. વારંવાર. ૭. જ્ઞાન અને વીરતામાં.

વરસ ચોરાશી હજાર, ગયાં એમ ક્ષણ માંહ્ય;
પૂર્વપુણ્યથી ચિત્તમાં, થયો વૈરાગ્ય ત્યાંય. ૬૦

એક દિવસ એકાગ્ર એ, કરે ભૂપ વિચારઃ-
ભૂમંડળ જીત્યું બધું, કર્યો અમિત સંહાર. ૬૧

પ્રાપ્ત કર્યું શું રાજ્યથી ? કરી વૃથા ખટપટ;
કામાદિક જીત્યા નહીં, ચલે ન ત્યાં લટપટ ! ૬૨

સ્વસ્ત્રીઓએ જીતીને, રાખ્યો અંકિત[1] એમ;
નચાવ્યો મર્કટ યથા, બન્યું એ બધું કેમ ? ૬૩

જે જે દૃશ્ય બધું જ તે, નાશવંત ચપળ;
ઓથે નિશ્ચલ જે રહ્યું, જાણ્યું તે ન અકળ ! ૬૪

પ્રારબ્ધે પછડાઈને, કામકર્દમે હાય
ગૂંચાયો હાથે કરી ! રડ્યે હવે શું થાય ? ૬૫

રાજાએ વર આપતાં, દુર્દૈવે જ્યમ રંક
માગે ચપટી કોદરા; તેમ મેં નિઃશંક ૬૬

માગ્યું આ શું મૂઢ સમ, થતાં દત્ત પ્રસન્ન,
મૂકી અક્ષય ધન અહા, વિષય રાજ્ય કદન્ન ? ૬૭

તોડી સંબંધો બધા, છોડી વૈભવ તેમ,
ઇચ્છે યત્પદ યોગીઓ, ગ્રહી તત્પદ એમ; ૬૮

જન્મમરણ ટાળ્યું નહીં, થયો દેખતાં અંધ;
હાથે કૂવામાં પડ્યો ! કરે દેવ શું હંત[2] ? ૬૯

[3]વિદ્યુચ્ચલ લક્ષ્મી બધી, જીવન ક્ષણભંગુર;
જ્યાંનું ત્યાં રહે સગું, આખરકાળે દૂર. ૭૦

કોની સ્ત્રી ? કોના સુતો[4] ? કોનો આ પરિવાર ?
કોનાં કિંકર દાસીઓ ? ક્ષણિક રાજ્યભંડાર ! ૭૧

બાંધે જે નિજ શત્રુને, બાંધે તેને મૂઢ;
બાળે જઈ સ્મશાનમાં, ફેંકી દે ઉડઝૂડ ! ૭૨

પાળી પોષી જેહને, કીધો મોટો આમ;
સડી થાય રોગે અહા, ધિક્ ધિક્ દુર્ગંધધામ ! ૭૩

જેને વંદે ભૂપતિ, ચાટે અંતે ધૂળ !
રાખ થઈ સ્મશાનમાં, આળોટે રણશૂર !! ૭૪

વૃથા ગઈ આયુ બધી, માર્યા ફાંફાં વ્યર્થ !
શરણ ગ્રહી સમર્થનું, સાધ્યો કાંઈ ન અર્થ ! ૭૫

દયાસાગર દત્ત એ; વંદું વારંવાર;
સૂઝાડ્યો તેણે જ આ, આજે સારવિચાર. ૭૬

જઉં શરણ એને ફરી, ભાવે ગ્રહું ચરણ;
કોણ તારક એહ વિણ, ટાળે જન્મમરણ ? ૭૭

થઈ એમ નિર્વિણ્ણ એ કાર્તવીર્ય સુજાણ,
સહ્યાદ્રિ પર વેગથી આવ્યો અર્જુન માન. ૭૮

જાણી એ પ્રભુ પ્રથમથી, બેઠા ધ્યાનસ્થવત્;
જોવા દૃઢતા શિષ્યની; કરે સદ્‌ગુરુ તદ્વત્. ૭૯

વણ પરીક્ષ્યે જ્ઞાનનું, કરતાં દાન અજાણ;
ફળે ન કોદિ શિષ્યને; થાય અનર્થ મહાન્. ૮૦

કાયા વાચા મન થકી, સ્વાત્મસમર્પણ તેમ
કરે અર્જુન ભાવથી, દેખે દત્ત ન એમ ! ૮૧

પાણી પણ પીધા વિના, સ્તવે ખિન્ન થઈ જાણ;
પુનઃ પુનઃ વંદન કરે; બોલે દેવ ન વાણ ! ૮૨

આશ્વાસન ના દે પ્રભુ, ના ખોલે ક્ષણ નેન;
થયો દીન અતિ ભૂપ એ, સ્તવે ગદ્‌ગદ્ વેણઃ- ૮૩

૧

(ઈસ તન ધનકી-એ રાહ)

જય કરુણાકર, દત્ત દિગંબર ! રૂઠ્યો આજે કાં વિશ્વંભર ?....ટેક
માતપિતા તું રૂઠતાં શિશુ પર, કોણ બચાવે ત્રિભુવનમાં નર ?...જય....૧
ભવજલતારક ત્વત્પદનૌ[5] વર, કેમ ડૂબાડે અધવચ કિંકર ?....જય.....૨
પાપી હું, અઘહારક સદ્વર ! તું દાતા હું દીન, યતીશ્વર !....જય....૩
[6]**રંગા**નલમાં બળતો ઉગારી, તાપ નિવારી ઠાર ગ્રહી કર !!...જય....૪

૨

(બાલમ આજો મારે દેશ-એ રાહ)

દીનાનાથ દયાળુ તાત ! આજે શેં રૂઠ્યા ગુરુનાથ ? ટેક
પાપી હું અપરાધી મેલો, આવ્યો શરણે નાથ;
દર્શન આપી દોષો કાપી, વેગે સ્હાઓ હાથ....આજે....૧
ભવસાગર ચોગરદમ ઊછળે, વચ્ચે દીન અનાથ;
ડૂબું એકલડો હું પામર, તારક કોઉ ન સાથ....આજે....૨

૧. તાબે; વશ. ૨. અફસોસ. ૩. વીજળીના જેવી ચંચળ. ૪. પુત્રો. ૫. નૌકા, નાવડી, ૬. ભવાગ્નિમાં.

રમતાં કોડે બાળક દોડે, પડે કદાપિ નાથ !
શોભે રક્ષા; કેમ ઉપેક્ષા કરે દેવ સાક્ષાત્ ?....આજે....૩
મેઘ કને ચાતક ના માગે, ક્યાં ફેલાવે હાથ ?
કરે વિમુખ શું જલદ[૧] 'અભાગી જા અહીંથી' કહી તાત ?...આજે....૪
તરછોડે જલ જો માછલડું, કેમ જીવે જલજાત[૨] ?
રૂઠે **રંગ**વિધાતા[૩] જગ પર, મરે સૃષ્ટિ સાક્ષાત્ !!...આજે....૫

યદ્રૂપે જગભ્રાંતિ આ જડ સ્વપ્નોપમ જાણ,
[૪]અલાતચક્રવત્ લોલ[૫] એ માયિક કથનપ્રમાણ; ૮૪

જ્ઞાની યતચિત્તે[૬] કરે જ્ઞાનબળે એ શાન્ત,
ગુરુવાકયે યત્પદ લહી, થાય ચિત્ત પ્રશાન્ત; ૮૫

તે ત્વત્પદ પ્રણમું પ્રભો ! મુમુક્ષુ હું એમ;
કૃપા કરી ગોવિંદ હે, ટાળ ભવાગમ તેમ. ૮૬

નિત્યમુક્ત સર્વજ્ઞ તું, હું બદ્ધ અજ્ઞાન;
જાણી પ્રભુ નિજ ભક્તને, કર ભવમુક્ત સુજાણ. ૮૭

કાં નાવે તુજને દયા ? કર પ્રફુલ્લ મુખકંજ;
અસહ્ય આ ભવયાતના, થાય અતિશે રંજ. ૮૮

સચ્ચિત્સુખસ્વરૂપ તું, નિજાનંદમાં મસ્ત;
ના જાણે પીડાઉં હું, જન્મમરણભયગ્રસ્ત ? ૮૯

જન્મમરણ તુજને નહીં, શોકમોહ પણ તેમ;
તેથી શું તું ના લહે, દુઃખ માહરૂં એમ ? ૯૦

ખરે, પ્રસૂતિવેદના જાણે વંધ્યા કેમ ?
ભવત્રાસ સુખમૂર્તિ તું, જાણે સત્ય ન તેમ ? ૯૧

રાજકુંવર દુર્ભિક્ષનું ભલે ન જાણે દુઃખ;
દ્રવે આર્ત[૭] જોઈ પ્રજા ! કાં ન તું શિવમુખ ? ૯૨

વિશ્વસાક્ષી તું પ્રભો, સહસ્રાક્ષ[૮] પ્રમાણ;
કેમ ન દેખે દીનને ? બને કેમ અજાણ ? ૯૩

ઓતપ્રોત સઘળે ભર્યું, વસ્ત્રો સૂતર જેમ;
તેમ વિશ્વ ત્વદુદરમાં; મા લે કેડો એમ. ૯૪

તું તારક, મહિમા સૂણી આવ્યો શરણે જાણ;
કેમ સ્તવું જાણું નહીં, પામર હું અજ્ઞાન. ૯૫

માફ કરી દોષો સહુ, ઉઘાડ નિશ્ચલ નેન;
અંકે તેડી બાળ આ, બોલ એક પણ વેણ. ૯૬

સુખતૃષ્ણાથી [૯]આખુવત્, પેઠો ભવદર માંહ્ય;
ઓચિંતો કરડયો અહા, કાળસર્પ ત્યાં હાય ! ૯૭

કોણ ઉતારે ઝેર એ, તુજ વિણ માંત્રિક અન્ય ?
જ્ઞાનફૂંક મારી, વિભો ! આપ શાન્તિ અનન્ય. ૯૮

ભવાટવીમાં ભટકતાં, ઘેરાયો ચોપાસ,
ત્રિતાપદાવે મધ્યમાં; મૂકી દીધી આશ. ૯૯

સંભળાઈ ઘનગર્જના, ત્યાં તો તારી એમ;
બેઠો શરણે દીન હું, તાર કૃપા કરી તેમ. ૧૦૦

નારાયણ અવતાર આ, તારો ભક્તો કાજ;
જ્ઞાનભક્તિવૈરાગ્યથી આપે અક્ષય તાજ. ૧૦૧

નિશ્ચય એવો ઉર કરી, આવ્યો શરણે દીન;
ક્ષણભંગુર રાજ્યાદિથી, થઈ વિરકત ખિન્ન. ૧૦૨

સ્ત્રીપુત્રાદિક ભોગ એ, માયામય સહુ એમ;
સ્વરૂપાચ્છાદક સદા, ઉદ્વેજક એ તેમ. ૧૦૩

સ્મરતાં પાડે જીવને, કરે સુદૃઢ બંધન;
હેય[૧૦] વિષ્ઠાવત્ સદા; કોણ કરે ચિંતન ? ૧૦૪

[૧૧]વૃશ્ચિકપ્રાવરણે કદિ ખદિરાંગારે જાણ,
મસ્તક મૂકી નાગ પર, સૂએ નિશ્ચિત માન. ૧૦૫

ભવસેજે પણ સુખતણી, ઝાંખી કદિ ન થાય;
જાણી નિશ્ચય અંતરે, કો પામર ત્યાં ધાય ? ૧૦૬

ભીષણ આ ભવચક્રથી, ડરૂં જેમ હું નાથ;
તેમ અન્ય હિંસ્રાદિથી, ડરું ન કદિએ તાત. ૧૦૭

ભવભંજક ત્વચ્ચરણમાં, દે અખંડ નિવાસ;
યત્સુવાસે વિષયની ભૂલું ગંધ ઉદાસ. ૧૦૮

વિષયકીટકને ભલે, દે વિષયો આનંદ;
ત્વદ્ભકત સુવિરક્ત જે, તેને શી એ ગંધ ? ૧૦૯

તવ પ્રસાદે ના હવે, ભોગેચ્છા તલપૂર;
આપી પદસેવા, પ્રભો ! ખાળ વાસનાપૂર. ૧૧૦

અત્યનસૂયા ધન્ય એ, વંદું વારંવાર;
યત્કૃપાથી પાદ આ થયા સુલભ ભવતાર. ૧૧૧

૧. મેઘ. ૨. જળમાં ઉત્પન્ન થએલ પ્રાણી. ૩. જગત્સ્રષ્ટા. ૪. વર્તુલાકારે ફરતા બળતા ઉંબાડિયાથી થએલા અગ્નિના કુંડાળાની માફક. ૫. ચંચળ. ૬. સંયમિત ચિત્તે ૭. દુઃખી; પીડિત. ૮. હજાર આંખોવાળો. ૯. ઉંદરની માફક. ૧૦. ત્યજવા યોગ્ય. ૧૧. વીંછીનું ઓઢવાનું ઓઢી.

વેદોને પણ ના મળે, જેનું નામનિશાન;
ભક્તભાવનાધીન એ, ધરે રૂપ અભિધાન.[૧] ૧૧૨

તે તું વિશ્વંભર વિભો ! કેમ વિસારે બાળ ?
કૃપાદૃષ્ટિ તારી થતાં, કોણ બાપડો કાળ ? ૧૧૩

વિશ્વાધ્યક્ષ તુંને નમું, હૃષીકેશ અનન્ત !
આધિવ્યાધિમર્દન પ્રભો ! જુએ આજ કાં અન્ત ? ૧૧૪

સ્તવી એમ મૂર્છિત થયો, કાર્તવીર્ય એ એમ;
સાવધ થઈ પુનઃ કરે સ્તુતિ પૂર્વવત્ તેમઃ- ૧૧૫

ૐ

(પ્રભાતિયાની રાહ)

ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના, સંસૃતિગંજના[૨] વિશ્વમૂર્તે !
પૂર્ણ કરી કામના સત્ય કર નામના, દુઃખ હર વામના ભવ્યમૂર્તે !!....ટેક
ભક્ત આવી ખડા બારણે બાપડા, હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદહાસ્યે કરી ભવચિંતા હરી, શાંતિ દે નરહરિ શ્યામવરણા..... ઊઠ.....૧
અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના, ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શેં થયો ચંદ્રમા તમ ? પૃથ્વી ક્ષમા, છોડી દે અર્યમા[૩] કેમ માઝા ?..... ઊઠ.....૨
શરણ ભાવે થતાં, ના રહે ત્યાં કથા દુઃખની હે તતા[૪] ! બ્રીદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે ? કાં ઉપેક્ષા ગમે ? દૈવ મારું..... ઊઠ.....૩
[૫]દાર ઘર વિસરી ત્વત્પદે નત હરિ, જનિમૃતિ[૬] સંહરી તાર વેગે;
ભ્રાન્ત ભવકાનને શ્રાન્ત શાસ્ત્રાટને, ક્ષાળ[૭] કર્દમ[૮] મુને ! જ્ઞાનમેઘે.....ઊઠ....૪
વિષયધૂલિ ઊડે સૂઝ કંઈ નવ પડે, આંખ ચોળી રડે જીવ હારી;
[૯]વિરતિજલધારથી [૧૦]બોધઆસારથી, સ્વાત્મવિચારથી ઠાર [૧૧]હાળી.....ઊઠ.....૫
દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા, આવી આખર જરા કાળદૂતી,
રંગ શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો, વ્યર્થ દોડી મર્યો કરમ ફૂટી !!.....ઊઠ.....૬

સ્તવન કરી એવું થયો, અર્જુન મૂકવદન;
અરુણઉદય થયો તિહાં, ઉષા [૧૨]રક્તવદન ! ૧૧૬

આવ્યા સિદ્ધો દર્શને, અંતરિક્ષથી ત્યાંય;
સુર કિન્નર મુનિ અપ્સરા, ગંધર્વો [૧૩]વરકાય. ૧૧૭

પરિક્રમા વંદન કરી, ગયા ભાવથી એમ;
સહ્યાચલવાસી સહુ, વિપ્ર ઋષિ મુનિ તેમ. ૧૧૮

આવ્યો શાન્તતપા તિહાં, તેજસ્વી મુનિ એક,
લઈ મૃત્તિકા જલ કરે; એનો ધન્ય વિવેક ! ૧૧૯

ઊઠ્યા પ્રભુ વેગે અહા ! લીધાં મૃજ્જલ[૧૪] જાણ;
મૌન ધરી નૈઋત્યમાં, ગયા નિત્યપ્રમાણ. ૧૨૦

શૌચાદિક સત્વર કરી, આવ્યા પાછા એમ;
ત્યાં તો માટી જલ ગ્રહી, ઊભો બીજો તેમ. ૧૨૧

હાથપગ ધોઈ પ્રભુ કરે દંતધાવન;
સ્નાન સરોવરમાં કરી, કરે દેવતર્પણ. ૧૨૨

ભસ્મ વલ્કલ ત્યાં લઈ, આવ્યો અન્ય સુજાણ.
કરે પુંડ્ર[૧૫] ધારણ પ્રભુ, ઓઢે વલ્કલ જાણ. ૧૨૩

યથાવિધિ આહ્નિક કરી, ફરી ધ્યાનસ્થવત્
બેઠા દેખી, ભૂપ એ રડે ખિન્ન શિશુવત્. ૧૨૪

બોલે શાન્તતપા તિહાં, કરી નમ્રવંદનઃ-
ઊભો આ પ્રભુ ક્યારનો, કરો કૃપા ભગવન્ ! ૧૨૫

દાસ આપનો ભૂપ એ ખડો કરી ઉપવાસ,
આવ્યો શરણે ભાવથી; કરો કેમ ઉદાસ ? ૧૨૬

કરી હાસ્ય વદે પ્રભુઃ- કેમ કરે રે ખેદ ?
શું દુર્લભ મદ્‌ભક્તને ? વૃથા કરે નિર્વેદ. ૧૨૭

આપી સઘળી સિદ્ધિઓ; શું ઇચ્છે મન આન ?
હોય વિત્તોચ્છા હજી, આપું સત્વર માન. ૧૨૮

સૂણી વચન શ્રીદત્તનાં, [૧૬]સાશ્રુનેત્ર નૃપ એમ
વદેઃ- પરીક્ષા હે પ્રભો ! કરો હજીએ કેમ ? ૧૨૯

ઘટઘટનું જાણો બધું, કીધી શિક્ષા નાથ;
મા તરછોડો દીનને, વેગે ઝાલો હાથ. ૧૩૦

તરસ્યાને પાણી ઘટે, ભૂખ્યાને પ્રભુ અન્ન;
રક્ષણ શરણાગતતણું, દરિદ્રીને ત્યમ ધન. ૧૩૧

૧. નામ. ૨. જીતનાર. ૩. પિતૃઓના અધિષ્ઠાતા. ૪. હે તાત. ૫. સ્ત્રી. ૬. જન્મમરણ. ૭. ધો. ૮. કાદવ (વિષયરૂપી). ૯. વૈરાગ્ય. ૧૦. બોધરૂપી વરસાદના ઝાપટાથી. ૧૧. ખેડૂત (જીવરૂપી). ૧૨. લાલ મુખવાળી. ૧૩. સુંદર શરીરવાળા. ૧૪. માટી અને પાણી. ૧૫. ત્રિપુંડ. ૧૬. આંખમાં આંસુ આણીને.

જ્ઞાનદાન મુમુક્ષુને, યોગ્ય યોગ્યને તેમ;
કહેવું શું સર્વજ્ઞને, દેવું કોને કેમ ? ૧૩૨

શું માગું હું દેવ હે ? જાણો અંતર નાથ;
[1]કાંક્ષા ઉરમાં ના વસે; કાં છેડો ધનવાત ? ૧૩૩

ક્ષણભંગુર લક્ષ્મી બધી, સિદ્ધિ ચંચળ તેમ;
ના ઇચ્છે મન સર્વથા, થયું વિરક્ત એમ. ૧૩૪

દૈવે ઇચ્છા મોક્ષની, ઊઠી અંતર માંહ્ય;
દીક્ષા આપી જ્ઞાનની, કરો તૃપ્ત ગુરુરાય ! ૧૩૫

થાક્યો શાસ્ત્રો ખોળીને, વધ્યો તેટલો ભ્રમ;
[2]નિષ્ઠાક્રમ ના સાંપડયો, વૃથા ગયો સહુ શ્રમ. ૧૩૬

મત્ત ઇંદ્રિયો ના રહે, કેમે કરી સ્વાધીન;
ઠરે ચિત્ત ના એક પળ, થયો પ્રભો હું દીન. ૧૩૭

મન વાણી પહોંચે નહિ, બ્રહ્મ નિરંજન એક;
શુદ્ધ પરાત્પર સત્ય એ; જગ મિથ્યા ત્યાં છેક. ૧૩૮

માયિક ક્ષણભંગુર બધું, રજ્જુસર્પવત્ જાણ;
મિથ્યા વેદાંતી કહે, સત્ય અન્ય પ્રમાણ. ૧૩૯

સત્ય અનાદિ હોય ના, દેખાએ એ કેમ !
જીવ [3]વ્યવહરે શેં તિહાં ? કરે શંકા એમ. ૧૪૦

મીમાંસક બોલે સુખી થાય કર્મથી તેમ;
યોગી બોલે યોગથી; કરે વિતંડા[4] એમ. ૧૪૧

સાંખ્ય કહે જીવો અનેક, કોઈ કહે વળી એક;
ક્ષણિક શૂન્યવાદી કહે, કોઈ નિત્ય વળી છેક. ૧૪૨

નિમિત્ત ઈશ્વર જગતણું, પ્રધાન બોલે કોક,
કર્મ પરતંત્ર કોઈ કહે, વિશ્વ દ્વંદ્વજ[5] કોક. ૧૪૩

આરંભવાદી કો દિસે, અજાતવાદી કોક;
પરિણામવાદી કો વળી, વિજ્ઞાન વિવર્ત કોક. ૧૪૪

સિદ્ધ કરે નિજ પક્ષને, શ્રુતિ પ્રમાણે તેમ;
પામે ભ્રમ મારી મતિ, આવ્યો શરણે એમ. ૧૪૫

સત્ય એક નિશ્ચિત વદો, કૃપા કરી ગુરુરાય;
કરવું કેમ મુમુક્ષુએ ? કહો મોક્ષ ઉપાય. ૧૪૬

આપકૃપાથી ત્રિભુવને, આજ્ઞા મારી કોઈ
ઉલ્લંઘે ના સ્વપ્નમાં; શત્રુ ભૃત્યવત્ [6]સોઈ. ૧૪૭

સમૃદ્ધિ અક્ષય સદા, ભોગ સર્વ સંપૂર્ણ;
કંટાળ્યું મન આ હવે, કરો કૃપા પ્રભુ તૂર્ણ. ૧૪૮

પૂર્વે વર દેતાં પ્રભો ! માગી માટી એમ;
રાજ્ય વૈભવ સંપદા, સિદ્ધિ ભંગુર તેમ. ૧૪૯

ભૂલ્યો દુર્દૈવે અહા ! થયો હવે જાગ્રત્;
સત્ય જ્ઞાન વિના કંઈ, માગું ન અન્ય અસત્. ૧૫૦

ડૂબું આ ભવસાગરે; કોણ ઉગારે નાથ ?
કોણ દયાળુ આપ વિણ ? વેગે સ્હાઓ હાથ. ૧૫૧

એમ કહી વંદન કરે; વદે દત્ત ગભીર;
કહે અલખ યોગીશ એ, સૂણે નિરંજન ધીર. ૧૫૨

કંટાળી રાજ્યાદિથી, આવ્યો અર્જુન એમ;
આ અધ્યાયે શરણ એ કીધું વર્ણન તેમ. ૧૫૩

દત્તામુખામૃતપાનથી થશે કૃતાર્થ જાણ;
અપૂર્વ આગળ એ કથા, કથે **રંગ** નિર્માન. ૧૫૪

બાલવાક્યવત્ આદરે, સૂણે સંત દયાળ;
બલિહારી ગુરુદેવની, જુએ ન સ્હામું કાળ ! ૧૫૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અર્જુનશરણગમનં નામ દ્વાદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨ ॥ દોહરા ૧૫૫ ગીત ૩

અધ્યાય ૧૩

દીન વચન અર્જુન તણાં, સૂણી દત્ત દયાળ;
આશ્વાસન આપી વદે, યોગિરાજ તત્કાળઃ- ૧

ધન્ય અર્જુન તું નકી, સાત્ત્વિક ભક્ત સુજાણ;
દૈવી સંપત્તિ થકી, શોભે સૂર્ય સમાન. ૨

પ્રારબ્ધે રાજ્યાદિમાં, પડ્યો યદ્યપિ તેમ;
મત્સેવાથી ઉપજ્યો પૂર્ણ વૈરાગ્ય એમ. ૩

આ જ દેહે જો હવે મુક્તિસૌખ્ય અખંડ;
જેથી લેશ નડે નહીં મિથ્યા માયાબંડ. ૪

શાસ્ત્રો જૂઠાં એ નહીં, કરે તત્ત્વનો બોધ;
તત્ત્વ એક બધે ભર્યું, કર સુવિચારે શોધ. ૫

એક તાત્પર્ય સર્વનું; એમાં શો સંદેહ ?
વાદ પુરાતન એ વિષે કહું સૂણ, વરદેહ ! ૬

બૃહસ્પતિ બેઠા હતા, કરાવતા અભ્યાસ;
સ્વશિષ્યોને એકદા, જૂદા જૂદા ખાસ. ૭

[7]લોકાયત કોઈ પઢે, કામશાસ્ત્ર વળી કોક;
શિલ્પ સૌગત[8] ન્યાય ને, ગાનાદિક નિઃશોક. ૮

૧. ઇચ્છા. ૨. જ્ઞાનની સ્થિરતા; સ્વરૂપાવસ્થિતિ. ૩. વ્યવહાર કરે. ૪. શાબ્દિક ઝગડો. ૫. ઈશ્વર અને પ્રધાન બંનેથી ઉત્પન્ન; અથવા મૈથુનિક. ૬. એ. ૭. ચાર્વાક મત. ૮. બૌદ્ધ.

ઓચિંતો આવ્યો તિહાં, ઇંદ્ર દર્શને ખાસ;
દેખી ગુરુને દૂરથી, આવ્યો ચાલી પાસ. ૯

નમન કરી સદ્‌ભાવથી, ઊભો જોડી કર;
બેસાડે ગુરુ પ્રેમથી, પાસે આસન પર. ૧૦

દેખી પૂછે શિષ્ય એ કરતા વિવિધાભ્યાસઃ-
ગુરો ! કેમ આ શું પઢે, આપ પઢાવો ખાસ ? ૧૧

પૂર્વાભ્યાસે જન્મથી વિષયવાસના એમ,
પીડે પ્રાણીને સદા, તરે કેમ એ તેમ ? ૧૨

કામાદિક શાસ્ત્રો ન શું, [1]બંધનાત્મક એહ;
વિષયાધ્યાસ વધારીને, પાડે નરકે જેહ ? ૧૩

વિષયવાસનાદગ્ધ આ, તત્ત્વબહિર્મુખ તેમ;
દુઃશાસ્ત્રો[2] પ્રેરો વૃથા, અંધ કૂપમાં જેમ. ૧૪

મૂળે લંપટ આ બધા, તેમાં શાસ્ત્રો આમ
[3]અર્થાત્મક બોધી, ગુરો ! થશે સિદ્ધ શું કામ ? ૧૫

મૂળે મર્કટ, ભાંગ ત્યાં પાઓ હાથે કેમ ?
કહે ગુરુઃ- દેવેન્દ્ર હે ! મા વિસ્મિત થા એમ. ૧૬

શાસ્ત્ર ન બાધક સર્વથા, તાત્પર્ય સહુનું એક;
થાય ચિત્તશુદ્ધિ ક્રમે, એથી અંતે છેક. ૧૭

કહું સાત દૃષ્ટાંત ત્યાં શંકાભેદક જાણ !
વસે કાપિલ્યપુર વિષે, શિલ્પશાસ્ત્રી સુજાણ. ૧૮

વિધિજ્ઞ નામે એ હતો, વાસ્તુશાસ્ત્રપ્રવીણ;
માને [4]તજ્જ્ઞો એહને, આપે કામ નવીન. ૧૯

ભૂશુદ્ધિ ભૂદોષ ને આય વ્યય પ્રમાણ;
જાણી બાંધે ઘર સહુ, થાય સુખાલય[5] માન. ૨૦

એણે બાંધ્યું ગેહ જે, થાય ધર્મ ત્યાં નિત્ય;
ઉત્સવ [6]મખ મંગલ સદા, અન્નદાન આતિથ્ય. ૨૧

રોગ ઉદ્‌ભવે ના કદિ, મૂષક મચ્છર તેમ;
માંકણ પલ્લી[7] ના દિસે, હેરૂ વીંછી એમ. ૨૨

અપમૃત્યુ નાવે કદિ, જરા અકાળે માન;
બાંધે ઘરો વિધિજ્ઞ એ, શાસ્ત્રાધારે જાણ. ૨૩

થયો પ્રસિદ્ધ એમ એ, પામ્યો દ્રવ્ય અપાર;
બોલે અસત્ય ના કદિ, કરે સર્વ પર પ્યાર. ૨૪

જીવે એ પર જન બહુ, ધન્ય શિલ્પજ્ઞ એહ;
મરણ પછી સ્વર્ગે ગયો, થઈ દિવ્ય સુદેહ. ૨૫

ભોગ ભોગવી ત્યાં સુખે, જન્મ્યો ફરી ભૂપર;
થયો ભૂપ પુણ્યે અહા ! કરે પુણ્ય અધ્વર.[8] ૨૬

[9]પ્રાસાદો દેવાલયો, ધર્મશાળા તેમ,
વાપી કૂપ [10]તડાગ ને બાગબગીચા એમ; ૨૭

અન્નછત્ર વિદ્યાગૃહો, બંધાવી નૃપ જાણ;
કાળે મૃત્યુ પામીને, ગયો સ્વર્ગમાં માન. ૨૮

ભોગ ભોગવી ત્યાં ફરી જન્મ્યો પૃથ્વી પર,
પવિત્ર બ્રાહ્મણકુળ વિષે; ગહન કર્મનું ફળ ! ૨૯

દુર્લભ મનુષ્યજન્મ આ સર્વેન્દ્રિયપરિપૂર્ણ,
મળે વિરલ પુણ્યે કરી; ત્યાં પણ વિપ્ર નિપુણ[11] ૩૦

થાય મહા પ્રયત્નથી; જ્ઞાની તેમાં જાણ,
કોક કરોડે પુણ્યથી થાય વંદ્ય સુજાણ. ૩૧

તેમ જ શિલ્પી પૂર્વનો, થઈ ભૂપતિ એમ;
જન્મ્યો વિપ્રકુળે ફરી, પૂર્વપુણ્યે તેમ. ૩૨

ગર્ભાધાનાદિક સહુ યથાવિધિ સંસ્કાર,
કરે પિતા, જન્મે સુધી શુભ ચોઘડિયે બાળ. ૩૩

યથાવિધિ જાતક કરે, નામકર્મ પણ તેમ;
દાનપુણ્ય આનંદથી, પિતા સકળ સપ્રેમ. ૩૪

દેવશર્મા બાળ એ, દિસે [12]કાન્ત સ્વરૂપ;
શાન્ત સ્વભાવે સર્વનાં હરે ચિત્ત અનુપ. ૩૫

યથાકાળ ચૌલાદિથી, દીધું યજ્ઞોપવીત;
કરે વેદાધ્યયન એ, કરી એકાગ્ર ચિત્ત. ૩૬

ભાવે ગુરુસેવા કરે, સંધ્યાવંદન હોમ;
બ્રહ્મચર્યરત સર્વદા, પઢે યથાક્રમ [13]સ્તોમ. ૩૭

સાંગ પદ ક્રમ સંહિતા, શાસ્ત્ર સકળ નિર્ભ્રમ;
પઢ્યો તપસ્વી ધન્ય એ, સફળ એહના શ્રમ. ૩૮

આપી ગુરુને દક્ષિણા, કરે સમાવર્તન,[14]
કન્યા કુલીન જોઈને કરે પાણિગ્રહણ. ૩૯

રૂપવતી કાન્તા સતી, શીલસંપન્ન એહ;
દીપાવે ગૃહ સુંદરી, ગૃહ્યાશ્રમ સસ્નેહ. ૪૦

વેદશાસ્ત્રવિત્ વિપ્ર એ યથાવિધિ સપ્રેમ,
પંચયજ્ઞાદિક કરે ગૃહ્યકર્મ સનેમ. ૪૧

ગુરુશુશ્રૂષા ભાવથી, ભજનપૂજન જાણ;
ઇષ્ટજાપ સદા કરે, ત્યજી કર્મઅભિમાન. ૪૨

પઠન પાઠન સર્વદા, યજન યાજન તેમ;
દાનપ્રતિગ્રહે કરે કાળનિર્ગમ એમ. ૪૩

દુષ્પ્રતિગ્રહ ના કરે સ્વપ્ને પણ એ જાણ;
હરે પુણ્ય જે સર્વથા, લેવું કદિ ન દાન. ૪૪

૧. બંધનકર્તા; મોક્ષબાધક. ૨. અનિત્ય વસ્તુને સત્ય સમજાવનારાં શાસ્ત્રોમાં. ૩. વિષયાત્મક. ૪. તે શાસ્ત્ર જાણનાર; જાણકાર. ૫. સુખનું ધામ. ૬. યજ્ઞ. ૭. ધિલોડી. ૮. યજ્ઞ. ૯. મહેલો. ૧૦. તલાવ. ૧૧. બુદ્ધિમાન. ૧૨. રમણીય. ૧૩. વૈદિક મંત્રાદિ સ્તુતિ. ૧૪. બ્રહ્મચર્યાશ્રમની સમાપ્તિ.

ઉદાસીનવત્ સર્વદા, વર્તે ગૃહમાં એમ;
ફલેચ્છા મનથી ત્યજી, કરે કર્મ સપ્રેમ. ૪૫

ધીમે ધીમે ઉપરતિ થતાં, ભજનનો રંગ
જામ્યો અંતરમાં અહા ! છોડે માયિક સંગ. ૪૬

સત્ય દયા તપ શૌચ ને [1]ક્ષાન્તિ આર્જવ[2] તેમ,
શમ દમ શ્રદ્ધા નિત્ય એ બ્રહ્મકર્મ સપ્રેમ; ૪૭

વિપ્ર સંઘરે ભાવથી, છોડી બીજું કર્મ;
નાઠા કામાદિક સહુ, થયું ચિત્ત નિર્મમ. ૪૮

ગળી અહંતા વિપ્રની, થયું નિર્મળ સ્વાંત;[3]
શ્રવણરુચિ લાગી હૃદે, શોધે દ્વિજ એકાંત. ૪૯

કરી ગૃહસ્થાશ્રમતણી, તૂર્ણ સમાપ્તિ તેમ;
રહ્યો વની[4] બની અહા ! સહે શીતોષ્ણ તેમ. ૫૦

ધ્યાનનિષ્ઠ સદા રહે, કરે ઈશચિંતન;
ઉદરચિંતા છોડીને, કરે શ્રવણમનન. ૫૧

અભય આપી સર્વને, લીધો ચતુર્થાશ્રમ;
ગુરૂપદેશે એહનો, ભાંગ્યો સત્વર ભ્રમ. ૫૨

શ્રવણે સંશયભાવના, અસંભાવના તેમ
નાઠી મનને વેગથી, ધ્યાને વિપરીત એમ. ૫૩

રાજયોગ સાધી કર્યો પ્રતિબંધનો ભંગ;
વાસનાક્ષય ક્રમ થકી, થયો મનતણો ભંગ. ૫૪

જ્ઞાનયોગથી [5]ક્ષિપ્ર એ, થયો જીવન્મુક્ત;
શેષ પ્રારબ્ધ ભોગવી, બ્રાહ્મણ વિદેહમુક્ત. ૫૫

ઈશવાક્ય શાસ્ત્રો બધાં, માની સશ્રદ્ધ એમ,
વર્તે વિશ્વાસે, ક્રમે થાય મુક્ત નર તેમ. ૫૬

કહે બૃહસ્પતિ ઇંદ્રને, કાર્તવીર્યને દત્ત;
થયો મુક્ત શિલ્પજ્ઞ એ, ક્રમે શાસ્ત્રસંયત. ૫૭

ઉદાહરણ બીજું કહું, સાંભળ શિષ્ય સુજાણઃ-
વસે નર્મદાતટે વિષે માહિષ્મતીમાં જાણ. ૫૮

વિપ્ર એક રત સર્વદા ગીતવાદ્યમાં એહ;
કામશાસ્ત્રવિત્ પૂર્ણ એ કવિવર સુંદરદેહ. ૫૯

ખોળે સુંદર પદ્મિની, ભાર્યા વિપ્ર સુજાણ;
આવ્યો રાજગૃહે, કરે પૂજી નૃપ સન્માન. ૬૦

પૂછેઃ- શી ઇચ્છા ઉરે ? કહે વિપ્રઃ-શાસ્ત્રોક્ત
શોધું નારી નૃપ હે ! સાંગ કામશાસ્ત્રોક્ત. ૬૧

જાણું સામુદ્રિક બધું, કામશાસ્ત્ર પણ તેમ;
મળે સુલક્ષણ સુંદરી, શોધું જાણી એમ. ૬૨

જાણી અંતર એહનું, [6]સર્વલક્ષ્મસંપૂર્ણ
દેખાડે નૃપ [7]આત્મજા; દેખી મોહિત તૂર્ણ ૬૩

થયો વિપ્ર સ્ત્રીરત્ન એ જોઈ કામાતુર;
સાવધ થાતાં, ધારીને દેખે મુખ [8]ભૂસુર. ૬૪

જોતાં દ્વિજમુખ સુંદરી, થઈ નિશ્ચેષ્ટ જાણ;
જાણી અંતર બેઉનું, થયો તુષ્ટ નૃપ માન. ૬૫

સ્વગત વિચારે રાજવીઃ- હું અપુત્ર અપંગ;
દિસે વિપ્ર સત્પાત્ર આ, જાણે નાના રંગ. ૬૬

ઘરજમાઈ એહને કરૂં સુખે હું એમ;
થયો મુગ્ધ જોઈ સુતા, એ પણ મોહિત તેમ. ૬૭

શુદ્ધ પ્રેમ બંને તણો; જોઉં શું હું અન્ય ?
પરણાવી નિજ નેત્રથી થાઉં બેઉ ધન્ય. ૬૮

હશે નિર્ધન દ્વિજ કદિ, કરૂં રાજ્યાર્ધદાન !
એમ વિચારી શીઘ્ર એ, કરે લગ્ન નૃપ માન. ૬૯

મુહૂર્ત જોઈ ભૂપ એ, બ્રાહ્મવિધિથી એમ;
આપે કન્યાદાન ને રાજ્ય અર્ધ પણ તેમ. ૭૦

ધામધૂમથી સોળ દિન, કીધો ઉત્સવ જાણ;
રાખી લીધો મહેલમાં વિપ્ર જમાઈ માન. ૭૧

પતિપત્ની આનંદથી, ક્રીડે બંને તેમ;
ચક્રવાકસમ પ્રેમથી, શોભે જોડું એમ. ૭૨

મન વાણી જાણે નહીં, સુખ આત્યંતિક જેહ;
[9]આત્માવસ્થિતિપ્રાપ્ય જે, નિત્ય નિરતિશય એહ. ૭૩

મનુષ્યની તો વાત શું ? સુખ બ્રહ્માનું જેહ,
તેથી પણ શતગુણ કહ્યું, આત્મસૌખ્ય જે તેહ. ૭૪

કામશાસ્ત્રવિધિજ્ઞ જે, જાણે તે સંપૂર્ણ
[10]શાખાચંદ્રન્યાયથી રત્યારૂઢ સુતૂર્ણ. ૭૫

પામર ના જાણે કદિ, કરે વિષયસંભોગ;
સોપાધિકસુખમગ્ન એ; કયાં જીવેશ્વરયોગ ? ૭૬

નિત્ય નિરતિશય સૌખ્યને, જાણે વિધિજ્ઞ એમ;
સ્પર્ધાસૂયાહીન એ, રમે જાણીને તેમ. ૭૭

મૈથુનાન્તે જે રહે, સુપ્ત્યન્તે ક્ષણ જેહ,
પૂર્ણાનંદાવસ્થિતિ સદા અનુભવે એહ. ૭૮

અખંડ આત્માધ્યાસથી તેને કરતલ જાણ,
જીવન્મુક્તિ જ્ઞાનીને, પામે મૂઢ ન માન. ૭૯

પામર આ જાણે નહીં, રહે વિષયનિમગ્ન,
આત્મપરાઙ્મુખ સર્વદા, થાય રોગથી ભગ્ન ! ૮૦

૧. ક્ષમા. ૨. સરળતા. ૩. અંતઃકરણ. ૪. વાનપ્રસ્થ. ૫. સત્વર. ૬. સર્વલક્ષણોથી યુકત. ૭. પોતાની કન્યા. ૮. બ્રાહ્મણ. ૯. આત્મામાં સ્થિત થવાથી પ્રાપ્ત થતું. ૧૦. ઝાડની ડાળીની પાછળ દેખાતો ચંદ્ર દેખાડી દૂર અંતરિક્ષમાં રહેલા ચંદ્રનું ભાન કરાવવું તે.

વિપ્ર કામશાસ્ત્રજ્ઞ એ, રત્યુપાધિથી એમ,
જાણી બ્રહ્માનંદમાં થયો નિમગ્ન તેમ. ૮૧

જાણી પતિનું ચિત્ત એ, રાજસુતા પણ જાણ;
માની બ્રહ્મ એને રમે સુમતિ ધન્ય સુજાણ ! ૮૨

સ્વપ્ને પણ ના અન્યને, ઇચ્છે કદિએ એહ;
પતિચરણ સેવે સદા, આનંદે નતદેહ. ૮૩

બંનેએ પાતક કદિ, કીધું અલ્પ ન માન;
સ્વપ્ને પણ દેખ્યું નહીં, દુઃખ શોકનિશાન. ૮૪

એકચિત્ત બંને સદા, પાળે ગૃહસ્થધર્મ;
યથાકાળ યથાવિધિ, કરે નિર્લેપ કર્મ. ૮૫

જે સુખ દેવો ના લહે, તે સુખ બંને એમ;
અનુભવે પતિપત્ની એ, અખંડ અભિન્ન પ્રેમ ! ૮૬

દૈવે મૃત્યુ પામતાં, બંને ગંધર્વલોક
પામ્યાં; ત્યાં પણ દંપતી[૧] થયાં, રમે નિઃશોક. ૮૭

ગીતવાદ્યનિષ્ણાત[૨] એ, થયાં ગંધર્વમાન્ય;
લીન નાદબ્રહ્મે સદા, વિમલચિત્ત વદાન્ય. ૮૮

યથાશાસ્ત્ર સંગીતથી, કરે સકળ સંતુષ્ટ;
ફરે મોજથી ચોદિશે, પ્રફુલ્લમુખ પ્રહૃષ્ટ ! ૮૯

એક દિવસ સ્વચ્છંદથી, હિમાચલે એ એમ
ગાય દંપતી; એ સૂણી ચંદ્રમૌલિ શિવ તેમ ૯૦

આવ્યા ઉમિયા સાથ ત્યાં, સૂણે મંજુલ ગીત;
રાગરાગિણી સહ તિહાં, તાલ સપ્તસ્વર મિત. ૯૧

ડોલાવે શિર સાંભળી, મનોજ્ઞ એ સંગીત;
છોડી ધ્યાન વદે મુદા, ભોલાનાથ [૩]પ્રતીતઃ- ૯૨

ધન્ય ગાન આ ! ના સૂણ્યું એવું કદિએ જાણ,
ફીકું લાગે સામ ત્યાં, ડોલે દ્રુમ[૪] પાષાણ ! ૯૩

તુષ્ટ થયું મન માહરૂં, આપું પ્રસન્ન વર;
રહો મોદથી સ્વર્ગમાં, કરો તુષ્ટ સુરવર. ૯૪

એમ કહી વિમાનમાં, માનપુરઃસર જાણ,
બેસાડી એ સ્વર્ગમાં મોકલે શિવ માન. ૯૫

સૂણી ગાયન એમનું સુર કિન્નર મુનિ એમ;
થયા ચકિત ગંધર્વએ, મુગ્ધ અપ્સરા તેમ. ૯૬

એવો બ્રાહ્મણ સ્વર્ગમાં, દેવગંધર્વમાન્ય
થયો પ્રાણપ્રિય સર્વને, નાદમૂર્તિ વદાન્ય ! ૯૭

બ્રહ્મલોકમાં એક દિન, થયો ઉત્સવ મહાન;
આવ્યા ગંધર્વો સહુ, તેમાં આ પણ માન. ૯૮

આવ્યો દેવો સાથ ત્યાં; થયું અપૂર્વ ગાયન;
ગાન તાન ને નાચથી, ડોલે ચૌદ ભુવન ! ૯૯

મૃદંગ તાસાં મોરલી, વીણા સતાર તેમ;
વાગે ખણણણ ખંજરી, તાલ મંજીરા એમ. ૧૦૦

સર્વસ્વરમાં, વિપ્રનો સૂણી મિષ્ટતમ[૫] સૂર,
થયા તુષ્ટ વિધિ; ગાયકો કરી સર્વ ક્ષણ દૂર, ૧૦૧

બેસાડી એ બેઉને, સૂણે ધ્યાન દઈ જાણ;
બ્રહ્માનંદાપ્લુત[૬] અહા ! ગાન મનોરમ માન. ૧૦૨

થયા હૃષ્ટ બ્રહ્મા સૂણી; કહેઃ- ધન્ય આ એક
જાણે સર્વોત્કૃષ્ટ જે, નાદબ્રહ્મવિવેક ! ૧૦૩

ધન્ય આનંદ એહનો ! બીજાને પણ એમ,
આપે પરમાનંદ એ; દુઃખ નિવારે તેમ. ૧૦૪

બ્રહ્મલોકમાં નિત્ય એ વસે સસ્ત્રીક એમ
મુજ સાંનિધ્યે સર્વદા, ઘટે વરદાન તેમ. ૧૦૫

એમ કહી પ્રેમે વિધિ, માનપુરઃસર જાણ
સ્વસંનિધ રાખે સદા, પતિપત્નીને માન. ૧૦૬

[૭]શ્રુત્યગોચર બ્રહ્મ જે દેખાડીને તેમ,
આપે ક્રમમુક્તિ વિધિ; પુનરાગમન ન જેમ. ૧૦૭

એમ કામશાસ્ત્રજ્ઞ એ, ભોગ ભોગવી જાણ;
બ્રહ્મલોકમાં જઈ ક્રમે, થયો મુક્ત સુજાણ. ૧૦૮

કહે બૃહસ્પતિ ઇંદ્રને, શાસ્ત્ર શુદ્ધિકર એમ;
કહું અન્ય દૃષ્ટાંત ત્યાં, સાંભળ સાવધ તેમઃ- ૧૦૯

હતો વિપ્ર ગોદાતટે, વેદશર્મા સુજાણ;
પુત્ર એક તેને હતો, સુશીલ નામ જાણ. ૧૧૦

અન્વર્થક સુત એ સદા સદાચારસંપન્ન;
ગાયત્રીજપરત કરે શ્રવણ ધ્યાન મનન. ૧૧૧

દૈવયોગે[૮] ભૂતથી થયો બાળ એ ગ્રસ્ત;
બ્રહ્મરાક્ષસ સાત એ કરે વિપ્ર સંત્રસ્ત. ૧૧૨

પીડે રાત્રંદિન અહા ! ખાવા ન દે ગ્રાસ,
ચેષ્ટા વિધવિધ એમની, આપે અતિશે ત્રાસ. ૧૧૩

ભૂતાવિષ્ટ રડે પડે, નાચે કૂદે એમ;
હસે માર્ગમાં દોડતો, પડે નિશ્ચેષ્ટ તેમ. ૧૧૪

કર્યા ઉપાય કેટલા, ચાલે એક ન ત્યાંય;
થયો તાત ભયભીત એ; કહેઃ- કરૂં શું હાય ? ૧૧૫

એક પુત્ર દૈવે થયો, તે પણ ભૂતાવિષ્ટ;
પામે અસહ્ય દુઃખ આ ! એમ શોકાવિષ્ટ ૧૧૬

૧. પતિપત્નીનું જોડું. ૨. પ્રવીણ; હોંશિયાર. ૩. હૃષ્ટ; આનંદિત. ૪. વૃક્ષ. ૫. સૌથી વધારે મિષ્ટ. ૬. બ્રહ્માનંદથી ઉભરાઈ જતું. ૭. શ્રુતિને અવિષય. ૮. નસીબ; પ્રારબ્ધ.

કહેઃ- ઉપાસક દત્તનો, હુંએ અનન્ય જાણ;
તોએ દુઃખ ન જાય આ; વિધિ[૧] નકી બલવાન્ ! ૧૧૭

શોક કરે એવો તિહાં, આવ્યો ભિક્ષુક એક
મધ્યાહ્ને ભિક્ષામિષે;[૨] દિસે મેલો છેક. ૧૧૮

માખો બમણે દેહ પર, દુર્ગંધાંગી એમ;
દોડે પાછળ કૂતરાં, બાહુક જેવો તેમ. ૧૧૯

મૂરખ દિસે બહારથી, આંખો પાણીદાર;
આપે ભિક્ષા વિપ્ર એ, દેખે ભવ્ય કપાળ ! ૧૨૦

દેખી કાંતિ એહની, ચમકે બ્રાહ્મણ ત્યાંય;
કહેઃ- કોણ પ્રચ્છન્ન આ ? કેમ ચિત્ત ખેંચાય ? ૧૨૧

કરું પરીક્ષા એહની, એમ કહી એ વિપ્ર
ચાલ્યો પાછળ; તત્ક્ષણે દોડે ભિક્ષુક ક્ષિપ્ર.[૩] ૧૨૨

સીધો વનમાં સંચર્યો, પાછળ બ્રાહ્મણ તેમ;
મારે ભિક્ષુક પથ્થરો, કાષ્ઠલોષ્ઠ[૪] પણ એમ. ૧૨૩

બોલે ગાળો ભાંડીને, જા અહીંથી તત્ક્ષણ;
સહી સર્વ દ્વિજ વેગથી દોડી ગ્રહે ચરણ. ૧૨૪

કહેઃ- શરણ આવ્યો પ્રભો ! કર રક્ષણ ગુરુનાથ !
બોલે ભિક્ષુકઃ- વ્રાત્ય હું ભ્રષ્ટ બહિષ્કૃતજાત; ૧૨૫

પૂજ્ય બ્રાહ્મણ શ્રેષ્ઠ તું, વર્તે કેમ અનુચિત ?
વંદન મુજને ના ઘટે, હું તો ભ્રષ્ટ અતીત ! ૧૨૬

કહે વિપ્ર વંદન કરીઃ- કેમ ભમાવો નાથ ?
કોણ શ્રેષ્ઠ છે આપથી ? આપ દેવ સાક્ષાત્ ! ૧૨૭

હાસ્ય કરી ભિક્ષુક તિહાં, દેખાડે નિજ રૂપ;
ત્રિમૂર્ત્યાત્મક દિવ્ય એ, ષડ્ભૂજ મૂર્તિ અનુપ ! ૧૨૮

દેખી દ્વિજ વંદન કરે, વદે ગળગળો એમઃ-
ગયું દુઃખ મારૂં હવે; રહે અરિષ્ટ કેમ ? ૧૨૯

ભૂતો પીડે પુત્રને, કરો મુક્ત ગુરુનાથ !
કહે ભિક્ષુક દત્તઃ- લે મંત્ર આ દ્વિજ સાત. ૧૩૦

એક એક મંત્રે થશે, એક એક ગ્રહ બદ્ધ,
મુક્ત થશે સુત તાહરો, જા કર પ્રયોગ શુદ્ધ. ૧૩૧

એક એક શાસ્ત્રે યથા, જાય મનોમળ જાણ;
ટળે આવૃત્તિ[૫] આત્મની તેમજ આ પણ માન. ૧૩૨

એક એક મંત્રે નકી, જશે ભૂત ત્યમ એક;
અન્યોઅન્ય વિરુદ્ધ એ, જશે ન સાથે છેક. ૧૩૩

એમ કહી ભગવાન ત્યાં, આપી મંત્રો સાત
યથાવિધિ વિધાનથી, થયા ગુપ્ત સાક્ષાત્ ! ૧૩૪

નમન કરી દ્વિજ ઘેર એ, આવ્યો વેગે તેમ;
થઈ સુસ્નાત યથાવિધિ યોજે પ્રયોગ એમ. ૧૩૫

એક એક મંત્રે કરે, નિત્ય એકને બદ્ધ;
મંત્રબળે દિન સાતમાં, થયા સાત ગ્રહ બદ્ધ. ૧૩૬

એક એકને બાંધતાં, તત્ તત્ ચેષ્ટા નષ્ટ
થઈ, ક્રમે સાતે જતાં, થયો વિપ્ર પ્રહૃષ્ટ. ૧૩૭

થયો મુક્ત સુત પૂર્વવત્, રહી ન પીડા શેષ;
તત્ત્વાભ્યાસે તૂર્ણ એ, પામ્યો મુક્તિ અશેષ. ૧૩૮

ક્ષુદ્ર શાસ્ત્રથી એમ જન, સાધે મોટો સ્વાર્થ;
થતાં ચિત્તશુદ્ધિ ક્રમે, પામે પર [૬]પુરુષાર્થ. ૧૩૯

મંત્રશાસ્ત્રથી દ્વિજ તર્યો, તેમ અન્ય પણ જાણ;
શાસ્ત્રો ઉપકારક સહુ, નિશ્ચય મનમાં માન. ૧૪૦

સૂણી તૃતીય દૃષ્ટાંત આ, પૂછે ચતુર્થ તેમ;
કહે બૃહસ્પતિ ઈન્દ્રને, અર્જુનને પ્રભુ એમ. ૧૪૧

અલખ નિરંજનને કહે, આગળ એ વર્ણન;
કહે **રંગ** સંતો સૂણો, રાખી નિશ્ચલ મન. ૧૪૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શાસ્ત્રતાત્પર્યૈક્યવર્ણને ગાથાત્રયકથનં નામ ત્રયોદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩ ॥ દોહરા ૧૪૨

અધ્યાય ૧૪

વિષ્ણુદત્ત નામે હતો, બ્રાહ્મણ પવિત્ર તેમ;
સહ્યાદ્રિ પાસે વસે, માતાપુરમાં એમ. ૧

પત્ની સુશીલ તેહની, દત્તભક્ત બે જાણ;
રહે ગૃહ્યધર્મે મુદા, માની શાસ્ત્ર પ્રમાણ. ૨

વિપ્ર મીમાંસક રહે સદા કર્મમાં સક્ત;
અનાસક્ત આહ્નિક કરે, દત્તોપાસન ભક્ત. ૩

હતો બારણે એક ત્યાં વૃક્ષ અશ્વત્થ[૭] જાણ;
બ્રહ્મરાક્ષસ ત્યાં રહે, એક ભયંકર માન. ૪

વૈશ્વદેવાન્તે ત્યજે વિપ્ર ભૂતબલિ જેહ,
ભક્ષે રાક્ષસ નિત્ય એ; પીડે ગેહ ન તેહ. ૫

પીડ્યા એણે કંઈકને થયો દ્વિજાગ્રે શાન્ત;
એક દિવસ બલિ નાખતાં, થયો પ્રગટ દુર્દાન્ત.[૮] ૬

૧. નસીબ; પ્રારબ્ધ. ૨. ભિક્ષાને બ્હાને. ૩. જલદીથી. ૪. માટીનું ઢેફું. ૫. આવરણ. ૬. મોક્ષ. ૭. પીપળો. ૮. શાન્ત પાડી ન શકાય એવો; ભયંકર.

ભીષણાકૃતિ દેખી એ, કરાલ[૧] ઉગ્ર વદન;
ચકિત થયો દ્વિજ અંતરે, કંપે ભયથી તન. ૭

લાંબા લાંબા દાંત ને, આંખો નખ પણ તેમ;
[૨]રૌદ્રમૂર્તિ જોઈને, થયો વ્યાકુળ એમ. ૮

જોઈ પંચાનન[૩] પડે અજા[૪] જેમ બેભાન;
તેમ વિપ્ર ભયભીત એ, ખડો સ્થાણુવત્[૫] માન. ૯

બીધો બ્રાહ્મણ જાણીને, થયો શાન્ત રાક્ષસ;
બોલે મંજુલ વાણીથીઃ- ડરે કેમ રે વત્સ ? ૧૦

રાક્ષસ દેવાદાર હું તારો થયો પ્રસન્ન;
માગ ઈષ્ટ આપું સુખે, મા થા બ્રાહ્મણ સન્ન.[૬] ૧૧

કાકબલિ તુજ ખાઈને, થયો શાન્ત હું જાણ;
વાળું એ ઉપકારને, આપી વરપ્રદાન. ૧૨

સૂણી વચન રાક્ષસ તણાં, કરે વિપ્ર વિચારઃ
શું માગું ? ખાશે નકી, આ તો પ્રત્યક્ષ કાળ ! ૧૩

મુખ ઉઘડે ના બીકથી; દેખી રાક્ષસ એહ,
કહેઃ- વિપ્ર કાં વ્યર્થ તું કરે આમ સંદેહ ? ૧૪

છોડી ભૉ મનનો બધો, માગ સુખે વરદાન;
થયો તુષ્ટ હું જાણ તું, મા વિલંબ કર માન. ૧૫

સૂણી વિપ્ર ચિંતન કરેઃ- માગું જો સંતાન,
નિર્ધન હું ઘરમાં નહીં ખાવા પૂરું ધાન. ૧૬

માગું જો ધન, ના મળે રહેવા માટે સ્થાન;
ઘર ખેતર માગી કદિ, શું પામું નિર્વાણ ? ૧૭

નશ્વર ઐહિક એ બધું; માગું જો પરલોક,
નશ્વર એ પણ અંતમાં, કેમ મટાડે શોક ? ૧૮

નિશ્ચય મનનો થાય ના, કરે વિપ્ર ઉચાટ;
ઘરમાં જઈ બેબાકળો, કહે પત્નીને વાત. ૧૯

કહે સતીઃ- પ્રાણેશ હે ! મા માગો નશ્વર;
થાએ દર્શન દત્તનું, માગો એવો વર. ૨૦

થતાં દત્તપ્રાપ્તિ થશે સર્વ સંપદા દાસ;
જે માટે યતિ યોગીઓ, સહે અહોનિશ ત્રાસ. ૨૧

લોહીનું પાણી કરી, કરે નિરંતર તપ;
થતાં ભેટ તેની, નહીં પડે અન્યનો ખપ. ૨૨

થતાં તુષ્ટ જગદીશ એ, થશે તુષ્ટ જગ આપ;
કાં ખટપટ બીજી કરો ? મૂકો અન્ય પ્રલાપ. ૨૩

સૂણી વચન સ્વસ્ત્રી તણાં, માની એજ ઉચિત;
વદે બ્હાર આવી ફરી, વિપ્ર એહ પ્રમુદિતઃ- ૨૪

વિના દત્તદર્શન કશું, માગું અન્ય ન તૂત;
આપ પ્રસન્ન જો થયો, દાન એ જ હે ભૂત ! ૨૫

ભૂત કહેઃ- તજ્ઞામથી ડરે ભૂત તમામ;
કંપે મનમાં બીકથી, દુષ્કર તારું કામ. ૨૬

તોએ મુખથી જે વદ્યો, સત્ય કરીશ સુજાણ;
યત્ને દર્શન દૂરથી, કરાવીશ તું માન. ૨૭

કીધો જે ઉપકાર તેં, તેનો બદલો લેશ,
જો ના વાળું આમ તો, ધિક્ ધિક્ મુને અશેષ. ૨૮

બતાડીશ હું દૂરથી; રાખી હૈયે હામ,
પકડ ચરણ તું જોરથી, થશે સિદ્ધ સહુ કામ. ૨૯

નાના રૂપે એ ફરે, વિશ્વનાટકી જાણ;
[૭]દુર્ધર દેવોને સદા ! કોણ મનુષ્ય પ્રમાણ ? ૩૦

ભક્તિગમ્ય યોગીશ એ, દૈવે દે દર્શન;
થાય સફળ જીવન અહા ! કરે કૃપા જો ક્ષણ. ૩૧

એમ કહી રાક્ષસ તિહાં, થયો ગુપ્ત એ એમ;
દેખી વિસ્મિત ઘર મહીં રહ્યો આવી દ્વિજ તેમ. ૩૨

એક દિવસ મદ્યાપણે[૮], આવ્યા દત્ત દયાળ;
જાણી રાક્ષસ વિપ્રને કહેઃ- દોડ તત્કાળ ! ૩૩

પેલો મત્ત સમો ફરે, પીઠા આગળ જેહ;
તે જ દત્ત યોગીશ, તું મા કર મન સંદેહ. ૩૪

વેગે જઈ પડ ચરણમાં, રાખી નિશ્ચય એક !!
સૂણી વિપ્ર દોડ્યો તિહાં, દીઠો બાહુક છેક. ૩૫

[૯]મક્ષિકાવૃત દેહ હા ! મારે ખરાબ ગંધ !
કહેઃ- દત્ત અવધૂત આ ? હું પણ છેકજ અંધ ! ૩૬

મૂળે રાક્ષસ જાતનો ! શું જાણે એ દેવ ?
હસશે લોક મુને બધા, કરતાં એની સેવ. ૩૭

મદ્યપીના સંગથી લાગે પાપ મહાન્ !
થતાં કુશંકા ચિત્તમાં એવી તત્ક્ષણ જાણ; ૩૮

થયા ગુપ્ત શ્રીદત્ત ત્યાં ! થયો વિપ્ર વ્યાકુળ;
કહેઃ- અભાગી હું અહા ! પડી વદન પર ધૂળ. ૩૯

હોત ઉન્મત્ત એ કદિ, થાત એમ શું ગુપ્ત ?
એજ દત્ત કહી રાક્ષસે, દેખાડ્યો એ દમ્[૧૦]. ૪૦

દુષ્ટ ચિત્ત મારૂં અતિ; શું દેખાડું મુખ ?
શું કહેશે પત્ની મુને ? જોશે ભૂત ન મુખ ! ૪૧

કામધેનુ ગૃહ આવતાં, મારી મૂર્ખે લાત !
શું કર્યું મેં હન્ત આ ? હાથે કર્યો સ્વઘાત ! ૪૨

૧. ભયંકર. ૨. બીક લાગે એવી. ૩. સિંહ. ૪. બકરી. ૫. થાંભલાની માફક. ૬. દુઃખી; ખિન્ન. ૭. ન પકડાય એવો. ૮ દારૂના પીઠા આગળ. ૯. માખોથી ઢંકાએલો. ૧૦. મત્ત; ગાંડો.

એમ થઈ અનુતપ્ત[1] એ, હાથ ચોળતો ઘેર
આવ્યો પાછો જોઈને, કહે ભૂતઃ- જા મેર ! ૪૩

મદ્વચને વિશ્વાસ ના, તેનું ફળ આ જાણ;
હશે, તથાપિ એકદા[2], ફરી બતાવીશ માન. ૪૪

ના છોડીશ પગ જો હવે, થા સાવધ તું તેમ !
એક દિવસ વળતી વદેઃ- દોડ વિપ્ર જો એમ ! ૪૫

સ્મશાનમાં પેલો રમે કુરકુરિયાંની સાથ,
ધૂળ ઉડાડી અંગ પર; એ જ દત્ત સાક્ષાત્. ૪૬

ખેલે કૌતુકથી અહા ! આત્મારામ[3] અગમ્ય !
આત્મક્રીડ[4], જેને ભજે સુર કિન્નર મુનિ રમ્ય. ૪૭

ભૂતોની તાકાત શું જાણે એને એમ ?
દત્તભક્ત હું પૂર્વનો, તેથી જાણું તેમ. ૪૮

ધિક્કાર્યા ભૂદેવને, થયો તેથી હું ભૂત;
સ્મરણબળે જાણું નકી, તે જ દત્ત અવધૂત ! ૪૯

ગયો વિપ્ર સ્મશાનમાં, રાખી ઉરમાં હામ;
મારે છૂટાં હાડકાં, દત્ત છેક ઉદ્દામ. ૫૦

મરણભયે નાઠો અહા ! વિપ્ર ઘેર એ તેમ;
વદે ભૂત ધિક્કારીનેઃ- ભૂલે કાં તું એમ ? ૫૧

મિથ્યા દેહમમત્વથી, પાપીડા તું આમ.
નાસે છોડી દેવને ! શું આવે એ કામ ? ૫૨

પડવાની પડશે નકી; શું આવે સંગાત ?
ગુમાવતાં તક આ ફરી, આવે ના એ હાથ. ૫૩

એકવાર હજીએ ફરી, બતાવીશ હું એમ;
પછી તું અને તાહરૂં દૈવ; કરૂં હું કેમ ? ૫૪

એમ કહી, દિન એક ત્યાં પુનઃ વદેઃ- જો વિપ્ર !
સ્મશાનમાં પેલો દિસે, જા દોડ તું ક્ષિપ્ર. ૫૫

[5]મૃતખરામિષ તોડીને, વહેંચી આપે દેખ
કાકકૂતરાંને ખ્હણે ! દત્ત એજ તું પેખ !! ૫૬

કહે પત્નીઃ- જોજો હવે, ફરી ભૂલતા તેમ;
વદે વિપ્રઃ- ભલે પડે દેહ, કરૂં નહિ એમ ! ૫૭

બોલે રાક્ષસઃ- યત્નથી સાધ હવે નિજ કાર્ય;
થઈ તુષ્ટ યોગીશ જો કહે, માગ વર આર્ય ! ૫૮

[6]દર્શશ્રાદ્ધે આપવા આવ્યો ક્ષણ[7] હું, દેવ !
આમંત્રાણ સ્વીકારીને, ગ્રહો રંકની સેવ. ૫૯

માગ એજ કરગરી; રખે ભૂલતો જાણ !
વિપ્ર 'તથાસ્તુ' ઓચરી, આવ્યો તુરત સ્મશાન. ૬૦

દેખી અદ્‌ભુત મૂર્તિ એ, ગ્રહે ચરણ તત્કાળ;
મારે માંસાસ્થિ પ્રભુ, બોલે ક્રોધે લાલ. ૬૧

તોએ વિપ્ર ડગે નહીં, છોડે ચરણ ન એહ;
વદે દત્તઃ- પદ કાં ગ્રહ્યા ? કાં કષ્ટાવે દેહ ? ૬૨

આવ્યો ત્રીજી વાર તું; બોલ શું પડ્યું કામ ?
કહે વિપ્રઃ- ક્ષણ આપવા, આવ્યો હું પ્રભુ આમ. ૬૩

દત્ત કહેઃ- કાં ભ્રષ્ટને આપે શ્રાદ્ધે ક્ષણ ?
[7]અનાચારસંગે થશે પિતૃકુલાધઃપતન ! ૬૪

ધર્માધર્મવિહીન હું !! કહે વિપ્રઃ- તું તેમ
ધર્માધર્માત્મા વિભુ, નડે તને એ કેમ ? ૬૫

આમકામ નિર્લેપ તું, સમર્થ નિષ્કલંક;
અસક્ત ! શેં સ્પર્શે તુને, પાપપુણ્યનો પંક[8] ? ૬૬

[10]'ઓં તથા' વદે હસી, સૂણી દત્ત એ એમ;
દેખાડે નિજ રૂપને, વિશ્વનાટકી તેમ. ૬૭

મૂર્તિમંત શ્રુતિ કૂતરાં, શાસ્ત્રો વાયસ[11] જાણ;
યોગભૂમિ સ્મશાન એ, દેખે વિપ્ર સુજાણ ! ૬૮

મૂર્તિ ત્રિમૂર્ત્યાત્મક ખડી, દત્ત દિગંબર પાસ;
દેખી વંદન દ્વિજ કરે, કોટિસૂર્યપ્રકાશ ! ૬૯

કહેઃ- ધન્ય હું, ધન્ય એ માતપિતા કુળ તેમ;
યત્પુણ્યે મુજ પાપીને, થયાં સુદર્શન એમ ! ૭૦

દત્ત કહેઃ- સત્વર હવે પાકશુદ્ધિ કર, વિપ્ર !
મધ્યાહ્ને સુસ્નાત હું, આવ્યો જો આ ક્ષિપ્ર. ૭૧

પંક્તિયોગ્ય બીજો હશે, તો જ કરીશ ભોજન !
ગયો 'તથાસ્તુ' દ્વિજ કહી, ભાવે કરી વંદન. ૭૨

આવી સત્વર સ્ત્રી કને, કહે સકળ એ વાત;
હૃષ્ટ થઈ સતી કરે, પાક સિદ્ધ નિષ્ણાત. ૭૩

પંક્તિયોગ્ય દ્વિજ કયાં મળે ? પૂછે એમ સચિંત;
કહે ભૂતઃ- મા કર હવે વિપ્ર લેશ પણ ચિંત. ૭૪

આવે ઈશ્વર જ્યાં સ્વયં, દેવો પણ ત્યાં માન;
તો પણ અગ્નિ ગૃહપતિ, નોતર સૂર્ય પ્રમાણ. ૭૫

થયું કાર્ય તારૂં હવે; થતાં દેવ પ્રસન્ન
મા ભૂલીશ મને સખે; રાખ એજ સ્મરણ ! ૭૬

---

૧. પશ્ચાતાપથી યુકત. ૨. એક વખત. ૩. આત્મામાં આનંદ માણનાર. ૪. આત્મામાંજ રમનાર. ૫. મરી ગયેલા ગધેડાનું માંસ. ૬. અમાવાસ્યાનું નિત્યશ્રાદ્ધ. ૭. શ્રાદ્ધના આમંત્રણનો દર્ભ આપવો તે. ૮. (૧) આચારહીન; ભ્રષ્ટ. (૨) જેને આચાર સ્પર્શી ના શકે તે; બ્રહ્મનિષ્ઠ. બીજો અર્થ કરતાં વાકય પ્રશ્નાર્થ લેવું. ૯. કાદવ. ૧૦. ઠીક; શ્રાદ્ધમાં પ્રતિવચન એ શબ્દોથી અપાય છે. ૧૧. કાગડા.

મધ્યાહ્ને આવ્યા તિહાં, દત્ત સુસ્નાત તેમ;
પૂછેઃ- બ્રાહ્મણ અન્ય ક્યાં ? થયો વિલંબ કેમ ? ૭૭

દેખી અદ્‌ભુત રૂપ એ, થયો વિપ્ર વિસ્મિત;
ત્યાં તો આસન આપીને, બોલે સતી પ્રતીતઃ- ૭૮

બેસો બ્રાહ્મણ આવશે સત્વર, હવે ન વાર;
બેઠા દેવ સુખે, સતી આવી તત્ક્ષણ બ્હાર. ૭૯

નમન કરી ત્યાં [1]અર્કનું કરે આવાહન[2] જાણ;
હે સર્વાત્મન્ ! ધીર[3] તું, [4]કશ્યપનંદન માન; ૮૦

આપી ચેતન જીવને, કરે વિશ્વ જાગ્રત્;
વિપ્રદૈવત તું નકી, આવ ત્વરિત ભાસ્વત્[5]. ૮૧

શ્રાદ્ધે ક્ષણ સ્વીકારીને, રાખ લજ્જા નાથ !
યોગેશ્વર બેસી રહ્યા, રાહ જોઈ સાક્ષાત્. ૮૨

સૂણી પ્રાર્થના સૂર્ય એ, બ્રાહ્મણવેષે એમ
આવ્યા સત્વર; દેખીને વદે દત્તઃ- આ કેમ ? ૮૩

દેવહીન કોણે કહ્યું શ્રાદ્ધ શાસ્ત્રપ્રમાણ ?
ત્રીજો બ્રાહ્મણ જોઈએ !! કહે સતી 'પ્રમાણ'. ૮૪

અગ્નિશાળામાં જઈ, પ્રાર્થે જોડી હાથ;
સતી ગળગળી એ થઈ, અગ્નિદેવ સાક્ષાત્. ૮૫

અગ્નિ ગૃહપતિ તું નકી, કર્માધ્યક્ષ વિશુદ્ધ;
લાજ તને આશ્રમતણી, આવ વિપ્ર થઈ બુદ્ધ.[6] ૮૬

બેઠા જોઈ રાહ એ અનસૂયાસુત અર્ક;
વિલંબ ના શોભે તુને ! સૂણી પ્રાર્થના કર્ક,[7] ૮૭

આવ્યા દ્વિજવેષે અહા ! બેઠા દેવસ્થાન;
દત્ત અર્ક પિત્ર્યે[8] તથા; કરે વિપ્ર વિધાન. ૮૮

સંકલ્પાદિ યથાવિધિ, થયું સંપૂર્ણ શ્રાદ્ધ;
તૃપ્ત થયા દેવો ત્રણે, આપે આશિષ રાદ્ધ.[9] ૮૯

પામ્યા સદ્‌ગતિ પિતૃઓ, કરે વિપ્ર સ્તવન;
અષ્ટોત્તરશત નામથી, ભાવે કરે વંદન. ૯૦

પ્રીતે વંદી દત્તને, બોલે ગદ્‌ગદ્ વેણઃ-
પામર હું, પ્રભુ ધન્ય છે ! થયાં કૃતાર્થ નેન. ૯૧

આપી દર્શન દીનને તાર્યો, ગુરો સમર્થ !
કર્યા મનોરથ પૂર્ણ હા ! રહ્યો કાંઇ ન અર્થ. ૯૨

વિકલ્પ મુજને ઉદ્‌ભવ્યો, તોએ પ્રભો દયાળ !
નિર્વિકલ્પ કરી ચિત્તને, કીધી કૃપા કૃપાળ ! ૯૩

રાક્ષસવાક્યે ચરણ આ, દીઠા દુર્લભ એમ;
કહે દત્તઃ- દુર્દૈવથી થયો ભૂત એ તેમ. ૯૪

આ ઉચ્છિષ્ટાશન[10] થકી, થશે મુક્ત એ જાણ;
પત્ની સહ તું પણ સુખે, પામ શીઘ્ર નિર્વાણ. ૯૫

એમ કહી શ્રીદત્ત એ, વિદ્યા [11]પરાર્થ એમ;
આપે કામગતિ[12] રવિ વિમાન સુંદર તેમ. ૯૬

[13]શુષ્મા ઐહિક સિદ્ધિઓ, [14]આમુષ્મિક પણ તેમ;
આપી સ્વસ્થાને ગયા, પ્રસન્ન દેવો એમ. ૯૭

ઉચ્છિષ્ટાશનથી ક્ષણે પામ્યો ગતિ રાક્ષસ;
પત્ની સહ દ્વિજ ભોગવે, જીવન્મુક્ત પર રસ.[15] ૯૮

મીમાંસક કર્મે તર્યો, વિષ્ણુદત્ત એ એમ;
શાસ્ત્રો શું શું ના કરે, જો શ્રદ્ધા દઢ તેમ ? ૯૯

સ્વતંત્ર શ્રીહરિ દેખીને, થયા ભાવ પરતંત્ર;
શ્રાદ્ધઅન્ન હર્ષે જમે, અગમ્ય એનું તંત્ર ! ૧૦૦

ધન્ય વિપ્ર ઉદાત્ત એ, જેનું વિશુદ્ધ ચિત્ત;
આરાધી શ્રીદત્તને, કર્યું સર્વનું હિત. ૧૦૧

કરે અનુગ્રહ જેહ પર, તરે તેહ પણ જાણ;
વિષ્ણુદત્ત સમ અન્ય ના, પરોપકારી માન. ૧૦૨

ભૂતપ્રેત બ્હીએ સહુ, કરે દેવ સહાય;
દત્તવરે દ્વિજ એમ એ, પ્રસિદ્ધ સઘળે થાય. ૧૦૩

ગોદાવાસી દ્વિજ હતો, હરિશર્મા અભિધાન;
પુત્ર એક તેને થયો, મૂળ [16]ઋક્ષમાં જાણ. ૧૦૪

અલ્પવયે માતાપિતા, પામ્યાં એમ મરણ;
થયું લગ્ન પણ ના રહે સ્વસ્થ એક દિન તન. ૧૦૫

વ્યાપ્યો [17]ગુલ્મે જન્મથી, [18]ત્રયોદશાબ્દે ક્ષય;
અષ્ટાદશ વર્ષે થયો, રોગ જલોદર ભય. ૧૦૬

થયું વપુ નિસ્તેજ હા ! થતાં તીવ્ર અતિસાર;
ઓગણીસ વર્ષે તિહાં, શ્વાસકાસ[19] અનિવાર. ૧૦૭

થયું ભગંદર તે પછી, કર્યું ત્રિદોષે જોર;
ઔષધોપચારે અહા શમે ન વ્યાધિ ઘોર ! ૧૦૮

મૃત્યુંજયજપ હવન ને ગ્રહદેવાર્ચન તેમ,
કીધાં તોએ નવ હઠે વ્યાધિ દુર્ધર એમ. ૧૦૯

[20]મૃત્યૂન્મુખ પતિ જોઈને ભાર્યા તેની એમ,
ષોડશાબ્દ સતી સાંભળી વિપ્રકીર્તિ એ તેમ; ૧૧૦

૧. સૂર્યનું. ૨. બોલાવવું. ૩. બુદ્ધિના પ્રેરક. ૪. કશ્યપ ઋષિના પુત્ર. ૫. પ્રકાશવાન. ૬. જ્ઞાની. ૭. અગ્નિ. ૮. પિતૃસ્થાને. ૯. પ્રસન્ન. ૧૦. ભક્ષણ. ૧૧. પરોપકારાર્થ. ૧૨. ઇચ્છા પ્રમાણે દોડનાર. ૧૩. અગ્નિ. ૧૪. પારલૌકિક. ૧૫. શ્રેષ્ઠ આનંદ; બ્રહ્માનંદ. ૧૬. નક્ષત્રમાં. ૧૭. ગોળાથી. ૧૮. તેરમે વરસે. ૧૯. કફયુક્ત ઉધરસ. ૨૦. મરવાની તૈયારીમાં.

વિષ્ણુદત્તગૃહ આવીને, ગ્રહે ચરણ સુજાણ;
કહેઃ- કૃપા કરી આપ હે ! મુને સૌભાગ્યદાન. ૧૧૧

વીસ વરસના મુજ પતિ, જન્મથીજ પ્રભુ એમ
ગુલ્મગ્રસ્ત, ક્ષયી અહા ! આઠ વરસથી તેમ. ૧૧૨

તીવ્ર જલોદર [1]ત્र્યબ્દથી, પીડે હા અનિવાર !
જીર્ણજ્વર એકાબ્દથી, ષણ્માસ અતિસાર ! ૧૧૩

ચાર માસથી ત્યાં થયું દુષ્ટ ભગંદર જાણ;
વધ્યો ત્રિદોષ કાલથી, કરે અતિ હેરાન ! ૧૧૪

થાકી ઉપાય કરી સહુ, પડે ન કાંઇ ફેર;
સૂણી નામ આવી ઇહાં, દત્તભક્ત ! કર મ્હેર. ૧૧૫

સૂણી પ્રાર્થના શીઘ્ર એ, જાય સતીને ઘેર;
બોલે જોઇ રોગીનેઃ- મા સાધ્વી કર દેર.[2] ૧૧૬

પૂર્વપાપે થાય એ, રોગ સર્વ મહાન્;
પ્રાયશ્ચિત્તો નાસતાં પાપ, શમે એ જાણ. ૧૧૭

કર્મવિપાકે જે કહ્યું, કહું તે જ કર એમ;
જશે રોગ નિશ્ચય સહુ, મા કર ચિંતા તેમ. ૧૧૮

એમ કહી પત્ની કને, શીઘ્ર કરાવે વ્રત;
પ્રાયશ્ચિત્તવિધાનથી તે તે રોગે ઝટ. ૧૧૯

દ્વાદશાબ્દે ક્ષય ગયો, તેમ ષડબ્દે ગુલ્મ;
તીવ્ર જલોદર દ્વાદશે, એકાબ્દે જ્વરજીલ્મ. ૧૨૦

ભગંદરાતિસારનો એકાબ્દે જ વિનાશ
થતાં, ત્રિદોષે દિવ્ય ઔષધી યોજે એ ખાસ. ૧૨૧

તત્ તત્ પ્રાયશ્ચિત્તથી, જતાં સર્વ એ રોગ;
બેઠો વિપ્ર અહા સુખે, દિસે દેહ નીરોગ ! ૧૨૨

હૃદય સ્પર્શી એહનું, વિષ્ણુદત્ત સમંત્ર,
આપે આશીર્વચન એ, સ્મરી દત્ત સ્વતંત્ર. ૧૨૩

ઐશ્વર્ય આયુષ્ય ને પ્રજા કીર્તિ મતિ તેમ;
દત્તભક્તિ ગતિ દ્વિજવરે, પામ્યો દ્વિજસુત એમ. ૧૨૪

વિષ્ણુદત્તને વિપ્રસ્ત્રી કહેઃ- સૌભાગ્યદાન
આપ્યું તેં; ધન લે સુખે ! કહે વિપ્રઃ- ના માન. ૧૨૫

કન્યા તું મારી નકી, વિશ્વમાન્ય સુધન્ય
થા પતિસેવાથી જગે; સ્ત્રીને ગતિ ન અન્ય. ૧૨૬

સ્વપ્ને પણ પર પુરુષને ના દેખે જે જાણ,
ઉત્તમ પતિવ્રતા કહી; બીજી મધ્યમ માન; ૧૨૭

માની બંધુસમ અન્યને, રહે સદા અલિપ્ત;
ત્રીજી કનિષ્ઠ, દેખી જે થાય અન્ય નર ક્ષિપ્ત.[3] ૧૨૮

થાએ વિહ્વળ અંતરે, રહે પ્રયત્ને શુદ્ધ;
કનિષ્ઠ તે પણ કોક દિ, તરે થઈ પ્રબુદ્ધ. ૧૨૯

ચિંતે પર નરને સદા, કરે [4]છન્નસંભોગ;
જારિણી તે જાણવી, પામે વૈધવ્યયોગ. ૧૩૦

જન્માંતરે ફરી ફરી, થાએ વિધવા જાણ;
ડૂબાડે કુળને સ્વયં ડૂબે નરકે માન. ૧૩૧

માટે પતિસેવા થકી થા સાધ્વી તું ધન્ય;
સ્વપ્ને પણ સદ્વૃત્તને, ના છોડીશ અનન્ય ! ૧૩૨

આપી સુબોધ તત્ક્ષણે, આવ્યો નિઃસ્પૃહ ઘેર;
વિષ્ણુદત્ત સુધન્ય એ ! કરી વિપ્ર પર મ્હેર. ૧૩૩

મંત્રશાસ્ત્રથી એમ એ, થયો નીરોગી વિપ્ર;
વિપ્રપ્રસાદે સદ્ગતિ, પામ્યો અન્તે ક્ષિપ્ર. ૧૩૪

પ્રાયશ્ચિત્તો રોગનો થતાં નાશ, આરોગ્ય
આપે રસ; શાસ્ત્રે તથા, પામે સત્ફળ યોગ્ય. ૧૩૫

થતાં નાશ અજ્ઞાનનો, થાએ વિશુદ્ધ જ્ઞાન;
આપે બ્રહ્માનંદ એ, પામે નર નિર્વાણ. ૧૩૬

ફળલાલચ શાસ્ત્રે કહી, વળાવવા મન જાણ;
રોચક વાક્યે ના કદિ, કર બીજું અનુમાન. ૧૩૭

મિષ્ટ અતિ ખાતાં થયો રોગ પુત્રને એક;
પાતાં માતા લીમડો, ના પીએ એ છેક. ૧૩૮

કહે માતઃ- લે લાડુ આ; પી આટલું એમ;
લડુની લાલચ થકી, પીએ કડવું તેમ ! ૧૩૯

આપી લડુ હાથમાં, જાણી અપથ્ય એહ;
યુક્તિથી લે ખૂંચવી, માત દયાળુ તેહ. ૧૪૦

ફળ લડુકવત્ ગૌણ એ, મુખ્ય મોક્ષ આરોગ્ય;
રોગી [5]ભવાર્ત બાળવત્, શ્રુતિ માતૃવત્ યોગ્ય. ૧૪૧

ના શાસ્ત્રો સ્વર્ગાર્થ એ, વશીકરણાર્થ તેમ;
ના કામભોગાર્થ વા, શત્રુઘાતાર્થ એમ. ૧૪૨

બુદ્ધિ શુદ્ધ કરી કરે, શાસ્ત્ર ભ્રાંતિને દૂર
યુક્તિથી; દૃષ્ટાંત આ સાંભળ પંચમ શૂર ! ૧૪૩

કહે બૃહસ્પતિ ઇંદ્રને, અર્જુનને પ્રભુ તેમ;
અલખ નિરંજનને કહે, શાસ્ત્ર શુદ્ધિકર એમ. ૧૪૪

બીજા બે દૃષ્ટાંતથી, આગળ એજ કથન; થશે સ્પષ્ટ સંતો સૂણો, કહે **રંગ** ગહન. ૧૪૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શાસ્ત્રતાત્પર્યૈક્યવર્ણને વિષ્ણુદત્તોપાખ્યાનં નામ ચતુર્દશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪ ॥ દોહરા ૧૪૫ (ખંડપારાયણ ૨જો દિવસ)

૧. ત્રણ વરસથી. ૨. વિલંબ. ૩. ચંચળ. ૪. ગુપ્ત; છાનો. ૫. જન્મમરણરૂપ સંસારથી પીડિત.

અધ્યાય ૧૫

કહે બૃહસ્પતિ ઇંદ્રને, કાર્તવીર્યને દત્ત;
અલખ નિરંજનને કહે, સાંભળ બાળ અમત્તઃ- ૧

સહ્યાદ્રિની ઉત્તરે વસે એક દ્વિજ જાણ;
કાર્યમિષે ગ્રામાન્તરે, જવા નિસર્યો માન. ૨

બોલાવી નિજ પત્નીને, કહેઃ સાંભળ એક;
જાું હું પરગામ, તું રહે સાવધ છેક. ૩

માસ પછી આવીશ હું, સૂણી એમ એ નાર,
આપે ભાતું પ્રેમથી; જાય પતિ તત્કાળ. ૪

સ્નાનમિષે આવી સતી, સરોવરે એ એમ;
અશ્વત્થે બેઠો તિહાં, [1]ઝુટિંગ કામુક[2] તેમ. ૫

બ્રહ્મચર્યમાં જે મરે, કામપીડિત જાણ,
દુરાચારરત સર્વદા, વિષયલંપટ માન; ૬

થાય મરી ઝોટિંગ એ, દુર્ધર વિષયી એમ;
ત્રિકાલજ્ઞ જાણે બધું; દેખે પેલો તેમ ૭

વિપ્રસ્ત્રી [3]તન્વંગી એ; થયો કામવિહ્વળ;
જાણી ગેરહાજર પતિ, આવ્યો પાછળ ખળ. ૮

કપટવેષ પતિસમ ધરી, આવ્યો ઝુટિંગ એમ;
પતિવ્રતા જાણે નહીં, માયા એની તેમ. ૯

આવ્યા જાણી નિજ પતિ, સ્હામી જાય પ્રસન્ન;
આપી આસન પ્રેમથી, કરે પાદક્ષાલન. ૧૦

લઈ તીર્થ વદે મુદા નાંખી પંખો એમ,
મંદ સ્મિત કરી સુંદરીઃ ત્વરિત પધાર્યા કેમ ? ૧૧

થયા શુકન ના નાથ શું, આવ્યા પાછા ઝટ ?
સ્નેહ માહરો સાંભર્યો ? પૂછે એમ વિનત.[4] ૧૨

બોલે કપટી ચીપીનેઃ ગયો જેમને ત્યાંય,
મળ્યા તે જ માર્ગે અહીં; કહે, કામ નહિ થાય. ૧૩

આવો માસાન્તે ફરી ! સૂણી હું પાણ એમ,
આવ્યો પાછો; કાં વૃથા તને પીડવી તેમ ? ૧૪

વિરહાનલ બાળે તને, જાણું હું તુજ પ્રેમ !
સૂણી વચન માને બધું, સતી યથાર્થ તેમ. ૧૫

સેવે નિષ્કપટે સદા, માની નિજ પતિ જાણ;
કરી સ્વવશ કપટે રમે, ઝુટિંગ તત્સહ માન. ૧૬

રૂપ શીલ[5] વય શબ્દ ને વર્ણ આકૃતિ તેમ,
પતિસમાન બતાવીને, દમે સતીને એમ. ૧૭

રાતે કરતાં સંગ હા, થાય સતી બેભાન;
ચૂર્ણ થાય સર્વાંગ, પણ ખસે ન પાપી માન ! ૧૮

થાય ભગ્ન ના એ કદિ; વિકાર દારૂણ એમ,
ભોગશક્તિ બળ જોઈને, જોસ વિલક્ષણ તેમ; ૧૯

થઈ ખિન્ન સતી અંતરે, કરે સ્વગત વિચાર;
સૂજે કાંઈ ના અહા ! કરૂં કેમ લાચાર ! ૨૦

આપું જો રતિદાન તો, મરૂં આમ હું નિત્ય;
ધર્મહાનિ જો ના કહું ! આ તે કેવી રીત્ય ? ૨૧

હશે પતિ વા અન્ય એ ? થાય એમ સંદિગ્ધ;
લાજે કહેતાં લોકને, અનર્થ એ સતી સ્નિગ્ધ.[6] ૨૨

થાય એમ દુઃખિત અતિ, થયું શુષ્ક શરીર;
તોએ તૃપ્ત ન થાય એ, દુષ્ટ લંપટવીર ! ૨૩

થતાં માસ સંપૂર્ણ ત્યાં, આવ્યો પેલો વિપ્ર;
જોસ નિજ સમ અન્યને, કહેઃ કોર વદ ક્ષિપ્ર. ૨૪

કપટરૂપ મારૂં ધરી, પેઠો ઘરમાં ખળ ?
બોલે ઝુટિંગઃ કોણ તું ? મારૂં ગેહ, નિકળ. ૨૫

તું કપટી તું ખળ કહી, લઢે પરસ્પર એમ;
થયા લોક ભેગા સહુ, ભૂલે એ પણ તેમ. ૨૬

સમાન બંને જાણ દિસે, કરે કોણ નિર્ણય ?
દેખી ચકિત થયા સહુ, માને પરમાશ્ચર્ય. ૨૭

વિપ્ર કહે; ગ્રામસ્થ હે ! કાઢો આને બ્હાર;
પેલો બોલેઃ શું જુઓ ? મારો ખળને માર. ૨૮

સુંદર યુવતી માહરી દેખી આવ્યો એહ,
કપટવેષ મારો ધરી; કેમ છોડું હું ગેહ ? ૨૯

બલાત્કાર જો એ કરે, મારીશ એને ઠામ !
સૂણી વચન એ કોઈ ના આપે ઉત્તર નામ !! ૩૦

સાસુ શ્વશુર[7] બાંધવો, આવ્યા મિત્રો ત્યાંય;
દેખી સમાનરૂપ એ, કહેઃ કરો ઉપાય ! ૩૧

વિષ્ણુદત્તને ત્યાં લઈ, ચાલો બંને એમ;
દત્તભકત સર્વજ્ઞ એ, કરશે નિશ્ચય તેમ. ૩૨

ગમી યોજના સર્વને, આવ્યા ત્યાંથી જાણ;
સ્ત્રી સહ બંનેને લઈ, વિષ્ણુદત્તગૃહ માન. ૩૩

સૂણી સકળ વૃત્તાંત એ, બેસાડી સહુ એમ;
જાણી ઝુટિંગ અંતરે, વદે વિપ્ર સપ્રેમઃ- ૩૪

૧. બાબરો ભૂત. ૨. વિષયલંપટ. ૩. નાજુક અંગવાળી. ૪. વિનયનમ્ર. ૫. સ્વભાવ; આચરણ. ૬. સ્નેહઘેલી.૭. સસરો.

નામ રૂપ ગોત્રાદિથી, સમાન બંને છેક ;
શો નિશ્ચય કરવો હવે ? કરૂં ઉપાય એક. ૩૫

થશે માન્ય એ સર્વને, કરો ક્ષમા સજ્જન !
'ઠીક' કહે સભ્યો સહુ, સૂણી એમ તત્ક્ષણ ૩૬

બાંધે મુદ્રા[1] મંત્રીને, પૃથક્ પૃથક્ સુજાણ;
વિપ્રમસ્તકે શ્વેત ને લાલ ભૂતશિર માન. ૩૭

કહે લોકનેઃ ધ્યાનથી, જો જો મુદ્રા તેમ;
મંત્રિત બદલ ના શકે ભૂત નિશ્ચયે એમ. ૩૮

વળતી બોલાવી પૂછે, બ્રાહ્મણને એ જાણ;
[2]કુપ્યભાંડ વસ્ત્રાદિ તું, ઘરનાં કહે સુજાણ. ૩૯

ગુપ્ત ચિહ્ન તુજ સ્ત્રી તણાં, કહે યર્થાથ તેમ !
બોલે બ્રાહ્મણઃ ના લહું સઘળું યથાર્થ એમ. ૪૦

સોનાચાંદીનાં સહુ વાસણ કિંમતી વસ્ત્ર,
જાણું બધાં યથાર્થ એ,મોટાં જે જે શસ્ત્ર. ૪૧

બાહ્ય ચિહ્ન સ્વસ્ત્રીતણાં, જાણું સઘળાં તેમ;
ગુપ્ત ના લહું, ના કદિ જોયાં ખુલ્લાં એમ ! ૪૨

ભૂત કહે; જાણું બધું, વસ્ત્રો પાત્રો ધન;
કાં ભૂલું મૃત્પાત્ર પણ ? કહું ચીથરાં કણ. ૪૩

પૂછો ઈંટો ગેહની, કહું તેહ પણ તેમ.
બાહ્યાભ્યંતર સ્ત્રીતરાં ચિહ્નો યથાર્થ એમ. ૪૪

મારી સ્ત્રી ઘર માહરૂં; કેમ ઘટે અજ્ઞાન ?
સૂણી સર્વ વિસ્મિત થયા; કહેઃ માન ન માન ૪૫

આજ ચોર, પેલો પતિ, થયા સુશંક્તિ એમ !
વિષ્ણુદત્ત બોલાવીને, કહે બેઉને તેમઃ- ૪૬

પાંચ કોસ[3] આ ક્ષેત્રની પરિક્રમા કરી જાણ,
આવે પહેલો સત્ય તે, બીજો શઠ પ્રમાણ. ૪૭

'કબુલ' કહી બંને ગયા; આવ્યો પ્રથમ પિશાચ.
પલકમાં જ પાછો ફરી ! કહેઃ મુને શી આંચ ? ૪૮

પૂછે સભ્યો ચિહ્ન જે, કહે યથાર્થ તેમ;
કહે લોક, વિચિત્ર આ ! શક્ય ન નરને એમ. ૪૯

આવ્યો બે પહોરે ફરી વિપ્ર હાંફતો જાણ;
માર્ગચિહ્ન પૂછે જનો , કહે કોક મહાન્. ૫૦

વિષ્ણુદત્ત કહે : હવે, પર્વતની આ તેમ
કરી પ્રદક્ષિણા તમે, આવો સત્વર એમ. ૫૧

નામ ગોત્ર સિદ્ધોતણાં પૂછી, કરી દર્શન
આવે પહેલો સત્ય તે, જાણીશ હું તત્ક્ષણ. ૫૨

સૂણી વચન બંને ગયા, થતાં કલાક વાર,
આવ્યો ફરી પિશાચ એ; કહે યથાસ્થિત સાર. ૫૩

પાંચ પહોરે વિપ્ર પણ, આવ્યો પાછો તેમ;
કહે : સિદ્ધ જોયા નહીં; કેમ વર્ણવું એમ ? ૫૪

સૂણી સભાસદની થઈ શંકા સમૂળ દૂર;
જાણ્યો સાચો વિપ્રને, કપટી બીજો ક્રૂર, ૫૫

વિષ્ણુદત્ત કહે ફરી; એક પરીક્ષા શેષ;
છેલ્લો નિર્ણય એ હવે, જુઓ સભ્ય અશેષ. ૫૬

એમ કહી લોખંડની, આણી ઝારી એક;
કહેઃ પેસીને મુખ થકી આવે સત્વર છેક; ૫૭

તોટીથી જે બહાર તે વિજયી સાચો જાણ;
માલિક સ્ત્રીઘરનો નકી; બીજો કપટી માન ! ૫૮

સૂણી ભૂત સત્વર કરે પ્રવેશ મુખથી એમ;
આચ્છાદિત મુખદ્વય કરે સમંત્ર બ્રાહ્મણ તેમ. ૫૯

દત્તનામની ગર્જના વિષ્ણુદત્ત સુજાણ
કરી, મંત્રઉચ્ચારથી બાંધે પિશાચ જાણ. ૬૦

થતાં બંધ બંને મુખો, થયો ભૂત હતાશ;
થયો આનંદ સર્વને, જતાં સમૂળ [4]કાશ ! ૬૧

દાટે ઝારી પર્વતે, કરી મંત્રરક્ષાણ
વિષ્ણુદત્ત; આનંદતી ગર્જે ક્ષણ ક્ષણ જન. ૬૨

કહે ભક્તઃ જોતાં જ મેં જાણ્યો ખળ એ ભૂત;
લોકાપવાદ ટાળવા, કર્યો યત્ન આ તૂત. ૬૩

ટળ્યો સંશય સર્વનો, થયો ઝુટિંગ બદ્ધ;
છૂટી અબલા ત્રાસથી, જીત્યો વિપ્ર સશ્રદ્ધ ! ૬૪

શાસ્ત્રક્રમે અજ્ઞાનનું થાતાં નિરસન જેમ,
ટળે સંશયો મૂળથી થાય સ્વજ્ઞાન એમ; ૬૫

પ્રથમ યત્ને તેમ આ, થયો કંઈક સંશય;
બીજે ગયો સમૂળ એ, ત્રીજે થયો નિશ્ચય. ૬૬

દોષ ન દે કોઈ હવે; છૂટે ભૂત ન તેમ;
સાધ્વી પર નિર્દોષ આ, પામી પતિને એમ. ૬૭

સૂણી વચન વંદી કરે લોકો જયજયકાર !
જાય ઘેર આજ્ઞા લઈ, ગાતા યશ તત્કાળ. ૬૮

પત્ની સહ વંદન કરી કહે વિપ્રઃસુધન્ય !
ટાળ્યું સંકટ માહરૂં, વિષ્ણુદત્તઃ અનન્ય ૬૯

દત્તભક્ત તુજ સમ નહીં !! કરીએ કોટિ પ્રણામ;
બાંધી રાક્ષસ ધૃષ્ટ આ, કીંધુ દિગંત નામ. ૭૦

૧. ચિહ્ન; નિશાની. ૨. સોના ચાંદી વગરનાં બીજાં ધાતુપાત્ર. ૩. બે માઈલ. ૪. બલા

મારી લાફો જોરથી, પાડી નાખે દંત;
આંખ કાન ખેંચી કરે, જોવા જેવો ઘંટ ! ૧૦૭

ત્યારે આવે સાન કંઈ, ગ્રહે હાથમાં માળ;
કંપે ભૂતાવિષ્ટ સમ, દેખી સ્હામે કાળ ! ૧૦૮

મુખે રામ કહેવા મથે, મનમાં દામ હરામ !
લામ લામ થતાં હસે ખી ખી બાળ તમામ !! ૧૦૯

માન કોઈ રાખે નહીં, થાય વ્યાકુળ એમ;
કાળચક્રે દૈવથી, પડે ફરી ફરી તેમ. ૧૧૦

જન્મમરણઘટમાળ એ થાએ બંધ ન જાણ;
મોહ નષ્ટ થયા વિના, શાસ્ત્રે નિશ્ચય માન. ૧૧૧

નષ્ટ ભ્રમ થયા વિના, થાય બોધ ના સ્થિર;
[1]બોધ સ્થિર થયા વિના, શમે ન ભીતિ, ધીર ! ૧૧૨

કહું એક દૃષ્ટાંત જો, થાશે શંકા દૂર;
પ્રતિષ્ઠાનમાં દ્વિજ હતો જ્ઞાનવિજ્ઞાનશૂર. ૧૧૩

પૂર્વાભ્યાસે જન્મથી મુક્ત છતાં પણ જાણ,
ડરી લોકસંગે રહે પિશાચવત્ એ માન. ૧૧૪

માને વિષયો ઝેરવત્ રહે સન્માનવિમુખ;
જાણી દુશ્ચેષ્ટા કરે, ગણે વિષાદ ન સુખ. ૧૧૫

ભૂતગ્રસ્ત માની કરે માતપિતા ઉપચાર,
વ્રત દેવાર્ચન; તોય ના પડે ફેર લગાર. ૧૧૬

રક્ષાબંધન હાથમાં, માદળિયાં પણ તેમ
બાંધે, દાનો ગ્રહતણાં આપે વિધવિધ એમ. ૧૧૭

ગ્રહશાંતિ જપ ઓસડો મંત્ર તંત્ર પ્રમાણ,
ઉપાય ના ચાલે કંઈ; મહાભૂત એ માન ! ૧૧૮

વિશ્વ નચાવે જે સ્વયં, પામે કેમ બંધન ?
[2]'અહં બ્રહ્માસ્મિ' મંત્રથી કરે કૂટ[3] ગર્જન ! ૧૧૯

થયા પ્રયત્ન નિષ્ફળ સહુ, વધે ગાંડપણ એહ !
આળોટે ભૂ પર સદા, ઠામકઠામે તેહ !! ૧૨૦

મલમૂત્રોત્સર્ગાદિ એ ઊભો ઊભો એમ
કરે, આળોટતાં કદિ; બોલે ફાવે તેમ. ૧૨૧

એનું બોલ્યું એ લહે, સમજે અન્ય ન જાણ;
હિતાહિત જાણે નહીં; હસે એકલો માન ! ૧૨૨

આઠ વરસ થતાં કરે મૌંજીબંધન તાત;
કર્ણે ગાયત્રી વદે, મારે ઝાલી હાથ. ૧૨૩

તોએ સંધ્યાદિક કદિ, કરે ન સુત એ જાણ;
મૈત્રી કોથી ના કરે, રહે મૂઢવત્ માન. ૧૨૪

વિષ્ણુદત્તમહિમા સૂણી, લઈ પુત્રને તેમ,
જઈ ઘેર એને વદે, નમી માબાપ એમઃ- ૧૨૫

જન્મથી જ ઉન્મત્ત આ, પડી રહે જડવત્;
યોજી ઉપાય તાત હે ! પુત્રદાન દે, ભક્ત ! ૧૨૬

એક જ કુળમાં પુત્ર એ, ગ્રહગ્રસ્ત ઉન્મત્ત;
રોગગ્રસ્ત વા નાથ શું, હશે ભૂતથી ત્રસ્ત ? ૧૨૭

પામર ના લહીએ કશું, કરો પ્રભો ઉપાય !
વિષ્ણુદત્ત એ સાંભળી, દેખી પુત્ર મલકાય !! ૧૨૮

બ્રહ્મનિષ્ઠ સંપૂર્ણ એ, જાણી બોલે ભક્તઃ
રાખી સુત મારી કને, થાઓ તમે વિભક્ત.[4] ૧૨૯

લો વિશ્રાંતિ મેડીએ, કરી ભોજન તેમ;
રાખો સુત અહિંયા, પછી જોઈશ સઘળું કેમ. ૧૩૦

'ઠીક' કહી તેઓ ગયાં; વદે ભક્તઃ- રે બાળ !
કેમ ડરે ? ચિત્તે વસે શું ? બોલ તત્કાળ. ૧૩૧

કોણ તું, કોનો અહા ! આવ્યો અહિંયા કેમ ?
શું કરવાનું ? શું કરે ? કેમ આચરે એમ ? ૧૩૨

દુશ્ચેષ્ટા આ કાં કરે ? જા આનંદે ઘેર;
કર સુખી માબાપને, કરી લોક પર મ્હેર. ૧૩૩

મોહ પમાડે કો તુને ? શો સ્વચ્છંદે લાભ ?
[5]લોકસંગ્રહ કાં ત્યજે ? મા ડર દેખી [6]ખ્વાબ. ૧૩૪

શું કરું હું કહે તુને ? છોડ વ્યર્થ આ વેષ !
એમ કહી માથે મૂકે હાથ, સૂંઘે કેશ !! ૧૩૫

હસી મંદ સુત ઓચરેઃ-ધન્ય સુણાવ્યું જ્ઞાન !
મારું નિજ સ્વરૂપ જે, જાણે તું જ સુજાણ. ૧૩૬

મૂળે જો જન્મ્યો જ ના, કોણ માત ને તાત ?
કર્મો અક્રિય શેં કરું ? કહે તું જ સાક્ષાત્ ! ૧૩૭

સચ્ચિદ્આનંદરૂપ હું વ્યાપક સઘળે એમ,
[7]કલ્પાંબુવત્ સર્વદા; જાઉં આવું કેમ ? ૧૩૮

કોનો સુત ? કયાં મોકલે ? કયાં જાઉં ? શું કામ ?
સઘળે એક જ હું ભર્યો, ખાલી કયાંય ન ઠામ ! ૧૩૯

હું જ અન્ન [8]અન્નાદ હું, ભેદ છેદ ના લેશ;
ભોગ્ય ભોગસ્વાદ ના, આત્મારામ અશેષ ! ૧૪૦

દેશકાલવસ્તુ બધી વ્યાપી અખંડ એમ,
રહ્યો સર્વમાં એક હું, સર્વરૂપથી તેમ. ૧૪૧

સૂણી વચન એ હર્ષથી, વિષ્ણુદત્ત સુજાણ
આલિંગી એને વદેઃ-ધન્ય આ તુજ જ્ઞાન ! ૧૪૨

૧. જ્ઞાન. ૨. હું બ્રહ્મ છું. ૩. ન સમજાય તેવું; ગેબી. ૪. છૂટા; વિયુક્ત. ૫. લોકોને સન્માર્ગે ચઢાવવા તે. ૬. સ્વપ્ન. ૭. પ્રલયકાળના પાણીની માફક. ૮. અન્નને ખાનાર.

દેવમાન્ય સન્માન્ય તું, વિદ્વન્માન્ય [1]વરિષ્ઠ;
ધન્ય જીવન્મુક્ત તું, બ્રહ્મનિષ્ઠ [2]ગરિષ્ઠ ! ૧૪૩

કર્મ વિના કોઈ કદા, રહે ન જગમાં એમ;
સ્વભાવ એ પ્રકૃતિ તણો; કોણ અકર્મા તેમ ? ૧૪૪

સદાચારથી ચાલતાં, બીજા જન પણ તેમ
ચાલે જોઈ શ્રેષ્ઠને; માટે જ્ઞાની એમ, ૧૪૫

ચાલે શાસ્ત્રાધારથી વસિષ્ઠાદિક જાણ;
છોડે લૌકિક ના કદિ; તું કાં ત્યજે સુજાણ ? ૧૪૬

[3]ભૂમિકા ત્રણ પ્રથમની, જાગ્રદવસ્થા જાણ;
ચોથી સ્વપ્ન, જ્ઞાની તિહાં બ્રહ્મવેત્તા માન. ૧૪૭

પંચમભૂમિ પહોંચતાં, બ્રહ્મવિદ્વર એમ;
અલ્પ નિદ્રા એ નકી, કહે જ્ઞાનીઓ તેમ. ૧૪૮

છઠ્ઠી ગાઢ નિદ્રા સમી, ઊઠે સ્વતઃ ન જાણ;
બ્રહ્મવિદ્વરીયાન્ એ, કરે કર્મ પણ માન. ૧૪૯

તુર્યા સપ્તમ જાણવી; [4]સ્વતઃ [5]પરતઃ તેમ,
પામે ઉત્થાન ના કદિ યોગી તત્પર એમ. ૧૫૦

બ્રહ્મવિદ્વરિષ્ઠ એ નકી વિધિનિષેધાતીત;
અખંડ અક્રિય સર્વદા ! લહે ન તું એ રીત. ૧૫૧

રહે ભીત તેથી સદા, કરે ચેષ્ટા વ્યર્થ;
કાં બોલાવે મુજ કને ? શો એમાં વદ અર્થ. ૧૫૨

જીવન્મુક્ત રહે સુખે, કરી કર્મ નિર્લેપ;
મુક્તસંગ આનંદથી, નડે ન માયાકેફ. ૧૫૩

થશે જ્ઞાન સ્થિર એ થકી, વળી લોકોપકાર;
અહંકાર ઢીલો થશે, એવો શાસ્ત્રાધાર ! ૧૫૪

[6]દેહ-અહંતા બંધ છે, મોક્ષ અહંતાત્યાગ;
થતાં સ્વાત્મબુદ્ધિ બધે, શમે 'અહં-મમ' આગ. ૧૫૫

જતાં અહં-મમ ના નડે માનાપમાન જાણ;
વિષય વાસના ના કદિ ઊઠે નિશ્ચય માન. ૧૫૬

નિર્વિકાર નિશ્ચેષ્ટ મન, રહે સ્વાનંદતૃપ્ત;
ચિત્ત સમાહિત[7] સર્વદા, દેહભાન પ્રસુપ્ત. ૧૫૭

એવો સ્વસ્થિર જે સદા, મુક્ત તેજ પ્રમાણ;
જ્યાં જ્યાં મન એનું તિહાં નિત્ય સમાધિ માન. ૧૫૮

અનાસક્ત વર્તે સદા, ત્યજે કર્મફળઆશ;
અહંકાર જાણે નહીં, મોક્ષ તેહનો દાસ ! ૧૫૯

ભલે હોય એ મૂઢ પણ તોડે સત્વર બંધ;
તું તો જ્ઞાની ના તુને નડે સ્વપ્નસંબંધ. ૧૬૦

અવશ ચિત્ત જેનું સદા, થાએ વિષયાસક્ત;
થાએ મુક્ત ન એ કદિ, પામે શિક્ષા સપ્ત. ૧૬૧

મન બાંધે મન છોડવે, સંગાસંગે એમ;
સ્વાત્મનિષ્ઠને કો કદિ બાંધે સ્વપ્ને કેમ ? ૧૬૨

ગૃહકૃત્યે રત જારિણી કરે બ્હારથી કામ;
ચિત્ત જારસંગે રમે ! તેમજ [8]સ્વાત્મારામ, ૧૬૩

બ્રહ્મનિષ્ઠ યતચિત્ત એ કરે સકળ વ્યવહાર;
બ્રહ્મરસાસ્વાદે રમે અભ્યંતર નિર્ધાર !! ૧૬૪

મોક્ષ ન સ્વર્ગે ના કદિ પાતાળે એ જાણ;
ભૂમંડલ આકાશમાં ના એ નિશ્ચય માન. ૧૬૫

[9]અહંકાર મારી રહે, તચ્ચિત્તો એ જાણ;
અહંકારક્ષય મોક્ષ એ, ના બીજો તું માન. ૧૬૬

ફૂલ મચડતાં શ્રમ બહુ; એથી પણ ત્યાં લેશ,
અહંકારત્યાગે નકી; ના જરીએ ત્યાં ક્લેશ. ૧૬૭

ઊર્મિ અહંમમત્વની, સ્ફૂર્તિ ભ્રાંતિ ગતિ તેમ,
ચેષ્ટા એ મનની નકી; અડે જ્ઞાનીને કેમ ? ૧૬૮

ચિત્તે રાખી બોધ આ, રહે તન્નિષ્ઠ નિત્ય;
માની સ્વપ્નવત્ બધા, કર્મબંધ અનિત્ય. ૧૬૯

ના [10]નિર્બંધ કરું તુને; થશે જ્ઞાન સુસ્થિર,
શાંતિ અંગે જામશે, એમ વર્તતાં ધીર. ૧૭૦

બંધન સ્વપ્ને ના નડે, રહે અખંડાનંદ;
લાભ થાય મુમુક્ષુને, તૂટે ભવસંબંધ ! ૧૭૧

સૂણી વચન, ચેષ્ટા સહુ છોડી કૃત્રિમ એહ;
જમે જઈ ઘરમાં મુદા, સ્વસ્થ ચિત્તથી તેહ. ૧૭૨

અન્ન સતીના હાથનું, ખાતાં પવિત્ર એમ;
નાઠી ભીતિ પલકમાં, થઈ વૃત્તિ સ્થિર તેમ. ૧૭૩

દેખી શાંતિ એહની માતપિતા સંતુષ્ટ;
વિષ્ણુદત્તચરણે નમે, બોલે વચન પ્રહૃષ્ટઃ- ૧૭૪

શું ઓસડ કીધું પ્રભો ! મંત્ર તંત્ર વા આમ ?
કીધો સુત સાવધ ક્ષણે; ધન્ય તાહરું નામ ! ૧૭૫

સીધું બોલ્યો ના કદિ; વરસે અમૃત આજ !
દીધું જીવન તાત હે ! જાણી દીનની દાઝ. ૧૭૬

એમ કહી વંદન કરી, ગયાં ઘેર સપ્રેમ;
રહ્યો પુત્ર ઘરમાં સુખે, વર્તે નિર્ભય તેમ. ૧૭૭

એક તાત્પર્ય શાસ્ત્રનું; પામે જડસો ભય,
બ્રહ્મમય સંસારને માની માયામય ! ૧૭૮

૧. સૌથી શ્રેષ્ઠ. ૨. સૌથી મોટો. ૩. જ્ઞાનીની સ્થિતિ. ૪. પોતાની મેળે; સ્વાત્મસ્ફુરણથી. ૫. બીજાથી; પરસ્ફુરણથી ૬. દેહાત્મબુદ્ધિ. ૭. શાંત; ચાંચલ્યથી રહિત. ૮. સ્વસ્વરૂપમાં વિશ્રાંતિ લેનાર. ૯. દેહમાં આત્મત્વની બુદ્ધિ. ૧૦. નિશ્ચયાત્મક આગ્રહ.

ભૂલી સ્વસ્વરૂપને, કર્તૃત્વાદિ ભાર
વહી વ્યર્થ શિરે મરે; દુઃખે મૂઢ ગમાર. ૧૭૯

બરફ ટૂકડો પ્યાસથી પાણી માટે ધાય;
ફરી પર્વતે થાકતાં, દેખે જલમય કાય ! ૧૮૦

કોણ ! કયાંથી ? શું કરૂં ? શોધે સુખને એમ;
નિત્યમુક્ત પણ ભ્રાંતિથી, ફરે ગાભરો તેમ. ૧૮૧

નથણી લટકાવી ગળે, ભૂલી ભોળી જેમ,
થઈ નષ્ટ કહી રડે; અજ્ઞ[1] આત્માર્થ તેમ ! ૧૮૨

બતાવતાં કંઠે લહે; કહે, મળી આખર;
શાસ્ત્રે સ્વાત્મા જાણતાં, કૃતાર્થ ત્યમ પામર !! ૧૮૩

એ રીતે શાસ્ત્રો સહુ, આપે પ્રબોધ જાણ;
ન્હાનાં મોટાં સર્વ એ, ના ભ્રાંતિકર માન ! ૧૮૪

સૂણી વચન એ ગુરુતણાં, કરી દંડવત્ એહ;
કહે ઈંદ્રઃ- ક્ષમા કરો; થયો દૂર સંદેહ. ૧૮૫

જાણ્યું આજે શાસ્ત્રનું તત્ત્વ સુનિર્મળ એમ !
એમ કહી આજ્ઞા લઈ, ગયો સ્વર્ગમાં તેમ. ૧૮૬

કહે દત્તઃ-અર્જુન અરે ! શાસ્ત્રસાર આ એક;
નાના યુક્તિથી કથે આત્માનાત્મવિવેક. ૧૮૭

કર્મફળો નશ્વર સહુ, અણિમાદિક તું જાણ;
થા સ્વાત્મજ્ઞાને સુખી, કરી દૂર અજ્ઞાન. ૧૮૮

શોધી શાસ્ત્રો સાધકે, લેવું સાર - જ્ઞાન;
પાણી મૂકી હંસ જ્યમ, ગ્રહે દૂધ ધીમાન્ ! ૧૮૯

સૂણી વચન શ્રીદત્તનાં, બોલે અર્જુન કેમ;
આગળ એ રસમય કથા, કહે **રંગ** સપ્રેમ. ૧૯૦

કર્યો બદ્ધ ઝોટિંગને, મંત્રાતંત્રાથી એમ;
સ્વસ્થ વિપ્રસુતને તથા, શાસ્ત્રયુક્તિથી તેમ. ૧૯૧

આ અધ્યાયે એ કથા, આગળ પરમાનંદ,
અર્જુનપ્રશ્ને જામશે ! કરશે કૃપા અનંત !! ૧૯૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે શાસ્ત્રતાત્પર્યૈક્યવર્ણને ઝુટિંગબંધનાદિકથનં નામ પંચદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૫ ॥ દોહરા ૧૯૨

અધ્યાય ૧૬

અલખ નિરંજનને કહે, સૂણી દત્તવચન
વંદી સદ્‌ભાવે વદે, અર્જુન ગ્રહી ચરણઃ- ૧

ચરણકૃપાથી આ થઈ, સિદ્ધિ સઘળી દાસ;
કંટાળ્યું મન સર્વથા, હવે ન એની આશ. ૨

સૂણ્યું તત્ત્વ શાસ્ત્રોતણું, નશ્વર સહુ સંસાર;
જ્ઞાનામૃત પાઇ હવે, કરો તૂર્ણ ભવપાર. ૩

બીજું ઇચ્છું ના કશું, જાણો સઘળું નાથ !
સૂણી વચન અર્જુન તણાં, વદે દત્ત શ્રુતિતાતઃ- ૪

મૂઢ જીવ સંસારમાં નવ રાખે વિશ્વાસ
શાસ્ત્રો પર, તેથી કરે દેવ અવકૃપા ખાસ. ૫

રાજાજ્ઞાપાલન થકી, થાય તુષ્ટ નૃપ જેમ;
શાસ્ત્રાજ્ઞાપાલન થકી, થાય તુષ્ટ પ્રભુ તેમ. ૬

નિઃશ્વાસો પ્રભુના નકી, શાસ્ત્રો સત્ય પ્રમાણ;
ભવભ્રમણ ચૂકે નહીં, થતાં રુષ્ટ એ માન. ૭

સચ્ચિદ્‌ઘન સાક્ષી સ્વયં, ભિન્ન ત્રયવસ્થાતીત;
નિત્ય અનુભવે સુમિમાં, ભૂલે મોહાન્વિત. ૮

હું કર્તા દાતા સુખી, ભોક્તા દુઃખી એમ;
માની મૂઢ ભમે જગે, ભિન્નદૃષ્ટિથી તેમ. ૯

આ પણ ભ્રાંતિ; એ જતાં દૂર મુક્તિ ના જાણ;
આત્મા પર એ પણ નકી, મિથ્યોપચાર[2] માન. ૧૦

મૂળે બંધ મળે નહીં; મોક્ષ સત્ય ત્યાં કેમ ?
અજ્ઞજનબોધાર્થ આ, કથે શાસ્ત્ર પણ તેમ. ૧૧

સત્ય જ્ઞાન અનન્ત જે, બ્રહ્મ અચિન્ત્ય અરૂપ;
ભ્રાંતિથી કલ્પિત તિહાં, વિવિધ નામ ને રૂપ. ૧૨

મિથ્યા ભ્રમ અનાદિ એ કરવા સુદૂર જાણ,
મથે શાસ્ત્ર; કાંટા થકી કાઢે કાંટો માન. ૧૩

જગત્ સર્વ આ જે દિસે, હતું બ્રહ્મ એ એક;
પૂર્વે સચ્ચિત્સુખ અહા ! અખંડ અભિન્ન છેક. ૧૪

બીજું તત્સમ ના કંઇ, [3]સજાતીય ના તેમ;
ભેદ વિજાતીય ના દિસે, બીજું કાંઇ ન એમ. ૧૫

બ્રહ્મ સચ્ચિદાનંદ એ, અખંડૈકરસ જાણ;
સ્વગત ભેદ તેને નહીં, વૃક્ષપત્રાસમ માન. ૧૬

પત્ર તિહાં શાખા નહીં, પુષ્પ તિહાં નહીં ફળ;
એકદેશી વૃક્ષાંકુરો, બ્રહ્મ અખંડ અકળ. ૧૭

રક્તોષ્ણપ્રકાશવત્ સચ્ચિત્સુખવિગ્રહ[4];
અભિન્ન અક્ષય સર્વદા, જ્યાં ન દ્વૈતવિગ્રહ. ૧૮

૧. અજ્ઞાની. ૨. વ્યથ, કથનમાત્ર. ૩. વૃક્ષનો બીજા વૃક્ષથી ભેદ તે સજાતીય; વૃક્ષનો મનુષ્યાદિથી ભેદ તે વિજાતીય; અને વૃક્ષનો પોતાના પત્રપુષ્પાદિથી (અવયવીનો અવયવોથી) ભેદ તે સ્વગત ભેદ. ૪. શરીર.

નિર્વિકાર નિશ્ચલ સદા ! માયા અંગીકાર
કરો કદિ, તોએ નકી આત્મશક્તિ એ સાર. ૧૯

શક્તિ શક્તથી ભિન્ન ના, જાણે લોકો એહ;
ન આવે દ્વિતીયત્વ ત્યાં; બ્રહ્મ અદ્વૈત તેહ. ૨૦

જોતાં માટી તત્ક્ષણે [1]ઘટાદ્યાકૃતિનામ,
આવે પૂર્વે ચિત્તમાં, બ્રહ્મે કેમ ન આમ ? ૨૧

શંકા એવી ના કદિ, કર તું શિષ્ય સુજાણ;
ન્હોતાં જીહ્વા મન તિહાં; કલ્પે કોણ પ્રમાણ ? ૨૨

અદ્વિતીય સત્ એક એ, થયું સ્વયં અનેક;
નિત્યસિદ્ધ સંકલ્પથી, થયું વિણ થયે છેક. ૨૩

માટે જ્ઞાને એકના થાય સર્વનું જ્ઞાન;
થાતાં વિવેક[2] ચિત્તમાં, અર્જુન ! નિશ્ચય માન. ૨૪

લઈ [3]મૃતિકા હાથમાં, ઘડે ઘડો કુંભાર;
ઉપાદાન માટી તિહાં, નિમિત્ત હેતુ[4] કુલાલ.[5] ૨૫

આરંભવાદ એ નકી, સૃષ્ટ્યુત્પત્તિ માંહ્ય
ઘટે ન; ઈશ્વર ત્યાં સ્વયં કારણ બંને થાય. ૨૬

ઉભયાત્મક પોતે થઈ નિમિત્તોપાદાન,
નિર્વિકારપણે કરે જગત્ સર્વ નિર્માણ. ૨૭

કરોળિયા સમ વિશ્વની કરે સૃષ્ટિ[6] સંહાર;
ઘટે આરંભ ના તિહાં, ના પરિણામ અસાર. ૨૮

ખટાશથી જ્યમ દૂધનું, દહીં થાય પરિણામ;[7]
નિર્વિકાર આત્મા મહીં, તેનું લેશ ન નામ. ૨૯

વિવર્તવાદ કહ્યો તિહાં; જગદુત્પત્તિભાસ
બ્રહ્મે મિથ્યા સર્વ એ, રજ્જુસર્પવત્ ખાસ. ૩૦

છિપોલી પર રૌપ્ય[8] જ્યમ, ઠૂંઠા પર તસ્કર;
અસત્ ભાસ જગ બ્રહ્મ પર, જે નિશ્ચલ અક્ષર.[9] ૩૧

ભ્રાંતિ અનાદિ એ નકી, જાય જ્ઞાનથી ખાસ;
ભેદ જીવશિવનો મટે, ટળે સંસૃતિત્રાસ. ૩૨

જીવ ઈશ્વર બેઉનો, ભેદ પરસ્પર જાણ,
[10]ચિત્ અવિદ્યા[11] તેમ તદ્ભેદ અનાદિ માન. ૩૩

આએ કલ્પિત જાણ તું; મૂળ અવિદ્યા તૂત !
એક નિરંજન સત્ય ત્યાં, કયાં ભેદનું ભૂત ? ૩૪

મિથ્યા ભ્રમ તો શ્રમ વૃથા શ્રવણાદિક મા માન;
મિથ્યા તોએ એ નકી, કરે અનર્થ મહાન્ ! ૩૫

માટે યોગાદિક થકી, થતાં ભ્રાંતિનિરસન;
થતાં દગ્ધ મળ અગ્નિથી, જેમ શુદ્ધ સુવર્ણ; ૩૬

તેમ સ્વયંપ્રકાશ એ, સ્વાત્મા સ્વતઃસિદ્ધ,
પ્રગટે ના પ્રગટી અહા ! થાએ પામર સિદ્ધ. ૩૭

ભ્રાંતિ મિથ્યા બ્રહ્મમાં, દ્વૈત આભાસમાત્ર;
ના જાણી જડ[12] આથડે, દુઃખે તોડી ગાત્ર. ૩૮

ઈન્દ્રજાલજલથી કદિ, ભીંજે ના ભૂકણ;
તોએ માની સત્ય એ, દોડે મોહે જન ! ૩૯

તેમ જાણ જગદ્વૈત આ, મિથ્યા ભ્રમ સમસ્ત;
ભ્રમમૂલક સંસાર ને ભ્રમ દુઃખ સુખ કષ્ટ ! ૪૦

નષ્ટ થતાં ભ્રમ આ પછી, રહે દ્વૈત કયાં શેષ ?
શી કથા પ્રારબ્ધની ? નાસે [13]કર્મ અશેષ. ૪૧

કર્માદિક શ્રમ વ્યર્થ ત્યાં, નાસે એથી ન ભ્રમ;
થતાં જ્ઞાન સ્વરૂપનું, ટળે સમૂળ ક્રમ. ૪૨

જ્ઞાનયોગ ઉત્કૃષ્ટ એ, કરે ભ્રાંતિ સુદૂર;
આપે પરમાનંદ ને શમે દ્વૈતઅંકુર. ૪૩

સૂણી વચન અર્જુન વદે, કરી વંદન એહઃ-
કહો કેમ પામું, પ્રભો ! જ્ઞાન નિઃસંદેહ ? ૪૪

રવિચંદ્રાદિક જ્યોતિને, આપે તું જ પ્રકાશ;
કૃપા કરી હૃદ્ધ્વાંત[14] આ ટાળી આપ ઉજાસ. ૪૫

બ્રહ્મ એક મૂળે પછી, શાથી થયું અનેક ?
ક્યાંથી આવ્યું દુઃખ આ ? કહો જ્ઞાનવિવેક. ૪૬

કહે દત્તઃ-સૂણ ભૂપ હે ! શાસ્ત્રરીતિથી સ્વસ્થ;
મૂળ સ્વરૂપે ત્યાં નહીં, અન્ય કલ્પના કષ્ટ. ૪૭

નિત્યમુક્તતા એહની, ના થાએ કદિ ભંગ;
નિર્વિકારને ના કદિ, લાગે વિકારરંગ ! ૪૮

શુદ્ધસત્ત્વ નિજ શક્તિમાં, એજ બ્રહ્મપ્રતિબિંબ;
ઈશ્વર સૃષ્ટિતાત એ, રાચે જોઈ ડિંભ[15] ! ૪૯

બ્રહ્મા રૂપે એ કરે જગદુત્પત્તિ જાણ;
પાળે વિષ્ણુરૂપથી; શિવ સંહારે માન. ૫૦

પ્રાણિમાત્રના હૃદયમાં રહે નિરંતર એમ;
તારે ભક્તોને સદા, દંડે દુર્જન તેમ. ૫૧

શુદ્ધસત્ત્વગુણ પ્રકૃતિ, વિદ્યા માયા જાણ;
સર્વજ્ઞતા તદુપાધિથી, પામે ઈશ્વર માન. ૫૨

મલિનસત્ત્વ જે પ્રકૃતિ, એજ અવિદ્યા તેમ;
પડે બ્રહ્મપ્રતિબિંબ ત્યાં, જીવ પરતંત્ર એમ. ૫૩

વ્યષ્ટિભૂત અલ્પજ્ઞ એ; ઈશ્વર સમષ્ટિભૂત;
નચાવે સ્વતંત્ર એ, અજ્ઞ જીવ અદ્ભુત. ૫૪

૧. ઘડો વગેરે. ૨. સદસદ્વિચાર. ૩. માટી. ૪. કારણ. ૫. કુંભાર. ૬. ઉત્પત્તિ. ૭. વસ્ત્વંતર; બીજી વસ્તુના રૂપે થવું. તે. ૮. રૂપું ૯. અવિવાશી ૧૦. ચૈતન્ય; જ્ઞાન; બ્રહ્મ વગેરે. ૧૧. અજ્ઞાન; દ્વૈત; જડ વગેરે. ૧૨. અજ્ઞાની. ૧૩. કર્માશય-સંચિતાદિ. ૧૪. હૃદયનો (અજ્ઞાનરૂપી) અંધકાર. ૧૫. બાળક.

બે શક્તિ માયાતણી, આવરણ વિક્ષેપ;
સ્વરૂપ આચ્છાદિત કરે, એજ આવરણ ચેપ. ૫૫

ઈશ મુક્ત વિણ જીવ જે, બીજા પામર તેમ;
પડે આવરણ તેમને, 'હું અજ્ઞાની' એમ. ૫૬

ભૂલી સોહં શુદ્ધ હું, પૂછે કોહં જાણ;
અજ્ઞાને શિર પર ધરે કર્તૃત્વાદ્યભિમાન ! ૫૭

કાર્ય આ જ વિક્ષેપનું, સુખદુઃખાત્મક એમ;
[1]નાનાયોનિભ્રમણ જે, ભૂતભૌતિક તેમ. ૫૮

ભૂલતાં અદ્વૈત એ, ખડો દ્વૈતવિક્ષેપ;
કહે વિપ્ર 'ચાંડાલ હું,' કરી મોહથી કેફ ! ૫૯

મંદ અંધકારે પડી હાથ દોરડી જેમ,
ના જાણી માને અહિ[2]; ખેલ સર્વ આ તેમ. ૬૦

અજ્ઞાનાત્મક મન તણો વિકલ્પ આ આવરણ,
ભયકંપાદિ થાય જે, તે વિક્ષેપજનન.[3] ૬૧

થતાં જ્ઞાન દોરી તણું જાય સર્પભ્રમ જાણ;
ટળે ક્રમે વિક્ષેપ એ ! રહે કદિ ક્ષણ માન; ૬૨

કોણ રડે એને પછી ? તેમ જીવઅજ્ઞાન
થતાં નષ્ટ, ના ભ્રમણ ત્યાં, વિક્ષેપે એ માન. ૬૩

અહંસ્ફુરણ બ્રહ્મે થયું ના થઈને જેહ,
તે જ પ્રકૃતિ જાણ તું, અભિન્ન નિઃસંદેહ. ૬૪

મહત્તત્ત્વ ત્યાંથી થયું, અહંકાર પછી એમ;
પંચભૂત ત્યાંથી થયાં, યથાનુક્રમે તેમ. ૬૫

વ્યોમ શબ્દગુણ, તે પછી શબ્દસ્પર્શગુણ વાત;
તેજ વાતથી ઉપજ્યું, ત્રિગુણાત્મક સાક્ષાત્. ૬૬

શબ્દ સ્પર્શ ને રૂપ ગુણ, તેજતણા તું જાણ;
એથી પાણી ઉપજ્યું, રસાધિક્ય ત્યાં માન. ૬૭

પૃથ્વી પંચમ એ થકી, પંચગુણાત્મક એમ;
ગંધ ખાસ ગુણ એહનો, શબ્દાદિક પણ તેમ. ૬૮

પંચભૂતસત્ત્વાંશથી જ્ઞાનેંદ્રિયચંપક;
શ્રોત્ર ત્વચા નયન ને [4]રસના ઘ્રાણ[5] પૃથક્.[6] ૬૯

ભૂતસત્ત્વાંશો બધા મળી એકત્ર એમ,
થાએ અંતઃકરણ એ, શૂન્યવિકલ્પ તેમ. ૭૦

વૃત્તિભેદે પંચધા, એ જ અંતઃકરણ;
સંકલ્પાત્મક મન નકી, બુદ્ધિ નિશ્ચયકરણ[7]. ૭૧

કરે ચિત્ત ચિંતન સદા, અહં અહંકૃતિ એમ;
આ બે પેલામાં ગણી, દ્વિધા કહે કો તેમ. ૭૨

વાક્ [8]પાણિ પદ[9] લિંગ ને ગુદ, કર્મેન્દ્રિય એહ;
થયાં ભૂતરજોંશથી પૃથક્ યથાક્રમ તેહ. ૭૩

ભૂતરજોંશો એકઠા મળી પંચધા પ્રાણ,
થયા ક્રિયાભેદે નકી; વહે નિરંતર જાણ. ૭૪

પ્રાણ પ્રસિદ્ધ જાણે સહુ; અપાન નીચે જાય;
મલમૂત્રોત્સર્ગાદિ એ, સર્વ એ થકી થાય. ૭૫

વ્યાપી વ્યાન શરીરમાં, વાળે અંગો તેમ;
ઉદાન ઉદ્ગારે વહે; સમાન નાભિસ્થ એમ ૭૬

અન્નાદિક પાચન કરે, ગર્ભે પોષણ તેમ;
લિંગદેહ આ જાણવો, સપ્તદશાત્મક એમ. ૭૭

જ્ઞાનકર્મેન્દ્રિય અને મન બુદ્ધિ ને પ્રાણ,
લિંગદેહ [10]સૂક્ષ્માખ્ય એ, કેવળ જડ પ્રમાણ. ૭૮

ભમે એજ બ્રહ્માંડમાં, નાના યોનિ માંહ્ય;
છૂટે ના ભવભ્રમણ એ, જ્યાં લગ જ્ઞાન ન થાય. ૭૯

અજ્ઞાન કારણદેહ એ, કોશ આનંદમય;
કોશત્રય સૂક્ષ્મે વસે, ઢાંકી આનંદમય. ૮૦

કર્મેન્દ્રિયપંચક અને પ્રાણપંચક જેહ,
રજોગુણી એ પ્રાણમય કોશ નિઃસંદેહ. ૮૧

જ્ઞાનેન્દ્રિય મન સહ કહ્યો, કોશ મનોમય જાણ;
બુદ્ધિ જ્ઞાનેન્દ્રિય મળી, વિજ્ઞાનમય પ્રમાણ. ૮૨

આકાશાદિ ભૂતના કરી બે બે ભાગ;
પુનઃ ચાર એ અર્ધના, સરખા કરી વિભાગ; ૮૩

સ્વાર્ધમાં અન્યાર્ધના મેળવતાં એ ચાર,
પંચાત્મક પ્રત્યેક એ, ભૂત થાય નિર્ધાર. ૮૪

પંચીકરણ એને કહ્યું, એથી સર્વ શરીર;
સ્થૂલ ચતુર્વિધ સર્વ એ, કોશ અન્નમય, ધીર ! ૮૫

રોમ ત્વચા માંસ ને નાડી અસ્થિ એહ,
પંચ અંશ પૃથ્વીતણા જાણ નિઃસંદેહ. ૮૬

લાળ રક્ત સ્વેદ ને શુક્ર મૂત્ર વળી તેમ,
પાંચ અંશ જળના નકી; પાંચ તેજના એમઃ- ૮૭

ક્ષુધા તૃષા કાંતિ અને નિદ્રા આળસ જાણ;
પાંચ વાયુનાઃ- ગમન ને ધાવન લંઘન માન, ૮૮

આકુંચન અને વળી પ્રસારણ પણ તેમ;
કામ ક્રોધ વ્યોમાંશ એ લોભ મોહ ભય એમ. ૮૯

ઉપર નીચે માળથી યુક્ત મહેલની માંહ્ય,
રમે ભૂપ સમ જીવ આ દેહત્રયની માંહ્ય. ૯૦

૧. જુદી જુદી. ૨. સાપ. ૩. વિક્ષેપની ઉત્પત્તિ-કાર્ય. ૪. જિહ્વા. ૫. નાસિકા. ૬. જુદાં જુદાં. ૭. નિશ્ચય કરવાનું સાધન. ૮. હાથ. ૯. પગ. ૧૦. સૂક્ષ્મ નામ છે જેનું તે; સૂક્ષ્મ શરીર.

સ્થૂલદેહસંગે કરી; જાગ્રદ્વિષયવિલાસ
સ્થૂલેંદ્રિયથી ભોગવે, વિશ્વ નામ ત્યાં ખાસ. ૯૧

જાગ્રદ્વાસનાયુક્ત એ, ફરે સ્વપ્નમાં તેમ;
[1]પ્રવિવિક્ત ભોગે રમે, સૂક્ષ્મદેહે એમ. ૯૨

તૈજસ નામે જીવ ત્યાં, થાય એક અનેક;
રમે મનોમય રાજ્યમાં, ભૂલી સત્યવિવેક. ૯૩

નિદ્રામાં કીડે થઈ પ્રાજ્ઞનામક એમ,
કારણદેહે જીવ એ; ફરી જાગતાં તેમ ! ૯૪

[2]અધિષ્ઠાન શરીર આ, અહંકાર [3]કરનાર;
[4]કરણ ઇન્દ્રિયો, પ્રાણ એ કારક[5] ત્યાં નિર્ધાર; ૯૫

દેવતા ઇન્દ્રિયતણી; થતાં પાંચ એકત્ર !
કાયા વાચા મન થકી, થાય શુભાશુભ અત્ર. ૯૬

પુણ્યે સ્વર્ગાદિક મળે, પાપે નરકે જાય;
મિશ્રપાપપુણ્યે મળે મનુષ્યજન્મ સદાય. ૯૭

લખ ચોરાશી યોનિઓ; સ્વેદજ અંડજ જાણ,
ઉદ્ભિજ્જ જરાયુજ ને વળી દિવિજ[6] પાંચમી ખાણ. ૯૮

કર્મભોગ માટે ફરે, જીવ મૂઢ ત્યાં એમ;
થાય કલ્પકોટિ ભલે, ટળે ભ્રમણ ન તેમ ૯૯

વિના જ્ઞાનનિશ્ચય કદિ; કૂટ્યે કર્મ હજાર !
વિના દીપ દીઠો કદિ થતાં દૂર અંધકાર ? ૧૦૦

સૃષ્ટિક્રમ એવો કહે વેદ શાસ્ત્ર સહુ તેમ;
માની ભ્રાંતિ સત્ય એ, ભમે મૂઢમતિ એમ. ૧૦૧

દયા ક્ષમા શાંતિ ધૃતિ દૈવી સંપદ્ જાણ;
કરી પ્રાપ્ત સદ્ગુરુપદે, જાવું શરણ અમાન. ૧૦૨

ફલાભિમાન છોડી સહુ, કરતાં ધર્માચરણ;
થતાં કૃપા ઈશ્વર તણી થશે સદ્ગુરુદર્શન. ૧૦૩

ઈશ્વર સમ ગુરુ માનીને, શ્રદ્ધા રાખી અખંડ;
કરવી સેવા ખંતથી, સહી શીતોષ્ણ દંડ. ૧૦૪

બેસી પાસે પ્રેમથી, કરવું શાસ્ત્રશ્રવણ;
થતાં જ્ઞાન સુદૃઢ ક્ષણે, પામે નિર્વાણ જન. ૧૦૫

ગુર્વનુગ્રહમાત્રથી થશે જ્ઞાન સુસ્થિર;
અન્યથા શ્રમ વ્યર્થ એ, છિન્ને રહે ન નીર. ૧૦૬

રાજા કીધાં તેં બધાં, આશ્રમોક્ત સુકર્મ;
અનાસક્ત મચ્ચરણમાં અર્પી પામ્યો શર્મ. ૧૦૭

થયો ભક્ત તું માહરો, સૂઝ્યો સવળો પંથ,
તેથી આજે આ તને; થશે કષ્ટનો અંત. ૧૦૮

થયો તીવ્ર વૈરાગ્ય આ ભ્રમમોહાદ્યહાર[7],
પ્રકાશશે વિદ્યા હવે, સત્વર હૃદયે, બાળ ! ૧૦૯

વિદ્યાશબ્દે જ્ઞાન તું જાણ નિઃસંદેહ;
પરોક્ષાપરોક્ષ ભેદથી, દ્વિધા માન તું એહ. ૧૧૦

વેદાન્તશ્રવણાદિથી પ્રાપ્ત બૌદ્ધિક જેહ,
જ્ઞાન પરોક્ષ તે કહ્યું; સફળ ગુરુમુખે એહ. ૧૧૧

નિદિધ્યાસયોગાદિથી થવું સ્વયં તદ્રૂપ;
જ્ઞાન અપરોક્ષ એ નકી, સાક્ષાત્કાર અનુપ. ૧૧૨

'જાણવું' તે તો પરોક્ષ, 'થવું' અપરોક્ષ જાણ;
સદ્ગુરુકૃપા વિણ ના કદિ, બને એક પણ માન. ૧૧૩

ઉપક્રમાદિક લિંગથી તાત્પર્યૈક્યધારણ
સચ્છાસ્ત્રોનું ગુરુમુખે, જાણ એજ શ્રવણ. ૧૧૪

'નથી બ્રહ્મ' એવી મતિ, અસત્ત્વાવરણ એહ;
થાય નષ્ટ આ શ્રવણથી; માને નર 'છે તેહ.' ૧૧૫

બ્રહ્મ એક અનેક વા ? ઊઠે સંશય એમ;
સંશયભાવના એ નકી, નાસે શ્રવણે તેમ. ૧૧૬

શ્રવણાનુસાર તે પછી, કરતાં મનનાભ્યાસ;
અસંભાવના જાય એ, થતાં ચિત્ત સ્થિર ખાસ. ૧૧૭

અપરોક્ષ અલ્પજ્ઞ હું, પામર કીટક જેમ;
ઈશ પરોક્ષ સર્વવિદ્ ! થાય એક બે કેમ ? ૧૧૮

લાગે એવું મૂઢને, અસંભાવના એહ;
નાસે મનને એ નકી, એમાં ના સંદેહ. ૧૧૯

અવસ્થાત્રયમાં નકી, જ્ઞાન અનંત એક;
વ્યાપક સચ્ચિત્સુખ સદા, બ્રહ્મ અખંડ છેક. ૧૨૦

[8]પ્રત્યક્ [9]પરાક્ ઉપાધિથી અજ્ઞત્વાદિક એમ;
ભાસે સ્વાત્મામાં વૃથા, અજ્ઞાને એ તેમ. ૧૨૧

સ્વયંપૂર્ણ આત્મા નકી એકાદ્વૈતવિવેક;
ક્ષણભંગુર જગ સ્વપ્નવત્, મિથ્યા માયિક છેક. ૧૨૨

જાગતાં ના સ્વપ્ન ત્યાં, થતાં જ્ઞાન જગત્ !
ભાસે અજ્ઞાને વૃથા, દ્વૈત ઉપાધિમત્[10] !! ૧૨૩

ઉપક્રમોપસંહારથી જોતાં વચ્ચે એક;
ભેદઉપાધિ ત્યાગતાં, શુદ્ધ ચૈતન્ય છેક. ૧૨૪

મૂકી અધ્યારોપને, અપવાદાત્મવિવેક
કરતાં, એ એકત્વનું, થાય ભાન અશેખ. ૧૨૫

વસ્તુ છે પણ ના દિસે, એજ અભાનાવરણ;
શ્રવણાનુસારે ચિંતતાં, મનને જાય તત્ક્ષણ. ૧૨૬

૧. જાગ્રદવસ્થાના સ્થૂલ ભોગોથી છૂટા પાડેલા; કલ્પિત, મનોમય. ૨. આશ્રય. ૩. કર્તા. ૪. સાધન. ૫. કરાવનાર. ૬. દૈવી. ૭. ભ્રમ, મોહ વગેરે પાપહારક. ૮. આંતર. ૯. બહિર્. ૧૦. ઉપાધિવાળું.

થતાં નિદિધ્યાસન થકી, સર્વ આવરણ નષ્ટ;
ધ્યાને અદ્વિતીયતા પામે સાધક સ્પષ્ટ. ૧૨૭

એકાંતે બેસી સદા, ત્યજે સંકલ્પ સર્વ;
ધ્યાનાભ્યાસે થાય એ, સ્વયં બ્રહ્મ નર શર્વ[૧]. ૧૨૮

કીટ ભ્રમરધ્યાને સ્વયં, થાય ભ્રમર સાક્ષાત્;
ધ્યાનપ્રભાવ એ નકી, જાણે લોક સુજાત. ૧૨૯

જીવ બ્રહ્મ મૂળે સ્વયં, કરે સ્વસ્વરૂપધ્યાન;
થાએ બ્રહ્મસ્વરૂપ તો, શું આશ્ચર્ય સુજાણ ? ૧૩૦

જીવ બ્રહ્મ તો ધ્યાનનો શો ઉપયોગ વ્યર્થ ?
શંકા ઊઠે જો કદિ, કહું સૂણ સદર્થ. ૧૩૧

[૨]અનિર્વચનીય ઈશની માયા શક્તિ જેહ,
તેથી થાય સ્વરૂપમાં ભ્રાંતિ સ્વસંદેહ. ૧૩૨

મિથ્યા રજ્જુસર્પવત્, તોએ દારુણ જાણ;
કરે મહા અનર્થ એ, થાય સર્વ હેરાન. ૧૩૩

અવિદ્યા કામ કર્મથી થતાં જીવ સંયુક્ત;
રાગદ્વેષવશ એ થઈ, કરે યુક્તાયુક્ત. ૧૩૪

કર્માચરણે ત્રિવિધ એ, ભમે નિરંતર એમ;
જન્મમરણ ઘટમાળ એ, થાય બંધ ના તેમ. ૧૩૫

રાહુગ્રસ્ત થયો રવિ, માને મૂઢ અજાણ;
તેવું જીવાવરણ આ, ભાસમાત્ર પ્રમાણ. ૧૩૬

વિના જ્ઞાન ના એ ટળે, કરતાં કોટિ ઉપાય;
શ્રવણાદિક્રમથી થતાં જ્ઞાન, આપે જાય. ૧૩૭

શાબ્દજ્ઞાન પરોક્ષ એ, ધ્યાને અપરોક્ષ જાણ
થઈ મળે સ્વરૂપમાં; માટે કરવું ધ્યાન. ૧૩૮

ધન્ય ભક્ત તું માહરો, બડભાગી નૃપ એમ;
થયો નિર્વિણ્ણ ભોગથી, જ્ઞાનયોગ્ય તું તેમ. ૧૩૯

મહાવાક્યચિંતન કરી, લે અપરોક્ષાનુભવ;
થઈ લીન સમાધિમાં, થઈશ મુક્ત [૩]સજીવ. ૧૪૦

તૂર્ણ સ્થિર કરી જ્ઞાનને, કર મનનો તું ભંગ;
વાસનાવન બાળીને, થા નિર્વિઘ્ન અસંગ. ૧૪૧

જીવન્મુક્ત થઈ પછી, શેષ પ્રારબ્ધભોગ
થતાં પૂર્ણ, મદ્રૂપમાં વિદેહકૈવલ્યયોગ ૧૪૨

સત્વર નૃપ પામીશ તું, માન નિશ્ચય એહ;
શુભાશિષ મારી તને, મા કર મનસંદેહ ! ૧૪૩

સૂણી વચન અર્જુન વદે, જોડી બન્ને હાથ;
એ કથાનક આ પછી, કથે **રંગ** ઉદાત્ત. ૧૪૪

અર્જુનપ્રશ્ને જ્ઞાનનો કીધો અલ્પવિચાર; પંચીકરણાદિક ક્રમે, આ અધ્યાયે સાર. ૧૪૫

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અર્જુનજ્ઞાનપ્રદાનં નામ ષોડશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૬ ॥ દોહરા ૧૪૫

અધ્યાય ૧૭

અલખ નિરંજનને કહે, વંદી અર્જુન એમ
પૂછે પ્રાર્થી દત્તને, સદ્ભાવે એ તેમઃ- ૧

મહાવાક્ય કહેવું કુને ? કેમ ચિંતવું એહ,
થાએ અપરોક્ષાનુભવ જેથી નિઃસંદેહ ? ૨

કહો કૃપા કરી પ્રભો સઘળું, હું તો મૂઢ !
કહે દત્ત મંદસ્મિતે, સાંભળ અર્જુન ગૂઢઃ- ૩

'મહતો મહીયાન્' જે બ્રહ્મ એક સુજાણ,
તેનું વિવરણ જે કરે, બ્રહ્માત્મૈક્ય પ્રમાણ; ૪

મહાવાક્ય એ વેદનાં, ચાર મુખ્ય નિર્ધાર !
તેમાં બોધક મુખ્ય જે, સામવેદનું સાર; ૫

શ્વેતકેતુને અરુણ એ, કથે ફરી ફરી જાણ;
'તત્ત્વમસિ' મહાવાક્ય એ, 'તે તું છું' નૃપ માન. ૬

ધ્યાન દઈ સાંભળ નકી, થાશે સાક્ષાત્કાર;
સાધન સિદ્ધિ થતાં સુખે થાય મૂઢ ભવપાર. ૭

નિત્યાનિત્યવિવેક એ, પહેલું સાધન જાણ;
ઈહામુત્ર વિષયે સદા, વિરાગ બીજું માન. ૮

ચિત્તે વિષયો જો વસે, થાય ના કદિ ધ્યાન;
માટે વિષયત્યાગને આપે શ્રેષ્ઠો માન. ૯

મનશમન ઇંદ્રિયદમન, વિષયોપરતિ તેમ;
શીતોષ્ણાદિકસહન જે તિતિક્ષા પણ એમ; ૧૦

ગુરુવચને શ્રદ્ધા અને સમાધાન મન માંહ્ય,
યથાપ્રાપ્તસંતોષ જે; ષટ્સંપત્તિ થાય. ૧૧

ત્રીજું સાધન આ નકી, મોક્ષેચ્છા ચતુર્થ;
મુક્તિ માટે તડફડે, થાય વ્યાકુળ તદર્થ. ૧૨

સિદ્ધ કરી સાધન સુખે જવું સદ્ગુરુશરણ;
સેવા કરી સદ્ભાવથી કરવું વાક્યવિવરણ. ૧૩

સદાચારરત જે સદા, પૂરો જ્ઞાને તેમ;
નિજાનંદમાં મસ્ત જે, બ્રહ્મનિષ્ઠ ગુરુ એમ. ૧૪

૧. શિવ. ૨. સત્ય, અસત્ય વગેરે કોઈપણ રીતથી વર્ણવી ન શકાય એવી. ૩. વેગે; જલ્દી.

તચ્છરણે ભ્રમ કયાં રહે ? આડાઅવળા બોલ
જેના, શાસ્ત્રો સર્વ એ, કાઢે માયાપોલ ! ૧૫

ષડ્‌લિંગે તાત્પર્યનું ચિત્તે ગ્રહણ શ્રવણ;
કરતાં એ સદ્‌ભાવથી, રહે ન ભ્રાંતિ ક્ષણ. ૧૬

ઉપક્રમોપસંહારની એકવાક્યતા જાણ
પ્રથમ લિંગ[૧]; અભ્યાસ ને અપૂર્વતા ફળ માન; ૧૭

અર્થવાદ ઉપપત્તિ એ ષડ્‌લિંગવિવેક;
તદનુસાર સચ્છ્રવણથી રહે ન શંકા એક. ૧૮

પૂર્વે જગ સદ્રૂપ આ એકાદ્વિતીય જાણ
બ્રહ્મરૂપ; એવો કરી પ્રથમ ઉપક્રમ[૨] માન, ૧૯

બ્રહ્માત્મક જગ આ બધું, એજ નિજસ્વરૂપ;
આત્મા સત્ય અખંડ એ; અંતે કથન અનુપ ૨૦

એવું, ઉપસંહાર એ; ઉપક્રમોપસંહાર
પ્રથમ લિગ બંને મળી; કહું દ્વિતીય સાર. ૨૧

દેહ અન્નમય આ નકી, અન્નકારણ [૩]તોય;
તત્કારણ ઉષ્મા[૪] કહ્યો, તત્કારણ સત્ હોય. ૨૨

સન્મૂલક પ્રજા બધી, સત્પ્રતિષ્ઠા જાણ;
સત્ બ્રહ્મ સત્ આયતન[૫], પ્રથમ અભ્યાસ માન. ૨૩

ભિન્નનામ નદીઓ સહુ, ગંગા જમુના એમ;
માને નામે ભિન્ન જન, ગોદા રેવા તેમ. ૨૪

સમુદ્રમાં મળતાં બધી નામરૂપનિશાન
કોણ ઓળખે એમનું ? અભિન્ન એ જળ માન. ૨૫

જ્ઞાને બ્રહ્મ જીવ ત્યમ થતાં લીન, આભાસ
રહે ન ત્યાં ભિન્નત્વનો; આ દ્વિતીયાભ્યાસ. ૨૬

મધમાખી અતિ યત્નથી, શોધી નાના વૃક્ષ;
કરે પુષ્પરસ એકઠો, બનાવે મધ દક્ષ. ૨૭

થતાં એકરસ સર્વ એ, કોણ ઓળખે ભિન્ન ?
થતાં બ્રહ્મમય જીવ ત્યમ, જડે ન શોધ્યું ચિહ્ન ! ૨૮

ત્રીજો આ અભ્યાસ; તું સાંભળ ચોથો એમઃ-
સૂક્ષ્મ બીજ વટવૃક્ષનું, રાઈ સમ પણ જેમ; ૨૯

અનુકૂળ ઋતુ ક્ષેત્ર ને મળતાં જળ ભરપૂર,
થાએ પ્રચંડ વૃક્ષ હા ! શોધ્યું ન જડે મૂળ. ૩૦

તે રીતે સદ્‌બ્રહ્મ આ, સૂક્ષ્મ જગત્કારણ;
કાલ દૈવાદિક થકી, થાએ વિશ્વ ગહન ! ૩૧

'તત્ત્વમસિ' તે બ્રહ્મ તું, ચોથો આ અભ્યાસ;
સાંભળ પંચમ જે થકી, રહે ન મિથ્યા ભાસ. ૩૨

મીઠું અર્ણવમાં બને, ધરે નામઆકાર;
પાછું અર્ણવમાં ભળે, થાય તદ્રૂપ સાર. ૩૩

તેમ જીવ બ્રહ્મે મળે ત્યજી નામ ને રૂપ,
થાય બ્રહ્મમય; પાંચમો એ અભ્યાસ અનુપ. ૩૪

વૃક્ષશાખા તોડતાં; મરે વૃક્ષ ન ખાસ;
થાય ડાળી નિર્જીવ એ; તેમ જીવ ઉદાસ[૬]. ૩૫

શરીર પડતાં ના પડે, મરતાં ન મરે એહ;
બ્રહ્મરૂપ અખંડ એ, ભિન્ન દેહથી તેહ. ૩૬

જન્મમરણ તેને નહીં, તત્ત્વમસિ પ્રમાણ;
છઠ્ઠો આ અભ્યાસ; તું આગળ સપ્તમ જાણઃ- ૩૭

આંખે પાટા બાંધીને, ચોરો માણસ એક
લઈ ગયા દેશાંતરે વનવગડામાં છેક. ૩૮

વસ્ત્રાલંકારો બધા લૂંટી ચોરો જાણ,
મૂકી એને એકલો, ગયા સર્વ સ્વસ્થાન. ૩૯

રડે વને એ દુઃખથી, સૂણી એક સજ્જન.
આવ્યો; જાણી સર્વ એ તોડી નેત્રબંધન, ૪૦

પૂછે એના દેશનું નામ નિશાન એહ;
સૂણી, દિગ્દર્શન કરી દેશ બતાવે તેહ. ૪૧

આવ્યો પેલો પૂછતો, ગ્રહી માર્ગ એ ઘેર;
તેમ સાધક જાણ તું, થતાં ગુરુની મ્હેર. ૪૨

તાપત્રાયથી ત્રાસીને રડે મુમુક્ષુ એમ;
સૂણી સદ્‌ગુરુ મ્હેરથી દોડે પાસે તેમ. ૪૩

તોડી માયાપટલ એ, સ્વદેશમાર્ગે જાણ
પ્રેરે ભયસ્થાનો કહી, આપી આશિષ માન. ૪૪

સાવધ એ રસ્તે જતાં, ગુરુકૃપાથી એમ
ના ભૂલે મુમુક્ષુ એ, આવે નિજ ઘર તેમ. ૪૫

માર્ગદર્શક શ્રીગુરુ, આપે સત્વર જ્ઞાન;
જ્ઞાને બ્રહ્મે તત્ક્ષણે ભળે જીવ નિર્માન. ૪૬

માટે ગુરુ વિણ મોક્ષ ના, કહે વેદ અનુભવ,
કહું અભ્યાસ આઠમો, ટાળે સમૂળ ભવ. ૪૭

અંતકાળે રોગીને થતાં ત્રિદોષ જાણ,
થાએ વ્યાકુળ એ અતિ, રહે ન કાંઈ ભાન. ૪૮

ઇન્દ્રિયો ખેંચાય ને થાય લીન મન માંહ્ય;
થાય મનોલય પ્રાણમાં, પ્રાણ તેજમાં જાય. ૪૯

ભળે તેજ પરતેજમાં, દેવસ્વરૂપે એમ;
કોણ કોને ત્યાં લહે ? રડે મૂઢજન તેમ. ૫૦

૧. જ્ઞાનની સત્યતાનું પ્રકાશક ચિહ્ન. ૨. શરૂઆત. ૩. પાણી. ૪. ગરમી; તેજ. ૫. રહેઠાણ; જેમાંથી બધું ઉત્પન્ન થાય છે, જેમાં રહે છે અને અન્તે જ્યાં સમાય છે તે. ૬. તટસ્થ; સુખદુઃખ, જન્મમરણ વગેરેથી અસ્પૃષ્ટ.

સ્ત્રીપુત્રાદિક સહુ રડે, થાએ રડારોળ;
કહે, કોણ હું ? જો મુને ! ફરે ન દૃષ્ટિ લોલ !! ૫૧

થઈ લીન તે ના ફરે દૃષ્ટિ પાછી જાણ;
અભ્યાસે ત્યમ દેહનું, જતાં સમૂળ ભાન, ૫૨

થાય ઇન્દ્રિયો લીન એ ચિત્ત માંહે તેમ;
ચિત્ત પ્રાણમાં, પ્રાણ પણ શમે તેજમાં એમ. ૫૩

શમે તેજ પરતેજમાં, પરબ્રહ્મમાં જાણ;
અનુકૂલાભ્યાસે ક્ષણે, સમરસ જીવ પ્રમાણ. ૫૪

કોણ કોને ઓળખે, જ્યાં દ્વૈત ના લેશ ?
થતાં વિસ્મૃતિ મોતથી, ફરી ભોગવે ક્લેશ. ૫૫

જન્મમરણપરંપરા ટળે ન કાયમ ત્યાંય;
થતાં લીન અભ્યાસથી, ભ્રાંતિ સમૂળ જાય. ૫૬

શરીરભાન ગળે સહુ, નાવે કદિએ મોત;
જન્મ કદાપિ થાય ના; એ તો જીવન્મોત ! ૫૭

આઠમો અભ્યાસ આ, સાંભળ નવમો તેમઃ-
રાજદૂતો ચોરને, પકડે જાણી જેમ; ૫૮

જો ના થાય કબૂલ એ, 'તપ્ત શૂલ આ ઝાલ,'
એમ કહી ઝલાવતાં, બળે હાથ તત્કાળ. ૫૯

પાપફળ એવું નકી; દંડે દૂતો એમ;
માની એને ચોર એ, કરે દયા ન તેમ. ૬૦

હોય ચોર ના એ યદિ, બળે ન શૂળે હાથ;
રાજદૂત છોડી મૂકે, આપી માન સાક્ષાત્ ! ૬૧

નિરભિમાન નિર્લેપ જે, છૂટે તે પણ એમ;
ઉભય લોકથી તેહને, કરે મુક્ત યમ તેમ. ૬૨

નવમો આ અભ્યાસ તું સાંભળ દઈને ધ્યાન;
તત્ત્વમસિ પ્રત્યેકથી જાણ બ્રહ્મ સુજાણ. ૬૩

લિંગ દ્વિતીય આ નકી; અપૂર્વતા તૃતીયઃ-
ચાલે ના પ્રત્યક્ષ[1] ત્યાં, બ્રહ્મ એ અતીન્દ્રિય ! ૬૪

અખંડ નિષ્કલ[2] બ્રહ્મ એ, છેક નિરંશ જાણ;
અનુમાન ત્યાં પાંગળું, એથી અગમ્ય માન. ૬૫

ઉપમાનાદિક કોણ ત્યાં ? કેવળ નિરૂપમ જેહ;
જોટો ત્રિભુવનમાં નહીં, એકાદ્વિતીય એહ. ૬૬

માટે કેવળ શાબ્દથી,[3] ગમ્ય અગમ્ય એહ;
મહાવાક્ય વેદાંતનાં, બોધે પરોક્ષ તેહ. ૬૭

તદનુસાર ધ્યાને મળે, બીજો માર્ગ ન ત્યાંય;
લિંગ અપૂર્વતા કહ્યું ! ચોથું ફળ કે'વાયઃ ૬૮

થતાં વિજ્ઞાન સ્વાનુભવ, પછી વિલંબ ન પળ;
વરે પ્રારબ્ધ ભોગવી, વિદેહકૈવલ્ય નર. ૬૯

સૃષ્ટિ સ્થિતિ પ્રલય ને પ્રવેશ ચોથો જાણ;
પદાર્થશોધન નિયમન, ફલ સપ્તમ તું માન. ૭૦

અર્થવાદ સાતે મળી, પંચમ લિંગ પ્રમાણ;
ઉત્પત્તિ આ વિશ્વની થાય બ્રહ્મથી માન. ૭૧

સ્થિતિ પ્રલય પણ બ્રહ્મમાં, થાય સર્વનાં તેમ,
વ્યાપક એક જ સર્વમાં, કરે પ્રવેશ એમ. ૭૨

જીવરૂપે સંચર્યું એક સર્વમાં કેમ ?
બિંબ પ્રતિબિંબે યથા ! મા કર શંકા એમ. ૭૩

નિર્વિકાર અરૂપ એ બ્રહ્મ અપરિચ્છિન્ન,
જીવભાવે શરીરમાં રહે કેમ સૂણ ચિહ્ન. ૭૪

જોવું સાંભળવું અને સૂંઘવું વળી તેમ,
ચાખવું ને સ્પર્શવું, બોલવું વળી એમ; ૭૫

લેવું દેવું તેમ એ, જવું આવવું જાણ,
મલોત્સર્ગ રતિકર્મ જે, સર્વ વ્યવહાર માન; ૭૬

યત્સત્તાથી ઇન્દ્રિયો કરે, કારણ તેહ
બ્રહ્મ અગોચર સર્વનું ! માટે વ્યાપક એહ ૭૭

કહે પ્રવિષ્ટ દેહમાં; કરે સર્વનિયમન;
એની સત્તા વિણ નકી, જડ પ્રાણેન્દ્રિય મન !! ૭૮

તત્-ત્વં-પદાર્થ શોધતાં, બ્રહ્મ લક્ષ્ય અભેદ;
પદાર્થશોધન એ નકી ! કહે સપ્તમ ફળ વેદ. ૭૯

થતાં જ્ઞાન વિજ્ઞાન[4] ત્યાં, થાય કામના પૂર્ણ;
બ્રહ્મજ્ઞાનફળ એ નકી, મળે નિર્વાણ તૂર્ણ. ૮૦

છઠ્ઠું ઉપપત્તિ કહું, લિંગ અંતિમ એહ;
તદનુસાર શ્રવણથી, રહે કેમ સંદેહ ? ૮૧

ઘટપૂર્વે માટી હતી, મધ્યે માટી જાણ;
ફૂટતાં ઘટ મૃત્તિકા, થાય પૂર્વવત્ માન. ૮૨

ઓળખતાં ઘટ એક એ, જાણે સર્વ વિકાર
મૃત્તિકાના માનવી; નામ તિહાં આકાર. ૮૩

નાશવંત બંને નકી, એક મૃત્તિકા સાર;
આદિ અંત મધ્યે રહ્યું, એમ બ્રહ્મ નિર્ધાર. ૮૪

થતાં જ્ઞાન એ એકનું, થાએ સર્વ વિદિત;
કરતાં ષડ્લિંગે શ્રવણ, ચિત્ત સંશયાતીત. ૮૫

વાક્યવિવેચન તે પછી, સાંભળ ભૂપ સુજાણઃ-
પરબ્રહ્મ તત્પદ થકી, પ્રથમ નિશ્ચિત માન. ૮૬

૧. પ્રત્યક્ષ પ્રમાણ-ઇન્દ્રિયજન્ય અનુભવ. ૨. નિરવયવી. ૩. શબ્દ પ્રમાણથી-વેદવાકયોથી. ૪. સ્વાત્માનુભવ.

[1]પ્રત્યક્ બ્રહ્મ ત્વંપદે, બોધે શ્રુતિ પ્રસિદ્ધ;
ઐક્યે 'અસિ'પદથી કહ્યું, બંનેનું ત્યમ સિદ્ધ. ૮૭

અંતઃકરણ અને વળી તદ્વૃત્તિ પણ તેમ,
લહે સાક્ષીચૈતન્ય જે, ત્વંપદાર્થ છે એમ. ૮૮

ઘટદ્રષ્ટા જ્યમ ઘટ થકી, લોકે જુદો જાણ;
દેહદ્રષ્ટા ત્યમ દેહથી, ત્વંપદાર્થ એ માન. ૮૯

સ્ત્રીપુત્રાદિક સર્વ એ, સ્વપ્રીત્યર્થ જેમ;
તત્પ્રીત્યર્થ ન એ કદિ, સ્વાત્મા પ્રિયતમ[2] તેમ. ૯૦

ત્વંપદાર્થ સુખરૂપ એ, માટે બ્રહ્મસ્વરૂપ;
એ જ સત્ એ ચિદ્ નકી, એવું ઐક્યે અનુપ. ૯૧

પડે દેહ તોએ કદિ, તૂટે ના સ્વપ્રેમ;
લાગે હું હોઉં સદા; ત્વંપદાર્થ સત્ એમ. ૯૨

જવું આવવું મન તણું, તેમ બુદ્ધિવિકાર,
જાગ્રત્સ્વપ્ન નિદ્રાતણા, જાણે અનુભવ સાર; ૯૩

વણ સ્પર્શે વિકારને બુદ્ધયાદિકને જેહ,
આપે ચુંબકવત્ ગતિ; ત્વંપદાર્થ ચિદ્ એહ. ૯૪

દેહેંદ્રિયચિત્તાદિ એ સકળ જડ સંઘાત[3];
આપે ચેતન અચલ એ ત્વંપદાર્થ સાક્ષાત્. ૯૫

નિર્વિકાર સાક્ષી સ્વયં, બોધલક્ષણ[4] જાણ;
ત્વંપદાર્થ ચિત્તાદિથી નિશ્ચય જુદો માન. ૯૬

તત્પદાર્થ કહું હવે, સાંભળ આપી ધ્યાન;
ટાળે સકલાનર્થને, થતાં યથાર્થ જ્ઞાન. ૯૭

બ્રહ્મ એક તત્ એ નકી, દ્વૈત અતત્ અનેક;
અતત્-દૂરીકરણ જે, અતત્-વ્યાવૃત્તિ પેખ. ૯૮

અતદ્વ્યાવૃત્તિ થકી, [5]વિધિમુખે સાક્ષાત્;
જાણી તત્પદાર્થ એ, થવું બ્રહ્મ અજાત. ૯૯

વ્યાપક સઘળે જે રહ્યું એક અખંડ અરૂપ,
સ્થૂલ સૂક્ષ્મ ચિલ્લાદિથી વર્જિત છેક અનુપ; ૧૦૦

સચ્ચિદ્આનંદરૂપ જે ભૂમા[6] સ્વયંપ્રકાશ,
પરમાત્મા પરબ્રહ્મ એ; તત્પદાર્થ તે ખાસ. ૧૦૧

સર્વેશ્વર સર્વજ્ઞ જે, સર્વશક્ત સમાન;
અનંત જે જાણ્યા થકી, થાય સર્વનું જ્ઞાન; ૧૦૨

જીવરૂપે સર્વમાં કરી પ્રવેશ તેમ,
કરે નિયંત્રાણ સર્વનું, નિર્વિકાર જે એમ; ૧૦૩

આપે જીવોને સ્વયં અલિપ્ત કર્મનું ફળ;
પરબ્રહ્મ પરોક્ષ એ, તત્પદાર્થ નિર્મળ. ૧૦૪

વિરુદ્ધ ત્વંપદાર્થનું તત્પદાર્થથી એમ,
અપરોક્ષનું પરોક્ષથી, થાય ઐક્ય એ કેમ ? ૧૦૫

એવી શંકા જો ઊઠે, કહું દૃષ્ટાંત એક;
વિચારતાં એ સામ્યથી, શંકા ટળે અશેખ. ૧૦૬

દેવદત્ત રાજા હતો, [7]અવંતિકામાં એક;
ફરે હાથી પર બેસીને, જુવાન લ્હેરી છેક. ૧૦૭

થતાં વૃદ્ધ, વૈરાગ્યથી થયો સાધુ એ જાણ;
આવ્યો તીર્થાટનમિષે, રામેશ્વરમાં માન. ૧૦૮

જોએલો બે સાધુએ, પૂર્વે રાજા એહ;
જોતાં આ વેષે તિહાં, કહે એક, 'જો તેહ' ! ૧૦૯

'પેલો દેવદત્ત આ !!' દેખી બીજો તેમ,
જાણે એને એજ એ રાજા સાધુ એમ. ૧૧૦

પેલો-આ-પદનો અહીં, દેવદત્ત આધાર;
પરોક્ષાપરોક્ષ પણ બંને એકજ સાર. ૧૧૧

'પેલો' એ પદથી અહીં, ભૂતકાળ સ્વદેશ;
કાળ [8]અદ્યતન આ પદે, દૂર તેમ વિદેશ; ૧૧૨

વિરુદ્ધાંશ વાચ્યાર્થ એ ત્યજી, લક્ષ્યાર્થ એક
દેવદત્ત-વ્યક્તિ ગ્રહે, કેવળ[9] નિશ્ચલ છેક. ૧૧૩

અવંતિકા તારુણ્ય ક્યાં એ રાજ્યસંબંધ ?
ક્યાં રામેશ્વર વૃદ્ધપણ, આ સાધુત્વાનંદ ? ૧૧૪

તોએ વ્યક્તિ એક એ, દેવદત્ત લક્ષ્યાર્થ;
તેમજ [10]દાર્ષ્ટાંતિક વિષે, જીવ બ્રહ્મ યથાર્થ. ૧૧૫

કિંચિજ્જ્ઞત્વ સર્વજ્ઞતા જીવેશ્વરની તેમ,
અપરોક્ષત્વ પરોક્ષતા ત્યાગી નિશ્ચય એમ, ૧૧૬

સુખદુઃખાન્વિતતા તથા કર્તૃત્વ ભોક્તૃત્વ જાણ,
અપરોક્ષત્વાદિક સહુ, ત્વંપદવાચ્યાર્થ માન. ૧૧૭

દુઃખાત્મક દેહાદિથી ભિન્ન સચ્ચિદાનંદ,
પ્રત્યગાત્મા જાણ તું ત્વંપદલક્ષ્યાર્થકંદ. ૧૧૮

સર્વજ્ઞત્વાદિક થકી યુક્ત ઈશ્વર જેહ,
એ તત્પદલક્ષ્યાર્થ એ નકી બ્રહ્મ સનાતન છેક. ૧૧૯

સત્યજ્ઞાનાનંદ જે નિત્ય નિરંજન એક,
તત્પદલક્ષ્યાર્થ એ નકી બ્રહ્મ સનાતન છેક. ૧૨૦

વિરોધ વાચ્યાર્થે વસે, અભિન્ન એ લક્ષ્યાર્થ;
માટે લક્ષણાવૃત્તિથી, લેવો કેવળ [11]સ્વાર્થ. ૧૨૧

કરે ત્યાગ સ્વઅર્થનો, જહલ્લક્ષણા એહ;
'ગંગા પર ઘર' વાક્યમાં તીર લક્ષ્યાર્થ તેહ. ૧૨૨

૧. પુરુષ; ધીસ્થ જીવ; અંતરાત્મા. ૨. સૌથી વધારે પ્રિય. ૩. સમૂહ. ૪. જ્ઞાનસ્વરૂપ. ૫. બ્રહ્મ સત્ય છે, શુદ્ધ છે, બુદ્ધ છે વગેરે વિધિવાકયો કહેવાય. ૬. અપરિચ્છિન્ન; સર્વવ્યાપક. ૭. ઉજ્જૈન. ૮. વર્તમાનકાળ. ૯. ઉપાધિરહિત. ૧૦. જે સમજાવવા માટે દૃષ્ટાંત આપવામાં આવ્યું હોય તે; અહીં 'તત્ત્વમસિ' વાકય. ૧૧. આત્મૈકયાર્થ.

છોડ્યા વિણ નિજ અર્થને, બોધે જે અન્યાર્થ;
અજહલ્લક્ષણા એ નકી, સાંભળ કહું યથાર્થ. ૧૨૩

'રાખ ધાન ચકલાં થકી,' કહેતાં એમ યથાર્થ;
રક્ષે પશુથી પણ [1]સુધી ! એ અજહલ્લક્ષ્યાર્થ. ૧૨૪

વિરુદ્ધાંશ બંને તણા ત્યજી રાખે સ્વઅર્થ;
એ જહદજહલ્લક્ષણા, કરે દૂર અનર્થ. ૧૨૫

'પેલો દેવદત્ત આ,' એમાં તૃતીય એમ;
આ જહદજહલ્લક્ષણા, 'તત્ત્વમસિ' માં તેમ. ૧૨૬

વિરુદ્ધાંશ 'તત્-ત્વં' તણા છોડી, અવિરુદ્ધાંશ
લેતાં વાક્યે ઐક્ય ત્યાં; જીવ બ્રહ્મ એકાંશ ! ૧૨૭

હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;
સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક, ૧૨૮

યોગાભ્યાસે સ્થિર કરી ચિત્ત નિરંતર આમ;
કરતાં ધ્યાન અખંડ આ, પામે અક્ષય ધામ. ૧૨૯

યોગામૃત રસપાન એ, અર્જુનપ્રશ્ને એમ,
કરાવશે યોગીંદ્રવર દત્ત આગળ તેમ. ૧૩૦

ષડ્લિંગાદિક વર્ણવી, મહાવાક્યવિવરણ
કીધું આ અધ્યાયમાં; ટાળે જન્મમરણ. ૧૩૧

કલ્પદ્રુમ શ્રીદત્ત એ, યાચક અર્જુન તેમ;
જ્ઞાનૈશ્વર્યસમૃદ્ધિ ત્યાં, **રંગ** વર્ણવે કેમ ? ૧૩૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
મહાવાક્યવિવરણં નામ સપ્તદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૭ ॥ દોહરા ૧૩૨

અધ્યાય ૧૮

સૂણી વચન શ્રીદત્તનાં, બોલે અર્જુન ધીરઃ-
કૃપા કરો પ્રભુ ના રહે, ચિત્ત એક ક્ષણ સ્થિર. ૧

થાએ સ્તંભન વાયુનું, વ્યોમખંડન તેમ;
તરંગબંધન યુક્તિથી, ચિત્ત ના પણ એમ. ૨

દુર્જય મન ચંચલ અતિ, ઠરે કેમ એ નાથ ?
વદે દત્તઃ- વૈરાગ્યથી, યોગાભ્યાસે તાત ! ૩

વિષયદોષદર્શન થકી, તત્ત્યાગે મતિ જેહ,
વિરતિ મુક્તિકારિણી; સાંભળ નિઃસંદેહ. ૪

યોગાભ્યાસ કહું હવેઃ-યમ નિયમાસન જાણ,
પ્રાણાયામ પછી કહ્યો, પ્રત્યાહાર પ્રમાણ; ૫

ધારણા પછી ધ્યાન ને, સમાધિ એ અષ્ટાંગ,
કહે યોગ યોગી જનો ! કહે કોઈ ષડંગ; ૬

સ્વાભાવિક બે માનીને, યમનિયમને તેમ;
કહે સમાધિ ફળ ગણી, કોઈ સપ્તાંગ એમ. ૭

[2]વિકલ્પાવિકલ્પ ભેદથી, એક સમાધિ અંગ
ગણી બીજીને ફળ કહે; કોઈ તેમ અષ્ટાંગ. ૮

બે રૂપ આત્માતણાં, સ્થાવર જંગમ તેમ;
ઈશ્વરબુદ્ધિ ત્યાં કરી, મા કર પીડા એમ. ૯

કાયા વાચા મન થકી, દેવું દુઃખ ન અલ્પ;
શ્રેષ્ઠ **અહિંસા** એ કહી, પ્રથમ ધર્મ અનલ્પ.[3] ૧૦

યથાર્થ પ્રિય બોલવું, **સત્ય** એજ પ્રમાણ;
તૃણ સરખું ના ચોરવું, કદિ અન્યનું માન; ૧૧

કહ્યું **અસ્તેય** એ તને ! **દયા** પ્રાણીની દાઝ;
ત્યાગ મૈથુનનો સદા, **બ્રહ્મચર્ય** વ્રતતાજ. ૧૨

રહેવું નિષ્કપટી સદા, જાણ **આર્જવ** એમ;
ક્ષમા સહન દુઃખાદિનું, અક્રોધે એ તેમ. ૧૩

થતાં હાનિ પણ મન વિષે થાય વિકાર ન જેહ,
ધૃતિ; પથ્ય મિત જમવું જે; **મિતાહાર** છે તેહ. ૧૪

બે ભાગો અન્ને ભરી, ત્રીજો જળથી તેમ;
ચોથો ખાલી પેટનો, રાખે સાધક એમ. ૧૫

મૃજ્જલથી દેહાદિને, ધ્યાને અંતર જાણ,
સાફ રાખવું **શૌચ** એ; કહ્યા દશ યમ માન. ૧૬

કહું નિયમ દશ સૂણ તું, અર્જુન સાવધ એમ;
દેહશુદ્ધિ [4]કૃચ્છ્રાદિથી, **તપ** ઉત્તમ ત્યાં તેમ. ૧૭

દૈવલાભથી તુષ્ટિ જે તે **સંતોષ** પ્રમાણ;
વેદગુરુવિશ્વાસ જે, તે જ **આસ્તિક્ય** માન. ૧૮

વેદાંતાદિવિચારને કહ્યું **શ્રવણ** ઉત્તમ;
પાત્રે સ્વાર્થાપણ નકી **દાન** ઉત્તમોત્તમ. ૧૯

સર્વસમર્પણ પ્રભુપદે, એજ **પૂજન** જાણ;
સત્કર્મે પ્રીતિ સદા, **શ્રદ્ધા** નિર્મલ માન. ૨૦

કુકર્મમાં લજ્જા કહી **હ્રી** તારિણી એહ;
એકાદશ્યાદિક વિષે; ઉપોષણ **વ્રત** તેહ. ૨૧

વેદાવિરુદ્ધ મંત્ર જે, ગુરૂપદિષ્ટ પ્રમાણ;
તેનો નિત્યાભ્યાસ જે, **જપ** નિશ્ચય તું માન. ૨૨

૧. બુદ્ધિમાન. ૨. સવિકલ્પ નિર્વિકલ્પ ભેદથી. ૩. મહાન. ૪. ચાંદ્રાયણાદિ.

અધમ વાચિક ત્યાં કહ્યો, ઉપાંશુ[૧] મધ્યમ તેમ;
માનસિક ઉત્તમ તિહાં, વદે શાસ્ત્ર સહુ એમ. ૨૩

દેશકાલજાતિ થકી અનવચ્છિન્ન[૨] ઉત્તમ,
યમનિયમો મહાવ્રત નકી; આપે ફળ સત્તમ.[૩] ૨૪

ગોમનુષ્યને મારતાં, લાગે હિંસા એમ;
ના બીજાને મારતાં, જાત્યવચ્છિન્ન[૪] તેમ. ૨૫

હિંસા દૂષિત તીર્થમાં, ના બીજે એ જાણ;
દેશાવચ્છિન્ન એ કહી, ના મહાવ્રત માન. ૨૬

પર્વે શ્રાદ્ધે ના કદિ કરવી હિંસા તેમ;
કાલાવચ્છિન્ન એ કહી, જાણ અહિંસા એમ. ૨૭

પ્રાણિમાત્રાને ના કદિ કરવી પીડા જાણ,
સર્વ દેશ ને કાળમાં; એજ મહાવ્રત માન. ૨૮

એ રીતે યમનિયમનું કરતાં પાલન તૂર્ણ;
આપે લાભ અપૂર્વ એ, થતાં સિદ્ધ સંપૂર્ણ. ૨૯

થતાં અહિંસા સિદ્ધ ત્યાં દયા ક્ષમા પણ તેમ;
વૈરભાવ ત્યાગી રહે જીવ પરસ્પર એમ. ૩૦

માટે ઋષ્યાશ્રમ મહીં, વ્યાઘ્ર ધેનુ બે સાથ;
રમે સર્પ મૂષક અહા નિર્વૈરે સાક્ષાત્ ! ૩૧

ફળે મંત્ર સત્યાર્જવે, ક્રિયાનુષ્ઠાન તેમ;
અસ્તેયે ધનસંપદા, પામે પુષ્કળ એમ. ૩૨

દાનધૃત્યપરિગ્રહે જાણે પૂર્વજનન;[૫]
બ્રહ્મચર્ય સુસ્થિર થતાં, વીર્યલાભ તત્ક્ષણ. ૩૩

હ્રીશૌચે સ્વશરીર પર, થાય જુગુપ્સા[૬] જાણ;
અંતઃશૌચે ચિત્તની પ્રસન્નતા ત્યમ માન. ૩૪

[૭]સત્ત્વશુદ્ધિ ઇન્દ્રિયજય પામે સાધક તેમ;
આત્મદર્શનયોગ્યતા સાંગ શૌચે એમ. ૩૫

મિતાહાર તપ વ્રત થકી થતાં અશુદ્ધિ નષ્ટ,
કાયેંદ્રિયસિદ્ધિ મળે; સંતોષે સુખ ઇષ્ટ. ૩૬

શ્રવણાસ્તિક્યે દેવનું થાય સાન્નિધ્ય તેમ;
શ્રદ્ધા જપ પૂજન થકી સમાધિપ્રાપ્તિ એમ. ૩૭

યમનિયમો પાયો નકી, હોય ન જો સુદૃઢ;
યોગમહેલ ચઢે નહીં, ભલે મરે મથી મૂઢ. ૩૮

સાંભળ આસન તે પછી, સ્થિર સુખબેઠક એહ;
ચોરાશીમાં ચાર એ, મુખ્ય નિઃસંદેહ. ૩૯

ઘૂંટણ વચ્ચે પાનીઓ રાખી બેસે એમ,
ટટાર નિશ્ચલ અંગથી; સ્વસ્તિકાસન તેમ. ૪૦

ડાબી જમણી સાથળે, જમણો ડાબો પગ
ચઢાવી પૃષ્ઠતઃ[૮] કરે ગ્રહે અંગુષ્ઠરગ; ૪૧

સવ્યે સવ્ય[૯] વામે તથા વામ[૧૦] તેમ પ્રમાણ;
સ્થિર દૃષ્ટિ નાસાગ્ર પર, પદ્માસન એ માન. ૪૨

હાથે જોડી પાદદ્વય એડી સીવની[૧૧] પર
રાખી બેસે સ્થિર સદા; ભદ્રાસન એ વર. ૪૩

અંડ નીચે વામ પદ, લિંગ ઉપર સવ્ય,
રાખી હૃદયસ્થ હનુ,[૧૨] બેસે દૃષ્ટિ ભવ્ય; ૪૪

સિદ્ધાસન સુશ્રેષ્ઠ એ, સાધે સિદ્ધો જાણ;
બંધત્રય[૧૩] સાધી કરે, થાય સમાધિ માન. ૪૫

ચિરકાલ એકાસને થાય શ્રમ ના એમ;
ઉત્તમ આસનસિદ્ધિ એ, હરે રોગને તેમ. ૪૬

જ્યાં ઉપદ્રવ લેશ ના, ના ઘોંઘાટ ત્રાસ;
એકાંતે સુસ્થળ વિષે, કરવો યોગાભ્યાસ. ૪૭

ખાય અતિશય જે સદા, કરે બહુ ઉપવાસ;
ઊંઘે અજગર સમ યદિ, કરે જાગરણત્રાસ; ૪૮

તેને યોગાભ્યાસ આ, દુષ્કર અર્જુન જાણ;
યુક્તાહારવિહારથી સુકર સૌખ્યકર માન. ૪૯

સ્થાન પવિત્ર જોઈને, કરવો મઠ સુંદર;
રાખી ન્હાનું બારણું, પૂરી ગર્ત[૧૪] વિવર.[૧૫] ૫૦

લીંપીગુંપી હાથથી, કરવો સુસ્વચ્છ એમ;
અગ્નિ જળ પાષાણ વા, રહે ન સંનિધ તેમ. ૫૧

કરી સર્વ નિશ્ચિતતા, સાત્ત્વિકભાવે તેમ
વંદી સદ્‌ગુરુ દેવને, બેસે સાધક એમ. ૫૨

નીચે દર્ભાસન પછી પહોળું કૃષ્ણાજિન;[૧૬]
સૌથી ઉપર પાથરે, મૃદુ વસ્ત્ર અછિન્ન. ૫૩

છાતી મસ્તક કેડને, રાખી સીધાં તેમ,
આમ તેમ જોયા વિના, દૃષ્ટિ નાસાગ્ર એમ; ૫૪

ચિંતા સઘળી છોડીને, બેસે ધૈર્યે જાણ;
આરંભે દૃઢ નિશ્ચયે, પ્રાણાયામ સુજાણ. ૫૫

જ્યમ જ્યમ દોડે પ્રાણ એ, ત્યમ ત્યમ ચંચલ મન;
થતાં ચિત્ત ચંચલ નકી, દોડે પ્રાણ તત્ક્ષણ. ૫૬

માટે જીતી એકને, કરવાં બંને સ્થિર;
સાધન શ્રેષ્ઠ સમાધિનું, જાણે યોગી ધીર. ૫૭

થતાં પ્રાણજય નિશ્ચયે, થાય મનોજય જાણ;
એક નિબંધન બેઉનું, યોગશાસ્ત્ર પ્રમાણ. ૫૮

૧. પાસેના અન્ય જન ન સાંભળી શકે તેમ સાધારણ હોઠ હલાવીને કરેલો જપ. ૨. અમર્યાદિત. ૩. ઉત્તમ. ૪. જાતિથી મર્યાદિત; જાતિબદ્ધ. ૫. પૂર્વજન્મ. ૬. અભાવ; ઘૃણા. ૭. અંતઃકરણશુદ્ધિ. ૮. પીઠ પાછળથી. ૯. જમણો. ૧૦. ડાબો. ૧૧. ઉપસ્થ ને ગુદાને જોડનાર નસ. ૧૨. હડચપી. ૧૩. મૂળ, જાલંદર ને ઉડ્ડિયાન બંધ. ૧૪. ખાડો. ૧૫. દર; છિદ્ર. ૧૬. કાળા હરણનું ચામડું.

નવે દ્વારો રોકતાં, થાય પ્રાણવશ તેમ;
વિણ વૈરાગ્યે ના કદિ, થાય ચિત્ત વશ એમ; ૫૯

મન ચંચલ તત્ક્ષણ કરે ક્ષુબ્ધ ઇન્દ્રિયગણ;
ના બલવદ્ રોકાય એ, થાકે અધવચ જન. ૬૦

પ્રાણાયામાદિક થકી માટે જીતે એમ;
ચંચલ મન પણ શીઘ્ર એ થાય સુસ્થિર તેમ. ૬૧

સગુણ ધ્યાન જપથી વળી કરે કોઈ એ વશ;
ઠરે ઠામુકું જો ગ્રહે બ્રહ્મરસાયનરસ. ૬૨

ડાબા નાસાપુટ મહીં, ઇડા નાડી છે જાણ;
ચંદ્ર દૈવત તેહનું, કરે સિદ્ધ શુભ માન. ૬૩

જમણા નાસાપુટ મહીં, નાડી પિંગલા તેમ.
સૂર્ય દૈવત તેહનું, ઉગ્રકાર્યકર એમ. ૬૪

બે વચ્ચે ત્રીજી વસે, નામ સુષુમ્ણા જાણ;
બ્રહ્મરંધ્રમાં જાય એ, દેવકાર્યકર માન. ૬૫

કુંડલિની તન્મૂલમાં, સર્પાકારે એહ.
મુખે સુષુમ્ણામુખ ગ્રહી, રહી નિશ્ચેષ્ટ તેહ. ૬૬

પ્રાણમાર્ગ રોકી પડી, ના જવા દે પ્રાણ
સુષુમ્ણામાં દુષ્ટ એ; કરવી જાગ્રત માન. ૬૭

[1]ચળે શીઘ્ર અભ્યાસથી, કરી ફૂત્કાર એમ;
ચઢે પ્રાણ ઉપર કળે, થાય ચિત્ત સ્થિર તેમ. ૬૮

ડાબો અપાન જાણવો, જમણો પ્રાણ પ્રમાણ;
સમાન બન્ને થાય તે, કહે સુષુમ્ણા જાણ. ૬૯

પૂરક ષોડશથી કરે, ચોસષ્ઠે કુંભક;
બત્રીસ માત્રાથી કરે, રેચક એ ઉત્કટ.[2] ૭૦

ઇડાથી પૂરક કહ્યો, [3]મૂલબંધ ત્યાં જાણ;
કુંભકાંતે કંઠમાં, બંધ જાલંદર[4] માન. ૭૧

રેચક પિંગલાથી વળી, ઉડ્ડિયાન[5] પણ એમ;
મંદ મંદ કરી, ફરી કરવું પ્રતીપ[6] તેમ. ૭૨

જેથી ખેંચે પ્રાણને તેથી ના રેચક;
પ્રાણાયામાભ્યાસ એ હરે સર્વ અઘ અક. ૭૩

ખાલી કરવું પેટને છોડી શ્વાસ બહાર,
પૂરક એ; થંભાવવો ત્યાંજ કુંભક સાર; ૭૪

લેવો અંદર તે પછી ધીમે ધીમે તેમ,
રેચક સાધે એ નકી; કેવળ કુંભક એમ. ૭૫

જેમ જેમ માત્રા વધે, થાય પ્રાણજય તેમ;
શુદ્ધ થતાં નાડી સહુ, ઠરે ચિત્ત પણ એમ. ૭૬

વાત પિત્ત ને કફ તણા થતાં દોષ સુક્ષીણ;
થાય અગ્નિ પ્રદીપ્ત ને થાય રોગ વિલીન. ૭૭

કનિષ્ઠ પ્રાણાયામથી, છૂટે ઘર્મ વિશેષ;
મધ્યમથી સર્વાંગમાં, થાએ કંપ અશેષ. ૭૮

ઉત્તમ પ્રાણાયામથી, બ્રહ્મરંધ્રમાં તેમ
ઠરે પ્રાણ સત્વર જઇ; શ્વાસોચ્છવાસ એમ ૭૯

થાય બંધ, નિશ્ચેષ્ટ એ થાય સર્વ શરીર;
મેઘનાદ સમ ગર્જના સૂણે યોગી ધીર. ૮૦

નાડીશુદ્ધિ ન થાય જો કુંડલિની જાગ્રત્,
સુષુમ્ણામાં પ્રાણ ના ચઢે પિપીલિકાવત્, ૮૧

તો વૃથા શ્રમ જાણવો; કરવો અધિક પ્રયાસ;
થતાં ઊર્ધ્વગતિ પ્રાણની, નાસે સમૂળ ત્રાસ. ૮૨

મેદશ્લેષ્માધિક્ય જો હોય દેહમાં જાણ,
કરવી ષટ્ક્રિયા[7] નકી, વિશેષાભ્યાસ માન. ૮૩

અથવા પ્રાણાયામ પણ કરતાં વિશેષ તેમ,
થાય શુદ્ધ નાડી સહુ; આસનથી પણ એમ. ૮૪

જપધ્યાનાદિરહિત જે, જાણ નિર્બીજ એહ;
સબીજ પ્રાણાયામ એ, ધ્યાનાદિક સહ જેહ. ૮૫

સબીજ ઉત્તમ આ કહ્યો, બ્રહ્મરંધ્રગતિ તેમ
મળે સત્વર યોગીને; લાભ સમાધિ એમ. ૮૬

પાંચ પાંચ ચઢાવીને પ્રતિદિન પ્રાણાયામ,
પહોંચવું એંશી સુધી; ચાર વાર નિત આમ ૮૭

માસત્રાય દઢ નિશ્ચયે કરતાં પ્રાણાભ્યાસ,
થાય સુષુમ્ણામાર્ગ એ શુદ્ધ સર્વથા ખાસ. ૮૮

ઊઠે કુંડલિની નકી, ચઢે ઊર્ધ્વગતિ પ્રાણ;
[8]ષટ્ ચક્રો ભેદાય ને તૂટે [9]ગ્રંથિ મહાન્. ૮૯

વસે અગ્નિ નાભિ મહીં, કરવું તદાકુંચન;
રાખી તર્જની નાભિ પર, નિત્ય ત્રિકાળ ક્ષણ ક્ષણ. ૯૦

હાથે ઝાલી પાદને કરવું [10]કંદતાડન;
નિત્ય આઠ ભસ્ત્રા કરી, રાખી નિશ્ચલ મન. ૯૧

ત્યાગી લયવિક્ષેપને, સ્વરૂપાનુસંધાન
કરતાં, ઊર્ધ્વગતિ પ્રાણને થાય મનોન્મન માન. ૯૨

બ્રહ્મરંધ્રે બાર દિન, ઠરતાં નિશ્ચલ પ્રાણ;
થાય સમાધિ શ્રેષ્ઠ એ, નિર્વિકલ્પ પ્રમાણ. ૯૩

કરી પ્રાણજય નિશ્ચયે, ખેંચી મનથી એમ
પરાવૃત્ત સ્વવિષયથી કરવી ઇન્દ્રિય તેમ. ૯૪

૧. ચલાયમાન થાય; ખસે. ૨. ઉત્તમ. ૩. ગુદાસંકોચન. ૪. કંઠ સંકોચન. ૫. પેટને અંદર ખેંચવું તે. ૬. વિરુદ્ધ; પિંગલાથી પૂરક વગેરે. ૭. બ્રહ્મદાતણાદિ. ૮. મૂલાધારાદિ. ૯. બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથિ ને રુદ્રગ્રંથિ. ૧૦. નાભિની નીચે નવ અંગુલ સુધી રહેલા નાડીના ઉગમસ્થાનરૂપ કંદ.

મૂકી આળસ ફરી ફરી, કરતાં આ અભ્યાસ;
સિદ્ધ પ્રત્યાહાર થઈ, રહે ન કિંચિત્ ત્રાસ. ૯૫

અંગ સમેટે કાચબો, નિજાધીન અંદર;
ખેંચે યોગી ઇન્દ્રિયો, તેમ સ્વવશ સકળ. ૯૬

દોડે બહાર જો ફરી, ખેંચે અંદર તેમ;
થતાં સ્વવશ ઇન્દ્રિય સહુ, સ્થિતપ્રજ્ઞ નર એમ. ૯૭

નાસે વિષયેચ્છા સહુ, થતાં પ્રજ્ઞા સુસ્થિર;
થાએ સિદ્ધિ દાસીઓ; ધન્ય યોગિવર ધીર ! ૯૮

એવો પ્રત્યાહાર આ, કરી સિદ્ધ અર્જુન;
કરવી ધારણા તે પછી, સગુણ નિર્ગુણ તૂર્ણ. ૯૯

રોકી રાખે ચિત્તને, એક સ્થળમાં જાણ,
પુનઃ પુનઃ અભ્યાસથી, ધારણા એ માન. ૧૦૦

ઠેરવવું નિજ ચિત્તને, આત્મસ્વરૂપે એમ;
જો ન ઠરે વિક્ષેપથી, કરવું યત્ને તેમ. ૧૦૧

નિર્ગુણમાં જો ના ઠરે, કરવું સગુણે સ્થિર;
લક્ષ્યે લાવી રોકવું, કરી યત્ન ગંભીર. ૧૦૨

નિર્ગુણ હું આ રૂપથી થયો સગુણસ્વરૂપ;
ભક્તરક્ષણકારણે ધરી રૂપ અનુપ ! ૧૦૩

[1]આસેચનક સુમૂર્તિ એ, સુંદર મારી જાણ;
જોતાં નેન ધરાય ના, અંગ એકૈક માન. ૧૦૪

પુનઃ પુનઃ એ રૂપમાં, કરે ધારણા એમ;
થતાં ચિત્ત સુસ્થિર તિહાં, થાએ નિર્ગુણ તેમ. ૧૦૫

ધ્યાનારંભે ધારણા; ધ્યાનવિસ્મૃતિ જેહ,
કહે સમાધિ યોગીઓ; ત્રણે અખંડ એહ. ૧૦૬

સિદ્ધ ધારણા એ કરી, કરે પછીથી ધ્યાન;
સગુણનિર્ગુણભેદથી દ્વિવિધ એ પણ જાણ. ૧૦૭

[2]સજાતીય વૃત્તિ તણો તૈલધારવત્ જેહ,
પ્રવાહ અખંડ એકરસ, ધ્યાન નિર્મલ તેહ. ૧૦૮

ધ્યાન ધ્યાતા ધ્યેયનું, રહે પૃથક્ જ્યાં ભાન;
ધ્યાન ત્યાં સુધી જાણવું, કહે યોગિજન માન. ૧૦૯

ઠરે ચિત્ત અભ્યાસથી, ભૂલે ધ્યાતા ધ્યાન;
ધ્યેયાકારે મન રહે [3]નિવાતદીપપ્રમાણ, ૧૧૦

એજ સમાધિ જાણવી, યોગપ્રાસાદ[4] શિખર !
ધ્યેય માત્ર બાકી રહે, થાએ ચિત્તવિલય !! ૧૧૧

દેહભાન ઊડે સહુ, બાહ્યાભ્યંતર જ્ઞાન;
થાય [5]ત્र્યવસ્થાતીત મન, એજ ઉન્મની જાણ. ૧૧૨

આત્મા જોઈ આત્મને, થાએ આત્મવિલીન;
આત્યંતિક સુખ દેખી એ, થાય વાસના ક્ષીણ. ૧૧૩

નિર્વિકલ્પ સમાધિ એ, વરસે ધર્મામૃત;
ધર્મમેઘ યોગી કહે, થાય મુમુક્ષુ તૃપ્ત ! ૧૧૪

આત્યંતિક વિયોગ જે કરે દુઃખનો એમ
જીવબ્રહ્મયોગે કરી, યોગ શ્રેષ્ઠ એ તેમ. ૧૧૫

સૂણી હૃષ્ટ અર્જુન થયો, પૂછે વંદી એમ;
ઊઠે શંકા મન વિષે, કરો દૂર પ્રભુ તેમ. ૧૧૬

યોગે સાક્ષાત્કાર જો, કેમ વાક્યવિચાર ?
કરે કોણ શ્રમ વ્યર્થ એ ? કહો એક નિર્ધાર. ૧૧૭

અટપટ સઘળું આ દિસે, કહો એક વિવેક;
ઠરે ચિત્ત નિર્ભ્રાંત આ, થાએ વિલીન છેક. ૧૧૮

અર્જુનશંકા એ સૂણી, બોલે દત્ત દયાળ;
અલખ નિરંજનને કહે, આગળ એ વિસ્તાર. ૧૧૯

આ અધ્યાયે યોગનું, કીધું વિવરણ એમ;
કરતાં સશ્રદ્ધ સાધના, રહે **રંગ** ભય કેમ ? ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અષ્ટાંગયોગકથનં નામ અષ્ટાદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૮ ॥ દોહરા ૧૨૦

અધ્યાય ૧૯

દત્ત કહેઃ- સૂણ ભૂપ હે ! ક્રિયાયોગથી એમ,
કલ્પે ભ્રાંતિ ના ટળે; થાય મુક્તિ ના તેમ. ૧

વિના જ્ઞાન નિર્વાણ ના, સત્ય વચન તું માન;
કેવળ યોગે ના કદિ, મળે શાંતિ સુજાણ. ૨

યોગ યોગ તું શું કહે ? બ્રહ્માત્મૈક્યજ યોગ;
જ્ઞાનયોગ અષ્ટાંગ એ, ટાળે સંસૃતિરોગ ! ૩

દેહાદિક મિથ્યા સહુ, જાણી નિશ્ચય એમ;
દેહેંદ્રિયવિષયે રહે ઉદાસીન,[6] યમ તેમ. ૪

સ્વાત્મા નિર્મલ એક છે, કેવળ બ્રહ્મસ્વરૂપ;
જાણી અનુરક્તિ[7] તિહાં, કહ્યો નિયમ એ ભૂપ, ૫

બાહ્યવિષય પ્રત્યે રહી ઉદાસીન સુજાણ,
અંતર્દૃષ્ટિ સ્થાપવી, તે જ આસન માન. ૬

૧. અતિશય આનંદ આપનાર; જ્યાંથી આંખ પાછી ખસેડવી ન ગમે તે. ૨. એક જાતની. ૩. બિલકુલ પવન વિનાની જગ્યાએ મૂકેલા દીવાની માફક; તદ્દન સ્થિર. ૪. મહેલ. ૫. જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિથી પર. ૬. વિરક્ત ૭. પ્રેમ.

[1]મયૂરકુક્કુટવત્ યદિ બેઠે મુક્ત થવાત,
મરત રડી રડી ના નકી નાહક પ્રાણિજાત ! ૭

ચિદાત્માનું બુદ્ધિથી અંતર્ગ્રહણ પૂરક;
સ્થિરીકરણ તત્તત્વનું, એજ જાણ કુંભક. ૮

નામરૂપ માયિક બધું, રેચક તેનો ત્યાગ;
પ્રાણાયામ કહ્યો ત્રિધા; ઊઠ અર્જુન જાગ ! ૯

કેવળ નાસાપીડને, વાયુરોધથી તેમ,
થાય મુક્ત નર તો વૃથા કરે શ્રવણશ્રમ કેમ ? ૧૦

માટે પ્રાણાયામ ત્યાં, સબીજ ઉત્તમ જાણ;
થતાં સ્થિર મન, જ્ઞાનથી પામે નર નિર્વાણ. ૧૧

સ્વભાવ એ ઇંદ્રિયતણો, કરે વિષયગ્રહણ;
જાણી, વિષયાધ્યાસથી રહે દૂર સજ્જન. ૧૨

અનાસક્તિ એ જાણ તું, નિર્મળ પ્રત્યાહાર;
સ્વાત્મનિષ્ઠા ધારણા, [2]ગતદુર્ભાવન સાર. ૧૩

ચિત્તબંધ નાભ્યાદિમાં, ભલે ઉપકારક જાણ;
મુક્તિ એ થકી ના કદિ, અર્જુન કલ્પે માન. ૧૪

ધ્યાન 'અહં બ્રહ્માસ્મિ' એ વૃત્તિપ્રવાહ અખંડ;
માયામય વિકારનું જ્યાં મૂર્ત્યાદિ ન બંડ. ૧૫

અજ્ઞાને 'હું દેહ છું' માને અખંડ જેમ,
નિશ્ચિત માને 'બ્રહ્મ હું એક પરાત્મા' તેમ; ૧૬

દેહાત્મત્વ હઠે સહુ, પરાત્મત્વ સુસ્થિર
થાએ નિશ્ચિત જ્ઞાનથી; એજ સમાધિ, ધીર ! ૧૭

માટે હઠાભ્યાસથી, પ્રાણાયામે એમ
થતાં સ્થિર મન, વાક્યનો કરવો વિચાર તેમ. ૧૮

ગુરુમુખથી વાક્યાર્થનું કીધું જે શ્રવણ;
શ્રદ્ધાથી કરવું પછી, તેનું જાણ મનન. ૧૯

વેદાવિરુદ્ધ યુક્તિથી, પરમાત્માનું તેમ
અખંડ એક વૃત્તિથી, કરવું ચિંતન એમ; ૨૦

મનન ઉત્કૃષ્ટ એ કહ્યું ! નિદિધ્યાસન ધ્યાન;
[3]સવિકલ્પ સમાધિ એ, સાધે સાધક જાણ. ૨૧

વિજાતીય દ્વૈતાદિ જે, ત્યાગી પ્રત્યય[4] એહ;
સજાતીય અદ્વૈતનું પ્રવાહીકરણ તેહ. ૨૨

વિધિનિષેધાત્મક કહ્યા બે આત્મગુણ માન;
યદ્ધ્યાને નિર્ભય થઈ, પામે નર નિર્વાણ. ૨૩

સત્ય જ્ઞાન પ્રશાંત ને પરબ્રહ્મ એ એમ;
શુદ્ધબુદ્ધાદિક સહુ, વિધ્યાત્મક ગુણ તેમ. ૨૪

અસ્પર્શાશબ્દાદિને અદ્વય અરૂપ જાણ;
અપાણિપાદાદિક સહુ, નિષેધાત્મક માન. ૨૫

ઉભયાત્મક આ ગુણ નકી, સજાતીય નિર્ધાર;
કરવું તચ્ચિંતન સુખે, તૈલધારવત્ સાર. ૨૬

તત્ત્વમસિવાક્યાર્થ જે ષડ્લિંગે નિર્ણિત,
ચિત્તે તલ્લક્ષ્યાર્થ જ્યાં, થાએ સ્થિર પુનિત. ૨૭

મનન ધ્યાનાદિક થકી, થાએ સુદૃઢ એહ;
પ્રતિશ્વાસમાં યોગીના, અખંડ નિઃસંદેહ. ૨૮

આત્મા એ પરબ્રહ્મ હું અખંડૈકરસધામ;
કેવળ સચ્ચિત્સુખ નકી, શુદ્ધ બુદ્ધ ગતકામ ! ૨૯

થતાં મનન અખંડ એ, ધ્યાતૃધ્યાનવિલય
થઈ, અંતમાં મન રહે ધ્યેયાકાર નિર્ભય. ૩૦

નિર્વિકલ્પ સમાધિ આ, હરે મૂળ અજ્ઞાન;
વાસનાવન બાળીને, દમે પ્રારબ્ધ માન. ૩૧

સર્વવ્યાપી ચૈતન્ય જે, સ્વયંપ્રકાશક એક;
સચ્ચિત્સુખમય ત્યાં લસે, કેવલાદ્વૈત છેક ! ૩૨

થાતાં સાક્ષાત્કાર એ, બાહ્યાભ્યંતર એમ
જાણે યોગી ના કશું, થાએ ચિન્મય તેમ. ૩૩

સૂર્યકાન્તના યોગથી રવિપ્રતિબિંબે જાણ,
થાય તૂલ[5] અગ્નિ સ્વયં, તેમજ આ પણ માન. ૩૪

બ્રહ્માકાર થઈ સ્વયં મનોવૃત્તિ એ એમ;
હરી અજ્ઞાનધ્વાંતને, રહે બ્રહ્મમય તેમ. ૩૫

કાર્ય સહ અજ્ઞાનનો, થતાં એથી વિનાશ;
બ્રહ્મ નિરંજન એક ત્યાં રહે અદ્વૈત ખાસ. ૩૬

કરી કાર્ય વૃત્તિ સ્વયં, થાએ સ્વાત્મવિલીન;
સ્વચ્છ કરી જળ નિર્મળીકલ્ક[6] થાય જ્યમ લીન. ૩૭

ઘટાકાશ ઘટ ફૂટતાં, મહાકાશ જ્યમ થાય;
થતાં નાશ [7]ઉપાધિનો, જીવ બ્રહ્મ ત્યમ થાય. ૩૮

[8]છાયા બિંબ સ્વયં બને, થતાં ઉપાધિ નષ્ટ;
ચિચ્છાયા ત્યમ જીવ પણ, થાય ચૈતન્ય સ્પષ્ટ. ૩૯

હોય બાહ્ય અજ્ઞાત જે, તેને ઇંદ્રિય મન
બુદ્ધ્યાદિક જાણે સહુ ! પ્રત્યગ્ બ્રહ્મ ચિદ્ઘન !! ૪૦

૧. મોર અને કુકડાની માફક બેસીને. ૨. અસંભાવનાદિ દુષ્ટ ખ્યાલો દૂર થાય છે જેમાંથી તે. ૩. જ્યાં સુધી ધ્યાતા ધ્યાન અને ધ્યેયનું પૃથક્ ભાન રહે ત્યાં સુધી સવિકલ્પ ને એ ત્રિપુટીનો લય થાય તે નિર્વિકલ્પ. ૪. વૃત્ત્યનુભવ. ૫. રૂ ૬. ભૂકી. ૭. અજ્ઞાનનો. ૮. પ્રતિબિંબ.

સ્વયં જ્યોતિઃસ્વરૂપ જે, જાણે કોણ જ કેમ ?
મન બુદ્ધિ પહોંચે ન ત્યાં; દૃષ્ટા દૃશ્ય ન એમ. ૪૧

શંકા એવી જો ઊઠે, સાંભળ કહું સુજાણઃ-
મુખ મુખથી દેખાય ના, માટે દર્પણ જાણ ૪૨

આણી દેખાડે તિહાં, દેખે મુખ સુંદર;
[1]આદર્શોપાધિ થકી, થાએ સુખ સત્વર. ૪૩

જડ દર્પણ એ શું લહે ? કયાંથી એને બોધ ?
દેખે સ્વયં સ્વરૂપને; તેમ બ્રહ્માત્મશોધ. ૪૪

મેલા દર્પણમાં દિસે, મુખ પણ મેલું જાણ;
હોય ચિરાડો દર્પણે, મુખે ચિરાડો માન ! ૪૫

કરે સ્વચ્છ જો ચાટલું, દિસે સ્વચ્છ મુખ જેમ;
ધોતાં મેલ બુદ્ધિતણો, સ્વાત્મદર્શન એમ. ૪૬

આગંતુક મળ દર્પણે, તેમ બુદ્ધિ પર માન;
ધોતાં યોગાદિક થકી, સમ્યક્ દર્શન જાણ. ૪૭

બુદ્ધિ પ્રતિબિંબિત નકી તે જ જીવ વિખ્યાત;
મદદ કરે અજ્ઞાતને જોવા ઇન્દ્રિયજાત. ૪૮

અંધારે જોવા ઘડો, લાગે નેત્ર દીપક;
દીવો જોવા એક બસ નેત્ર, અન્ય નાહક.[2] ૪૯

સ્વાત્મદર્શને એક બસ, બુદ્ધિવૃત્તિ ત્યમ અત્ર;
વૃત્તિવ્યાપ્યત્વ એ કહ્યું; [3]ફલવ્યાપ્યત્વ [4]પરત્ર. ૫૦

સ્વાત્મા દેખે સ્વાત્મને, માટે એમ સુજાણ;
ઇન્દ્રિયમનબુદ્ધ્યાદિ ના, કહે શ્રુતિ પ્રમાણ. ૫૧

દીવો જોવા દીપનું, પડે કામ ના જેમ;
આત્મા સ્વયંપ્રકાશ જે, તેને અન્ય ન તેમ. ૫૨

આડું જે અજ્ઞાન તે, બુદ્ધિવૃત્તિથી ખાસ
નાસે; શ્રવણાદિક સહુ તદર્થ જાણ પ્રયાસ. ૫૩

વૃત્તિ બ્રહ્માકાર એ, થાય સ્વરૂપે લીન;
નિર્વિકલ્પ સમાધિ આ; રહે ન બીજું ચિહ્ન. ૫૪

અખંડૈકરસ બ્રહ્મ જ્યાં, બીજું દ્વૈત ન અલ્પ;
થતાં આરૂઢ ત્યાં નકી, પુનઃ પતન ન સ્વલ્પ. ૫૫

સ્વાભાવિક નિદ્રા મહીં, રહે સ્વરૂપજ્ઞાન;
જાગ્રત્સ્વપ્રે થાય એ વૃત્તિજ્ઞાનસમાન. ૫૬

ના બાધે અજ્ઞાનને એ સામાન્ય જ્ઞાન,
અવિરોધી અજ્ઞાનનું; [5]સૂર્યાતપવત્ માન. ૫૭

તડકે તૂલ બળે નહીં; રાખે વચ્ચે લોક
સૂર્યકાંત તો ક્ષણ મહીં, બળે વિરોધે થોક. ૫૮

'અહં બ્રહ્મ અદ્વૈત' એ વૃત્તિજ્ઞાને તેમ,
બળે અજ્ઞાન પલકમાં; ના સામાન્યે એમ. ૫૯

દુર્ગમ મારગ યોગ આ; હોય કૃપા સંપૂર્ણ
દેવગુરુની, તોજ એ થાય નિર્વિઘ્ન પૂર્ણ. ૬૦

આવે આડે સિદ્ધિઓ, મારે એને લાત
ધૈર્યે સાવધ; તે જ એ વરે મુક્તિ સાક્ષાત્. ૬૧

અણિમાદિક સિદ્ધિ મહીં, રહે લપટાઈ જેહ;
ભલે થાય સમૃદ્ધ પણ, ખુએ મોક્ષસુખ તેહ. ૬૨

નશ્વર ફળ સિદ્ધિ તણું, મોક્ષ નિશ્ચલ એક;
માટે યત્ને સાધના કરવી સાવધ છેક. ૬૩

થતાં લીન નિદ્રા મહીં, કરવું ચિત્ત જાગ્રત્;
થાય વિષયવિક્ષિપ્ત તો, કરવું શાંત તદ્વત્. ૬૪

રાગદ્વેષાકુલ થતાં, વિવેકથી તત્ત્યાગ
કરી, સ્વસ્થ થતાં, છટકવાનો નાપે લાગ. ૬૫

[6]રસાસ્વાદમાં ના કદિ, થાય આસક્ત તેમ;
થઈ નિઃસંગ જ્ઞાનથી, રહે સુસ્થિર એમ. ૬૬

થતાં ચિત્ત અભ્યાસથી, નિવાતદીપવત્ એમ;
થાય વૃત્તિ પ્રશાંત ને યોગી કૃતાર્થ તેમ. ૬૭

તૂટે હૃદયગ્રંથી ને થાય છિન્ન સંશય;
ક્ષીણ થાય કર્મો સહુ, ટળે શોક ને ભય. ૬૮

સંચિત ક્રિયમાણો બળે, જ્ઞાને તત્ક્ષણ જાણ;
યોગી પ્રારબ્ધ ભોગવે, જીવન્મુક્ત પ્રમાણ. ૬૯

સર્પ કાંચળીનું કદિ, ધરે ન ઉર અભિમાન.
જ્ઞાની તેમ શરીરનું, આત્મારામ[7] સુજાણ. ૭૦

યોગભૂમિકા આ વરી, યોગી અસંગ એમ;
વર્તે મુગ્ધાંધાદિવત્ યથાપ્રારબ્ધ તેમ. ૭૧

સમર્થ સકલેંદ્રિય છતાં, વિષયસામીપ્ય તેમ;
વર્તે નિદ્રિતવત્ સદા, જાણ મુગ્ધ એ એમ. ૭૨

બેઠે ઊઠે ચાલતાં, ચાર હાથથી દૂર
ખસે ન દૃષ્ટિ જેહની; જાણ અંધ એ, શૂર ! ૭૩

મીઠું કડવું વેણ જે, શુભ અશુભ વા તેમ;
યોગી સૂણી ન સાંભળે, જાણ બધિર તે એમ. ૭૪

બોલે હિત મિત સત્ય જે, ખાતાં સત્કદન્ન,[8]
વંદે નિંદે ના કદિ, અજિહ્વ એજ અસન્ન.[9] ૭૫

મલમૂત્રોત્સર્ગાર્થ વા, ભિક્ષા માટે તેમ,
એ વિણ બહાર ન નીસરે; ફરે ન, પંગુ એમ. ૭૬

૧. દર્પણ. ૨. નકામું. ૩. ચિદાભાસ ૪. અન્યત્ર; બાહ્યવિષયો વિષે. ૫. સૂર્યના તડકાની માફક. ૬. સમાધિસુખ. ૭. આત્મામાં જ વિશ્રાંતિ પામેલો. ૮. સારું નરસું અન્ન. ૯. અનાસકત.

બે દિવસની બાળકી, જોબનવંતી તેમ;
તરુણ વૃદ્ધા જોઈને, સમાનદૃષ્ટિ એમ. ૭૭

ચળે ન અંતરમાં કદિ નિર્વિકાર સુજાણ;
યોગી નપુંસક એ કહ્યો, અર્જુન નિશ્ચય માન. ૭૮

યોગચર્યા આ ગ્રહી, વર્તે સાવધ એમ;
અંતર્નિષ્ઠ રહે સદા, આત્મદૃષ્ટિથી તેમ. ૭૯

ભલે રહે સ્મશાનમાં, જને વને પણ એહ;
તારક જીવન્મુક્ત એ, નિર્ભય નિઃસંદેહ. ૮૦

કહ્યો યોગ આ જે તને, કહે અન્યને એમ;
[1]શ્રદ્દધાન વિનીત[2] જો, હોય સત્પાત્ર તેમ. ૮૧

અનન્ય મારો ભક્ત જે, હેમ[3] માટી સમાન.
માની, વિષયોમાં રહે ઉદાસીન સુજાણ. ૮૨

હિંસાદિક દુર્ગુણ ત્યજી, ભજે સર્વદા તેમ;
યોગી પ્રિયતમ પ્રાણથી, મને સર્વથી એમ. ૮૩

રાજા તું પણ માહરો, એકનિષ્ઠ સુભક્ત;
વૃત્તિ તારી મત્પદે રહે સર્વદા સક્ત. ૮૪

અનાસક્ત તું વિષયમાં, જાણું નિર્મળ એમ;
શુદ્ધચિત્ત નિઃસંગ તું, કથ્યો યોગ આ તેમ. ૮૫

યથાસાંગ અભ્યાસથી, આ જન્મેજ સુજાણ
પામીશ મત્પ્રસાદથી, મત્સાયુજ્ય નિર્વાણ. ૮૬

સૂણી ભગવદ્વચન આ, કરે અર્જુન વંદન; પ્રાર્થે ગદ્ગદ્ વેણથી, અશ્રુપૂર્ણ નયન ! ૮૭

(ગુરુ ઘર આવ્યા.....એ રાહ)

થયો આનંદ, દીઠો સચ્ચિત્સુખકંદ!..... ટેક.
પાપતાપ પળમાં સંતાયાં, મોહશોક મનમાં ગભરાયાં;
દુઃખ દૈન્ય કયાંએ ન જણાયાં, માયાફંદ!... દીઠો....૧
જ્ઞાનસૂર્ય અંતરમાં ઉદિયો, અજ્ઞાનાંધકાર સંહરિયો;
પ્રિયતમ ઓથે નજરે પડિયો; ધન્ય અનન્ત!..... દીઠો....૨
દર્શનથી ભૂખ ભાગી ક્ષણમાં, આધિ ઉપાધિ નાઠી પળમાં;
દેખી આ મંગલ જંગલમાં; નમું ભગવંત!..... દીઠો....૩
સૂણી નામ દોડીને આવ્યો, દેખી પદકંજે લપટાયો;
દિવ્ય સુગંધે મન લલચાયો; સેવે સદ્વૃંદ!..... દીઠો....૪
જન્મોજન્મે માગું સેવા, પ્રેમામૃત તુજ અક્ષય મેવા;
ચાખે તે નર ન રહે કહેવા; રંગ નિઃસ્પંદ[4]!!.... દીઠો...૫

માતાપિતા સખા ગુરુ, તું કુલદેવ સ્વજન; તુજ વિણ કોણ મુને પ્રભો ? તુંજ અનન્ય શરણ. ૮૮

વર્તે તુજ સત્તા થકી દેહેન્દ્રિય સંઘાત;
દેહાદ્યતીત તું સ્વયં, ગૂઢ [5]ગુહાશ્રિત તાત. ૮૯

અંતર્યામી અંતરે, બહાર સદ્ગુરુરૂપ;
વંદન પુનઃ પુનઃ તુને ! કીધી કૃપા અનુપ !! ૯૦

બીજી ઇચ્છા ના ઉરે, દેખાડ્યો પરમાર્થ;
શી ચિંતા મુજને હવે ? થયો પૂર્ણ કૃતાર્થ. ૯૧

ભક્તિગમ્ય અગમ્ય તું, સૂણી કીર્તિ અદ્ભૂત;
દોડી આવ્યો ભાવથી, દીઠો આનંદ મૂર્ત ! ૯૨

ત્વદ્રૂપે જગ આ ભર્યું, વસ્ત્રે તંતુ સમાન;
સચ્ચિદાનંદસ્વરૂપ હે ! વંદું પકડી કાન. ૯૩

માયામય સંસાર આ, વૃક્ષ પ્રચંડ સુરમ્ય;
મૂળ અનંત વાસના, બીજ [6]શુભાશુભ કમ્ય, ૯૪

પંચ વિષય ફણગા ફૂટ્યા, ત્રિગુણ થડ વિચિત્ર;
ભૂતપંચક ડાળીઓ, ઇન્દ્રિય અંકુર ચિત્ર ! ૯૫

છાલ ત્રિદેહાત્મક તિહાં, લખચોરાશી પત્ર;
[7]ગૃધ્રહંસ સમ જીવશિવ, શોભે પક્ષી તત્ર ! ૯૬

સુખદુઃખાત્મક કર્મફળ, ચાખે લંપટ જીવ;
કેવળ સાક્ષિત્વે રહી, ઉભય વિલોકે શિવ. ૯૭

[8]યાવત્ ફળકાંક્ષા વસે, તાવત્[9] જીવ અખંડ
ભમે વૃક્ષ પર આમ એ; સહે પ્રિયાપ્રિય દંડ. ૯૮

અગમ્ય તારૂં રૂપ આ, ઠસે ન ચિત્તે એહ;
કૃપા વિના તારી કદિ, ટળે ન ભવસંદેહ. ૯૯

અનન્ય તારો ભક્ત જે, ત્યજી કર્મફળઆશ;
શુદ્ધ થઈ વૈરાગ્યથી, થાએ ત્વત્પદદાસ. ૧૦૦

કૃપાદૃષ્ટિ તારી થતાં, છૂટે ક્ષણમાં તેહ;
દીઠું નજરે આજ મેં, સ્વાનુભવથી એહ. ૧૦૧

થતાં ચિત્ત નિષ્કામ એ, પ્યારૂં લાગે નામ
તારૂં; કેવળ સત્ય તું, પુણ્યધામ અનામ. ૧૦૨

૧. શ્રદ્ધાળુ. ૨. વિનયી. ૩. સોનું. ૪. નિર્વિકલ્પ. ૫. બુદ્ધિમાં રહેલ. ૬. પાપપુણ્ય. ૭. ગીધ. ૮. જ્યાં સુધી. ૯. ત્યાં સુધી.

કીધું કરવાનું બધું, જોયું દૃશ્ય અશેષ;
મેળવવાનું મેળવ્યું, રહ્યું ન કાંઈ શેષ. ૧૦૩

લીન થયું મન ત્વત્પદે, માગું કાંઈ ન અન્ય;
ગુરુગમ્ય અગમ્ય તું, નમું અનન્ય શરણ્ય ! ૧૦૪

સૂણી અર્જુનસ્તવન એ, પ્રસન્નચિત્તે દત્ત
કહેઃ- સાંભળ્યું સર્વ તેં, યોગાદિ અપ્રમત્ત. ૧૦૫

ગુફા નિરામય[૧] જો પ્હણે ! તેમાં બેસી એમ
કર અભ્યાસ પ્રયત્નથી, થાય યોગ સ્થિર તેમ. ૧૦૬

બેસી સુસ્થિર આસને, કરી ચિત્ત એકાગ્ર;
લયવિક્ષેપાદિક ત્યજી, કર અભ્યાસ સાગ્ર[૨]. ૧૦૭

કહેજે અનુભવ જા પછી, મા ચિંતા કર લેશ;
જા નિર્ભય ગુફા મહીં ! કહી એમ આદેશ. ૧૦૮

મૂકે શિર પર કર મુદા !! રોમાંચિત અર્જુન
વંદન કરી સદ્‌ભાવથી, ગયો ગુફામાં તૂર્ણ. ૧૦૯

સાધી આસન વેગથી, પ્રાણાયામે તેમ
જીતી શ્વાસોચ્છ્વાસને, થયો સુસ્થિર એમ. ૧૧૦

જાગ્રત કુંડલિની થઈ; થતાં ષટ્‌ચક્રભેદ,
દ્વાર સુષુમ્ણાનું ખુલી, પ્રાણાપાન અભેદ ૧૧૧

બ્રહ્મરંધ્રમાં સ્થિર થતાં, થયું સમાહિત ચિત્ત;
દિવસત્રિતય[૩] સમાધિમાં, થયા એમ વ્યતીત. ૧૧૨

બેઠો ફરી અભ્યાસમાં, થયો સમાહિત તૂર્ણ;
બાર દિવસ રહી ફરી, સમાધિ એ સંપૂર્ણ. ૧૧૩

વળતી અભ્યાસે રહ્યો, સમાધિસ્થ ત્રણ માસ;
થતાં ઉત્થાન, આવીને વંદે ગુરુપદ ખાસ. ૧૧૪

આલિંગી પ્રેમે પ્રભુ પૂછેઃ- અર્જુન બોલ !
કહે, અનુભવ્યું શું તિહાં ? રહે શિષ્ય અબોલ !! ૧૧૫

વંદી ક્ષણમાત્રો વદેઃ-શું બોલું ગુરુનાથ ?
આકાશે આકાશવત્, બધે હુંજ સાક્ષાત્ ! ૧૧૬

અનુભવ [૪]અનુભવિતા પૃથક્, ન્હોતા ત્યારે એમ;
વૃત્તિશૂન્ય અનુભવ અહા ! કોણ વર્ણવે કેમ ? ૧૧૭

તો પણ ઉત્થાને સ્મરું, [૫]અનુવૃત્તિથી જાણ;
બલિહારી ગુરુદેવની ! હતું ચિત્ત સ્થિર માન. ૧૧૮

જાગ્રત્સ્વપ્નસુષુપ્તિનું ન્હોતું ત્યારે નામ;
હતી નિશ્ચેષ્ટ ઇન્દ્રિયો, કેવળ સ્વાત્મારામ ! ૧૧૯

હતું પૂર્વે ઉદ્વિગ્ન જે, થયું સ્વરૂપે લગ્ન;
ડૂબ્યું પરમાનંદમાં, થતાં સંકલ્પ ભગ્ન. ૧૨૦

શેં વર્ણું આનંદ એ ? ન્હોતું શરીરભાન;
કેવળ અવાચ્ય એ સ્થિતિ, કરું પંગુ અનુમાન. ૧૨૧

દેહભાન પ્રારબ્ધથી આવ્યું તોએ આમ,
ના હાનિ તુજ ચરણમાં; એજ આનંદધામ ! ૧૨૨

સત્યજ્ઞાનાનંદ તું એકજ અંદર બ્હાર;
જોતાં તાપત્રય ટળે, નાસે પાપવિકાર. ૧૨૩

ત્યાગી સ્વાત્માનંદ આ, જાય ન મન અન્યત્ર;
કોણ રાજ્યસુખ રંક ત્યાં ? થાય સકત કો તંત્ર ? ૧૨૪

સગુણ નિર્ગુણ એક તું, આત્મા વ્યાપક એમ;
જાણ્યું ત્વત્કૃપા થકી, તત્ત્વ અક્ષય તેમ. ૧૨૫

એમ કહી વંદન કરે, ફરીફરીથી ત્યાંય;
આળોટે અર્જુન અહા પ્રભુચરણની માંહ્ય ! ૧૨૬

ઊઠાડે ગુરુ પ્રેમથી, વેગે ઝાલી હાથ;
આલિંગી બોલે મુદા, પરબ્રહ્મ સાક્ષાત્ ! ૧૨૭

આગળ એ અમૃતકથા, કહે અલખ યોગીશ;
સૂણે નિરંજન ભાવથી, રીઝે શ્રવણે ત્રીશ. ૧૨૮

યોગચર્યાદિક કહી, આ અધ્યાયે જાણ;
જ્ઞાનયોગવિસ્તારથી ટાળી શંકા માન. ૧૨૯

બલિહારી ગુરુદેવની ! એજ વદાવે આમ;
રંગ રાંકડો શું લહે ? લે કેવળ ગુરુનામ !! ૧૩૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે યોગચર્યાદિકકથનં નામ એકોનવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૯ ॥ દોહરા ૧૩૦ ગીત ૧ (સપ્તાહ પારાયણ ૧ લો દિવસ)

અધ્યાય ૨૦

અલખ નિરંજનને કહે, પ્રેમે અર્જુન એમ,
ઊઠાડી પ્રભુ ઓચરે, દત્ત દયાઘન તેમઃ- ૧

શી ઇચ્છા ઉરમાં હવે ? વેગે બોલ સુજાણ;
બોલે અર્જુનઃ- શ્રીગુરો ! આજ્ઞા એક પ્રમાણ. ૨

બેસું જઈ ધ્યાનસ્થ જો આજ્ઞા આપો તેમ;
જોઉં સગુણ સ્વરૂપ આ, થાઉં કૃતાર્થ એમ ! ૩

દત્ત કહેઃ- સ્નાનાદિથી પરવારીને એમ
સંધ્યાદિક આજે કરી, લે ભોજન પણ તેમ. ૪

૧. નિર્દોષ. ૨. સંપૂર્ણ. ૩. ત્રણ. ૪. અનુભવ લેનાર. ૫. વૃત્તિનું ઉત્થાને સમજાવું તે.

કાલે બેસ સમાધિમાં, લે આજે આરામ;
'ઠીક' કહી અર્જુન કરે ભાવે ચરણપ્રણામ. ૫

સંધ્યાદિક નિજ કર્મથી, થઈ નિવૃત્ત તેમ;
પ્રસાદ લઈ સેવા મહીં ગાળે એ દિન એમ. ૬

બીજે દિન નિજ કર્મથી, થાતાં નિવૃત્ત જાણ;
વંદન કરી સદ્‌ગુરુપદે, ગયો ગુફામાં માન. ૭

સાધી સિદ્ધાસન કર્યું ચિત્ત સમાહિત તૂર્ણ;
માસત્રિતય અખંડ એ રહી સમાધિ પૂર્ણ. ૮

ષણ્માસ સુધી એ ફરી, રહ્યો સમાહિત એમ;
વળતી વરસ થઈ ગયું, ના ઊઠે એ તેમ ! ૯

દેખી દત્ત કહેઃ- અહા ! ના ઊઠે આ જાણ;
મૂકી કર શિર પર, બળે ઊઠાડે પ્રભુ માન. ૧૦

દેહભાન પર યત્નથી, આવ્યો અર્જુન એમ;
રહી લીન સ્વરૂપમાં, તોએ ઇંદ્રિય તેમ. ૧૧

પાછું ચિત્ત ન એ ફરે, જાણી ગુરુવર એહ;
સંકલ્પે નિજ [1]અક્ષગણ સકળ ફેરવે તેહ. ૧૨

અંગ હલાવી યત્નથી, શનૈઃ શનૈઃ[2] અર્જુન,
દેહભાન પર આવીને, આંખ ઉઘાડે તૂર્ણ. ૧૩

ગુરુમૂર્તિ સંનિધ ખડી, કોટિમદનસ્વરૂપ !
દેખી પદકંજે નમે, થાય તલ્લીન ભૂપ. ૧૪

ઠરી દૃષ્ટિ મુખ પર અહા, ભૂલી સમાધિસુખ;
ચોંટે મધ પર મક્ષિકા, તેમ નિહાળે મૂક ! ૧૫

થયો નિશ્ચેષ્ટ એ ફરી, કેવળ તન્મય ભૂપ;
કાષ્ઠપૂતળી સમ અહા ! દેખી રૂપ અનુપ. ૧૬

દેખી ગુરુવર પ્રેમથી, ઝાલી હાથે જાણ,
ઢંઢોળી જાગ્રત કરે; બોલેઃ- અર્જુન માન ! ૧૭

ભક્ત માહરો તું નકી, રહ્યું ન તુજને કામ;
જા સ્વસ્થાને, ભૂપ હે ! ગા ભાવે મુજ નામ. ૧૮

અનાસક્ત રાજ્યે રહી, યથાન્યાય પાલન
કર પ્રજાનું સ્નેહથી, માની મારૂં વચન. ૧૯

સૂણી વચન શ્રીદત્તનાં, બોલે અર્જુન એમઃ-
જવું આવવું ક્યાં હવે ? માને ચિત્ત ન તેમ. ૨૦

છોડી અમૃત કો [3]ભજે કાંજી નીરસ હાય ?
અક્ષય પદ નિર્વાણ આ, કાં છોડું ગુરુરાય ? ૨૧

કહે દત્તાઃ- કૃતાર્થ તું, એમાં ના સંદેહ;
તોય સનાતન ધર્મ આ; મા છોડ નૃપ તેહ. ૨૨

રાખી ચિત્ત સ્વરૂપમાં, કરવું સ્વકર્મ તેમ;
બાહ્યાચારે ના કદિ, થાએ બંધન એમ. ૨૩

શિક્ષણ લોકોને મળે, થાએ પરોપકાર;
સ્વાભાવિક સ્વધર્મથી ટાળે વિશ્વસંહાર. ૨૪

સિદ્ધોનું દેખી યદિ ચાલે લોકો તેમ,
અનાચાર વર્તે બધે; થાય કુલક્ષય એમ. ૨૫

માટે સ્વાચારે સદા રહેવું સુજ્ઞે જાણ;
નિજ વર્ણાશ્રમકર્મનો ત્યાગ ન કરવો માન. ૨૬

લોકોપાધિ ટાળવા, બાહ્યદૃષ્ટિથી તેમ
વર્તે વિપરીત ક્વચિત્, જ્ઞાની અસકત એમ. ૨૭

જીવન્મુક્તો ધન્ય એ, થાએ કયાંય ન સક્ત;
વસ્તુ ત્રિભુવનમાં નહીં, કરે એમને રક્ત ! ૨૮

દોડે પ્રતીપ[4] આપગા,[5] મીઠો ક્ષારાર્ણવ;
થાએ શીતલ સૂર્ય પણ, ચળે ન જ્ઞાની લવ ! ૨૯

જણે વૃક્ષ મનુષ્યને કીડી કુંજર તેમ;
માને ના આશ્ચર્ય એ, તોએ જ્ઞાની એમ ! ૩૦

જોઈ પલ્વલ[6] ના રમે, માનસ હંસ સુજાણ;
જ્ઞાની આત્મારામ એ, તેમ વિશ્વમાં માન. ૩૧

દોષબુદ્ધિથી ના ત્યજે, નિષિદ્ધ કેવળ એહ;
ગુણબુદ્ધિથી વિહિત પણ, કરે ન શિશુવત્ તેહ. ૩૨

કરે પુણ્ય જો એ કદિ, જાય ન સ્વર્ગે તેમ;
પાપે નરકે ના પડે, મુક્ત નિર્લેપ એમ. ૩૩

મમત્વ સ્વપ્રે ના લહે, અંતર્નિષ્ઠ સદાય;
આત્મતૃપ્ત આત્મજ્ઞ એ, કરી કરે ન કાંય ? ૩૪

કર્મે આગ્રહ ના ધરે, ના અકર્મે તેમ;
કર્માકર્માતીત એ, રહે નૈષ્કર્મ્યે એમ. ૩૫

પુણ્યમાર્ગરત સર્વદા તોએ રહેવું જાણ;
બુદ્ધિભેદ ન કોઈનો કરવો કદિએ માન. ૩૬

શ્રેષ્ઠો જે જે આચરે, અન્ય લોક પણ તેમ;
માની પ્રમાણ એમને, કરે અનુકરણ એમ. ૩૭

લક્ષ્યે રાખી ચિત્તને, અંતર્નિષ્ઠ અસંગ;
રહેવું જનવનમાં સદા, છોડી અવળા ઢંગ ! ૩૮

જા પાછો ફર રાજ્યમાં, માટે ભૂપ સુજાણ;
પૃથ્વીપાલન કર સુખે, યથાપ્રારબ્ધ માન. ૩૯

દેવોને યજ્ઞો થકી, શ્રાદ્ધે પિતૃગણ તેમ;
દાને દ્વિજ સંતોષીને, પ્રજા પાળ સપ્રેમ. ૪૦

૧. ઇંદ્રિયસમૂહ. ૨. ધીમે ધીમે. ૩. સેવે; ખાય. ૪. ઊંધી. ૫. નદી. ૬. ખાબોચિયું.

ગાયો ભૂમિ વસ્ત્ર ધન, રથ સુવર્ણે વિપ્ર
તુષ્ટ કરી, દીનાંધનું કર પાલન જા ક્ષિપ્ર. ૪૧

પુનઃ પુનઃ આવી સુખે, કરજે દર્શન તેમ;
રાજ્યે પણ રાખી હૃદે, સ્મરણ માહરૂં એમ. ૪૨

પરમાનંદસ્વરૂપ આ નહિ ભૂલું તું જાણ;
વ્યવહારે પણ મુક્ત તું, સત્ય વચન આ માન. ૪૩

અંતર્નિષ્ઠ રહી સદા, પ્રવાહાપ્ત કર કર્મ;
પાપપુણ્ય તુજને નહીં, તું નિર્લેપ અકર્મ. ૪૪

જીવન્મુક્ત રહે સુખે, આત્મદૃષ્ટિથી એમ !
શેષ પ્રારબ્ધ ભોગવી, ઉદાસીનવત્ તેમ; ૪૫

અંતે વિદેહમુક્તિથી, થઈશ મત્સ્વરૂપ !
જા સત્વર આનંદથી, રહે નિરામય ભૂપ !! ૪૬

સૂણી વચન શ્રીદત્તનાં, થયો હૃષ્ટ અર્જુન;
વંદન કરી સદ્‌ભાવથી, કહેઃ- માન્ય સંપૂર્ણ. ૪૭

પડે ચરણમાં ફરી ફરી, વહે પ્રેમાશ્રુનીર;
ઉર આનંદ સમાય ના, ના બોલાય લગીર ! ૪૮

દેહભાન ભૂલી ગયો, ઊભો જડવત્ એમ;
ક્ષણે જાગતાં ગળગળો, કહેઃ- દેખીશ કેમ ? ૪૯

ક્યારે ચરણો આ ફરી, પડશે નજરે હાય ?
એમ કહી મૂર્છિત પડ્યો ! દોડ્યા શ્રીગુરુરાય. ૫૦

આલિંગન આપી કરે સાવધ ક્ષણમાં તેમ;
કહેઃ- અર્જુન મૂઢવત્ કરે આમ તું કેમ ? ૫૧

માની મારૂં જા સુખે; થા નિશ્ચિંત સુજાણ;
ચિંતનમાત્રે હૃદયમાં, હાજર આ પદ માન. ૫૨

સ્મરણતાર ના તૂટશે, મારી આશિષ એમ !
એમ કહી ગુરુ ફેરવે મુખ પર કર સપ્રેમ. ૫૩

થયો સ્વસ્થ અર્જુન હૃદે, ચિંતી ચરણ સુજાણ;
વંદન કરી સદ્‌ભાવથી, ગયો નગરમાં માન. ૫૪

સામૈયું મંત્રી જનો કરે પ્રેમથી એમ;
શણગારી નગરી બધી, કરે મહોત્સવ તેમ. ૫૫

ચંદનોદક છાંટીને રાજમાર્ગ પર જાણ,
બાંધ્યા મૌક્તિકતોરણો ગલીએ ગલીએ માન. ૫૬

ધજા પતાકા ફરફરે, શોભે મંગલદીપ;
આશીર્મંત્રો દ્વિજ પઢે, વાગે વાદ્ય સમીપ. ૫૭

સ્થળે સ્થળે વારાંગના નાચે મંડિત[૧] એમ;
ભાટ બંદિજન હર્ષથી ગાય યશોગીત તેમ. ૫૮

જયજયકારે પૌરજન ગર્જે અખંડ જાણ;
[૨]મંગલદ્રવ્ય ઉડાડીને, કરે પ્રદર્શિત માન. ૫૯

ચઢી અગાસીએ મુદા પૌરબાલિકા તેમ,
[૩]લાજાપુષ્પે ભૂપને રહી વધાવી એમ. ૬૦

સોનાની થાળી મહીં, રત્નદીપ લઈ એહ,
રાજસુંદરી આરતી કરે ભૂલી ચિર વ્રેહ. ૬૧

સોળ સહસ્ર નારીઓ અર્જુનની એ જાણ,
આવી રત્નો કર ગ્રહી; વંદી ચરણ સમાન, ૬૨

ઓવારી અર્જુનશિરે, ફેંકે રત્નો એમ;
થયા ધનિક રંકો વીણી, દે આશિષ સપ્રેમ ! ૬૩

રાજમહેલમાં એમ એ, આવ્યો અર્જુન જાણ
સમારંભથી; સર્વને યથાધિકાર માન ૬૪

વસ્ત્રાભરણે તોષવી કરે વિદાય તેમ;
દત્તાજ્ઞાથી રાજ્યની ગ્રહે લગામ એમ. ૬૫

સપ્તદ્વીપનું એકલો કરે સુપાલન જાણ;
અનેક રૂપે વિશ્વમાં કરી સંચાર માન. ૬૬

અકુંઠિત સર્વત્ર એ, વાયુવત્ સ્વચ્છંદ;
શોધી દંડે દુષ્ટને રક્ષે સાધુ સંત. ૬૭

બ્રહ્મનિષ્ઠ પોતે છતાં, લોકો માટે એહ
કર્મો વિધવિધ આચરે, યજ્ઞયાગાદિ તેહ. ૬૮

સુવર્ણવેદીઓ રચી, સુવર્ણમંડપ તેમ,
દેવર્ષિઓ નોતરી, ધામધૂમથી એમ; ૬૯

યજ્ઞો દશ સહસ્ર એ કરે ભૂપતિ જાણ;
વિદ્વદ્વર ઋત્વિજ વરી, આપે સુવર્ણ દાન. ૭૦

દિવ્યાલંકારો સજી દેવદેવીઓ ત્યાંય
આવ્યાં બેસી વિમાનમાં, જોવા માટે જ્યાંય; ૭૧

અપ્સરા નાચે જિહાં, ગાય ગંધર્વ તેમ;
પઢે વેદમંત્રો દ્વિજો, થાય મહોત્સવ એમ. ૭૨

થયા તુષ્ટ દેવો સહુ, હવિર્ભાગથી જાણ;
યાચકમોદ સમાય ના, તુષ્ટ અલ્પ મહાન ! ૭૩

કોઠારો ખુલ્લા મૂક્યા, લૂંટે યથેચ્છ ધન;
થયા તૃપ્ત બ્રાહ્મણ સહુ, આપે આશીર્વચન. ૭૪

અન્નદાનનો પાર ના, રોજ નવાં પકવાન્ન;
થયા તૃપ્ત વિપ્રો જમી, આપે ભૂપતિ દાન. ૭૫

સ્વર્ણાલંકૃત ધેનુઓ ભૂમિ હિરણ્ય[૪] તેમ.
કન્યાદાનો દક્ષિણા આપે અર્જુન એમ. ૭૬

૧. અલંકૃત. ૨. અબીલગુલાલાદિ. ૪. ધાણી. ૪. સોનું.

સિદ્ધિ સેવામાં ખડી, શાનો તોટો ત્યાંય ?
ઊંચ નીચ સંતોષથી, કીર્તિ ભૂપની ગાય ! ૭૭

ધર્મે રાજ્ય કરે સદા, અર્જુન એમ સુજાણ;
દુર્ભિક્ષાદિક ના કદિ, રાષ્ટ્રે એના માન. ૭૮

અપમૃત્યુ ના સ્વપ્નમાં ચોરી જારી તેમ;
અધર્મ કોઈ ના કરે, લોકો ધાર્મિક એમ. ૭૯

વંધ્યા રાષ્ટ્રે ના મળે, વિધવા કોઈ તેમ;
ધનધાન્યાદિકથી પ્રજા, સર્વ સંપન્ન એમ. ૮૦

અનેક રૂપે એકલો ફરે સર્વત્ર એહ;
શસ્ત્રાસ્ત્રો લઈ હાથમાં, પ્રજાપાલને તેહ. ૮૧

દુષ્ટોને શિક્ષા કરે, કરે શિષ્ટપાલન;
દૃષ્ટિમાત્રે સર્વનું, જાણે અંતઃકરણ. ૮૨

અદંડ્યને દંડે નહીં, છોડે દંડ્ય ન તેમ;
યથાન્યાય શિક્ષા કરે, રાખે શરમ ન એમ. ૮૩

ક્રોધે લોભે ના કદિ, મારે કોને જાણ;
નિર્વિકાર સદા હૃદે, વિરક્ત તેમજ માન. ૮૪

ભળતું કોઈ ભેરવે, ના માને કદિ એમ;
યથાશાસ્ત્ર ધર્મજ્ઞ એ, વર્તે જાણી તેમ. ૮૫

પૂજે પૂજ્યોને સદા, આપે બહુ સન્માન;
વંદે વિપ્રોને મુદા, માને બ્રાહ્મણ પ્રાણ. ૮૬

એવો જીવન્મુક્ત એ, વર્તે વિષયવિરક્ત;
ચિંતી ચિત્તે દત્તપદ, થાય ન રાજ્યે સક્ત. ૮૭

ફરતાં સ્વચ્છંદે તિહાં, એક દિવસ એ તેમ,
દેખે [1]કર્કોટકસુતો દુરાચારરત એમ. ૮૮

વેગે તત્સંનિધ જઈ, કરી યુદ્ધ દારુણ;
કરી બદ્ધ એ સર્વને, હરે તદ્રાજ્ય તૂર્ણ. ૮૯

નગર વસાવી એ સ્થળે, આવ્યો રેવાતીર;
કરે જલક્રીડા મુદા, સ્ત્રીવૃંદો સહ ધીર ! ૯૦

ભુજસહસ્રે વેગથી બાંધી પૂલ અભંગ;
વાળી પ્રવાહ પૂર્વમાં, રમે યથા તરંગ. ૯૧

સહસ્રાવધિ સુંદરી, વચ્ચે અર્જુન જાણ;
અનાસક્ત ક્રીડે અહા ! ડોલે સુરવર માન. ૯૨

થંભાવી [2]સ્વર્યાનને ચકિત સુરગણો એમ,
દેખે ક્રીડા ધાકથી; મુગ્ધ અપ્સરા તેમ. ૯૩

થઈ મૂર્છિત કિન્નરી, દેખી ક્રીડા એહ;
તૂટ્યા [3]નીવિબંધ ને કહ્યું કરે ન દેહ ! ૯૪

જોઈ કોપ્યો અંતરે નર્મદાપતિ એમ;
પશ્ચિમસાગર ક્ષોભથી દોડ્યો વેગે તેમ. ૯૫

આવ્યો દોડી દેહ પર અર્જુનના એ જાણ,
ક્રોધે ઊછળતો અહા ! દેખી હસે સુજાણ. ૯૬

કરી હાસ્ય વેગે તિહાં, કીધો નિશ્ચલ તેમ;
હાથ સહસ્ર ઊંચા કરી, કૂદ્યો અર્જુન એમ. ૯૭

પડી સમુદ્રે હાથથી કરતાં તાડન એહ;
થતાં ચૂર્ણ અંગો સહુ, નાઠો અર્ણવ તેહ. ૯૮

મરવા લાગ્યાં જલચરો, થયાં ક્ષુબ્ધ પાતાળ;
ગભરાયા નાગાદિ એ, જોઈ અસહ્ય માર. ૯૯

દેખી રત્નાકર તિહાં, આવ્યો શરણે એહ;
અર્પી રત્નો વંદીને, પૂજે અર્જુન તેહ. ૧૦૦

અભયદાન આપી કરે વિદાય અર્જુન એમ;
રાગદ્વેષ ન એહને, અનાસક્ત નૃપ તેમ. ૧૦૧

મૂળે વિષયાધ્યાસ ના ક્યાંથી સ્ત્રીની પ્રીત ?
પ્રારબ્ધે ખેંચાય પણ દેહ, ગૂઢ એ રીત ! ૧૦૨

પાણીથી સઘળે ભર્યો પૂર્ણ મહોદધિ તેમ,
દૈવે નદીઓ આવતાં, ના ધિક્કારે જેમ; ૧૦૩

રાખે સ્વોદરમાં સહુ ! તેમ [4]મુકત પણ જાણ,
નિરીચ્છ અંતરમાં સદા, પૂર્ણ નિષ્કામ માન. ૧૦૪

યથાપ્રાપ્ત પ્રારબ્ધથી વિષય ભોગવ્યે તેમ,
થાએ ક્ષુબ્ધ ના ઇંદ્રિયો; પૂર્ણ સમાહિત એમ. ૧૦૫

પથ્થર સમ બેસી રહે જીવન્મુક્તો એહ;
માને તે મૂરખ નકી, જાણે સત્ય ન તેહ. ૧૦૬

થતાં પ્રાપ્ત શાસ્ત્રાદિથી જ્ઞાન વિજ્ઞાનપૂર્ણ;
બળે અજ્ઞાન કાર્ય સહ, થતાં જ્ઞાન દૃઢ તૂર્ણ. ૧૦૭

કરે નાશ એ જ્ઞાનનો, એવું પ્રબળ પ્રમાણ
બીજું ના; માટે ન એ નાસે સ્વાત્મજ્ઞાન. ૧૦૮

ફાવે તેવું વર્તતાં, થાએ નષ્ટ ન એહ;
નાશ કરે પ્રારબ્ધનો, એનું કામ ન તેહ. ૧૦૯

થાએ આત્માવરણનો એથી નિશ્ચય નાશ;
માટે પ્રારબ્ધ ભોગવે, જીવન્મુક્ત અત્રાસ ! ૧૧૦

દૈવભોગ સમાન જો, મૂઢ જ્ઞાનીને એમ;
શી શ્રેષ્ઠતા જ્ઞાનીમાં ? ઊઠે શંકા તેમ. ૧૧૧

મા વ્યાકુળ થા મન વિષે, સાંભળ આપી ધ્યાન;
જ્ઞાની ભોગ ના નોતરે, થાએ ક્ષુબ્ધ ન માન. ૧૧૨

૧. એ નામનો નાગ. ૨. વિમાનને. ૩. પાટલીની ગાંઠ. ૪. જીવન્મુક્ત.

સ્વપ્નવત્ માની બધું, રહે નિર્લેપ એમ;
ઇંદ્રજાલવત્ મૂઢ ત્યાં થાય આસક્ત તેમ. ૧૧૩

રાગદ્વેષાદિક સહુ, ના મુક્તને એહ;
મોહ શોક તેથી નહીં; પીડે [1]જડને જેહ. ૧૧૪

અજ્ઞાની ભયમાં રહે, જ્ઞાની નિર્ભય જાણ;
અજ્ઞાની દુઃખે મરે, જ્ઞાની અમૃતખાણ. ૧૧૫

મિશ્ર કર્મ અજ્ઞાનીનું [2]શુક્લ [3]કૃષ્ણ તું જાણ;
[4]અશુક્લકૃષ્ણ જ્ઞાનીનું, વિશેષતા એ માન. ૧૧૬

દુઃખશોકાતીત એ, માટે જ્ઞાની એમ;
ઉદાસીન ભોગાદિમાં, સદા વિરક્ત તેમ ! ૧૧૭

માટે અર્જુન મુક્ત એ, યથાપ્રારબ્ધ તેમ
વર્તે રાજ્યાદિક વિષે, ઉદાસીનવત્ એમ. ૧૧૮

કંપે ધાકે દેવ પણ, દેખી દુશ્ચર તપ;
સત્ત્વહરણ કરવા મથે, આગળ એ સંદર્ભ.[5] ૧૧૯

દત્તાજ્ઞાથી કેમ એ કરે રાજ્ય અર્જુન;
આ અધ્યાયે તે કહ્યું, તારે **રંગ** સુતૂર્ણ ! ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અર્જુનરાજ્યાદિવર્ણનં નામ વિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૦ ॥ દોહરા ૧૨૦

અધ્યાય ૨૧

પૂછે વંદી પ્રેમથી, શિષ્ય નિરંજન એહ;
ગહન ગતિ પ્રારબ્ધની સૂણી દિઙ્મૂઢ તેહ ! ૧

આગળ અર્જુનની કથા, કહો શ્રીગુરો તેમ;
સત્ત્વહરણ કરવા મથે, કહો દેવ એ કેમ. ૨

શિષ્યપ્રશ્ન એ સાંભળી, વદે અલખ દયાળઃ-
ધન્ય વિવેક તાહરો, સાંભળ સાવધ બાળ. ૩

અનેક રૂપે એકલો, વર્તે અર્જુન એમ;
તૂટે અનુસંધાન ના, આત્મનિષ્ઠ એ તેમ. ૪

યજ્ઞદાનતપરત સદા, પૂજે બ્રાહ્મણ નિત્ય;
પ્રજાપાલન પુત્રવત્ કરે રાખી ઉર પ્રીત્ય. ૫

વિશેષ પ્રીતિ યજ્ઞ પર, રાખે અર્જુન એહ;
દેખી દેવો મન વિષે, કરે વૃથા સંદેહ. ૬

સ્વર્ગેચ્છા સ્વપ્ને નહીં, તોએ દેવો એમ
અંતર એનું ના લહી, કરે ઉદ્વેગ તેમ. ૭

મળી એકઠા સુરગણો, કહેઃ- હવે શી રીત ?
તપે તેજ આનું અતિ, ગાય કિન્નરી ગીત ! ૮

રહેશે ના સ્થાનો હવે, નકી આપણાં એમ;
યજ્ઞો પર યજ્ઞો કરે, વધે પુણ્યબળ તેમ. ૯

યત્ન કરી માટે હવે કરવું સત્ત્વહરણ;
વધુ ઉપેક્ષા ના ઘટે, કરો યત્ન તત્ક્ષણ. ૧૦

વિપ્રભક્ત રાજા નકી, માને બ્રાહ્મણ પ્રાણ;
જઈ વિપ્રવેષે તિહાં, સાધો કાર્ય મહાન. ૧૧

સૂર્યદેવ સમર્થ આ, નક્કી કરશે એહ !
એમ કહી સહુ મોકલે, સૂર્ય ભૂમિ પર તેહ. ૧૨

મધ્યાહ્ને દ્વિજવેષથી, આવ્યો ભાસ્કર એમ;
અકસ્માત નૃપદ્વારમાં, ઊભો સન્મુખ તેમ. ૧૩

વૈશ્વદેવ કરી બારણે લઈ કાકબલિ હાથ
આવે અર્જુન, ત્યાં ખડો દેખે દ્વિજ સાક્ષાત્. ૧૪

પેટ [6]પૃષ્ઠિસંલગ્ન એ, આંખો ઊંડી તેમ;
કંપે શિર, તનુ હાડકાં, છેક જર્જર એમ. ૧૫

શબ્દ સ્પષ્ટ ન નીસરે, લથડે પદ ક્ષણ ક્ષણ;
દેખી વિસ્મય નૃપ કરે ! કહેઃ- કોણ આ જન ? ૧૬

જોયો આવો ના કદિ, રાજ્યે મારા જાણ;
છેક દરિદ્રી વિપ્ર આ, કયાંથી આવ્યો માન ? ૧૭

નામગામ પૂછું જઈ, આપું ઇચ્છિત તેમ !
એમ કહી સત્વર ગયો, પાસે અર્જુન એમ. ૧૮

નમસ્કાર કરી ભાવથી, આણ્યો મંદિર માંહ્ય;
આસન આપી પ્રેમથી, કીધું પૂજન ત્યાંય. ૧૯

કર જોડી પૂછે પછીઃ- શી ઇચ્છા ઉર દેવ ?
નામ ગ્રામ કહો સુખે; કહો શી કરૂં સેવ. ૨૦

કહે વિપ્રઃ- હે ભૂપતિ ! સૂણી તાહરૂં નામ;
આવ્યો અતિથિ બારણે, કેવળ ભિક્ષાકામ. ૨૧

વિપ્રભક્ત તું રાજવી; કીર્તિ વ્યાપક એમ
ત્રૈલોક્યે તુજ સાંભળી, આવ્યો યાચક તેમ. ૨૨

નામ દિવાકરભટ્ટ છે, રહેવું લોકાચળ[7];
ફરૂં પેટ ભરવા બધે, સાંભળ ભૂપ સકળ ! ૨૩

બહુ દિનનો ઉપવાસી હું, આવ્યો આજે આમ;
ઇચ્છાભોજન આપીને, કર સાર્થક નૃપ નામ. ૨૪

૧. અજ્ઞાનીને. ૨. પુણ્યાત્મક. ૩. પાપાત્મક. ૪. પુણ્યપાપાતીત. ૫. સંબંધ. ૬. પીઠને ચોંટેલું. ૭. ઉદયાચલ.

ઉદાર તુજ સમ અન્ય ના, આવ્યો જાણી એમ;
[1]આતિથેય દયાળુ તું, શાંત ક્ષુધા કર તેમ. ૨૫

શાથી તૃપ્તિ તાહરી બોલ, કહે અર્જુન;
બ્રાહ્મણ દૈવત માહરૂં, આપું સર્વસ્વ તૂર્ણ. ૨૬

વિપ્ર કહેઃ- ઉદ્ભિજ્જ સહુ સપ્તદ્વીપે જાણ,
આપ મને; તેથી થશે તૃપ્તિ માહરી માન. ૨૭

બીજી ઇચ્છા ના વસે ! સૂણી ભૂપતિ તેમ,
વદે 'તથાસ્તુ' તોષથી, દેખે વિસ્મિત એમ. ૨૮

તેજસ્વી મુખ જોઈને, સ્વગત વિચારે એહઃ-
નિશ્ચય ના આ માનવી ! હશે અમર[2] કો તેહ ? ૨૯

ગયા વિષ્ણુ બલિબારણે, તદ્વત્ નારાયણ
હશે સૂર્ય શું આ સ્વયં ? થયું સદન[3] પાવન ! ૩૦

નામ દિવાકર એ કહે; ભૂલું મૂરખ કેમ ?
થયો ભાગ્યનો ઉદય આ, સવિતા અતિથિ એમ !! ૩૧

એમ કહી વંદન કરે, પૂછે જોડી હાથઃ-
કોણ તમે ? માનુષ નહીં ! ભાસો દિનમણિ[4] નાથ ! ૩૨

આપ્યું ઉદ્ભિજ્જદાન મેં, કરો સુખે ભક્ષણ;
એમ કહી સંકલ્પજળ આપે નૃપ તત્ક્ષણ. ૩૩

ત્યાં તો રવિ પ્રત્યક્ષ એ થયો પ્રગટ તું જાણ;
કહેઃ- ધન્ય તું રાજવી ! વચન એક પણ માન. ૩૪

લે વાયવ્યબાણ આ; વેગે છોડી એહ,
કર શુષ્ક ઉદ્ભિજ્જ સહુ; પછી ભક્ષીશ તેહ. ૩૫

અગ્નિરૂપે હું બધાં, કરીશ ભસ્મ તત્ક્ષણ;
શોષણ કરીને આપ તું ! કરે ભૂપ ચિંતનઃ- ૩૬

ભક્ષણ કરતાં ઉદ્ભિજ્જ, પૂર્વવત્ હું એમ
ઊઠાડીશ સિદ્ધિબળે; આમ ના બને તેમ. ૩૭

થાતાં ભસ્મ સમૂળ એ, ઊઠે ફરી ન જાણ !
દેખી નૃપ સાશંકવત્, બોલે સવિતા માનઃ- ૩૮

શંકા મનમાં કાં કરે, આપી ઉત્તમ દાન ?
વેગે વાયવ્યાસ્ત્રા આ, છોડ ભૂપ સુજાણ. ૩૯

આર્દ્ર કેમ ભક્ષું, કહે ! સૂણી ભૂપતિ એમ,
સ્વીકારે દિવ્યાસ્ત્ર એ, કહી 'અવશ્ય' તેમ. ૪૦

ચાપ ચઢાવી પંચશત એકીસાથે એહ,
જલધારા સમ બાણની કરે વૃષ્ટિ વરદેહ. ૪૧

ક્ષણમાત્રે સ્થાવર બધા થયા શુષ્ક એ એમ;
કરે ભસ્મ ક્ષણવારમાં, અગ્નિરૂપ રવિ તેમ. ૪૨

ગ્રામે નગરે પર્વતે, દુર્ગવને નદીતીર;
થયાં દગ્ધ ઉદ્ભિજ્જ સહુ, લતા[5] ગુલ્મ[6] તૃણ ધીર. ૪૩

આશ્રમવૃક્ષ વસિષ્ઠનાં, લતા પુષ્પફળ સાથ;
તે પણ ભસ્મ થયાં સહુ; થયો પ્રલય સાક્ષાત્ ! ૪૪

ઊઠ્યા મુનિવર ધ્યાનથી, વર્ત્યો હાહાકાર;
જ્યાં ત્યાં વૃક્ષ બળે સહુ, દેખે ઋષિ તત્કાળ. ૪૫

પૂછે શિષ્યોનેઃ- અરે ! કોણ દુષ્ટ આ એમ,
વરસાવે અગ્નિ બધે ? બાળે તરુવર તેમ ? ૪૬

કહે શિષ્ય વંદન કરીઃ- પ્રભો ! વિખ્યાત જેહ
સહસ્રાર્જુનનામથી, તેની કરણી એહ. ૪૭

સૂણી વચન વસિષ્ઠ એ, જોઈ ધ્યાને એમ;
વદે ક્રોધથીઃ- ધિક્ અહા ! થયો ઉન્મત્ત કેમ ? ૪૮

પુણ્યવાન રાજા અરે ! સૂઝ્યું અવળું જાણ;
મત્ત થયો સિદ્ધિબળે, રાખે વ્યર્થ ગુમાન. ૪૯

મત્સમ કોઈ અન્ય ના યોદ્ધો જાણી એમ,
થયો દુર્વૃત્ત શું અરે ? સાંભળ અર્જુન તેમઃ- ૫૦

જમદગ્નિસુત મારશે રણમાં તુજને જાણ;
ક્ષાત્રદર્પ નિવારશે, નિશ્ચય મનમાં માન. ૫૧

છેદી સહસ્ર બાહુઓ, વૃક્ષસ્કંધો[7] જેમ;
પરશુરામ પરશુ થકી, નિશ્ચય હણશે એમ ! ૫૨

દૈવ બળી જાણી વદે, ક્રોધે વસિષ્ઠ એમ;
કોણ અન્યથા એ કરે, ભાવિ નિર્માણ તેમ ? ૫૩

વિપ્રભક્ત અર્જુન નકી વસિષ્ઠ શાંત સુજાણ;
નિમિત્તમાત્ર શાપ આ, ઈશ્વરકરણી માન. ૫૪

બાળી સ્થાવર એમ એ, ગયો સૂર્ય સ્વસ્થાન;
સ્મરણ કરી શ્રીદત્તનું, સર્વ પૂર્વવત્ માન ૫૫

ઊઠાડે અર્જુન અહા ! વજ્રલેપ પણ શાપ;
થયો ઉદ્ધત ત્યારથી, દમ[8] ભૂપ દુસ્તાપ !! ૫૬

થયા પુત્ર એને ઘણા, પરાક્રમી સહુ તેમ;
સિદ્ધિ દાસી સર્વથા, અતુલ ઐશ્વર્ય એમ. ૫૭

સ્મૃતિગામી સર્વત્ર એ ફરે ઉગ્રશાસન;
અનેક દેહે ત્રિભુવને કરે સ્વૈર ગમન. ૫૮

આજ્ઞોલ્લંઘન ના કરે, કોઈ સ્વપ્રે જાણ;
જાણે અંતર સર્વનું, પ્રત્યક્ષદર્શી માન. ૫૯

શાપે ભ્રષ્ટ થતાં મતિ, સૂઝ્યો અવળો પંથ;
કહેઃ- જઈ સ્વર્ગે હવે જીતું નિર્જર[9] હંત ! ૬૦

૧. અતિથિની સેવા કરનાર. ૨. દેવ. ૩. ઘર. ૪. સૂર્ય. ૫. વેલ. ૬. વૃક્ષોની ઝાડી; ઘટા. ૭. ઝાડની ડાળીઓ ૮. અભિમાની. ૯. દેવ.

રાખી પુત્રો નગરમાં, દિવ્ય વિમાને એમ
બેસી આવ્યો સ્વર્ગમાં, અર્જુન વેગે તેમ. ૬૧

ચૈત્રરથે ક્રીડા કરે, કર્યું ઉચ્છિન્ન વન;
દોડ્યા યક્ષો ક્રોધથી, થયું યુદ્ધ તત્ક્ષણ. ૬૨

અશ્વમુખ કિન્નરગણો, દોડ્યા વેગે તેમ;
મહાબળી અર્જુન અહા ! મારી કાઢે એમ. ૬૩

તુરત ચઢાવી પાંચસો એકીસાથે ચાપ,
કરી વર્ષાવ બાણનો, આપે દુઃસહ તાપ. ૬૪

છિન્નભિન્ન દેહો થતાં, થતાં પ્રાણ વ્યાકુળ;
નાઠા રિપુગણ બીકથી યક્ષકિન્નરકુલ. ૬૫

કરે પલાયન ધનદગણ[૧] દેખી અર્જુન એમ,
મૂકી પડતા એમને, ચાલ્યો સ્વર્ગે તેમ. ૬૬

દેવદૂત જઈ ઇંદ્રને, કહે સકળ વૃત્તાંત;
ત્યાં તો અર્જુન વેગથી, આવ્યો જેમ કૃતાન્ત ![૨] ૬૭

સહસ્રબાહુ શૂર એ દેખી સ્હામે એમ,
દોડ્યો [૩]શચીપતિ ક્રોધથી લઈ દિવિજગણ[૪] તેમ. ૬૮

દારુણ યુદ્ધ થયું તિહાં, થયા દેવગણ વિદ્ધ;
જોઈ અર્જુનશૌર્ય એ, કરે આશ્ચર્ય સિદ્ધ. ૬૯

ઊંચું કોઈ ના જુએ, થયા સર્વ જર્જર;
દિસે [૫]કિંશુકવૃક્ષ સમ, બાણવિદ્ધ નિર્જર. ૭૦

મોહનાસ્ત્ર છોડી પછી, કરી દેવ મૂર્છિત;
અર્જુન નંદનવન વિષે, આવ્યો એમ ત્વરિત. ૭૧

મારી રક્ષકગણ સહુ, રમે મોજથી તેમ;
ગણે ન કોઈને કદિ, કાર્તવીર્ય એ તેમ; ૭૨

બેસી દિવ્ય વિમાનમાં ઇંદ્રાણી સહ ત્યાંય,
એક દિવસ દેવેંદ્ર એ આવ્યો દેવસહાય. ૭૩

દીઠો સહસ્રબાહુ ત્યાં, કોપ્યો સહસ્રનયન;[૬]
કરે વજ્ર ઊંચું તિહાં, દોડ્યો નૃપ તત્ક્ષણ. ૭૪

ઇંદ્રાણી સહ ઇંદ્રને, ગ્રહી હાથથી હાય,
ચાલ્યો અર્જુન વેગથી, કરી ગર્જના ત્યાંય ! ૭૫

વર્ત્યો હાહાકાર ત્યાં, 'દોડો' 'દોડો' એમ;
દોડ્યા નિર્જર રોષથી, લઈ શસ્ત્રાસ્ત્ર તેમ. ૭૬

થયું યુદ્ધ દારુણ ફરી, ડગ્યા દેવ તત્કાળ;
અસહ્ય અર્જુનમાર એ, ઝીલી શકે ન કાળ ! ૭૭

નાઠા વિવસ્ત્ર કોઈ ત્યાં, કોઈ મૂકી શસ્ત્ર;
કોઈ આંખો મીંચીને, ભાળે નીચું તત્ર. ૭૮

કોઈ જોડી હાથ ત્યાં કહેઃ- હૈહય[૭] છોડ;
યોદ્ધો તુજ સમ અન્ય ના; મિથ્યા ત્વત્સહ હોડ ! ૭૯

થયા દીન દેવો સહુ; દેખી અર્જુન એમ,
છોડી દે દેવેંદ્રને, ઇંદ્રાણી સહ તેમ. ૮૦

ત્યાંથી આવ્યા સર્વ એ, મેરુપર્વતે જાણ;
થઈ ખિન્ન એકત્ર ત્યાં, કરે વિચાર માન. ૮૧

કહે શક્રઃ-[૮] બ્રહ્મા કને ચાલો સર્વે આમ;
જેણે પૃથક્ પૃથક્ રચ્યાં, સ્વર્ગમર્ત્યાદિક ધામ. ૮૨

મર્ત્યલોક મનુષ્યને, સ્વર્ગ દેવને તેમ,
આપ્યો જેણે તેહને, કહીએ સ્વદુઃખ એમ. ૮૩

મર્ત્યલોકનો માનવી, અર્જુન બળિયો એહ;
આવી સ્વર્ગે દેવને, પીડે અસહ્ય તેહ. ૮૪

દત્તવરે ઉન્મત્ત એ, અજેય નિઃસંદેહ;
કહીએ બ્રહ્માને સહુ, કરશે ઉપાય એહ. ૮૫

સૂણી વચન દેવેંદ્રનાં, થયા દેવ પ્રહૃષ્ટ;
બ્રહ્મલોકમાં શક્ર સહ આવ્યા ત્યાંથી તુષ્ટ. ૮૬

સાષ્ટાંગ પ્રણતિ કરી, જોડી કરસંપુટ;
સ્તવન કરી દેવો કહે, સર્વ વૃત્તાંત તૂર્તઃ- ૮૭

જય જય કમલાસન પ્રભો, જગદુત્પાદક જાણ;
આજ્ઞાધારક તાહરા, દેવો સેવક માન. ૮૮

આજ્ઞાથી તુજ વર્તીએ, રહીએ સુખમાં તેમ;
ઓચિંતું ત્યાં ઉદ્ભવ્યું, દુઃખ દારુણ એમ. ૮૯

કાર્તવીર્ય ઉન્મત્ત એ, આવી પીડે જાણ;
દત્તવરે અનિવાર્ય એ, કેવળ અજેય માન. ૯૦

શું કરવું સૂઝે નહીં, થઈ મતિ કુંઠિત;
આવ્યા શરણે તાહરા, કિંકર આજ્ઞાંકિત. ૯૧

બ્રહ્મદેવ બોલેઃ- સહુ ચાલો વિષ્ણુ પાસ;
ભક્તવત્સલ શ્રીહરિ, કરશે ઉપાય ખાસ. ૯૨

ત્યાંથી સર્વે નીકળ્યા ગાતા પ્રેમે નામ;
આવ્યા વિધિ મુનિ સુરવરો, વેગે વૈકુંઠધામ ! ૯૩

નિત્ય આનંદ જ્યાં વસે, સ્વપ્ને પણ ના દુઃખ;
રોગ ચિંતા ક્લેશ ના, કેવળ અખંડ સુખ. ૯૪

શાન્ત દાન્ત નિષ્કપટ જે, એકનિષ્ઠ હરિભક્ત;
તે જ જાય નિષ્કામ ત્યાં, જે અન્યત્ર ન સક્ત. ૯૫

કલ્પવૃક્ષનાં વન જિહાં, કામધેનુનાં વૃંદ;
પારસના પ્હાડો અહા ! શોભે અમૃતકુંડ. ૯૬

૧. કુબેરના ગણો. ૨. યમદેવ. ૩. ઇંદ્ર. ૪. દેવો. ૫. ખાખરાનું ઝાડ. ૬. ઇંદ્ર. ૭. હૈહયકુલોત્પન્નઃ સહસ્રાર્જુન. ૮. ઇંદ્ર.

સોનાની ભીંતો બધે, રત્નજડિત કપાટ;[1]
ધન્ય ધામ વૈકુંઠ એ, મુક્તિસદન સાક્ષાત્ ! ૯૭

આવ્યા દેવો સહ તિહાં, ઈંદ્ર વિરિંચિ તેમ;
દ્વારપાળ જય વિજય એ, કહે ખબર જઈ એમ. ૯૮

વિષ્ણવાજ્ઞાથી દેવ સહુ, આવ્યા અંદર એમ;
વામાંકે લક્ષ્મી લઈ, ઈંદિરાવર[2] તેમ ૯૯

બેઠા જોઈ દેવ એ, કરે સકળ વંદન;
જયજયકાર કરી કરે જોડી હાથ સ્તવનઃ- ૧૦૦

નારાયણ નમીએ તને, દૈત્યાંતક વિભુ નાથ;
કિંકર દેવો તાહરા, આવ્યા શરણે તાત ! ૧૦૧

દત્તસ્વરૂપે તેં હરિ, આપ્યું જે વરદાન;
તેથી મત્ત થયો અતિ, કાર્તવીર્ય એ જાણ. ૧૦૨

પીડે દેવોને હવે, રાખે શરમ ન અલ્પ;
વર્ત્યો કેર બધે પ્રભો, જાણે આવ્યો કલ્પ ! ૧૦૩

માટે કર પ્રતિકાર તું, તુજ વિણ કોઈ ન શક્ત;
કરવા રક્ષણ જગતનું, માર હરિ નિજ ભક્ત. ૧૦૪

એમ કહી વંદન કરે ! કરે વિષ્ણુ વિચારઃ-
થયો મત્ત મુનિશાપથી, અર્જુન એ નિર્ધાર. ૧૦૫

સ્વર્ગેચ્છા તલમાત્ર ના, ઉરમાં એના એમ;
પ્રારબ્ધે તોએ કરે, ચેષ્ટા અવળી તેમ. ૧૦૬

થયું પૂર્ણ પ્રારબ્ધ એ, થશે વિદેહમુક્ત;
હવે વિલંબ નહીં તિહાં એ તો જીવન્મુક્ત ! ૧૦૭

દેવ બિચારા શું લહે, એની ચેષ્ટા એમ ?
માગ્યું ખ્યાત્યાધિકકરે, એણે મૃત્યુ તેમ ! ૧૦૮

થયા દુર્વૃત્ત ક્ષત્રિયો, એનું જોઈ જાણ,
ઉતારવા ભૂભાર એ, લેવો અવતાર માન. ૧૦૯

અર્જુનને મારી શકે, એવું કોઈ ન અન્ય;
માટે અવતરી હું જ એ, કરૂં કૃત્ય અનન્ય. ૧૧૦

મારી રણમાં એહને, વિદેહમુક્તિદાન
આપું ઇચ્છાસમ સુખે !! એમ વિચારી જાણ. ૧૧૧

કહે પ્રગટ વિષ્ણુ તિહાંઃ- જમદગ્નિથી તેમ
રેણુકાકૂખે સ્વયં ધરી અવતાર એમ, ૧૧૨

જીતી રણસંગ્રામમાં મારીશ અર્જુન એહ;
જાઓ સ્વસ્થાને તમે, મા રાખો સંદેહ ! ૧૧૩

સૂણી વચન વિષ્ણુ તણાં, થયા દેવ પ્રહૃષ્ટ;
આજ્ઞા માગી વંદીને, ગયા સ્વસ્થાન તુષ્ટ. ૧૧૪

વિપ્રરૂપે અવતરી ભક્તભાવન[3] એમ;
ક્ષાત્રદર્પ નિવારવા, હણશે અર્જુન તેમ. ૧૧૫

આગળ **રંગ** અપૂર્વ એ, લૂંટે સંત ગભીર;
આ અધ્યાયે શાપનું, કીધું વર્ણન ધીર ! ૧૧૬

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વસિષ્ઠશાપવર્ણનં નામ એકવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૧ ॥ દોહરા ૧૧૬

અધ્યાય ૨૨

પૂછે પ્રણમી પ્રેમથી, શિષ્ય નિરંજન એમઃ-
કહો કોણ જમદગ્નિ એ, કોણ રેણુકા તેમ. ૧

સ્વયં અવતરી શ્રીહરિ, વધે કેમ અર્જુન ?
દ્વિજરૂપે નિજ ભક્તને, મારે કેમ કરુણ ? ૨

ત્વન્મુખપદ્મામૃત થકી, થાય ભ્રાંતિનો નાશ !
સૂણી અલખ કહેઃ- અરે ! મા થા શિષ્ય ઉદાસ. ૩

સ્વપ્રે પણ જે દેવને ના સંભારે જાણ
તે પણ સ્મરતાં સંકટે, દોડે શ્રીહરિ માન. ૪

એક જ વખત અનન્ય જો, કહે 'દોડ પ્રભુ તાર;'
ના ભૂલે જગદીશ એ, આપે ધ્રુવ[4] પદ સાર. ૫

નિત્યયુક્ત અર્જુન તિહાં ! કેમ વિસારે એહ ?
આપે ઇચ્છિત અવતરી, મા કર મન સંદેહ. ૬

ખ્યાત્યાધિકહાથે વરે, અર્જુન મૃત્યુ જાણ;
હીનકરે રોગાદિથી, કહે ના મરૂં માન. ૭

બ્રહ્માંડે તત્સમ નહીં ! ક્યાંથી અધિક બલિષ્ઠ ?
માટે વધે સ્વયં હરિ સર્વશ્રેષ્ઠ વરિષ્ઠ !! ૮

ભક્તેચ્છા સમ આચરે બ્રાહ્મણવેષે એમ;
દોષ તોષ એને નહીં, ઉદાસીન હરિ તેમ. ૯

ઉત્પત્તિ સ્થિતિ લય કરે, સદા નિર્લેપ જાણ;
બાલકવત્ ક્રીડે સદા, નિત્યમુક્ત એ માન. ૧૦

જનમર્દન જગદીશ એ; ક્યાંથી એને બંધ ?
જન્મમૃત્યુ મિથ્યા નકી, કેવળ શરીરગંધ ! ૧૧

પડતાં શરીર મુક્તનું, શી હાનિ ત્યાં એમ;
જ્ઞાનબળે પૂર્વે જ જે, કર્યું બાધિત તેમ ? ૧૨

૧. કમાડ. ૨. વિષ્ણુ. ૩. ભક્તનું કલ્યાણ કરનાર. ૪. અક્ષય.

ઊઠે તરંગ જલ મહીં, ફૂટે તોએ જાણ,
લાભહાનિ જલને નહીં; એ તો અભંગ માન. ૧૩

દેહ વિકારી તેમ આ, થતાં નષ્ટ નિઃશેષ;
હાનિ ક્લેશ સ્વરૂપમાં ના જાણ તું લેશ. ૧૪

માટે દોષ ન કોઈનો, સાંભળ સાવધ એમ;
કથા અપૂર્વ આગળ કહું, કોણ જમદગ્નિ તેમઃ- ૧૫

પાવન રેવાતટ વિશે ગુર્જરદેશે જાણ,
વસે મહાત્મા ભૃગુઋષિ, પરમ વિખ્યાત માન. ૧૬

શોભે સુંદર સ્થાન એ, ભૃગુક્ષેત્ર પવિત્ર;
કરે તપસ્યા ત્યાં ઋષિ, મંત્ર તંત્ર વિચિત્ર. ૧૭

ઋષિપત્ની પતિવ્રતા, ખ્યાતિ નામે એહ;
કર્દમકન્યા કપિલની જાણ સ્વસા[૧] સુદેહ. ૧૮

સેવે પતિને સર્વદા, પ્રસવે પુત્ર સુજાણ;
એજ પિતા જમદગ્નિનો, નામે ઋચીક જાણ. ૧૯

જઈ હિમાલય પર કરે ઉગ્ર તપસ્યા એહ;
પ્રાપ્ત કરી વિદ્યા સહુ, આવે સત્વર ગેહ. ૨૦

વંદન કીધું તાતને, થયા ભૃગુઋષિ હૃષ્ટ;
કહેઃ- પુત્ર સુધન્ય તું, કર્યા દેવર્ષિ તુષ્ટ. ૨૧

હવે લગ્ન કર તું સુખે, માની મારૂં એમ;
ગૃહ્યાશ્રમ પૂરો કરી, પછી સેવ વન તેમ. ૨૨

પુત્રવદન જોઈ સુધી[૨], થઈ પિતૃઋણમુક્ત;
કર સંચાર જને વને, જીવન્મુક્ત વિયુક્ત ! ૨૩

સૂણી વચન નિજ તાતનું, કરે ઋચીક વંદન;
શિરોમાન્ય આજ્ઞા કરી, શોધે કન્યારત્ન. ૨૪

કાન્યકુબ્જદેશે વસે, તપોરાશિ મહાન્
ગાધિ રાજા; તેહની કન્યા સુંદર માન. ૨૫

સત્યવતી મીનાક્ષી એ, મૃગાંકવદની[૩] છેક;
[૪]હરિમધ્યા ઘટ્ટસ્તની, કેવળ લાયક એક. ૨૬

ધ્યાને એવું દેખીને, મનોવેગથી એમ
આવી, કન્યાદાન ત્યાં માગે ઋચીક તેમ. ૨૭

દેખી તાપસરૂપ એ, કરે ગાધિ વિચારઃ-
કમલપુષ્પ સમ માહરી, કન્યા આ સુકુમાર. ૨૮

મહા તપશ્ચર્યા થકી થઈ પ્રાપ્ત એ એમ,
તુષ્ટ થતાં ગૌરીપતિ ! અર્પું આને કેમ ? ૨૯

વનવિહારી આ નકી, દરિદ્રી કેવળ જાણ;
આપું કન્યાદાન તો, થશે એહ હેરાન. ૩૦

બહીશે વનવગડા મહીં, રાજમહેલની એહ;
ખાનારી પકવાન્નની, ભૂખે મરશે તેહ ! ૩૧

ના પાડું તો કોપશે, તેજસ્વી આ દ્રાક્;
આપી શાપ ક્ષણાર્ધમાં, બાળી કરશે ખાખ. ૩૨

માટે યુક્તિ યોજીને, કાઢું પાછો એમ;
એનાથી જે ના બને માગું દુર્લભ તેમ ! ૩૩

ચિંતી એમ વદે તિહાંઃ- સાંભળ ભૃગુસુત ધીર !
દેખી મારી કન્યકા, માગે અનેક વીર. ૩૪

માટે કીધી એક મેં ચિત્ર પ્રતિજ્ઞા જાણ !
શ્યામકર્ણ સહસ્ર જે, આપે વાજી[૫] માન; ૩૫

આપું કન્યા તેહને ! બને કાર્ય એ કેમ ?
બોલે ઋચીકઃ- આપું હું, મા ફેરવ [૬]પણ તેમ. ૩૬

એમ કહી ચિંતન કરે, દેખે ત્યાં તો એહ;
વરુણલોકમાં અશ્વ એ, શ્યામકર્ણ [૭]સિતદેહ. ૩૭

અંતરિક્ષમાર્ગે તિહાં, મનોવેગથી તેમ;
આવી વરુણને કહે, સકળ વૃત્તાંત એમ. ૩૮

કહેઃ- વરુણ ! ભૃગુપુત્ર હું, ઋચીક મારૂં નામ;
પિત્રાજ્ઞાથી પરણવા થયો ઉદ્યુક્ત આમ. ૩૯

તે માટે આવ્યો ઈહાં; શ્યામકર્ણ સહસ્ર
આપી લગ્ન સધાવ તું; રહે સુખી અજસ્ર[૮] ! ૪૦

દુષ્કર પણ ગાધિતણું, માગે અશ્વો તેહ;
કન્યા તે વિણ ના મળે; કર કાર્ય તું એહ. ૪૧

ગભરાયો એ સાંભળી, વરુણ અંતરે એમ;
કહેઃ- તપસ્વી શાપશે, ના પાડું જો તેમ ! ૪૨

માટે મદિરા પાઈને, કર્યા ઉન્મત્ત જાણ;
છૂટા મૂકી વેગથી, પ્રાર્થે મુનિને માન. ૪૩

કહેઃ- ઋષીશ્વર સાંભળો ! વાજી ઉન્મત્ત એહ;
ના આવે માનવકરે, કહો કરૂં શું તેહ. ૪૪

જતાં પકડવા, પવન સમ નાસે અદ્ધર એમ;
કરે દંશ પાસે જતાં, મારે લત્તા તેમ. ૪૫

ભડકે માણસ દેખીને; કોણ વળાવે એહ ?
આવે તો હય એ રહ્યા, ભલે દોરી લો તેહ !! ૪૬

'દેખાડો' કહેતાં ઋષિ, વરુણ બતાવે તેહ;
દૃષ્ટિમાત્રથી એકદમ, થયા શાન્ત સહુ એહ. ૪૭

પગ પૃથ્વીને ના અડે, ચાલે વાયુ જેમ;
કુંદપુષ્પ સમ શ્વેત એ, શ્યામકર્ણ વર એમ. ૪૮

૧. બ્હેન. ૨. બુદ્ધિમાન. ૩. ચંદ્રમુખી. ૪. સિંહના જેવી કેડવાળી. ૫. ઘોડા. ૬. પ્રતિજ્ઞા. ૭. શુભ્ર; શ્વેત. ૮. સતત; અખંડ.

ચાલ્યો લઈને વેગથી, ઋચીક ત્યાંથી જાણ;
આપી આશિષ વરુણને, જલમાર્ગે એ માન. ૪૯

જ્યાંથી અશ્વો નીકળ્યા અશ્વતીર્થ એ જાણ,
ગંગાસાગરસંગમે સર્વપાપહર માન; ૫૦

થયું પ્રસિદ્ધ લોકમાં ! આવ્યો ઋચીક એમ;
આપી અશ્વો ગાધિને, કહેઃ- પાળ પણ તેમ. ૫૧

દે કન્યા મુજને હવે, મા કર વિલંબ જાણ !
જોઈ અદ્‌ભુત શક્તિ એ, થયો ચકિત નૃપ માન. ૫૨

કહેઃ- મૂઢ હું કેટલો ? માન્યો આને રંક !
યોગિજનો શું ના કરે ? એજ દેવ નિઃશંક !! ૫૩

[1]લેટે પગમાં સિદ્ધિઓ, તોએ વિરક્ત આમ;
ફરે ગુપ્તવેષે અહા ! સદા પર્યાપ્તકામ.[2] ૫૪

આપી કન્યા એહને, થાઉં કૃતાર્થ એમ;
ઉદ્ધરશે મુજ વંશને, થતાં જમાઈ તેમ. ૫૫

એવો નિશ્ચય ઉર કરી, જોઈ મુહૂર્ત જાણ;
યથાવિધિ ગાધિ તિહાં, આપે કન્યાદાન. ૫૬

કર્યું લગ્ન મહોત્સવે, થયો હૃષ્ટ મુનિ એમ;
શ્વશુરગૃહે આનંદથી, રહ્યો અલ્પ દિન તેમ. ૫૭

જોઈ અપૂર્વ યોગ એ દેવો કરે વખાણ;
અનુપમ કન્યારત્ન હા ! ધન્ય ઋચીક માન !! ૫૮

એકનિષ્ઠ સેવા કરે, રાજારાણી તેમ;
પ્રસન્નચિત્તે એકદા, કહે યોગિવર એમઃ- ૫૯

શી ઈચ્છા ઉરમાં વસે, માગો ઈપ્સિત વર !
સૂણી રાવરાણી વદે, જોડી બંને કરઃ- ૬૦

તપોનિધાન તું નકી, સ્વામી સમર્થ એમ;
જે ન બને ઈશ્વર થકી, કરે તે પણ તેમ. ૬૧

પુત્ર અમારા વંશમાં નથી કોઈ પશ્ચાત્‌:
આપે પિંડોદક પ્રભો, એવું કોઈ ન નાથ ! ૬૨

પડે પિતર સ્વસ્થાનથી, એવું થાય ન છેક;
માટે યોગીશ્વર સુધી, આપ પુત્ર તું એક. ૬૩

પુણ્યશીલ ઉદાર ને તપોગભસ્તિ[3] તેમ;
વંશોદ્ધારક જે નકી, દિગંત વિશ્રુત એમ. ૬૪

એમ કહી વંદન કરે ! કહે 'તથાસ્તુ' એહ;
થશે પુત્ર એવો નકી, માનો નિઃસંદેહ. ૬૫

કીર્તિ જેની ત્રિભુવને, રહેશે અજરામર
યાવચ્ચંદ્રદિવાકરૌ ! થશે બ્રહ્મવિદ્વર !! ૬૬

સૂણી હૃષ્ટ થયાં અતિ, રાજારાણી એમ;
સત્યવતી સહ નીકળ્યો, ઋચીક ત્યાંથી તેમ. ૬૭

આજ્ઞા લઈ બંને તણી, વેગે ચાલ્યો જાણ;
માતપિતાચરણે નમે, આવી સ્ત્રી સહ માન. ૬૮

કહે સકળ વૃત્તાંત ત્યાં, થયા ભૃગુ સંતુષ્ટ;
દેખી દેવી સમ સ્નુષા, થયો અતિશય હૃષ્ટ. ૬૯

આપી આશીર્વાદ ત્યાં, રાખ્યાં સંનિધ એમ;
પતિવ્રતા [4]નૃપનંદિની, કરે શુશ્રૂષા તેમ. ૭૦

દેખી સુશીલ એહનો સ્વભાવ સેવા તેમ,
થઈ તુષ્ટ ભૃગુ એકદા, બોલે પ્રહૃષ્ટ એમઃ- ૭૧

થયો પ્રસન્ન હું સ્નુષા, માગ ઈષ્ટ વરદાન;
દેખી સેવા તાહરી; થયો સંતુષ્ટ માન ! ૭૨

કર જોડી બોલે સતીઃ- આપ સર્વજ્ઞ દેવ;
રહો મતિ સ્થિર ધર્મમાં, આપો અખંડ સેવ. ૭૩

માગું શું બીજું પ્રભો ? જાણો સઘળું આપ;
અપુત્ર હું મમ માત પણ, હરો એહ સંતાપ. ૭૪

કૃપાદૃષ્ટિથી આપની, ટળે દુઃખ સંપૂર્ણ;
કરો કૃતાર્થ સુપુત્રથી, અમ બંનેને તૂર્ણ ! ૭૫

બોલે ભૃગુઃ- નિશ્ચય થશે, પુત્ર બેઉને તેમ;
ઉપાય ઉત્તમ ત્યાં કહું, કરો ઉભય સપ્રેમ. ૭૬

ઋતુસ્નાત થઈ, ચિત્તમાં કરી બ્રહ્મચિંતન,
યથાવિધિ અશ્વત્થનું કર પૂજન તત્ક્ષણ; ૭૭

દે આલિંગન વૃક્ષને ! માતા તેજ પ્રમાણ,
આપે આલિંગન મુદા ઔદુંબરને જાણ. ૭૮

પુત્રકામેષ્ટિ પછી કરી, તારે સાવધ તેમ
બ્રાહ્મમંત્રમંત્રિત ચરુ કરવો પ્રાશન એમ. ૭૯

[5]બ્રહ્મવર્ચસ્વી તને, થશે પુત્ર સુજાણ;
વેદશાસ્ત્રસંપન્ન જે, પૂજ્ય સર્વત્ર માન. ૮૦

ક્ષાત્રમંત્રો મંત્રીને, આપે વિપ્રો એમ
માતાને તુજ જે ચરુ, ખાવો તેણે તેમ. ૮૧

તત્પ્રભાવે વીર સુત, ક્ષત્રરત્ન ઉદાર
થશે માતને તાહરી; કરશે વંશોદ્ધાર. ૮૨

સૂણી વચન વંદન કરે, સત્યવતી એ જાણ;
આપે આશિષ ભૃગુ મુનિ, સ્નુષાપુત્રને માન. ૮૩

કહેઃ- પુત્ર તેં સાંભળ્યું, કહ્યું સર્વ મેં જેમ;
શ્વશુરગૃહે વેગે જઈ, કરાવ સઘળું તેમ. ૮૪

૧. આળોટે. ૨. પૂર્ણકામ. ૩. તપમાં સૂર્ય જેવો. ૪. રાજકન્યા. ૫. બ્રહ્મતેજથી યુકત.

સૂણી વચન વંદન કરે, ઋચીક સ્ત્રી સહ તેમ;
આજ્ઞા લઈ, શ્વશુરાલયે આવ્યો સત્વર એમ. ૮૫

કહે સકળ વૃત્તાંત ત્યાં, થયો ગાધિ પ્રહૃષ્ટ;
શ્વશુરજમાઈ પ્રેમથી, કરે સુતેષ્ટિ[1] તુષ્ટ. ૮૬

યથાસાંગ સઘળું થયું, થયો એક વ્યત્યાસ[2]
ચરુપ્રાશનમાં તિહાં, દૈવે મહાન્ ખાસ. ૮૭

ખાધો દ્વિજચરુ રાણીએ, કન્યાનો જે જાણ;
ક્ષાત્રચરુ રાણીતણો, ભક્ષે કન્યા માન ! ૮૮

દૈવે વ્યત્યય એ થયો; જ્ઞાનચક્ષુથી એમ
જાણે ભૃગુમુનિ ધ્યાનથી, ત્રિકાલદર્શી તેમ. ૮૯

[3]મનોજવે આવી તિહાં, કહેઃ- કર્યું શું એમ ?
ચરુપ્રાશનવ્યત્યયે થશે પુત્ર પણ તેમ. ૯૦

ક્ષાત્રમંત્રમંત્રિત ચરુ ખાધો સ્નુષા સુજાણ;
ક્ષાત્રગર્ભ તુજને રહ્યો, થશે વીર સુત માન. ૯૧

બ્રહ્મર્ષિ સુત માતને, ચરુપ્રભાવે તેમ;
બ્રાહ્મમંત્રમંત્રિત અહા ખાધો એણે એમ ! ૯૨

ક્ષત્રિયવૃત્તિ વિપ્ર પણ, પુત્ર તાહરો એમ;
બ્રહ્મવૃત્તિ ક્ષત્રિય છતાં, માતૃપુત્ર તુજ તેમ !! ૯૩

સૂણી વચન એ ઋષિ તણાં, વદે સત્યવતી જાણ;
મસ્તક મૂકી ચરણમાં, પ્રાર્થે શ્વશુર સુજાણઃ- ૯૪

બ્રાહ્મણસ્ત્રી પ્રખ્યાત હું, થાય પુત્ર ના ક્ષાત્ર;
થાય બ્રહ્મવેત્તા ઋષિ, સર્વાભિજ્ઞ સુપાત્ર; ૯૫

કરે અમર કુલનામ જે, ત્રિકાલજ્ઞાની પૂર્ણ;
બ્રહ્મવંદ્ય પ્રભુ આપ સમ ! સૂણી વદે ભૃગુ તૂર્ણઃ ૯૬

બને હવે એ ના કદિ !! સ્નુષા સૂણી મૂર્છિત
ઢળી પડી ધરણી વિષે, થઈ અતિશય દુઃખિત. ૯૭

આક્રંદન દુઃખે કરે; કહેઃ- આપ સમર્થ !
કરો દયા પ્રભુ આટલી, નહીં તો જીવન વ્યર્થ. ૯૮

દેખી દુઃખ સ્નુષાતણું દ્રવ્યા ઋષીશ્વર જાણ;
કહેઃ- સ્નુષા મંત્રાદિથી ગર્ભ ફેરવું માન. ૯૯

થશે પુત્ર બ્રાહ્મણ તથા, પૌત્ર ક્ષત્રિય તેમ !
વંદી સત્યવતી વદેઃ- ભલે થાય પ્રભુ એમ !! ૧૦૦

આપી આશીર્વચન ત્યાં, મંત્રપ્રભાવે એમ
ગર્ભ ફેરવી ભૃગુમુનિ, ગયા સ્વાશ્રમે તેમ. ૧૦૧

થયો હૃષ્ટ ગાધિ અતિ; કહેઃ- ભલે બ્રાહ્મણ !
થતાં સત્પુત્ર વંશમાં, ટળશે અધઃપતન. ૧૦૨

થતાં બ્રહ્મવેત્તા કુલે, થશે પિતૃઉદ્ધાર;
ખ્યાતિ ત્રૈલોક્યે થશે, અખંડ જયજયકાર !! ૧૦૩

માત સુતા[2] બંને થઈ, એમ ગર્ભિણી એહ;
ઊઠે ઉત્તમ દોહદો, ચમકે તેજે દેહ. ૧૦૪

બ્રહ્મજ્ઞાન કથે અહા ! થયો ગાધિ સંતુષ્ટ;
યથાસાંગ જામાતૃ સહ, કરે સંસ્કાર હૃષ્ટ. ૧૦૫

થતાં પૂર્ણ નવ માસ ત્યાં પુત્રરત્ન બંનેય
પ્રસવે શુભ લગ્ને તિહાં; થયો મોદ અમેય ! ૧૦૬

જાતકર્માદિક કર્યું, ધામધૂમથી તેમ;
ધનવસ્ત્રાદિક આપીને, કર્યા તુષ્ટ જન એમ. ૧૦૭

નામ પાડ્યું મહોત્સવે, પૃથક્ પૃથક્ ત્યાં જાણ;
સત્યવતીસુતરત્ન જે, જમદગ્નિ એ માન. ૧૦૮

જગદ્વંદ્ય બ્રહ્મર્ષિ એ, સાક્ષાત્ શિવશંકર;
ધર્મ સ્થાપવા ભૂમિ પર, થયા અવતીર્ણ હર ! ૧૦૯

સત્યવતીની ભક્તિ એ, જોઈ અનન્ય એમ;
થયા પુત્ર ઉમાપતિ, થઈ પ્રસન્ન તેમ. ૧૧૦

ગાધિપુત્ર પ્રસિદ્ધ એ, વિશ્વામિત્ર સુજાણ;
દ્રષ્ટા ગાયત્રીતણો, પ્રતિસૃષ્ટિકૃત્ માન. ૧૧૧

ક્ષાત્રકુલોદ્ભવ તોય એ, ચરુપ્રભાવે એમ
બ્રાહ્મણત્વ સંપાદવા, કરે પ્રયત્ન તેમ. ૧૧૨

સાઠ સહસ્ર વર્ષો સુધી, કીધું તપ દારુણ;
કહેઃ- કરો બ્રાહ્મણ મુને, દેવ ઋષિ મુનિ તૂર્ણ. ૧૧૩

બ્રાહ્મમંત્રમંત્રિત ચરુ ખાધો જેથી એમ,
મારી માતાએ નકી; થયો જન્મ આ તેમ. ૧૧૪

માટે વિપ્ર કહો મુને ! સૂણી પ્રાર્થના એહ,
કહે સર્વઃ- એ ના બને !! ક્ષાત્ર તાહરો દેહ. ૧૧૫

બ્રાહ્મચરુપ્રભાવથી થઈશ સર્વજ્ઞ જાણ;
તોએ પૂજ્ય ન દેહ આ થશે કદાપિ માન. ૧૧૬

બ્રાહ્મણ સ્ત્રીના ઉદરમાં જન્મ ધર્યા વિણ એમ,
બ્રાહ્મણત્વ મળે નહીં; કહે શાસ્ત્ર સહુ તેમ. ૧૧૭

તોએ બ્રહ્મવિદ્વરિષ્ઠ સર્વશ્રેષ્ઠ વસિષ્ઠ;
વચન માન્ય એનું નકી, કહેશે ઉપાય ઈષ્ટ ! ૧૧૮

સૂણી દેવઋષિવચન એ વિશ્વામિત્ર તત્ક્ષણ,
પ્રાર્થે આવી વસિષ્ઠનેઃ- કહો મુને બ્રાહ્મણ. ૧૧૯

વસિષ્ઠ કહેઃ- એ ના બને ! કોપે વિશ્વામિત્ર;
સાઠ પુત્ર વસિષ્ઠના, મારે જેમ અમિત્ર. ૧૨૦

તોએ શાન્ત વસિષ્ઠ એ થાય ન ક્રોધાવિષ્ટ;
કહે ન બ્રાહ્મણ એહને !! થયો ગાધિસુત કલિષ્ટ. ૧૨૧

મારૂં કહે વસિષ્ઠને, લઉં એહનો પ્રાણ!
એમ વિચારી એક દિન, લઈ ખડ્ગ ધનુ બાણ, ૧૨૨

૧. પુત્રકામેષ્ટિ યજ્ઞ. ૨. વિપરિતતા; ભૂલ. ૩. મનોવેગથી. ૪. કન્યા. ૫. શત્રુ

આવ્યો ઋષ્યાશ્રમ મહીં; શરત્પૌર્ણિમા એહ;
બેઠા વસિષ્ઠ આંગણે, અરુંધતી સહ તેહ. ૧૨૩

કહે સતીઃ-મુનીંદ્ર હે ! શરચ્ચંદ્ર આ જેમ,
શોભે નિર્મલ વ્યોમમાં, આનંદપ્રદ એમ; ૧૨૪

કેવી શોભા એહની ! એવું નિર્મલ અન્ય,
હશે નાથ ત્રૈલોક્યમાં, બીજું કોઈ ધન્ય ? ૧૨૫

કહે મુનિઃ- નિર્મળ નકી એવું વિશુદ્ધ તપ,
વિશ્વે વિશ્વામિત્રનું; કેવળ એ [1]તત્કલ્પ ! ૧૨૬

બીજી ઉપમા ના દિસે, એવું નિરુપમ એહ;
આનંદપ્રદ એ નકી, મા કર મન સંદેહ !! ૧૨૭

સૂણી વચન સંતપ્ત એ પશ્ચાત્તાપે જાણ
થયો ગાધિસુત અંતરે, વિશ્વામિત્ર સુજાણ. ૧૨૮

ખડ્ગ બાણ ધનુ હાથનાં ફેંકી દીધાં એમ;
ગળી અહંતા મૂળથી, દોડ્યો અંદર તેમ. ૧૨૯

સાષ્ટાંગ પ્રણતિ કરી, ગ્રહે વસિષ્ઠચરણ;
થઈ ગળગળો પ્રાર્થના કરે દીનવચન. ૧૩૦

કહેઃ- સંત નિશ્ચય તમે ! જુઓ ન મારા દોષ;
લેશ ક્રોધ ન આપમાં, હું તો દુર્ગુણકોષ[2]. ૧૩૧

રાગદ્વેષ ન આપમાં, નિર્ભય નિર્મલ તેમ,
વર્તો આનંદે સદા !! હું અપરાધી એમ. ૧૩૨

રજોગુણી પાપી નકી, માતૃદોષથી હાય;
અયોગ્ય વિપ્ર થવા પ્રભો ઘોર પાતકી આંહ્ય ! ૧૩૩

માર્યા પુત્રો આપના ભૂલી એ અન્યાય;
કરો પ્રશંસા માહરી, અર્પું ચરણે કાય ! ૧૩૪

આજે વધવા આપને, આવ્યો હું ખળ એમ;
જોઈ શાંતિ આપની, થયો દિડ્મૂઢ તેમ. ૧૩૫

કહો આપ બ્રાહ્મણ મુને, મળે તો જ વિપ્રત્વ;
ના જાણી વધવા ધસ્યો ! કેવું મુજ મૂઢત્વ ? ૧૩૬

બીજ વિના કયાં વૃક્ષ ત્યાં ? આપ વિના કો તેમ,
કરે વિપ્ર મુજને પ્રભો ? આપ જ સમર્થ એમ ! ૧૩૭

ગુરુહત્યારાને કહે કોણ બ્રાહ્મણ નાથ ?
અપરાધી પ્રભુ દુષ્ટ હું, કરો ક્ષમા ગુરુનાથ !! ૧૩૮

સૂણી વચન, વદે મુનિ તેજઃપુંજ ગભીરઃ
સાંભળ વિશ્વામિત્ર હે ! પશ્ચાત્તાપે ધીર ૧૩૯

થયું શુદ્ધ અંતઃકરણ, થયા દગ્ધ સહુ દોષ;
નિર્મળ તપ તારું નકી, થાય દેખીને તોષ !! ૧૪૦

એમ કહી વસિષ્ઠ એ, કરે સ્વગત વિચારઃ-
કરે શ્રેય અપકારીનું તે જ સાધુ નિર્ધાર. ૧૪૧

માટે ઈચ્છા એહની, કરું પૂર્ણ સત્વર !
એમ કહી વળતી વદે, વસિષ્ઠ એ મુનિવરઃ- ૧૪૨

વિશ્વામિત્ર ! કહે નકી, બલાત્કારથી એમ,
થયો વિપ્ર કોઈ કદિ ? કહું કહે તો તેમ. ૧૪૩

બોલે વિશ્વામિત્ર એઃ- બલાત્કારથી એમ,
થવું વિપ્ર ના માહરે; કરું કહો જે તેમ. ૧૪૪

આજ્ઞા મારે આપની, શિરસા વંદ્ય પ્રમાણ;
પ્રાયશ્ચિત કરું બધું, જે જે કહો વિધાન. ૧૪૫

ભલે પડે આ દેહ પણ, ઉલ્લંઘું ના ખાસ;
કરો ઉદ્ધાર માહરો, હું તો કેવળ દાસ ! ૧૪૬

દેખી નિશ્ચય એહનો, વદે વસિષ્ઠ એહઃ-
દાળ ચોખા પાત્રમાં કરી એકત્ર તેહ, ૧૪૭

મૂકી શિર પર એ મુદા, કર અગ્નિનું ધ્યાન;
જાતવેદ ત્રિપાદ જે સપ્તહસ્ત પ્રમાણ ! ૧૪૮

આવાહન કર તેહનું; યોગાગ્નિથી એમ
કરી સિદ્ધ, એ અન્નથી મને જમાડ તેમ. ૧૪૯

એથી વિપ્ર થઈશ તું, આ જ ઉપાય જાણ !!
વિશ્વામિત્ર કહેઃ- પ્રભો ! આજ્ઞા મને પ્રમાણ. ૧૫૦

એમ કહી મૂક્યું શિરે, મિશ્ર અન્નનું પાત્ર;
અગ્નિધ્યાનથી દગ્ધ એ થયું શરીર ક્ષાત્ર ! ૧૫૧

જોઈ સત્વર એ મુનિ, કૃપાદૃષ્ટિથી તેમ
સિદ્ધસંજીવની મંત્રથી, પ્રોક્ષે વારિ એમ. ૧૫૨

કમંડલૂદક એ નકી, કેવળ અમૃતરૂપ;
સિંચન કરતાં ભસ્મમાં, વિશ્વામિત્રસ્વરૂપ ૧૫૩

નૂતન દેહ થઈ તિહાં ! બ્રાહ્મણ વિશ્વામિત્ર
થયા ત્યારથી જાણ તું; સાધુ કૃપાફળ ચિત્ર !! ૧૫૪

રાજર્ષિ મટી ત્યારથી, થયા બ્રહ્મર્ષિ એમ !
જમદગ્નિ પણ તપ કરી, થયા પ્રસિદ્ધ તેમ; ૧૫૫

પરશુરામરૂપે ધરે યત્સદને અવતાર,
ક્ષાત્રદર્પ નિવારવા સ્વયં વિષ્ણુ ભવતાર !! ૧૫૬

આગળ એ રસમય કથા, કથે **રંગ** સુદીન;
સાંભળતાં શ્રદ્ધા થકી, થાય ભક્ત તલ્લીન. ૧૫૭

જન્મકથા જમદગ્નિની; વિશ્વામિત્રની તેમ,
આ અધ્યાયે વર્ણવી; સૂણે સંત સપ્રેમ. ૧૫૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વિશ્વામિત્રાદિજન્મકથનં નામ દ્વાવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૨ ॥ દોહરા ૧૫૮ (ખંડ પારાયણ ૩ જો દિવસ)

૧. એના જેવું. ૨. ભંડાર.

અધ્યાય ૨૩

અલખ નિરંજનને કહેઃ- સાંભળ સાવધ બાળ !
જમદગ્નિરૂપે ધરે સાક્ષાત્ શિવ અવતાર. ૧

જાણી [1]હિમનગનંદિની સ્વયં પાર્વતી એહ,
કર્ણાટકમાં રેણુનૃપગૃહે અવતરે તેહ. ૨

નામ રેણુકા પ્રેમથી, પાડે નૃપવર જાણ;
શુક્લપક્ષના ચંદ્ર સમ, વધે સુકુમાર માન. ૩

એલમ્મામાતા કહી, આજ બતાવે લોક;
જન્મસ્થાન ભવાનીનું; હરે દર્શને શોક. ૪

થઈ ઉપવર[2] બાલિકા, ચિંતે શિવ નિર્વાણ;
જમદગ્નિ શિવ માનીને, કરે રાતદિન ધ્યાન. ૫

જોઈ નિશ્ચય એહનો, રેણુનૃપ પણ તેમ;
બોલાવી જમદગ્નિને, અર્પે કન્યા એમ. ૬

પાણિગ્રહણ યથાવિધિ થતાં રેણુકા એહ,
થઈ હૃષ્ટ અતિ અંતરે, ભજે પતિ ધરી નેહ. ૭

વનમાં આશ્રમ બાંધીને, વળતી બંને એમ;
રહ્યાં દેવગંગા તટે, ગૃહસ્થધર્મે તેમ. ૮

ઋષિ તપશ્ચર્યા કરી રાખે અગ્નિ જાણ;
સેવામાં સતી રેણુકા, અખંડ હાજર માન. ૯

પાંચ પુત્ર તેને થયા, સર્વે ધાર્મિક એમ;
વેદનિપુણ પવિત્ર એ, સેવાતત્પર તેમ. ૧૦

પ્રથમ પુત્ર વસુમંત એ, બીજો વસુ વિખ્યાત;
ત્રીજો સુષેણ જાણ તું, વિશ્વાવસુ પશ્ચાત્. ૧૧

વૈશાખે [3]સિતપક્ષમાં, પુણ્ય તૃતીયા તેમ,
સિંહલગ્ન મધ્યાહ્નમાં, રેણુકોદરે એમે ૧૨

દેવપ્રાર્થનાથી ધરે હૃષીકેશ અવતાર;
વાગે દુંદુભિ સ્વર્ગમાં, પડે [4]સુમનસંભાર. ૧૩

પંચમ ભાર્ગવરામ એ, સ્વયં વિષ્ણવંશ જાણ;
ભૂમિભાર ઉતારવા, થયો અવતીર્ણ માન. ૧૪

ક્ષાત્રચરુપ્રભાવથી તેજઃપુંજ શરીર;
ભૃગુવચનથી રામ એ, થયો ક્ષાત્રરત ધીર. ૧૫

કાલે વ્રતબંધન થતાં, બ્રહ્મચર્યથી તેમ;
કરી તપશ્ચર્યા કરે તુષ્ટ ગૌરીહર એમ. ૧૬

ધનુર્વેદ [5]અભ્યાસીને, થયો શસ્ત્રાસ્ત્રનિપુણ;
ગુરુદક્ષિણા આપીને, આવ્યો ગેહે તૂર્ણ. ૧૭

પઢ્યો વેદ શાસ્ત્રો સહુ, યથાસાંગ એ જાણ;
સંતોષે માતા પિતા, સેવા કરી સુજાણ. ૧૮

જોઈ વિવેક એહનો, સ્વભાવ સુશીલ તેમ,
માને ઋષિમુનિ એહને; થયો સુપૂજ્ય એમ. ૧૯

લીલાવિગ્રહધારી એ વર્તે પુત્ર સમાન;
માતપિતાની ભાવથી, સેવા કરે સુજાણ. ૨૦

નિત્ય જઈ અરણ્યમાં, સમિત્પુષ્પ ફળ તેમ
આણે દર્ભાદિક સ્વયં, રહી સંનિધ એમ. ૨૧

ધન્ય જમદગ્નિ ઋષિ, સ્વાધીન પુત્ર કલત્ર;[6]
કરે તપશ્ચર્યા વને, સાધે અત્ર પરત્ર ! ૨૨

એક દિવસ સ્નાનાર્થ એ, આવી ગંગાતીર;
માત રેણુકા એકલી, ચિંતે પતિપદ ધીર. ૨૩

ગંધર્વાધિપ ચિત્રરથ, મદોન્મત્ત ગજ જેમ;
ક્રીડે સ્ત્રી સાથે તિહાં, દેખે માતા એમ. ૨૪

નાના પુષ્પ સુગંધીથી, થઈ અલંકૃત જાણ;
રમે નિઃશંક રાજવી, બીજો મન્મથ[7] માન ! ૨૫

તરુણ સુંદરીવૃંદ એ, વેષ્ટી એને એમ,
ખેલે કૌતુકથી અહા ! દેખી રેણુકા તેમ, ૨૬

થઈ હૃષ્ટ અંતર વિષે; કહેઃ- ધન્ય આ નાર;
ધન્ય ક્રીડા એમની, સુખ ઉત્તમ નિર્ધાર ! ૨૭

એમ કહી જોઈ રહી, આનંદે એ એમ;
વિચિત્ર ગતિ પ્રારબ્ધની, થઈ ભ્રાંત સતી તેમ. ૨૮

કામ ન છોડે કોઈને, દુઃસહ મન્મથબાણ;
પછડાયા દેવો જિહાં, કોણ મનુષ્ય પ્રમાણ ? ૨૯

માટે કામ ન નિંદવો; કરી તત્સ્તુતિ જાણ,
કૃપા પ્રાપ્ત કરી એહની, રહેવું સાવધ માન. ૩૦

જુઓ પરમ સતી રેણુકા, જગન્માત પણ તેમ;
થઈ વિહ્વળ કામથી, ઊભી જડવત્ એમ ! ૩૧

બાંધી પાણી વસ્ત્રમાં, લઈ જાય ગૃહ જેહ;
એવી શક્તિ જેહની, પડી મોહમાં તેહ ! ૩૨

યત્પાતિવ્રત્યે ડરે, પંચ ભૂત પણ જાણ;
વર્તે સાવધ સ્થાવરો, કંપે સુર નર માન; ૩૩

સ્વપ્રે પણ પરમુખ કદિ, ના દેખે જે એમ;
દેખે પરક્રીડા અહા આજે મોહે તેમ !! ૩૪

થયું ન્યૂન વ્રત હા તિહાં ! થઈ સતી લજ્જિત;
રહે ન વારિ વસ્ત્રમાં, રડે રેણુકા ભીત ! ૩૫

કહેઃ- અરે ! આ શું થયું ? થઈ ઊંચી કાં આંખ ?
પરક્રીડા નિહાળતાં, થયું મોત ના દ્રાક્ ! ૩૬

૧. હિમાલયની પુત્રી. ૨. પરણવાને લાયક. ૩. શુક્લ પક્ષમાં. ૪. પુષ્પવૃષ્ટિ. ૫. ભણીને. ૬. સ્ત્રી. ૭. કામદેવ.

દેખે પરક્રીડા દગે, થાય જારિણી તેમ;
હન્ત ! કામ તુજ સમ નહીં, ચોર ત્રિભુવને એમ. ૩૭

અરે પુણ્યબળ સર્વનું હરી કામ તું આમ,
પ્રાણિમાત્રને વશ કરે, તને સહસ્ર પ્રણામ ! ૩૮

પૂર્ણ-અંગ પૂર્વે હતો, છળ્યો ભવભંગ શિવ;
શાપી ભસ્મ કર્યો તને, તોએ ઠર્યો ન જીવ ! ૩૯

કરી પ્રાર્થના દેવની ! ભોળાનાથે તેમ
ઊઠાડ્યો તુજને ફરી, અનંગ રૂપે એમ. ૪૦

કીધો અનંગ,[૧] તોય તેં છોડ્યાં કર્મ ન હાય !
કરી ન મુજ પર કાં દયા ? ધિક્ જીવન ! ધિક્ કાય !! ૪૧

અહા દેવ, આ શું કર્યું ? દોષાર્ણવમાં એમ,
કરી કોપ નિજ કન્યકા પાડી હાથે કેમ ? ૪૨

હે નારાયણ ! હે વિભો ! પતિતપાવન અનંત !
અપરાધી હું બાલિકા, નકી કોપશે કંથ. ૪૩

કામે લૂંટી હા મુને ! સૂઝે કાંઈ ન નાથ !
થાય વ્યથા દુર્ધર અતિ; કરૂં કેમ અનાથ ? ૪૪

શું મુખ દેખાડું જઈ, ઘેર પતિને એમ !
થઈ ભયભીત રેણુકા, લઈ શિરે જલ તેમ, ૪૫

વિચારમગ્ન આશ્રમ મહીં, આવી એ તત્કાળ;
જાણી ચિત્તે સર્વ એ, ખડા ઋષિ જ્યમ કાળ ! ૪૬

[૨]બ્રાહ્મીલક્ષ્મીચ્યુત અહા ! ધૈર્યભ્રષ્ટ એ એમ;
અધોવદન દેખી, વદે મુનિ કોપથી તેમઃ- ૪૭

વિપ્ર દરિદ્રી હું અતિ, ભક્ષી ફળફૂલ જાણ;
વલ્કલ સેવી વન મહીં, રહું કષ્ટથી માન. ૪૮

રાજસૌખ્ય અહિંયા નહીં, આ તો ઘાસકુટીર;
ગમે ન તુજને, જા સુખે પહેર મખમલ ચીર. ૪૯

ગોમૂતર ફોરે[૩] અહીં, ત્યાં અત્તરની છોળ;
કાષ્ઠ શિલા આસન અહીં, ત્યાં ગાલીચા ઢોળ ! ૫૦

જા રાજા સાથે સુખે, ભર પકવાન્ને પેટ !
રાજકન્યકા તું નકી; તારે આ શી વેઠ ? ૫૧

કામ ન તારૂં માહરે, જા મન માને ત્યાંય;
કર ક્રીડા આનંદથી, સુખે પોષ નિજ કાય. ૫૨

કંટાળ્યું મન તાહરૂં, મારાથી એ એમ;
રંગાયું પરરંગથી, કર ફાવતું તેમ. ૫૩

પરાસક્ત જે સુંદરી, ત્યજવી તે તત્કાળ;
શાસ્ત્ર સકળ એવું કહે, જાણ એહ નિર્ધાર. ૫૪

તૂટ્યો તારો માહરો, આજ સંબંધ છેક;
જા પાછી ફર એકદમ, મા ડગલું ભર એક !! ૫૫

સૂણી અવાચ્ય બોલ એ માત રેણુકા એમ,
કંપે થરથર ધાકથી; ઊભી અબોલ તેમ. ૫૬

અધોવદન જોઈ રહી, વહે નેત્રથી નીર;
સુકાયું મુખ શોકથી, ભીંજ્યું [૪]ઘર્મે ચીર. ૫૭

થઈ ખિન્ન અતિ અંતરે, સૂઝે કાંઈ ન એમ;
શબ્દ મુખે ના નીકળે, કંઠ રુંધાયો તેમ. ૫૮

આગળ પગલું ના પડે, થઈ સંતપ્ત જાણ;
કરમાઈ કાન્તિ બધી, રહી ન હિંમત માન ! ૫૯

કાષ્ઠપૂતળી સમ ખડી !! દેખી નિશ્ચલ તેમ,
વીંધે વાગ્બાણે ફરી, જમદગ્નિ એ એમઃ- ૬૦

ઊભી ઉદ્ધત તોય તું ? જા કાળું કર મુખ;
ક્રોધ દારુણ માહરો; લઈશ પ્રાણ અચૂક ! ૬૧

કઠણ થયું મન માહરૂં, થશે પ્રાણ વિયોગ !!
સૂણી વચન મનમાં કહે સતીઃ- કયાંથી એ યોગ ? ૬૨

દૈવે ભૂલી એકદા, હવે ન છોડું ચરણ;
ભલે પડે આ દેહ પણ ખસું ન પાછી ક્ષણ. ૬૩

સાધુકૃપા દુર્લભ અતિ, કોપ દુષ્પ્રાપ્ય તેમ;
શ્રેય ઉભયથા[૫] માહરૂં ! ડરૂં વૃથા હું કેમ ? ૬૪

પતિહસ્તે મરતાં નકી, થશે પાપનો નાશ;
ટળશે આગળ દુર્ગતિ, થઈશ મુક્ત હું ખાસ ! ૬૫

જા જા કહેતાં ના ખસે, ના બોલે એ એમ;
ઊભી નિશ્ચલ બારણે ! દેખી જગદગ્નિ તેમ, ૬૬

પ્રલયાગ્નિ સમ કોપથી, જ્યેષ્ઠ પુત્રને જાણ
બોલાવી વેગે કહેઃ- મા દૂષિત તુજ માન. ૬૭

માનસ પાપે ભ્રષ્ટ એ થઈ જાણ, વસુમંત !
માટે શિર ઉડાડ તું, મા શંકા કર હંત !! ૬૮

સૂણી વચન એ તાતનાં, વંદી તત્પદ કાન્ત;
કહેઃ- તપોનિધિ તાત હે ! કરો કોપ આ શાન્ત. ૬૯

ક્રોધ [૬]ગર્હ્ય શાસ્ત્રો કહ્યો, પરદૈવત મા તેમ;
હણતાં એને દુર્ગતિ પામું નિશ્ચય એમ. ૭૦

પુત્રવચન એ સાંભળી, કહેઃ- તને ધિક્કાર !
ન્યાયશાસ્ત્ર શિખવે મુને ? આવ્યો તારો કાળ !! ૭૧

પિત્રાજ્ઞા પાળે સદા, તેજ પુત્ર સત્પાત્ર;
બીજા કીટક જાણવા, જીવે વ્યર્થ કુપાત્ર ! ૭૨

૧. અંગહીન; કામદેવ. ૨. બ્રહ્મતેજથી રહિત. ૩. ગંધાય. ૪. પરસેવાથી. ૫. બંને રીતે. ૬. નિંદ્ય.

આજ્ઞા ઉલ્લંઘન કરી, ફરે ગર્વિષ્ઠ કેમ !
થા બળીને ભસ્મ તું !! કહે કોપથી એમ. ૭૩

થયો ભસ્મ વસુમંત ત્યાં ! જોઈ વેગે જાણ,
બીજો વસુ, તેને કહેઃ- છેદ માતૃશિર માન ! ૭૪

કહે વસુઃ એ શું કહો ? બને ના કદિ એમ;
[1]'માતા શતગુણં પિતુઃ' કહે શાસ્ત્ર સહુ તેમ. ૭૫

એક ઘડી સ્તનપાનનો, વળે ન કદિ ઉપકાર;
માતૃવધે ત્રૈલોક્યમાં થશે હન્ત ફિટકાર; ૭૬

અહા કષ્ટ માતા તણાં ! કોણ વર્ણવે એહ ?
શબ્દે પણ દુઃખ આપતાં, જાય રૌરવે તેહ !! ૭૭

ઘૃતાવધાને[2] અગ્નિવત્, સૂણી જમદગ્નિ એમ,
થઈ અધિક સંતપ્ત એ, બાળે એને તેમ. ૭૮

વિશ્વાવસુ સુષેણ પણ, એમ આપીને શાપ
કર્યા ભસ્મ સત્વર તિહાં, તોએ શમે ન તાપ ! ૭૯

કહેઃ- રામ કાં ના હજી આવ્યો પાછો એમ ?
ત્યાં તો પરશુ કર ગ્રહી આવ્યો પંચમ તેમ. ૮૦

સમિત્પુષ્પાદિક લઈ વનમાંથી એ જાણ,
આવી સત્વર ચરણમાં મૂકે મસ્તક માન. ૮૧

જોઈ ઋષિ એને વદેઃ- પિતૃભક્ત તું રામ !
સમાધાન કર માહરૂં, કરી આટલું કામ. ૮૨

માનસ પાપે ભ્રષ્ટ આ, થઈ રેણુકા જાણ;
શિરચ્છેદ એનો કરી, પછી બેસ તું માન. ૮૩

ના પાડી તુજ ભાઈઓ થયા ચાર એ ખાખ;
શાપ થકી મુજ જાણ તું ! ઉઠાવ પરશુ દ્રાક્. ૮૪

મા માયાવશ થા સુધી ! કર મસ્તક ધડ દૂર !!
સૂણી સ્વગત વિચાર એ કરે પરશુધર શૂરઃ- ૮૫

ના પાડું તોએ ન એ, બચશે માતા જાણ;
શાપી અમ બંનેયને, કરશે ખાખ સુજાણ. ૮૬

સમર્થ શિવઅવતાર એ, પિતા કૈલાસનાથ;
કર્તું અકર્તું અન્યથા કર્તું શક્ત સાક્ષાત્ ! ૮૭

માયાપતિ ક્ષણમાં કરે નૂતન સૃષ્ટિ એમ;
કૃપાદૃષ્ટિ એની થતાં, શું શું થાય ન તેમ ? ૮૮

વ્યર્થ અવજ્ઞા કાં કરૂં ? કરૂં એહને હૃષ્ટ;
ઊઠાડીશ મા બંધુ સહ, થતાં એહ સંતુષ્ટ. ૮૯

એમ વિચારી વેગથી, લીધો પરશુ તેમ;
કીધું માથું ધડ થકી, જૂદું તત્ક્ષણ એમ ! ૯૦

અરે મહા આશ્ચર્ય એ ! આવી દયા ન કેમ ?
શું પથ્થરનું હૃદય એ ? વા લોઢાનું તેમ ? ૯૧

કંઠ છેદતાં માતનો, દ્રવ્યું ન જે તલમાત્ર;
ક્ષાત્રવંશ વિદારતાં ડગે કેમ તે ગાત્ર ? ૯૨

ઊડી છોળો લોહીની, થતાં કંઠવિચ્છેદ;
તોએ ભીંજી આંખ ના, એવી દૃષ્ટિ અભેદ ! ૯૩

જોઈ અદ્ભુત શૌર્ય એ, અડગ ઔદાર્ય તેમ;
કહે ઋષિઃ- ના અનાર્ય આ પિતૃભક્ત વર એમ. ૯૪

શાન્ત થઈ બોલે પછી, પુત્રપ્રેમથી જાણ;
આનંદે ભેટી તિહાંઃ- ધન્ય રામ તું માન ! ૯૫

પાપપુણ્ય જોયા વિના, કેવળ અનન્ય એમ
માની આજ્ઞા માહરી; પૂજ્ય ત્રિભુવને તેમ ૯૬

થઈશ તૂર્ણ મદ્વચનથી; થયો હૃષ્ટ હું જાણ;
માગ ઈપ્સિત વર સુખે, આપું નિશ્ચય માન. ૯૭

સૂણી વચન વંદી વદે, પરશુરામ એ એમઃ-
માતાસહ બંધુ બધા, કરો જીવતા તેમ. ૯૮

માતૃવધતણી ના રહે મચ્ચિત્તે સ્મૃતિ લેશ;
થાઉં ચિરંજીવ હું, સદા વિજયી અક્લેશ !! ૯૯

સૂણી 'તથાસ્તુ' ઓચરે, જમદગ્નિ એ જાણ;
ઊઠે પુત્રો સહ તિહાં, સતી રેણુકા માન. ૧૦૦

થયો આનંદ રામને; દોડી પ્રેમે એહ,
પડે માતૃપદમાં જઈ ! આપે આશિષ તેહ. ૧૦૧

માતૃપુત્રની ભેટ એ, કેવળ અવર્ણ્ય જાણ;
કંઠ રુંધાયો પ્રેમથી, ઊઠે શબ્દ ન માન. ૧૦૨

કહે રેણુકાઃ- ધન્ય તું ! કીધું ઉત્તમ કામ;
તુષ્ટ થયું મન માહરૂં, અમર તાહરૂં નામ ! ૧૦૩

કદિ કલિકાલ ન પીડશે, થઈશ પૂજ્ય સર્વત્ર;
ત્વત્કીર્તિગાને જનો, સુખી અત્ર પરત્ર ! ૧૦૪

એમ કહી પતિચરણમાં મૂકે મસ્તક એમ;
કહેઃ- પાપિણી હું નકી, કરી ઉપાધિ તેમ. ૧૦૫

દયામૂર્તિ કેવળ તમે; કરી ક્રોધ નિમિત્ત,
બાળ્યાં મમ ક્રિયમાણ હા ! કર્યા ભસ્મ સંચિત. ૧૦૬

શાપ નહિ અનુગ્રહ નકી, માનું એ સાક્ષાત્;
ધોઈ સઘળું પાપ એ, કરી નિષ્પાપ નાથ ! ૧૦૭

કોણ દયાળુ આપ સમ ? વિણ સેવાએ દેવ,
રીઝી ઉદ્ધારી મુને ! આપો અખંડ સેવ !! ૧૦૮

૧. પિતાથી માતા સોગણી શ્રેષ્ઠ છે. ૨. ઘીની આહુતિથી.

હે ઈશ્વર ! પ્રાર્થું તને જન્મોજન્મે એમ;
આપ યોગ પતિતણો, કદિ વિયોગ ન તેમ. ૧૦૯

એમ કહી પતિચરણમાં, વંદે ફરી ફરી જાણ;
થઈ પ્રસન્ન બોલે મુનિઃ- શુદ્ધચિત્ત તું માન. ૧૧૦

શિક્ષા દેવા અન્યને, કીધું મેં આ એમ;
બાળી શુદ્ધ કરી તને, બને ન કોથી તેમ. ૧૧૧

લીધી પરીક્ષા રામની; પિતૃભક્ત એ જાણ;
અમર નામ કરશે નકી, નિશ્ચય મનમાં માન. ૧૧૨

એમ કહી સાંત્વન કરે, અન્ય સર્વનું તેમ;
આનંદે વર્તે બધાં, સ્વ સ્વ ધર્મે એમ. ૧૧૩

વિષ્ણ્વંશ સાક્ષાત્ સ્વયં, રામ પરશુધર જાણ;
શિવસેવા તત્પર રહે; અપૂર્વ ઐક્ય પ્રમાણ ! ૧૧૪

કોઽ પૂરવા ભક્તના કાર્તવીર્યના એમ,
ક્ષાત્રદર્પ નિવારવા, સ્વયં લક્ષ્મીવર તેમ ૧૧૫

થયા તીર્ણ દ્વિજવેષથી, પરશુરામ પ્રસિદ્ધ;
આ અધ્યાયે એ કથા સૂણો સંત સુસિદ્ધ. ૧૧૬

આગળ ધેનુહરણનું કરી નિમિત્ત એમ,
કરી અર્જુનવધ શ્રીહરિ, આપે મુક્તિ તેમ. ૧૧૭

રંગ અલૌકિક જામશે; કોણ વર્ણવે એહ ?
રંગ માત્ર નિમિત્ત ત્યાં, બોલે જેનું તેહ ! ૧૧૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
પરશુરામાવતારો નામ ત્રયોવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૩ ॥ દોહરા ૧૧૮

અધ્યાય ૨૪

વંદી શિષ્ય વદે ફરીઃ- કહો મુને ગુરુરાય !
આગળ અર્જુનની કથા, જેથી સંશય જાય. ૧

વિપ્રભક્ત રાજા નકી, અપૂર્વ જેનું દાન;
સિદ્ધિ સેવામાં ખડી, ઐશ્વર્ય અનુપમ માન. ૨

વિપ્રધેનુ તે કાં હરે ? કરે અઘટિત એમ ?
અલખ કહેઃ-સૂણ બાળ હે ! દૈવખેલ એ તેમ. ૩

વસિષ્ઠશાપે બુદ્ધિમાં પડ્યો ફેર તું જાણ;
દૈવ બલી ! મુનિ શું કરે ? શાપ નિમિત્ત માન. ૪

જ્ઞાની ધર્માત્મા સ્વયં, કેવળ નિરિચ્છ તેમ;
વર્તે નીતિથી સદા, ભૂલે તે પણ એમ. ૫

દૈવ ન છોડે કોઈને, ભલે દેવ કે મુક્ત;
ઈશનિર્મિત એ નકી, રહે સદા ઉદ્યુક્ત. ૬

ભમે સૂર્ય [૧]નિયતિબળે, માગે શંકર ભીખ !
મત્સ્ય કચ્છ થઈ અવતરે વિષ્ણુ; કોણ નર ધિક્ ! ૭

જોઈ નિજ કન્યા ચળે બ્રહ્મદેવ પણ એમ;
ઇંદ્ર અહલ્યાથી રમે, [૨]વિધુ [૩]ગુરુતલ્પગ તેમ. ૮

રાવણ સીતાને હરે, રમે દ્યૂત નલ [૪]ધર્મ !
વિચિત્ર લીલા એહની !! કો જાણે તન્મર્મ ? ૯

ના હાનિ એથી કશી જ્ઞાનીને તું જાણ;
યોજી દેહે દૈવને, રમે સ્વયં નિર્માન ! ૧૦

દૈવે દેહ ભલે ભમે, પામે સુખ કે દુઃખ;
દેખે લીલા દૂરથી, જ્ઞાની તટસ્થ મૂક. ૧૧

લાભ હાનિ વા એહને, ના સ્વપ્ને પણ માન;
પાપપુણ્યપર એ નકી, જીવન્મુક્ત પ્રમાણ ! ૧૨

દૈવે શાપગ્રસ્ત એ, રાજા અર્જુન તેમ;
વને વિહરતાં એક દિન, દેખે સુંદર એમ ૧૩

આશ્રમ જમદગ્નિ તણો, જાણે નંદનવન !
શ્રમિત ભૂપ સસૈન્ય ત્યાં, આવ્યો એ તત્ક્ષણ. ૧૪

કહેઃ- કરી દર્શન સુખે, પછી નગરમાં એમ
જાશું; ક્યાંથી લાભ એ ? કરી વિચાર તેમ, ૧૫

આવ્યો પગપાળો તિહાં, રાખી સેના દૂર;
બે ત્રણ મિત્રોને લઈ, સહસ્રાર્જુન શૂર. ૧૬

જોતાં આશ્રમ શ્રમ ગયો, થયો ભૂપ પ્રહૃષ્ટ;
કહેઃ- તપોધન ધન્ય આ, સ્વયં ધર્મ સંતુષ્ટ ! ૧૭

એમ કહી અંદર ગયો, વિનયનમ્ર એ જાણ;
તેજસ્વી [૫]તરણિ સમા, દીઠા મુનિવર માન. ૧૮

મૂર્તિમંત શિવ સમ તિહાં જમદગ્નિ એ એમ,
દેખી સાધ્વી રેણુકા વંદે અર્જુન તેમ. ૧૯

સાષ્ટાંગ પ્રણતિ કરી, કરે સ્તોત્ર[૬] અપાર;
હસ્તદ્વય જોડી ઊભો, ભૂપ એહ નિર્ધાર. ૨૦

જોઈ જમદગ્નિ તિહાં, આપી આસન એમ;
બેસાડે સંનિધ મુદા, આપી આશિષ તેમ. ૨૧

કુશલવૃત્ત પૂછે મુનિ કહે ભૂપઃ- સહુ ક્ષેમ,
રાષ્ટ્રકોશાદિક વિષે, કૃપા આપની એમ ! ૨૨

૧. પ્રારબ્ધથી. ૨. ચંદ્ર. ૩. ગુરુસ્ત્રી સાથે ગમન કરનાર. ૪. યુધિષ્ઠિર. ૫. સૂર્ય. ૬. સ્તુતિ.

દર્શનમાત્રે આપના, થયો ધન્ય, ગુરુરાય !
સેવા ફરમાવો કંઈ, લાગું ફરી ફરી પાય. ૨૩

કહે ઋષિઃ- રાજા નકી બ્રહ્મબાહુ તું જાણ;
ત્વદ્રક્ષણથી વન મહીં, રહીએ નિર્ભય માન. ૨૪

નિર્વિઘ્ને તપ આચરી, સદા સંતુષ્ટ એમ;
શું ન્યૂન અમને પછી ? કેવળ નિરિચ્છ તેમ ! ૨૫

સકળ સૈન્ય સહ આજ તું, લઈ પ્રસાદ જાણ
જા નિરાંતે નગરમાં, વિનંતિ એકજ માન. ૨૬

સ્નાનસંધ્યાદિક કરી, સત્વર સઘળા એમ
આવો; રસોઈ સિદ્ધ છે, હવે વિલંબ ન તેમ. ૨૭

'ઠીક' કહી સ્નાનાર્થ એ, ગયો ભૂપતિ તેમ
થંભાવી સૈન્યાદિને, લેવા ભોજન એમ. ૨૮

પ્રાર્થી સુરભિ[૧] વેગથી, સર્વ સાહિત્ય જાણ
સિદ્ધ કરે જમદગ્નિ ત્યાં, પલકવારમાં માન. ૨૯

શુદ્ધ [૨]રજતના તાટમાં, સ્વર્ણવાટકા એમ;
મૂકી ચંદનબાજઠો; કોણ વર્ણવે તેમ ? ૩૦

સુવર્ણલોટા જલભર્યા, રત્નજડિત ઉપપાત્ર;
રંગવલ્લ્યાદિક અહા ! શોભે ષડ્રસપાત્ર. ૩૧

પાત્રે પાત્રે દીપની શોભા અવર્ણ્ય એમ;
ધૂપસળી મ્હેંકે અતિ, સુગંધમિશ્રિત તેમ. ૩૨

અન્ન ચતુર્ધા પીરસ્યાં, યથાસ્થાન સહુ જાણ;
વિધવિધ પકવાન્નો અહા ! શાક રાઈતાં માન. ૩૩

યથાસ્થાન બેસાડીને અત્યાગ્રહથી એમ,
યથેચ્છ ભોજન આપીને કર્યા તૃપ્ત સહુ તેમ. ૩૪

અશ્વગજઉષ્ટ્રાદિને તૃણચણકાદિક જાણ,
આપી તૃપ્ત કર્યા સહુ; રહ્યું અતૃપ્ત ન માન. ૩૫

હાથ ફેરવે પેટ પર, અન્ન વખાણે એમ;
જન્મ ધરી એવું કદિ, કહે ન દીઠું તેમ. ૩૬

આકંઠ ભોજન થતાં, કરશુદ્ધ્યર્થે જાણ
આપે ચંદન કસ્તુરી જમદગ્નિ એ માન. ૩૭

[૩]પૂગીફળ મુખવાસમાં, પાન સકેશર તેમ;
મેવા ફળ વિધવિધ તિહાં, આપે મુનિવર એમ. ૩૮

છાંટ્યું ચંદનજળ બધે, આવે શીત પવન;
દેવલોક પણ તુચ્છ ત્યાં, કહે સર્વ તત્ક્ષણ. ૩૯

જોઈ વૈભવ એ બધો, થયો ચકિત નૃપ એહ,
કહેઃ- દરિદ્રી વિપ્ર આ; ક્યાંથી સમૃદ્ધ ગેહ ? ૪૦

સિદ્ધિ દાસી માહરી, સાર્વભૌમ હું એમ;
તોએ આવો ના કદિ, દીઠો જલસો તેમ. ૪૧

સુરાસુરવૈભવ ઈહાં, લાગે તુચ્છ સકળ;
કોણ રાંક હું ભૂપતિ ? આનું સૂત્ર અકળ ! ૪૨

ત્યાં તો જમદગ્નિ વદેઃ- પાત્ર કલશાદિ[૪] જેહ,
જાઓ ઘેર લઈ સહુ; મારે કચરો એહ ! ૪૩

સૂણી ભૂપ વદે નમીઃ- કહો મુને ઋષિરાજ;
પલકવારમાં આ બધું, ક્યાંથી આણ્યું આજ ? ૪૪

ગયા ગંગાજી પર અમે, ન્હોતું ત્યારે એક;
આવ્યું ક્યાંથી સર્વ એ, કહો યથાર્થ છેક. ૪૫

સૂણી વચન બોલે મુનિઃ- હોમધેનુ આ જાણ
કામધેનુ ચિંતામણિ, આપે ઈચ્છિત માન. ૪૬

તત્પ્રસાદે સર્વને વનમાં મંગલ એમ,
આજ કરાવ્યું ભૂપતિ; વરદ ધેનુ એ તેમ. ૪૭

બોલે નૃપઃ- સમ્રાટ હું સપ્ત દ્વીપનો નાથ;
આઠે સિદ્ધિ બારણે, નવે નિધિ સાક્ષાત્ ! ૪૮

કામધેનુ વિણ એ બધું, ભાસે અપૂર્ણ જાણ;
માટે કૃપા કરી મુને, આપ સુરભિ એ માન. ૪૯

[૫]રત્નહારી પાર્થિવ[૬] કહ્યો,★ ધેનુરત્ન આ એમ.
શોભે રાજગૃહે નકી; આપ મુનીશ્વર તેમ. ૫૦

કહે મુનિઃ- નૃપનાથ હે ! હોમધેનુ આ જાણ;
ઘીદૂધે એનાં કરૂં નિત્ય હોમ હું માન. ૫૧

એક ઘડી ચાલે નહીં, એ વિણ મુજને એમ;
થશે લોપ મુજ કર્મનો, ના આપું હું તેમ. ૫૨

ભૂપ કહેઃ- સહસ્રાવધિ આપું ગાયો જાણ;
સુવર્ણ રત્નાદિક બધું, આપું ઈપ્સિત માન. ૫૩

દાસદાસીઓ [૭]પટ્ટનો, માગ રાષ્ટ્ર[૮] પણ એમ;
આપ ગાય મુજને, મુને ! રાખ વચન મુજ તેમ. ૫૪

કહે મુનિઃ- તુજને ન આ શોભે રાજા કર્મ;
સમર્થ સદ્‌ગુરુ તાહરા; તચ્ચરણે સહુ શર્મ. ૫૫

ગોવિક્રય વિપ્રે કદિ કીધો સૂણ્યો ન તેમ;
રાખી વિવેક અંતરે, જા પાછો તું એમ. ૫૬

વેદવિદ્યા પરિહરી, કોકશાસ્ત્રમાં જાણ
રમે મૂઢવત્ કો કહે; વ્યર્થ દુરાગ્રહ માન. ૫૭

દાસદાસીઓ શું કરૂં, ગોધન રત્નો તેમ ?
કામધેનુને છોડીને, કોણ સંઘરે એમ ? ૫૮

૧. કામધેનુ ૨. રૂપાના. ૩. સોપારી. ૪. લોટા વગેરે. ૫. રત્ન હરણ કરનાર. ૬. રાજા. ૭. શહેરો. ૮. દેશ.
★ સ્વરાષ્ટ્રમન્યતો રક્ષત્યન્યદીયં ક્ષિણોતિ ચ । વર્ધેતોપાયવાન્નિત્યં રત્નહારી ચ પાર્થિવઃ ॥

અનસૂયાસુતચરણમાં રાખી સુસ્થિર ચિત્ત;
જા પાછો અહીંથી સુખે, મા થા મોહાક્લિષ્ટ. ૫૯

બ્રાહ્મણરક્ષક ભૂપ તું, છોડ ન વિવેક એમ;
દત્ત દયાર્ણવ, શું ન ત્યાં ? મા ઘેલો થા તેમ ! ૬૦

અનેક રીતે એમ એ, બોધે મુનિવર જાણ;
તોએ નૃપ સમજે નહીં ભ્રષ્ટ વિવેકે માન. ૬૧

દેખાએ મુનિ શાન્ત આ, શાપભીતિ ના તેમ;
મૂકી કિંમત ધેનુની, લઈ જવી એ એમ. ૬૨

એવો નિશ્ચય ઉર કરી, બોલાવી નિજ જન;
કહેઃ- છોડી લો ધેનુને, ચાલો લઈ તત્ક્ષણ. ૬૩

દોડ્યા સેવક સાંભળી, છોડી વેગે ગાય;
ચાલ્યા સત્વર નગરમાં, થયો સંતુષ્ટ રાય. ૬૪

મૂકી ધન રત્નો તિહાં, ગાયો અનેક તેમ;
વંદી મુનિપદ વેગથી ચાલ્યો અર્જુન એમ. ૬૫

બૂમો પાડે વાછડું, ના આપે ત્યાં ધ્યાન;
થયો કઠોર ભૂપતિ દૈવે, સુધી સુજાણ; ૬૬

બોલે શબ્દ જમદગ્નિ ના, વદે ન શાપવચન;
બેઠા ધ્યાન લગાવીને, કરી પ્રશાંત મન. ૬૭

સમિધાદિક લઈ રામ ત્યાં આવ્યો વેગે એમ,
વનમાંથી આશ્રમ મહીં, દેખે સઘળું તેમ. ૬૮

બાંધેડે ગોવત્સ હા ! દીન શબ્દથી જાણ;
હોમગૌતમી[1] ના દિસે, પૂછે રામ સુજાણઃ- ૬૯

શું થયું આને અરે ! કાં આક્રંદે એમ ?
ખિન્ન તમે પણ કાં દિસો ? વદે બંધુજન તેમઃ- ૭૦

આવ્યો આજે આશ્રમે કાર્તવીર્ય એ જાણ;
આપ્યું અત્યાદર કરી તાતે ભોજન માન. ૭૧

થતાં તૃપ્ત સસૈન્ય એ, માગે ધેનુ એમ;
ના કહેતાં તાતે, હરી બળાત્કારથી તેમ. ૭૨

મૂકી વાછરડું અહીં, લઈ ધેનુને એમ;
ગયા દુષ્ટ હમણાંજ એ, રડે વાછડું તેમ. ૭૩

સૂણી વચન કોપ્યો અતિ પરશુરામ ઉર જાણ;
કહેઃ- કાળ આવ્યો નકી રાજાનો એ માન ! ૭૪

પ્રલયાનળ સમ ઊછળે, કહેઃ- ગયો કાં એમ ?
કરૂં સંહાર એહનો, જોઉં તદ્‌બળ તેમ ! ૭૫

શું ન્હાનો અપરાધ આ કીધો એણે હન્ત ?
શિક્ષા કરીને એહને, દેખાડું યમપંથ. ૭૬

થયો ઉન્મત્ત એ અતિ, બ્રાહ્મણદ્વેષી એમ;
કરૂં નિકંદન એહનું, તોજ રામ હું તેમ ! ૭૭

શીખ્યો વિદ્યા દ્વિજ કને, થયો સમૃદ્ધ એમ;
કાપે બ્રાહ્મણમૂળ હા, નિમકહરામી તેમ !! ૭૮

સમૃદ્ધિનો ગર્વ એ, આજ ઉતારૂં જાણ;
ના જાણે મુજને હજી, ખલશિક્ષક હું માન. ૭૯

પાપકર્મ ફરી વળ્યું, સૂઝ્યો અવળો પંથ;
છેદું બાહુ એહના; છેડે નાહક સંત. ૮૦

શ્રેષ્ઠ દૈવ એનું નકી, માટે તાતે એમ
આપ્યો શાપ ના એહને; મારૂં હાથે તેમ. ૮૧

આણું સત્વર ધેનુને ! એમ કહીને જાણ,
પૂછ્યા વિણ પણ તાતને, ચાલ્યો ક્રોધે માન. ૮૨

જોઈ ગજ દોડે [2]હરિ, કરી ગર્જના એમ;
દોડ્યો પરશુ કર ગ્રહી, રક્તનેત્ર એ તેમ. ૮૩

મૂળે મહાપરાક્રમી, તેમાં ઉપજ્યો ક્રોધ !
કહે, ભૂપ ક્યારે મળે ? આવ્યું એનું મોત ! ૮૪

દોડે વાયુ સમ અહા ! ગાજે ધમ્ ધમ્ ભોમ;
ચમકે લોકો માર્ગમાં, જોઈ એનું જોમ !! ૮૫

જાણે કોપ્યો રુદ્ર એ, કરશે જગસંહાર;
ત્યાં તો દેખે સૈન્ય ત્યાં, ગર્જે જેવો કાળઃ- ૮૬

રે રે તસ્કર જાય ક્યાં ? ફેરવ મોઢું આમ;
રે દુષ્ટ પાપી તને, ખ્હોંચાડું યમધામ ! ૮૭

કુલાંગાર તું ચોરટો, છેદું તારો કંઠ;
જોઉં બળ તારૂં હવે, ઊભો રે' ક્ષણ ઘંટ ! ૮૮

ભલો ક્ષત્રિયધર્મ આ દીપાવ્યો તેં આજ,
ચોરી ગોધન વિપ્રનું, બની આમ નિર્લાજ !! ૮૯

કરી ગર્જના દોડતો આવ્યો દેખી એમ,
જુએ ભૂપ પાછો વળી; કહે, રામ આ કેમ ! ૯૦

તેજસ્વી રવિ સમ અહા બાલમૂર્તિ એ જાણ;
દેખી અર્જુન ઉર વિષે, કહેઃ- માન ના માન ૯૧

વિષ્ણુ પોતે એ નકી; નહિ તો નિર્ભય એમ,
દોડે ના મુજ પર કદિ, વિપ્રબાળ એ તેમ. ૯૨

બાળી નાખે વિશ્વને, વિપ્ર શાપથી જાણ;
ઝાલે શસ્ત્ર ન એ કદિ ! આ તો વિરુદ્ધ માન. ૯૩

કિશોર વય પણ કેસરી[3] ભાસે બાળક એહ;
વૈકુંઠાધિપ એ નકી, એમાં ના સંદેહ. ૯૪

૧. ગાય. ૨. સિંહ. ૩. સિંહ.

ખ્યાત્યાધિક હાથે મરૂં, એવું જે વરદાન
થશે સત્ય શું આજ એ ? લાગે એમજ માન. ૯૫

બ્રાહ્મણનંદન આ નકી, ખ્યાત્યાધિક એ તેમ;
થયો ખેલ પૂરો હવે, ખૂટ્યું આયુષ્ એમ. ૯૬

માટે ઈચ્છા આ થઈ હરવા ગોધન જાણ;
ધન્ય ગતિ પ્રારબ્ધની, ધન્ય સદ્‌ગુરુ માન ! ૯૭

રણધારાતીર્થે મરૂં, માગ્યું હાથે એમ;
આવ્યો સુવર્ણયોગ એ વિષ્ણુહાથથી તેમ. ૯૮

ક્ષાત્રધર્મથી એહને કરી તુષ્ટ અદીન;
પાડું યુદ્ધે દેહ આ, થાઉં તત્પદલીન !! ૯૯

એવો નિશ્ચય ઉર કરી, વેગે અર્જુન એમ;
સેના પાછી ફેરવી, ઊભો સંમુખ તેમ. ૧૦૦

રામ કહેઃ- ક્યાં જાય તું ? જોઉં તારૂં બળ !
ચોરી બ્રહ્મસ્વ[1] સુખે ક્યમ જીવે તું ખળ ? ૧૦૧

જાણે મુજને ના હજી, આવ્યો તારો કાળ;
કરવા શિક્ષા દુષ્ટને, જન્મ્યો હું દ્વિજબાળ. ૧૦૨

દેવું ગોધન વિપ્રને, કરવું દ્વિજરક્ષણ;
ધર્મ સનાતન છોડી એ, કરે સ્વૈરવર્તન ? ૧૦૩

છેદું મસ્તક તાહરૂં, તોડું બાહુ આજ;
હોમધેનુ આ ચોરતાં, કાં ના આવી લાજ ? ૧૦૪

સૂણી ભર્ત્સના[2] એહવી, બોલે અર્જુન જાણઃ-
રાજા હું યત્ને કરૂં રત્નસંગ્રહ માન. ૧૦૫

દેખી ધેનુરત્ન આ આજે નૂતન એમ,
ચાલ્યો લઈ સ્વનગરમાં, જાણ બ્રહ્મસુત તેમ. ૧૦૬

મૂકી ગોધન રત્ન ત્યાં, મૂલ્ય વિપુલ[3] તું જાણ,
આવ્યો ધેનુ આ લઈ; પાછી ન મળે માન. ૧૦૭

હોય પરાક્રમ તો ભલે, કરી યુદ્ધ તું એમ,
જા લઈ એને સુખે; ના આપું હું તેમ. ૧૦૮

રામ કહેઃ- મુખ બંધ કર ! વેચે બ્રાહ્મણ ગાય ?
કોણે લીધાં રત્ન એ ? ચોર શાહુ તું થાય ? ૧૦૯

ન્યૌછાવર એ ગાય પર, કરૂં બ્રહ્માંડ તેમ !
મૂકી રત્ન તું એ હરે, હૈયાફૂટ્યા એમ ? ૧૧૦

કરી સમર[4] તારૂં હવે તોડું આજે શિર;
તોજ રેણુકાકુમર હું, નહિ તો અંત્યજનીર ! ૧૧૧

એમ કહી પરશુ કરે, લીધો વેગે એમ;
દોડ્યો ક્રોધે કાળ સમ !! દેખી અર્જુન તેમ, ૧૧૨

આજ્ઞા આપે સૈન્યને; કહેઃ- વિચારો કેમ ?
મારો એને એકદમ, બોલે ફાવે તેમ ! ૧૧૩

વાગે ભેરી વાદ્ય ત્યાં, થયો યુદ્ધપ્રારંભ;
અડગ રામ ઊભો અહા જાણે વજ્રસ્તંભ ! ૧૧૪

કોઈ મારે ખડ્‌ગથી, છોડે કોઈ બાણ;
ગદા તોમર મુદ્‌ગરે, મથે કાઢવા ઘાણ. ૧૧૫

તોએ રામ ડગે નહીં, સમરધીર એ જાણ;
ઘૂમે સમરાંગણ મહીં પ્રલયરુદ્ર સમાન ! ૧૧૬

સ્વયં એકલો એ બહુ; તોએ નિર્ભય એમ
વીંધે પરશુ વેગથી, કેવળ અચૂક તેમ. ૧૧૭

તોડ્યાં બખ્તર કોઈનાં, ફોડ્યા અન્યમુકુટ;
શસ્ત્રાસ્ત્રો રથ તોડીને, કીધો પ્રચંડ કૂટ[5] ! ૧૧૮

તોડ્યાં મસ્તક કેટલાં, ફોડ્યાં વક્ષઃસ્થળ;
કંઈક હાથ પગ તોડીને, કીધા એમ વિકળ. ૧૧૯

માર્યા અગણિત હાથીઓ, ફોડ્યાં ગંડસ્થળ;
તોડી શિર અશ્વો તણાં, કર્યું સૈન્ય હતબળ. ૧૨૦

કાળદાઢ સમ તીક્ષ્ણ એ, પરશુ એનો જાણ;
હરે પ્રાણ નિમેષમાં, સ્વયં અભેદ્ય માન. ૧૨૧

જેમ કેસરી એકલો મારે હાથી અનેક;
તેમ રામ એ એકલો, શત્રુસૈન્યનો છેક ૧૨૨

કાઢે કચ્ચરઘાણ ત્યાં ! વહે લોહીનું પૂર;
તરે શવો ઉપર અહા ! માને આશ્ચર્ય સુર. ૧૨૩

નીકો લોહીની નદી, કેશ શેવાળ જાણ;
હાથ સર્પસમ ત્યાં દિસે, મુડદાં જલચર માન. ૧૨૪

ઘૂમે ઢાલો વમળ સમ, માંસ કાદવ એમ;
ગળે ગજાશ્વો ત્યાં અહા; સઘળું ભીષણ તેમ ! ૧૨૫

વૈનતેય[6] [7]અહિકુળ હણે સ્વયં એકલો જેમ,
અર્જુનસેના એકલો હણે પરશુધર તેમ. ૧૨૬

રામ વડવાનલ નકી, થયો પ્રજ્વલિત જાણ;
અર્જુનસૈન્યાર્ણવ ક્ષણે બાળી નાંખ્યો માન. ૧૨૭

રામ અગત્સ્ય વા સ્વયં, થયો પ્રક્ષુબ્ધ એમ;
શોષ્યો સૈન્યાબ્ધિ બધો, દેખે અર્જુન તેમ. ૧૨૮

કહેઃ- નકી ન મનુષ્ય એ, સ્વયં શ્રીહરિ જાણ;
કોણ અજેય સૈન્ય આ, મારે નહિ તો માન ? ૧૨૯

હરે સૂર્ય જ્યમ તિમિરને, તેમ સૈન્ય નિઃશેષ
માર્યું આણે પલકમાં; નકી એહ હૃષીકેશ ! ૧૩૦

૧. બ્રાહ્મણનું ધન. ૨. આળ;ઠપકો ૩. ઘણું. ૪. યુદ્ધ. ૫. પર્વત. ૬. ગરુડ. ૭. સાપ.

સુરાસુરમાં કોઈએ ટકે ન મારી સાથ;
કોણ બાપડો નર તિહાં, કરે યુદ્ધની વાત ? ૧૩૧

માટે દ્વિજસુત જાણ એ, નિશ્ચય લક્ષ્મીકાન્ત;
શરણ જતાં એને નકી, ટળે આજ દેહાન્ત. ૧૩૨

કોણ મળે એવો ફરી ? ક્ષણભંગુર આ દેહ;
ચૂકે નાશ ન એહનો ! કરૂં વૃથા સંદેહ. ૧૩૩

માટે પાડી દેહ આ, ગુરુસ્વરૂપે એમ
મળવું આજે તત્કરે !! કરી નિશ્ચય તેમ, ૧૩૪

આવ્યો સંમુખ તત્ક્ષણે, કરી ધનુષટંકાર;
કહેઃ- વિપ્ર સુકુમાર તું, હું ક્ષત્રિય નિર્ધાર. ૧૩૫

મૂછ હજી ફૂટી નહીં, બાળક તું તો સાવ;
મચ્છર માખી કરડતાં, આવે તુજને તાવ ! ૧૩૬

અસહ્ય બાણો માહરાં, કેમ ઝીલીશ તેહ ?
ઋષિકુમાર તું તાપસી, નાજુક તારી દેહ. ૧૩૭

કંદમૂળ ખાઈ સુખે, કરવું જપતપ જાણ;
ધકાધકીનો મામલો તારૂં કામ ન માન ! ૧૩૮

સહસ્રાર્જુનનામથી કંપે થરથર કાળ;
બીજાની ત્યાં શી ગતિ ? જા પાછો ફર બાળ. ૧૩૯

નામ પરાક્રમ માહરાં, ના સૂણ્યાં તેં એમ;
નહિ તો સાહસ આ કદિ કર્યું ના હોત તેમ. ૧૪૦

વણ મોતે કાં રે મરે ? રડશે તારી માત !!
રામ કહેઃ- જાણ્યો તને, મા કર આડી વાત. ૧૪૧

શબ્દશૌર્ય છોડી હવે, બતાવ તારો હાથ;
જોઉં પરાક્રમ તાહરૂં, આપું મોતપ્રસાદ ! ૧૪૨

સુણી વચન, શ્રીદત્તનું કરી ભૂપ ચિંતન,
પંચ શત કોદંડ[1] ત્યાં, કરે સજ્જ તત્ક્ષણ. ૧૪૩

સિંહનાદ મોટો કરી, મેઘ પર્વતે જેમ
વરસે અનંત ધારથી, ફેંકે શસ્ત્રો તેમ. ૧૪૪

દેવ વિમાને બેસીને અંતરિક્ષમાં એમ,
જોઈ હર્ષે યુદ્ધ એ, ડોલાવે શિર તેમ. ૧૪૫

રથારૂઢ અર્જુન તિહાં, દુર્નિરીક્ષ્ય[2] સુજાણ;
સહસ્રકર [3]માર્તંડ શું, ભાસે તેજે માન. ૧૪૬

એકીસાથે પાંચસો છોડી દારુણ બાણ,
ઢાંકી નાંખે રામને; અડગ રામ પણ માન. ૧૪૭

અતુલ પરાક્રમ એહનું, હસ્તલાઘવ તેમ;
જોઈ તુષ્ટ થઈ વદે રામ પરશુધર એમઃ- ૧૪૮

ધન્ય વીર અર્જુન નકી, અજેય [4]સહસા એમ;
થાક્યા દેવાસુર જિહાં, કોણ માનવી તેમ ? ૧૪૯

એમ કહી વેગે અતિ, તોડી શસ્ત્રાસ્ત્રજાળ;
મારી અશ્વો સારથિ, ભાંગે રથ તત્કાળ. ૧૫૦

વૃક્ષાંકુરવત્ ક્ષણ મહીં, તોડી બાહુ એમ,
કરે ગર્જના રામ એ; ત્યાં તો બીજા તેમ ૧૫૧

ફૂટ્યા નૂતન પૂર્વવત્, તોડે ફરીથી રામ;
ઊગે પાછા એ ફરી, ના આપે આરામ ! ૧૫૨

હણવા દોડે રામને, તોડે ફરી ફરી એહ;
ફૂટે તત્ક્ષણ એ ફરી ! કરે રામ સંદેહ. ૧૫૩

ખંડહસ્તનો ત્યાં થયો, પ્રચંડ ગિરિવર જાણ;
થયો હતાશ રામ એ, સૂઝે કાંઈ ન માન. ૧૫૪

ગભરાયો અંતર વિષે; કહેઃ- જ્યાં સુધી આમ
થાએ નષ્ટ ન હાથ આ, અન્ય પ્રયત્ન હરામ ! ૧૫૫

તૂટે ના શિર એ કદિ, મરે ન અર્જુન તેમ;
વ્યર્થ પ્રતિજ્ઞા માહરી; કરૂં હવે હું કેમ ? ૧૫૬

કરે ખેદ મનમાં અતિ, હારી હિમંત જાણ;
કહેઃ- માત પતિવ્રતા રેણુકા મુજ માન ! ૧૫૭

તાત શ્રેષ્ઠ જમદગ્નિ એ, ગુરુ મહેશ્વર તેમ;
કીધી સેવા એમની, અનન્યભાવે એમ. ૧૫૮

હોય અનુગ્રહ એમનો, મરશે આજે એહ;
મળશે યશ મુજને નકી ! કરૂં કેમ સંદેહ ? ૧૫૯

થઈ આકાશવાણી ત્યાં; કહે, રામ સાંભળઃ-
દત્તકૃપાથી એ બને, કરણી એની અકળ ! ૧૬૦

રાખ્યું અમૃત ઉર વિષે, ત્યાંથી ફૂટે હાથ;
શોષી માટે પ્રથમ એ, તોડ શીર્ષ સાક્ષાત્ !! ૧૬૧

સૂણી રામ આનંદથી આગ્નેયાસ્ત્રો એમ
ફોડી વક્ષઃસ્થળ ક્ષણે, શોષે અમૃત તેમ. ૧૬૨

શોષાતાં ભુજબીજ એ, ફરી ન ફૂટે હાથ;
રહ્યા ભુજદ્વય બાકી ત્યાં, અભેદ્ય એ સાક્ષાત્. ૧૬૩

જોઈ અર્જુન અંતરે, સમજ્યો આવ્યો કાળ;
હવે દેહ પડશે નકી, ન લાગતાં ક્ષણ વાર. ૧૬૪

કહેઃ- ધન્ય ગુરુરાજ એ, કીધી ઈચ્છા પૂર્ણ;
ફાડી પડદો દેહનો, થાઉં તન્મય તૂર્ણ. ૧૬૫

આપ્યું તત્પદમાં બધું, હું તદ્રૂપ અભેદ;
નિત્ય સચ્ચિદાનંદ હું, રહ્યો ન કાંઈ ખેદ. ૧૬૬

૧. ધનુષ. ૨. સ્હામે ન જોઈ શકાય તેવો. ૩. સૂર્ય. ૪. એકાએક.

એમ કહી વંદન કરે, રામપદે અર્જુન;
કહે રામઃ- કર ઇષ્ટનું ચિંતન અર્જુન તૂર્ણ. ૧૬૭

છેદું મસ્તક તાહરૂં ! સૂણી ભૂપ સત્વર,
યોગબળે નિજ પ્રાણને આકર્ષે અદ્ધર. ૧૬૮

રાખી લક્ષ્ય સ્વરૂપમાં, ઇંદ્રિયપ્રત્યાહાર
કરી, લીન ઇંદ્રિય કરે મન માંહે તત્કાળ. ૧૬૯

મનનો લય પ્રાણે કરે, પ્રાણ સુષુમ્ણા માંહ્ય
કળે ચઢાવી, તેજમાં કરે પ્રાણલય ત્યાંય. ૧૭૦

તેજોલય પરદૈવતે સ્વાત્મરૂપમાં એમ
કરી, અદ્વય બ્રહ્મમય થયો ભૂપતિ તેમ ! ૧૭૧

વૃત્તિરોધ ક્ષણમાં કરી, દેખે અંદર ત્યાંય;
કોટિસૂર્ય સમ ઝળહળે તેજ સુષુમ્ણા માંહ્ય. ૧૭૨

ત્યાં તો રામે પરશુથી, તોડ્યું મસ્તક એમ;
પડ્યું કલેવર ભૂમિ પર, ધમ્ ધમ્ કરતું તેમ ! ૧૭૩

જ્યોતીરૂપે પ્રાણ એ, દત્તરૂપમાં જાણ
મળ્યા અતર્ક્ય વેગથી; થયા ચકિત સુર માન. ૧૭૪

શ્રીદત્તસ્મરણે ગયું જીવન જેનું એમ,
મારી કો તેને શકે ? રામ નિમિત્ત તેમ ! ૧૭૫

પૂર્ણ ભક્ત એ દત્તનો, મૂળે જીવન્મુક્ત;
અસંગ કેવળ જે, હવે થયો વિદેહમુક્ત. ૧૭૬

જોઈ દારુણ યુદ્ધ એ, અપૂર્વ એહ પ્રયાણ;
ગર્જે જયજયકારથી, દેવો પ્રહૃષ્ટ જાણ. ૧૭૭

વાગે દુંદુભિ સ્વર્ગમાં, થાય સુમનવર્ષાવ;
નાચે પ્રમુદિત અપ્સરા, ગાય ગંધર્વરાવ. ૧૭૮

ગાય ધવલ યશ રામનું, કરે સ્તોત્ર કિન્નર;
કહે દેવઃ- સુધન્ય તું ! કીધું નામ અમર !! ૧૭૯

કંપે જેની ધાકથી દેવો દાનવ યક્ષ;
માર્યો દુર્જય રામ તેં, લઈ સત્પક્ષ દક્ષ ! ૧૮૦

એમ કહી વંદે સહુ, થયો રામ પ્રહૃષ્ટ;
થતાં પ્રતિજ્ઞા પૂર્ણ એ, જાય ઘેર સંતુષ્ટ. ૧૮૧

લઈ ગાય વેગે તિહાં ! તાતચરણમાં એમ
વંદી વૃત્ત કહે સહુ !! વદે જમદગ્નિ તેમ. ૧૮૨

આગળ અનુસંધાન એ, કથા અપૂર્વ જાણ;
બોલે દત્ત સ્વયં મુખે, હું તો નિમિત્ત માન. ૧૮૩

કાર્તવીર્યવધ વર્ણવ્યો, આ અધ્યાયે એમ;
અનન્યનિષ્ઠા હોય તો, તરે **રંગ** ના કેમ ? ૧૮૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
પરશુરામેણ કાર્તવીર્યાર્જુનવધો નામ ચતુર્વિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૪ ॥ દોહરા ૧૮૪

અધ્યાય ૨૫

અલખ નિરંજનને કહેઃ- સૂણી જમદગ્નિ એમ,
થયા અનુતપ્ત અંતરે, અર્જુનવધથી તેમ. ૧

કહેઃ- પુત્ર આ શું કર્યું ? કીધું દારુણ પાપ;
શેં માર્યો નૃપતિ અહા ? એ તો પ્રત્યક્ષ બાપ ! ૨

દુઃખ નિવારે સર્વનું, જેથી ડરે ત્રિલોક;
પાળે પ્રજા સ્વપુત્રવત્, એવો પુણ્યશ્લોક. ૩

એનાથી તપ આપણું થતું નિર્વિઘ્ન જાણ;
કર્યો કોપ એ પર વૃથા, કર્યો દોષ મહાન્. ૪

હરી વિનોદે ગૌતમી, શાપ્યો મેં ના તેમ;
કીધું આ શું તેં અરે, મારી એને એમ ? ૫

નિત્ય હજારો ગાયનું કરે પુણ્ય જે દાન,
રાખે ધેનુ આપણી શું કરવા એ માન ? ૬

આઠે સિદ્ધિ નવ નિધિ જેની સેવા માંહ્ય,
સદા લીન ગુરુચરણમાં, યત્સ્મરણે અઘ જાય; ૭

કીધી એણે મશ્કરી, ના જાણી તેં એમ !
મારી એને કાં વૃથા, કીધું પાતક તેમ ? ૮

રાજા દશ શ્રોત્રિય સમો, કહે શાસ્ત્ર સહુ એમ;
બ્રહ્મનિષ્ઠ આ તો તિહાં, પાતક દારુણ તેમ. ૯

માટે મુખ તારૂં અહા, ગમે ન જોવું રામ !
સૂણી વચન એ તાતનાં, રડે પરશુધર આમ !! ૧૦

મૂકી મસ્તક ચરણમાં, બોલે દીનવચનઃ-
થયું અન્યથા થાય ના, હવે તું જ શરણ. ૧૧

ક્ષમા કરી અપરાધ એ, પાપમુક્ત કર તાત;
રક્ષણ કો તુજ વિણ કરે ? તું જ ધર્મ સાક્ષાત્ ! ૧૨

કરુણવચન એ સાંભળી, વદે મુનીશ્વર એમઃ-
[1]કૃતાનુતાપે રામ તું, સકળ તીર્થ ફર તેમ. ૧૩

ભરતખંડનાં તીર્થની કરતાં યાત્રા એમ,
પશ્ચાત્તાપે પાપનો થશે નાશ એ તેમ. ૧૪

૧. કરેલા કર્મના પશ્ચાતાપથી.

ગંગાકાવડ પ્રેમથી લઈ સ્કંધ પર જાણ,
દક્ષિણસમુદ્રમાં જઈ, વંદન કરીને માન, ૧૫

ગંગોદક અર્પી તિહાં, લેવી સિક્તા[૧] એમ;
આવી ગંગાજળ મહીં, કરવી અર્પણ તેમ. ૧૬

ચાર ધામ સાતે પુરી, જ્યોતિર્લિંગો બાર;
કરવી યાત્રા તેમની, યથાશાસ્ત્ર નિર્ધાર. ૧૭

સૂણી વચન, વંદન કરી માતતાતને એમ;
તાતાજ્ઞા સમ નીકળ્યો, રામ વેગથી તેમ. ૧૮

કરી ઉચ્ચાર પાપનો પશ્ચાત્તાપે જાણ,
યથાશાસ્ત્ર સંકલ્પથી, વેષ કાર્પટિક[૨] માન; ૧૯

પિત્રાજ્ઞા સમ આચરે, ભક્તિયુક્ત એ એમ;
લોકશિક્ષાકારણે વિષ્ણ્વંશ પણ તેમ ! ૨૦

ચઢે કોપ શેં એહને ? વિશ્વરૂપ એ રામ !
સ્વપ્રે પાપ નડે નહીં, ક્યાં અનુતાપનામ ? ૨૧

'અહં' ગ્રહી પામર પડે પાપતાપમાં જાણ;
અહંકાર એને નહીં, જે જગદીશ પ્રમાણ. ૨૨

પૂર્ણકામ નિષ્કામ એ, લોકકારણે એમ
ફરે સ્વયં તીર્થો અહા લીલામાનુષ તેમ ! ૨૩

બદરિકાશ્રમમાં જઈ વંદી નારાયણ;
ગંગાજળકાવડ લઈ, કરે તીર્થ પાવન. ૨૪

યમુના ક્ષિપ્રા નર્મદા, તાપી ગોદા તેમ;
કૃષ્ણા કાવેરી નદી, તામ્રપર્ણી એમ ! ૨૫

કરી તીર્થયાત્રા બધે, જઈ દક્ષિણે જાણ;
સેતુબંધ રામેશ્વરે, કરે સમુદ્રસ્નાન. ૨૬

ગંગાકાવડ ઠાલવી, સમુદ્રસિક્તા તેમ
લઈ વેગથી નીકળ્યો ! નમી ષડાનન[૩] એમ, ૨૭

શિવકાંચ્યાદિક ફરી વળી, શ્રીશૈલ પર જાણ
આવી પૂજે ભાવથી મલ્લિકાર્જુન માન. ૨૮

વિરૂપાક્ષ વંદી તિહાં, ગોકર્ણે એ એમ;
આવ્યો કોલ્હાપુર વિષે, ત્ર્યંબકેશ્વર તેમ. ૨૯

થઈ સોરઠી સોમનાથ, દ્વારિકામાં એમ;
આવ્યો સિદ્ધપુરે અહા ! ગયો પુષ્કરે તેમ. ૩૦

કરી સ્નાન પ્રયાગમાં, અર્પી સેતુ[૪] જાણ,
વિશ્વનાથદર્શન કરી, યાત્રાપૂર્તિ માન ૩૧

કરી, વેગથી આશ્રમે આવી પ્રેમે એમ,
માતપિતાપદ વંદીને, કહે વૃત્ત સહુ તેમ. ૩૨

વૈકુંઠાધિપ જે સ્વયં, કયાંથી એને પાપ ?
દેખાડે લીલા કરી, લોકો માટે આપ ! ૩૩

સર્વ સૈન્ય સહ ભૂપને મારી રણમાં એમ,
આપે મુક્તિ રામ એ; સાધુસંગફળ તેમ ! ૩૪

સ્વપ્રે પણ જેની કદિ, થાય ઝાંખી ન જાણ,
મૃત્યુ તત્કરથી અહા ! અહોભાગ્ય એ માન !! ૩૫

થયા શાંત રણમાં સહુ, રહ્યો ન એકે ત્યાંય;
જાણી અર્જુનપુત્ર એ, શોકાતુર અતિ થાય. ૩૬

સો પુત્ર અર્જુનતણા સૂણી તાતનિધન,[૫]
કરે દુઃખ ઉરમાં અતિ, સ્મરી તાતગુણ મન. ૩૭

કહેઃ- હન્ત આ શું થયું ? કોપ્યો ઈશ્વર જાણ;
પ્રતાપાર્ક સમ તાત હા, થયો અસ્ત કાં ભાન ? ૩૮

દ્વાદશાબ્દ ઋષિપુત્ર એ, કરી યુદ્ધ દારુણ;
મારે પૂતના[૬] સહ અહા આજ તાત અર્જુન ! ૩૯

ધાક જેહની ત્રિભુવને, કંપે જેથી કાળ;
મારે તેને રણ મહીં, આજે પ્રત્યક્ષ બાળ ! ૪૦

અઘટિત ઘટના એ નકી, બની પ્રત્યક્ષ એમ;
સ્વપ્રે પણ જે ના બને, બન્યું આજ તે કેમ ? ૪૧

ખદ્યોતે ગ્રસિયો રવિ, ગળ્યો [૭]ગાંડુળે શેષ;
પાડ્યો મેરુ મૂષકે, ભૂતે ગ્રસ્યો મહેશ ! ૪૨

સસલે ઐરાવત હણ્યો ! હોલે ગરુડ જાણ !
મારી પથ્થર બાળકે, પાડ્યો ચંદ્ર પ્રમાણ ! ૪૩

બને એ બધું એક દિન, પડે ન રણમાં તાત !!
મળી એકત્ર એમ એ, કરે રુદન સાક્ષાત્. ૪૪

આવ્યા સમરાંગણ મહીં; દેખી પિતૃશવ ત્યાંય,
કૂટે છાતી શોકથી, ક્ષણ ક્ષણ મૂર્છિત થાય. ૪૫

કરે પ્રતિજ્ઞા ક્રોધથી ! કહેઃ- તાતરિપુ એમ
શોધી ક્ષણમાં મારીએ, તોજ ક્ષાત્રસુત તેમ. ૪૬

ઋણમુક્તિ ના ત્યાં લગી, સર્વ સૌખ્ય હરામ;
ફરે જીવતો દુષ્ટ એ, જ્યાં લગી ભાર્ગવરામ ! ૪૭

કરી પ્રતિજ્ઞા વેગથી, પિતૃદેહનો એમ
કરે સંસ્કાર યથાવિધિ, ઔર્ધ્વદૈહિક તેમ. ૪૮

જાણી આવ્યો રામ ત્યાં તીર્થાટનથી એમ,
લઈ સૈન્ય ઘેરે અહા ઋષ્યાશ્રમને તેમ ! ૪૯

તત્પૂર્વે નિજ બંધુ સહ ગયો અરણ્યે એહ;
શોધે આશ્રમમાં બધે, ના દેખાએ તેહ. ૫૦

૧. રેતી. ૨. કાપડી; યાત્રાળુ. ૩. કાર્તિકેય. ૪. સેતુબંધની રેતી. ૫. મરણ. ૬. સૈન્ય. ૭. અળસીયું; ચોમાસાના નિર્વિષ સર્પ.

ગયા યજ્ઞશાળા મહીં, દેખ્યા મુનિ ધ્યાનસ્થ;
બોલેઃ- મારો એહને, રામપિતા એ સ્પષ્ટ. ૫૧

જોઈ ગો દોડે યવન, દોડ્યા સર્વે તેમ,
થયા ઉદ્યુક્ત મારવા, વ્યાઘ્ર ધેનુને જેમ ! ૫૨

દેખાએ યમદૂત શા, ચાવે ક્રોધે દાંત;
પકડ્યા જમદગ્નિ તિહાં, ઝાલી બંને હાથ. ૫૩

દેખી રેણુકામાત એ થઈ ભયે વિહ્વળ,
કર જોડી વિનવે સતી; ના માને એ ખળ. ૫૪

ક્ષત્રિયકન્યા હું નકી, કહે રેણુકા એમ;
રાજપુત્ર સૂણો તમે, બહેન તમારી તેમ. ૫૫

આપો દાન સૌભાગ્યનું ! ખોળો ધરીને એમ,
યાચું ભ્રાત દયા કરો; રાખો વિવેક તેમ. ૫૬

રાજવંશી દાતા તમે, માગું એકજ દાન;
રક્ષો પ્રાણ પતિતણા, ઈષ્ટદેવની આણ ! ૫૭

કરો મુક્ત ભયથી મને, રક્ષો ભગિની એમ;
આપી દાન સૌભાગ્યનું, વરો અમર યશ તેમ. ૫૮

પુત્રે મમ રણભૂમિમાં, વધ્યો તમારો તાત;
ક્ષમા કરો અપરાધ એ, વિનવું જોડી હાથ. ૫૯

બાળકબુદ્ધિ એ નકી, તમે વડિલ નિશ્ચિત;
જાણી ધર્માધર્મને, મા વર્તો વિપરીત ! ૬૦

નાના રીતે રેણુકા, વિનવે એમ સુદીન;
દ્રવે ન તોએ દુષ્ટ એ, થઈ સતી ગમગીન. ૬૧

કાળપાશવશ એ થયા; માને કોનું કેમ ?
જોઈ જમદગ્નિ વદેઃ- રાખો શાન્તિ એમ. ૬૨

કરો અધર્મ કાં તમે ? માનો મારૂં વચન;
લઈ આશિષ માહરી, વળો પાછા તત્ક્ષણ. ૬૩

બ્રહ્મહત્યા ના કરો, થશે કુલક્ષય એમ;
ત્યજી ક્રોધ પાછા વળો, થશો સુખી સહુ તેમ. ૬૪

બ્રાહ્મણવધ દારુણ અતિ, વળશે સત્યાનાશ;
મા નિકંદન નોતરો, માનો મારૂં ખાસ ! ૬૫

તોએ દુષ્ટ ન સાંભળે; કરી નગ્ન તરવાર,
ખેંચે મસ્તક કાપવા ! જોઈ સતી તત્કાળ, ૬૬

કરી ડોક આગળ વદેઃ- કરો ન બંધુ એમ !
કાપી મસ્તક માહરૂં પ્રથમ વેગથી તેમ, ૬૭

કરો શાન્ત ક્રોધાગ્નિ એ; રક્ષો પતિના પ્રાણ !
રડી એમ વિનવે સતી; દ્રવે ન એ નાદાન !! ૬૮

ખાટકી પણ એ સૂણી, નિશ્ચય પાછો જાત;
કાળગ્રસ્ત તોએ ન એ, પલળ્યા લેશ કુજાત !! ૬૯

શાપશબ્દ મુનિ ના વદે, સ્વગત વિચારે આમઃ-
માત્યા અતિશય ક્ષત્રિયો, નકી મારશે રામ ! ૭૦

એમ વિચારી શાન્તિથી, કરે ઈષ્ટચિંતન;
ત્યાં તો હડસેલી સતી, દોડ્યા દુષ્ટ તત્ક્ષણ. ૭૧

કાપી મસ્તક ખડ્ગથી, કરે ગર્જના એમ;
રડે રેણુકા દેખીને, પલળે પથ્થર તેમ ! ૭૨

૧

(બોલ બોલ બોલ પ્રેમવેણ૦ - એ રાહ)

હાય હાય હાય હાય ! શું હવે કરૂં !
પતિવિહીન વ્યર્થ જીવન કાં હવે ધરૂં ?.....ટેક
ભૂપતનય ત્યાગી વિનય, અનય[1] આ કરે;
થયા સદય અદય, પ્રલય આવ્યો શું અરે ?.....હાય.....૧
દોડ પુત્ર આવ અત્ર; કુત્ર તું ગયો ?
નિત્ય નિકટ આજ વિકટ શેં અરે થયો ?.....હાય.....૨
તું વિના ન નાથ આન; લઈ કૃપાણ[2] આમ,
મારે દુષ્ટ તાત તુષ્ટ, થઈ પ્રહૃષ્ટ, રામ !.....હાય.....૩
રામ રામ રામ સ્મરતાં રામ આવે ના !
લાજ મારી આજ રામ, કાં તું રાખે ના ?.....હાય.....૪
જાણી દૂર આવ્યા ક્રૂર, ગેહશૂર એમ !
આવ રામ ના આરામ, શૂન્ય ધામ તેમ !.....હાય.....૫
જાઉં કંઈ ? રંગ અહીં રક્તનો બધે !
જોઈ જાય પ્રાણ તનય, કાં ન તું વદે ?.....હાય.....૬

૧. અધર્મ. ૨. તરવાર.

આક્રંદન સતી એમ એ કરે અતિશય જાણ;
જોઈ દુષ્ટ હસે મુદા, માની કૃતાર્થ માન. ૭૩

પડતી મેલી એહને, ગયા નગરમાં એમ;
કહેઃ- રામ મળ્યો નહીં, રહ્યો સંતાઈ તેમ. ૭૪

આવીશું પાછા ફરી, લેવા એની ખબર !
એમ કહી વાટે પડ્યા; રડે સતી વિહ્વળ !! ૭૫

કહેઃ- પાપ ફરી વળ્યું, નડ્યું પ્રારબ્ધ તેમ;
હાય હવે હું શું કરૂં ? રાખું ધીરજ કેમ ? ૭૬

છાતી મસ્તક કૂટીને, કરે શોક અપાર;
ખણે ચૂંટીઓ પેટમાં, તોડે શિરના વાળ ! ૭૭

સૂણી રુદન એનું તિહાં, દોડ્યા તાપસલોક;
બોધે નાના રીતથી, તોએ શમે ન શોક. ૭૮

આપે આશ્વાસન અતિ, થાય ન તોએ શાન્ત;
કહેઃ- વ્યર્થ જીવન નકી, સતીતણું વિણ કાન્ત. ૭૯

રામ ન આવ્યો કાં હજી ? લાગી કાં હા વાર ?
અહા ! દૈવ વિપરીત ત્યાં, કરે કોણ પ્રતિપાળ ? ૮૦

ગયો રામ તું વન મહીં, આવ્યા ક્ષત્રિય દુષ્ટ;
લૂંટ્યું મમ સૌભાગ્યને ! થયો દેવ શું રુષ્ટ ? ૮૧

મોકલ મારા પુત્રને, હે જગદીશ અનંત !
જોઈ મુખ જાઉં સુખે, હુંએ પતિને પંથ. ૮૨

આવ રામ; કયાં રે ગયો ? હવે રહે ન પ્રાણ;
[1]કમ્ય રૂપ તારૂં દગે, દેખું અંતે જાણ. ૮૩

ખૂટ્યું આયુષ્ માહરૂં, ફૂટ્યું કપાળ જાણ;
તૂટ્યું જીવનસૂત્ર હા ! રૂઠ્યું પ્રારબ્ધ માન. ૮૪

આવ રામ; તુંએ ખફા થયો કહે શું એમ !
રામ રામ કરતી સતી, પડી સુમૂર્છિત તેમ !! ૮૫

અપશુકન દેખે તિહાં, વને રામ પણ એમ;
થયો ભયભીત અંતરે, કહે બંધુને તેમઃ- ૮૬

દોડે મૃગ [2]અપસવ્ય આ, દિવા[3] શિયાળ તેમ
બોલે સ્હામાં આવીને; બધું વિપરીત એમ ! ૮૭

દિશા ધૂમ્રમય આ દિસે, સૂર્ય સછિદ્ર જાણ;
વણ નિમિત્તે કંઠ આ, કેમ સૂકાય માન ! ૮૮

વામ નેત્ર ફરકે અતિ, કંપે ડાબો હાથ;
સંકટ કાંઈ આવશે, માનો નિશ્ચય વાત !! ૮૯

ખિન્નચિત્ત થઈ એમ એ, વેગે બંધુ સાથ
આવ્યો આશ્રમમાં તિહાં, દેખે મૂર્છિત માત ! ૯૦

જમદગ્નિ ભૂ પર પડ્યા, છિન્ન મસ્તક એમ;
સૂણી સર્વ અનર્થ એ, કરે શોક સહુ તેમ. ૯૧

કહે રામઃ- હા હા અરે ! મૂકી અમને એમ
વનમાં અનાથ એકલા, ગયો તાત તું કેમ ? ૯૨

મન્નિમિત્તે આ થયો, સઘળો અનર્થ આમ;
પુત્ર નહીં હું શત્રુ તુજ, કેવળ દુષ્ટ હરામ ! ૯૩

સંભારી ગુણ તાતના, રડે એમ દારુણ,
કહેઃ- કોણ મારૂં હવે ? ગયો આધાર પૂર્ણ ! ૯૪

આળોટે ધરતી વિષે, દુઃખે વ્યાકુળ એમ;
કહેઃ- વદન કાળું થયું ! ટળે અપવાદ કેમ ? ૯૫

વળતી સાવધ થઈ વદેઃ- જાઉં વેગે જાણ;
મારૂં તાતશત્રુ ક્ષણે, તોજ રામ હું માન. ૯૬

કરૂં ઉધ્વસ્ત[4] નગર એ તોડીફોડી એમ;
મારૂં સમૂળ શત્રુકુળ, વાળું પિતૃઋણ તેમ ! ૯૭

એમ કહી પરશુ કરે લીધો ક્રોધે જાણ;
આપી સાંત્વન માતને, દોડ્યો વેગે માન. ૯૮

વારે માતા બંધુઓ, ના માને એ તેમ;
આમ તેમ જોયા વિના, ચાલ્યો સીધો એમ. ૯૯

કંપાવે બ્રહ્માંડને, કરી ગર્જના જાણ;
મનોજવે આવ્યો અહા માહિષ્મતીમાં માન ! ૧૦૦

બોલાવી નૃપપુત્રને કહેઃ- કરો સંગ્રામ;
દેખાડો બળ મુજ કને, ક્ષાત્રકાળ હું રામ. ૧૦૧

ન્હોતો જ્યારે આશ્રમે, આવ્યા ચોરો જેમ;
કર્યો ઘાત મુજ તાતનો ! શું મેળવ્યું તેમ ? ૧૦૨

તાત તમારો મેં હણ્યો, લેવા તેનું વેર
વધવો'તો મુજને અરે; વૃથા મુનિ પર કેર ? ૧૦૩

ઊઠો, બાહુ જોઉં એ ! એમ કહી સત્વર,
કરી યુદ્ધ મર્દ્યા સહુ રાજપુત્ર એ ખળ. ૧૦૪

તોડ્યા કરપદ કોઈના, ફાડ્યાં અન્ય ઉદર;
ફોડી આંખો કોઈની, પાડ્યા પૃથ્વી પર. ૧૦૫

કરી ચૂર્ણ સેના સહુ, મારી નૃપસુત એમ;
તોડી કિલ્લા નૃપગૃહો ધજા પતાકા તેમ. ૧૦૬

કરી શૂન્ય નગરી બધી, આવ્યો પાછો જાણ;
વંદન કરી નિજ માતને, કહે વૃત્ત એ માન. ૧૦૭

વદેઃ- વધ્યા દુષ્ટો સહુ, કર્યું નગર ઉધ્વસ્ત;
તોએ ચિત્ત ન આ ઠરે, રહ્યું ક્ષાત્રકુળ મસ્ત ! ૧૦૮

૧. મોહક; સુંદર. ૨. જમણી તરફથી ડાબી તરફ. ૩. દિવસે. ૪. ઉજજડ.

કરે ગર્જના ક્રોધથી, વારે ઋષિમુનિ જાણ;
સૂણે શબ્દ ન કોઈનો; કહેઃ- પ્રતિજ્ઞા માન ! ૧૦૯

નિઃક્ષત્રિય આ [1]મેદિની, એકવીસ વખત
કરીશ માતા નિજ બળે, કરી યુદ્ધ સખત. ૧૧૦

કરી નિર્બીજ ક્ષત્રિયો,[2]તચ્છોણિતથી જાણ
ભરી પાંચ કુંડો તિહાં, પિતૃતર્પણ માન ૧૧૧

કરીશ ઋણમુક્તિમિષે[3], થશે તોજ સંતોષ !
એમ કહી ગર્જે ફરી; દારુણ એનો રોષ !! ૧૧૨

સૂણી પ્રતિજ્ઞા રેણુકા કહેઃ- ધન્ય તું બાળ !
સત્ય પ્રતિજ્ઞા તાહરી, થશે પૂર્ણ નિર્ધાર. ૧૧૩

પત્યનુગમન કરૂં સુખે, પછી સાધ નિજ કર્મ,
કરી ઔર્ધ્વદૈહિક ક્રિયા; સાંભળ બીજું મર્મ. ૧૧૪

દત્તશિષ્ય અર્જુન નકી, માર્યો તેં સાક્ષાત્;
કરે કોપ જો એ કદિ, થાય તાહરો ઘાત. ૧૧૫

મહાબલી ભગવંત એ, ભક્તવત્સલ જાણ;
બાળે ત્રિભુવન ક્ષણ મહીં, સત્ય વચન તું માન. ૧૧૬

માટે યુક્તિથી તને, દત્તચરણમાં એમ
મૂકી ગમન કરૂં પછી; થઈશ કૃતાર્થ તેમ. ૧૧૭

મળતાં આશિષ એહની, થશે પ્રતિજ્ઞા પૂર્ણ
નિર્વિઘ્ને; સુત માન તું, નહિ તો મરીશ તૂર્ણ. ૧૧૮

દત્તપ્રસાદે કાળ પણ, ડરશે તુજથી જાણ !
કોણ ક્ષત્રિયો આ તિહાં ? માટે મારૂં માન. ૧૧૯

રાખી પિતૃશવ તેલમાં કરંડિયામાં એમ,
મૂકી બીજામાં મુને, કરી કાવડી તેમ, ૧૨૦

લઈ સ્કંધ પર દક્ષિણે ચાલ વેગથી એમ,
થાય આકાશવાણી ત્યાં ઉતાર કાવડ તેમ. ૧૨૧

બ્રહ્મનિષ્ઠ આચાર્ય ત્યાં, મળશે તુજને જાણ;
સહગમનાદિ યથાવિધિ થશે સર્વ ત્યાં માન. ૧૨૨

સૂણી વચન એ માતનાં, કરી માન્ય તત્ક્ષણ,
કરી સજ્જ કાવડ તિહાં, સાવધ બંને જણ ૧૨૩

બેસાડી અંદર મુદા, લઈ સ્કંધ પર એમ,
ચાલ્યો દક્ષિણમાં અહા પિતૃભક્ત એ તેમ ! ૧૨૪

નાના સ્થાનો આશ્રમો, તીર્થો પાવન એમ;
જોતો જોતો શૈલ વન ઉલ્લંઘીને તેમ, ૧૨૫

આવ્યો સહ્યાચલ વિષે; અકસ્માત્ ત્યાં જાણ
થઈ વ્યોમવાણી અહા ! ભો રામ તું માન; ૧૨૬

આમલકીગ્રામે અહીં સહ્યાદ્રિ પર એમ,
મળશે આચાર્ય તને, યોગ્ય સન્નિષ્ઠ તેમ. ૧૨૭

થશે કાર્ય તુજનું અહીં; શીઘ્ર પિતૃસંસ્કાર
કર શોધી આચાર્યને, મા કર વિલંબ બાળ !! ૧૨૮

સૂણી દેવવાણી તિહાં, મૂકી કાવડ એમ;
માત્રાજ્ઞાથી રામ એ, જુએ આચાર્ય તેમ. ૧૨૯

[4]વરી દત્ત અવધૂતને, કરશે આગળ કર્મ;
સાચી નિષ્ઠા **રંગ** તો, કો ના પામે શર્મ ? ૧૩૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અર્જુનપુત્રૈર્જમદગ્નિવધો નામ પંચવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૫ ॥ દોહરા ૧૩૦ ગીત ૧

અધ્યાય ૨૬

દેખે આશ્રમ દિવ્ય ત્યાં, સહ્યપર્વતે એમ;
ફલપુષ્પાન્વિત તૃણલતાગુલ્મવેષ્ટિત તેમ. ૧

તુલસી ઔદુંબર શમી, બિલ્વ અશ્વત્થ એમ;
શોભે પુણ્યદ્રુમ અહા ! વારિ નિકુંજ તેમ. ૨

મયૂર ચાતક કોકિલા, ચક્રવાક શુક જાણ;
કરે ગાન સુસ્વર જિહાં, મેના ચાષ પ્રમાણ. ૩

નંદનવન પણ તુચ્છ જ્યાં, એવો આશ્રમ એહ;
બેઠા યોગદ્રુમ તિહાં, શાંત તપસ્વી તેહ ૪

વ્યાઘ્રાંબર પર દત્ત એ; તેજઃપુંજ શરીર !
દિગ્વસ્ત્રાવૃત અગ્નિ સમ, ધન્ય અવધૂત ધીર !! ૫

જટાજૂટ શિર પર લસે, આજાનુકર એમ;
શોભે ચંદિરમુખ[5] અહા! કંજનેત્ર પણ તેમ. ૬

કંબુકંઠશોભિત છબી મંદસ્મિતથી જાણ;
કપાટવક્ષઃસ્થળ અહા, કોટિમદન પ્રમાણ ! ૭

જોઈ વંદે રામ ત્યાં !! દત્ત વિચારે એમઃ-
જોવા આનું મન જરા, વર્તું અનુચિત તેમ. ૮

બેસાડી અંકે તિહાં, દિવ્ય સુંદરી એક;
જેના આગળ અપ્સરા, ભરે પાણી સહુ છેક. ૯

જોઈ મુખડું જેહનું, લાજે મૃગલાંછન;[6]
નેત્રતેજ જોઈ અહા, ચમકે હરિણીગણ ! ૧૦

૧. પૃથ્વી. ૨. તેના લોહીથી. ૩. કારણે. ૪. આચાર્ય તરીકે પસંદ કરી. ૫. ચંદ્ર જેવું મુખ. ૬. ચંદ્ર.

[1]અધર બિંબ સમ શું દિસે ! ગ્રીવા શંખ સમાન;
દંત દાડમની કળી, નાસા[2] શુક સમ માન. ૧૧

તન્વંગી પીનસ્તની, શૈલનિતંબા એમ;
[3]કરભોરુ ગજગામિની, [4]હરિમધ્યા એ તેમ. ૧૨

ચમકે વિદ્યુત્ સમ અહા, દત્તાંકે એ જાણ !
આલિંગન આપી મુદા, રમે બેઉ જણ માન. ૧૩

હાવભાવ કટાક્ષથી, આપે ચુંબન એમ;
દ્વૈતભાવ ન લેશ જ્યાં, ક્રીડે અભિન્ન તેમ. ૧૪

આવી સત્ક્રીડા દંગે દેખી નિંદે જેહ,
પામર પાપી તે નકી; પડે નરકમાં તેહ. ૧૫

ચગાવવા ત્યાં રામને, રમે બેઉ જણ એમ;
આવ્યો આગળ રામ ત્યાં, તોએ ખસે ન તેમ. ૧૬

બ્રહ્મનિષ્ઠ શ્રુતિતાત એ, પાપપુણ્યપર માન;
સ્પર્શે માયા ના કદિ, નિત્ય દિગંબર જાણ. ૧૭

તત્ત્વવેત્તા જે નકી, કરે વિકલ્પ ન તેહ;
જાણી સાધુરહસ્ય એ, ખડો રામ પણ એહ. ૧૮

સાષ્ટાંગ પ્રણતિ કરી, જોડી બંને હાથ,
વિનવે નમ્ર થઈ મુદા; કહેઃ- દેવ સાક્ષાત્ ! ૧૯

જમદગ્નિ મારા પિતા પામ્યા પંચત્વ જાણ;
સહગમનાર્થે રેણુકા, આવી માતા માન. ૨૦

પુત્ર રામ હું તેમનો, કાન્યકુબ્જથી તેમ,
લાવ્યો કાવડમાં અહાં, ખભે બેઉને એમ. ૨૧

થઈ દેવવાણી ઈહાં, આવ્યો તેથી અત્ર;
થયો ધન્ય દર્શન થકી, નિર્ભય અત્ર પરત્ર. ૨૨

કરી કૃપા મુજ પર હવે, થઈ આચાર્ય એમ;
કરાવ કર્મ યથાવિધિ, પ્રાર્થું અનન્ય તેમ. ૨૩

સૂણી વચન શ્રીદત્ત એ કહેઃ- મૂઢ તું જાણ;
વિધિ નિષેધ ન જાણું હું; ક્યાંથી કહું વિધાન ? ૨૪

અનાચાર અસ્પૃશ્ય હું, અભાષ્ય કેવળ એમ;
ધર્માધર્મ લહું નહીં, વર્તું યથેષ્ટ તેમ. ૨૫

સૂણી રામ વદે ફરીઃ- મુનિસત્તમ તું જાણ;
યોગીશ્વર સ્રષ્ટા વિભુ, કર્તા હર્તા માન. ૨૬

પૂર્ણ સચ્ચિદાનંદ તું, ગુણાતીત અનંત;
ધર્માધર્મ તને નહીં, તારો ન્યારો પંથ ! ૨૭

નિર્વિકાર નિષ્કલ તને, નડે ન કર્માકર્મ;
જગત્પ્રભુ પ્રણમું તને, તું તો કેવળ શર્મ ! ૨૮

કહે દત્તઃ- રે સુજ્ઞ તું ! બોલે અવળું કેમ ?
દિસે મૂર્ખતા તાહરી, શબ્દો પરથી એમ. ૨૯

સ્ત્રીલંપટ અપવિત્ર હું; જોઈ નજરે આમ
કરે પ્રશંસા માહરી ! થયું તને શું રામ ? ૩૦

જોઈ ગુણદોષો પછી કરવો નરનો સંગ;
તું તો અવળું આચરે ! વિચિત્ર મારા ઢંગ !! ૩૧

[5]અસંભાવ્ય અવાચ્ય હું, પરાધીન સ્ત્યાસક્ત;
યુક્તાયુક્ત લહું નહીં વિધિ નિષેધ [6]સુરક્ત. ૩૨

સૂણી વચન એ દત્તનાં, થયો સ્તબ્ધ શ્રીરામ;
બોલે જોઈ રેણુકા, કાવડમાંથી આમઃ- ૩૩

લોકવાક્યવત્ ઓચરી, મોહ પમાડે કેમ ?
હે [7]અમેયાત્મન્ વિભો ! બાલક [8]દયાર્હ તેમ. ૩૪

નારિકેલવત્ વાક્ય આ, કઠોર ઉપર જાણ;
ભર્યું પીયૂષ અંતરે; લહે કેમ નાદાન ? ૩૫

ગુણત્રિતય વસે જિહાં, ત્યાં વિધિનિષેધ તેમ;
અહંગ્રસ્તને શાસ્ત્ર પણ બાંધે કર્મે એમ. ૩૬

વિશ્વંભર શ્રુતિતાત તું, વિધિનિષેધાતીત;
નિત્યમુક્ત નિઃસંગ તું પાવન કરે પતિત. ૩૭

અસંગને સ્ત્રીસંગ શો ? મિથ્યા એહ પ્રલાપ;
સ્ત્રી માયા તુજની પ્રભો, ખપુષ્પવત્ નિર્માપ ! ૩૮

ગુણાતીત પરમેશ તું, નિત્ય ઉપાધિમુક્ત;
સાક્ષી ત્રણે દેહનો પિંડબ્રહ્માંડયુક્ત. ૩૯

શબ્દસ્પર્શાદિક સહુ, વિષય ઇંદ્રિયગ્રાહ્ય;
મનબુદ્ધ્યાદિક પાર તું, માટે સત્ય અગ્રાહ્ય. ૪૦

અવિષય અસ્પૃશ્ય તું કેવળ અભાષ્ય એમ;
મનબુદ્ધિની દોડ ના ચાલે નિશ્ચય તેમ. ૪૧

માયામોહે જે વૃથા ધરે દેહ-અભિમાન,
તેને ધર્માધર્મ એ શાસ્ત્રવાક્ય પ્રમાણ. ૪૨

વશમાય[9] તું તો વિભો ! નિરહંકારી તેમ;
ધર્માધર્મ તને નહીં, સ્વયં ધર્મ તું એમ ! ૪૩

સર્વતંત્રાસ્વતંત્ર તું, થાય ભક્તિપરતંત્ર;
ભક્તભાવનાસમ ધરે રૂપો કલ્પિતમંત્ર. ૪૪

કલ્પિત તારા રૂપનું ધરતાં ભાવે ધ્યાન;
મળે અકલ્પિત ફળ નકી, અભાષ્ય એ પણ માન. ૪૫

ત્વત્પ્રાપ્તિ માટે વદે, વેદો પ્રમાણ એમ;
પરોક્ષ સ્થિતિ સર્વ એ, ન આત્માનુભવ તેમ. ૪૬

૧. હોઠ. ૨. નાક. ૩. જુવાન હાથીની જાંઘ જેવી પુષ્ટ જંઘાવાળી. ૪. સિંહના જેવી પાતળી કેડવાળી. ૫. નિંદ્ય. ૬. અતિ આસક્ત. ૭. અપરિચ્છિન્ન. ૮. દયાપાત્ર. ૯. માયા જેને સ્વાધીન છે એવો.

યથાશાસ્ત્ર વેદાંતનું કરવું પ્રથમ શ્રવણ;
મનનાભ્યાસ કરી પછી, કરવું નિદિધ્યાસન. ૪૭

સાક્ષાત્કાર સ્વરૂપનો થાએ સત્વર એમ;
નાસે માયોપાધિ ને ટળે આવરણ તેમ. ૪૮

માટે વેદાદિક થકી, અસ્પર્શ્ય કેવળ જાણ;
રૂપ અભાષ્ય તાહરૂં, સત્ય ભાષ્ય એ માન. ૪૯

વર્તમાન ભાવિ અને ભૂત વિષય જે એમ,
તે તુજને સ્પર્શે નહીં; અવિષય તું તેમ. ૫૦

સ્વસંવેદ્ય અભેદ્ય તું, સર્વવંદ્ય સર્વેશ;
સ્વયંપ્રકાશ નમું તને, પરબ્રહ્મ પરમેશ ! ૫૧

સૂણી વચન સાધ્વી તણાં, કરી હાસ્ય પ્રભુ એમ;
કરે સ્તવન સતીનું મુદા, દત્ત દિગંબર તેમઃ- ૫૨

સર્વરૂપ હે માત તું, વિશ્વવ્યાપિની જાણ;
પ્રણવરૂપ પરાવરા, આદ્યભવાની માન. ૫૩

માયામય વિસ્તાર આ, સર્વ તાહરૂં રૂપ;
બ્રહ્મા હરિ હર રૂપ એ, પ્રસવે તુંજ અનુપ. ૫૪

સૃષ્ટિ સ્થિતિ સંહાર તું કરે અખંડ અનેક;
સ્વયં અલિપ્ત રહી સદા, કેવળ અભંગ છેક. ૫૫

અનેક રૂપે એક તું, જાણે ના એ મૂઢ;
ચિદ્રૂપે વ્યાપી બધું, રહી સર્વમાં ગૂઢ. ૫૬

નામરૂપાત્મક બધું, દૃશ્ય તુંજ નિઃશંક;
બીજું અલક્ષ્ય રૂપ જે સચ્ચિત્સુખ નિષ્પંક, ૫૭

રૂપ એ પણ તાહરૂં, મનવાણીની પાર;
જાણે અજ્ઞ ન એ કદિ, કરે કુતર્ક બાળ.[૧] ૫૮

દેહેંદ્રિયપ્રાણાદિથી સર્વસાક્ષી તું એમ,
રહે વિલક્ષણ વેગળી; સાક્ષિત્વહીન તેમ. ૫૯

સાક્ષ્યસાક્ષિપણ તુજ મહીં, ભાસે લેશ ન જાણ;
મૂળે સાક્ષ્ય મળે નહીં, કોણ સાક્ષી પ્રમાણ ? ૬૦

નિરાધાર માટે કહી, એકવીરા એમ;
દેહાદિક જગભ્રાંતિનો, તુંજ આધાર તેમ. ૬૧

જ્ઞાની વિણ ના અન્યને, લાગે તારો પાર;
સર્વાંતર્યામી વસે, વ્યાપી અંદર બ્હાર ! ૬૨

તે તું લોકોકારણે ધરી આમ અવતાર,
પાવન કરતી તીર્થને, આવી અહીં નિર્ધાર. ૬૩

શિવ શંકર તારો પતિ, જમદગ્નિ એ જાણ;
વંદે મુનિગણ જેહને, ખ્યાત ત્રિલોકે માન. ૬૪

કંપે જેના નામથી, સ્વયં કાળ પણ એમ;
તપોમૂર્તિ એને કહે, ગ્રસ્યો મૃત્યુએ કેમ ! ૬૫

સૂણી વચન એ દત્તનાં, મૂક રેણુકા થાય;
વદે રામ વંદી તિહાંઃ- કારણ ક્ષત્રિય ત્યાંય. ૬૬

ન્હોતો હું આશ્રમ મહીં, અકસ્માત્ ત્યાં એમ
આવી દુષ્ટો, તાતનું છેદે મસ્તક તેમ. ૬૭

સૂણી વચન શ્રીદત્ત એ, શાપે ક્રોધે જાણ;
કહેઃ- બ્રહ્મદ્વેષી થયા, મત્ત ક્ષત્રિયો માન. ૬૮

હણે વિપ્ર ગુરુ સંતને, ડરે ન ચિત્તે એમ;
થશે કુળક્ષય એમનો, વિના વિલંબે તેમ. ૬૯

તૃણજળસંતોષે રહે, મૃગ મીન દ્વિજ એમ;
તોએ લુબ્ધક[૨] ધીવરો પીડે દુર્જન તેમ ! ૭૦

શીખી વિદ્યા દ્વિજ કને, થયા ક્ષત્રિયો મત્ત;
રાજ્યમદે ના કોઈને ગણે દુષ્ટ કમ્બખ્ત ! ૭૧

થાઓ સત્વર એમનો વિનાશ પાપે એમ !!
સૂણી વચન એ રેણુકા, કરે ઈશારો તેમ. ૭૨

બોલે વંદી રામ ત્યાંઃ- આવી આશ્રમ માંહ્ય,
સૂણી તાતવધવૃત્ત એ, બોલ્યો ક્રોધે ત્યાંય ! ૭૩

કરીશ નિઃક્ષત્રિય મહી, એકવિંશધા એમ;
પંચ કુંડ રક્તે ભરી, કરીશ તર્પણ તેમ. ૭૪

ના ઋણમુક્તિ અન્યથા ! વચન માહરૂં એહ,
કરો સિદ્ધ કૃપા કરી ! અર્પી ચરણે દેહ. ૭૫

એમ કહી વંદન કરે !! બોલે દત્ત ગભીરઃ-
યથાર્થ તારૂં વચન એ, ધન્ય પ્રતિજ્ઞા ધીર ! ૭૬

થા મત્તોજે પ્રબળ તું, કર ક્ષત્રિયસંહાર;
આશિષ પૂરી માહરી, નડે ન તુજને કાળ. ૭૭

વળતી બોલે રામ એઃ- કરો ક્ષમા પ્રભુ એક !
[૩]અંતેવાસી આપનો ભક્ત અર્જુન છેક ૭૮

ગયો હરી અમ ધેનુને, વધ્યો તેહને તેમ;
હણ્યો તત્સુતે તાતને, માર્યા એ પણ એમ. ૭૯

યોગનિષ્ઠ બ્રહ્મણ્ય[૪] એ લોકત્રયવિખ્યાત;
ક્રોધાવેશે એહને માર્યો મેં સાક્ષાત્ ! ૮૦

કરો ક્ષમા અપરાધ એ !! કહે દત્તઃ- તું રામ !
નિમિત્તમાત્ર અહીં નકી, સદા પર્યાપ્તકામ. ૮૧

આપ્યો વર મેં એહને, તદનુસાર તેં એમ
માર્યો એને; દોષ ના તારો એમાં તેમ. ૮૨

૧. અજ્ઞાની. ૨. પારધી. ૩. શિષ્ય. ૪. બ્રાહ્મણભક્ત.

મદ્વિભૂતિ તું નકી, સખા માહરો જાણ;
કર નિઃક્ષત્રિય મેદિની; તું હું એકજ માન ! ૮૩

વંદી રામ વદે ફરીઃ- થઇ આચાર્ય એમ,
ક્રિયા કરાવો દેવ હે ! થાય ન વિલંબ તેમ. ૮૪

વદે 'તથાસ્તુ' દત્ત ત્યાં; તલ દર્ભાદિક તેમ,
આવે લઇ સ્મશાનમાં સ્વયં અવધૂત એમ. ૮૫

કાષ્ઠાદિક ભેગાં કરી, કહે રામને જાણઃ-
મારી બાણ અહીં બધાં તીર્થો કર નિર્માણ. ૮૬

દત્તાજ્ઞાથી રામ એ ભેદી પર્વત તેમ,
કરે તીર્થ નિર્માણ ત્યાં, ત્રિભુવનપાવન એમ. ૮૭

કરી સ્નાન વિધિવત્ સ્વયં, પછી માતને જાણ
ન્હવડાવે અતિ પ્રીતથી યથાશાસ્ત્ર પ્રમાણ. ૮૮

સંકલ્પાદિક શ્રીમુખે કહે સ્વયં અવધૂત;
ન્હાય રેણુકા ધન્ય જ્યાં, માતૃતીર્થ એ પૂત ! ૮૯

થયું પ્રસિદ્ધ લોકમાં, સર્વતીર્થાંશ જ્યાંય;
સ્નાનપાનથી પાતકી ક્ષણમાં પાવન થાય. ૯૦

પ્રાયશ્ચિત્ત કરાવીને કર્યો ત્રેતાગ્નિ સિદ્ધ;
પ્રેતાધાન યથાવિધિ થતાં, રેણુકા સિદ્ધ ૯૧

થઇ વસ્ત્રાભરણાદિથી, સહગમનાર્થે એમ;
[1]સીમંતે સિંદુર ભરી, [2]ભાલે કુંકુમ તેમ. ૯૨

આંજી કજ્જલ નેત્રમાં, નમી સૂર્યને જાણ;
આવી અગ્નિકુંડની પાસે વેગે માન. ૯૩

બેસી દેવ વિમાનમાં, લઈ સ્વસ્ત્રીઓ સાથ,
સહગમનોત્સવદર્શને આવ્યા ત્યાં સાક્ષાત્ ! ૯૪

આવ્યા ઋષિ ઋષિપત્નીઓ, યક્ષ ગંધર્વ તેમ;
કિન્નર ચારણ અપ્સરા, વિદ્યાધર પણ એમ. ૯૫

આવ્યા સમર્ષિ મુનિ, લઇ સ્વસ્ત્રીઓ જાણ;
સંત મહંત આવી ત્યાં, વંદે ભાવે માન. ૯૬

આનંદે સ્ત્રીવૃંદ એ, હળદર કંકુ એમ
અર્પી વંદે રેણુકા, યાચી સૌભાગ્ય તેમ. ૯૭

માગે આજ્ઞા પ્રેમથી, સતી રેણુકા જાણ;
પૂજી ભાવે દંપતી, આપે વાયન દાન. ૯૮

આપી વસ્ત્રાભૂષણો, કર્યાં તુષ્ટ સહુ એમ;
પૂજી દત્તાચાર્યને, બોલે પ્રફુલ્લ તેમઃ- ૯૯

રામ ! આજથી દત્ત આ, માતપિતા તુજ જાણ;
માની આજ્ઞા એહની, રહે તદધીન માન. ૧૦૦

ગોબ્રાહ્મણરક્ષણ કરી, વર્તી સાવધ એમ;
કરી પ્રતિજ્ઞા સત્ય એ ચિરંજીવ થા તેમ. ૧૦૧

કરી યજ્ઞ ભૂમિ તણું દે કશ્યપને દાન;
આવ્યું આમંત્રણ મુને, જાઉં હું સ્વસ્થાન. ૧૦૨

રાખી વિવેક અંતરે, મા કર મારો શોક;
સ્વાત્માનંદે સર્વદા રહે સુખી, હે તોક[3] ! ૧૦૩

એમ કહી વિનવે ફરી દત્તપ્રભુને તેમઃ-
બાળ તમારો આ પ્રભુ, રામ આજથી એમ. ૧૦૪

કરજો રક્ષણ એહનું, મૂકી શિર પર હાથ;
ના જોશો ગુણદોષને, તમે માત ને તાત ! ૧૦૫

અલ્પવયી નાદાન એ સોંપ્યો તમને નાથ !
હિતાહિત જાણે નહીં, જાણો સઘળું તાત !! ૧૦૬

કરજો પાલન, શું કહું ? એમ કહીને એહ,
વંદે દત્તપદે ફરી; અનુપમ જેનો સ્નેહ. ૧૦૭

કરી અગ્નિપ્રદક્ષિણા, ધરી પતિનું ધ્યાન;
આનંદે અગ્નિ મહીં હોમે કાયા માન. ૧૦૮

સતીસ્પર્શથી અગ્નિ એ, કોટિસૂર્યવત્ જાણ
શોભે દિઙ્મંડલ મહીં, શ્વેતયશોન્વિત માન. ૧૦૯

જયજયકાર કરે સહુ, વાગે દુંદુભિ એમ;
વરસે સુમનો સ્વર્ગથી, વંદે સુર મુનિ તેમ. ૧૧૦

કહેઃ- ધન્ય આ રેણુકા! ડગલે ડગલે એમ,
અશ્વમેધફળ મેળવે પત્યનુગમને તેમ. ૧૧૧

[4]સાર્ધત્રિતય કરોડ જે, રોમ દેહ પર જાણ;
અર્પે જીવતાં અગ્નિમાં, ધન્ય સતી એ માન. ૧૧૨

કોણ પુણ્ય એનું ગણે ? રોમ રોમ પ્રતિ એહ,
કોટિ વર્ષ પતિ સહ રમે, ધન્ય સ્વર્ગમાં તેહ ! ૧૧૩

ઋષિપત્નીઓ વંદીને કહેઃ- અજોડ જાણ
પતિવ્રતા આ રેણુકા, જગદ્વંદ્ય સુજાણ. ૧૧૪

જોટો એનો ના કદિ, દીઠો નજરે એમ;
ધન્ય વરેણ્ય એ નકી, વંદન ફરી ફરી તેમ ! ૧૧૫

માતૃપિતૃકુળ ભર્તૃકુળ, તાર્યાં એણે જાણ;
અમર નામ કીધું જગે, પાવન નિશ્ચય માન. ૧૧૬

પામી અક્ષય ધામ એ પાતિવ્રત્યે એમ;
ના પુનરાવૃત્તિ હવે, એને કદિએ તેમ. ૧૧૭

હે જગદીશ્વર સર્વને આપો બુદ્ધિ એમ;
માની પતિને દેવ સમ સેવે અનન્ય તેમ ! ૧૧૮

૧. સેંથામાં. ૨. કપાળમાં. ૩. બાળક. ૪. સાડા ત્રણ.

કરી પ્રશંસા એમ એ, સ્વસ્થાને સહુ જાય,
ગાતા કીર્તિ સાધ્વીની; શ્રવણે મુક્ત થવાય. ૧૧૯

સહગમન સમ અન્ય ના પુણ્ય ત્રિલોકે એક;
અલખ નિરંજનને કહે, રાખો શ્રીહરિ ટેક ! ૧૨૦

રામ કરે પોતે પ્રભુ કરાવશે એ એમ
ઔર્ધ્વદૈહિક કર્મ ત્યાં; આગળ વર્ણન તેમ. ૧૨૧

બ્રહ્મરસામૃતપાન એ કરે સુભાગી જાણ;
ભર્યા મોતી પણ ના ભરે વાયસ ચંચુ માન ! ૧૨૨

ઉભય દેવ, ત્યાં કર્મમાં રહે ન્યૂનતા કેમ ?
કોણ મર્યું ? કોની ક્રિયા ? લીલા સઘળી એમ ! ૧૨૩

રંગ કહે અટપટ બધો, ખેલ ખલ્કનો એહ;
હોય કૃપા સદ્‌ગુરુ તણી, ટળે તોજ સંદેહ !! ૧૨૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
રેણુકાયાઃ પત્યનુગમનં નામ ષડ્‌વિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૬ ॥ દોહરા ૧૨૪

અધ્યાય ૨૭

ધન્ય યોગિવર દત્ત એ, કર્માતીત અકર્મ;
સ્વયં કરાવે પ્રેમથી, ઔર્ધ્વદૈહિક કર્મ. ૧

મૃત્સ્નાનાદિ યથાવધિ, નિવાપાંજલિ તેમ;
પિંડદાન કરાવીને, વદે અત્રિસુત એમઃ- ૨

કહે રામ ક્યાં એ ગયાં, માત તાત તુજ એમ !
વદે રામઃ એ મૃત થયાં, કરી ક્રિયા આ તેમ. ૩

પિંડાદિક અપાવીને, આપ્યો ઉત્તમ લોક;
જ્યાં આચાર્ય સ્વયં પ્રભુ, રહે કેમ ત્યાં શોક ? ૪

થયાં મુક્ત બંને નકી, ધન્ય માત ને તાત !
સૂણી દત્ત વદેઃ- અહા ! કરે ગાંડી તું વાત. ૫

ઉત્પત્તિ સ્થિતિ પ્રલય જે કરે વિશ્વનાં એમ,
અજ અક્ષય તે શેં મરે ? થાય મુક્ત શેં તેમ ? ૬

ગૌરીહર પ્રત્યક્ષ એ, ઉતારવા ભૂભાર
થયા તીર્ણ મુનિવેષથી; વ્યાપક સઘળે, બાળ ! ૭

જગદંબા એ રેણુકા, માત તાહરી જાણ;
જમદગ્નિ ઈશ્વર સ્વયં, સાક્ષાત્ પશુપતિ માન. ૮

ધર્મકર્મ પૂરું થતાં, કરી અવતાર પૂર્ણ
પામ્યાં અંતર્ધાન એ; થયાં અદૃશ્ય તૂર્ણ. ૯

ના જન્મ્યાં ના મૃત થયાં; ગયાં સ્વર્ગમાં એમ
વ્યર્થ બોલવું એ નકી; રહ્યાં જેમનાં તેમ ! ૧૦

સર્વવ્યાપક જાય ક્યાં ? મરે અવતરે કેમ ?
જેની સત્તા વિણ અહા, હાલે પત્ર ન તેમ ! ૧૧

જોવા ઇચ્છે જો કદિ, કહે બતાવું આમ;
લીલાવિગ્રહધારી એ ગયાં ન કેથે, રામ ! ૧૨

બોલે રામઃ- કરો કૃપા ! ત્યાં તો બંને એમ,
જમદગ્નિ ને રેણુકા ઊભાં સંનિધ તેમ !! ૧૩

કહે દત્તઃ- જો રામ આ, માત તાત તુજ એમ;
બોલ અન્ય વા એજ એ ! રામ વિલોકે તેમ. ૧૪

ભસ્મલિપ્ત તનુ દિવ્ય એ, પદ્માસનસ્થ જાણ;
બેઠા ધ્યાન ધરી તિહાં, જમદગ્નિ એ માન. ૧૫

વામાંકે સતી રેણુકા, સુવર્ણલતિકા જેમ;
સુધાદૃષ્ટિથી પતિવદન રહી વિલોકી તેમ. ૧૬

દેખી વિસ્મિત એ થયો રામ અંતરે જાણ;
દેવા આલિંગન ધસે ! ત્યાં તો બંને માન, ૧૭

થયાં ગુપ્ત તત્ક્ષણ ફરી !! રડે દેખીને રામ;
કહેઃ- હે પિતા ! માત હે ! તમ વિણ કયાં આરામ ? ૧૮

મૂકી મુજને એકલો, થયાં અદૃશ્ય કેમ ?
હતાં અહીં, ક્યાં રે ગયાં ? ક્યાં સંતાયાં એમ ? ૧૯

ઓચિંતી આંખો જતાં, કરે રુદન નર જેમ;
તેમ ખિન્ન થઈ રામ એ; રડે શોકથી એમ. ૨૦

દેખી દત્ત વદે તિહાંઃ- અરે રામ તું કોણ ?
રડે મોહથી કાં વૃથા ? કોણ તાત ? મા કોણ ? ૨૧

જોઈ જ્ઞાને અંતરે, ઓળખ તારું રૂપ;
ત્યાગી મમતા મોહ આ, થા તન્મય તદ્રૂપ, ૨૨

કહે રામઃ- સઘળું ખરું, માનું યથાર્થ તેમ;
માતૃસ્નેહ તૂટે નહીં ! કરું સદ્‌ગુરુ કેમ ? ૨૩

એક ઘડી સ્તનપાનનું દેવું માથે જેહ,
આપું ત્રિભુવન દાનમાં, તોયે મટે ન તેહ. ૨૪

શું બોલું બીજું પ્રભો ? માતા જીવન જાણ;
ગમે ન મુજને એ વિના, માતા કેવળ પ્રાણ. ૨૫

માતા માતા બોલતાં, પામ્યો મૂર્ચ્છા એમ !
દેખી સ્થિતિ મરણાન્ત એ, સતી રેણુકા તેમ ૨૬

સ્વગત વિચારેઃ- રામ આ વિણ પ્રગટ્ય કદિ એમ,
થશે શાંત ના અન્યથી ! કરી વિચાર તેમ, ૨૭

ફરશરામસંમુખ તિહાં, ભેદી ભૂતલ જાણ,
મૃગાંકસમ તન્મુખ અહા પ્રગટ્યું વેગે માન ! ૨૮

આપ્યું ચુંબન રામને, થયો રામ સંતુષ્ટ;
વંદન કરી ભાવે તિહાં, રહ્યો વિલોકી હૃષ્ટ, ૨૯

કહે દત્તઃ- સુત ધન્ય આ ! ધન્ય માત પણ તેમ !
ધન્ય પ્રેમ બેઉ તણો, કેવળ અવર્ણ્ય એમ !! ૩૦

એજ રેણુકામુખ સહુ, પૂજે આજે લોક;
વારે દુખડાં દર્શને, ટાળે સઘળો શોક. ૩૧

જે જન માહૂરે જઈ, માતૃતીર્થમાં એમ
કરી સ્નાન, જગદંબિકા પૂજે ભાવે તેમ; ૩૨

ટળે પાપ સહુ તેમનાં, શમે તાપદવ જાણ !
થાય ધન્ય ઉભયત્ર એ, પામે સુખ નિર્વાણ. ૩૩

આલિંગી ત્યાં રામને, કહે દત્ત સત્વરઃ-
સત્ય પ્રતિજ્ઞા કર હવે, મારી ક્ષત્રિય ખળ ! ૩૪

વંદી ભાવે દત્તને, રામ વેગથી એમ,
સ્નાન [1]પ્રણીતામાં કરી; મૂકે સંકલ્પ તેમ. ૩૫

કુરુક્ષેત્રમાં સર્વને બોલાવીને જાણ,
કરી યુદ્ધ ક્રોધે હણે ભૂપ સસૈન્ય માન. ૩૬

દારુણ પરશુ એહનો, વાળે કચ્ચરઘાણ;
મોટા મોટા વીર પણ છોડે ધાકે પ્રાણ. ૩૭

ત્યજે ગર્ભ ક્ષત્રિયસ્ત્રીઓ, સૂણી ગર્જના એમ;
શોધી ક્ષત્રિયમાત્રને, મારે વેગે તેમ. ૩૮

એમ પૃથ્વી ત્રિસપ્તધા કરી નિઃક્ષત્રિ જાણ,
ભરી ક્ષત્રિયલોહીથી પંચ કુંડ ત્યાં માન, ૩૯

કરી પ્રતિજ્ઞા પૂર્ણ એ, કરે રામ તર્પણ;
છોડી ક્રોધ બધો થયો શાંતચિત્ત તત્ક્ષણ. ૪૦

સ્યમંતપંચક નામથી, લોકો આજે એમ.
કુરુક્ષેત્રમાં ઓળખે કુંડ પંચ એ તેમ. ૪૧

ધોઈ શસ્ત્રો વેગથી, ત્યાંથી સત્વર જાણ.
આવી દત્તપદે નમે રામ પ્રેમથી માન. ૪૨

કહેઃ- આપના તેજથી માર્યા ક્ષત્રિય તેમ;
સમાધાન થયું હવે, કૃપા આપની એમ ! ૪૩

કોપ દુષ્ટ અનિવાર્ય એ કરે વિચાર નષ્ટ;
સૂઝે કાર્યાકાર્ય ના, થતાં કોપથી ગ્રસ્ત. ૪૪

અનિચ્છતાં અન્યાય એ, દુષ્ટ કરાવે એમ;
કેવો મૂરખ હું અહા ! થયો ક્રોધવશ તેમ. ૪૫

વેર એકનું વાળવા કીધો કેમ અનર્થ ?
કીધો સમૂળ ઘાત હા ક્ષાત્રમાત્રનો વ્યર્થ ! ૪૬

એક ભૂપને મારતાં, સમસ્ત તીર્થો એમ
તાતે મુજને ફેરવ્યો ! કાં ભૂલ્યો હું તેમ ? ૪૭

આ તો માર્યા કેટલા, ગણે કોણ નૃપ તેહ ?
થયું પાપ હા કેટલું ? ડંખે મુજને એહ ! ૪૮

માટે આવ્યો શરણ હું, કરો મને પાવન !
એમ કહી વંદે ફરી, થઈ ઉદ્વિગ્નમન. ૪૯

દત્ત કહેઃ- નૃપ દુષ્ટ એ, માર્યા વેગે એમ;
કાં અનુતાપ કરે વૃથા ? દોષ ન એમાં તેમ; ૫૦

કીધો વિનાશ દુષ્ટનો, રક્ષ્યા સજ્જન જાણ;
કરી ધર્મસંસ્થાપના; એમાં પાપ ન માન. ૫૧

થતાં પુણ્યક્ષય પાપથી, ગ્રસ્યા મૃત્યુએ તેમ;
તું તો નિમિત્તમાત્ર ત્યાં, મર્યા હાથથી એમ. ૫૨

તોએ મન જો ના ઠરે, સાંભળ મારૂં વચન;
બોલાવી બ્રહ્મર્ષિને, સોમયાગ કર પ્રત્ન.[2] ૫૩

જશે પાપ તારૂં નકી, થશે દેવ સંતુષ્ટ;
કીર્તિ ફેલાશે જગે, થશે વિપ્રજન હૃષ્ટ. ૫૪

માર્યા ક્ષત્રિય યુદ્ધમાં, જીતી પૃથ્વી એમ;
કરી યજ્ઞ હવે સુખે, ધો કલ્પિત [3]અઘ તેમ. ૫૫

સ્થિતપ્રજ્ઞ કશ્યપઋષિ, દે તેને ભૂદાન;
આપી સર્વસ્વ દક્ષિણા, થઈશ પાવન માન. ૫૬

સૂણી વચન એ દત્તનાં, સ્વીકારીને એમ,
બોલાવી ઋષિ મુનિ સહુ, કરે યજ્ઞ એ તેમ. ૫૭

અત્રિ મરીચિ અંગિરા, ક્રતુ વસિષ્ઠ જાણ;
પુલસ્ત્ય પુલહાદિક મુનિ, આવ્યા વેગે માન. ૫૮

ભરદ્વાજ કશ્યપ ભૃગુ, ગૌતમ વિશ્વામિત્ર;
અગસ્ત્ય ગર્ગાદિક અને વામદેવ પવિત્ર; ૫૯

જગદ્વંદ્ય વિખ્યાત જે જાબાલાદિક તેમ,
આવ્યા શિષ્યો સહ બધા, અગ્રગણ્ય ઋષિ એમ. ૬૦

શ્રદ્ધોત્સાહે યજ્ઞનો થયો આરંભ જાણ;
સ્વયં દત્ત આચાર્ય જ્યાં, રહે ન્યૂન શું માન ! ૬૧

યત્સ્મરણે યજ્ઞામથી થાય ન્યૂન સંપૂર્ણ;
થતાં પ્રભુ આચાર્ય એ, દોડી સાંગતા તૂર્ણ !! ૬૨

દેવો પણ પ્રત્યક્ષ ત્યાં આવી પ્રેમે તેમ,
હવિર્ભાગ સંતોષથી લે આનંદે એમ. ૬૩

ગોધન વસ્ત્રો આપીને, કર્યા વિપ્રજન તુષ્ટ;
ઈચ્છાભોજન પામીને, થયા સર્વ સંતુષ્ટ. ૬૪

૧. તન્નામક નદી. ૨. પ્રાચીન; સનાતન. ૩. પાપ.

યથાવિધિ પગ ધોઈને કશ્યપઋષિના તેમ;
પૂજન શ્રદ્ધાથી કરી, મૂકી સંકલ્પ એમ; ૬૫

આપે પૃથ્વીદાન એ રેણુકાસુત જાણ;
ધન રત્નો પણ મોદથી, દક્ષિણાર્થ ત્યમ માન. ૬૬

અંતે દત્તાચાર્યને વંદી અનન્ય એમ,
સુવર્ણધનવસ્ત્રાદિથી પૂજે ભાવે તેમ. ૬૭

આપે સઘળું દેવ એ વિપ્રવર્ગને જાણ;
આપ્તકામ ભગવાન જે, તેને ધન શું માન ? ૬૮

શેં આચાર્યપણું વળી ? ભક્તેચ્છાવશ એહ;
રીઝે દેખી [1]સુમન પણ, ભાવભૂખ્યો તેહ ! ૬૯

બેસાડી સ્વાંકે વદેઃ- રામ! ધન્ય તું જાણ;
કીધું દુષ્કર કર્મ આ, માર્યા દુષ્ટો માન. ૭૦

દુર્જય દાનવસમ અહા ! વધ્યા ક્ષત્રિયો એમ;
કર્યા સુખી સહુ લોકને, કરી યજ્ઞ આ તેમ. ૭૧

નિઃસહાય તું એકલો, વિપુલ શત્રુગણ જાણ;
માર્યા નિજ બાહુબળે, ધન્ય વીર તું માન ! ૭૨

કોણ અન્ય એવું કરે ? સ્વયં વિષ્ણુ તું એમ;
બને ન એ વિણ આ કદિ, અતુલ પરાક્રમ તેમ. ૭૩

કહે રામઃ- હું કોણ ત્યાં ? કૃપા આપની સર્વ;
નામ વધાર્યું દાસનું ! વહું વ્યર્થ કાં ગર્વ ? ૭૪

વદે પરસ્પર એમ એ, કરે લોક જયકાર !
બોલે વંદી પ્રીતથી, ધન્ય ધન્ય નિર્ધાર !! ૭૫

ભિન્ન દેહ પણ એક બે, એકરૂપ મન એક;
દેખાઓ અમને પ્રભો ! અકળ ગતિ તમ છેક. ૭૬

કરવા પાવન લોકને, ધરી આમ અવતાર,
લીલા અગમ્ય દાખવી, તારો જન નિર્ધાર. ૭૭

એમ કહી વંદન કરે, માગે આજ્ઞા તેમ;
જાય સકળ સ્વસ્થાનમાં, ગાતા કીર્તિ એમ. ૭૮

કરી સખ્ય[2] શ્રીદત્તનું, રહ્યો રામ ત્યાં જાણ;
બોધે તુષ્ટ થઈ પ્રભુ, આત્મજ્ઞાન નિર્વાણ. ૭૯

થવા જ્ઞાન સ્વરૂપનું, [3] ત્રિપુરારહસ્ય એમ
ઉપદેશે પ્રભુ પ્રીતથી, લોકકારણે તેમ; ૮૦

ઔપનિષદ તત્ત્વે ભર્યું, દિવ્ય નિરૂપણ જેહ;
યચ્છ્રવણે ભ્રાંતિ ટળે, ગળે આત્મસંદેહ. ૮૧

કહે દત્તઃ- હે રામ તું, સખા માહરો જાણ;
ચિંતી મત્પદ જા હવે, રહે તપોરત માન. ૮૨

મૂક્યું તુજમાં તેજ જે, ધરી ફરી અવતાર,
પાછું હરી લઈશ હું, થઈશ ઋષિ તું બાળ. ૮૩

સાવર્ણિક મન્વંતરે થઈશ મહર્ષિ એમ,
બ્રાહ્મીલક્ષ્મીયુક્ત તું; કર તપસ્યા તેમ. ૮૪

જા સાગરતીરે સુખે, રહે વિપ્રવત્ ધીર;
પામીશ મત્સાયુજ્ય તું, મહાકલ્પાન્તે વીર ! ૮૫

દત્તવચન એ સાંભળી, રહ્યો આશ્રમે તેમ
અલ્પ કાળ સેવા કરી, રામ પરશુધર એમ. ૮૬

પશ્ચિમસાગર પર જઈ, કરે તપોનુષ્ઠાન;
ના ઠરવા દે વિપ્ર ત્યાં, માગે ફરી ફરી દાન ! ૮૭

કહે રામઃ- સર્વસ્વ મેં આપ્યું તમને એમ;
આપી કશ્યપને મહી, રહ્યું ન કાંઈ તેમ. ૮૮

વદે વિપ્રઃ- આપી મહી ! દત્તદાન તું એમ
કેમ ભોગવે રામ હે ?બેઠો અહિંયાં કેમ ? ૮૯

સૂણી વચન, તત્ક્ષણ શરે શોષી સમુદ્ર જાણ;
ઉપજાવે ભૂખંડ ત્યાં, કોંકણ નામે માન. ૯૦

એ પણ વિપ્રો લે હરી ! તે દિનથી એ એમ,
રહી ગુપ્ત [4]ચિપળૂણમાં, કરે તપસ્યા તેમ. ૯૧

યુગાંતરે દશરથગૃહે ધરી અવતાર જાણ,
હરે તેજ શ્રીહરિ તિહાં પરશુરામનું માન. ૯૨

તે દિનથી રહી ગુપ્ત એ, કરે તપસ્યા એમ;
થશે મહાસમર્થ એ, આગળ મહર્ષિ તેમ. ૯૩

ક્ષાત્રદર્પ નિવારવા, થયો તીર્ણ એ જાણ;
દત્તસખા હર્યંશ એ, રામ પરશુધર માન. ૯૪

સ્વયં પાર્વતી રેણુકા, એમાં ના સંદેહ;
જમદગ્નિ શંકર નકી, થયા અવતીર્ણ એહ. ૯૫

થઈ વિસ્મૃતિ વેદની બ્રહ્મદેવને જાણ,
પુરા દૈવવશે કરી; થયો ખિન્ન વિધિ માન. ૯૬

વેગે માતાપુર જઈ, સ્તવે રેણુકા તેમ;
હે ગાયત્રી વાઙ્મયી ! વેદમાત તું એમ. ૯૭

થયું વિસ્મરણ વેદનું; ફરી પૂર્વવત્ માત
કરી પ્રકાશિત અંતરે, કર [5]પ્રસાદ સાક્ષાત્ ! ૯૮

બોલે દેવીઃ- દત્તને પૂછ, કહેશે એહ;
પૂછે બ્રહ્મા ત્યાં જઈ; કહેઃ- પડ્યો સંદેહ ! ૯૯

સર્વશ્રેષ્ઠ સર્વજ્ઞ તું, દત્ત દિગંબર દેવ !
વંદે દેવો પણ તને, કરે ઋષિ મુનિ સેવ. ૧૦૦

૧. (i) ફૂલ (ii) વિશુદ્ધ મન. ૨. નિરપેક્ષ મૈત્રી. ૩. સ્થૂલ, સૂક્ષ્મ ને કારણદેહાત્મક ત્રણ પુરની પ્રકાશક., દેવી ૪. કોંકણમાં એક ગામ છે. ૫. કૃપા.

કહે બુદ્ધિપ્રદીપ હે ! ભૂલ્યો દૈવે વેદ;
તુજ વિણ કો બોધે ફરી ? નિવાર સત્વર ખેદ. ૧૦૧

કરી હાસ્ય બોલે પ્રભુ:- અવિદ્યાથી જ એમ
ભૂલ્યો વેદો તું વિધે ! થયો વિમૂઢ તેમ. ૧૦૨

નાંખ્યો એણે મોહમાં નિશ્ચય તુજને માન;
વિદ્યાવિદ્યાત્મક નકી, એજ રેણુકા જાણ. ૧૦૩

રહી વર્ણમાં જે બધે, વર્ણો જેમાં એમ;
વર્ણરૂપ એ રેણુકા, ના બીજી કો તેમ. ૧૦૪

શબ્દબ્રહ્મ સાવિત્રી એ, વેદમાત તું જાણ;
કેવળ ચૈતન્યકળા, એકાદ્વિતીય માન. ૧૦૫

પ્રણવરૂપિણી એ નકી, એકવીરા[1] એમ;
એકાનેક બધે રહી, જગદ્ધાત્રી એ તેમ. ૧૦૬

સ્મરતાં એને તત્ક્ષણે, સ્ફૂરશે વેદો જાણ !
કહે વિરિંચિ:- કેમ હા ભૂલ્યો હું પણ માન ! ૧૦૭

એમ કહી ચિંતે તિહાં, દેવી ત્રિપુરા[2] તેમ;
પ્રગટી તત્ક્ષણ રેણુકા, વંદે બ્રહ્મા એમ. ૧૦૮

તન્મુખથી વેદો બધા, થયા સાંગ ઉત્પન્ન;
ગ્રહી ચતુર્મુખ ધન્ય એ, થયો જાણ પ્રસન્ન ! ૧૦૯

એવી સમર્થ રેણુકા, જોઈ રેણુનો ભાવ,
પ્રગટી પુત્રીરૂપથી; ટાળે સ્મરણે તાવ. ૧૧૦

અદ્યાપિ માહૂરગઢે, વસે પ્રત્યક્ષ એમ;
તારે ભક્તોને સદા, વારી સંકટ તેમ. ૧૧૧

અત્ર્યનસૂયાસ્થાન ત્યાં, પાસે દત્તાશ્રમ;
ધામ રેણુકાનું વળી, હરે દર્શને શ્રમ ! ૧૧૨

[3]કૃષ્ણામલકી સંનિધે, લક્ષ્મીસ્વરૂપ જાણ;
ધન્ય માહૂરગઢ અહા ! કેવળ અવર્ણ્ય માન. ૧૧૩

માતરેણુકાનું કરી દર્શન સશ્રદ્ધ એમ,
માતૃતીર્થમાં જે કરે પિંડદાન નર તેમ; ૧૧૪

થાય ગતિ તત્પિતૃની સત્વર નિશ્ચય માન;
સર્વશ્રેષ્ઠ પાવન નકી, પુણ્ય તીર્થ એ જાણ. ૧૧૫

ચાંધ્રીકઋષિના પિતૃઓ, પડ્યા નરકમાં એમ;
જાણી ચાંધ્રીક આ સ્થળે, પિંડદાન દે તેમ. ૧૧૬

થયા મુક્ત તત્ક્ષણ તિહાં ! એવું તીર્થ સમર્થ
બીજું ત્રિભુવનમાં નહીં; કરે પૂર્ણ સહુ અર્થ. ૧૧૭

સર્વતીર્થ બીજું વળી, પદ્મતીર્થ પણ તેમ;
કુષ્ઠાદિક રોગો હરે સ્નાનમાત્રથી એમ. ૧૧૮

એવું અનુપમ સ્થાન આ, જ્યાં અવધૂતે એમ
યોગાદિક બોધી, કર્યો મુક્ત અર્જુન તેમ. ૧૧૯

કર્યો અનુગ્રહ રામ પર; ધન્ય શ્રીગુરુ જાણ !
નિરાકાર પણ ભાવવશ થયા સાકાર માન !! ૧૨૦

તાર્યો અલર્કને વળી, અગમ્ય એનો ખેલ;
વિશ્વંભર પણ ના મળે, પાસે [4]અટલું ચેલ ! ૧૨૧

સૂણી નિરંજન હર્ષથી, બોલે વંદી જાણ;
આગળ અનુસંધાન એ, અપૂર્વ રસમય માન. ૧૨૨

માતૃતીર્થમહિમા કહ્યો આ અધ્યાયે એમ;
રહસ્ય ત્રિપુરાદેવીનું, કેવળ અવર્ણ્ય તેમ. ૧૨૩

સ્વયં ચતુર્મુખ મૂક જ્યાં, કોણ રાંકડો **રંગ** ?
થતાં કૃપા ગુરુદેવની, ફર્યો સમૂળો ઢંગ !! ૧૨૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
રેણુકામાહાત્મ્યવર્ણનં નામ સપ્તવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૭ ॥ દોહરા ૧૨૪

અધ્યાય ૨૮

વંદી શિષ્ય વદે ફરી:-કહો અલખ ગુરુરાય !
આગળ શ્રીગુરુની કથા, જેથી સંશય જાય. ૧

તાર્યો કેમ અલર્કને ? કોણ ભક્ત એ એમ ?
જેમ જેમ પીઉં સુધા, વધે પિપાસા તેમ ! ૨

આપું તસ્દી આપને, થાય માહરૂં કામ;
લોકોદ્ધારાર્થે ફરો, સ્વયં આપ નિષ્કામ. ૩

કહે અલખ:-સૂણ બાળ હે ! ધન્ય તાહરો પ્રશ્ન;
દુર્લભ પૃચ્છક પણ જગે, સાંભળ સાવધ કૃત્સ્ન. ૪

શત્રુજિત નામે હતો સોમવંશી નૃપ એક;
કરે શિવારાધન સદા, રાખી નિર્મલ ટેક. ૫

શિવકૃપાથી તેહને થયો એક સુત જાણ;
રૂપે તેજ:પુંજ જે, કેવળ સદ્‌ગુણખાણ. ૬

નામ ઋતુધ્વજ તેહનું, પિતૃભક્ત એ તેમ;
કરે વ્રતબંધન પિતા; શીખે વિદ્યા એમ. ૭

સર્વવિદ્યાનિપુણ એ થયો વેગથી જાણ;
ધનુર્વેદ અભ્યાસીને, શસ્ત્રાસ્ત્રજ્ઞ પ્રમાણ. ૮

૧. રેણુકા. ૨. રેણુકા. ૩. કાળું આમળાંનું ઝાડ ૪. આટલું.

રાજપુત્ર ઉદાર એ, મહાશૂર પણ તેમ;
શરણાગતવત્સલ સદા, પરદુઃખભંજન એમ. ૯

યૌવરાજ્યપદ શોભવે, ન્યાયનીતિથી જાણ;
બન્યો બનાવ અપૂર્વ ત્યાં, કેવળ અદ્‌ભુત માન. ૧૦

ગાલવમુનિ રેવાતટે રહે સ્વાશ્રમે એક;
સ્વાનુષ્ઠાને રત સદા, ધર્મમૂર્તિ જે છેક. ૧૧

પર્વકાળે એકદા, આરંભે મખ એમ
શ્રદ્ધોત્સાહે મુનિ, તિહાં નડે વિઘ્ન હા તેમ ! ૧૨

હોમધૂમ્ર દેખાય જ્યાં, દોડે અસુર મહાન્;
કરે વિધ્વંસ હોમનો પાતાલકેતુ માન. ૧૩

દૈત્ય દારુણ એ અતિ, મહાક્રૂર પણ તેમ;
નાંખી માંસાસ્થિ અહા, કરે ભ્રષ્ટ મખ એમ ! ૧૪

કંટાળ્યો મુનિ સર્વથા; કહેઃ- કરૂં શું હાય ?
કરે ઉપાધિ દૈત્ય આ, ચાલે કાંઇ ન ત્યાંય. ૧૫

શાપું ક્રોધે દૈત્ય જો, થાય તપસ્યાભંગ;
લાગે દારુણ પાપ ને, બગડે સઘળો રંગ. ૧૬

હે પરમેશ્વર ! કાં કરે ભક્તોપેક્ષા એમ ?
દીનબંધુ તુજ વિણ હવે, રક્ષક કોઉ ન તેમ. ૧૭

દૈત્યારિ તુજને કહ્યો, ધર્મસેતુ[૧] તું જાણ;
તુજ વિણ કોઇ ન આશરો, દોડ દોડ પ્રભુ માન. ૧૮

ગાંજ્યો દૈત્યોએ મુને, રહ્યા યજ્ઞ ને યાગ;
થયો લોપ સહુ કર્મનો, આવ દોડ વિભુ જાગ ! ૧૯

ત્વદ્વિશ્વાસે યજ્ઞનો, કર્યો આરંભ જાણ;
કરે વિઘ્ન દૈત્યો અહા ! કર ખલમર્દન માન. ૨૦

દીન થઇ મુનિવર તિહાં, પ્રાર્થે ઇશ્વર એમ;
રીઝ્યો દૈત્યાંતક વિભુ, કરે ચમત્કૃતિ તેમ. ૨૧

ઓચિંતો હય ઊતરે વ્યોમમાર્ગથી જાણ;
થાય દેવવાણી ક્ષણે, સૂણે ચકિત મુનિ માનઃ- ૨૨

લઈ દિવ્ય હય આ, મુને ! જા શત્રુજિત પાસ;
માગ પુત્ર નિજરક્ષણે, થશે કાર્ય તુજ ખાસ. ૨૩

ઋતુધ્વજ આ અશ્વ પર બેસી વેગે જાણ,
કરશે મર્દન દૈત્યનું; થશે યજ્ઞ તુજ માન. ૨૪

સૂણી વ્યોમવાણી મુનિ, લઈ અશ્વ એ એમ,
આવ્યો રાજગૃહે ક્ષણે; કરે પ્રાર્થના તેમ. ૨૫

કહેઃ- ભૂપ ! રેવાતટે, ગાલવમુનિ હું જાણ;
કરૂં યજ્ઞ ત્યાં દૈત્ય એ પાતાલકેતુ માન, ૨૬

કરે વિઘ્ન માંસાસ્થિથી; આજે દેવે એમ
થઇ તુષ્ટ આપ્યો મને, દિવ્ય અશ્વ આ તેમ. ૨૭

અકસ્માત એ ઊતર્યો, નભોમાર્ગથી જાણ;
થઇ વ્યોમવાણી તિહાંઃ- ચઢી આ હયે માન, ૨૮

દૈત્ય ઋતુધ્વજ મારશે ! આવ્યો માટે એમ;
આપ પુત્ર મખરક્ષણે, થશે કલ્યાણ તેમ. ૨૯

ત્રાણ[૩] કરે ક્ષતથી[૩] મુદા, ક્ષત્રિય તેજ પ્રમાણ;
વેગે મખરક્ષા કરી, કરો સાર્થ અભિધાન. ૩૦

સૂણી વચન મુનિનાં વદે, થઇ તુષ્ટ નૃપ એમઃ-
જા બેસી હય પર સુખે, માર દૈત્ય સુત તેમ. ૩૧

હોય કૃપા મુનિની તિહાં, થાય વિશ્વ અનુકૂલ;
કોણ દૈત્ય ત્યાં બાપડો ? થશે ચાટતો ધૂળ ! ૩૨

તાતવચન એ સાંભળી, પુત્ર ઋતુધ્વજ તેમ;
માતતાતચરણે નમી, લઈ અશ્વને એમ, ૩૩

આવ્યો મુનિ સહ આશ્રમે; કહેઃ- કરો શરૂઆત
નિર્ભય [૪]અધ્વરની હવે; ડરો ન કોથી, તાત ! ૩૪

દેખાડો ક્યાં દૈત્ય એ, મારૂં એને એમ !
કહે મુનીશ્વરઃ યજ્ઞનો કરૂં આરંભ તેમ. ૩૫

આવે દોડી દેખીને હોમધૂમ્ર એ જાણ;
દેખાડીશ તને તિહાં, દેખાતાં એ માન. ૩૬

રહે સજ્જ શસ્ત્રાસ્ત્રથી, માયાવી એ દુષ્ટ;
બદલે રૂપ ઘડી ઘડી, રહે દક્ષ સુધૃષ્ટ ! ૩૭

રાજપુત્ર કહેઃ- અમે નિર્ભય કેવળ એમ;
શિરચ્છત્ર તમ સમ જિહાં, કોણ દૈત્ય એ તેમ ? ૩૮

થતાં કૃપા તમ સંતની, શું દુર્લભ ગુરુનાથ ?
આવે જય દોડી સ્વયં, ના મોટી એ વાત ! ૩૯

સૂણી વચન ગાલવ કરે યજ્ઞ આરંભ એમ;
કરી સંકલ્પ પ્રેમથી, અગ્ન્યાવાહન તેમ. ૪૦

હોમધૂમ વ્યાપ્યો બધે, જોઇ વેગે એહ;
દોડ્યો વરાહરૂપથી, દારુણ [૫]દિતિસુત તેહ. ૪૧

કરે શબ્દ ઘુર ઘુર અહા ! દંષ્ટ્રા [૬]કરાલ તેમ;
ખડા કેશ શૂળો સમા, સઘળું ભીષણ એમ !! ૪૨

આવ્યો આશ્રમમાં ક્ષણે, જોઇ ગાલવ જાણ
કહેઃ- રાજસુત જો ખ્હણે, આવ્યો પેલો માન ! ૪૩

મુનિવચન એ સાંભળી, જોઇ વરાહ એમ;
ચઢી અશ્વ પર વેગથી, દોડ્યો નૃપસુત તેમ. ૪૪

૧. ધર્મની મર્યાદાનું રક્ષણ કરનાર. ૨. રક્ષણ ૩. ઘા; દુઃખ. ૪. યજ્ઞ. ૫. દૈત્ય. ૬ વિકરાળ.

લક્ષી વરાહ જોરથી, માર્યું સુતીક્ષ્ણ બાણ;
પેઠું ભેદી હૃદયમાં, તોએ ગયા ન પ્રાણ. ૪૫

વીંધાયો મર્મસ્થળે, નાઠો ડુક્કર એમ;
પૂંઠે નૃપસુત અશ્વ પર દોડ્યો વેગે તેમ. ૪૬

જઈ ભરાયો બીકથી, દૈત્ય દરીમાં એહ;
પેઠો પૂંઠે રાજસુત, ગુપ્ત માર્ગથી તેહ. ૪૭

ધન્ય ગતિ એ અશ્વની, અંધકારમાં એમ
ચાલી પાતાળે ક્ષણે આવી ઊભો તેમ. ૪૮

રત્નજડિત દેખ્યો તિહાં; દિવ્ય પ્રાસાદ[૧] એક;
સુવર્ણશિખરો ઝગઝગે, મણિમય કપાટ છેક. ૪૯

ઇંદ્રનીલભિત્તિ અહા ! મૌક્તિકતોરણ તેમ.
[૨]સોપાનો વૈદૂર્યનાં, સ્ફટિક [૩]અટ્ટગૃહ એમ. ૫૦

શોભા ઉપવનની મુખે કોણ વર્ણવે એહ ?
જોઈ વિસ્મિત એ થયો, રાજપુત્ર સહુ તેહ. ૫૧

બાંધી ઘોડો ઝાડથી, આવ્યો પાસે એમ;
દેખે દ્વારે એકલી દિવ્ય કન્યકા તેમ. ૫૨

ખેલે કંદુકથી મુદા, મુગ્ધ સુંદરી એહ;
જોઈ સંમુખ રાજવી, ચમકી તત્ક્ષણ તેહ. ૫૩

ચડે મેડી પર વેગથી ! દેખી નૃપસુત એમ,
ગયો સ્વયં પૂંઠે તિહાં, સમ્રમ માળે તેમ. ૫૪

રત્નજડિત પર્યંક પર, બીજી બેઠી ત્યાંય;
જાણે પ્રત્યક્ષ વીજળી, એવી કોમળ કાય ! ૫૫

રોમરોમમાં જેહના લસે તારુણ્ય જાણ;
મૂર્તિ સુંદરતા તણી, દિસે પ્રત્યક્ષ માન. ૫૬

બેઠી ચિંતાક્રાંત ત્યાં દેખી નૃપસુત એમ,
થાએ વિસ્મિત અંતરે; ત્યાં તો તરુણી તેમ ૫૭

જોઈ નૃપ મૂર્છિત થઈ, પડી ભૂમિ પર જાણ;
પકડી રાખે સહચરી, પેલી સાવધ માન. ૫૮

પડી રહી નિર્જીવવત્, ભાનશૂન્ય ક્ષણ તેમ;
ખિન્ન થયો નૃપ અંતરે, જોઈ એને એમ. ૫૯

કહેઃ- જોઈ મુજને નકી, બીધી ચિત્તે એહ;
પડી મૂર્છિત ભૂમિ પર ! એમાં શો સંદેહ ? ૬૦

દેખાએ ગૃહ રમ્ય આ, ના નર કોઈ તેમ;
સ્ત્રીરત્નો બે એકલાં; વસે વિશ્વસ્ત એમ; ૬૧

એકાન્તે જ્યાં એકલી હોય સ્ત્રીઓ ત્યાં જાણ,
જાતાં દોષ કહ્યો બહુ; માટે અહીંથી માન ૬૨

ફરવું પાછું, એજ છે નીતિ યથાર્થ એમ !
એમ વિચારી જ્યાં ફરે પાછો ભૂપતિ તેમ, ૬૩

ત્યાં તો પેલી ઊઠીને રડે દીનમુખ જાણ;
જોઈ નૃપ પાછી પડે, થાય નિઃસંજ્ઞ[૪] માન. ૬૪

વદે સખી નૃપને તિહાંઃ- ક્યાંથી આવ્યા આમ ?
કોણ તમે? કાં નીસરો ? કરો ભલે આરામ. ૬૫

કહે રાજસુતઃ- આ સ્થળે કોઈ પુરુષ ન એમ,
ખમચાએ મન માહરું; કરું વિશ્રાંતિ કેમ ? ૬૬

કોણ તમે શૂન્ય સ્થળે, વસો એકલાં એમ ?
પામે મૂર્છા કેમ આ ? કહો સવિસ્તર તેમ. ૬૭

સૂણી વચન પેલી કરે ગૂઢ ઇસારો જાણ;
છોડે [૫]તિગ્મ શ્વાસ હા જોઈ નૃપને માન ! ૬૮

પંખો નાંખી એહને કરી સુસાવધ એમ ;
તત્સંજ્ઞાથી સહચરી વદે ભૂપને તેમઃ- ૬૯

આપ્યું દર્શન આવીને, આજે આપે દેવ !
જોઈ મૂર્છિત એ પડે, ઇચ્છી પગની સેવ. ૭૦

કામાનલથી વ્યાપ્ત એ, થાએ વ્યાકુળ એમ;
આપ ક્ષોભકારણ નકી, વદું સત્ય હું તેમ. ૭૧

વિશ્વાવસુ ગંધર્વની કન્યા સુંદર એહ;
હરણ કરી આણે ઇહાં પાતાલકેતુ તેહ. ૭૨

મદાલસા લાવણ્યની લતિકા કેવળ એમ;
દૈવે તત્સહ આપનો થયો સંગ આ તેમ. ૭૩

વરવા ઇચ્છે એહને, દૈત્ય કુલાધમ એહ;
આણી તત્ક્ષણ ક્રીડવા, થયો પ્રવૃત્ત તેહ. ૭૪

ખસેડવા એને કહ્યું, આણે ત્યારે એમઃ-
લગ્ન થયા વિણ અમ કુળે, કરે ભોગ ના તેમ. ૭૫

બલાત્કારથી તોય તું કરીશ એવું જાણ,
કરીશ પ્રાણત્યાગ હું, નિશ્ચય મનમાં માન ! ૭૬

ત્યારે આનું માનીને, કરવા વિવાહ એમ;
પૂછી શુક્રાચાર્યને, કાઢ્યું મુહૂર્ત તેમ. ૭૭

કાલે ત્રયોદશી દિને, બલાત્કારથી એહ
થશે લગ્ન; માટે મથે ત્યજવા જીવિત તેહ. ૭૮

ગયો દૈત્ય કાલે જ એ, છોડી અમને એમ;
ઊઠી ત્યજવા પ્રાણ આ, જોઈ સંધિ[૬] તેમ. ૭૯

કામધેનુ આવી તિહાં વદેઃ- ત્યાગ મા પ્રાણ;
માની મારું મદાલસા ! રાખ ધૈર્ય તું જાણ. ૮૦

૧. મહેલ. ૨. નીસરણી; સીડી. ૩. અગાસી. ૪. બેભાન. ૫. તીક્ષ્ણ. ૬. અવસર; લાગ.

વીંધી કાલે દૈત્યને, એક વીર નર એમ
આવી મળશે આ સ્થળે; વરશે તુજને તેમ. ૮૧

લાયક તુજને એ નકી, મદનમનોહર જાણ;
થા પકડી તત્કર સુખી, મા આમ ત્યજ પ્રાણ ! ૮૨

કહી એમ સુરભિ ક્ષણે, થઈ ગુપ્ત એ ત્યાંજ;
વીંધાયો ખલ તેમ એ, બન્યું તેવું જ આજ. ૮૩

વરાહરૂપે એ ગયો, હમણાં અહીંથી એમ;
વીંધ્યો કોણે કો લહે ? ગયો હાંફતો તેમ. ૮૪

થઈ વિદ્ધ પાતાલમાં જઈ ભરાયો એહ;
જોઈ પાછળ આપને, થયો દૂર સંદેહ. ૮૫

વીંધ્યો આપે એ નકી, લાગે મુજને એમ;
કોણ દેવ તમે કહો, ઠરે ચિત્ત આ તેમ. ૮૬

નામ કુંડલા માહરૂં, તાપસકન્યા એમ;
વસું હિમાચલે સદા, રહું યોગરત તેમ. ૮૭

બાળસખી હું એહની, ઊછરી સાથે એમ;
રમતાં ગંધર્વાત્મજા[1] સાથે કોડે તેમ. ૮૮

હરણ કરી આનું જતાં, વ્યોમમાર્ગથી એહ;
દીઠો દાનવ દુષ્ટ મેં, પ્રાર્થ્યો વિનયે તેહ. ૮૯

સૂણી રુદન આનું તિહાં, દોડી વેગે તેમ;
કરવા હિત આનું કહ્યું: મને લઈ જા એમ. ૯૦

મુજ વિણ એને નહિ ગમે, કરશે અખંડ દુઃખ,
જા માટે મુજને લઈ, થશે બેઉને સુખ. ૯૧

દૈવે પલળ્યો દુષ્ટ એ, આણી મુજને સાથ;
થયું સફળ એ આવવું, આપદર્શને નાથ ! ૯૨

કહ્યું સર્વ મેં આપને, કહો આપ પણ તેમ;
આપી દર્શન દીનને, કીધાં કૃતાર્થ એમ. ૯૩

સૂણી ભૂપસુત એ વદે:- નથી દેવ હું જાણ;
રાજપુત્ર ભૂતલ વિષે રહું યથાર્થ માન. ૯૪

સોમવંશી નૃપ શત્રુજિત, તાત માહરો એમ;
નામ ઋતુધ્વજ માહરૂં, પિતૃભક્ત હું તેમ. ૯૫

કરવા રક્ષણ યજ્ઞનું ગાલવમુનિના જાણ,
તાતે મુજને મોકલ્યો; આવ્યો તદર્થ માન. ૯૬

મુન્યાશ્રમમાં દૈત્ય એ વરાહરૂપી એમ,
વીંધાયો મુજ હાથથી, નાઠો વેગે તેમ. ૯૭

પેઠો આજ ગુફા મહીં ! કરવા એની શોધ,
આવ્યો પાછળ હું અહીં, થયો અકલ્પિત મોદ !! ૯૮

શોધું દાનવ એ હવે, મારૂં એને એમ;
પાળું આજ્ઞા તાતની, થશે સર્વ શુભ તેમ. ૯૯

કહે કુંડલા:- ધૃષ્ટ એ, બન્ને ભાઈ દુષ્ટ;
પાતાલકેતુ જ્યેષ્ઠ ત્યાં, તાલકેતુ કનિષ્ઠ. ૧૦૦

રહે બેઉ જણ આ સ્થળે, પીડે ત્રિલોક એમ;
થયા ગુપ્ત પાતાલમાં, રહ્યા સંતાઈ તેમ. ૧૦૧

થાકી આખર આવશે, મરશે પાપે એહ;
ખૂટ્યું પુણ્ય હવે નકી, એમાં ના સંદેહ. ૧૦૨

એક વિનંતિ માહરી, કરો માન્ય પણ એમ;
પવિત્ર કન્યા આ નકી, વરો એહને તેમ. ૧૦૩

ઝાલી કર એને કરો, સત્વર શોકવિમુક્ત;
કીર્તિ ફેલાશે જગે, કરો આટલું યુક્ત. ૧૦૪

યોગિમાન્ય આ કન્યકા, ના તત્સમ કો અન્ય;
વરી એહને રાજસુત ! થાઓ સત્વર ધન્ય. ૧૦૫

ના માનો જો માહરૂં, કરો અનાદર તેમ,
ત્યજશે જીવિત એ નકી; વરશે ના ખળ એમ. ૧૦૬

દૈત્યાધીન થશે નહીં પ્રાણાન્તે પણ એમ;
સિંહપુત્રી શિયાળને પચે કહો એ કેમ ? ૧૦૭

દૈવે આવી શરણ આ, ના તરછોડો દેવ !
વરી ધન્ય થાઓ જગે, દુર્લભ એની સેવ. ૧૦૮

વિનવે એમ ફરી ફરી, સખી કુંડલા એહ;
માને ના નૃપ અંતરે ! કહે:- અઘટિત તેહ. ૧૦૯

ધન્ય જિતેન્દ્રિય એ નકી, ડગે ન ચિત્તે એમ;
સ્ત્રીસાન્નિધ્યે લેશ પણ, થાય ન વિકૃત તેમ ! ૧૧૦

કહે:- સાંભળ્યું સર્વ મેં ઇચ્છે મુજને એહ;
તોએ મન માને નહીં, રહે સાશંક તેહ. ૧૧૧

ધર્મશીલ હું જાણ તું, કરૂં અધર્મ ન તેમ;
કોણ દાન એનું કરે ? થાય કુલસ્ત્રી કેમ ? ૧૧૨

દેવદ્વિજસાન્નિધ્યમાં અગ્નિસમીપે એમ,
પરણે નૃપજન કન્યકા, સાક્ષી અત્ર ન તેમ ! ૧૧૩

એકાન્તે મોહે અહીં વરતાં એને જાણ,
પાપ દારુણ લાગશે; થશે [2]અનુતાપ માન. ૧૧૪

કહે કુંડલા:- શું વદો ? કરી સ્વયંવર એમ,
વરે કન્યકા જો સ્વયં, કોણ દોષ દે તેમ ? ૧૧૫

આ તો ગંધર્વાત્મજા ! કરી ગાંધર્વવિવાહ,
વરતાં એને પાપ ના; થાશે વાહવાહ !! ૧૧૬

૧. કન્યા ૨. ક્લેશ

કુલાચાર પણ અન્ય ના, જુઓ વિચારી એમ;
વરી શું ન શકુંતલા, દુષ્યંતે પણ તેમ ? ૧૧૭

સૂર્યચંદ્રવંશે બધે, માન્ય સ્વયંવર એહ;
શ્રેષ્ઠ વિધિ ગાંધર્વ એ; એમાં શો સંદેહ ? ૧૧૮

તોએ માગો સાક્ષી જો, ધ્યાને કુલગુરુ એમ
બોલાવું સત્વર અહીં; વરો નિઃશંક તેમ. ૧૧૯

કહે ભૂપઃ- ગુરુ હોય તો, એથી રૂડું ન આન;
વાંધો મુજને ના પછી, થશે સંતોષ જાણ. ૧૨૦

સૂણી કુંડલા ધ્યાનથી બોલાવે ગુરુ તેમ;
લઈ સમિત્કુશ વેગથી, આવ્યા કુલગુરુ એમ. ૧૨૧

કથ્યું કુંડલાએ બધું; સૂણી કહે ગુરુ જાણઃ-
દૈવે પુણ્ય મુહૂર્ત આ, તત્સમ અન્ય ન માન. ૧૨૨

કિંચિત્ દુર્બલ એક ગ્રહ, બીજું સઘળું ઠીક;
કરાવશે કદિ શોક એ, તોય ન ઝાઝી બીક ! ૧૨૩

એમ કહી સત્વર કરે, યોજકાગ્નિ[1] તૈયાર;
પાણિગ્રહણ યથાવિધિ સ્વયં કરાવે સાર. ૧૨૪

વર્ત્યો પરમાનંદ ત્યાં, થઈ મદાસલા હૃષ્ટ;
આપી આશિષ સર્વને, ગયા કુલગુરુ તુષ્ટ. ૧૨૫

મદાલસા બોલેઃ- સખી ! કીધો તેં ઉપકાર;
નહિં તો કયાંથી ભાગ્ય આ ? થાત બધે ફિટકાર ! ૧૨૬

કહે કુંડલાઃ- શ્રીહરિ રીઝ્યા આજે જાણ;
માન પા'ડ એનો નકી, હું તો નિમિત્ત માન. ૧૨૭

થઈ પૂર્ણ મનકામના, આજે તારી એમ;
જોઈ તુષ્ટ થઈ હવે, જાઉં હુંએ તેમ ૧૨૮

સોંપી તુજને પતિકરે, કરવા તપ સાધન.
રહે સુખી પતિચરણમાં પાતિવ્રત્યનિમગ્ન. ૧૨૯

થઈ ગળીગળી એ સૂણી મદાલસા ત્યાં એમ;
બોલેઃ- તુજનું શું ફરી થશે ન દર્શન તેમ ? ૧૩૦

ભૂલાએ ના સ્નેહ આ, કુંડલા તુજ જાણ;
માતાથીએ તેં કર્યો, આ ઉપકાર મહાન ! ૧૩૧

એમ કહી ભેટી પડી, વહે પ્રેમાશ્રુ એમ;
કુંડલા પણ ગળગળી, રડે પ્રેમથી તેમ ! ૧૩૨

કહેઃ- ધન્ય તું ! કાં કરે ચિંતા આમ સુજાણ ?
દૈવ મોટું તાહરૂં, મા કર તું અનુમાન. ૧૩૩

જાઉં તપ કરવા હવે ! એમ કહીને એહ,
ગઈ હિમાલય પર મુદા, સખી કુંડલા તેહ. ૧૩૪

થયો પત્ની સહ અશ્વ પર વેગે ભૂપ સવાર;
ત્યાં તો આવ્યો દૈત્ય એ, લઈ સૈન્ય નિર્ધાર. ૧૩૫

કરે ગર્જના જોરથી પાતાલકેતુ એહ;
કહેઃ- ચોર ! સ્ત્રીરત્ન ક્યાં હરે માહરૂં તેહ ? ૧૩૬

ન્હોતો હું ઘરમાં અરે ! આવ્યો ત્યારે એમ !
નાઠો ચોરી માહરી પ્રિયા ભામટા કેમ ? ૧૩૭

જાણે ના મુજને હજી, આવ્યો તારો કાળ !
સંહારૂં કુળ સહ તને, ઊભો રહે તત્કાળ. ૧૩૮

કહે ભૂપઃ- જાણ્યો તને, નાઠો ત્યારે તેમ
બચાવવા નિજ પ્રાણને, વાગ્યો શર જ્યાં એમ ! ૧૩૯

ગયું હતું ક્યાં જોર ત્યાં ? મિથ્યા કરે પ્રલાપ ?
જોઉં સ્હામો આવ તું, કેવો દિવ્ય પ્રતાપ ! ૧૪૦

કન્યા આ ગંધર્વની, ચોરી જાતે, ઘંટ !
કહે ચોર તું અન્યને ? છેદું તારો કંઠ ! ! ૧૪૧

કરી સ્વયંવર આ વરી, જાતે મુજને જાણ;
સાક્ષી બ્રાહ્મણ અગ્નિ ત્યાં કરૂં બંધ તુજ વાણ ! ૧૪૨

સૂણી વચન એ ઊછળ્યો, ક્રોધે દૈત્ય પ્રમાણ;
લઈ સૈન્ય તૂટી પડ્યો, રાજપુત્ર પર માન. ૧૪૩

થયું યુદ્ધ દારુણ તિહાં, ડગે ન ભૂપતિ તેમ;
કરી ઈષ્ટચિંતન, કરે મારો અચૂક એમ. ૧૪૪

કર્યું સૈન્ય જર્જર સહુ, માર્યા અગણિત વીર;
ઘાયલનો ત્યાં પાર ના, પામ્યા મૂર્છા ધીર. ૧૪૫

નાઠા જીવ લઈ બધા ! જોઈ સત્વર એમ,
તોડી શિર પાડ્યો ક્ષણે પાતાલકેતુ તેમ. ૧૪૬

ન્હાનો ભાઈ એહનો તાલકેતુ જે જાણ,
છોડી રણ પાતાલમાં જઈ ભરાયો માન. ૧૪૭

લઈ અશ્વ પર મોદથી મદાલસા નૃપ એમ,
આવી ગાલવને કહે વૃત્ત સકળ એ તેમ. ૧૪૮

આપે આશિષ મુનિ તિહાં, થઈ સંતુષ્ટ જાણ;
કહેઃ- કાર્ય મારૂં હવે થશે નિર્વિઘ્ન માન. ૧૪૯

કીધો તેં ઉપકાર આ, રહે સુખી ચિરકાળ;
આપે આજ્ઞા પ્રેમથી, કહી એમ તત્કાળ. ૧૫૦

વંદન કરી મુનિચરણમાં, ત્યાંથી વેગે એમ
આવ્યો સ્ત્રી સહ નગરમાં, જાણ્યું તાતે તેમ. ૧૫૧

શણગારી નગરી બધી; આપી બહુ સન્માન,
આણ્યાં સામૈયું કરી, સ્નુષા પુત્ર એ માન. ૧૫૨

જોઈ સ્નુષામુખ અંતરે થયો ભૂપ સંતુષ્ટ;
દેખી વિજયી પુત્રને, થયો અતિશે હૃષ્ટ. ૧૫૩

૧. વિવાહકાલે પ્રગટાવવામાં આવતો અગ્નિ.

વાદ્યઘોષથી નગરમાં, આણ્યો વેગે એમ;
કુવલયાશ્વ અભિધાન ત્યાં પાડ્યું પ્રેમે તેમ. ૧૫૪

ધનવસ્ત્રાદિક આપીને, કર્યા વિપ્ર સંતુષ્ટ;
વ્હેંચી સાકર નગરમાં, થયા લોક પ્રહૃષ્ટ. ૧૫૫

જયજયકાર કરે સહુ, વર્ત્યો ઉત્સવ એમ;
મદાલસા સહ પુત્ર ત્યાં વંદે નૃપપદ તેમ. ૧૫૬

કથે સકળ વિસ્તારથી, વૃત્ત લગ્નનું જાણ;
થયું આશ્ચર્ય સર્વને; કહેઃ- ધન્ય સુત માન. ૧૫૭

દેવલોકનું રત્ન આ, પામ્યો દૈવે તેમ;
નૂતન ભૂમંડલ મહીં, અપૂર્વ કેવળ એમ ! ૧૫૮

વિનયનમ્ર સુશીલ એ, મદાલસા પણ જાણ;
વર્તી ધર્મે, સર્વને કરે સંતુષ્ટ માન. ૧૫૯

માની પતિ ઈશ્વર સ્વયં, રાખે અનન્ય પ્રેમ;
રહે અનુકૂલ સર્વદા, આજ્ઞાધારક તેમ. ૧૬૦

ચક્રવાકસમ મિથુન[1] એ, કરે કિલ્લોલ જાણ;
ત્યાં તો ઓચિંતું તિહાં, આવ્યું સંકટ માન. ૧૬૧

વેર ભાઈનું વાળવા તાલકેતુ એ એમ
કરે વિઘ્ન દારુણ અહા ! આગળ વર્ણન તેમ. ૧૬૨

સર્વ એક સમ ના કદિ, દિવસ કોઈના જાય;
રેંટમાળ સમ માનવી દશાયંત્ર પલટાય ! ૧૬૩

વધી પાતાલકેતુને, આ અધ્યાયે એમ
કુવલયાશ્વ મદાલસા વરે, વર્ણવ્યું તેમ. ૧૬૪

રંગ કહે, આવ્યો હવે અનુપમ કથા પ્રસંગ;
રાખી શ્રદ્ધા અંતરે, સુણો ત્યજી દુઃસંગ !! ૧૬૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
કુવલયાશ્વેન મદાલસાવરણં નામ અષ્ટાવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૮ ॥ દોહરા ૧૬૫

અધ્યાય ૨૯

અલખ નિરંજનને કહેઃ- તાલકેતુ એ જાણ
વેર વાળવા ભાઈનું, મથે અહર્નિશ માન. ૧

એક દિવસ નૃપપુત્ર એ, શિકાર માટે એમ
ગયો અરણ્યે એકલો; દેખે દિતિસુત તેમ. ૨

કહેઃ- સંધિ આ ઠીક છે, વેર વાળવા જાણ !
એમ કહી માયાબળે, દિવ્ય તપોવન માન ૩

નિર્મી, કપટી મુનિ થઈ બેઠો અંદર એમ;
જટાજૂટ બાંધી શિરે, ભસ્મ લગાડી તેમ. ૪

લઈ ગોમુખી હાથમાં, કરે બ્હારથી જાપ;
ધરે ધ્યાન બક સમ અહા ! ભર્યું પેટમાં પાપ !! ૫

જતાં ભૂપસુત માર્ગમાં દેખે આશ્રમ એહ;
કહેઃ- કોણ વસે મહીં ? આશ્રમ સુંદર તેહ. ૬

શોભે છાયાવૃક્ષ આ, શાન્ત શ્વાપદો[2] તેમ;
વહે મંદ ઝરણાં અહા ! સઘળું અનુપમ એમ. ૭

નૂતન કોણ વસે અહીં, ઋષિ તાપસી અન્ય ?
જોઉં અંદર, દર્શને થાઉં એના ધન્ય ! ૮

કહી એમ અંદર ગયો; જોઈ મુનિને તેમ,
થયો પ્રફુલ્લિત અંતરે; વંદે ભાવે એમ. ૯

બોલેઃ- દર્શનથી થયો કૃતાર્થ આજે, દેવ !
કીધો પાવન દાસને, કહો કરું શી સેવ ? ૧૦

એમ કહી વંદન કરે ! પૂછે કપટી તેમઃ-
કોણ ભૂપ તું આ સ્થળે, આવ્યો ક્યાંથી એમ ? ૧૧

બોલે નૃપસુતઃ- શત્રુજિત તાત માહરો જાણ;
કુવલયાશ્વ હું ખેલતો આવ્યો મૃગયા માન. ૧૨

ધન્ય આજનો દિન અહા ! થયું અમૂલ્ય દર્શન !
કહે કપટીઃ- સુધન્ય તું ! સાંભળ મારૂં વચન. ૧૩

આરંભ્યો મખ, પણ નહીં દક્ષિણાર્થ ધન જાણઃ-
દક્ષિણા વિણ યજ્ઞ એ, કેવળ તામસ માન ! ૧૪

કહે ભૂપઃ- જઈ નગરમાં આણું સત્વર એમ;
આપો આજ્ઞા દાસને, કહો કેટલું તેમ. ૧૫

ના તોટો ભંડારમાં, સાથે કાંઈ ન હંત;
આવ્યો મૃગયાર્થે અહીં, ખાલી હાથે સંત ! ૧૬

વદે કપટીઃ- નિરિચ્છ હું ! કેમ આપવો ત્રાસ ?
સ્વપ્રે સંગ્રહ ના કરું, મુને ન એવી આશ. ૧૭

કંઠે કંઠી આ દિસે ! મળે મને જો એહ,
થાય કાર્ય મારૂં નકી; આપ ભૂપસુત તેહ. ૧૮

વિશેષ ઈચ્છા ના મુને; જો માને મન તેમ,
આપ આટલી નૃપતિ હે ! થશે કાર્ય મુજ એમ. ૧૯

વદે સ્વગત નૃપસુત તિહાંઃ- કંઠી કોણ જ માત્ર ?
ક્ષણભંગુર દોલત બધી; દિસે ઋષિ સત્પાત્ર ! ૨૦

૧. જોડું ૨. હિંસ્ર પ્રાણીઓ.

આપું એને એ સુખે !! એમ વિચારી એહ,
અર્પે સત્વર કંઠી ત્યાં ! કહે લઈ ખલ તેહઃ- ૨૧

વેગે દર્શન વરુણનું, કરી આવું હું જાણ;
બેસ અહીં આશિષ પછી આપીશ તુજને માન. ૨૨

કહે 'તથાસ્તુ' ભૂપ ત્યાં બેઠો સુસ્થિર તેમ;
આવ્યો કપટી નગરમાં, કરતો ક્રંદન એમ ! ૨૩

રાજદ્વારે જઈ વદે મદાલસાને જાણ,
રાજા સન્નિધઃ- હા થયો કેર કારમો માન ! ૨૪

માર્યો દૈત્યે તુજ પતિ, કુવલયાશ્વ વન માંહ્ય;
તાલકેતુએ કપટથી કરી યુદ્ધ ત્યાં હાય ! ૨૫

દેખી એને એકલો, તૂટ્યા દૈત્યો એમ;
સ્મરી બંધુવધ દુષ્ટ એ, તાલકેતુ પણ તેમ. ૨૬

લડ્યો તુજ પતિ શૌર્યથી, દૈવે તોએ જાણ.
વિંધાઈ નીચે પડ્યો દૈત્યબાણથી માન. ૨૭

લઈ અશ્વ દૈત્યો ગયા, થઈ સંતુષ્ટ તેમ;
લેવા સમિધા હું તિહાં, ગયો વન મહીં એમ. ૨૮

જોઈ નૃપસુત હું ગયો, સત્વર તેની પાસ;
આપી કંઠી મુજ કરે, વધ્યો એ મુને ખાસઃ- ૨૯

આપ આ જઈ તું સ્વયં મદાલસાને એમ;
આશ્વાસન આ એહને, મરી જતાં હું તેમ. ૩૦

એમ કહી તત્ક્ષણ ત્યજે પ્રાણ એ તુજ કંથ;
બાળ્યો વન્યજને અહા ! થયો ગજબ હા હંત !! ૩૧

કહેવા સત્વર એ અહીં, આવ્યો હું પણ જાણ;
જાઉં પાછો વન વિષે, કરવા તપોનુષ્ઠાન. ૩૨

એમ કહી, કંઠી તિહાં મૂકી વેગે એમ;
એજ પગે પાછો ફર્યો દુષ્ટ દૈત્ય એ તેમ. ૩૩

પુત્રનિધન[1] એ સાંભળી, રડે ભૂપ સ્ત્રીવત્;
કુટે માથું પથ્થરે, સ્મરી પુત્રગુણ તર્ત. ૩૪

મદાલસા મૂર્છિત પડી ! ક્ષણે આવતાં ભાન,
સંભારી પતિગુણ રડે; દ્રવે સૂણતાં ખ્હાણ ! ૩૫

કૂટે છાતી શિર અહા ! તોડે મસ્તકવાળ;
ફરી ફરી મૂર્છિત પડે ! ફૂટ્યું કહે કપાળ !! ૩૬

છોડી મુજને એકલી, ગયો નાથ ક્યાં આજ ?
તુજ વિણ કાંઇ નવ ગમે, વ્યર્થ સંપત્તિ રાજ ! ૩૭

શું કરવું સૌન્દર્ય આ ? હાથી ઘોડા તેમ ?
પ્રાણેશ્વર વિણ પ્રાણ પણ, લાગે દુશ્મન એમ ! ૩૮

જળ વિણ જેવી માછલી, તેવી પતિ વિણ નાર;
મરે તરફડી સર્વથા, ખાય સર્વનો માર ! ૩૯

ધિક્ દારુણ વૈધવ્ય એ ! ડગલે ડગલે દુઃખ !
કૂદું અગ્નિમાં જઈ, પામું એથી સુખ !! ૪૦

સહગમન પાવન નકી, તારે કુળ નિર્ધાર;
રમે પતિ સહ સ્વર્ગમાં, સાધ્વી અનંત કાળ. ૪૧

આપી કંથે કંઠી આ; માની પ્રસાદ એહ,
અગ્નિપ્રવેશ કરું સુખે ! કરું કેમ સંદેહ ? ૪૨

એમ કહી કૂદી પડી, લઈ કંઠી કર માંહ્ય;
ધરી ધ્યાન પતિનું મુદા, અગ્નિ માંહ્ય વરકાય ! ૪૩

વર્ત્યો હાહાકાર ત્યાં, બધે નગરમાં એમ;
કહે ભૂપઃ- જીવી હવે કરવું મારે કેમ ? ૪૪

બાલ્યે યન્માતા મરે, તારુણ્યે સ્ત્રી જાણ;
વાર્દ્ધક્યે પુત્રો મરે, પાપી ન તત્સમાન. ૪૫

પરવાર્યો હું સર્વથા, ગયાં સ્નુષા[2] સુત તેમ;
વ્યર્થ હવે કાં જીવવું ? જાઉં હુંએ એમ ! ૪૬

એમ કહી મૂર્છિત પડે, સ્મરી પુત્રગુણ ત્યાંય;
ઊઠી કૂટે શોકથી છાતી મસ્તક હાય ! ૪૭

આશ્વાસન આપે સહુ, તોએ શમે ન શોક;
કહેઃ- પ્રાણ ત્યજી હવે સાધું હું પરલોક ! ૪૮

આવ્યો કપટી આશ્રમે, વેગે પેલો એમ;
કહેઃ- રાજસુત ધન્ય તું, ઉદાર અનન્ય તેમ. ૪૯

કીધું મારૂં કાર્ય તેં, થયો તુષ્ટ હું જાણ;
રહે સુખી જા સર્વદા, આશિષ મારી માન. ૫૦

કર આરામ અહીં ભલે, ચાહે જો દિલ તેમ !
કહે ભૂપઃ- પાછો હવે જાઉં સત્વર એમ. ૫૧

થયો વિલંબ અહીં બહુ, ચિંતા કરશે સર્વ !
બોલે કપટીઃ- જા ભલે ! રક્ષો તુજને [3]શર્વ ! ૫૨

કપટ એહનું ના લહે, રાજપુત્ર એ જાણ;
સૂણી વચન વંદન કરી, ગયો નિઃશંક માન. ૫૩

બોલે ઘુવડ ત્યાં અહા ! થયો સાશંક એમ;
કહેઃ- દુઃખ શું આવશે ? સ્ફુરે[4] વામાંગ કેમ ? ૫૪

હોજો પિતા સુખી પુરે ! કહી એમ, હરિનામ
લેતો ચાલે વેગથી; દિસે શૂન્ય સહુ ધામ ! ૫૫

વર્તે શોક બધે અહા ! થાય ન ઉત્સવ ક્યાં;
દીવા સરખા ના દિસે !! થયું શું હશે હાય ? ૫૬

૧. પુત્રનું મરણ. ૨. પુત્રવધૂ ૩. શંકર ૪. ફરકે; કંપે

એમ દુઃખ કરતો તિહાં, રાજમંદિરે જાણ
આવ્યો તો ત્યાં સાંભળે વિલાપ દારુણ માન. ૫૭

દોડ્યો ગભરાઈ મહીં; જોઈ તાત સન્મુખ,
આળોટે જઈ ચરણમાં ! દેખી એનું મુખ, ૫૮

કહે સ્વગત નૃપ અંતરેઃ- આવ્યો ક્યાંથી એમ ?
હશે ભૂત વા સ્વપ્ન આ ? સૂઝે કાંઈ ન તેમ. ૫૯

જાણી મારૂં દુઃખ વા, ભેજ્યો દેવે એહ ?
હતો કપટી વા શું મુનિ ? રહ્યો તોય સંદેહ ! ૬૦

હોય મુનિ જો કપટી એ, ક્યાંથી આણે એમ
કંઠી એ મુજ પુત્રની ? બન્યું આ બધું કેમ ? ૬૧

હોય સત્ય જો પુત્ર આ, બળી મૂઈ તન્નાર !
કહું દુઃખ એ કેમ હું ? ગઈ સતી સુકુમાર !! ૬૨

ઊભો ચિંતામગ્ન ત્યાં, દેખી એને એમ;
કુવલયાશ્વ બોલેઃ- પિતા ખિન્ન કાં તમે તેમ ? ૬૩

કર્યું અપમાન કોઈએ, કહો તાત શું એમ;
છેદું મસ્તક એહનું, કરૂં ન શંકા તેમ. ૬૪

છોડું વા દંડાર્હ કો ? રક્ષું કોથી કોણ ?
કરૂં ધનિક કો રંકને ? હણું ધનમત્ત કોણ ? ૬૫

કહો વસે શું ચિત્તમાં, કરશો મા અનુમાન;
ખાઈ સોગન આપના, બોલું સત્ય પ્રમાણ. ૬૬

પ્રાણપ્રિય જે માહરી, મદાલસા પણ એમ
કાઢી મૂકું જો કહો, હોય દુઃખકર તેમ. ૬૭

મદાલસાનું નામ ત્યાં, સૂણી વદે નૃપ આમ;
કરડી જીભઃ- અહા હવે વૃથા પુત્ર તન્નામ ! ૬૮

હા હા પુત્ર ! સૂણી અરે ખબર અશુભ તુજ જાણ,
ગઈ સતી પરલોકમાં; કહું શું તને માન ? ૬૯

હા ! હા ! મદાલસા ! કહી, પડ્યો ભૂમિ પર એમ;
પૂછે સુત સાવધ કરી, [1]વૃત્ત તાતને તેમ. ૭૦

કહે ભૂપઃ- તું વન મહીં, ગયો પુત્ર ત્યાં જાણ;
આવ્યો એક મુનિ ઈહાં, કરતો ક્રંદન માન. ૭૧

આપી કંઠી તાહરી, વધ્યો અશુભ એ એમ;
સૂણી વૃત્ત તત્ક્ષણ સ્નુષા, શોકે તારા તેમ ૭૨

અગ્નિપ્રવેશ કરે મુદા, લઈ હાથમાં જાણ
કંઠી પ્રસાદ તાહરો અંતઃકાળનો માન. ૭૩

થયો અનર્થ આ નકી, કોણ તાપસી એહ ?
વ્યર્થ બળી મૂઈ સ્નુષા, આવ્યો ના સંદેહ ! ૭૪

કહે રાજસુતઃ- તાત હે ! જતાં અરણ્યે એમ,
દેખ્યો આશ્રમ એક ત્યાં; પેઠો અંદર તેમ. ૭૫

હતો મુનિ ત્યાં કપટી એ; માગી એણે જાણ
દક્ષિણાર્થ કંઠી તિહાં; આપી મેં પણ માન. ૭૬

ના જાણ્યો મેં એહને થયો ઉત્પાત એમ;
હવે ઓળખ્યો દુષ્ટ એ, તાલકેતુ ખલ તેમ. ૭૭

કરી ઉપેક્ષા એહની પૂર્વે ત્યારે આમ,
હોત ખબર તો ના કદિ ફાવત એ ઉદ્દામ. ૭૮

શૂરે શત્રુ મૂળથી, હણવો સાવધ જાણ;
નહિ તો આખર દુઃખનું, થાએ કારણ માન. ૭૯

અગ્નિશેષ ઋણશેષ ને શત્રુશેષ પણ તેમ,
શોક કરાવે આખરે; અનુભવવાણી એમ. ૮૦

થયું ના થયું ના થશે, થઈ દગ્ધ પ્રિય નાર !
દુઃસહ વિરહાગ્નિ અહા, નકી પ્રત્યક્ષ કાળ !! ૮૧

થવા મુક્ત ઋણથી હવે, કરૂં સંકલ્પ એમઃ-
આ જન્મે તદ્વિણ કદિ, નાન્ય ભોગવું તેમ. ૮૨

ઓઢે શાલ, ન તે કદિ રીઝે દેખી ખાલ;[2]
તેમ અન્ય સ્ત્રી ના ગમે, જતાં દિવ્ય એ નાર. ૮૩

કરી સંકલ્પ એહવો, થઈ ખિન્ન સુત એમ;
છોડી વૈભવ વન મહીં વસે એકલો તેમ. ૮૪

પુત્ર અશ્વતરનાગના, બંધુદ્વય ત્યાં જાણ
આવ્યા દૈવે એકદા, ફરતા સ્વચ્છંદ માન. ૮૫

વાનપ્રસ્થ સમ એ દિસે, સુંદર બ્રાહ્મણ જેમ;
જોઈ નૃપસુત વંદીને, આપે આસન તેમ. ૮૬

વાતચીત કરતાં ક્રમે; દેખી સમાન શીલ;[3]
થયું સખ્ય અન્યોન્ય ત્યાં, જાણે એકજ દિલ. ૮૭

આવે પ્રતિદિન એમ એ, રમે એકઠા એમ;
જાય ગૃહે સ્હાંજે ફરી, કરી આનંદ તેમ. ૮૮

બૃહસ્પતિ સમ બુદ્ધિમાં, રૂપે મદન સમાન;
પરાક્રમે દેવેન્દ્ર સમ, રાજપુત્ર એ માન. ૮૯

દેખી નાગસુતો કરે કૌતુક અતિશે એમ;
માની તાપસસુત રમે રાજા તત્સહ તેમ. ૯૦

ગમે ન નૃપને એ વિના, ઘડી એક પણ જાણ;
જતાં દિવસ આનંદથી, એમ એક દિન માન ૯૧

વદે નાગસુત ભૂપની જોઈ આંખો લાલ,
હસી વિનોદે પ્રેમથીઃ- કેમ થયું શું કાલ ? ૯૨

૧. હકીકત. ૨. ચામડું. ૩. સ્વભાવ.

ભાભીએ ના જંપવા દીધા રાતે કેમ ?
ઉજાગરે આ નેત્ર પણ દિસે આરક્ત તેમ ? ૯૩

સૂણી વચન એ એમનાં, કરે શોક નૃપ ત્યાંય;
વદેઃ- જવા દો વાત એ; જીવ માહરો જાય ! ૯૪

બોલે ખિન્ન થઈ તિહાં, નાગપુત્રઃ- હે મિત્ર !
વિસ્તારી અમને કહે, વૃત્ત એ બધું ચિત્ર. ૯૫

કહ્યે દુઃખ નિજ મિત્રને, બોજો હલકો થાય;
ગણી દુઃખ પોતા તણું, બોધે મિત્ર ઉપાય. ૯૬

કહે સવિસ્તર ભૂપ ત્યાં, કરે નાગ અતિ દુઃખ;
આવ્યા શોકાતુર ગૃહે, દિસે મ્લાનમુખ મૂક. ૯૭

બોલે ના પુરૂં મુખે; છોડી ભોગવિલાસ,
સ્મરી મિત્રદુઃખ એકલા, બેસે સદા ઉદાસ ! ૯૮

ખિન્નવદન જોઈ વદે, પિતા એમને એમઃ
કહો દુઃખકારણ મુને, દિસો ખિન્ન કાં તેમ. ૯૯

બોલે સુતઃ- ભૂલોકમાં સોમવંશી નૃપ એક;
નામ શત્રુજિત તેહનું, તત્સુત નિશ્ચલ ટેક. ૧૦૦

કુવલયાશ્વ નામે વસે, મિત્ર અમારો એહ;
તદ્દુઃખે દુઃખિત અમે; લાગે સ્મશાન ગેહ ! ૧૦૧

મિત્રદુઃખ જોઈ ન જે થાએ દુઃખિત આમ,
ના માણસ તે ખર નકી; લેવું નામ હરામ ! ૧૦૨

નાગ કહેઃ- મુજને કહો મિત્રદુઃખ એ એમ;
કરૂં પ્રતિકાર એહનો યોજી ઉપાય તેમ. ૧૦૩

મિત્રો અવશ્ય મિત્રનું, કરવું શતધા કામ;
કહો ભૂપસુત કેમ એ દુઃખી પુત્રો આમ. ૧૦૪

તાતવચન એ સાંભળી, વદે નાગસુત તેમઃ-
વિશ્વાવસુગંધર્વની કન્યા અનુપમ એમ. ૧૦૫

મદાલસા નામે હતી મિત્રસ્ત્રી અમ જાણ;
યોગિમાન્ય [1]વરાનના, લાવણ્યમૂર્તિ માન. ૧૦૬

એક દિવસ અમ મિત્ર એ, જતાં વન વિષે એમ;
આવી કપટી દાનવે કહ્યું એહને તેમઃ ૧૦૭

મરી ગયો તુજ પતિ અહા ! સૂણી સુંદરી જાણ;
અગ્નિપ્રવેશ કરે તિહાં, પતિપ્રેમથી માન. ૧૦૮

આવી દેખે મિત્ર એ, થાએ દુઃખિત તેમ;
કરે પ્રતિજ્ઞા, ના કદિ રમું અન્યથી એમ. ૧૦૯

પત્નીવિરહે મિત્ર ત્યાં, ઝૂરે અતિશે એમ;
ના અમથી જોવાય એ, શોક એહનો તેમ. ૧૧૦

આત્મા સર્વેન્દ્રિય તણો રાજા નિશ્ચય જાણ;
ભોગ ભોગવી, જ્ઞાનથી થાએ પ્રશાન્ત માન. ૧૧૧

રહે વાસનાબીજ જો, પામે વિનાશ તેમ;
માટે યત્ને એહને, કરવો સંતુષ્ટ એમ. ૧૧૨

મિત્રકાર્ય દુર્ઘટ અતિ, લાગે અમને એમ !
કહે નાગઃ- હું યત્નથી કરીશ નૃપહિત તેમ. ૧૧૩

ના દુષ્કર તપથી કશું ! એમ કહીને જાણ
કરે યત્ન શો **રંગ** એ, આગળ વર્ણન માન. ૧૧૪

મદાલસાવિરહે કરે દુઃખ ભૂપસુત કેમ,
આ અધ્યાયે વર્ણવ્યું, કેવળ અપૂર્વ તેમ ! ૧૧૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
કુવલયાશ્વશોકવર્ણનં નામ એકોનત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૨૯ ॥ દોહરા ૧૧૫

અધ્યાય ૩૦

કરી પ્રતિજ્ઞા એમ એ, નાગ અશ્વતર જાણ
આવ્યો હિમગિરિ પર તિહાં, [2]કંબલાહિ સહ માન. ૧

તીર્થ પ્લક્ષાવરણ જે, સર્વ સિદ્ધિપ્રદ એમ;
આવી વેગે ત્યાં કરે અનુષ્ઠાન એ તેમ. ૨

સાધી આસન પ્રાણને કરી સુસંયત જાણ;
જિતાહાર સ્થિર ચિત્તથી, કરે સરસ્વતીધ્યાન. ૩

કહેઃ- બોબડા બોલ આ, સ્તુતિ માહરી એમ;
લે સ્વીકારી માત હે ! બાલવાક્યવત્ તેમ. ૪

સમુદ્રજીવનથી મુદા પૂજે સમુદ્ર જેમ;
દીવે રવિની આરતી, જાણ સ્તુતિ આ તેમ. ૫

આપી સ્ફૂર્તિ વાઙ્મયી, બોલાવે તું જાણ;
બોલે બાળક તેમ આ, સત્ય ભારતી માન. ૬

દશ્ય વિશ્વ આ જે બધું, કેવળ તે ત્વદ્રૂપ;
ભિન્ન કોણ હું ત્યાં કહે, સ્તવું કેમ અરૂપ ? ૭

જડ દશ્યાત્મક ક્ષર નકી, ભોક્તા જીવ અક્ષર;
તું તો બધાથી પાર મા, કેવળ સાક્ષી અમર. ૮

પરપોટા પાણી મહીં, જીવેશ્વર આ તેમ;
ત્વદ્રૂપે ભાસે અહીં, ઉપાધિભેદે એમ. ૯

પ્રણવરૂપિણી ભાસ્વતી, ગુણસ્વામિની જાણ;
અર્ધમાત્રા ચિન્મયી, નિર્વિકાર પ્રમાણ. ૧૦

૧. સુંદર મુખવાળી. ૨. કંબલનાગ

ક્રિયાતીત તું ભામિની, ભુક્તિમુક્તિપ્રદ એમ;
સ્વરવર્ણાદિ પ્રકાશીને, સાધે [1]વ્યવહૃતિ તેમ. ૧૧

યજ્ઞાદિકનું મૂળ તું, સર્વપ્રકાશક જાણ;
વિદ્યાદેવી સરસ્વતી, વેદયોનિ[2] તું માન. ૧૨

નિરાધાર આધાર તું, સર્વકારણ એમ;
સર્વવ્યાપક તાહરૂં લહે રૂપ કો તેમ ? ૧૩

મંગલ તારૂં ધામ એ જાણે સુભક્ત કોક,
ધ્યાન અહર્નિશ જે ધરે; બીજાં ફાંફાં ફોક ! ૧૪

ઈહામુત્ર ફલભોગથી થઈ વિરક્ત જેહ,
ગ્રહે શરણ તારૂં સદા, તૂટે તત્સંદેહ. ૧૫

વંદું સરસ્વતી તને, ફરી ફરીથી એમ;
સ્વભક્તહૃન્નિવાસિની, થા મા પ્રસન્ન તેમ. ૧૬

(શાંત હો શ્રીગુરુ દત્તા - રાહ)

અયિ માત સરસ્વતી નમીએ, પદપંકજ ભાવે ચૂમીએ...ધ્રુ ૦

વરવર્ણિની વંદન કરીએ, ભવસાગર પાર ઉતરીએ;
શબ્દે શબ્દાતિગ વરીએ, ધ્યાને તુજ મૂર્તિ ધરીએ;
આપી સદ્‌બુદ્ધિ માડી, કર પુષ્પિત આ હૃદ્વાડી,
ચાલ૦ દુર્બુદ્ધિ કચરો કાઢી ! દાડી તુજ નામ સ્મરીએ !!...અયિ...૧

તવ શરણે રહી કાં ડરીએ ? સ્વાનંદે નિર્ભય ફરીએ;
પામી અક્ષય સુખ રમીએ, દુઃખો સઘળાં વિસરીએ;
હૃદ્‌ધ્વાંત નિવારી સર્વ, સંહારી દુર્નય ગર્વ,
ચાલ૦ દેખાડ તૂર્ણ તું શર્વ ! ચરણે તુજ તન્મય થઈએ !! ...અયિ...૨.

[3]કવિકુલગુરુ ગાતાં દોડી, સત્વર કાર્યાંતર છોડી;
બુદ્ધિના બંધો તોડી, કીધો કૃતકૃત્ય રમાડી;
કીધો કાં આજ વિલંબ ? તરછોડ્યો કાં શિશુ અંબ ?
ચાલ૦ ત્વદ્વિણ ના અન્યાલંબ ! છોડી તુજને કયાં જઈએ !!...અયિ...૩

નિગમાગમ જેના શ્વાસ, બ્રહ્મા હરિ શંકર દાસ;
નાસે યન્નામે ત્રાસ, અનુકૂલ કટાક્ષે ખાસ;
પાડા વેદો ઉચ્ચારે, મૂગે વાચસ્પતિ હારે,
ચાલ૦ મૂષક [4]હરિદર્પ નિવારે; ના સંશય એમાં જરીએ !...અયિ...૪

દોષો અમ સર્વ વિસારી, આગંતુક આધિ ટાળી,
દુઃશંકામૂળ વિદારી, લે બાળક આ ઉદ્ધારી;
બેસી હંસે ઉમંગે, લે સત્વર મા ઉત્સંગે,[5]
ચાલ૦ નાદામૃત પાઈ **રંગે,** કર પાવન; પાયે પડીને !!...અયિ...૫

સૂણી સ્તવન એવું તિહાં, થઈ સરસ્વતી તુષ્ટ;
બોલે પ્રગટ થઈ મુદાઃ- માગો વર પ્રહૃષ્ટ. ૧૭

દેખે સંનિધ નાગ ત્યાં, બેઠી હંસે એમ;
વીણાદંડ કરે ગ્રહી, અક્ષમાળ પણ તેમ. ૧૮

શ્વેતવસન શ્વેતાંગી એ, મૂર્તિ ચતુર્ભુજ આમ;
દેખી સન્મુખ શારદા, કરે નાગ પ્રણામ. ૧૯

કહેઃ- માત પ્રસન્ન જો, ગાનશક્તિ દે પૂર્ણ;
કંબલને પણ તેમ આ, ઉત્તમોત્તમ તૂર્ણ. ૨૦

આલાપાદિ યથાવિધિ, રાગરાગિણી તેમ;
યથાસાંગ ગાયનકલા, અમ બંનેને એમ. ૨૧

મંજુલ સ્વર કોકિલ સમો, કોમલ મધુર ગભીર;
સૂણી થાય હર તુષ્ટ ને આપે અભીષ્ટ ધીર. ૨૨

વદે 'તથાસ્તુ' સરસ્વતી, આપ્યું તમને તેમ;
નાદરહસ્ય બધું નકી, રાગ સાંગ પણ એમ. ૨૩

મધુર સ્વન તમ સાંભળી, તાન સુમંજુલ તેમ;
ગ્રહમંડલ પણ ડોલશે, સહ તારાગણ એમ. ૨૪

૧. સંસારનો વ્યવહાર. ૨. વેદનું મૂળ. ૩. વાલ્મીકિ. ૪. સિંહનો ગર્વ. ૫. ખોળામાં. ૬. સંસારરૂપી રંગભૂમિમાં

ત્યજી નૃત્ય શંકર મુદા, સાંભળશે એ ગાન;
કરી હાસ્ય આનંદથી, દેશે વરપ્રદાન ! ૨૫

આપી વર એવો તિહાં થઈ સરસ્વતી ગુપ્ત;
નાગદ્વય કૈલાસમાં આવ્યા વેગે તૂપ્ત. ૨૬

બેસી ઉપવનમાં કરે ગાયન સુંદર તેમ;
રાગરાગિણી સહ અહા ! સાધી દૈવત એમ. ૨૭

બેસાડી વાદ્યો તણો મેળ યથાવિધિ જાણ;
યથાકાલ આલાપ ને તાલ ધ્વનિ લય માન. ૨૮

શિશુશરણાગતતારક સાંબ વન્દે વિજયાવર હર સાંબ ।
વનવાસિન્ વનચરનુત સાંબ કૃપયોદ્ધર માં દરહર સાંબ ॥ ૧ ॥
હતત્રિપુરાસુર સુરવર સાંબ સુમનોર્ચિત મંગલકર સાંબ ।
૨વિચંદ્રાનલલોચન સાંબ મદનાંતક મદનાશક સાંબ ॥ ૨ ॥
શખસ્વન શમથપ્રદ સાંબ શટાશીર્ષ શશિભૂષણ સાંબ ।
કર્પૂરાભ ક્ષણકર સાંબ કમલસુકોમલ કમનદ સાંબ ॥ ૩ ॥
૨સનાતિગ રસવર્ધક સાંબ દક્ષયજ્ઞવિધ્વંસક સાંબ ।
ગૌરીહર ગંગાધર સાંબ ગણવંદિત મર્દિતગજ સાંબ ॥ ૪ ॥
રીઢારીઢાવર્જિત[૧] સાંબ રેવાતાત સ્વર્ચિત સાંબ ।
શંબમિત્ર[૨] શયુલાંછિત[૩] સાંબ શિતિકંઠ સ્થિરવાંછિત સાંબ ॥ ૫ ॥
વદાવંદિત વનિહર સાંબ વન્યવધૂટીવંચિત સાંબ ।
દેશિકવર ખલદૂષિત સાંબ દિવ્યવિભૂતિવિભૂષિત સાંબ ॥ ૬ ॥
ગંજાસ્થિત ગણનાયક સાંબ જય ગરલપ ગતિદાયક સાંબ ।
ગાયત્રાનંદિત નટ સાંબ દંડિતલટ પિંગટજટ સાંબ ॥ ૭ ॥
ધનપતિહિત ધનદુર્લભ સાંબ ધનકવિદૂર[૪] ધ્રુવ મુદ[૫] સાંબ ।
૨જસાનુપ્રિયમંદિર[૬] સાંબ **રંગ**હૃષ્ટમુખચંદિર સાંબ ॥ ૮ ॥
મીમાંસક વરચેષ્ટિત સાંબ જય યોગીશ્વરવેષ્ટિત સાંબ ।
શંકાશૂન્ય સનાતન સાંબ પાહિ કૃપાધન શર્મદ સાંબ ॥ ૯ ॥

હૃદયંગમ લય સાંભળી, તાન સુકોમલ તેમ,
યથાસાંગ મંજુલ અતિ, રીઝ્યા શંભુ એમ. ૨૯

આવી ડોલે ત્યાં મુદા ભોલાશંકર જાણ;
કહેઃ- ધન્ય સુધન્ય આ દિવ્ય તમારૂં ગાન ! ૩૦

ભેદી મારા કર્ણને, વ્યાપ્યું નખશિખાન્ત;
સૂણ્યું ના આવું કદિ, ગાન મનોહર કાન્ત ! ૩૧

હરે સર્વને જે સ્વયં, તેથી હર એ જાણ;
વીંધાતાં મન ગાનથી, થયો તુષ્ટ શિવ માન. ૩૨

હો ! હો ! ગાન અપૂર્વ આ ! નાદ અલૌકિક તેમ !
થયો આનંદ અંતરે ! માગ માગ વર એમ !! ૩૩

ગર્જી એમ વદે મુદા, નાચે ભોલાનાથ;
દેખે સંમુખ નાગ ત્યાં, ઊભા ગજાસ્યતાત. ૩૪

બેસી નંદી પર હસે, સાથે ઉમિયા તેમ;
પંચવદન [૭]અહિવલય એ, શોભે સાયુધ એમ. ૩૫

ગજચર્માવૃત દેહ હા ! ભાલે ચન્દ્ર સુહાય;
વહે ગંગ ખળખળ શિરે, નીલકંઠ [૮]સિતકાય ! ૩૬

જોઈ અનુપમ રૂપ એ, નમે અશ્વતર જાણ;
કહેઃ- દેવ પ્રસન્ન જો, આપો આ વરદાન. ૩૭

કુવલયાશ્વની જે સતી, મદાલસા અભિધાન,
દૈત્યકપટથી અગ્નિમાં પડી ત્યજે નિજ પ્રાણ; ૩૮

થાઓ એ મુજ કન્યકા, પૂર્વરૂપગુણયુક્ત !
પતિવ્રતા જાતિસ્મરા[૯], બ્રહ્મનિષ્ઠ ભયમુક્ત. ૩૯

યોગિમાત વરેણ્ય જે, બ્રહ્મવાદિની તેમ,
થાઓ દુહિતા માહરી, સ્વયં યોગિની એમ. ૪૦

ના દુષ્કર આ આપને, ભલે અન્યને તેમ;
ના માગું બીજું કશું, આપો સ્મરહર એમ !! ૪૧

નાગવચન એ સાંભળી, બોલે શિવ પ્રસન્નઃ-
જા આપ્યો વર એ તને, મા અહિવર થા સન્ન. ૪૨

૧. માનાપમાનવર્જિત. ૨. દીનબંધુ ૩. સર્પવિભૂષિત. ૪. લોભથી દૂર. ૫. મુક્તિ આપનાર. ૬. અંતઃકરણ (ભક્તોનું) એજ જેનું પ્રિય મંદિર છે તે. ૭. સર્પ એજ જેનાં કડાં છે તે. ૮. શ્વેત. ૯. પૂર્વ જન્મ સ્મરનારી.

જઈ ઘેર શ્રદ્ધા થકી શ્રાદ્ધકર્મ કર તેમ;
દે પત્નીને ભક્ષવા મધ્યપિંડ સપ્રેમ. ૪૩

ચિંતી સ્વરૂપ એહનું, પિંડ ભક્ષતાં જાણ;
શ્વાસમાર્ગથી સુંદરી નકી પ્રગટશે માન. ૪૪

એમ કહી શંકર તિહાં ગુપ્ત વેગથી થાય;
વંદન કરી સદ્‌ભાવથી, નાગ રસાતલ જાય. ૪૫

આવી ઘેર, યથાવિધિ સત્વર શ્રાદ્ધવિધાન
કરી, કરાવે પ્રેમથી પિંડપ્રાશન જાણ. ૪૬

ચિંતી શિવ અંતર વિષે, સ્મરી યથાશ્રુત રૂપ;
ભક્ષે પિંડ યથાવિધિ નાગસ્ત્રી સુખરૂપ. ૪૭

ચાલ્યા શ્વાસ અપાર ત્યાં, થયા પ્રાણ વ્યાકુળ;
પડ્યો શ્વસનમાર્ગે ક્ષણે પિંડ એક ત્યાં સ્થૂલ. ૪૮

તેજઃપુંજ શરીર એ મદાલસાનું જાણ;
એજ રૂપ એજ ધ્વનિ, એજ વર્ણગુણ માન. ૪૯

અંગુષ્ઠાકારે પડ્યું, પ્રથમ અચેતન એમ;
વધ્યું પૂર્વવત્ ક્ષણમહીં, દિસે સચેતન તેમ. ૫૦

પૂર્વસ્મૃતિ કાયમ રહી, સ્મરે ન અગ્નિપ્રવેશ;
સંભારી પતિગુણ રડે, તોડે દુઃખે કેશ ! ૫૧

કહેઃ- હન્ત ! કાં રે ગયા ત્યજી નાથજી એમ,
હડસેલી મુજને અહા ! દુઃખસાગરે તેમ ? ૫૨

મૂકું માથું ચરણમાં, કરો ક્ષમા અપરાધ;
આપો દર્શન વેગથી; કાં ન સાંભળો સાદ ? ૫૩

આવો સત્વર નાથ હે ! નહિ તો કંઠી સાથ,
કરીશ અગ્નિપ્રવેશ હું; થશે તમારી વાત !! ૫૪

એમ વિલાપ કરી તિહાં, કરવા અગ્નિપ્રવેશ
ઊઠી વેગે યોગિની, મદાલસા વરવેષ. ૫૫

જોઈ વિસ્મિત એ થયો નાગ અશ્વતર એમ;
કહેઃ- સ્મરણ આને નહીં દેહદહનનું તેમ. ૫૬

માટે સહગમનાર્થ એ, દોડે આમ સુજાણ !
એમ કહી યુક્તિ થકી સમજાવીને જાણ, ૫૭

રાખી અંતઃપુર મહીં, કરી સુરક્ષણ તેમ;
બોલાવી નિજ પુત્રને, કહે સુદક્ષ એમઃ- ૫૮

લાવો રાજાને અહીં, કહ્યા વિના આ વાત;
થશે તૂર્ત અન્યોન્યની ઈચ્છા અહીં સાક્ષાત્. ૫૯

આવ્યા તાપસવેષથી, નાગપુત્ર એ તેમ;
કહેઃ- મિત્ર ! અમ આશ્રમે આવ આજ તું એમ. ૬૦

ઈચ્છે તુજને દેખવા તાત અમારા જાણ;
આવીશું પાછા ક્ષણે, મા કર તું અનુમાન. ૬૧

સૂણી વચન એ મિત્રનાં, કહી 'તથાસ્તુ' તેમ
ઊઠ્યો નૃપસુત પ્રેમથી, નાગપુત્ર સહ એમ. ૬૨

કહે પ્રેમબંધન ન આ યુક્ત તોડવું તેમ;
આવું તમ સહ આશ્રમે, ચાલો સત્વર એમ. ૬૩

આપે સ્વીકારે મુદા, કહે ગુહ્ય અન્યોન્ય,
ખાય ખવાડે પ્રેમથી, દિવ્ય પ્રેમ એ ધન્ય ! ૬૪

વાતો કરતા ગોમતીતીરે આવ્યા એમ;
ઝાલે નૃપકર નાગસુત, જવા જલ મહીં તેમ. ૬૫

ચમક્યો નૃપ અંતર વિષે, જોઈ સાહસ એમ;
કહેઃ- કોણ બોલો તમે, થાય મને સંદેહ ! ૬૬

માની વનસ્થસુત રમ્યો આજ સુધી હું એમ;
જોઉં વિચિત્ર આજ કાં ? કહો સવિસ્તર તેમ. ૬૭

કરી હાસ્ય બોલે તિહાં નાગપુત્ર એ જાણઃ-
નાગ અશ્વતર જે નકી, ઈશ્વરભક્ત સુજાણ ૬૮

કરે વાસ પાતાલમાં ! અમે તત્સુતો જાણ;
તેડી પાતાળે તુને જઈએ સ્નેહે માન. ૬૯

થશે તાતદર્શન તિહાં, મા કર શંકા એમ;
થા નિર્ભય ચિત્તે અરે ! અમે ન બીજા તેમ. ૭૦

એમ કહી વેગે તિહાં, યોગપ્રભાવે જાણ
લઈ ગયા પાતાળમાં તાતદર્શને માન. ૭૧

રચના એ પાતાળની, દિવ્ય ધામ સહુ તેમ;
જોઈ નૃપસુત અંતરે, થયો પ્રફુલ્લિત એમ. ૭૨

વંદે ભાવે નાગને, થયો અશ્વતર હૃષ્ટ;
આપે આલિંગન મુદા, સૂંઘે મસ્તક તુષ્ટ. ૭૩

ચિરં જીવ સમ્રાટ્ સુખી આપે આશિષ એમ !
બોલે ભૂપઃ- સુધન્ય હું ! થયું અલૌકિક તેમ ૭૪

દર્શન આજે આપનું, મિત્રાયોગથી ધન્ય !
કીધો પાવન દાસને; વંદું ચરણ અનન્ય !! ૭૫

દૈવે માટી ખોદતાં, લાગે નિધાન હાથ;
તેમ આજ થયું અહા ! કૃતાર્થ હું સાક્ષાત્ ! ૭૬

કહે નાગઃ- જોવા તને હતો હુંએ ઉત્સુક;
આવ્યો અવસર આજ એ, ભાગી દર્શનભૂખ. ૭૭

થયું તુષ્ટ મન માહરૂં, જોઈ તુજને તેમ;
વર્ણન પુત્રે જે કર્યું, સઘળું યથાર્થ એમ. ૭૮

સર્વગુણાઢ્ય સુશીલ તું, માગ ઈષ્ટ વરદાન;
આપું નિશ્ચય એ નકી, મા કર તું અનુમાન ! ૭૯

કહે ભૂપસુતઃ- આપની કૃપાદૃષ્ટિ મુજ પર
રહો અખંડ; બીજું શું માગું હે અહિવર ? ૮૦

આપકૃપાથી તાતના રાષ્ટ્રે સઘળું પૂર્ણ;
રહો ચિત્ત ધર્મે સદા, માગું એકજ તૂર્ણ. ૮૧

પિતૃ દેવ અતિથિ તણી થાઓ સેવા તેમ !
બોલે નાગઃ- યથાર્થ એ, સિદ્ધિ અહર્નિશ એમ !! ૮૨

ધર્મે રત તું સર્વદા, પિતૃભક્ત પણ જાણ;
થા લોકપ્રિય ભૂપ હે ! આશિષ મારી માન. ૮૩

માગ અન્ય પણ જો કંઈ, હોએ ઈપ્સિત તેમ !
સૂણી મિત્રમુખ એ જુએ, ભૂપ શરમથી એમ. ૮૪

જાણી ઈંગિત[1] એહનું, વદે નાગસુત ધન્યઃ-
મદાલસા વિણ તાત હે ! ના ઇચ્છે એ અન્ય. ૮૫

રટે અહર્નિશ એહને, ચિંતે અન્ય ન એમ !
કહે નાગઃ- દૈવે અહા ! થઈ દગ્ધ એ તેમ. ૮૬

થાય યોગ ભૂતો તણો; દૈવે વિયોગ તેમ;
શોક ન કરવો એહનો, જાણી સુજ્ઞે એમ. ૮૭

તોએ ઇચ્છા થાય જો, માયાનિર્મિત જાણ
દેખાડું સત્વર તુને, પ્રિયા તાહરી માન. ૮૮

એમ કહી બોલાવીને, મદાલસાને તેમ
દેખાડે અહિ દૂરથી; થયો મુગ્ધ નૃપ એમ ! ૮૯

અહા પ્રિયા કયાંથી અહીં ? કહી એમ સત્વર
દોડ્યો સ્નેહે ભેટવા, ત્યાં તો અહિવર કર ૯૦

ઝાલી ખાળે એહને; કહેઃ- ભૂપ ! મા એમ
થા ઘેલો છેક જ અહીં, માયા એ તો તેમ ! ૯૧

માયામય એ પૂતળી, ભલે દૂરથી દેખ;
થશે અદૃશ્ય સ્પર્શતાં, રાખ કાંઇ વિવેક. ૯૨

કાં ભૂલે માયા થકી, છોડી વિચાર એમ ?
રાખ ધૈર્ય અંતર વિષે, મા વિહ્વળ થા તેમ ! ૯૩

બોધે એમ અનેકધા, નાગ અશ્વતર જાણ;
ત્યાગી તોએ સ્ત્રૈણવત્ [2]હ્રી, દોડે એ માન. ૯૪

હા [3]વલ્લભા ! કહી પડે મૂર્છિત તત્ક્ષણ તેમ !
જોઇ દુઃસહ એ સ્થિતિ, નાગ અશ્વતર એમ ૯૫

ઊઠાડી પ્રેમે તિહાં, આપે સાંત્વન જાણ;
કહેઃ- શોક મા કર હવે, થા સાવધ નૃપ માન. ૯૬

પ્રિયા એ જ તારી નકી, થઈ જીવતી તેમ
શિવપ્રસાદે જાણ તું; થા આનંદિત એમ. ૯૭

એમ કહી સંતોષથી, આપી કન્યાદાન
યથાવિધિ, રત્નાદિથી કર્યો તુષ્ટ નૃપ માન. ૯૮

કૃપા સરસ્વતીમાતની, પ્રસાદ શિવનો તેમ;
સૂણી સવિસ્તર ભૂપ એ થયો સુવિસ્મિત એમ. ૯૯

મદાલસા પણ જોઇને થઈ કાન્ત એ હૃષ્ટ;
વર્ત્યો અત્યાનંદ ત્યાં, વદે ભૂપ સંતુષ્ટઃ- ૧૦૦

કેમ ભૂલું ઉપકાર આ ? કેવળ અપૂર્વ એહ !
કલ્પે બદલો ના વળે, અર્પું ચરણે દેહ !! ૧૦૧

એમ કહી દિન અલ્પ ત્યાં રહી સસ્ત્રીક જાણ,
અમૃતપાન કરી સુખે, વંદી નાગપદ માન, ૧૦૨

માગી આજ્ઞા, મિત્ર સહ આવ્યો રાષ્ટ્રે એમ;
આવી વેગે નગરમાં ખબર કહાવે તેમ. ૧૦૩

સૂણી શત્રુજિત એ થયો હૃષ્ટ અતિશય જાણ;
આવ્યો સ્હામો પૌર સહ, લેવા હર્ષે માન. ૧૦૪

જોઈ મદાલસા તિહાં, કહે સાશ્ચર્ય સર્વઃ
આવી પાછી કેમ આ ? રીઝ્યા નિશ્ચય શર્વ ! ૧૦૫

એજ રૂપ ગુણ આકૃતિ, શબ્દ વર્ણ વય તેમ;
એજ પૂર્વસ્વભાવ હા ! અપૂર્વાશ્ચર્ય એમ !! ૧૦૬

કહી એમ અન્યોન્ય એ, થાએ વિસ્મિત જાણ;
કહે ભૂપઃ- બળી મૂઈ ક્યાંથી આવે માન ! ૧૦૭

એમ કહી ભેટી પડ્યો; જઈ પુત્રને તેમ;
ન્હવડાવી પ્રેમાશ્રુથી રડે ગળગળો એમ. ૧૦૮

કહેઃ- પુત્ર સુધન્ય તું, ભાગ્યશાળી સુજાણ;
સર્વવંદ્ય તુજ સમ નહીં અન્ય ભૂ વિષે માન. ૧૦૯

દેવલોકની કન્યકા, વર્યો પુણ્યથી એમ;
દૈવે નષ્ટ થતાં, ફરી પાછી આણી તેમ. ૧૧૦

કીધી કીર્તિ ત્રિભુવને ! વદે આમ ત્યાં જાણ,
આવ્યા દોડી પૌરજન, વર્ત્યો ઉત્સવ માન. ૧૧૧

શણગારી નગરી બધી, બાંધી તોરણ તેમ;
ધજાપતાકા ફરફરે, વાગે વાદ્યો એમ. ૧૧૨

છાંટ્યું ચંદનજળ બધે, ઊડે ફુવારા જાણ;
લાજાપુષ્પે કન્યકા તેમ વધાવે માન. ૧૧૩

એમ વાજતે ગાજતે, કરે નગરપ્રવેશ
રાજપુત્રા આનંદથી; હરે દર્શને ક્લેશ. ૧૧૪

યથાયોગ્ય સત્કારથી સંતોષે સહુ એમ;
વંદી પિતૃપદ ભાવથી, કથે સર્વ સપ્રેમ. ૧૧૫

કહેઃ- તાત ! ઉપકાર આ સર્વ આમનો જાણ;
ઉદાર બંને નાગ એ મળ્યા દૈવથી માન. ૧૧૬

૧. મનનો ભાવ. ૨. લજ્જા. ૩. પ્રિયા.

દુઃખે વસતાં વન મહીં, થયા મિત્ર એ એમ;
કહ્યું અશ્વતરતાતને દુઃખ માહરૂં તેમ. ૧૧૭

કરી તપસ્યા હિમનગે, દારુણ એણે જાણ;
સરસ્વતી શિવ રીઝવી, માગ્યું અપૂર્વ દાન. ૧૧૮

એ વરદાને આ થઈ ફરી ઉત્પન્ન એમ;
આપી મુજને દાન એ નાગે સમાન તેમ ! ૧૧૯

સૂણી વચન એ પુત્રનાં કહેઃ- આશ્ચર્ય એહ;
થયું તુષ્ટ મન માહરું, થયો દૂર સંદેહ. ૧૨૦

સતી દક્ષકન્યા પુરા, વરી શર્વને તેમ;
થઈ દગ્ધ જન્મી ફરી, હિમનગગેહે એમ. ૧૨૧

વરે પાર્વતી એ ફરી મહાદેવને જાણ;
મદાલસા પણ તેમ આ, વરે તે જ પતિ માન. ૧૨૨

ધન્ય તપોબળ એહનું, તાર્યું અમ કુળ એમ;
નિર્મલ ગંગાજળ સમું, શીલ એહનું તેમ ! ૧૨૩

એમ કહી પ્રેમે તિહાં, નાગપુત્રને જાણ
સન્માની ભાવે અતિ, આપે વિદાય માન. ૧૨૪

આપ્યાં ભોજન વિપ્રને, કર્યા તુષ્ટ યાચક;
વર્ત્યો ઉત્સવ એક ત્યાં, રહ્યું લેશ ના [1]અક. ૧૨૫

ઊઠી મદાલસા ફરી શિવપ્રસાદે એમ;
અલખ નિરંજનને કહે, આ અધ્યાયે તેમ. ૧૨૬

સોંપી રાજ્ય સુપુત્રને, જશે તાત વન માંહ્ય;
આગળ અનુસંધાન એ, **રંગ** પ્રેમથી ગાય. ૧૨૭

થાશે અમૃતવૃષ્ટિ ત્યાં, ધર્મમેઘની જાણ;
હરખાશે ચાતક સુધી, રડશે વાયસ માન ! ૧૨૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે મદાલસાપુનરુજ્જીવનં નામ ત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૦ ॥ દોહરા ૧૨૮ ગીત ૨ (ખંડ પારાયણ ૪ થો દિવસ)

અધ્યાય ૩૧

રંગ કહેઃ- આગળ વદે અલખ યોગિવર એહ;
બાળ નિરંજન ભાવથી સૂણે અનન્ય તેહ. ૧

કુવલયાશ્વ યુવાન એ, મદાલસા પણ તેમ;
રમે પરસ્પર પ્રેમથી, [2]મન્મથરતિસમ એમ. ૨

જોઈ હર્ષે નૃપ વદેઃ- કુવલયાશ્વ ! હું જાણ
થયો વૃદ્ધ, રાજ્યાસને તેથી અયોગ્ય માન. ૩

માટે સોંપી રાજ્ય આ તુજને, વનમાં તેમ
જાઉં તપ કરવા હવે; ક્ષાત્રધર્મ પણ એમ. ૪

કહી પુત્રને એમ ત્યાં, જોઈ મુહૂર્ત જાણ;
યથાવિધિ રાજ્યાસને બેસાડી સુત માન, ૫

ગયો તુષ્ટ વનમાં મુદા; કરી તપસ્યા ત્યાંય,
જ્ઞાન મેળવી વેગથી, થયો સુમુક્ત રાય. ૬

કુવલયાશ્વ પણ નીતિથી કરે રાજ્ય સંતુષ્ટ;
પાળે પુત્રસમી પ્રજા, થાય સર્વ જન હૃષ્ટ. ૭

શિવવરદાને યોગિની મદાલસા એ જાણ;
અનાસક્ત વર્તે સદા, બ્રહ્મવાદિની માન. ૮

બ્રહ્મનિષ્ઠ તોએ રમે, લોકસંગ્રહે એમ;
પત્યાજ્ઞાથી સર્વથા, રહે અનુકૂલ તેમ. ૯

દિવસ જતાં દૈવે રહ્યો ગર્ભ એહને જાણ;
પ્રસવે કાળ જતાં અહા, પુત્ર સૂર્ય સમ માન. ૧૦

થતાં જન્મ બોધે સતી, જ્ઞાન પુત્રને એમ;
અદ્વૈતામૃત પાઈને આપે પોષણ તેમ. ૧૧

કેવળ પ્રાણ બચાવવા, ઉદાસીનવત્ જાણ
ધવરાવે કો દિન કદિ, ધન્ય માત એ માન ! ૧૨

જન્મતાંજ રડતો સૂણી, કહેઃ- રડે કાં ત્રસ્ત ? ઝૂલ [3]દેહપર્યંકમાં, સ્વાનંદે રે મસ્ત ! ૧૩

૧

(સુખદુઃખ મનમાં ન આણીયે...એ રાહ)

ઝૂલો રે કુંવર પારણે ! કેમ રડે તું આમ !
મહામુસીબતે આ મળ્યું, પુણ્ય નરદેહધામ !...ટેક.
જાતાં ભૂલ્યો તું માર્ગમાં, રખડ્યો આમ ને આમ;
લાખ ચોરાસી યોનિ મહીં, કરી ઊંચ નીચ કામ !...ઝૂલો...૧
દેવધ્યાન તપ તીરથો, કર્યાં પુણ્ય ને દાન;
તોએ મન નવ આ ઠર્યું, ભટકે ચોદિશ માન !...ઝૂલો...૨

---

૧. દુઃખ. ૨. કામદેવ. ૩. શરીરરૂપી પારણામાં

મોહ્યો રૂપે ને ફૂટી આંખડી, તોએ ચેત્યો ન તેમ;
ચૂંથી વિષય ખર સમ અહીં, પડ્યો નરકમાં એમ !...ઝૂલો...૩
ભુક્તભોગમાં ફરી ફરી, કેમ રમે નિર્લાજ !
વિણ વિરતિ મન ના ઠરે, મારૂં માન તું આજ !...ઝૂલો...૪
શોધ્યાં હાટ અનેક તેં, મળી વસ્તુ ન ત્યાંય;
ભૂલી વૃથા ભટક્યો અહા ! વેચી અમુલખ કાય !!...ઝૂલો...૫
આવ્યો મારગ પર હવે, થા તું સાવધ તેમ,
છોડી રૂદન નિરર્થ આ; નહિ તો ડૂબીશ એમ !...ઝૂલો...૬
મોહ ઠગારો છોડ આ, કરી સ્વયં વિચાર;
શોધ મૂળ નિજ અંતરે, મૂકી ફાંફાં બહાર !...ઝૂલો...૭
કેમ રડે કહે અરે ! જન્મમરણને એમ ?
એ તો તુજને સ્પર્શે નહિ, નિર્વિકાર તું તેમ !...ઝૂલો...૮
માની દેહ પોતાને રડે ! એ તો તૂતજ છેક;
ન્હોતો મૂળે નહીં હશે, મિથ્યા તેથી એ દેખ !...ઝૂલો...૯
માતપિતાના મેલથી થયો, મૂર્ત વચ્ચે જે એમ;
કેમ ચેતન મંગલ નકી, સ્વાત્મરૂપ એ તેમ ?...ઝૂલો...૧૦
હાડમાંસનું પૂતળું, માની નિજનું રૂપ;
અહંમમત્વથી કાં મરે, પડે હાથે ભવકૂપ ?...ઝૂલો...૧૧
કોણ માતા કોણ તાત છે ? કોણ સ્ત્રી પરિવાર ?
વણ વિચારે કાં કહે, મારૂં મારૂં હે બાળ ? ...ઝૂલો...૧૨
હાડમાંસ ને ઉપર ચામડું, અંદર વિષ્ઠા ને મૂત્ર !
હું હું કહી એને વૃથા, થાય દુઃખી કાં પુત્ર ?...ઝૂલો...૧૩
તામસ દેહ એ તું નહીં પ્રાણ રજોગુણ તેમ;
ખાએ પીએ ઈંદ્રિયકરે, કરે પાપપુણ્ય એમ !...ઝૂલો...૧૪
એથી વિલક્ષણ તું નકી, કેવળ નિર્લેપ બાળ;
કર્તૃભોક્તૃત્વ તુજમાં નહીં, તું તો કાળનો કાળ !...ઝૂલો...૧૫
જ્ઞાનેન્દ્રિય મન બુદ્ધિનો, સત્ત્વસાક્ષી તું જાણ;
ચંચલ એ ગતિ વિકૃતિ, જાણે ન્યારો તું માન ! ...ઝૂલો...૧૬
જ્ઞાનેન્દ્રિયોમાં રહી કરે, 'કરૂં હું' એ અભિમાન;
ચંચલ બુદ્ધિ વધે ઘટે, નહિ સ્વપ્રે તું જાણ !...ઝૂલો...૧૭
પ્રિયમોદપ્રમોદથી ભાસે આનંદાત્મ જેહ,
ભોક્તા દૂર તે તુજ થકી, તું તો પાર નિઃસંદેહ !...ઝૂલો...૧૮
જોઈ સ્વયં સ્વાત્મા રહે, આત્મતૃપ્ત તું તેમ;
જવું આવવું તુજને નહીં, નિત્યમુક્ત તું એમ !...ઝૂલો...૧૯
ત્રણે દેહ ત્રણે અવસ્થા, સાક્ષી તેનો તું પાર;
અણુમેરુમાં વ્યાપી રહ્યો, સત્ય પૂર્ણ નિર્ધાર !...ઝૂલો...૨૦
એમ વિચારી રહે સદા, જોઈ સ્વયં **સ્વરૂંગ;**
જન્મમરણ તુને નહીં, તું તો કેવલ નિઃસંગ !...ઝૂલો...૨૧

એવો બોધ કરે સતી, વારંવાર સુજાણ;
ગાનનિમિત્તો જ્ઞાનનું નિત્ય કરાવે પાન. ૧૪

દ્વૈતવાત કર્ણે કદિ, પડે ન સુતના તેમ;
વેદાંતામૃતપાનથી પોષે માતા તેમ. ૧૫

બોલે માતઃ- ચત્તો પડી, રડે કેમ તું આમ ? સહજ મૃત્યુ પ્રમાદ[૧] પણ ના તુજમાં તન્નામ. ૧૬

૨

(ગુરુ ઘર આવ્યા - એ રાહ)

રડે કાં બાળ ? તુજને ના સ્પર્શે કાળ !...ટેક
શુદ્ધ બુદ્ધ તું નિત્ય નિરામય, તુજને સ્પર્શે ના એ [૨]આમય;
કેમ વૃથા રાખે રે તું ભય ! સ્વયં કિરતાર !...તુજને...૧
કલ્પિત ભૌતિક દેહ નકી આ, ક્ષણભંગુર જાવાનો રે આ;
તું તો દેહી પાર દેખ આ, માયાજાળ !.....તુજને....૨
દેહ જવાનો નિશ્ચય જાશે ! નિશ્ચલ તું; શું તારૂં જાશે ?
ચ્હાશે તે અંતે પસ્તાશે, હાડ ને ખાલ !.....તુજને...૩
તું ન્યારો દેહી નિઃસંગ; પડતાં દેહ ન તારો ભંગ;
કેમ રડે તું એને, [૩]ચંગ ? વિશ્વપ્રતિપાળ !....તુજને...૪
વિશ્વજનક ! તું કોનો [૪]તોક ? વસે ત્વદુદરે આ સહુ લોક;
કેમ કરે અવિચારે શોક ! અજ્ઞજનતાર !....તુજને....૫
પંચભૂતનું આ તો ખોખું; જડ અન્નમય સાવ જ લૂખું;
તું તો ચેતન એથી નોખું; અંદર ભાળ !....તુજને....૬
દેહ શોકનું ગેહ જ મોટું, મૂળે એનું નામે ન્હોતું;
વધે ઘટે; નિશ્ચય એ ના તું ! કૂટે કાં ભાલ ?...તુજને...૭
બ્રહ્મ સચ્ચિદાનંદ સનાતન; દેહાદિક એ જાણ અદ્યતન;
વર્તે બ્રહ્મે પ્રતિકણ અનુક્ષણ; અગ્નિમાં જ્વાળ !...તુજને...૮
સુખદુઃખાદિક મનવ્યાપારો; જન્મમૃત્યુ એ દેહવિકારો;
તું તો સાક્ષી એથી ન્યારો; [૫]સૌખ્યાગાર !.....તુજને.....૯
દેહ તાહરો; દેહ કેમ તું ? મન ઈન્દ્રિય બુદ્ધિ પણ ના તું;
બ્રહ્મ સચ્ચિદાનંદ એક તું; સર્વાધાર !.....તુજને.....૧૦
તુજ સત્તાથી વર્તે સઘળા; ભાસે દોડે છેક નિરાળાં;
તુજ સત્તાથી સઘળા ચાળા ! વિશ્વ તુજ નાર !!...તુજને...૧૧
ના સ્ત્રી તું ના પુરુષ નપુંસક; અભેદ એક જ તું નિઃશંક,
નામરૂપથી ન્યારો નિષ્પંક; કાળનો કાળ !.....તુજને.....૧૨
દેહાધ્યાસે મમતા વળગી; સુખદુઃખોની હોળી સળગી;
ડાકણ તૂત અહંતા વળગી; તેને બાળ !.....તુજને.....૧૩
અશુદ્ધ ભંગુર દુઃખાત્મક એ; દેહાદિકના **રંગ** ન તું એ;
શુદ્ધ સચ્ચિદાનંદ સદાએ; પ્રણવ ઓંકાર !.....તુજને....૧૪

સૂણી ગાનરવ દાસી ત્યાં જઈ ભૂપને એમ
કહેઃ- પુત્ર થયો ગૃહે ! આપો વધાઈ તેમ. ૧૭

થયો હૃષ્ટ નૃપ અંતરે, સૂણી ખબર એ જાણ;
કરી તુષ્ટ દાસી, કરે જાતક યથાવિધાન. ૧૮

ગોભૂહિરણ્ય આપીને, કર્યા તુષ્ટ દ્વિજ તેમ;
પુત્રનામ વિક્રાંત ત્યાં પાડ્યું પ્રેમે એમ. ૧૯

વર્ત્યો ઉત્સવ નગરમાં, કરે લોક આનંદ;
સૂણી નામ મદાલસા, હસે ત્યાંય સ્વચ્છંદ. ૨૦

જોઈ ખિન્ન થઈ વદે, સ્વગત ભૂપ એ એમઃ-
પૂછ્યા વિણ એને કર્યું નામકરણ આ તેમ. ૨૧

માટે નિશ્ચય એ હસે; પૂછીશ જો કારણ,
હસશે લોકો આ નકી ! મૌન સર્વસાધન !! ૨૨

૧. આત્મવિસ્મરણ. ૨. રોગ. ૩. હે શુદ્ધ; નિરંજન ૪. પુત્ર ૫. સુખનું રહેઠાણ

એમ વિચારી અંતરે, રહ્યો મૂક એ જાણ;
ક્ષણાંતરે ભૂલી ગયો, વાત હાસ્યની માન. ૨૩

જેમ જેમ સુત એ વધે, વધે જ્ઞાન પણ તેમ;
થતાં જ્ઞાન દૃઢ, મૂઢવત્ વર્તે જાણી એમ. ૨૪

જોઈ જડ સમ એહને, કરે ખેદ નૃપ જાણ;
ચિંતામગ્ન રહે સદા; કહે આમ કાં માન ! ૨૫

પતિવ્રતા મારી પ્રિયા, સુશીલ ધાર્મિક તેમ;
હુંએ રત ધર્મે સદા ! થયો મૂઢ આ કેમ ? ૨૬

એવો શોક કરે પિતા, ના જાણી સુતઢંગ;
બ્રહ્મનિષ્ઠ એને કદિ ચઢે ન બીજો રંગ ! ૨૭

માતૃબોધથી જન્મથી, જ્ઞાની પૂરણ જેહ;
પ્રવૃત્તિમાં ના રમે, એમાં શો સંદેહ ? ૨૮

કૃપાકટાક્ષે સાધુઓ કરે દૂર અજ્ઞાન;
આપે સંગે જ્ઞાન તો, ના અચરજ ત્યાં માન. ૨૯

તોએ મોહે તાત એ, થાએ દુઃખિત એમ;
ત્યાં તો મદાલસા ફરી, થઈ ગર્ભિણી તેમ. ૩૦

દૈવે પુત્ર થયો અહા ! થયો હૃષ્ટ નૃપ જાણ;
નામ સુબાહુ પાડીને, કર્યો મહોત્સવ માન. ૩૧

હસે મદાલસા ફરી, સૂણી નામ એ એમ;
થયો ખિન્ન નૃપ અંતરે, ગયો ઊઠીને તેમ. ૩૨

કહે માત સુતકર્ણમાંઃ- સાંભળ સાવધ બાળ;
કર્યું હાડકાંથી અહા, ઊભું આ વિકરાળ ! ૩૩

બાંધી નાડીઓ બધે, લીંપ્યું માંસે તેમ;
ભર્યું રક્તમલમૂત્રથી, છેક અમંગલ એમ. ૩૪

કાક કૂતરાં માંસને લઈ જાય ના જાણ;
માટે ઢાંકી ચામડે રક્ષે ઈશ્વર માન. ૩૫

અંતર્બાહ્ય અશુદ્ધ જે, ના સ્વાત્મા તે એમ;
વ્યર્થ મોહમાં કાં પડે, અહંમમત્વે તેમ ? ૩૬

તું તો મંગલ સર્વથા, ના અપવિત્ર શરીર;
દેહ ન તારો જાણ રે ! મા ઠગાઈશ ધીર !! ૩૭

મન પ્રાણેન્દ્રિય બુદ્ધિ ને અહંકાર પણ તેમ,
ના સ્વાત્મા; જો અંતરે શાંત વિચારી એમ. ૩૮

ઘટદ્રષ્ટા ઘટથી કહ્યો ભિન્ન સર્વથા જાણ;
તેમ દેહાદિકતણો દ્રષ્ટા ભિન્ન પ્રમાણ. ૩૯

સ્વયંજ્યોતિ કેવળ અહા ! આત્મા પવિત્ર એહ;
એજ રૂપ તારૂં અરે ! મા કર તું સંદેહ !! ૪૦

ના જન્મ્યો તું મૂળમાં; ક્યાંથી આવે મોત ?
ના વિકાર સ્પર્શે તુંને, ક્યાં વર્ણાશ્રમ ગોદ ? ૪૧

માતપિતા તુજને નહીં, તું આનંદસ્વરૂપ;
કાં કાંતા ઇચ્છે પછી, સ્વાત્મારામ અરૂપ ? ૪૨

વ્યાપક સઘળે વંદ્ય તું, કેવળ સુખની ખાણ;
કાં નશ્વર રાજ્યે રમે ? કરે સૃષ્ટિ તુજ ગાન. ૪૩

આત્મા તું સઘળે ભર્યો, સર્વલોકમય જાણ;
શાને પુત્રો તાહરે ? શું સુખ દે નાદાન ? ૪૪

એમ વિચારી વર્તતાં, ના તુજને આચાર;
સર્વાતીત [1]વરેણ્ય તું, કેવલ સર્વાધાર ! ૪૫

એમ બોધ કરી પુત્રને, કીધો જ્ઞાની જાણ;
પડી રહે ભૂ પર સદા, એ પણ જડવત્ માન. ૪૬

જોઈ એની એ સ્થિતિ, ભૂપ અહર્નિશ એમ
ચિંતામગ્ન રહે દિલે; ત્યાં તો પત્ની તેમ ૪૭

થઈ સગર્ભા એ ફરી, પ્રસવે પુત્ર સુજાણ;
સૂણી ભૂપ આવ્યો તિહાં, તેડી ગણક સમાન. ૪૮

કર જોડી પૂછેઃ- કહો આનું ગ્રહબળ કેમ;
રાજ્યાસન દીપાવશે, થશે મૂઢ વા તેમ ? ૪૯

કહે જ્યોતિષીઃ- ચતુર આ, બુદ્ધિમાન પણ જાણ;
વિદ્યાનો ભંડાર ને દીર્ઘાયુષ્ય પ્રમાણ. ૫૦

ઉચ્ચ ગ્રહ તોએ નહીં ભૂપ સર્વથા એમ !
બોલે ભૂપઃ- સુયોગ જો હોય એટલો તેમ, ૫૧

તોએ તોષ મુને થશે ! બુદ્ધિ આયુષ્ય જાણ
હોય ભૂપકુળમાં, તિહાં સાર્વભૌમતા માન ૫૨

આવે સ્વાભાવિક નકી; પરંપરાગત રાજ્ય !
ક્યાં કમાવવું પડે ? તેમ સંપત્તિ પ્રાજ્ય ? ૫૩

એમ કહી [2]દૈવજ્ઞને આપી દક્ષિણા તેમ;
કરે સંતુષ્ટ ભૂપતિ, કરી મહોત્સવ એમ. ૫૪

નામ શત્રુમર્દન તિહાં, પાડ્યું પ્રેમે જાણ;
સૂણી મદાલસા હસે, તન્વી[3] પૂર્વસમાન ! ૫૫

શરમાયો નૃપ અંતરે; કહેઃ- કેમ આ આમ
એવું દર વખતે હસે સૂણી પુત્રનું નામ ? ૫૬

થાતાં પુત્ર હવે નકી, પાડું નામ ન એમ
પૂછ્યા વિણ એને કદિ; કરી સુનિશ્ચય તેમ, ૫૭

પડ્યો ભૂપ નિજકાર્યમાં ! માતા વેગે જાણ
લઈ પુત્ર કર્ણે કહેઃ- રડે કેમ નાદાન ? ૫૮

૧. શ્રેષ્ઠ ૨. જ્યોતિષી ૩. કોમલાંગી

ક્યાંથી આવ્યો ? કોણ તું ? રડે વ્યર્થ કાં એમ ?
નાંખ્યો કોણે મોહમાં ? કર વિચાર તું તેમ ! ૫૯

ન્હોતો પૂર્વે જો કદિ, થયો સુનૂતન જાણ,
આવ્યું ક્યાંથી આ કહે સ્તન્યપાનનું જ્ઞાન. ૬૦

જન્મતાં જ ક્યાંથી શીખ્યો, કહે વિચારી તેમ;
જાણ પૂર્વસંસ્કારથી ચેષ્ટા સઘળી એમ. ૬૧

પૂર્વાર્જિત કર્મે મળ્યો દેહ માનવી આમ;
જાણ ભિન્ન એ તુજ થકી, તું તો સ્વાત્મારામ. ૬૨

ધરી અહંતા એહની, મમતા મેલી તેમ,
કરે કર્મ જો ત્રિવિધ તું, મટે ન ભ્રમણા એમ. ૬૩

જન્મમરણ ઘટમાળ આ લખચોરાશી જાણ
ટળે ન અજ્ઞાને કદિ અહંગ્રસ્તની માન. ૬૪

આત્મા સ્વયંપ્રકાશ જે, કેવલ સાક્ષી એમ;
અજ અક્ષય અવિકાર એ, રૂપ માહરૂં તેમ. ૬૫

એવો નિશ્ચય કર સદા; નિત્ય સત્ય હું એક;
ભૂત સર્વ મુજમાં વસે, હું ભૂતોમાં છેક ! ૬૬

શુદ્ધ બુદ્ધ અદ્વૈત હું, સચ્ચિત્સુખમય જાણ;
એવું ધ્યાને દૃઢ કરી, રહે સ્વાત્મસ્થ માન. ૬૭

ભૂલી નિજાત્મરૂપને, રાગદ્વેષે એમ
રહે વિષયનિમગ્ન જે, જાણ આત્મઘ્ન તેમ. ૬૮

જાણ નરકનાં દ્વાર એ, કામ ક્રોધ ને લોભ;
પડતાં એમાં મોહથી, થાશે અંતે ક્ષોભ. ૬૯

વિષય વિષારી સર્પસમ, જાણ અંતરે એહ;
મા કર ચિંતન એમનું, નકી ઘાતકી તેહ. ૭૦

શબ્દે મૃગ સ્પર્શે કરી[૧], રૂપે પતંગ તેમ;
મીન રસે ગંધે અલિ,[૨] મરે મોહથી એમ. ૭૧

એક એકથી જો મરે, પાંચે શું સુખ હોય ?
વગર વિચારે માનવી મરે આથડી તોય ! ૭૨

સ્વસ્વરૂપે સ્થિત રહે, ત્યજી વિષયની વાત;
નહિ તો અધવચ લૂંટીને, કરશે આખર ઘાત. ૭૩

નરક જીવતું એક છે, નારી નિશ્ચય જાણ;
મા હાથે પડ એહમાં, રહે પરાઙ્મુખ માન. ૭૪

કાષ્ઠપૂતળી જોઈને, થાય હાથીએ બદ્ધ;
માંસમયી શું ના કરે ? માટે રહે સુનદ્ધ.[૩] ૭૫

સોનુંચાંદી મૃત્તિકા જાણ વિચારે એમ;
મા સ્પર્શ કર એહનો, થાશે દુર્ગતિ તેમ. ૭૬

ખાઈ દૈવે જે મળ્યું, ઓઢી ખવસ્ત્ર[૪] જાણ;
રહે વિનિદ્ર સદા પડી, ભૂશય્યા પર માન. ૭૭

સ્વાત્માનંદે મગ્ન તું, ઔદાસીન્યે તેમ
બાલોન્મત્તાપિશાચવત્, રહે સર્વદા એમ. ૭૮

નહિ તો કષ્ટપરંપરા, કદિ ન ચૂકે જાણ !
બોધે એમ સતી અહા, નિત્ય પુત્રને માન. ૭૯

થયો જ્ઞાની એ પણ તિહાં, રહે નિઃસંગ એમ;
માની જગ મૃગજળ સમું, આત્મદૃષ્ટિથી તેમ. ૮૦

જોઈ ત્રણે પુત્ર એ, થાય ખિન્ન નૃપ એહ;
ત્યાં તો દૈવે ગર્ભિણી થઈ પુનઃ સ્ત્રી તેહ. ૮૧

પ્રસવે ચોથા પુત્રને ! કહે જ્યોતિષી જાણઃ-
ના ચિંતા કર નૃપ હવે, પાંચ ઉચ્ચ ગ્રહ માન. ૮૨

આજ સુધી સુત જે થયા, ના તેમને એમ
ગ્રહ ઉચ્ચસ્થ હતા નકી; માન સુનિશ્ચિત તેમ. ૮૩

થશે પુત્ર વિખ્યાત આ, સદ્‌ભાગી નૃપ જાણ;
કરી રાજ્ય કુળ તારશે, નિઃસંશય તું માન ૮૪

થયા શુકન શુભ ત્યાં અહા ! થયો મહીપતિ હૃષ્ટ;
આનંદે જાતક કરી, વ્હેંચે [૫]વિત્ત સુતુષ્ટ. ૮૫

કહેઃ- પ્રિયે ! તું કાં હસે સૂણી પુત્રનાં નામ ?
બોલ તુંજ [૬]અભિધાન શું ? રાખું આનું આમ. ૮૬

મદાલસા બોલે કરી મંદ હાસ્ય ત્યાં એમઃ-
સૂણો નાથ સાવધ કહું, હસી કેમ હું તેમ. ૮૭

નામ કલ્પનામાત્ર એ વ્હાવહારિકી એક;
તોએ નિરર્થતા કહું પુત્રનામની છેક. ૮૮

ક્રાંતિ એટલે ગતિ નકી ! પરિચ્છિન્નને એહ !!
આત્મા વ્યાપક એ બધે, કરે ગમન ક્યાં તેહ ? ૮૯

માટે આ આત્માતણું નામ વિક્રાંત તેમ
નિરર્થ કેવળ જાણીને, હસી હું તિહાં એમ. ૯૦

નિરંશ આત્મા મૂળમાં, નિરાકાર પણ આમ;
ક્યાંથી તેને હાથ ત્યાં ? નિરર્થ સુબાહુ નામ ! ૯૧

મૂળે આત્મા એકલો, સ્વગતભેદ ના તેમ;
ક્યાં શોભન બાહુ તિહાં ? નામ વ્યર્થ એ એમ. ૯૨

ના વિજાતીય ભેદ ત્યાં, સજાતીય પણ તેમ;
ના શત્રુ, ત્યાં નામ ક્યાં શત્રુમર્દન એમ ? ૯૩

પ્રાણિમાત્રમાં એ રહ્યો, જેમ સૂર્ય જળ માંહ્ય;
ક્યાં મિત્રો ? ક્યાં અરિ તિહાં? હણે ન, ના હણાય ! ૯૪

૧. હાથી. ૨. ભમરો. ૩. (સંયમરૂપી) બખ્તરથી સજ્જ. ૪. આકાશરૂપી વસ્ત્ર. દિગંબર. ૫. દ્રવ્ય. ૬. નામ.

મોજે મોજું આથડી, ભાંગે અર્ણવ માંહ્ય,
તેમ ભૂતસંઘાત આ; આત્મા અસંગ ત્યાંય ! ૯૫

કામાદિક આંતર [1]અરિ વસે, કહો જો એમ;
બુદ્ધિવિકાર એ નકી, સાક્ષી આત્મા તેમ. ૯૬

પાર બુદ્ધિની એ વસે, નિત્ય પરાત્પર એક;
શત્રુમર્દન નામ ત્યાં, શોભે કેમ અશેખ ? ૯૭

ક્રુદ્ધ થયો નૃપ સાંભળી પ્રિયાવચન એ જાણ;
જોઈ મદાલસા વદેઃ- સૂણો અન્ય પ્રમાણ. ૯૮

આસન પરથી ઊઠીને ચાર કદમ ના જાય;
કેમ પરાક્રમ એ કરે ? નામ વિક્રાંત[2] ક્યાંય ? ૯૯

બાહુબળે જીતે અરિ, સુબાહુ કહીએ તેહ;
ના તેવો સુત આ નકી, શોભે નામ ન એહ. ૧૦૦

બેસે માખી દેહ પર, ના વારે જે તેમ;
શત્રુમર્દન કો કહે, તેને મિથ્યા એમ ? ૧૦૧

જાણી એવું અંતરે, આવ્યું હસવું નાથ !
જાણ્યું ભવિષ્ય મૂળથી, મેં આ તો સાક્ષાત્. ૧૦૨

સૂણી વચન બોલે તિહાં ભૂપઃ- ભલે એ તેમ;
જાણી ભવિષ્ય જો હસી, વદ અન્વર્થક એમ ૧૦૩

નામ પુત્રનું આ હવે ! કહે સતીઃ- અભિધાન
વ્યવહારાર્થે દેહનું, કલ્પે લોક પ્રમાણ. ૧૦૪

રાખો તેમ ભલે તમે, એનું અલર્ક નામ;
ના બગડે એથી કશું, થશે લોકનું કામ. ૧૦૫

હડકાયું દૈવે થઈ, દોડે અસ્થિર જેહ;
સંજ્ઞા અલર્ક લોકમાં, મત્ત શ્વાનને તેહ. ૧૦૬

વિષયે ગાંડો એ થશે, હડકાયાવત્ નાથ;
માટે અલર્ક નામ ત્યાં, અન્વર્થક સાક્ષાત્ ! ૧૦૭

'અલ્' ધાતુનો ભૂષણે, થાએ સદર્થ એમ;
વૈરાગ્યે આગળ થશે, જ્ઞાનવિભૂષિત તેમ ૧૦૮

નાથ ! પુત્ર નિઃશંક એ, માટે એનું નામ
પાડો અલર્ક સાર્થ ત્યાં !! સૂણી ભૂપતિ આમ, ૧૦૯

થયો સુજ્ઞ પણ ચકિત એ; હર્ષોત્સાહે જાણ
નામ અલર્ક પાડીને, કરે વસ્ત્રધનદાન. ૧૧૦

જોઈ પુત્રત્રય કરે ચિંતા નિશદિન તેમ;
કર્યા ઉપાય અનેક પણ, સુધરે પુત્ર ન એમ. ૧૧૧

કહેઃ- દૈવ વાકું અહા ! થયા પુત્ર આ મૂઢ;
બોળ્યું કુળ મારું નકી ! હસે સૂણી સુત ગૂઢ !! ૧૧૨

અજ્ઞાને ના ઓળખે, કરે શોક નૃપ એમ;
કહેઃ- વંશ કો રાખશે ? આ તો સઘળા તેમ ! ૧૧૩

બ્રહ્મનિષ્ઠ સુત પાકતાં, દૈવે કુળમાં એક;
આપે મુક્તિ સર્વને, જાણે અજ્ઞ ન છેક ! ૧૧૪

સાધુ ઓળખવા સ્વયં થાવું સાધુ જાણ;
એ વિણ સૂક્ષ્મ રહસ્ય એ, લહે ન કોઈ માન. ૧૧૫

ના જાણી ભૂપતિ રડે; જુએ એક દિન એમ,
આળોટે વિષ્ઠા મહીં પુત્ર વિક્રાંત તેમ ! ૧૧૬

કહેઃ- દૈવ કેવું અહા ! જન્મી નૃપકુળ માંહ્ય,
ભોગ ભોગવા છોડીને, કષ્ટાવે ધિક્ કાય ! ૧૧૭

તાતવચન એ સાંભળી, હસે રાજસુત એહ;
જોઈ ભૂપ કહેઃ- અરે ! હસે જાણીને તેહ !! ૧૧૮

ઊઠાડી એને વદેઃ- કાં આળોટે એમ ?
જાણી મૂઢ થઈ રહે કેમ બોલ સુત તેમ. ૧૧૯

પઢી સુવિદ્યા રાજ્ય કર; વરી સુલક્ષણ નાર,
ભોગવ ભોગ સુખે; કરી યજ્ઞ મોક્ષ વર બાળ ! ૧૨૦

તાતવચન એ સાંભળી, વદે વિક્રાંત એમઃ-
કીધું સર્વાધ્યયન મેં માતા પાસે તેમ. ૧૨૧

વર્યો નિવૃત્તિ સુંદરી, થયો અભિષેક જાણ
સ્વાત્મરાજ્ય પર માહરો; ગમે ન બીજું માન. ૧૨૨

કીધું કરવાનું બધું, પ્રાપ્ય મેળવ્યું તેમ;
જાણ્યું જગ નશ્વર બધું, સુખ નિર્ગુણ પર એમ. ૧૨૩

ના જ્ઞાતવ્ય હવે કશું, માટે અક્રિય આમ
ફરું મુક્ત સ્વચ્છંદથી, કેવળ સ્વાત્મારામ. ૧૨૪

કૃતાર્થ બંધુત્રય અમે; ચોથો માર્ગે જાણ
આવી મળશે, તાત હે ! ધન્ય માત એ માન !! ૧૨૫

વચન પુત્રનાં એ અહા, ગમે ન નૃપને એમ;
પુણ્યવ્રત સાધ્વીતણું, ના કુલટાને જેમ ! ૧૨૬

બોલે ક્રોધે રાણીનેઃ- દુર્બોધે તેં જાણ
વંશનાશ આ આરભ્યો, મૂઢપણે તું માન. ૧૨૭

આ ઉપદેશે ના કદિ, સ્વપ્ને પણ કલ્યાણ;
પુણ્ય પ્રવૃત્તિમાર્ગ એ, શ્રુત્યનુભવ પ્રમાણ. ૧૨૮

દેવ પિતૃ નર સર્વને કરે સંતુષ્ટ એહ;
અન્ય કષ્ટમય સર્વથા, એમાં ના સંદેહ. ૧૨૯

રાજ્ય સ્ત્રી ધન વાહનો ભોગશક્તિ પણ તેમ,
ભાગ્યવાનને દે હરિ, કરે ઉપભોગ એમ. ૧૩૦

૧. શત્રુ ૨. શૂરવીર.

થાય અન્યથા દેવનો દ્રોહી એ નર જાણ;
દુર્ભાગી માટે નકી, નિવૃત્તિ એ માન. ૧૩૧

લે નિવૃત્તિ તોય નર શોધે ગૃહસ્થદ્વાર;
કાં ઘર છોડી તો પછી, જાવું કહે બહાર. ૧૩૨

માટે આવા બોધથી, થાય ધર્મનો લોપ;
અધઃપતન એમાં નકી, વળી દેવનો કોપ ! ૧૩૩

પિતૃલોકમાં જે પડ્યા, અથવા તિર્યક્[1] તેમ;
ભૂતપ્રેત વા જે થયા, થાશે ક્ષુધાર્ત એમ. ૧૩૪

પુણ્યવંત કે પાપીઓ, શ્રાદ્ધાન્ને સહુ જાણ
થાય તૃપ્ત; શું ના લહે તું એ વદ નાદાન ! ૧૩૫

દેવ પિતૃ નર ભૂત ને કૃમિકીટાદિક તેમ,
જીવે ગૃહસ્થ પર સહુ; ધર્મ સનાતન એમ. ૧૩૬

પુત્રત્રય એ માર્ગથી થયા ભ્રષ્ટ તું જાણ;
પામે અખંડ દુઃખ એ; બચાવ આ નાદાન ! ૧૩૭

પુત્ર વિના પરલોક ના પામે કોઈ એમ;
થાય અલર્ક ન ભ્રષ્ટ આ, આપ બોધ તું તેમ. ૧૩૮

મા મૂઢે ! કર હાથથી આમ વંશનો નાશ;
તાર એક પણ પુત્રને, કરે તૃપ્ત જે આશ ! ૧૩૯

પતિવચન એ સાંભળી, આપે ઉત્તર જેહ
મદાલસા સાધ્વી તિહાં, આગળ વર્ણન એહ. ૧૪૦

પાઈ જ્ઞાનામૃત સ્વયં પુત્રત્રયને જાણ,
કરે મુક્ત માતા અહા આ અધ્યાયે માન ! ૧૪૧

અદ્‌ભુત માયા ઈશની, પામે કોઈ ન પાર ;
થાય કૃપા જો એહની, તરે **રંગ** નિર્ધાર !! ૧૪૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
મદાલસયા પુત્રત્રયાય નિવૃત્તિમાર્ગકથનં નામ એકત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૧ ॥ દોહરા ૧૪૨ ગીત ૨

અધ્યાય ૩૨

બોલે મદાલસા સતીઃ-સૂણો સાવધ કંથ;
કીધો યથાર્થ બોધ મેં, એજ મોક્ષનો પંથ. ૧

એથી નિશ્ચય પિતૃઓ થાશે મુક્ત સમસ્ત;
વેદશાસ્ત્રસંમત નકી, માર્ગ એજ ઉત્કૃષ્ટ. ૨

એ વિણ બીજો ના મળે, માર્ગ મોક્ષનો નાથ !
માટે સર્વશ્રેષ્ઠ એ, વદે વેદ સાક્ષાત્. ૩

પિતૃપ્રેતાદિક બધાં તરે સ્વકર્મે તેહ;
તારે બીજો નર, વૃથા ભ્રાંતિ કેવળ એહ. ૪

સ્ત્રીવિત્તાદિકમાં યદિ રહેવું ભોગતૃપ્ત,
વૈરાગ્યાદિક તો વૃથા બોધ્યાં વેદે તૂત ! ૫

એષણાત્રયત્યાગને આપ્યું પ્રથમ સ્થાન;
અવગણના એની થતાં, વધે પાખંડ માન. ૬

માર્ગોત્તમ એ વેદનો, એમાં ના સંદેહ;
બંધન દેહાદિક તિહાં, ક્યાં તારે સુત ગેહ ? ૭

ચાલે વૈદિક માર્ગથી, દેવદ્રોહી કેમ ?
તરે એજ નિશ્ચય અહીં, વરે કૈવલ્ય તેમ ! ૮

વૈરાગ્યે ત્યાગી થઈ, ભિક્ષાર્થે પરગેહ
જતાં હીનતા શી તિહાં ? ધન્ય સંતોષ એહ ! ૯

આરંભે કષ્ટો અહીં, ભલે નિવૃત્તિ માંહ્ય;
પરિણામે સુખ જે મળે, એથી શ્રેષ્ઠ ન ક્યાંય. ૧૦

કર્મમાર્ગમાં સુખ દિસે, થાએ આગળ દુઃખ;
ભમે ભોગી ભવમાં સદા, શમે ન સ્વપ્ને ભૂખ ! ૧૧

મુખ્ય લોક આત્મા નકી, તત્પ્રાપ્ત્યર્થે તેમ
ના આવશ્યક અન્ય સુત; [2]પ્રબોધપુત્રે એમ ૧૨

આત્મલોક નિશ્ચય મળે; વ્યર્થ બોલવું અન્ય !
કીધું યથાર્થ મેં નકી, થયા પુત્ર એ ધન્ય !! ૧૩

તોએ જો આ ના ગમે, ચોથાને આ તેમ
પ્રવૃત્તિરત કરીશ હું કર્મમાર્ગથી એમ, ૧૪

બોધી વિદ્યાદિક સહુ; ના કરશો સંદેહ !
હોય ન જો વિશ્વાસ તો સોંપ્યો તમને એહ !! ૧૫

સૂણી ભૂપ વદે તિહાંઃ- ભલે રહ્યો તુજ પાસ;
આવી વારંવાર હું, તપાસીશ અભ્યાસ. ૧૬

રાજા એમ કહી ગયો ! કહે માતઃ- હે ઈશ !
આગળ ઉદ્ધાર એહને, તારો એ સુત, ત્રીશ ! ૧૭

મારૂં ના ચાલે અહીં, આવ્યું આડે કર્મ;
નડ્યા ઉચ્ચ ગ્રહ એ નકી, અટકાવ્યું સુતશર્મ. ૧૮

કોણ દૈવ એ ફેરવે ? છાસઠ હજાર વર્ષ
ભોગવશે રાજ્યાદિ એ, શમશે તોય ન તર્ષ ! ૧૯

માટે સોંપ્યો આપને, દત્ત દિગંબર એહ;
કૃપા કરી અવધૂત હે ! નકી તારજો તેહ. ૨૦

૧. પશુપક્ષાદિ હીન પ્રાણી ૨. આત્મજ્ઞાનરૂપી પુત્ર.

પ્રાર્થી દત્ત મદાલસા, અલર્કને એ એમ
વ્યવહારજ્ઞ કરે તિહાં, બોધી શાસ્ત્રો તેમ. ૨૧

ધર્મ અર્થ ને કામનું, આપ્યું ઉત્તમ જ્ઞાન;
વર્ણાશ્રમકર્મો બધાં, બોધ્યાં તેજ પ્રમાણ. ૨૨

રાજનીતિ ષડ્‌વિધ કહી, દંડનીતિ પણ તેમ;
પ્રજારંજનકર્મનું કીધું વિવરણ એમ. ૨૩

ધનુર્વિદ્યા બોધીને કીધો સમરપ્રવીણ;
તુષ્ટ થયો નૃપ જોઈને પુત્રકૌશલ્ય ભિન્ન. ૨૪

સ્વયંવરે કન્યા બહુ પરણી અલર્ક એમ
થયો વિખ્યાત ભૂતલે, રાજ્યનીતિજ્ઞ તેમ. ૨૫

જોઈ લાયક એહને, જોઈ મુહૂર્ત જાણ,
બેસાડી રાજ્યાસને, થઈ સંતુષ્ટ માન; ૨૬

મદાલસા સહ વન મહીં, ગયો ભૂપતિ એમ;
પ્રયાણકાલે પુત્રને વદે માત એ તેમઃ- ૨૭

પાળી પુત્ર સમી પ્રજા, રાજ્ય ધર્મથી જાણ
કરવું પુત્ર સુધી હવે, જાઉં સુદૂર માન. ૨૮

વરસ છાસઠ હજાર તું કરીશ રાજ્ય સુજાણ;
શત્રુ જાગશે તે પછી, દારુણ તુજને માન. ૨૯

થાવા હિત તારું તિહાં, લખી પત્રિકા એક
આપું તુજને રક્ષ એ, રાખી સુગુપ્ત છેક. ૩૦

ગંધાક્ષતથી એહનું, કરવું પૂજન નિત્ય;
સંકટકાલે ખોલીને વાંચી એહ સુરીત્ય, ૩૧

વર્તતાં તત્સમ નકી, થશે શત્રુ પણ મિત્ર;
અક્ષય સુખ પામીશ તું, વરી સામ્રાજ્ય ચિત્ર ! ૩૨

એમ કહી આપે તિહાં એક મુદ્રિકા જાણ;
આપી આશિષ પ્રેમથી, કરે માત પ્રયાણ. ૩૩

ગ્રહી ચરણ સુત એ રડે ! કહે માતઃ- જા બાળ !
જાવું પતિ સહ માહરે, ધર્મ એજ નિર્ધાર. ૩૪

કર્માધીન નિવાસ આ, જીવમાત્રનો જાણ;
નિર્મ્યો વિધિએ યોગ સહ, વિયોગ તેમજ માન. ૩૫

ખૂટ્યો ઋણાનુબંધ ત્યાં, ચાલે ઉપાય કેમ ?
માટે વિવેકથી હવે, સ્વસ્થ પુત્ર થા તેમ. ૩૬

એમ કહી પતિ સહ ગઈ માતા વનમાં ત્યાંય;
બોધી પતિને યુક્તિથી, ધન્ય બેઉ જણ થાય. ૩૭

આપી સદ્‌ગતિ કંથને, પોતે વિદેહમુક્ત
થઈ; જોઈ દેવો કહે, 'ધન્ય' આશ્ચર્યયુક્ત ! ૩૮

પુત્રો સહ પતિને અહા આપે સદ્‌ગતિ એમ;
ધન્ય સાધ્વી મદાલસા ! કોણ વર્ણવે તેમ ? ૩૯

કરતાં કીર્તન એહનું, થાય પાપનો નાશ;
સ્મરતાં પ્રાતઃકાલમાં, અંતઃશુદ્ધિ ખાસ ! ૪૦

પ્રતાપાર્ક અલર્ક જે, કરે ન્યાયથી રાજ;
કરી પ્રજારંજન સુખે, કરે દીનનાં કાજ. ૪૧

સૂણી નામ જેનું ડરે ચિત્તે અરિગણ એમ;
અલંઘ્ય શાસન જેહનું, વધે દુષ્ટને તેમ. ૪૨

ધર્મે દંડે દંડ્યને, છોડે અદંડ્ય જાણ;
લોભક્રોધે ના હરે દ્રવ્ય કોઈનું માન. ૪૩

ધર્મ ન છોડે સર્વથા, કરે શિષ્ટપાલન;
અંધપંગુ રક્ષે સદા, સદય એહનું મન. ૪૪

ધર્મે અર્થાર્જન કરે, અર્થે ધર્મ સુજાણ;
બંનેના અવિરોધથી, વિષય ભોગવે માન. ૪૫

આનંદે વર્તે સદા, જાણે ખેદ ન તેમ;
કરે યજ્ઞયાગો બહુ, વધે રાગ પણ એમ. ૪૬

વૈરાગ્યોદય ના કદિ, થાય સ્વપ્નમાં જાણ;
રહે મગ્ન વિષયે સદા, કેવળ પશુવત્ માન. ૪૭

ઋતુકાલે સ્વસ્ત્રીગમન, યજ્ઞશેષમધુમાંસ
કરવું સેવન જે કહ્યું, અપૂર્વવિધિ એ ખાસ ૪૮

માની મૂઢવત્ એ રમે [1]રતામિષાદિક માંહ્ય;
જાણે [2]વિધિતાત્પર્ય ના, જાણી અજાણ થાય ! ૪૯

મદ્યમાંસભક્ષણ અને સ્ત્રીસંભોગ પ્રમાણ,
રમે સર્વ ત્યાં પૂર્વના સંસ્કારે નર માન. ૫૦

થાય પરાઙ્‌મુખ એ થકી, કલ્યાણાર્થી લોક
ધીમે ધીમે યુક્તિથી; માટે પુણ્યશ્લોક ૫૧

વેદે મર્યાદા કરી કીધું એહ વિધાન;
ઉચ્છૃંખલતા ટાળવા, નિશ્ચય એવું જાણ. ૫૨

સર્વકાલ સર્વસ્ત્રીઓ ભોગવશે નર એમ;
ઋતુકાલે સ્વસ્ત્રીગમન, વિહિત વદે શ્રુતિ તેમ. ૫૩

સ્વસ્ત્રીશબ્દે અન્ય સ્ત્રી કીધી વર્જિત જાણ;
મર્યાદા બાંધી અહા, વદે વેદ કલ્યાણ ! ૫૪

મારી સ્ત્રી કહી યંત્રવત્, અહોરાત્ર નર એમ
કરે ગમન ના એ મિષે, અન્ય સંકોચ તેમ ૫૫

ઋતુકાલનો શ્રુતિ કહે; એમ યુક્તિથી જાણ,
ભોગ ઘટાડી ત્યાગમાં લઈ જાય એ માન. ૫૬

૧. મૈથુન, માંસ વગેરેમાં ૨. આજ્ઞા.

એમ [1]પર્વશ્રાદ્ધાદિના, અન્ય અપવાદ જાણ;
દેખાડી ભય શાસ્ત્ર એ, બોધે જનકલ્યાણ. ૫૭

ભોગે શ્રેય ન સ્વપ્નમાં ! જાણી વેદો એમ,
બાંધે મર્યાદા નકી, બીજો હેતુ ન તેમ. ૫૮

દ્વેષાદિક દોષે વળી, અપ્રીતિથી તેમ;
ભાર્યાગમન કરે નહીં, કહ્યો દોષ ત્યાં એમ. ૫૯

અપૂર્વ વિધિ ના આ કદિ, મર્યાદા એ જાણ;
ના લંપટ બનતાં નકી શાસ્ત્ર શીખવે માન. ૬૦

સૂક્ષ્મ તત્ત્વ એ શાસ્ત્રનું, મૂઢ ન જાણે તેમ;
રમે નિરંકુશ વિષયમાં, શાસ્ત્રનામથી એમ ! ૬૧

મદ્ય માંસ મૈથુન થકી થાવું નિવૃત્ત જાણ,
કથે શાસ્ત્ર એવું સહુ; ના જાણી એ માન, ૬૨

વરી રાજસુત એ રમે અનેક સ્ત્રી સહ એમ,
ઋતુકાલે રાગાંધ હા ! કહે ધર્મ આ તેમ !! ૬૩

યજ્ઞે પશુસંસ્થા[2] કરી, ભક્ષે આમિષ જાણ;
અગ્નિષ્ટોમાદિક કરી, કરે સોમમધુપાન ! ૬૪

કહેઃ- દેવ થઈ સુખે રમું સ્વર્ગમાં એમ;
પડ્યો કુબુદ્ધિમાં અહા ! જાણે સુબાહુ તેમ. ૬૫

કહેઃ- ઘોર સંસારમાં ડૂબ્યો અલર્ક એહ;
કાઢું એને યુક્તિથી, ધર્મ માહરો તેહ ! ૬૬

કરે રાજ્ય એ ન્યાયથી, યજ્ઞ દાન પણ એમ;
વર્તે ધર્મે તોય એ પૂર્ણ બહિર્મુખ તેમ. ૬૭

રાત્રંદિન વિષયે રમે, કેવળ પશુવત્ જાણ;
શું સુખ એમાં ? ભ્રાંતિ એ કરવી હરણ પ્રમાણ. ૬૮

પાડે વિત્ત અનર્થમાં, વિષયમૂળ ધન એમ;
ગર્વ વધારે ધન નકી, કરે ઘાત ધન તેમ ! ૬૯

ત્યજી ધ્યાન માટે હવે, જાવું એની પાસ;
હરવું ધન એનું બધું, જેથી પામે ત્રાસ. ૭૦

એથી વિરક્ત એ થશે ! કરી સુનિશ્ચય એમ,
આવ્યો વેગે નગરમાં, ત્યજી મૂઢતા તેમ. ૭૧

વદેઃ- રાજ્ય મારૂં નકી, જ્યેષ્ઠ ભાઈ હું જાણ;
આપ પાછું, અલર્ક હે ! નહિ તો ભાગ સમાન. ૭૨

બોલે અલર્કઃ- જા અરે ! વનમાં તપ કર તેમ;
આપ્યું રાજ્ય મને ન શું તાતે જાણે એમ ? ૭૩

ના આપું તુજને કદિ રાજા અલર્ક એક !!
બાઘો લોક કહે તુને, નાલાયક તું છેક !! ૭૪

ક્ષાત્રતેજ જો હોય તો, કરી યુદ્ધ મુજ સાથ,
લે પોતાનો ભાગ તું; ચાલે અન્ય ન વાત. ૭૫

નહિ તો સીધો જા વને, લે ચપટીભર લોટ;
આવ્યો શું મોઢું લઈ ? નિકળ અહીંથી ભોટ ! ૭૬

જાણ્યું કપટ હવે નકી, ઢોંગ તાહરો એમ;
હોત ખબર જો પ્રથમથી, કરત વ્યવસ્થા તેમ. ૭૭

કરતો'તો પાલન અહા જાણી દીન અપંગ;
ઠીક થયું જાણ્યું હવે, આવા કપટી ઢંગ ! ૭૮

જા સત્વર નહિ તો નકી, મારીશ ધક્કો જાણ !!
સૂણી સુબાહુ નીસર્યો, સહી મૂક અપમાન. ૭૯

આવ્યો ત્યાંથી વેગથી કાશિરાજની પાસ;
કહી હકીકત સર્વ એ, બોલેઃ- સહાય ખાસ ૮૦

કરો ઉદાર અહીં તમે, જાણી મારી દાઝ;
ચાર સહોદર ! કાં કરે એજ એકલો રાજ ? ૮૧

માગ્યો મારો ભાગ મેં, ના આપે એ તેમ;
કરવી શિક્ષા એહને, ચાલ સાથ તું એમ. ૮૨

આગેવાન થઈશ હું, મા કર ચિંતા તેમ;
લઈ સૈન્ય પડખે રહે, આપ સાહાય્ય એમ. ૮૩

કાશિરાજ બોલે તિહાંઃ- માંડલિક હું જાણ;
સાર્વભૌમ અલર્ક એ, ત્યાં હું કોણ પ્રમાણ ? ૮૪

કહે સુબાહુઃ- દીનને કરવી સહાય એમ;
શુદ્ધ સનાતન ધર્મ એ, ક્ષાત્રમાત્રનો તેમ. ૮૫

તદ્ધર્મે લડતાં કદિ આવે મૃત્યુ જાણ,
મળે સ્વર્ગ શાસ્ત્રે કહ્યું; વિજયે રાજ્ય પ્રમાણ. ૮૬

ના હાનિ ઉભયત્ર ત્યાં, ધર્મયુદ્ધમાં એમ;
મળતાં રાજ્ય તને નહીં, નકી વિસારૂં તેમ ! ૮૭

સૂણી વચન સુબાહુનાં, કહે કાશિનૃપ જાણઃ-
મળી પ્રથમ અલર્કને, કરૂં વિષ્ટિ હું માન. ૮૮

જો તોએ માને નહીં, લડી લઈશું તેમ;
દોષ ન દે કોઈ પછી, માટે કરવું એમ. ૮૯

કરે માન્ય સુબાહુ એ; ત્યાંથી સત્વર એમ
લઈ સૈન્ય ચતુરંગ ત્યાં, આવ્યા બંને તેમ. ૯૦

---

૧. येऽपि गच्छन्ति रागान्धा नरा नारीं रजस्वलाम् । पर्वण्यप्सु दिवा श्राद्धे ते वै नरकगामिनः । રાગાંધ થઈ જે લોકો રજસ્વલા સાથે ગમન કરે, અથવા પર્વકાલે, પાણીમાં, દિવસે, કે શ્રાદ્ધદિને સ્ત્રી સહ રમે તે નરકમાં જાય છે, વગેરે અનેક શાસન. ૨. પશુહિંસા.

વેગે જઈ અલર્કને, વદે કાશિનૃપ જાણ;
આપ ભાગ ભાઈ તણો, વચન ધર્મ્ય આ માન ! ૯૧

બોલે અલર્કઃ- ના કદિ આપું ભયથી એમ;
ભલે લડાઈ આદરો ! સૂણી કાશિનૃપ તેમ. ૯૨

આવી કહે સુબાહુને વૃત્ત વેગથી જાણ;
કરી યુદ્ધપોકાર ત્યાં, ઘેરે નગરી માન. ૯૩

જોઈ અલર્ક એ સ્વયં આવ્યો સસૈન્ય તેમ;
કહેઃ- કરી રણ બેઉને હણું વેગથી એમ ! ૯૪

યોગિવર્ય સુબાહુ એ, યોગશક્તિથી જાણ
હરે તેજ પરસૈન્યનું, દર્શનમાત્રે માન. ૯૫

અલ્પ સૈન્ય [1]કાશીશનું જોઈ અલર્ક તેમ,
ડગ્યો અંતરે હા તિહાં, થયો ભયભીત એમ ! ૯૬

કહેઃ- સૈન્યસમુદ્ર આ કેવળ અપાર જાણ;
કોણ નિવારે એહને ? થઈ ભૂલ હા માન ! ૯૭

માન્યું પૂર્વે હોત તો, ના આવત આ કાળ;
જાતાં શરણ હવે નકી, થશે ઉપહાસ[2] હાર ! ૯૮

માટે પાછું ના હવે હઠવું, એવો ત્યાંય,
કરી સુનિશ્ચય ચિત્તમાં, અલર્ક આગળ થાય. ૯૯

લઈ સૈન્ય તૂટી પડ્યો, કરી ગર્જના એમ;
કાશિરાજ પણ ક્રોધથી, પ્રેરે સેના તેમ. ૧૦૦

પડતાં દૃષ્ટિ સુબાહુની, લડે કાળસમ જાણ;
ક્ષણમાત્રે પરસૈન્યનો, કાઢ્યો કચ્ચરઘાણ. ૧૦૧

મડદાંનો ઢગલો થયો, વહે લોહીનું પૂર;
જોઈ બીધો અંતરે, અલર્ક એ રણશૂર ! ૧૦૨

ત્યાં તો દોડ્યા શત્રુઓ, તોડ્યા કિલ્લાકોટ;
ભાંગી દરવાજા ઘુસ્યા, અંદર મૂકી દોટ. ૧૦૩

મારી રક્ષક ક્ષણ મહીં, પાડ્યા રાજમહેલ;
તોડી ધ્વજ ગર્જે તિહાં, માની કેવળ ખેલ. ૧૦૪

ફોડ્યા ભેદે કેટલા, દાને બીજા તેમ;
અન્ય સામથી વશ કર્યા, નાઠા સઘળા એમ. ૧૦૫

ફોડ્યા કોઠારો બધા, લૂંટ્યા ધનભંડાર;
જોઈ ભીષણ એ સ્થિતિ, કરે અલર્ક વિચારઃ- ૧૦૬

જેને પોતાના કહ્યા, ઊઠ્યા વિરુદ્ધ તેહ;
કર્યો ઘાત વિશ્વાસથી, કાશિનૃપાલે એહ. ૧૦૭

માંડલિક એ માહરો, મળ્યો શત્રુને તેમ;
સેનાએ એની થઈ, કરૂં હું હવે કેમ ? ૧૦૮

ફૂટ્યા મંત્રીઓ બધા, લૂંટાયાં ધનગેહ;
ઈજ્જત કોડીની થઈ, ગમે ના હવે દેહ ! ૧૦૯

નડ્યું કર્મ કો જન્મનું, જાણે ઈશ્વર એક !
કંટાળ્યું મન સર્વથા, હવે ઉપાય ન છેક. ૧૧૦

મોત ભલું અપકીર્તિથી ! થયો ઉદ્વિગ્ન એમ;
બેસી અશ્વે એકલો, ચાલી નીકળ્યો તેમ ૧૧૧

અંધારી રાતે અહા, મદાલસાસુત એહ !
જાણી સુબાહુ સૈન્યને કહેઃ- ન રોકો તેહ !! ૧૧૨

મળશે આગળ દત્તને, થાશે કૃતાર્થ ત્યાંય;
સૂણતાં રસમય એ કથા, કોણ મુક્ત ના થાય ? ૧૧૩

ઉદ્ધરવા નિજ બંધુને મથે સુબાહુ કેમ
આ અધ્યાયે વર્ણવ્યું, કહે અલખ સપ્રેમ. ૧૧૪

ધન્ય નિરંજન એ નકી, યદ્યોગે રસ આમ, રેલાએ નિશદિન અહીં, વરે **રંગ** વિશ્રામ ! ૧૧૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અલર્કબોધોપાયવર્ણનં નામ દ્વાત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૨ ॥ દોહરા ૧૧૫

અધ્યાય ૩૩

ચાલ્યો ચિંતામગ્ન એ, દુઃખે અલર્ક એમ;
આવ્યો ઋષ્યાશ્રમ મહીં, વેગે વનમાં તેમ. ૧

બેઠો સ્વસ્થ જઈ તિહાં, કરતો વિચાર જાણ;
સ્મરી રાજ્યવૈભવ કહેઃ- રૂઠ્યો ઈશ્વર માન ! ૨

નડ્યું પાપ કો જન્મનું, આપે દારુણ તાપ;
દૈવગતિ ન્યારી અહા ! કરે એમ વિલાપ. ૩

હોત માત જો તો કદિ, ના થાત સ્થિતિ આમ;
શું કરવું સૂઝે નહીં ! મળે કેમ આરામ ? ૪

થતાં સ્મરણ માતાતણું, આવ્યું પેલું યાદ;
કહેઃ- જતાં વનમાં નકી જાણી આ સહુ વાત, ૫

આપી માએ પત્રિકા; કહ્યું વાંચવા ખાસ;
સંકટકાળે જે થકી, નાસે સઘળો ત્રાસ. ૬

૧. કાશિરાજનું ૨. મશ્કરી.

જોઉં સ્નાન કરી અહા ! ક્યારે થાય પ્રભાત ?
કેમ સૂર્ય હજુ ના દિસે ! રહી કેટલી રાત ? ૭

ચિંતા કરતો એમ ત્યાં, બેઠો અલર્ક એહ;
ત્યાં તો વેગે પૂર્વમાં ઊગ્યો સવિતા તેહ. ૮

સ્મરણ કરી માતાતણું, કરે વેગથી સ્નાન;
પૂજી મુદ્રા, પત્રિકા કાઢી બહાર જાણ. ૯

વાંચે ઉત્સાહે તિહાં, માતૃલેખ એ એમ;
સકળસૌખ્યરહસ્ય ત્યાં, લખ્યું સતીએ તેમઃ- ૧૦

સંગ છોડવો સર્વથા; બને ન જો કદિ એમ,
સંતસંગ કરવો સદા; તારે સંતો તેમ. ૧૧

કામ[1] સર્વથા ત્યાગવો; બને એમ ના જાણ,
મોક્ષકામ વરવો સદા; કેવળ સૌખ્યનિધાન. ૧૨

માતૃલિખિત એવું તિહાં વાંચી, હૃદ્‌ગત એમ
જાણી; ભૂપ વદઃ- અહા ! મળે સંત ક્યાં તેમ ? ૧૩

જાણું ના એમાં કશું, હું મૂરખ નાદાન !
એમ કહી આશ્રમ મહીં ગયો તત્ક્ષણે માન. ૧૪

વંદી ઋષિને એક ત્યાં, બોલે જોડી હાથઃ
કહો સંત ભગવાન ક્યાં મળશે મુજને, તાત ! ૧૫

યત્સેવાથી માહરા, થશે દુઃખનો નાશ !!
સૂણી વચન એ ઋષિ વદે, સાંભળ સાવધ ખાસઃ- ૧૬

સહ્યાપર્વતે દક્ષિણે, વસે દત્ત યોગીશ;
જા દર્શન કર એહનું, કરશે કૃપા ત્રયધીશ. ૧૭

પ્રસિદ્ધ માતાપુર જિહાં, રેણુકાશ્રમ સુંદર;
સ્હામે દત્તાશ્રમ તિહાં, તુંગ[2] શિખર પર વર ! ૧૮

અનસૂયાસુત દત્ત એ, યોગિરાજ વિખ્યાત;
વંદે સંતો જેહને, દૈવત એ સાક્ષાત્ ! ૧૯

દર્શનમાત્રે એહના, ટળે ભવવ્યથા જાણ !!
સૂણી વચન વંદન કરી, ચાલ્યો અલર્ક માન. ૨૦

વેગે સહ્યાચલ વિષે, આવ્યો ત્યાંથી એમ;
જોઈ આશ્રમ એકલો, પેઠો અંદર તેમ. ૨૧

વંદન સદ્‌ભાવે કરી, દત્તચરણમાં ત્યાંય;
કહેઃ- ભક્તવત્સલ પ્રભો ! ચરણે અર્પી કાય. ૨૨

દુઃખ અપાર થયું મને દૈવે, હે ગુરુનાથ !
કૃપા કરી મુજ રંક પર, તારો વેગે તાત ! ૨૩

થતાં અનુગ્રહ આપનો, રહે દુઃખ ના તેમ;
કરો ઉપાય હવે પ્રભો ! આવ્યો શરણે એમ. ૨૪

સૂણી વચન મનમાં કહે, અત્રિપુત્ર એ જાણઃ-
મદાલસાનું ધન્ય આ ગર્ભરત્ન સુજાણ ! ૨૫

સિદ્ધ ભૂમિકા, ના પડે યત્ન અતિશય તેમ !
એમ કહી શ્રીદત્ત ત્યાં વદે હાસ્ય કરી એમઃ- ૨૬

થયું દુઃખ ક્યાં વદ અરે ! બતાડ મુજને સ્થાન !
દઈ ડામ સીધું કરૂં, એને સત્વર માન. ૨૭

બોલ કોણ તું, ક્યાં થયું દુઃખ, શા થકી તેમ;
જાણી દૂર કરૂં સુખે, રહે ન બાકી એમ ! ૨૮

દત્તવચન એ સાંભળી, સૂક્ષ્મ વિવેકે એમ
જોતાં અંતરમાં બધું, જાણ્યું સઘળું તેમ. ૨૯

કહેઃ- ભૂતસંઘાત આ સ્થૂલ દેહ જડ જાણ;
વિકારવશ ક્ષણ ક્ષણ નકી, કેવલ અનિત્ય માન. ૩૦

નિર્વિકાર આત્મા સ્વયં, વ્યાપક અખંડ તેમ;
પરિચ્છિન્ન દેહાદિને, જાણે અલિપ્ત એમ. ૩૧

એજ રૂપ મારૂં નકી, ભિન્ન દેહથી જાણ;
સત્ય ચિદાત્મા એક હું, ચાલક ભાસક માન. ૩૨

રહી ઇંદ્રિયોમાં કરે ચલનવલન જે એમ;
નિદ્રામાં જડતા ધરે, પ્રાણ સાક્ષી હું કેમ ? ૩૩

દોડે ક્ષણ ક્ષણ મન અહા, જાણું સઘળું એમ;
ના હું એવો, ના કદિ આવે સંશય તેમ. ૩૪

છેક ભિન્ન વિભુ અચલ હું, ના મન તેથી જાણ;
થાય લીન જે ઊંઘમાં, ના બુદ્ધિ વિજ્ઞાન. ૩૫

સાક્ષી ચેતા હું અહા ! ભિન્ન સર્વથી એમ;
અહંકાર પણ હું નહીં, જડ ત્રિગુણાત્મક તેમ. ૩૬

શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીંદ્રિય પ્રમાણ;
અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન. ૩૭

એવો નિશ્ચય હું તિહાં, ક્યાંથી આવે દુઃખ ?
બન્યો કેમ હા બાવરો ? હું તો કેવળ સુખ ! ૩૮

આમસ્તકપદ ના દિસે, દુઃખ શોધતાં તેમ;
જન્મમરણ વ્યાધિ બધાં દેહદુઃખ, ના એમ ૩૯

સ્પર્શે મુજને સર્વથા; હું તો ન્યારો જાણ;
પીડાએ પણ જડ નકી, ભૂખતરસથી પ્રાણ. ૪૦

ના હું તદ્‌દુઃખે કદિ થાઉં દુઃખિત એમ;
વર્તે મુજ સત્તા થકી, સર્વ ભૃત્યવત્ તેમ. ૪૧

રાગદ્વેષનું મૂળ એ, ચંચલ મન પ્રમાણ;
હસે રડે સુખદુઃખથી, અન્નવિકારે માન. ૪૨

ના હું જો એ સર્વથા, નડે કાં મુને એમ ?
દુઃખ એકનું અન્યને, સ્પર્શે શું કદિ તેમ ? ૪૩

એમ વિચારી અંતરે, જાણી દુઃખકારણ,
બોલે હાસ્ય કરી તિહાં ! કહેઃ- કર્યું શોધન. ૪૪

૧. ઇચ્છા. ૨. ઊંચું.

વ્યોમ વાયુ ને તેજ એ, જળ પૃથ્વી પણ તેમ;
ભૂતો જડ ચંચલ બધાં, રૂપ ન મારૂં એમ. ૪૫

સત્ ચિત્ આત્મા એક હું, કેવલ નિશ્ચલ જાણ;
ભૂત ભૌતિક ગુણ થકી, ન્યારો નિર્ગુણ માન. ૪૬

મનપ્રાણેંદ્રિયબુદ્ધિનો સાક્ષી ચેતન તેમ;
તદ્ તદ્ દુઃખે કાં રડું, જો ભિન્ન હું એમ ? ૪૭

દેહાહંતા દુઃખનું મૂળ અમંગલ જાણ;
તત્સંગત્યાગે ન એ, જડે દુઃખનું સ્થાન; ૪૮

સૂક્ષ્મ વિચારે માહરૂં જાણ્યું સ્વરૂપ એમ;
થયું દુઃખ મનને નકી, કહું અનુભવે તેમ. ૪૯

દુર્લભ આત્મવિવેક આ, ઢૂંઢે ઋષિમુનિ જાણ;
પ્રશ્નમાત્રથી એ સ્ફુર્યો, થતાં અનુગ્રહ માન. ૫૦

સ્વયંપૂર્ણ હું સર્વદા, વધું ઘટું ના તેમ;
ભાસે મનમાં દુઃખ જે, સ્પર્શે મુજને કેમ ? ૫૧

જે જે ભાસે તે બધું, માયિક નશ્વર જાણ;
દેહેંદ્રિયપ્રાણાદિનું સુખ પરિણામી માન. ૫૨

ના તેથી સંબદ્ધ હું, નિત્યાદ્વૈત અખંડ;
શુદ્ધ નિરંજન પૂત હું, તેજઃપુંજ અદંડ ! ૫૩

અક્ષય અવિનાશી સદા, પરિણામાતિગ તેમ;
સર્વસંગનિર્મુક્ત હું, સુખદુઃખાતિગ એમ. ૫૪

પંચભૂતસમૂહ જે, સ્થૂલ દેહ એ જાણ;
સૂક્ષ્મ વાસનામય નકી; બંને જડ પ્રમાણ ! ૫૫

ના જાણે નિજ રૂપને, શું જાણે પર એમ ?
માટે એથી ભિન્ન હું, સાક્ષી ચેતન તેમ. ૫૬

વાત પિત્ત કફ ધાતુઓ વસે સ્થૂલમાં જાણ;
થતાં કુપિત એ, વ્યાધિથી પીડાએ તનુ માન. ૫૭

તોએ જડ એ ના લહે વિકાર નિજનો એમ;
જે જાણે તે પર નકી, સાક્ષી સ્વાત્મા તેમ. ૫૮

કામાદિક સૂક્ષ્મે સ્ફુરે, થાય સૂક્ષ્મને રોગ;
જે જાણે પર એ વસે, જ્યાં ના બંને યોગ. ૫૯

માટે કારણ દુઃખનું, [1]કારણ, એ અજ્ઞાન;
જ્ઞાનીને સ્પર્શે નહીં, સ્વપ્રે પણ જે માન. ૬૦

કરતાં વિચાર એ ક્રમે, ભાસે મનમાં દુઃખ;
ભર્યો જેમનો તેમ હું, કેવળ અખંડ સુખ ! ૬૧

તાદાત્મ્યે દુઃખી થયો, માટે પૂછ્યું નાથ !
સમજાયું સઘળું હવે, ના મુજમાં એ વાત ! ૬૨

અન્ય દુઃખથી કેમ હું, થાઉં દુઃખિત એમ ?
આવે હસવું જોઈને; મૂરખતા એ તેમ ! ૬૩

સ્વપ્નોપમ સુખદુઃખ એ, મન તેનું છે ઠામ;
[2]ભૂમા આત્મારામ હું, પૂર્ણકામ નિષ્કામ ! ૬૪

સૂણી નિશ્ચય એહનો, બોલે દત્ત ગભીરઃ-
વિવેક તારો ધન્ય આ, બોલ હવે તું ધીર ! ૬૫

શું ઇચ્છે મન તાહરૂં, વિજય રાજ્ય વા તેમ ?
કરૂં દૂર ઉપાધિ વા ? કહે નિખાલસ એમ. ૬૬

કહે ભૂપઃ- ચિંતા હવે લેશ ન મુજને જાણ;
રાજ્યાદિક સુખ ના ગમે, ક્ષણભંગુર એ માન. ૬૭

ભલે રાજ્ય ભાઇ કરે, કર્યું મેં જ તે એમ;
ઇચ્છા એની ના મુને, ખાઉં સોગન તેમ. ૬૮

દેહ ભિન્ન, પણ સર્વથા અંતર્યામી એક;
આત્મા અભિન્ન બેઉનો, નિઃસંશય એ છેક. ૬૯

એકરૂપ બેઉ અમે ! ભ્રાતૃરાજ્યથી એમ
રાજ્યવાન્ હું એ ન શું ? કરૂં શોક કાં તેમ ? ૭૦

કહે દત્તાઃ- રાજા ભલે એવું તારૂં જ્ઞાન;
લોકદૃષ્ટિથી તું દિસે, કેવળ રંક સમાન. ૭૧

હાથી ઘોડા વાહનો, કચાં તુજને રે તેમ ?
છડી પુકારે શું કદિ, ભાલદાર[3] તુજ એમ ? ૭૨

દુર્લભ ઇચ્છા રંકની, તેમ તાહરી જાણ;
રથાશ્વ ધન તુજને નકી, મળે ન સ્વપ્રે માન ! ૭૩

કહે અલર્કઃ- નિરિચ્છ હું [4]નિતાંત કેવળ તેમ;
સ્વયં પૂર્ણ નિજ અંતરે, સદાતૃપ્ત હું એમ. ૭૪

હસ્તપાદ મુજને નહીં, હું તો અસંગ જાણ;
દેહાદિક વિણ કો કરે, સંગ એમનો માન ! ૭૫

રથાશ્વ ધન દેહાદિને મુજને કાંઇ ન તેમ;
સ્વતઃસિદ્ધ હું એકલો, નિરિચ્છ કેવળ એમ. ૭૬

દાંતે જીભ દબાવતાં, પાડે દાંત ન જાણ;
હાથે આંખ દુખાવતાં, તોડે હાથ ન માન. ૭૭

સઘળાં અંગો માહરાં, જાણી કોઇ ન જેમ
કરે ઘાત નિજ અંગનો, જાણ અત્ર પણ તેમ. ૭૮

એકજ સઘળે હું ભર્યો, અદ્વૈતાર્ણવ જાણ;
કોણ મિત્ર કો શત્રુ ત્યાં ? મત્તરંગ[5] સહુ માન. ૭૯

ના શત્રુ મુજને નકી, સુખદુઃખો પણ તેમ;
ના સેના પુર ના કશું ! પડું ન મોહે એમ ! ૮૦

૧. કારણદેહ. ૨. અપરિચ્છિત્ર. ૩. ચોપદાર. ૪. અત્યંત. ૫. મારાં મોજાં.

ચિત્તે ભ્રાંતિ જો વસે, ઊઠે ઇચ્છા જાણ;
થતાં ચિત્ત નિર્ભ્રાંત ત્યાં, સઘળે આત્મનિશાન ! ૮૧

ચૌદ લોકનો નાથ હું, કેવળ સુખનું ધામ;
આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ. ૮૨

ના ભ્રાંતિ મુજમાં હવે, રહ્યો ન કાંઈ શોક;
કૃપા થતાં આ ચરણની, મળ્યો પુણ્યાત્મલોક. ૮૩

એક વ્યોમ બહુધા દિસે, ઘટમઠભેદે જાણ;
તેમ દેહભેદે કરી જીવો અનેક માન. ૮૪

પારમાર્થિક દૃષ્ટિથી જોતાં વ્યોમ અખંડ;
તેમજ આત્મા એક એ, જ્યાં ના બીજું બંડ. ૮૫

કાશિરાજ સુબાહુ ને હું પણ એકજ તેમ;
દેહ ભિન્ન પણ પૂર્ણ એ, આત્મા અખંડ એમ. ૮૬

ના જાણ્યું આ જ્યાં સુધી, દુઃખ ત્યાં સુધી જાણ;
થતાં જ્ઞાન અદ્વૈત એ, રહે ન દુઃખનિશાન. ૮૭

પ્રગટાવી મુજ અંતરે જ્ઞાનદીપ આ નાથ !
અજ્ઞાનાહંતા કરી, મમતા સુદૂર તાત ! ૮૮

કહે અપશબ્દ કોઈ જો, થાય અંતરે દુઃખ;
દેહાહંતા એ નકી, વીંધે મર્મ અચૂક. ૮૯

બિલ્લી ઉંદરને ગ્રસે, થાય દુઃખ ના તેમ;
પકડે પોપટને યદિ, થાય શોક ત્યાં જેમ. ૯૦

પડતાં માંદો પુત્ર નિજ, થાએ વ્યાકુળ જાણ;
મરતાં પુત્રો શત્રુના, લાગે તેમ ન માન. ૯૧

મમતા મેલી એ નકી ! અહંમમત્વ એમ
મૂળ સર્વ અનર્થનું થયું નિર્મૂળ તેમ. ૯૨

ઊગ્યો વિવેક અંતરે, ના મુજને સુખદુઃખ;
ભલે કોઈ કાંઈ કહે, ગણું ન તેનું દુઃખ. ૯૩

શુદ્ધ નિરંજન હું નકી મમતાહંતાહીન,
પાર પ્રકૃતિથી અહા ! થાઉં હવે ન દીન. ૯૪

એમ કહી વંદન કરે !! બોલે દત્ત દયાળઃ-
ધન્ય ભૂપ તેં ઓળખ્યું આત્મરૂપ નિર્ધાર ! ૯૫

પાપપુણ્ય તુજને નહીં, સુખદુઃખો પણ તેમ;
કર્માકર્માતીત તું, ધન્ય નિષ્કર્મ એમ ! ૯૬

'હું' કહેતાં આવ્યો તિહાં, સંગ બંધમય જાણ;
સંગે શોક જ સર્વથા, ના શંકા ત્યાં માન. ૯૭

પ્રિય સંબંધો જેટલા કરે જંતુ જગ માંહ્ય;
[1]શોકશંકુઓ તેટલા ઠોકે ઉરમાં હાય ! ૯૮

મમતાથી બંધન વધે, પામે આખર દુઃખ;
ના મમતા ત્યાં બંધ ના, અખંડ એક જ સુખ. ૯૯

'મારૂં' કહેતાં જગ મહીં, આવ્યું બંધન જાણ;
'ના મારૂં' કહેતાં ક્ષણે, છૂટ્યો પ્રાણી માન ! ૧૦૦

લોકવંદ્ય મા તાહરી, બ્રહ્મનિષ્ઠ સુધન્ય,
યોગનિષ્ઠ વરેણ્ય જે, તપોનિષ્ઠ અનન્ય ! ૧૦૧

કર્યું સ્તનપાન એહનું, માટે તત્ક્ષણ જાણ
શુદ્ધ [2]સ્વાન્ત થયું, અને થયું પ્રાપ્ત આ જ્ઞાન. ૧૦૨

સાધુસંગનું ફળ નકી, અતુલ એહવું જાણ;
ક્ષણ સત્સંગ સમાન ના સ્વર્ગ સૌખ્ય પણ માન. ૧૦૩

થયો સત્સંગ મૂળમાં, થયો વૈરાગ્ય તેમ;
એકજ પ્રશ્ને આ થયું આત્મજ્ઞાન પણ એમ. ૧૦૪

આત્મજ્ઞાને વેગથી મમતાહંતા દૂર
ફેંકી દીધી, વાયુથી જેમ શાલ્મલી[3] તૂલ. ૧૦૫

સંસારદ્રુમ આ અહા ! તમોબીજ[4] તું જાણ,
અહંકાર અંકુર તિહાં, મમતા લતા પ્રમાણ. ૧૦૬

ગૃહ ક્ષેત્ર ધન ડાળીઓ, સ્ત્રીપુત્રાદિક પાન;
પુણ્યપાપ [5]પ્રસૂન ત્યાં, સુખદુઃખો ફળ જાણ. ૧૦૭

મોક્ષમાર્ગ વ્યાપી અહા વધ્યો ચોદિશે એમ !
ભવશ્રાન્ત સુખભ્રાંતિથી, લે આશ્રય ત્યાં તેમ. ૧૦૮

પસ્તાએ આખર નકી, મૂઢ લોક એ જાણ;
કેવળ માયિક એ, તિહાં ના સુખ અક્ષય માન. ૧૦૯

અસંગશસ્ત્રે મૂળથી કાપે એને જેહ,
મળે મોક્ષપથ તેહને; વ્યર્થ અન્ય સંદેહ. ૧૧૦

પામી પરપદ, સુખ થકી લે વિશ્રાંતિ જાણ;
અદ્વિતીય ઠરી તિહાં; બીજાં ફાંફાં માન. ૧૧૧

રાજ્ય ભૂતેંદ્રિય બધું, સ્થાવર જંગમ એમ;
નામરૂપ માયિક નકી, દૃશ્ય સર્વ આ તેમ. ૧૧૨

ત્રિગુણાત્મક સંઘાત આ, ક્ષેત્ર માયિક જાણ;
જે જાણે ક્ષેત્રજ્ઞ તે, ભિન્ન એ થકી માન. ૧૧૩

ભિન્ન ઉદુંબરફળ થકી [6]મશક, જળ થકી મીન;
તેમ ભિન્ન જડ ક્ષેત્રથી, તે ક્ષેત્રજ્ઞ અદીન ૧૧૪

જાણ્યો આત્મા નિશ્ચયે; ધન્ય શિષ્ય તું એમ !
જોઈ તુજને ઊછળે, બોધાર્ણવ આ તેમ !! ૧૧૫

કહે અલર્કઃ- કૃપા કરી કીધો કૃતાર્થ જાણ;
ના ઉદ્વેગ રહ્યો હવે, વંદું કૃપાનિધાન ! ૧૧૬

૧. શોકના તીક્ષ્ણ ખીલા ૨. અંતઃકરણ ૩. શીમળાનું. ૪. અજ્ઞાન તે જ જેનું બીજ છે તે. ૫. કળી. ૬. જંતુ

સ્વાત્મરૂપની ભિન્નતા અહંકારથી એમ,
ત્વદનુગ્રહ વિણ નાથ હે ! દુર્ગમ કેવળ તેમ. ૧૧૭

વહી કલ્પકોટિ જતાં, જાણે અજ્ઞ ન તેહ;
કરે તપસ્યા મુનિગણો, રહે તોય સંદેહ ! ૧૧૮

તુજ કૃપાથી એ થયું, સ્વાત્મજ્ઞાન અભિન્ન;
જગન્નાથ પ્રણમું તુંને, થાઉ ત્વત્પદલીન ! ૧૧૯

શંકા એક જ દેવ હે ! થયું જ્ઞાન જે એમ,
રહે કેમ સુસ્થિર સદા ? ચંચલ ચિત્તડું તેમ. ૧૨૦

વહે વાસનાવાયુ ત્યાં, ખાએ ઝોકાં જાણ;
જાણે ક્ષણમાં જ્ઞાન એ ઊડી જાશે માન. ૧૨૧

માટે કૃપા કરી, પ્રભો ! બોધો ઉપાય એમ,
દુઃસંગે પણ જે કદિ થાએ નષ્ટ ન તેમ; ૧૨૨

લાગે સંગ ન કોઈનો, રહું નિઃસંગ જાણ;
થાય વિયોગ ન જ્ઞાનનો, એવો યોગ પ્રમાણ. ૧૨૩

જન્મ માનવી મેળવી, એજ કર્તવ્ય જાણ;
અધઃપતન નહિ તો નકી, વિષયસેવને માન. ૧૨૪

ફરતાં નાના યોનિમાં, પુણ્યયોગથી એમ
મળતાં મનુષ્યજન્મ જો કરે ન સાર્થક તેમ, ૧૨૫

ભોગ ભોગવ્યા નરકમાં, તે જ ભોગવે અત્ર;
થાએ વિરક્ત ના કદિ, ભ્રષ્ટ અત્ર પરત્ર ! ૧૨૬

કલ્પે તેની ભવવ્યથા મટે ન નિશ્ચય એમ;
જાણી એવું અંતરે, પૂછું ઉપાય તેમ. ૧૨૭

થાય બોધ સ્થિર જે થકી, લાગે અન્ય ન રંગ;
કરો કૃપા ગુરુનાથ હે ! થાય ચિત્ત નિઃસંગ. ૧૨૮

એવો પ્રશ્ન અલર્કનો, સૂણી દત્ત દયાળ,
વદે યોગ નિર્મલ તિહાં; કહે અલખ સૂણ, બાળ ! ૧૨૯

પ્રશ્નમાત્રથી જ્ઞાનનું કીધું નિર્મલ દાન;
આ અધ્યાયે, **રંગ** એ લહે કેમ નાદાન ? ૧૩૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અલર્કાય જ્ઞાનકથનં નામ ત્રયસ્ત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૩ ॥ દોહરા ૧૩૦

અધ્યાય ૩૪

સૂણી પ્રશ્ન અલર્કનો, અનસૂયાસુત એમ
વદે દત્ત યોગીંદ્ર એ, મોક્ષહેતુ ત્યાં તેમઃ- ૧

કારણ મુક્તિનાં કહ્યાં, મુખ્ય ત્રણ તું જાણ;
પ્હેલું તત્ત્વજ્ઞાન એ મનોભંગ પછી માન. ૨

વાસનાક્ષય તે પછી, ત્રીજું કારણ તેમ;
થતાં સિદ્ધ ત્રણે નકી, જીવન્મુક્તિ એમ. ૩

સ્વવર્ણાશ્રમકર્મનું કરવું પાલન જાણ;
ફલાભિસંધિ સર્વદા ત્યજી નિષ્કામ માન. ૪

કર્મોનું શું કામ ત્યાં ? સ્વપ્રે કુતર્ક એમ
કરવો ના કદિ સાધકે, કહું ઉપયોગ તેમ. ૫

મહાપાપીને ના ગમે જ્ઞાનયજ્ઞ આ જાણ;
સદ્દ્વેષી એ સર્વથા, નિંદે જ્ઞાન પ્રમાણ. ૬

ઈશ્વરાર્પણબુદ્ધિથી કરતાં કર્મો તેમ,
બળે પાપ; થાએ ક્ષણે ચિત્તશુદ્ધિ પણ એમ. ૭

ચિત્તે શ્રવણ તણી પછી પ્રગટે રુચિ પ્રમાણ;
રુચિદ્વારથી એમ એ જ્ઞાનોપયુક્ત માન. ૮

ના વિરૂદ્ધ અજ્ઞાનનાં; તેથી સાક્ષાત્ એમ
આત્મબોધવત્ ના કદિ, આપે મુક્તિ તેમ. ૯

થતાં નાશ અજ્ઞાનનો, થાય મુક્ત નર જાણ;
વિના જ્ઞાન અજ્ઞાન એ થાએ નષ્ટ ન માન. ૧૦

વિના શમાદિક જ્ઞાન ના પ્રગટે કદિએ એમ;
શમસંપત્તિ ના મળે, ચિત્તશુદ્ધિ વિણ તેમ. ૧૧

ચિત્તાશુદ્ધિ કર્મે નકી; પરંપરાથી એમ,
કર્મ જ્ઞાનોપયુક્ત એ; માટે કરવું તેમ. ૧૨

થતાં ચિત્તાશુદ્ધિ, કરી સર્વસંન્યાસ જાણ;
જવું શરણ સદ્ગુરુપદે અનન્ય ભાવે માન. ૧૩

ગુરુશુશ્રૂષા[1] પ્રેમથી કરી અહર્નિશ એમ,
કરવું તત્ત્વજ્ઞાનનું શ્રવણ ભાવથી તેમ. ૧૪

[2]અન્વયવ્યતિરેક લહી તત્ત્વ સુનિશ્ચિત જાણ;
કરે મનન વાક્યાર્થનું, સાધક સુદૃઢ માન. ૧૫

નિદિધ્યાસઅભ્યાસથી થતાં જ્ઞાન એ સ્થિર;
ભંગે મન, ને વાસના થાએ સુનષ્ટ, ધીર ! ૧૬

વિયોગ પ્રાકૃત ગુણ થકી, યોગ બ્રહ્મથી જાણ;
એજ મુક્તિ અલર્ક હે ! મળે અસંગે માન. ૧૭

તૂટે સંગ વૈરાગ્યથી; જ્ઞાને વિરતિ તેમ;
જ્ઞાન વિવેકે જાણ તું પ્રગટે નિશ્ચિત એમ. ૧૮

૧. સેવા. ૨. યત્સત્ત્વે યત્સત્ત્વં-અન્વય; યદભાવે યદભાવ-વ્યતિરેક.

સદસદ્વસ્તુવિચારથી પ્રગટે વિવેક જાણ;
ક્રમે ક્રમે સુદૃઢ થતાં, મળે બોધ નિર્વાણ. ૧૯

દેહેંદ્રિય મન પ્રાણ ને અહંકાર પણ તેમ;
[1]સાદ્યંત વિકારી એ, ભૌતિક ગુણવત્ એમ. ૨૦

અસત્ પરાક્[2] એ નકી, ભલે સંયુક્ત જાણ;
કેવલ જડ ભંગુર બધાં, ના આત્મા એ માન. ૨૧

અન્યોન્યાધ્યાસે દિસે, છેક વિપરીત એમ;
જડ ચેતનવત્, ચિત્ નકી ભાસે જડવત્ તેમ. ૨૨

અગ્નિસંગે લોહવત્, આત્માધ્યાસે જાણ
ભાસે દેહાદિક બધાં, ચેતનવત્ તું માન. ૨૩

આત્મા પ્રત્યક્[3] ભિન્ન એ, સાક્ષી કેવળ એમ;
દેહાદ્યધ્યાસે દિસે તત્તદ્ગુણયુક્[4] તેમ. ૨૪

જાણે અજ્ઞ ન એ કદિ, ગ્રહે અહંતા તેમ;
કરે કર્મ સાદર[5] અહા ! પડે બંધને એમ. ૨૫

થઈ કર્મવશ યંત્રવત્, ભમે અહર્નિશ જાણ;
સ્વપ્રે શાંતિ ના લહે, સડે દુઃખમાં માન. ૨૬

અજ્ઞાને અવિવેકનું વધે જોર ત્યાં એમ;
અવિવેકે અભિમાન ને અભિમાને ખલ તેમ ૨૭

ઊઠે રાગાદિક તિહાં; રાગદ્વેષે જાણ
કર્મ ત્રિવિધ નર આચરી, થાએ દુઃખિત માન. ૨૮

કર્મે દેહોત્પત્તિ ને વળી કર્મ સુખદુઃખ;
વારંવાર પરંપરા ચાલે એમ અચૂક ! ૨૯

થતાં જ્ઞાન અપરોક્ષ ત્યાં થાય નષ્ટ અજ્ઞાન;
થતાં નાશ અજ્ઞાનનો, ટળે અવિવેક માન. ૩૦

નાશ થતાં અવિવેકનો, થાય નષ્ટ અભિમાન;
થતાં નષ્ટ અભિમાન ત્યાં, શમે રાગાદિ જાણ. ૩૧

રાગદ્વેષાદિકતણો થાતાં વિનાશ એમ;
કર્માસક્તિ ના તિહાં રહે કદાપિ તેમ. ૩૨

કર્મનાશથી દેહ ના; સુખદુઃખો ત્યાં કેમ ?
થતાં બોધ એવો નકી, મળે મોક્ષસુખ તેમ. ૩૩

માટે જ્ઞાન વિના કદિ, સમાધાન ના થાય;
થતાં નાશ મનનો નકી, ઠરે જ્ઞાન પણ ત્યાંય. ૩૪

મનોનાશ માટે સુખે કરવો યોગાભ્યાસ;
થતાં વાસના નષ્ટ ત્યાં, વિદેહમુક્તિ ખાસ. ૩૫

દુર્જય આત્મા આ નકી, અભ્યાસે વશ થાય;
થાય ચિત્ત સુસ્થિર અને ભ્રમણા સમૂળ જાય. ૩૬

પૂછે અલર્કઃ-હે ગુરો ! ચંચલ મન અત્યંત;
થાય કેમ વશ એ નકી ? હારે ઉપાય હંત ! ૩૭

થાએ વેષ્ટન વાયુનું, ખંડન નભનું એમ;
તરંગબંધન થાય પણ, ના ઝલાય મન તેમ !! ૩૮

સૂણી વચન શ્રીદત્ત એ કહેઃ-યથાર્થ જાણ
વચન તાહરું; મન અતિ દુર્જય ચંચલ માન. ૩૯

જયોપાય વૈરાગ્ય ત્યાં, દૃઢાભ્યાસ પણ એમ;
વૈરાગ્યે મન વશ થઈ, થાએ નિશ્ચલ તેમ. ૪૦

દોષદૃષ્ટિ વિષયે થતાં, થાય જિહાસા[6] જેહ
સૂકરવિષ્ઠાવત્ સદા, ધન્ય વિરક્તિ તેહ. ૪૧

અથવા યોગાષ્ટાંગનો કરવો દીર્ઘાભ્યાસ;
કરી દુઃખવિયોગ જે, હરે દુઃસંગ ખાસ. ૪૨

દેહશુદ્ધિ યમનિયમથી, સ્થૈર્ય આસને જાણ;
[7]ધાતુદોષશોષણ નકી, પ્રાણાયામે માન. ૪૩

[8]ગોજય પ્રત્યાહારથી, ધારણાથી અઘનાશ;
મનઃસ્થૈર્ય ધ્યાને, સમાધિથી એકત્વ ખાસ. ૪૪

સ્વર્ણાદિક ધાતુ તણા મેલ અગ્નિમાં જેમ
થાય દગ્ધ, ત્યમ યોગથી મનોમેલ પણ એમ. ૪૫

નિરોધ પ્રાણાપાનનો, પ્રાણાયામ પ્રમાણ;
લઘુમધ્યોત્તમભેદથી ત્રિવિધ એહ તું જાણ. ૪૬

લઘુ પ્રાણાયામે છૂટે ઘર્મ[9] દેહમાં જાણ;
મધ્યમથી નાડી મહીં, ઊઠે કંપ પ્રમાણ. ૪૭

ઉત્તમ પ્રાણાયામથી, બ્રહ્મરંધ્રમાં તેમ
થાય પ્રાણ સુસ્થિર નકી; જાણે યોગી એમ. ૪૮

મધ્યમ વેગે હાથની પાડે તાળી જેહ;
નિદ્રિતનો વા શ્વાસ જે, માત્રાપ્રમાણ તેહ. ૪૯

પ્રદક્ષિણા જાનુ તણી કરી વગાડે એમ
ચપટી જે તર્જની તણી, માત્રા એ પણ તેમ. ૫૦

દ્વાદશ માત્રાનો કહ્યો, પ્રાણાયામ કનિષ્ઠ;
મધ્યમ [10]દ્વિઘ્ન તિહાં નકી, ઉત્તમ ત્રિઘ્ન[11] વરિષ્ઠ. ૫૧

લેવો અંદર શ્વાસ જે, પૂરક કહીએ તેહ;
કુંભક અંદર રાખવો, રેચક ત્યજવો જેહ. ૫૨

ત્રણે મળીને એક એ પ્રાણાયામ સુજાણ;
પૂરકથી કુંભક કહ્યો, ચાર ગણો ત્યાં જાણ. ૫૩

રેચક બમણો જાણ તું; ધીમે ધીમે એમ
માત્રા વૃદ્ધિંગત કરે; જાણી સાધક તેમ. ૫૪

૧. આદિઅંતવાળાં ૨. બહિર્વૃત્ત ૩. અંતર્વ્યાપ્ત ૪. તે તે (દેહપ્રાણાદિના) ગુણોથી યુક્ત. ૫. ફલાનુરક્તિથી ૬. ત્યજવાની ઇચ્છા ૭. વાતપિત્તાદિ. ૮. ઇંદ્રિયજય. ૯. પસીનો. ૧૦. બમણી; ચોવીસ માત્રા ૧૧. ત્રણગણી, છત્રીસ માત્રા.

વેગે રેચક જો કરે, થાએ નર કમજોર;
ધીમે ધીમે છોડતાં, વધે આરોગ્ય જોર. ૫૫

ધીમે ધીમે યુક્તિથી, કરે અભ્યાસ એમ;
થાય પ્રાણ વશ નિશ્ચયે, જેમ કેસરી તેમ. ૫૬

બલાત્કારથી ના કદિ, થાય સુવશ એ જાણ;
માટે ક્રમે ક્રમે કળે, સાધે સાધક માન. ૫૭

'છૂ' કહેતાં પકડે હરિ[૧] વશ્ય હરણને એમ.
તેમ પ્રાણ મલ સંહરે, થતાં સ્વાધીન એમ. ૫૮

થતાં સ્વવશ હરિ ના હરે, પ્રાણ ધણીના જાણ;
તેમ દેહ પીડે નહીં, પ્રાણ સ્વાધીન માન. ૫૯

નહિ તો મારે ઊછળી, પ્રથમ ધણીને તેહ;
માટે સાવધ સાધવો પ્રાણ સિંહ સમ એહ. ૬૦

એવા અભ્યાસે ક્રમે, કર્મ શુભાશુભ એમ
નાસે યોગીનાં ક્ષણે; મળે વિશ્રાંતિ તેમ. ૬૧

લોભમોહાદિક બધા, ઐહિક સઘળા [૨]કામ;
તેમ પારલૌકિક વળી, થાએ નષ્ટ તમામ. ૬૨

શાન્ત થાય મન સર્વથા, થતાં વૃત્તિનો રોધ;
પામે અનુપમ સુખ અહા ! વહે જ્ઞાનનો ધોધ !! ૬૩

યોગશાસ્ત્રમાં વર્ણવી, પ્રાપ્તિ આને એમ;
નાશ શુભાશુભ કર્મનો, કહી ધ્વસ્તિ એ તેમ. ૬૪

થતાં પ્રાણજય [૩]એહને, બોલે સંવિત્ જાણ;
વધે જ્ઞાનસંપદ્ અને થાએ ત્રિકાલજ્ઞાન. ૬૫

થાય [૪]પ્રસન્ન ઇંદ્રિયો, ચિત્ત [૫]સમાહિત એમ;
ચોથી પ્રસાદ આ નકી, જાણ અવસ્થા તેમ. ૬૬

ચાર અવસ્થા આ કરે સિદ્ધ પ્રયત્ને જાણ
યોગીશ્વર તે; દૂર ના તેને ઈશ્વર માન. ૬૭

સાધન ઉત્તમ ત્યાં કહું, સાંભળ સાવધ એમ;
થશે ચિત્ત સુસ્થિર નકી, ના શંકા કર તેમ. ૬૮

બેસી સુસ્થિર આસને, રાખી દેહ સમાન,
દાંતે દાંત ન સ્પર્શતાં, નાસાગ્રે દગ્ જાણ; ૬૯

મોઢું બંધ કરી સુખે બેસે સુસ્થિર એમ;
થાય સિદ્ધ અભ્યાસ ત્યાં, હાલે અંગ ન જેમ. ૭૦

નિદ્રાલય પ્રમાદ એ, તામસ વૃત્તિ જાણ;
જીતી રાજસથી, પછી કરે અભ્યાસ માન. ૭૧

કામક્રોધાદિક બધી, વૃત્તિ રાજસ તેમ
થતાં પ્રબલ, કરવા ન દે ધ્યાન સર્વથા એમ. ૭૨

માટે વૈરાગ્યાદિથી જીતી એને જાણ,
સાધી શમદમ સાત્ત્વિકી વૃત્તિ નિર્મલ માન; ૭૩

પડવું અભ્યાસે પછી, નહિ તો અધવચ એમ
કરે ઘાત એ વૃત્તિઓ; દક્ષ વર્તવું તેમ. ૭૪

કેવલ કુંભક જ્યાં સુધી થાએ સિદ્ધ ન જાણ,
રેચક પૂરક ત્યાં લગી, કરે નિરંતર માન. ૭૫

ના લેતાં ના છોડતાં, થાએ સુસ્થિર પ્રાણ;
નીચે કે ઉપર તથા, જાય ન તે જ પ્રમાણ. ૭૬

યોગી અંતરમાં કદિ, ગભરાએ ના તેમ;
કેવલ કુંભક એ નકી, સાધી યત્ને એમ. ૭૭

કરી પ્રાણજય એ ક્રમે, કરવો પ્રત્યાહાર;
ખેંચે અંતર્વૃત્તિથી, ઇંદ્રિયગણ નિર્ધાર. ૭૮

અંગ સમેટે કાચબો, તેમ ઇંદ્રિયો જાણ
ખેંચે અંદર; એ કહ્યો પ્રત્યાહાર સુજાણ. ૭૯

બાહ્ય ભાન નાસે સહુ, પ્રત્યાહારે એહ;
શબ્દ પડે ના કર્ણ પર, જાણે સ્પર્શ ન દેહ. ૮૦

થાય બ્હાર શું ના લહે, યોગી સુસ્થિર એમ;
ઉત્તમ સ્થિતિ એ નકી, પામે યત્ને તેમ. ૮૧

પ્રત્યાહાર થયા પછી, કરે ધારણા જાણ;
નાભ્યાદિકમાં ચિત્તનું સ્થિરીકરણ[૬] એ માન. ૮૨

થતાં સિદ્ધ એ ધારણા, નાસે દોષો એમ;
આવે ચિત્તે સ્વસ્થતા, રહે ખેદ ના તેમ. ૮૩

ધ્યાન સાધવું એ પછી, થાય ચિત્ત એકાગ્ર;
સાધન ઉત્તમ એ નકી, આપે સુખ જે [૭]સાગ્ર. ૮૪

ભૂલી ધ્યાતા ધ્યાન જ્યાં, થાએ ધ્યેયાકાર
ચિત્ત, જાણ સમાધિ એ યોગમુકુટ નિર્ધાર ! ૮૫

રહે નિવાતદીપવત્ ધ્યેયાકારે એમ;
હાલે ચાલે ના કદિ, ચિત્ત સમાહિત તેમ. ૮૬

જોઈ આત્મા આત્મને, રહે સંતુષ્ટ જાણ;
ચળે ચિત્ત ના સર્વથા, ભૂલે શરીરભાન. ૮૭

આ જ શ્રેષ્ઠ સુખ જાણ તું, નિરુપાધિક એ તેમ;
એથી ત્રિભુવનમાં નહીં, અધિક એક પણ એમ. ૮૮

કોણ સૌખ્ય એ વર્ણવે ? જાણે જેનું તેહ;
સ્વસંવેદ્યાનંદ એ, એમાં ના સંદેહ. ૮૯

અતીંદ્રિય રસ એ નકી, જાણે ઇંદ્રિય કેમ ?
તુચ્છ અન્ય રસ જ્યાં અહા, કેવળ અનુપમ તેમ ! ૯૦

૧. સિંહ ૨. ઇચ્છાઓ. ૩. પ્રાણજયની સ્થિતિને ૪. શાન્ત; ચાંચલ્યથી રહિત; નિર્મળ. ૫. સુસ્થિર. ૬. સ્થિર કરવું તે. ૭. સંપૂર્ણ.

વિષયરસો નશ્વર બધા, સદા ના રહે જાણ;
પીડે વિરહે સર્વથા, સોપાધિક એ માન. ૯૧

થાએ નીરસ ક્ષણ મહીં ! સ્વાત્માનંદ ન એમ;
નિરુપાધિક સ્વાધીન એ, રસશ્રેષ્ઠ એ તેમ !! ૯૨

આથી બીજો મોક્ષનો માર્ગ સુગમ ના જાણ;
માટે યત્ને ભૂપ હે ! સાધ યોગ તું માન. ૯૩

ગુણદોષો અભ્યાસના જાણી કરવું તેમ;
થાય ત્રાસ નહિ તો નકી, નડતાં વિઘ્નો એમ. ૯૪

સૂણી વચન, ભાવે તિહાં, વંદી અલર્ક એહ
કહેઃ- કહો ગુણદોષ હે ગુરો ! સવિસ્તર તેહ; ૯૫

જેથી શંકા ના રહે, કરો કૃપા ગુરુરાય !
એમ કહી કર જોડીને, લાગે ફરી ફરી પાય, ૯૬

અલખ નિરંજનને કહેઃ સૂણી પ્રાર્થના એમ,
ગુણદોષો અભ્યાસના વદે યોગિવર તેમ. ૯૭

આગળ અનુસંધાન એ; આ અધ્યાયે જાણ
કર્યું વિવેચન યોગનું, કહે **રંગ** નિર્માન. ૯૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
યોગવિવરણં નામ ચતુસ્ત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૪ ॥ દોહરા ૯૮

અધ્યાય ૩૫

સૂણી વચન અલર્કનાં, બોલે દત્ત દયાળઃ-
સાંભળ ભૂપ કહું તને, રહસ્ય સૂક્ષ્મ રસાળ. ૧

જાણી ગુણદોષો સુખે, કરતાં યોગાભ્યાસ;
મળે સિદ્ધિ તત્ક્ષણ નકી, રાખ અડગ વિશ્વાસ. ૨

હોય પીડિત ક્ષુધિત વા, વ્યાકુળ ચિત્તે એમ,
ક્રોધે વ્યાપ્ત અશાન્ત વા, રોગે દુર્બલ તેમ; ૩

યોગાભ્યાસ ન આ કદિ, કરવો તેણે જાણ;
દૂર કર્યા વિણ દોષ આ, ઠરે ન ચિત્ત સુજાણ. ૪

પાસે દુર્જન હોય તો, ના કરવો અભ્યાસ;
આવે નિશ્ચય વિઘ્ન ત્યાં, માટે ત્યજવો ખાસ. ૫

અતિ શીત અતિ ઉષ્ણ વા, અતિવૃષ્ટિનો કાળ
જાણ વર્જ્ય અભ્યાસને; નડે વિઘ્ન તત્કાળ. ૬

ઊઠે ઝંઝાવાત[1] જ્યાં, અન્ય બીક વા તેમ;
ના બેસે અભ્યાસમાં, થાય ધ્યાન ના એમ. ૭

છેક નદી પાસે કદિ, કરવો ના અભ્યાસ;
સૂકા વૃક્ષ તળે તથા સ્મશાનાદિમાં ખાસ. ૮

જીર્ણમંદિરે ભેજમાં, ખુલ્લામાં વા તેમ,
ભીતિસ્થાને ના કદિ, કરે અભ્યાસ એમ. ૯

ના માની આ મૂઢ જો, બેસે એવે સ્થાન;
થાશે અનર્થ તો નકી, નિશ્ચય મનમાં માન. ૧૦

સ્મૃતિલોપ બાધિર્ય વા, થાએ મૂકત્વ તેમ;
જડત્વાંધતા મત્તતા,[2] રોગો દારુણ એમ. ૧૧

શ્વાસ હેડકી વાત વા, ભગંદર ક્ષય જાણ;
કફપિત્તાદિપ્રકોપ વા થાએ દુર્ધર માન. ૧૨

સૂણી વચન અલર્ક એ, પૂછે વંદી તેમઃ-
મૂઢપણે ગુરુનાથ જો, થાય ભૂલ કદિ એમ; ૧૩

થઈ વિઘ્ન દેહાદિમાં ઊઠે વિકાર તેમ,
શો કરવો પ્રતિકાર ત્યાં ? કહો કૃપા કરી એમ. ૧૪

જેથી દોષો દૂર એ, થાએ સત્વર નાથ !
થાય ક્ષિપ્ર આરામ ને વધે અભ્યાસ તાત ! ૧૫

એમ કહી વંદન કરે, ગ્રહે ચરણ તત્કાળ !
કહે શ્રીગુરુ પ્રેમથીઃ- સાંભળ સાવધ બાળ ! ૧૬

થાએ અપાય ભૂલથી, કરવો ઉપાય તેમ;
લઈ ચોખા નવટાંક ત્યાં, પાણી છગણું એમ; ૧૭

કરવી કાંજી સિદ્ધ એ, મંદાગ્નિથી જાણ;
કહે યવાગૂ એહને, સેવે યોગી માન. ૧૮

સર્વદોષહારક નકી, શ્રેષ્ઠ યવાગૂ એહ;
કરતાં સેવન યુક્તિથી, હરે દોષ સહુ તેહ. ૧૯

રોગે રોગે ભિન્ન ત્યાં, કહ્યું અનુપાન જાણ;
યોજી સ્વબુદ્ધિ થકી, કરવું સેવન માન. ૨૦

અંદર થોડું મેળવી ગોઘૃત, ઉન્હી એમ
પીવી નિત્ય યવાગૂ[3] એ; નાસે દોષો તેમ. ૨૧

સમાધાનથી બેસવું, લઈ યવાગૂ જાણ;
રાખી દોષનિવારણે વૃત્તિ નિશ્ચલ માન. ૨૨

વાતાદિક દોષો જિહાં હોય ઉદ્ભવ્યા એમ,
રાખી નિશ્ચલ ચિત્ત ત્યાં, કરે સંકલ્પ તેમ. ૨૩

જાય દોષ તત્ક્ષણ નકી, એમાં ના સંદેહ;
નિત્ય યવાગૂ પીઈને, કરે ધારણા તેહ. ૨૪

૧. વાવાઝોડું ૨. ગાંડપણ. ૩. રોજના અભ્યાસ માટે યવાગૂ ઘટ્ટ રાખવી ને દોષનિવારણ માટે પાતળી કાંજી જેવી રાખવી.

કંપે અંગો જો કદિ, ચિત્તે પર્વત જાણ
ચિંતી, વૃત્તિ સ્થિર તિહાં કરતાં, શમે સુજાણ. ૨૫

થતાં દોષથી બધિર ત્યાં, કર્ણે વૃત્તિ તેમ
રાખે તો ક્રમથી નકી, જાય બાધિર્ય એમ. ૨૬

દોષ જીભમાં આવતાં, રસનેંદ્રિયમાં જાણ
રાખે સુસ્થિર ચિત્ત તો, શમે મૂકતા માન. ૨૭

જન્મદોષ ના આ થકી, શમે નિઃશેષ એમ;
અભ્યાસોત્થિત દોષ જે, શમે સંપૂર્ણ તેમ. ૨૮

જાણી દોષસ્થાનને, લઈ યવાગૂ એમ;
તત્સ્થાને મન ચોઢવું, કેવલ સુસ્થિર તેમ. ૨૯

કરતાં એવી ધારણા, થશે દોષનો નાશ;
થતાં દાહ, દેહે કરે શીતધારણા ખાસ. ૩૦

થતાં શીત ત્યાં સૂર્યનું, કરવું સુસ્થિર ધ્યાન;
જશે શીત નિશ્ચય અને થાશે ઉષ્ણતા માન. ૩૧

સ્મૃતિલોપે મસ્તક વિષે, કરે ધારણા તેમ;
વાતાગ્નિધ્યાને ટળે, ભૂતોપદ્રવ એમ. ૩૨

દ્યાવાપૃથ્વીધ્યાનથી ટળે વિઘ્ન સહુ જાણ;
કરે ધારણા યુક્તિથી, શોધી કારણ માન. ૩૩

દૈવે ચૂકી લક્ષ્ય જો જાય અન્યથા પ્રાણ,
યત્ને પણ ના ઉતરે બ્રહ્મરંધ્રથી માન; ૩૪

સ્વયં દોષનો એ કદી, ના થાએ [1]પરિહાર;
રહે એમનો એમ તો, થાય ઘાત નિર્ધાર. ૩૫

સાન્નિધ્યે જન હોય જે, તેણે યત્ને એમ
પ્રાણ સ્થાન પર આણવો, રાખી ચિંતા તેમ. ૩૬

[2]સ્નિગ્ધ દ્રવ્યે તાલુનું, કરવું મર્દન જાણ;
ધીમે ધીમે યુક્તિથી યથાદિષ્ટ[3] પ્રમાણ. ૩૭

કાષ્ઠ ટૂકડો મૂકીને, ઉપર ધીમે એમ;
કરવું તાડન કાષ્ઠથી, મંદ હસ્તથી તેમ. ૩૮

મંદ તાડને પ્રાણ એ, ઉતરે નિશ્ચય જાણ;
યોગી વ્યાકુળ થાય ના, ના નિર્બલ વા માન. ૩૯

અથવા બંને કંઠની બાજુ ઘીથી એમ
મર્દન કરતાં, પ્રાણ એ આવે સ્થાને તેમ. ૪૦

અથવા શૃંગી લેઈને, દક્ષિણ કર્ણે જાણ
વગાડતાં ધીમે નકી, આવે સ્થાને પ્રાણ. ૪૧

પરંપરાગત માર્ગથી, સ્વસ્થાને નર એમ
મથે પ્રાણને લાવવા, રહી સુસાવધ તેમ. ૪૨

ભર્યો મેલથી દેહ આ, તોએ મોક્ષદ્વાર;
માટે તદ્રક્ષણ વિષે, રહે દક્ષ નિર્ધાર. ૪૩

ક્ષણભંગુર તોએ નકી, દે શાશ્વત પદ એહ;
યોગાદિકપ્રાપ્તિતણું દ્વાર એક નરદેહ. ૪૪

શ્રવણાદિક એ વિણ નહીં, વિણ શ્રવણ ના જ્ઞાન;
વિણા જ્ઞાને મુક્તિ નહીં, શાસ્ત્રાનુભવ પ્રમાણ. ૪૫

માટે રક્ષી એહને, કરવો યોગાભ્યાસ;
નાસે વિઘ્નો દૂર ને થાય સિદ્ધ અભ્યાસ. ૪૬

ચિત્ત પ્રસન્ન રહે સદા, મધુર કંઠ પણ તેમ;
થાય અગ્નિ પ્રદીપ્ત ને દેહ નીરોગ એમ. ૪૭

નાસે ઇંદ્રિયચપલતા, થાય દૃષ્ટિ સુસ્વચ્છ;
અલ્પ થાય વિણમૂત્ર ને અંગે સુગંધ અચ્છ.[4] ૪૮

પ્રથમ ચિહ્ન આ સિદ્ધિનું, નિશ્ચય મનમાં જાણ;
બીજું, કૃશતા દેહમાં, સદાનંદ તું માન. ૪૯

બાધે શીતોષ્ણાદિ ના, ના ભય ચિત્તે તેમ;
નિદ્રાહાર ઘટે નકી, ત્રીજું લક્ષણ એમ. ૫૦

થતાં પ્રગટ આ નિશ્ચયે, થયો સિદ્ધ અભ્યાસ
માને યોગીઓ નકી ! બીજો પ્રલાપ ખાસ !! ૫૧

આવે પૂર્ણ થવા જિહાં, યોગ નિશ્ચયે જાણ;
આવે [5]ઉપસર્ગો તિહાં સિદ્ધિરૂપ એ માન. ૫૨

સિદ્ધિ પાછળ જો પડે, થાય યોગથી ભ્રષ્ટ;
થાય ધ્યાન ના અંતરે, પામે આગળ કષ્ટ. ૫૩

સિદ્ધિ બૂરી લાલચો, કરે ફસાવી ઘાત;
મોહ પમાડે કાચથી, હરી રત્ન સાક્ષાત્. ૫૪

માટે મૂકી એમને, કરવો સતતાભ્યાસ;
નહિ તો અધવચ પાડીને, આપે [6]સંતત ત્રાસ. ૫૫

સૂણી વચન અલર્ક એ, બોલે વંદી એમઃ-
કહો મને ઉપસર્ગ એ, કૃપા કરીને તેમ; ૫૬

કરી વિઘ્ન જે યોગમાં, પાડે અધવચ એમ !
કહે દત્તઃ- સૂણ ભૂપ હે ! કહું સવિસ્તર તેમ. ૫૭

યોગાભ્યાસ ન એ ગમે દેવોને તું જાણ;
જાળ સિદ્ધિની પાથરી, કરે વિઘ્ન એ માન. ૫૮

લાલચ એની લાગતાં, ઊડે યોગરુચિ એમ;
થાએ ઇચ્છા ભોગની, ચૂકે સાધન તેમ. ૫૯

રમે કામ્યકર્મો મહીં, અનુષ્ઠાનમાં તેમ;
આપી સત્વર ફળ સુરો, મોહ પમાડે એમ. ૬૦

૧. નિવારણ ૨. ઘી દૂધની તર વગેરેથી. ૩. બતાવ્યા પ્રમાણે; યોગીની સેવામાં રહેનારે આ બધી બાબતો પ્રત્યક્ષ શીખી લેવી જોઈએ. ૪. નિર્મળ, નિરુપાધિક; સુગંધી તેલાદિથી ન્યારી; અકૃત્રિમ ૫. વિઘ્નો. ૬. ચાલુ; કાયમનો.

સાનુકૂલ સુર થાય ને આપે દ્રવ્ય મહાન્;
દોડી આવે સુંદરી, કરે ક્ષુબ્ધ મન માન. ૬૧

ઊઠે નાના કામના, કરે દેવ એ પૂર્ણ;
ચળે ભોગસાન્નિધ્યથી, પડે એમ નર તૂર્ણ. ૬૨

ઇચ્છામાત્રો ધન મળે, ફળે સંકલ્પ જાણ;
વિદ્યા વિણ યત્ને મળે, અનાયાસ જય માન. ૬૩

જાદુટોણા મંત્ર ને તંત્રજાળ પણ તેમ,
થાય સફળ યંત્રો અને મળે કીર્તિ પણ એમ. ૬૪

ઇચ્છે રાજ્યાદિક પછી, કરે યજ્ઞ ને યાગ
સ્વર્ગેચ્છાથી મૂઢવત્ ! થાય પૂર્ણ એ સાંગ. ૬૫

ઔષધ ધાતુ કીમિયા, રસાયનાદિક એમ,
થાય સિદ્ધ સિદ્ધિબળે; વધે લોભ પણ તેમ ! ૬૬

થવા પૂજ્ય લોકો મહીં, કરે ધતિંગો જાણ;
મોહે મમતામાં પડી, ડોળ વધારે માન. ૬૭

ઇચ્છે વ્યોમગતિ અહા ! વશીકરણાદિ તેમ;
મનની વાતો જાણવા, મથે પ્રયત્ને એમ. ૬૮

ભૂત ભવિષ્ય કથે બધું, વર્તમાન પણ તેમ;
માનપાન ઝંખે સદા; પડી મોહમાં એમ. ૬૯

યોગનાશકર આ નકી, નિશ્ચય મનમાં જાણ;
રહે દૂર જો એ થકી, તરે તો જ નર માન. ૭૦

ભલે ભોગ એથી મળે, થાએ નિષ્ફળ યોગ;
થાય તપસ્યા ભંગ ને વધે વૃથા હૃદ્રોગ. ૭૧

માટે જ્ઞાનીએ સદા, સ્વાત્મવિચારે એમ
ત્યજી દૂર ઉપસર્ગ એ, રે'વું ધ્યાને તેમ. ૭૨

ભાવ રાખતાં ઈશ્વરે, થાય વિઘ્નનો નાશ;
માટે ઈશોપાસના કરવી સાવધ ખાસ. ૭૩

જેથી ભૂતો ના નડે, સિદ્ધિનાં એ જાણ;
રહી ઈશ પડખે સદા, વિઘ્ન નિવારે માન. ૭૪

મળતાં સિદ્ધિ યોગની, વિના પ્રયત્ને એમ,
સ્ફુરે કવિત્વાદિક બધું, કલાનૈપુણ્ય તેમ. ૭૫

પ્રાતિભસિદ્ધિ એહને કહે યોગિજન જાણ;
યોગવિઘ્નકર એ નકી, માટે ત્યજવી માન. ૭૬

શ્રવણમાત્રથી શબ્દનું થાય જ્ઞાન જે એમ,
સૂણે દૂરથી શબ્દ એ, શ્રાવણસિદ્ધિ તેમ. ૭૭

થતાં પ્રાપ્ત એ, દેવગણ દેખે પ્રત્યક્ષ જાણ;
સૂણે શબ્દ દેવો તણા ! મોહક એ પણ માન. ૭૮

સ્વેચ્છાએ સઘળે ફરે, નિરાલંબમાં તેમ;
વિભ્રમનામક સિદ્ધિ એ, પાડે નિશ્ચય એમ. ૭૯

થાય જ્ઞાન સર્વાર્થનું, બુદ્ધિ અકુંઠિત જાણ;
આવર્તસિદ્ધિ એહને, કહે યોગિજન માન. ૮૦

જાણ વિઘ્નકર એ બધી, સિદ્ધિ નિશ્ચય એહ;
પાડી લાલચમાં હણે, અધવચ નિઃસંદેહ. ૮૧

આપી સિદ્ધિ મોહમાં પાડે દેવો એમ;
દોડી પાછળ એમની રડે યોગિજન તેમ. ૮૨

પડે સંકટે આખરે, રવડે અધવચ જાણ;
થાય ઉભયથા ભ્રષ્ટ ને પામે દુર્ગતિ માન. ૮૩

જતાં રાજદર્શનમિષે, ખેલતમાસા માંહ્ય
રમતાં માર્ગે, ના કદિ દર્શન નૃપનું થાય ! ૮૪

તેમ સિદ્ધિ દેખી પડે અત્ર મોહમાં જેહ;
ખુએ આત્મદર્શન નકી, રડે આખરે તેહ; ૮૫

આમ તેમ દેખે નહીં, પડે ન મોહે તેમ;
ત્યજે સિદ્ધિઓ દૂરથી, દેખે સ્વાત્મા એમ. ૮૬

રાખી શ્રદ્ધા ઈશ્વરે, કરે અભ્યાસ જાણ;
ઠગાય ના તે સિદ્ધિથી, અભક્ત માફક માન. ૮૭

સાધી પ્રત્યાહાર એ, અભ્યાસે નર એમ;
કરે ધારણા યુક્તિથી સિદ્ધ સુસાવધ તેમ. ૮૮

પૃથ્વીધારણાથી સ્વયં માને તદ્રૂપ જાણ;
ત્યજી સ્થૂલત્વ બુદ્ધિથી, ગ્રહે પંચગુણ માન. ૮૯

પગથી માંડી ઘુંટણે, ભૂમિધારણા તેમ;
ચતુષ્કોણ લં બીજથી, પીતવર્ણ પણ એમ. ૯૦

ઘુંટણથી નાભિ સુધી, ધનુરાકાર સુજાણ;
શ્વેતવર્ણ જલધારણા, વં બીજે તું માન. ૯૧

નાભિથી હૃદયે કરે, અગ્નિધારણા તેમ;
ત્રિકોણ રં બીજે નકી, રક્તવર્ણ નર એમ. ૯૨

હૃદય થકી ભ્રૂમધ્યમાં, ધ્વજાકાર તું જાણ;
ધૂમ્રવર્ણ યં બીજથી, વાતધારણા માન. ૯૩

બ્રહ્મરંધ્ર સુધી ત્યાં થકી, [1]વૃત્તાકાર સુજાણ;
નીલવર્ણ હં બીજથી, વ્યોમધારણા માન. ૯૪

યોગિસંમત આ નકી, પંચ ધારણા એમ;
કરતાં આવે સૂક્ષ્મતા, નિર્વિકારતા તેમ. ૯૫

થતાં સિદ્ધ પાંચે પછી મનોધારણા જાણ,
ચંદ્રદેવતા લક્ષીને, કરવી સાવધ માન. ૯૬

૧. ગોલાકાર

આવે નિર્ગુણતા નકી, એથી ચિત્તે એમ;
બુદ્ધિધારણા તે પછી કરે યોગીજન તેમ. ૯૭

જાણ બૃહસ્પતિ દેવતા, એની નિઃસંદેહ;
કરતાં ચિંતન એહનું, ટળે સંકલ્પદેહ. ૯૮

થતાં ધારણા સાત આ, પૂર્ણ સિદ્ધ તું જાણ;
ત્યજી સૂક્ષ્મતા યોગીઓ, થાએ વિરક્ત માન. ૯૯

વિષયાસક્તિ જાય ને થાય જિતેંદ્રિય એમ;
યોગી સુખમય સર્વથા, પૂર્ણ નિરામય તેમ. ૧૦૦

ગંધાદિકની વાસના ઊઠે ના કદિ જાણ;
સર્વવિલક્ષણ એ નકી, યોગીશ્વર તું માન. ૧૦૧

ગંધાદ્યાસક્તિ થકી, પુનરાવૃત્તિ એમ
પામે મૂઢો; ના ગતિ દેખે કલ્પે તેમ. ૧૦૨

કરતાં તે તે ધારણા, ક્રમે ગંધાદિ જાણ
થાય નષ્ટ; નિઃસંગ એ થાએ યોગી માન. ૧૦૩

સંગ કોઈનો ના કરે, થાએ વિરક્ત એમ;
નડે ન વિઘ્નો એહને, કરે સાધના તેમ. ૧૦૪

મુક્તસંગ એ સર્વથા, અનહંવાદી જાણ;
બ્રહ્માનંદે મગ્ન એ, વરે શીઘ્ર નિર્વાણ. ૧૦૫

ધારણાથી જાણીને, ત્યજે સૌક્ષ્મ્ય એ એમ;
ત્યજી વાસના સર્વદા, રહે સ્વાત્મવશ તેમ. ૧૦૬

ધ્યાને નિશ્ચલ બ્રહ્મનું, પામે સત્વર જ્ઞાન;
જીવન્મુક્ત થઈ ફરે, નિઃસંશય એ માન. ૧૦૭

જેણે સાતે ધારણા સાધી નિશ્ચિત એમ;
તે જ જિતાસન જાણ તું, જિતપ્રાણ પણ તેમ. ૧૦૮

સિદ્ધિ દાસી એહની, સ્થિતપ્રજ્ઞ એ જાણ;
માટે યત્ને ધારણા, સાધે યોગી માન, ૧૦૯

ભલે જિતાસન એ રહ્યો, જિતપ્રાણ પણ તેમ;
હોય જિતેંદ્રિય તોય એ, પડે મોહમાં એમ. ૧૧૦

જોઈ સિદ્ધિ ચિત્તમાં થાએ ચલાયમાન;
કામુક જોઈ કામિની ચળે જેમ એ માન. ૧૧૧

ભ્રષ્ટ થાય નિજ યોગથી, પડી મોહમાં એમ;
પસ્તાઈ આખર રડે; સિદ્ધિ ઘાતક તેમ ! ૧૧૨

સાવધાન માટે થઈ, ત્યજવી સિદ્ધિ જાણ;
કરવું સાધન રાખીને, અચૂક અનુસંધાન. ૧૧૩

માયિક ફળ સિદ્ધિ તણું, ક્ષણભંગુર પણ તેમ;
માટે ત્યાગી એહને, રે'વું નિશ્ચલ એમ. ૧૧૪

શાશ્વત ફળ વિજ્ઞાનનું, હરે જન્મસંદેહ;
માટે ત્યાગી સિદ્ધિઓ, વરે જ્ઞાનિજન એહ. ૧૧૫

અલખ નિરંજનને કહે; સૂણી અલર્ક એમ
પૂછે આગળ સિદ્ધિનું, યથાર્થ વર્ણન તેમ. ૧૧૬

ગુણદોષો અભ્યાસના, આ અધ્યાયે જાણ;
સપ્ત ધારણા વર્ણવી, કીધા તે જ પ્રમાણ. ૧૧૭

યોગરહસ્ય સુગૂઢ એ, કેવળ સદ્‌ગુરુગમ્ય;
હોય કૃપા ગુરુદેવની, જાણે **રંગ** સુકમ્ય ! ૧૧૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અભ્યાસગુણદોષકથનં નામ પંચત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૫ ॥ દોહરા ૧૧૮

અધ્યાય ૩૬

વંદી ગુરુપદ ભાવથી, બોલે અલર્ક એમઃ-
સાંભળવા ઇચ્છું પ્રભો, સિદ્ધિ સવિસ્તર તેમ. ૧

વિઘ્નરૂપ જે યોગમાં, પાડે અધવચ નાથ;
કહો કૃપા કરી જે થકી થાએ ના કદિ ઘાત. ૨

જાણી લક્ષણ ત્યાગતાં, થાએ મોહ ન તેમ !
એમ કહી ચરણે નમે, વદે દત્તગુરુ એમ. ૩

ધન્ય ધન્ય ગુરુદેવ એ, કલ્પદ્રુમ સાક્ષાત્;
રીઝે દેખી ભાવને, છેડે અન્ય ન વાત ! ૪

કંટાળે ના પ્રશ્નથી, થાએ પ્રસન્ન એમ;
કહે, સુસાવધ બાળ હે ! સાંભળ સઘળું તેમઃ- ૫

અણિમા મહિમા ને વળી, ત્રીજી ગરિમા જાણ;
ચોથી લઘિમા, ચાર એ દેહસિદ્ધિ તું માન. ૬

પ્રાપ્તિ અપૂર્વ પાંચમી, પછી પ્રાકામ્ય તેમ;
ઈશિતા વશિતા વળી, આઠ સિદ્ધિઓ એમ. ૭

થાય સૂક્ષ્મદેહી સ્વયં, ઇચ્છામાત્રે જાણ;
કાયા અણુસમ જે ધરે, અણિમા સિદ્ધિ માન. ૮

ચિંતે જેવું જેટલું, થાય સૂક્ષ્મ વપુ[1] તેમ;
અણિમાલક્ષણ એ નકી, કહે યોગિજન એમ. ૯

મહત્પદાર્થો ચિંતતાં, થાએ તત્સમ દેહ;
મહિમાસિદ્ધિનું નકી, એ ફળ નિઃસંદેહ. ૧૦

૧. શરીર

અથવા ઇચ્છે પૂજ્યતા, પૂજ્યચિંતને તેમ;
થાએ તત્સમ પૂજ્ય જે, ફળ મહિમાનું એમ. ૧૧

ભારે વસ્તુ ચિંતતાં, થાએ ભારે જાણ
પર્વતાદિવત્ કાય જે, ગરિમાફળ એ માન. ૧૨

સર્વગુરુ પરમેશ જે, તચ્ચિંતનથી તેમ
થાએ સર્વગુરુ સ્વયં, ગરિમાફળ વા એમ. ૧૩

ચિંતનમાત્રો કાય જે, થાએ હલકી ફૂલ;
લઘિમાસિદ્ધિ જાણ એ, થાય લઘુ જ્યમ તૂલ[૧]. ૧૪

દેહસિદ્ધિઓ ચાર આ, સર્વ વિઘ્નકર જાણ;
કહું અન્ય આગળ હવે, સાંભળ આપી ધ્યાન. ૧૫

ઇચ્છામાત્રો દૂરના આણે પદાર્થ તેમ;
રહી સ્વાસને દૂરની સ્પર્શે વસ્તુ એમ. ૧૬

પ્રાપ્તિસિદ્ધિનો નકી પ્રભાવ સઘળો એહ;
સ્પર્શે અંગુલિથી અહા, ચંદ્ર યોગિવર જેહ ! ૧૭

હોય વસ્તુ થોડી ભલે, ખૂટે ના કદિ જાણ;
ફળ પ્રાકામ્યસિદ્ધિનું, થાય અલ્પ વધુ માન. ૧૮

ભૂત ભૌતિક વસ્તુનું, ઇચ્છામાત્રો જેહ
કરે નિયંત્રાણ ઈશવત્ જાણ ઈશિતા તેહ. ૧૯

થાએ વશ ભૂતો સહુ, ભૌતિક પ્રાણી તેમ;
વશિતા સિદ્ધિ એ નકી, જાણ ભૂપસુત એમ. ૨૦

વાઘ સિંહ પર કૌતુકે, બેસે યોગી જાણ;
સર્પાભૂષણ કોડથી, ધારે દેહે માન. ૨૧

ચાલે અગ્નિ પર [૨]મુદા, પાણી પર પણ તેમ,
જડ વસ્તુ પર અશ્વ સમ, બેસી દોડે એમ ! ૨૨

ખેલ બધા વશિતા તણા, જાણ અલૌકિક એહ;
મોહ પમાડી આખરે પાડે અધવચ તેહ. ૨૩

મહાસિદ્ધિઓ આઠ આ, દશ ઉપસિદ્ધિ જાણ;
સર્વ ઉપાધિમાત્ર એ, મોક્ષવિઘ્નકર માન. ૨૪

પરકાયાદિપ્રવેશ જે, પરચિત્તાદિકજ્ઞાન,
[૩]વ્યોમગમન ઇત્યાદિ એ, ઉપસિદ્ધિઓ જાણ. ૨૫

દૂર રહેવું એ થકી, જાણી લક્ષણ એમ;
રખે લાલચે એમની, પડતો અલર્ક તેમ. ૨૬

ઊડે પક્ષી ગગનમાં, વસે મત્સ્ય જળ માંહ્ય;
જન્મસિદ્ધિઓ એ બધી, મળે યોગથી ત્યાંય. ૨૭

મંત્રૌષધિથી અગ્નિમાં બળે ન જેમ સુજાણ;
તેમ યોગસિદ્ધિ થકી, નિશ્ચય મનમાં માન. ૨૮

કરી તપસ્યા ઋષિમુનિ કરે કૌતુકો જેહ,
થાય સિદ્ધ યોગે બધાં, એમાં ના સંદેહ. ૨૯

મંત્રાતંત્રાસિદ્ધિ બધી, મળે યોગથી જાણ;
અકુંઠિત યોગી બધે, યોગસિદ્ધિથી માન. ૩૦

થાય સિદ્ધ સંકલ્પ ને પડે ન પાછો તેમ;
[૪]કામરૂપ વર્તે સ્વયં, સદા નિરંકુશ એમ. ૩૧

અશક્ય એને ના કશું, યોગૈશ્વર્યે જાણ;
સાધે ઇચ્છામાત્રથી, દુષ્કર કાર્યો માન. ૩૨

જાણ લાલચો એ બધી, યોગસિદ્ધિઓ એમ;
માટે ત્યજવી દૂરથી, રહી સુસાવધ તેમ. ૩૩

થતાં ધારણા સિદ્ધ ત્યાં કરવું અંતર્ધ્યાન;
દોષ નિવારી સર્વ જે, તારે ભવથી માન. ૩૪

પ્રથમ સગુણ સુસ્થિર કરી, ધ્યાવું નિર્ગુણ તેમ,
રૂપ માહરૂં ભૂપ હે ! અનન્યભાવે એમ. ૩૫

અજ અવિકારી હું સદા, નિર્ગુણ નિશ્ચલ જાણ;
વિભુ પરાત્પર એક હું, સર્વાધાર પ્રમાણ. ૩૬

રક્ષણ કરવા સાધુનું, દુષ્ટ દંડવા તેમ;
ધર્મસ્થાપવા દેહ આ, ધર્યો સુમંગલ એમ. ૩૭

ભક્તભાવનાવશ થઈ, મનુષ્યરૂપે આમ
સ્વમાયા સહ અવતર્યો, અખંડ આત્મારામ. ૩૮

નિરાકાર સાકાર હું, સચ્ચિદ્ આનંદ એક;
પૂર્ણ નિરંજન જાણ તું, કેવલ નિષ્કલ[૫] છેક. ૩૯

દેહે દેહાતીત હું, જાણે ભક્તો એમ;
ધરે ધ્યાન અંતર વિષે, તરે કાળથી તેમ. ૪૦

ધ્યાય ભાવથી રૂપ આ સુંદર મારૂં જાણ,
ભલે સ્નેહથી દ્વેષથી, કોઈ ભયથી માન; ૪૧

તરે સર્વ એ નિશ્ચયે, ના એમાં સંદેહ;
વસ્તુશક્તિ એવી નકી, ના દેખે મતિ એહ. ૪૨

થતાં સ્પર્શ અગ્નિ તણો અજાણતાં પણ એમ,
બાળે ના શું ? તું કહે; તારે ભક્તિ તેમ. ૪૩

જલબુદ્ધિથી અજ્ઞ જન પીએ અમૃત જાણ,
તોએ ન મરે જાણ તું; તેમ અહીં પણ માન. ૪૪

બ્રહ્મરૂપ સઘળું નકી, સ્ત્રીપુત્રાદિક તેમ;
તોએ અજ્ઞાને ગ્રસ્યું, જાણ ન તારક એમ. ૪૫

કરતાં એનું ધ્યાન ના તૂટે બંધન જાણ;
દેહાધ્યાસ વધે અને પીડે મમતા માન. ૪૬

૧. કપાસ; ૨ ૨. આનંદથી ૩. આકાશમાં ઊડવું તે. ૪. ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર. ૫. અખંડ.

નિર્વિકાર હું સર્વદા, નિરાવરણ પણ તેમ,
માટે મદ્બચાને તરે ભક્ત નિશ્ચયે એમ. ૪૭

અનુક્રમે કરવું સદા, પગથી આશિર[1] ધ્યાન,
થતાં સ્થિર અભ્યાસથી, વૃત્તિ મુખ પર જાણ. ૪૮

કરવી સુસ્થિર યત્નથી, પછી હાસ્ય પર તેમ;
ભૂલી સર્વાંગો પછી, થાવું તન્મય એમ. ૪૯

થાતાં તન્મય ધ્યાનથી, ઊઠે વૃત્તિ ન જાણ;
ધ્યેયાકારે મન રહે, આનંદોત્પ્લુત[2] માન. ૫૦

લાગે પૂર્વે સગુણ આ ધ્યાન અંતરે એમ;
થતાં સ્થિર, નિર્ગુણ કરે એજ અંતમાં તેમ. ૫૧

ક્રમે ક્રમે આકારથી ખસે વૃત્તિ તું જાણ;
થાય ચિત્ત નિર્ગુણ સ્વયં, નિરાકાર પ્રમાણ. ૫૨

ધ્યેય ધ્યાન ધ્યાતા તણું રહે ભાન જ્યાં એમ;
રહે ત્રિપુટી ત્યાં સુધી, જાણ ધ્યાન તું તેમ. ૫૩

હું ધ્યાતા આ ધ્યાન એ, રહે ન ભાન લગાર;
મન તન્મય નિશ્ચલ રહે, કેવલ ધ્યેયાકાર; ૫૪

વૃત્તિ બીજી ના ઊઠે, રહે સુનિશ્ચલ એમ,
નિર્વાતે દીપક યથા, ધ્યેયાકારે તેમ; ૫૫

જાણ સમાધિ એ નકી ! થતાં સિદ્ધ એ જાણ,
મન ઇંદ્રિય બુદ્ધિ બધાં, થાય નિશ્ચેષ્ટ માન. ૫૬

છોડી દોડાદોડ એ, થાય સ્વરૂપે લીન;
યોગી આનંદે રહે, થાએ ના કદિ દીન. ૫૭

ટળે ઉપાધિ સર્વ ને, આધિ વ્યાધિ પણ જાણ;
ના બાધે એને કદિ, થતાં સમાધિ માન. ૫૮

મનોભંગ થાએ નકી, વાસનાક્ષય તેમ;
સંશય નષ્ટ થઈ મળે જીવન્મુક્તિ એમ. ૫૯

જન્મે યોગી ના પછી, વધે ન તે જ પ્રમાણ;
મૃત્યુ પામે ના કદી, પુનર્જન્મ ક્યાં માન ! ૬૦

ન પામે પરિણામ એ, અસંગ કેવળ એમ;
ભૂતભૌતિકથી સદા, કેવળ અલિપ્ત તેમ. ૬૧

થાએ વ્યાપ્ત ન મોહથી, સંસારે કદિ જાણ;
કેવળ આત્મારામ એ, બ્રહ્મરૂપ તું માન. ૬૨

ભિંજાએ ના જળ થકી, બળે ન આગે તેમ;
ના શોષાએ વાયુથી, અછેદ્ય શસ્ત્રે એમ. ૬૩

કલ્પોના કલ્પો વહે, તોએ ચળે ન એહ;
જન્મમરણ એને નહીં, એમાં ના સંદેહ. ૬૪

શબ્દાદિકથી ના કદિ થાય સંબદ્ધ જાણ;
રહે સ્વરૂપે સર્વદા, એકરૂપ એ માન. ૬૫

ના ભોક્તા કોનો કદિ, ના ભોજ્ય પણ તેમ;
નિર્વિકાર નિઃસંગ એ, કેવળ અલક્ષ્ય એમ. ૬૬

એકપણું ના એહનું, થાય કોઈથી ભંગ;
થતાં ધારણા એહવી, નડે ન માયારંગ. ૬૭

રાગદ્વેષાદિક [3]મળો થાએ સુદગ્ધ જાણ;
યોગાનલ સળગ્યો જિહાં, લાગે વાર ન માન. ૬૮

ના સ્પર્શે મળ એ ફરી, થયા દગ્ધ જે એમ;
થાય ચિત્ત નિર્મલ અને નાસે ભ્રાંતિ તેમ. ૬૯

શોક મોહ શોધ્યા ન ત્યાં જડે સર્વથા જાણ;
ટળે કર્મસંઘાત જ્યાં, રહે ન બંધનિશાન. ૭૦

વૃત્તિ બ્રહ્મસ્વરૂપમાં મળે એકધા જેહ,
ચળે ન ત્યાંથી એ ફરી, કલ્પાંતે પણ તેહ. ૭૧

જેમ નદીજળ અર્ણવે, ઘટાકાશ [4]ખે જાણ;
તેમ જ્ઞાની બ્રહ્મે મળે, પડે ન જુદો માન. ૭૨

બ્રહ્મરૂપ બ્રહ્મજ્ઞ એ, યોગી જીવન્મુક્ત;
શબ્દજ્ઞાનીતપસ્વીથી જાણ શ્રેષ્ઠ સુયુક્ત. ૭૩

કરે દ્વૈતવિધ્વંસ એ, યોગકેસરી જાણ;
માટે છોડી અન્ય તું, સાધ યોગ સુજાણ. ૭૪

જીવાત્માને બ્રહ્મથી, જોડે નિશ્ચય એહ;
થાય વિયોગ કદાપિ ના, જેથી નિઃસંદેહ. ૭૫

માટે તંદ્રા છોડીને, કરવો યોગાભ્યાસ;
જાણી યોગચર્યા સુખે, રહી સુસાવધ ખાસ. ૭૬

જેથી સિદ્ધિ ના નડે, વધે અભ્યાસ તૂર્ણ;
થાએ ખેદ ન અંતરે, જામે અનુભવ પૂર્ણ. ૭૭

સૂણી વચન અલર્ક એ કહેઃ- શ્રીગુરો ધન્ય !
કહો યોગચર્યા મુને, વંદું ચરણ અનન્ય. ૭૮

એમ કહી વંદન કરે ! બોલે દત્ત દયાળઃ-
સાંભળ સાવધ બાળ હે ! ચર્યાસાર રસાળ; ૭૯

અજ્ઞાની જન માનથી થાએ પ્રફુલ્લ જાણ;
કરે ઉદ્વેગ અંતરે, જો થાએ અપમાન. ૮૦

યોગી અવળું એ ગ્રહે, વર્તે તત્સમ તેમ;
આવે સિદ્ધિ હાથમાં, જાણ સુનિશ્ચિત એમ. ૮૧

અમૃતદૃષ્ટિથી ગ્રહે માન મૂઢજન જેહ,
અપમાન વિષદૃષ્ટિથી, બાંધે તેને તેહ. ૮૨

૧. માથા સુધી. ૨. આનંદથી તરબોળ. ૩. મલિન ભાવો. ૪. આકાશે.

માટે યોગી માનને, માને વિષવત્ જાણ;
અમૃતદૃષ્ટિથી ગ્રહે, સદા જાણ અપમાન. ૮૩

કંટાળે સન્માનથી, ગણી ઝેર સમ એહ;
હરખાએ અપમાનથી, ગણી સુધા સમ તેહ. ૮૪

તોજ યોગસિદ્ધિ વરે, નહિ તો બંધન જાણ;
માટે જાણી ભૂપ હે ! કરવું તે જ પ્રમાણ. ૮૫

જોઈ શુદ્ધ સ્થળ દગે, ભરવું ડગલું એમ;
ગાળી વસ્ત્રે ઉદકને, પીવું નિશદિન તેમ. ૮૬

શાસ્ત્રશુદ્ધ જાણી સદા, વચન બોલવું જાણ;
થાય શુદ્ધ મન જે થકી, ધરવું તેનું ધ્યાન. ૮૭

વિષયચિંતને જાણ તું, થાએ બંધન વીર;
ઈશચિંતને ચિત્ત આ, થાએ પાવન ધીર ! ૮૮

રાખે લોકો ભાવ જ્યાં, હોય પૂર્વપિછાન;
ના જાવું ભિક્ષામિષે, યોગીએ ત્યાં જાણ. ૮૯

શ્રાદ્ધગેહ પણ ત્યાગવું, રજસ્વલાગૃહ તેમ;
યજ્ઞોત્સવમાં ના કદિ જવું ભિક્ષાર્થ એમ. ૯૦

બહુ લોક જ્યાં એકઠા મળ્યા હોય ત્યાં જાણ;
દેવયાત્રોત્સવ વિષે, ના જાવું ત્યમ માન. ૯૧

વૃદ્ધિ સૂતક જે ગૃહે, થાએ સંસ્કાર જ્યાંય;
ના જાવું ભિક્ષામિષે, કદિ યોગીએ ત્યાંય. ૯૨

ચાળીસ દિન કન્યા થતાં, ત્રીસ થતાં સુત તેમ;
ચાર દિવસ રજસ્વલા થતાં વર્જ્ય ગૃહ એમ. ૯૩

એક વરસ મરતાં પિતા, મરતાં ગોત્રજ માસ;
મરતાં મા ષણ્માસ ત્યમ, ત્રિપુરુષે ત્રણ માસ. ૯૪

હોય મૌંજી[1] વિવાહ વા, સોળ દિવસ ત્યમ જાણ;
ગર્ભાધાને તેટલા[2], દિવસ વર્જ્ય તું માન. ૯૫

નાંદીશ્રાદ્ધાદિક થતાં, વર્જ્ય એક દિન તેમ
જાણી ગેહ ભિક્ષાર્થ તું; વર્ત જાણીને એમ. ૯૬

થતાં શાંત અગ્નિ ગૃહે, શાંત ધૂમ પણ જાણ;
જમી રહેતાં લોક પણ, જવું ભિક્ષાર્થ માન. ૯૭

મળે અધિક આ ગૃહ વિષે, ઓછું આ ઘર એમ,
સત્કારે અહીં, આ ગૃહે અસત્કારથી તેમ; ૯૮

એવું મનમાં ના કદિ કરવું ચિંતન જાણ;
તે જ તે જ ઘર તેમ ના જવું લોભથી માન. ૯૯

ડાબા જમણા ના જવું; ફરતાં ના ઘર તેમ
રાગદ્વેષે કો દિને, કરવું વર્જિત એમ. ૧૦૦

બૂમો પાડી ના કદિ, તેમ માગવું જાણ;
કમાડ ના ખખડાવવું, છિદ્રે જોવું ન માન. ૧૦૧

ના થોડું કહેવું કદિ, સારૂં નરસું તેમ;
યથાપ્રાપ્ત આનંદથી લેવું મૌને એમ. ૧૦૨

ના કહેવા સ્વગુણ વળી, વિદ્યાવૈભવ જાણ;
ના અણસારે ચીજ કો, કદિ માગવી માન. ૧૦૩

જતાં એક દિશા મહીં, ટાળી કો ગૃહ તેમ;
પાછા ના ફરવું કદિ, જાણી કનિષ્ઠ એમ. ૧૦૪

સતત સાત દિન જે ગૃહે મળે ન ભિક્ષા જાણ;
ના જાવું, ચાંડાલવત્ વર્જ્ય ગેહ તે માન. ૧૦૫

મધુકરી જો પેટપૂર મળે ત્રણ ઘર તેમ;
ના જાવું બીજે પછી, અધિકેચ્છાથી એમ. ૧૦૬

થાય ચૌર્ય લેતાં વધુ, ભંગે યોગ સુજાણ;
ખેંચી લે રસકસ મહી,[3] અન્નચૌર્યથી માન. ૧૦૭

ત્રણ પાંચ વા સાત ઘર, માગે ભિક્ષા એમ;
હોય બહુ ગૃહ નિત્ય તો, ના તે જ ઘર તેમ. ૧૦૮

કરે લોક અપમાન જ્યમ, સંગ કરે ના કોઈ;
તેમ વર્તવું યોગીએ, ના ધર્મ નિજ ખોઈ. ૧૦૯

પુષ્ટ ન કરવો દેહને, થાવું જિતરસ જાણ;
જીત્યે રસ જીત્યું બધું, નિશ્ચય મનમાં માન. ૧૧૦

સૂકી ભિક્ષા માગીને, રાખે [4]અગ્નિ એમ;
પવિત્ર ભિક્ષા તેહની, અન્ય અપવિત્ર તેમ. ૧૧૧

[5]યાયાવરવૃત્તિ થકી કરે નિર્વાહ જેહ;
[6]પ્રશસ્ત ભિક્ષા તેહની, એમાં ના સંદેહ. ૧૧૨

વૈદિક વિપ્રગૃહે કહી, ભિક્ષા મધ્યમ જાણ;
પંચયજ્ઞાદિક જિહાં, શુદ્ધ અન્ન તે માન. ૧૧૩

એ વિણ ભિક્ષા અન્ય ગૃહ, અધમ જાણવી તેહ;
શ્રેષ્ઠ મધુકરીનિયમ આ, સંત વખાણે જેહ. ૧૧૪

વર્જ્ય એકભિક્ષા કહી, સદ્‌ગેહે પણ જાણ;
હીનઘેર પણ મધુકરી, કહી સુશ્રેષ્ઠ માન. ૧૧૫

પેટપૂર ભલે મળે, તોય એક ઘર તેમ
ના કરવી ભિક્ષા કદિ, કહ્યું શાસ્ત્રમાં એમ. ૧૧૬

[7]યાવક કણ સત્તુ અને શુદ્ધ યવાગૂ જાણ;
કંદમૂળ ફળ પક્વ વા, દૂધ છાશ પણ માન. ૧૧૭

એક વાર મધ્યાહ્નમાં, આણી યોગી તેમ,
કરી સમર્પણ દેવને, જમે યથાવિધિ એમ. ૧૧૮

૧. જનોઈ. ૨. સોળ ૩. (૧) પૃથ્વી (૨) શરીર ૪. અગ્નિહોત્ર. ૫. નિત્ય સૂકી ભિક્ષા લાવી નિર્વાહ કરવો તે. ૬. શ્રેષ્ઠ ૭. યવાન્ન

ઔષધસમ હિત મિત સદા, ભરે અન્નથી પેટ,
[1]સ્વાદ્વસ્વાદુ જે મળે, જાણી કેવળ વેઠ. ૧૧૯

અર્ધપેટ અન્ને ભરે, જળથી તદર્ધ જાણ;
ચતુર્થાંશ વા કારણે, રાખે ખાલી માન. ૧૨૦

પ્રાણધારણે અન્ન છે, જાણી નિશ્ચય એમ;
રુચિ સ્વાદ જોયા વિના, ખાવું અદીન તેમ. ૧૨૧

અન્ય દિવસ માટે કદિ, રાત્રી માટે તેમ,
ના રાખવું સંગ્રહી; વધે યોગબળ એમ. ૧૨૨

ના કરવી ભિક્ષા તણી વાતો કદિએ જાણ;
પરકાજે ના આણવું અન્ન તેમ તું માન. ૧૨૩

હોય અન્ય અશક્ત તો, ના દૂષણ ત્યાં એમ
આણી ભિક્ષા આપતાં; શિષ્યે ગુરુને તેમ. ૧૨૪

બ્રહ્મચર્ય અસ્તેય ને ત્યાગ અહિંસા જાણ,
ગુરુસેવા શાંતિ ધૃતિ, શૌચ વિનય પણ માન; ૧૨૫

લઘ્વાહાર અને વળી સ્વાધ્યાય પણ તેમ;
નિત્યાભ્યાસ કહ્યો નકી, યોગસિદ્ધિકર એમ. ૧૨૬

સારભૂત લેવું સદા, શોધી શાસ્ત્રો જાણ;
સંગ્રહબુદ્ધિથી કદિ, ના પઢવું બહુ માન. ૧૨૭

આ જાણું દોડું તિહાં, કહી એમ નર જેહ,
ફરે તૃષાતુર સર્વદા, થાએ કષ્ટી તેહ. ૧૨૮

કલ્પે પણ વિદ્યા તણો ના પામે કદિ પાર;
માટે કરવું શાંત મન, લઈ સર્વનો સાર. ૧૨૯

ઉદાસીન લોકે સદા, રે'વું અલર્ક તેમ !
કહી યોગચર્યા તને, વર્ત જાણીને એમ. ૧૩૦

થશે ધ્યાન સુદૃઢ પછી, આત્માભ્યાસે જાણ
જીવન્મુક્તિ ચાટશે સ્વયં પાદતલ માન !! ૧૩૧

સૂણી વચન અલર્ક એ પૂછે વંદી એમઃ
કહો ગુરો વિસ્તારથી, કરું અભ્યાસ કેમ ? ૧૩૨

આવ્યો શરણે દીન હું, આપ માત ને તાત;
ના બીજું કોઈ મુને, વિના આપ ગુરુનાથ ! ૧૩૩

શિષ્યવચન એ સાંભળી, બોલે દત્ત દયાળ;
અલખ નિરંજનને કહે, આગળ એ વિસ્તાર. ૧૩૪

ચાતક ધન્ય સુશિષ્ય એ, શ્રીગુરુ મેઘ સુજાણ;
વરસે જાણી ભાવને ! કરે **રંગ** કો ગાન ? ૧૩૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
યોગસિદ્ધિયોગચર્યાવર્ણનં નામ ષટ્ત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૬ ॥ દોહરા ૧૩૫

અધ્યાય ૩૭

ગત અધ્યાયે શિષ્યનો સૂણી પ્રશ્ન ગુરુદેવ,
બોલે દત્ત દયાનિધિ, કરી હાસ્ય તતખેવઃ- ૧

ધન્ય ધન્ય તું ભૂપ હે ! સાંભળ આપી ધ્યાન;
યોગાભ્યાસે રત રહે, મુક્તસંગ સુજાણ. ૨

અંતર્મુખ મન ઇંદ્રિયો કરી ધ્યાનરત એમ,
થાવું જિતરસ સર્વદા, પામે સિદ્ધિ તેમ. ૩

એકાંતે ફળમૂળ જળ મળે નિરંતર ખાસ;
હોય ઉપદ્રવ ના જિહાં, કરવો ત્યાં અભ્યાસ. ૪

વનનિકુંજે સત્સ્થળે, દેવાલયમાં તેમ,
અથવા શુદ્ધ ગુફા મહીં, શૂન્ય ગૃહે વા એમ ૫

બેસી સુસ્થિર આસને, કરવો સતતાભ્યાસ;
યોગનિયમ પાળી સદા, છોડી આળસ ખાસ. ૬

દેહદંડ નિરિચ્છતા,[2] વાગ્દંડ તે મૌન;
મનોદંડ તે યોગ છે, અન્ય દંડ તો ગૌણ. ૭

[3]વેણુદંડ કરમાં ગ્રહી, પાખંડે રત જેહ;
ના જોવું મુખ તેમનું, પડે નરકમાં તેહ. ૮

દંડત્રય સાધે સદા, તે જ ત્રિદંડી જાણ;
યોગ મૌન નિરિચ્છતા, શુદ્ધ દંડ એ માન. ૯

વાંસ ગ્રહ્યો દંડી નહીં, પાખંડે રત જેહ;
રાગદ્વેષ ત્યજે નહીં, અધમ જાણવો તેહ. ૧૦

ભેદાભેદ લહે નહીં, ચિત્તે ખેદ ન જાણ;
સ્વપ્ને સ્વાદ ન જે લહે, બ્રહ્મરૂપ તે માન. ૧૧

જુએ સર્વ પોતા વિષે, તેમ સર્વમાં આપ;
શત્રુમિત્રાભેદાદિથી રહે દૂર નિસ્તાપ. ૧૨

કોણ પ્રિય તેને પછી અપ્રિય કોણ જ તેમ ?
સમદૃષ્ટિ જેની થઈ, અદ્વિતીય તે એમ ! ૧૩

માટીનું ઢેફું અને પથ્થર સોનું જાણ,
દેખે સમ શુદ્ધાત્મ જે, તે જ યોગિવર માન. ૧૪

૧. સ્વાદિષ્ટ કે અસ્વાદિષ્ટ. ૨. અન્નાદિ દેહને આવશ્યક ચીજો પ્રત્યે પણ ઉદાસીનતા. ૩. વાંસ

જીવબ્રહ્મ યોગથી, પામે શાશ્વત સ્થાન;
જન્મમરણ તેને નહીં, નિશ્ચય મનમાં માન. ૧૫

નામબ્રાહ્મણથી નકી, વેદપાઠક શ્રેષ્ઠ;
એથી જાપક શ્રેષ્ઠ ને એથી યાજ્ઞિક જ્યેષ્ઠ. ૧૬

પરોક્ષજ્ઞાનથી યુક્ત જે, શ્રેષ્ઠ એથી તે જાણ;
શ્રેષ્ઠ ધ્યાનરત એ થકી, એથી અનુભવી માન. ૧૭

નિર્વિકલ્પ સમાધિમાં રહે સુનિશ્ચલ જેહ;
સર્વશ્રેષ્ઠ એ જાણ તું, ઈશભક્ત પણ તેહ. ૧૮

બ્રહ્મવિદ્વરિષ્ઠ એ નકી, તદધિક કોઈ ન જાણ;
ભક્તિ [1]વિભક્તિહારિણી, કહી શાસ્ત્રમાં માન. ૧૯

ચતુર્વેદવેત્તા ભલે રહ્યો વિપ્રવર એમ,
સૂક્ષ્મ બ્રહ્મ જો ના લહે, બ્રાહ્મણગર્દભ તેમ. ૨૦

થાય શોકભાગી નકી, અજ્ઞાને એ જાણ;
બ્રહ્માદ્વિતીયજ્ઞાનથી તરે શોકગઢ માન. ૨૧

જાણી એવું ભૂપ હે ! રહે ધ્યાનરત એમ;
બાહ્યાભ્યંતર વિષયને છોડી યત્ને તેમ. ૨૨

જો લાગે આ કઠણ તો, સાંભળ સાધન અન્ય;
સુગમ અતિશય એ નકી, થા સાધી એ ધન્ય. ૨૩

કામક્રોધાદિક ત્યજી, છોડી વિષયાધ્યાસ;
સાધી આસન બેસવું, સદા અસંગ ઉદાસ. ૨૪

બંધ કરી અંગુષ્ઠથી કર્ણ યુક્તિથી જાણ,
નેત્ર [2]તર્જનીથી વળી; નાસા તે જ પ્રમાણ ૨૫

મધ્માંગુલિથી કરી બંધ સુસાવધ એમ;
[3]આનન અન્યાંગુલિ થકી; વૃત્તિ એકાગ્ર તેમ. ૨૬

દક્ષિણ કર્ણે જે ધ્વનિ પ્રગટે મંદ ગભીર,
સાંભળવો સ્થિર ચિત્તથી, નિત્ય નિયમથી ધીર. ૨૭

થતાં ગભરાટ નાસિકા છોડી વામ સુજાણ,
પુનઃ દબાવી એહને, શ્વાસ દક્ષિણે માન ૨૮

મંદ ગતિથી છોડવો; ફરી ફરીથી એમ
કરવું સાવધ યુક્તિથી; નાદ સૂણવો તેમ ૨૯

લક્ષ્ય સૂક્ષ્મમાં રાખવું, છોડી સ્થૂલ અવાજ;
થતાં ચિત્ત તન્મય તિહાં, વિસરે બીજાં કાજ. ૩૦

પ્રગટે દશવિધ નાદ જે, ઠરે ચિત્ત જો ત્યાંય;
મરે અન્યવૃત્તિ અને શીઘ્ર ઉન્મની થાય ! ૩૧

થાય સમાહિત એ થકી, યોગી પ્રસન્નચિત્ત;
એકભક્ત નિર્ભય સદા, જાણ મુક્ત નિશ્ચિત. ૩૨

બાહ્યાભ્યંતર છોડીને, થતાં સમાહિત એમ;
કરવા એનો ઘાત ના, કોઈ સમર્થ તેમ. ૩૩

મુક્ત સ્થિતિ જેને વરે ગુરુપ્રસાદે જાણ,
ભ્રષ્ટ તેહને કો કરે ? મશક કાળ કલિ માન ! ૩૪

એવું પણ જો ના બને, નડે વિઘ્ન જો તેમ;
પ્રારબ્ધે અભ્યાસ ના, વધે અગાડી એમ; ૩૫

પ્રબળ પાપ જો તેહનું, થાએ મન ચંચળ;
યોગી વ્યાકુળ થાય એ ! કરવા એ નિશ્ચલ, ૩૬

તેણે વિશ્વંભર તણું, કરવું અનુદિન ધ્યાન;
જશે પાપ એથી નકી, થશે ચિત્ત સ્થિર માન. ૩૭

સહસ્ર પાદો જેહના, બાહુ સહસ્ર તેમ,
નેત્રો સહસ્ર જેહનાં, મસ્તક સહસ્ર એમ; ૩૮

અનંત બ્રહ્માંડો વસે જેને ઉદરે જાણ,
જેનો પિંડ ત્રૈલોક્ય આ, જેનું તેજ મહાન; ૩૯

સર્વ પ્રાણીઓનાં શિરો, એનાં શિર એ તેમ;
સર્વ ગાત્ર એનાં નકી, જાણે જ્ઞાની એમ. ૪૦

અતલ પાદતલ એહનું, વિતલ પાદોર્ધ્વ જાણ,
[4]ગુલ્ફ સુતલ, મહાતલ નકી [5]જંઘાદેશ પ્રમાણ. ૪૧

[6]જાનુ તલાતલ જેહના, [7]ઉરુ રસાતલ તેમ,
કમર પાતાલ, સમ એ જાણ અધઃસ્થિત એમ. ૪૨

ભૂલોક ડૂંટી નકી, ભુવર્લોક તે પેટ;
સ્વર્લોક હૃદ્, કંઠ જે મહર્લોક એ ઠેઠ. ૪૩

જનલોક આનન કહ્યું, તપોલોક ભ્રૂ જાણ;
સત્યલોક શિશ્ન, ઊર્ધ્વ એ સમલોક તું માન. ૪૪

હવા પ્રાણ, પૃથ્વી તનુ; ચૌદે ભુવનો એમ
જાણ શરીરે એહના, વ્યાપક વિષ્ણુ તેમ. ૪૫

વિવિધ લોક અવયવ અહા ! દંત નક્ષત્ર જાણ;
માયા સુહાસ્ય જેહનું, મોહક કેવળ માન. ૪૬

[8]નિમેષોન્મેષ જેહના, રાતદિવસ એ તેમ;
કટાક્ષ સૃષ્ટિ જાણ તું, કુક્ષી સમુદ્ર એમ. ૪૭

નદી નાડીઓ, કેશ તે વૃક્ષૌષધી પ્રમાણ;
રેત વૃષ્ટિ, અસ્થિ નકી પર્વત જેનાં માન. ૪૮

બળ વજ્ર જેનું અહા ! કોપ રુદ્ર પણ તેમ;
દિશા કાન, વાયુ ત્વચા, સૂર્ય નેત્ર પણ એમ. ૪૯

વરુણ જીભ જેની કહી, ઘ્રાણ અશ્વિનીબાળ;
જ્ઞાનેંદ્રિય આ, સૂણ તું કર્મેન્દ્રિય નિર્ધાર. ૫૦

૧. વિયોગ; જુદાપણું ૨. ટચલી આંગળી ૩. મોઢું ૪. ઘુંટણ ૫. ઢીંચણને ઘુંટણની વચ્ચેનો પગ. ૬. ઢીંચણ ૭. સાથળ ૮. આંખ મીંચવી ઉઘાડવી તે.

વાચા અગ્નિ જાણ તું, ઇંદ્ર જેહના હાથ;
ઉપેંદ્ર પગ, યમ નૈર્ઋતી ગુદા જાણ સાક્ષાત્ ! ૫૧

લિંગ પ્રજાપતિ જેહનું, મન ચંદ્રમા તેમ;
ચિત્ત નારાયણ નકી, બુદ્ધિ બૃહસ્પતિ એમ. ૫૨

રુદ્ર અહંકૃતિ જેહની, એવું જેનું રૂપ;
વિશ્વંભર જગદીશ એ, તારે નિશ્ચય ભૂપ ! ૫૩

ધ્યાતાં જેને ચિત્તમાં, પ્રગટે મહદાનંદ;
યદ્વાચક ઓંકાર તું, જાણ ભૂપ નિઃસ્પંદ.[૧] ૫૪

એજ પ્રણવ તારક કહ્યો; જાણી ગુરુમુખ એહ,
એકાંતે યત્સ્મરણથી, તરે યોગિજન જેહ. ૫૫

ઋષિદેવાદિ જાણીને કરતાં એનું ધ્યાન,
બળે પાપ જન્મો તણાં, થાય મનોલય જાણ. ૫૬

માટે સુસ્થિર આસને બેસી નિયમે એમ,
ભાવે જપવો પ્રણવ એ, દીર્ઘોચ્ચારે તેમ. ૫૭

[૨]સાર્ધત્રય માત્રા કહી, એની નિશ્ચય જાણ;
અકાર ઉકાર ને વળી, ત્રીજી મકાર માન. ૫૮

અડધી માત્રા જે રહી, અતિ સૂક્ષ્મતર એહ;
જેનો કદિ ઉચ્ચાર ના, થાએ મુખથી તેહ. ૫૯

જાણે યોગી એ નકી, નિર્ગુણ માત્રા એમ;
કીડી સમ ઘૂમે અહા બ્રહ્મરંધ્રમાં તેમ ! ૬૦

ગાંધારસ્વરયુક્ત એ, આપે પરમાનંદ;
માટે ગાંધારી કહે, એને યોગાનંદ. ૬૧

અડધી માત્રા [૩]નકુળની, એક ચાષની જાણ;
બે માત્રાથી કાગડો, બોલે નિશ્ચય માન. ૬૨

મોર ત્રણ માત્રા થકી, જાણી માત્રા તેમ,
સાર્ધત્રય માત્રા વડે ઉચ્ચારે ૐ એમ. ૬૩

વધતાં વધતાં સાત ને આખર ચૌદ પ્રમાણ,
માત્રામેળે બોલતાં, થાય ઉન્મની માન. ૬૪

કરતાં દીર્ઘોચ્ચારથી ઓંકાર ધ્વનિ એમ,
ઘૂમે મસ્તકમાં સ્વયં, નાદ મનોહર તેમ. ૬૫

જપતાં ત્રિકાળ ભાવથી, અનુદિન એમ સુજાણ,
ઉત્તરોત્તર મીઠડો, લાગે અતિશય જાણ. ૬૬

મનોરાજ્ય પાછાં હઠે, પામે મન વિશ્રામ;
થાય વૃત્તિનિરોધ ને રહે ન ભયનું નામ. ૬૭

લઈ યુક્તિથી પ્રણવનું ધનુષ્ય સાવધ એમ,
અભ્યાસે ખેંચી કરે સજ્જ બરાબર તેમ. ૬૮

બાણ લગાડી મન તણું, વીંધે બ્રહ્મનિશાન,
જન્મમરણ તેને નહીં, સ્વયં બ્રહ્મ એ જાણ. ૬૯

કરે બાર બંદુક તણો, રાખી લક્ષ્યે ચિત્ત;
દૃષ્ટિ માખી પર ઠેરવી, તે જ અહીં પણ રીત. ૭૦

થાતાં બેસાવધ તિહાં, લક્ષ્ય ચૂકતાં તેમ,
મારો બીજે વાગતાં, પડે નિશાન ન જેમ. ૭૧

તેમ અહીં પણ જાણવું; કરતાં પ્રમાદ જાણ,
પડે ચિત્ત વિક્ષેપમાં, આવે દુઃખ મહાન. ૭૨

માટે સાવધ ચિત્તથી, કરે અભ્યાસ જેહ;
સમાધાન પામે અને થાએ કૃતાર્થ તેહ. ૭૩

જાણી ભેદ માત્રા તણો, ઋષિ દેવતા તેમ,
છંદાદિક જાણી કરે, પછી ઉચ્ચાર એમ. ૭૪

અગ્નિ ઋષિ અકારનો, છંદ ગાયત્રી જાણ;
બ્રહ્મા દૈવત એહનું, પીળો વર્ણ સુજાણ. ૭૫

ક્લીં બીજ શક્તિ ક્રિયા, જાગ્રદવસ્થા તેમ,
ભૂઃસ્થાન, સ્વર તિહાં જાણે ઉદાત્ત એમ. ૭૬

ઋગ્વેદ એનો કહ્યો, ગાર્હપત્યાગ્નિ જાણ;
વિશ્વ આત્મા ગુણ રજસ્, ભૂતત્ત્વ પણ માન. ૭૭

પ્રાતઃસવન[૪] કહ્યું તિહાં, સ્થૂલભોગ દગ્ સ્થાન;
વાગ્ વૈખરી જાણ તું, સ્થૂલદેહ ત્યાં માન. ૭૮

એવું મનમાં ધારીને, કરવું અકારધ્યાન;
ઉકારધ્યાન કહું હવે, સાંભળ ભૂપ સુજાણ. ૭૯

વાયુ ઋષિ ઉકારનો, ત્રિષ્ટુપ્ છંદ સુહાય;
વિષ્ણુ દેવતા એહની, [૫]લોહિત વર્ણ સુકાય. ૮૦

જ્ઞાન શક્તિ ને બીજ છે શ્રીં તેહનું તેમ;
ભુવઃ સ્થાન યોગી કહે, સ્વપ્નાવસ્થા એમ. ૮૧

યજુર્વેદ એનો કહ્યો, અનુદાત્ત સ્વર જાણ;
અગ્નિ દક્ષિણ, તત્ત્વ ત્યાં તેજ દિવ્ય પ્રમાણ. ૮૨

સવન માધ્યંદિન નકી, તૈજસ આત્મા તેમ;
સત્ત્વ ગુણ, પ્રવિવિક્ત છે ભોગ ઉકારે એમ. ૮૩

કંઠસ્થાન કહ્યું તિહાં, વાગ્ મધ્યમા જાણ;
સૂક્ષ્મદેહ જાણી મને, કરવું ઉકારધ્યાન. ૮૪

સૂર્ય ઋષિ મકારનો, જગતી છંદ સુજાણ;
ઈશ્વર મૃત્યુંજય કહ્યું દૈવત તેનું માન. ૮૫

શ્વેત વર્ણ હ્રીં બીજ ને દ્રવ્ય શક્તિ પણ તેમ;
નિદ્રાવસ્થા ને વળી સ્વઃસ્થાન પણ એમ. ૮૬

૧. નિશ્ચલ ૨. સાડાત્રણ ૩. નોળિયો. ૪. હોમ. ૫. લાલ.

સ્વરિત સ્વર એનો નકી, સામવેદ તું જાણ;
આહવનીયાગ્નિ કહ્યો, દ્યૌસ્તત્ત્વ પ્રમાણ. ૮૭

સવન તૃતીય પ્રાજ્ઞ છે આત્મા તેનો તેમ.
તમોગુણ હૃત્સ્થાન ને ભોગ આનંદ એમ. ૮૮

વાચા પશ્યંતી કહી, કારણદેહ પ્રમાણ;
જાણી એવું મન વિષે, કરવું મકારધ્યાન. ૮૯

અર્ધમાત્રાનો ઋષિ વરુણ જાણવો એમ;
વિરાટ્ છંદ, દૈવત તિહાં છે પરમાત્મા તેમ. ૯૦

ક્રોં બીજ, વિજ્ઞાન છે શક્તિ તેની જાણ;
સર્વ વર્ણ ભૂર્ભુવઃ સ્વઃ સ્થાન તેહનું માન. ૯૧

તુર્યાવસ્થા સર્વ ગુણ, સર્વ સ્વર પણ તેમ;
અગ્નિ સાંવર્તક કહ્યો, સર્વ સવન પણ એમ. ૯૨

પ્રત્યગ્ આત્મા, તત્ત્વ છે ત્રણ તેહનાં જાણ;
નાદ વેદ, વાણી પરા, મૂર્ધાસ્થાન પ્રમાણ. ૯૩

નિરતિશય આનંદ ત્યાં, કેવળ અનુભવગમ્ય;
દેહ મહાકારણ કહ્યો, અસ્મિતાર્થ એ કમ્ય. ૯૪

અર્ધમાત્રાધ્યાન આ કહ્યું ભૂપતે એમ;
જાણી શ્રદ્ધાભાવથી, કરવું યથાર્થ તેમ. ૯૫

ઋષિ બ્રહ્મ ધ્વનિ તણો, દેવ પરાત્મા જાણ;
અવ્યક્ત ગાયત્રી કહ્યો છંદ તેહનો માન. ૯૬

ચિચ્છક્તિ, મનોન્મની જાણ અવસ્થા એમ,
સ્વાત્મૈક્યાવસ્થિતિ તિહાં, વદે અનુભવી તેમ. ૯૭

ચિદાકાશ સુસ્થાન છે ! જાણી એવું જેહ,
કરે ધ્યાન સત્વર વરે જીવન્મુક્તિ તેહ. ૯૮

થાય અસ્મિતાલય ઈહાં, દ્વૈત નિર્મૂલ થાય;
સ્વાત્મવૈભવે એકલો, [1]રાજે આત્મા ત્યાંય ! ૯૯

વ્યષ્ટિ પિંડ, સમષ્ટિ તે જાણ બ્રહ્માંડ તેમ;
લક્ષ્યાર્થે બંને તણો, અભેદ કેવળ એમ. ૧૦૦

વિશ્વ વ્યષ્ટિદેહે કહ્યો, વિરાટ સમષ્ટિ માંહ્ય;
અભેદ બેઉનો નકી, સદા યોગિજન ધ્યાય. ૧૦૧

તૈજસ સૂત્રાત્મા[2] તણો, પ્રાજ્ઞેશ્વરનો એમ;
દેખે અભેદ અંતરે, મટે ભ્રાંતિ તો તેમ. ૧૦૨

પ્રથમ હ્રસ્વ માત્રા કહી, બીજી દીર્ઘ પ્રમાણ;
જાણ પ્લુત ત્રીજી વળી, અર્ધ અગોચર માન. ૧૦૩

વ્યક્ત પહેલી, બીજી તો માત્રા અવ્યક્ત તેમ,
ત્રીજી ચિચ્છક્તિ, પરબ્રહ્મ અર્ધ એ એમ. ૧૦૪

આજ ક્રમે ચિંતી હૃદે માત્રા સાવધ જાણ;
ચિત્ત પરોવી લક્ષ્યમાં, કરવું સાદર ધ્યાન. ૧૦૫

પ્રણવ નામ આત્મા તણું, તેથી બ્રહ્મ ઓંકાર;
નામ નામી અભિન્ન એ શ્રેષ્ઠોપાસનસાર. ૧૦૬

જાણી ચિહ્નો મૃત્યુનાં, કરે ઉપાસન જેહ;
ચિંતી સ્વરૂપ અંતરે, થાય બ્રહ્મમય તેહ. ૧૦૭

ચિત્ત થાય ના બ્રહ્મમાં લીન કદાપિ તોય,
સ્વર સાધી, વૈખરી થકી જપતાં મુક્તિ હોય. ૧૦૮

ના થાતાં લય ચિત્તનો, થાય વૈખરીજાપ,
થાય પ્રાણલય એ થકી, ટળે એથીએ તાપ. ૧૦૯

જાય બ્રહ્મલોકે સુધી, થાય મુક્ત વિધિ સાથ,
ક્રમમુક્તિ એને કહી; હરે પુનર્ભવ, તાત ! ૧૧૦

ગુરુકૃપાથી પ્રણવના ધ્યાને સાધક એમ
થાય મુક્ત અહિયાં જ વા લે ક્રમમુક્તિ તેમ. ૧૧૧

જેવો માત્રાભ્યાસ ત્યાં, મળે તેહવો લોક;
પ્રણવોપાસનથી કદી, રહે ન સહસા શોક. ૧૧૨

થતાં જ્ઞાન અહિયાં જ એ થાએ જીવન્મુક્ત;
શેષ પ્રારબ્ધ ભોગવી, લીન બ્રહ્મમાં યુક્ત. ૧૧૩

એનું પ્રાણોત્ક્રમણ ના થાય કદાપિ જાણ;
થાય લીન સ્વરૂપમાં પ્રાણ એહના માન. ૧૧૪

તપ્ત પથ્થરે નાંખતાં જલબિંદુઓ જેમ,
રહે ન એ ત્યાં પલક પણ, શમે પથ્થરે જેમ; ૧૧૫

તેમ પ્રાણ મુક્તો તણા જાય ન બીજે ક્યાંય;
થાય લીન સ્વરૂપમાં, તેથી જન્મ ન થાય ! ૧૧૬

કાર્યબ્રહ્મોપાસના કરે યોગિજન જેહ;
જાય સુષુમ્ણામાર્ગથી બ્રહ્મલોકમાં તેહ. ૧૧૭

ક્રમમુક્તિ પામે તિહાં બ્રહ્મદેવ સહ જાણ;
પ્રણવોપાસન એમ એ, ખાલી જાય ન માન. ૧૧૮

મૃત્યુકાળ જાણી સ્વયં, રોકી નવે દ્વાર,
સાધી સ્વર, ભેદે સુધી બ્રહ્મરંધ્ર નિર્ધાર. ૧૧૯

જાણી માત્રા, જોરથી રટે ઓંકાર એમ;
રાખી બ્રહ્મે ચિત્ત એ, થાએ સુમુક્ત તેમ. ૧૨૦

એકમાત્રાધ્યાનથી જાએ જો કદી પ્રાણ,
ભૂલોકે જન્મે ફરી, ઋગ્વેદે એ માન. ૧૨૧

બ્રહ્મકુલે જન્મી તિહાં, બ્રહ્મચર્યથી એમ
કરી તપસ્યા, જ્ઞાનથી વરે નિર્વાણ તેમ. ૧૨૨

૧. શોભે; પ્રકાશે ૨. હિરણ્યગર્ભ.

માત્રાદ્વયનું ધ્યાન જો થતાં સિદ્ધ અસુ જાય;
અંતરિક્ષમાર્ગે થઇ સોમલોકમાં જાય. ૧૨૩
યજુર્વેદ ત્યાં એહને પહોંચાડે તું જાણ;
દિવ્ય સૌખ્ય જ્યાં ભોગવી, આવે ભૂ પર માન. ૧૨૪
જન્મી નરદેહે તિહાં, થાએ જ્ઞાની એહ;
વરે શીઘ્ર નિર્વાણ ત્યાં, એમાં ના સંદેહ. ૧૨૫
થતાં ત્રિમાત્રાધ્યાન જો જાએ તેમજ પ્રાણ;
સામ સૂર્યલોકે લઇ જાય એહને માન. ૧૨૬
પાપમુક્ત થઇ સામથી, બ્રહ્મલોકમાં એમ
જાએ ત્યાંથી, ધ્યાનથી થાએ સુમુક્ત તેમ. ૧૨૭
કાર્યથકી પર જે નકી, પ્રકૃતિથી પર જાણ,
નિર્વિકાર અજ અમર જે, આત્મા કેવલ માન. ૧૨૮
વ્યાપી સઘળે જે રહ્યો, પુરુષ અનામી એમ,
સાર્ધ ત્રિમાત્રાધ્યાનથી; ભળે તેહમાં તેમ. ૧૨૯
એકરૂપ તદ્રૂપમાં થાય ઉપાસક જાણ;
નામરૂપ છોડી રમે નઘર્ણવવત્ માન ! ૧૩૦
શોક મોહ એને પછી થાએ નિરર્થ કેમ ?
અપરિચ્છિન્ન થાએ સ્વયં ! જાય પછી કયાં તેમ ? ૧૩૧
જવું આવવું એહને નહીં એ પછી જાણ;
રહે વ્યાપીને સર્વ એ, કેવળ મુક્ત સુજાણ. ૧૩૨
કહે દત્ત અલર્કને, જાણી રાજા એમ
કરવી પ્રણવોપાસના, તારક નિશ્ચય તેમ. ૧૩૩
સૂણી વચન રાજા કરે પ્રશ્ન ફરીથી જાણ;
અલખ નિરંજનને કહે, આગળ એહ સુજાણ. ૧૩૪

આ અધ્યાયે વર્ણવ્યું પ્રણવોપાસન તેમ; કરતાં શ્રદ્ધાભક્તિથી તરે **રંગ** ના કેમ ? ૧૩૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે પ્રણવોપાસનં નામ સપ્તત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૭ ॥ દોહરા ૧૩૫

અધ્યાય ૩૮

કર જોડી પાર્થિવ વદેઃ- કહો મુને ગુરુરાય;
શી રીતે સ્વર સાધવો ? વર્તું તેમ સદાય. ૧
મૃત્યુ સહસા પ્રાણીને, ગ્રસે આવીને નાથ;
શી રીતે એ જાણવું ? હું તો અજ્ઞ અનાથ ! ૨
કૃપા કરી મુજને કહો, રહસ્ય સઘળું દેવ !
શિષ્યવચન એ સાંભળી, વદે દત્ત તતખેવઃ- ૩
સાંભળ સાવધ ભૂપ હે ! રહસ્ય સ્વરનું તેમ;
વદે સ્વરોદય જેહને, સિદ્ધ યોગિજન એમ. ૪
અનુભવ વિણ ના કામ એ આવે કદિએ જાણ;
ગૂઢ અતિશય એ નકી, જાણી કરવું ધ્યાન. ૫
સ્વર મહેશ્વર જાણ તું, મૃત્યુંજય સાક્ષાત્;
જાણે વિરલા યોગીઓ, જાણે અજ્ઞ ન વાત. ૬
સ્વાનુભવી ગુરુમુખ થકી, જાણી લે સ્વરજ્ઞાન;
સાધે બંને અર્થ એ, સ્વાર્થ પરમાર્થ માન. ૭
થાએ વિજયી એ બધે, પડે ન પાછો તેમ;
માટે યત્ને જ્ઞાન આ લેવું સાધી એમ. ૮
અનુભવવાણીથી કહે જ્ઞાન સ્વરનું જેહ;
નિશ્ચય બ્રહ્મસ્વરૂપ એ, એમાં ના સંદેહ. ૯
તત્સેવામાં દેહ આ કરવો ક્ષીણ સુજાણ;
વળે ન કદિ ઉપકાર એ, નિશ્ચય મનમાં માન. ૧૦
પામી ગુરુથી જ્ઞાન જે નિંદે ગુરુને દુષ્ટ;
ના જોવું મુખ તેહનું, વૃથા કરે તનુ પુષ્ટ. ૧૧
ચૂકે નરક ન એહને, નકી ચાંડાલ એહ;
થાએ ઉભય ભ્રષ્ટ હા ! એમાં ના સંદેહ. ૧૨
મળે આત્મધન યત્સ્થળે, તન મન ધન કુરબાન.
કરવું તચ્ચરણે નકી, તરે તોજ નર માન. ૧૩
જ્ઞાનયુક્ત ગુરુ જોઈને, કરવું સ્વાર્પણ તેમ;
બીજા દાંભિક ત્યાગવા, સમજી મનમાં એમ. ૧૪
કહ્યો જ્ઞાનવિવેક આ; દુર્લભ મોઘું જ્ઞાન.
જાણ સ્વરોદય આ નકી, સાંભળ આપી ધ્યાન. ૧૫
દેહ નગર, મારુત કહ્યો રક્ષક એનો જાણ;
ઉત્પત્તિ સ્થિતિ લય કરે એજ પ્રાણ સ્વર માન. ૧૬
ગુહ્ય જ્ઞાન જે એહનું, જાણ સ્વરોદય તેહ;
ફળે સુપાત્રે સર્વથા, મા કર તું સંદેહ. ૧૭
ઇડા વામ નાડી કહી, ચંદ્રસ્થાન સુજાણ;
દક્ષિણ પિંગલા જાણવી, સૂર્યસ્થાન પ્રમાણ. ૧૮
વહે ઉભયમાં શ્વાસ જે, કહે સુષુમ્ણા તેહ;
સંગમ યોગીશ્વર લહે, સ્થાન ત્રિવેણી જેહ. ૧૯
વહે ચંદ્ર તે સ્ત્રી નકી, પુરુષ સૂર્ય પ્રમાણ;
અર્ધનારીનટ ઉભયમાં, દેખે મુનિવર માન. ૨૦
સ્થિર કાર્યો કરવાં બધાં, દેશાટનાદિ તેમ;
દેવાલય ગૃહ બાંધવાં, ચંદ્ર વહેતાં, એમ. ૨૧
વિવિધ વસ્તુઓ સંઘરે, બાંધે વાવ તલાવ;
દેવપ્રતિષ્ઠા વાસ્તુ વા, છોડે દરિયે નાવ. ૨૨

લે નિર્વિઘ્ને ચંદ્રમાં, ગજ વાહન તેમ;
સાધે વિવાહ કોડથી, આપે દાનો એમ. ૨૩

અલંકાર વસ્ત્રો સુખે, લઈ પ્હેરવાં જાણ;
યાત્રાદિક આનંદથી, કરવાં ભાવે માન. ૨૪

ઔષધસેવન દેવતાસદ્‌ગુરુદર્શન તેમ
કરવું, ભાવે મિત્રને મળવું ચંદ્રે એમ. ૨૫

તૃણકાષ્ઠાદિક સંઘરે, ધાન્ય તે જ પ્રમાણ;
ઓરે વાવે ચંદ્રમાં, રોપે નિર્ભય માન. ૨૬

રાજ્યાસનાભિષેક વા કરે ચંદ્રમાં એમ;
નૂતન ગૃહપ્રવેશ વા, રાખે સેવક તેમ. ૨૭

મંત્રોપાસન સાધવું, લેવું દેવું જાણ;
વિદ્યાનો આરંભ વા, કરવો તે જ પ્રમાણ. ૨૮

હાથ બતાવે વૈદ્યને, ચઢે વાહને તેમ;
ગીતાદિક શીખે બધું, સુધી ચંદ્રમાં એમ. ૨૯

લઘુશંકાજલપાનમાં સાધે, ઈડા સુજાણ;
રોગ ન સ્પર્શે તેહને, થાય સુખી નર માન. ૩૦

કઠણ ક્રૂર કાર્યો બધાં, કરે સૂર્યમાં તેમ;
ધનુર્વિદ્યાદિ શીખવું, પઢાવવું પણ એમ. ૩૧

સ્ત્રીસંગાદિકમાં થવું સદા પ્રવૃત્ત જાણ,
વેશ્યારાજગૃહાદિમાં જાવું સૂર્યે માન. ૩૨

નૌકારોહણ સાગરે, સુરાપાનાદિ ભ્રષ્ટ,
ક્રૂર મંત્રસાધન કરે, સૂર્ય વહેતાં સ્પષ્ટ. ૩૩

શિકાર શસ્ત્રાભ્યાસ વા પશુવિક્રય વા તેમ,
કરવાં પિંગલા સાધીને, થાએ વિજયી એમ. ૩૪

તોડે કાષ્ઠો પથ્થરો, ઘડે સૂર્યમાં જાણ;
હીરા રત્નાદિક ઘસે, સાધે ચેટક માન. ૩૫

બાંધે કિલ્લા પર્વતે ચઢે રણ વિષે તેમ;
રહે સુદુર્ગમ સ્થાનમાં, જઈ સૂર્યમાં એમ. ૩૬

થાએ વિજયી નિશ્ચયે, સાધે પિંગલા જેહ.
દ્યૂતચૌર્યયુદ્ધાદિમાં એમાં ના સંદેહ. ૩૭

મત્ત ગજાશ્વે બેસવું, ચઢવું રથમાં તેમ
સંગ્રામે પિંગલા મહીં, થાએ વિજયી એમ. ૩૮

ભૂત યક્ષિણી ડાકિની, સાધે સૂર્યે જાણ;
ભસ્મ રસાયન ઔષધો, પુસ્તકલેખન માન. ૩૯

શસ્ત્રાસ્ત્રાદિકસાધના જારણ મારણ તેમ;
આકર્ષણાદિક સાધવાં, સદા સૂર્યમાં એમ. ૪૦

મલમોચન ભોજન અને નિદ્રા તે જ પ્રમાણ
કરે સૂર્ય સાધી સદા, થાએ તો કલ્યાણ. ૪૧

તેજ સત્ત્વ સૂર્યસ્વરે, કરે કાર્ય સહુ ક્રૂર;
પામે સિદ્ધિ નિશ્ચયે, મા શંકા કર શૂર ! ૪૨

ચંદ્ર સૂર્ય સાથે વહે, જાણ સુષુમ્ણા તેહ;
સૂર્યોદયાસ્તમાં વહે, પ્રતિદિન દશ પળ એહ. ૪૩

સંધ્યાદિક વિપ્રો કરે, સદા સુષુમ્ણા માંહ્ય;
શૂદ્રાદિક દેવાલયે, નિત્ય દર્શને જાય. ૪૪

બીજો ધંધો બાજુએ, મૂકી ત્યારે જાણ;
ભજનપૂજને સર્વદા, રહેવું પ્રવૃત્ત માન. ૪૫

સાધુસંત મૌન ગ્રહે, રાખી [1]પરામાં ધ્યાન;
ગમે ભજન ના જેહને, તે સેવે અજ્ઞાન. ૪૬

શુભાશુભે નિષ્ફળ કહી, જાણ સુષુમ્ણા એમ;
જાણી રહસ્ય વર્તવું, ત્યજી અન્યાર્થ તેમ. ૪૭

જીવનમૃત્યુનો કરે કોઈ પ્રશ્ન સુજાણ,
લાભાલાભે તેમ વા, વ્હેતાં પવન સમાન; ૪૮

નાશવંત હેતુ તિહાં, જાણી વદવું તેમ;
કાર્યાર્થે ઘરથી કદિ, જાવું બ્હાર ન એમ. ૪૯

વિવાદ કજીઓ ના કદિ, કરવો ત્યારે જાણ;
મીઠી જીભે સર્વથી, તદા બોલવું માન. ૫૦

પ્રપંચકાર્યો વિસરી, ગાવા હરિગુણ ત્યાંય;
આત્મસ્વરૂપે રાખવું અનુસંધાન સદાય. ૫૧

વહે સુષુમ્ણામાં યદિ વાયુતત્ત્વ પણ જાણ;
ના ચિંતે બીજું કશું, રહે પુણ્યરત માન. ૫૨

તેજ તત્ત્વ જો ત્યાં વહે, કાળરૂપ એ તેમ;
જાણી ગુરુમુખથી બધું, સદા વર્તવું એમ. ૫૩

વિના આત્મવિદ્યા નકી, સર્વ નિરર્થક એહ;
આત્મજ્ઞાને ધન્યતા પામે નિઃસંદેહ. ૫૪

કહું તત્ત્વનિર્ણય હવે, સાંભળ આપી ધ્યાન;
તત્ત્વાધીન બધું નકી, તત્ત્વ દેવ તું માન. ૫૫

તત્ત્વે સૃષ્ટિ ઉપજી, રહી તત્ત્વથી તેમ;
લય પામે તત્ત્વે વળી, લહે અનુભવી એમ. ૫૬

પંચ ભૂત તત્ત્વો લહ્યાં, જાણ્યાં કર્માકર્મ;
રહ્યો ઓળખી વેગળો, સ્વાત્મા કેવળ શર્મ ! ૫૭

પ્રાણિમાત્રના દેહમાં, તત્ત્વો એક જ જાણ;
નાડીભેદે તોય એ, ભાસે ભિન્ન પ્રમાણ. ૫૮

૧. પરાવાણીમાં; મૌનરૂપ બ્રહ્મમાં.

ચંદ્ર સૂર્ય દેહે વહે, તત્ત્વો તેમાં તેમ;
જાણે જ્ઞાની યુક્તિએ, આઠ પ્રકારે એમ. ૫૯

જાણી સંખ્યા તત્ત્વની, જોવું શ્વાસા માંહ્ય;
પરંપરાગત યુક્તિથી, કરવો નિશ્ચય ત્યાંય. ૬૦

જિહ્વાસ્વાદે વાયુથી, વર્ણાકારે તેમ;
[1]અંગુલિમાને સ્થાનથી, મુખાહારથી એમ. ૬૧

જાણી અષ્ટધા મન વિષે, એમ તત્ત્વનિર્ધાર;
થવું ધન્ય ભૂતલ વિષે, કરી તથા સંચાર. ૬૨

પૃથ્વી આપ અને વળી, ત્રીજું તેજ પ્રમાણ;
ચોથું વાયુ, પાંચમું તત્ત્વ વ્યોમ તું માન. ૬૩

પાંચ પાંચ ઘડી[2] વહે તત્ત્વો ક્રમથી એહ;
સૂર્યોદયથી માંડીને, જોતાં સાવધ તેહ. ૬૪

પાંચ ઘડી વાયુ નકી, સૂર્યોદયથી જાણ;
તેજ પાંચ ઘડી તે પછી, વહે દેહમાં માન. ૬૫

પૃથ્વી પાંચ ઘડી પછી; પછી આપ પણ તેમ;
આપ પછી આકાશ તું જાણ દશ ઘડી એમ. ૬૬

અહોરાત એ ક્રમ થકી, વહે તત્ત્વ તું જાણ;
મહી તત્ત્વ વચ્ચે વહે, નીચે આપ પ્રમાણ. ૬૭

લાગે ઊર્ધ્વભાગે જતું, તેજ જાણવું તેહ;
પડખે આડું જે વહે, જાણ વાયુ તું એહ. ૬૮

વ્યાપક ચારે ગમ દિસે, વ્યોમતત્ત્વ એ જાણ;
જાણી ચોકસ દૃષ્ટિથી, કરવું નક્કી માન. ૬૯

કહું સ્વાદ તત્ત્વો તણો, સાંભળ પાર્થિવ તેમ;
ક્ષાર આપ પૃથ્વી મધુ, તેજ ભાંભરૂં એમ. ૭૦

વાયુ અમ્લ કહ્યો નકી, કડવું વ્યોમ સુજાણ;
જિહ્વાગ્રે જાણી સુધી, કરે પરીક્ષણ માન. ૭૧

વર્ણપરીક્ષા સૂણ તું; કરી [3]દ્વાર સહુ બંધ,
દૃષ્ટિ રંગે રાખવી આત્મદૃષ્ટિથી મંદ. ૭૨

તેજ રક્ત દિસે તિહાં, શ્વેત આપ તું જાણ;
વાયુ નીલ, મહી દિસે પીતવર્ણ ત્યાં માન. ૭૩

સર્વવર્ણ આકાશ એ, ભાસે મુદ્રા માંહ્ય;
કહું આકૃતિ તત્ત્વની, જેથી સંશય જાય. ૭૪

ચતુષ્કોણ પૃથ્વી કહી, તેજ ત્રિકોણ જાણ;
અર્ધચંદ્ર જળ, વાયુની આકૃતિ વર્તુલ માન. ૭૫

વ્યોમ બિંદુસમ જાણવું ! કહું પરીક્ષા અન્ય;
જાણી વર્તે તેમ તો, થાય જગતમાં ધન્ય. ૭૬

કરવું દર્પણ લોહનું, શ્વાસ છોડવો ત્યાંય;
પડે આકૃતિ રંગ ત્યાં, તત્ત્વ તથા વરતાય. ૭૭

વહે પૃથ્વી દ્વાદશ અને સોળ આંગળાં આપ;
તેજ ચાર, વાયુ વહે આઠ અંગુલી માપ. ૭૮

માંડ નાકથી નીસરે, વ્યોમશ્વાસ તું જાણ;
હઠયોગાધારે કહ્યું, માપ સર્વ આ માન. ૭૯

ન્યૂનાધિક સંસારીમાં, રાજયોગીમાં એમ;
જાણી ચોકસ વર્તવું, તે તે તત્ત્વે તેમ. ૮૦

નાભિ ઘર પૃથ્વી તણું, મુખ દ્વાર તું જાણ;
ષડ્રસ પકવાનો તણો, નિત્ય આહાર માન. ૮૧

ભ્રૂમધ્યે ઘર આપનું લિંગસ્થાન મુખ તેમ;
મૈથુન ભોજન તેહનું, કહે યોગિજન એમ. ૮૨

નાભિ નીચે તેજનું, જાણ સ્થાન સુજાણ;
નેત્રદ્વાર મુખ, દેખવું ભોજન તેનું માન. ૮૩

વાયુનું ઘર ફેંફસાં, મોઢું નાસિકા તેમ;
સુગંધીદુર્ગંધી તણું ભોજન તેનું એમ. ૮૪

વ્યોમગેહ તે કાળજું, કર્ણદ્વાર મુખ જાણ,
શબ્દો ભોજન એહનું, જાણે વિરલો સાન. ૮૫

સ્થિર કાર્ય પૃથ્વી મહીં, ત્વરિત આપમાં તેમ;
ક્રૂર કર્મ તે તેજમાં, કરવું જાણી એમ. ૮૬

મારણાદિકમાં કહ્યું, વાયુ તત્ત્વ પ્રમાણ;
વ્યોમ શૂન્ય, ના ચિંતવું કાર્ય એહમાં માન. ૮૭

આત્મધ્યાન વ્યોમે કહ્યું, શીઘ્ર સિદ્ધિપ્રદ એમ;
જાણી જ્ઞાનીઓ સદા, વર્તે સાવધ તેમ. ૮૮

પૃથ્વીઆપે કાર્યમાં થાએ પ્રવૃત્ત જેહ,
પામે સિદ્ધિ નિશ્ચયે; તેજે મધ્યમ તેહ. ૮૯

કરે ઘાત વાયુ નકી, નિષ્ફલ વ્યોમ સુજાણ;
ચિરકાલે પૃથ્વી ફળે, આપ તત્ક્ષણે માન. ૯૦

હાનિ વાયુતેજમાં, વ્યોમે વૃથા પ્રયત્ન;
કહ્યો તત્ત્વનિર્ણય તને, ભૂપ ટૂંકમાં કૃત્સ્ન. ૯૧

શુભકારક પૃથ્વી કહી, આપ તે જ પ્રમાણ;
મિશ્રફળદાતા નકી તેજ નિશ્ચયે માન. ૯૨

અશુભ વાયુ મૃત્યુ કરે, હાનિ મહાન તેમ;
નિષ્ફળ નભ જાણી સદા, કાર્ય આરભે એમ. ૯૩

તેજ દક્ષિણે, પૂર્વમાં આપ, પશ્ચિમે ભોમ;
વાયુ ઉત્તરમાં નકી, વ્યાપક કોણે વ્યોમ. ૯૪

૧. આંગળાનું માપ. ૨. એક ઘડી = ૨૪ મિનિટ. ૩. નેત્રકર્ણાદિ (એ ક્રિયાને ષણ્મુખી મુદ્રા કહે છે.)

સ્વામી રવિ પૃથ્વી તણો, શનિ આપનો જાણ;
તેજ તણો મંગલ નકી, રાહુ વાયુ નો માન. ૯૫

કેતુ સ્વામી વ્યોમનો ! દક્ષિણ નાડી માંહ્ય;
જાણી વર્તે કાર્યમાં, વિજયી સત્વર થાય. ૯૬

ચંદ્ર સ્વામી જલતત્ત્વનો, શુક્ર તેજનો તેમ;
ગુરુ વાયુનો જાણ તું, બુધ પૃથ્વીનો એમ. ૯૭

વામ નાડીમાં આ ગ્રહો નકી બલવાન જાણ;
દિશા જોઈ જાતાં સુખે, થાય કાર્ય ત્યાં માન.. ૯૮

દેહનગરમાં પ્રાણ એ વહે નિરંતર એમ;
વ્યાપી બ્રહ્માંડે રહ્યો, જાણ વાયુ એ તેમ. ૯૯

સ્વાભાવિક ગતિ એહની, દ્વાદશાંગુલ જાણ;
નાસિકાથી બહાર એ, મનુષ્યદેહે માન. ૧૦૦

ભોજન કરતાં બોલતાં, અઢાર આંગળ તેમ;
ચાલતાં ચોવિસ નકી, કહે યોગિજન એમ. ૧૦૧

ચુંવાળીસ આંગળ સુધી, વધે દોડતાં જાણ;
પાંસઠ મૈથુનમાં કહ્યાં, સો નિદ્રામાં માન. ૧૦૨

બોંતેર સહસ્ર નાડીઓ, કહી દેહમાં સાર;
ત્રણ મુખ્ય તેમાં કહી, પ્રાણમાર્ગ એ બાળ ! ૧૦૩

યોગાભ્યાસે પ્રાણ એ કરતાં અંકિત એમ;
થાય ક્ષીણ ક્રમે ક્રમે, વધે શક્તિ પણ તેમ. ૧૦૪

તે તે દિનનું ફળ કહું, વ્હેતાં નાડી તેહ;
જાણી સાવધ વર્તતાં, દે અધવચ ના છેહ. ૧૦૫

અમાસની રાતે સૂએ, ફાગણમાસે જાણ;
શુચિર્ભૂત થઈ ભૂ વિષે, વામાંગે નર માન. ૧૦૬

ચંદ્રનાડી શુભ તત્ત્વમાં, ઊંઘે યોગી એમ;
પ્રાતઃકાલે ઊઠીને, દેખે સાવધ તેમ. ૧૦૭

વહે ચાર ઘડી ચંદ્ર જો પ્રાતઃકાલે જાણ,
હોય તત્ત્વ પૃથ્વી તિહાં, શુભસૂચક એ માન. ૧૦૮

ધનધાન્યાદિકથી રહે, સર્વે સુખમાં તેમ;
રાજા પ્રજા પોતે નકી કરે કલ્લોલ એમ. ૧૦૯

હોય આપ જો ચંદ્રમાં, થાય સિદ્ધ સહુ કાર્ય;
જય પામે સમરાંગણે, સ્વાધીન શત્રુ થાય. ૧૧૦

માગ્યો વરસે મેહ ને થાએ લીલા લ્હેર;
મંગલકાર્યો ઉત્સવો થાએ ઘેરેઘેર. ૧૧૧

વહે સૂર્ય નૂતન દિને, પૃથ્વી આપ વા ત્યાંય;
કહે જ્ઞાનિજન જગતને, ફળ મધ્યમ તો થાય. ૧૧૨

હોય તેજ સૂર્યે યદિ, દુર્ભિક્ષાદિક જાણ;
પીડે રોગાદિક અને થાય દુઃખી જન માન. ૧૧૩

રાજાને ચિંતા ઘણી, વધે નિશ્ચયે તેમ;
તેજ તત્ત્વ પિંગલા મહીં, મનોભંગકર એમ. ૧૧૪

હોય વાયુ જો સૂર્યમાં ભય ક્લેશ ને દુઃખ
થાએ સર્વ શરીરમાં; પામે ના જન સુખ. ૧૧૫

ઝઘડા કજીઆ ચોરીઓ વધે નિશ્ચયે જાણ;
પડે વીજળી, થાય ને ધરતીકંપ સુજાણ. ૧૧૬

પડવાથી ત્રણ દિવસ જો વહે ચંદ્ર ત્યાં એમ,
એક વરસ નકી કહ્યો લાભ તેહને તેમ. ૧૧૭

વહે સૂર્ય ત્રણ દિવસ તો, મધ્યમ ફળ ત્યાં જાણ;
વહે સુષુમ્ણા તો નકી, થાએ અનિષ્ટ માન. ૧૧૮

કરે આત્મચિંતન તિહાં ગ્રહે ગુરુમંત્ર એમ;
ના ચિંતે બીજું કશું, કાર્ય દુન્યવી તેમ. ૧૧૯

પડવે ચંદ્ર વહે અને બે દિન સૂર્ય પ્રમાણ;
જાય ચાર મહિના તિહાં સુખમાં ઉત્તમ માન. ૧૨૦

જે તિથિએ વિધુ ના વહે, ત્યાંથી ચારે માસ
હાનિકષ્ટમાં જાય ને રહે ચિત્ત ઉદાસ. ૧૨૧

દેખે પ્રાતઃકાળમાં નિત્ય શ્વાસ જે આમ,
વર્તે સાવધ જો તથા, થાય તેહનાં કામ. ૧૨૨

કહું મેષ-સક્રાંતિનું ફળ સાવધ સૂણ તેમ;
વહે ચંદ્ર જો તત્ક્ષણે, સુફળ જાણવું એમ. ૧૨૩

હોય પૃથ્વી જો ચંદ્રમાં, ધાન્યતૃણાદિક જાણ;
રહે વરસ ભરપૂર ને થાય સુખી જન માન.. ૧૨૪

થાય અમીવૃષ્ટિ અને સુભિક્ષ[૧] કેવળ એમ;
વર્તે આનંદે સહુ, પ્રજા રાજવી તેમ. ૧૨૫

રહે દેહ નીરોગ ને આનંદોત્સવ જાણ
ઘેરઘેર કરે જનો, સુખસંતોષે માન. ૧૨૬

હોય આપ ચંદ્રે યદિ, પામે જય નૃપ તેમ;
જલપૂરિત પૃથ્વી દિસે, સૂક્ષ્મદૃષ્ટિથી એમ. ૧૨૭

જતાં બ્હાર પામે તિહાં, સંપત્તિ જન જાણ;
થાએ સત્વર કાર્ય જો વહે આપ ત્યાં માન. ૧૨૮

પ્રાતઃકાલે જો વહે સૂર્યનાડી ત્યાં એમ,
બાર માસ દુઃખી કરે, જાણ રોગાદિ તેમ. ૧૨૯

હોય આપ ભૂ સૂર્યમાં, મધ્યમ તત્ફળ જાણ;
તેજે પીડાએ અતિ પ્રજા દુઃખથી માન. ૧૩૦

ચિંતાગ્રસ્ત રહે સહુ, પીડે રોગો એમ;
પડે કાળ ભૂકંપ ને થાય લૂંટ પણ તેમ. ૧૩૧

વાયુતત્ત્વ સૂર્યે યદિ, રાજ્યક્રાંતિ ખાસ;
થાએ રક્તાપ્લુત મહી, રહે સર્વથા ત્રાસ. ૧૩૨

૧. સુકાળ

પડે કમી પર્જન્ય ને અર્ધકાળ દુષ્કાળ;
પડે જંતુઓ ધાન્યમાં, રહે ન કાંઇ તાલ. ૧૩૩

વહે પિંગલામાં યદિ વ્યોમતત્ત્વ તું જાણ,
જાય યત્ન નિષ્ફળ સહુ; માટે કેવળ ધ્યાન ૧૩૪

કરવું આત્માનું તહીં; પ્રાતઃકાલે એમ,
મેષસંક્રાતિદિને જોવું સાવધ તેમ. ૧૩૫

ચૈત્ર વદ અમાસનું, સાંભળ ફળ તું રાય;
પ્રાતઃકાલે ચંદ્ર જો, વરસ શાંતિથી જાય. ૧૩૬

હોય પ્રભાતે સૂર્ય તો, પીડે રોગ સુજાણ;
પ્રથમપ્રહરફળ આ નકી ! તેમ દ્વિતીયે માન. ૧૩૭

ધનહાનિ નિશ્ચય સુધી; ત્રીજે વિગ્રહ તેમ;
ચોથે મૃત્યુ જાણવું, વહે સૂર્ય જો એમ. ૧૩૮

લક્ષ્ય સ્વરે રાખી સદા, રહેવું સાવધ જાણ;
વારી મન પ્રારબ્ધને લેવું વધાવી માન. ૧૩૯

દક્ષિણાયનફળ કહું, સાંભળ સાવધ તેમઃ-
કર્ક-સંક્રાંતિ વિષે હોય ચંદ્ર જો એમ, ૧૪૦

છ મહિના આનંદમાં જાશે નિશ્ચય જાણ;
ત્રણ દિવસ જોવું તિહાં ! વહે ન જો વિધુ માન, ૧૪૧

તે દિનથી બે માસ લગ, આવે યશ ના તેમ
કોઇ કાર્યમાં જાણ તું; કહે અનુભવી એમ. ૧૪૨

વહે સૂર્ય ત્યાં જે દિન, ત્યાંથી તેજ પ્રમાણ
બે માસ કાર્યો બધાં જાએ નિષ્ફળ માન ૧૪૩

થાય મકર-સંક્રાંતિ ત્યાં વહે સૂર્ય જો તેમ,
સુખશાંતિમાં નર રહે, પૂર્ણ ષણ્માસ એમ. ૧૪૪

રહે દેહ નીરોગ ને ધનધાન્યાદિક જાણ;
મળે મિત્ર બાંધવ સહુ, ફળે ઉદ્યોગ માન. ૧૪૫

ત્રણ દિવસ જોવું તિહાં; ચાલે રવિ જો એમ
અખંડ પૃથ્વીઆપમાં, સર્વ સિદ્ધિ તો તેમ. ૧૪૬

વહે ચંદ્ર જે દિન વિષે, ત્યાંથી કષ્ટ પ્રમાણ
માસદ્વય પામે નકી; રહેવું સાવધ જાણ. ૧૪૭

શુક્લપક્ષમાં ત્રણ દિન, વહે ચંદ્ર જો તેમ
પ્રાતઃકાલે, જાણ તો માસ સૌખ્યપ્રદ એમ. ૧૪૮

વહે ત્રિદિન જો રવિ તિહાં પ્રતિપદાથી જાણ,
ના બળ કાર્યાર્થે નકી; ઘેર રહીને માન ! ૧૪૯

કરવું ચિંતન ઈશનું, રાખી ધીરજ એમ !
કહું પક્ષફળ ધ્યાનથી સાંભળ પાર્થિવ તેમઃ ૧૫૦

શુચિર્ભૂત થઇ પૂનમે, કરવી નિદ્રા જાણ
ભૂમિ પર આનંદથી, સાધી શમદમ માન. ૧૫૧

પ્રાતઃકાલે ઊઠતાં, વહે સૂર્ય જો ત્યાંય
પ્રતિપદાએ, જાણ તું ઉત્તમ સિદ્ધિ થાય. ૧૫૨

ક્રૂર સ્થિર કર્મે નકી, પામે સિદ્ધિ તેમ;
કહે યોગિજન એહવું, વર્તે સાવધ એમ. ૧૫૩

પડવે બીજે ને વળી, ત્રીજે તે જ પ્રમાણ,
શુભ તત્ત્વે જો રવિ વહે, પૂર્ણ પક્ષ જય માન. ૧૫૪

ત્રણે તિથિમાં ચંદ્ર જો હોય, થાય વિપરીત;
થાય કર્મ નિષ્ફળ અને રહે ઉદ્વિગ્ન ચિત્ત. ૧૫૫

શુક્લપક્ષમાં ચંદ્ર જો વહે પ્રભાતે એમ;
પક્ષ પૂર્ણ સત્ફળ કહ્યું, એનું નિશ્ચય તેમ. ૧૫૬

એક બે ત્રણ સાત ને આઠ નવ પ્રમાણ,
તેર ચૌદ પૂનમ કહી, શુકલે વિધુની માન. ૧૫૭

બાકીની તે સૂર્યની, ઉત્તમ તેમાં તેહ;
કૃષ્ણે ક્રમ ઊલટો કહ્યો, સાંભળ નિઃસંદેહ. ૧૫૮

શુક્લ બીજ ગુરુવાસરે વહે ચંદ્ર જો જાણ;
સર્વલાભ એને કહ્યો, મા કર તું અનુમાન. ૧૫૯

હોય સોમ બીજે યદિ વહે ચંદ્ર જો એમ;
સકળ સૌખ્ય થાએ અને ફળે મનોરથ તેમ. ૧૬૦

રવિ મંગલ શનિ અર્ધ ગુરુ, વાર સૂર્યના જાણ;
કરવાં કાર્યો ઉગ્ર ત્યાં, શાસ્ત્રાધાર પ્રમાણ. ૧૬૧

પ્રાતઃકાલે સૂર્ય ત્યાં વહે દેહમાં એમ;
પાંચ કદમ પૂર્વોત્તરે, તદા ચાલવું તેમ. ૧૬૨

જાણ શુભપ્રદ એ નકી, મા કર તું સંદેહ;
અન્ય વાર તે ચંદ્રના, તેમાં ફળપ્રદ તેહ. ૧૬૩

દક્ષિણપશ્ચિમમાં જવું, ચાર કદમ ત્યાં જાણ;
પ્રથમ ઉપાડે વામ પગ, વહે ચંદ્ર જ્યાં માન. ૧૬૪

ચંદ્રસૂર્ય શુભ તત્ત્વમાં વહે જે દિને એમ,
જાણ સુદિન તે; અન્ય ના લાભજયપ્રદ તેમ. ૧૬૫

યદ્દેહે રવિચંદ્રનો હોય પૂર્ણ પ્રકાશ;
ડરે ન એ કાલત્રયે, કાળ થકી પણ ખાસ. ૧૬૬

જાણ વિદેહી દેહમાં, પૂર્ણ સાધુવર એહ;
જાતાં શરણે એહના, ટળે કાળસંદેહ. ૧૬૭

એક પ્રશ્નથી વિસ્તર્યો, જ્ઞાનાર્ણવ આ જાણ;
અલખ નિરંજનને કહે ! ડોલે **રંગ** અમાન !! ૧૬૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
સ્વરોદયવિવરણં નામ અષ્ટત્રિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૮ ॥ દોહરા ૧૬૮ (ખંડ પારાયણ પમો દિવસ)

અધ્યાય ૩૯

વદે દત્ત અલર્કને, સ્વર મહિમા આ જાણ
શંકર ઉમિયાને કહેઃ- લહે પૂર્ણ કો માન ? ૧
ગૂઢ અતિશય એ નકી, જાણે દુર્જન કેમ ?
નુગરો શંકામાં મરે, પંડિત પોથે તેમ ! ૨
ગુરુકૃપાથી કોક દિન, પામે વિરલો જ્ઞાન;
પડે પુણ્યથી શ્રવણમાં સન્મુખથી એ માન. ૩
ના દુર્લભ એથી કશું, કેવળ એહ અમોલ;
કરે નિયંત્રણ ગર્ભનું, દુષ્કર ત્યાં શું બોલ ! ૪
થાએ પ્રવૃત્ત મૈથુને, સર્વ લોક તું જાણ;
વૃથા વેડફે વીર્યને, સંતતિ વિણ નાદાન. ૫
જાણે ગર્ભરહસ્ય ના, લહે ન તત્ત્વવિચાર;
થાએ રોગી [1]વ્યંગ વા, તત્સંતતિ નિર્ધાર. ૬
સુપુત્ર થાવા કારણે, ત્યજે અન્ય સાધન;
સ્વરજ્ઞાનીના સેવને, પામે ફળ તત્ક્ષણ. ૭
વહે પુરુષને સૂર્ય જ્યાં, ચંદ્ર સ્ત્રીને જાણ,
પુત્રગર્ભ રહે નકી; મા શંકા કર આન. ૮
દીર્ઘાયુષી ગુણી અને સુખી થાય સુત એમ;
વિપરીતે કન્યા નકી, સુલક્ષણા એ તેમ. ૯
વહે સુષુમ્ણા પુરુષની, સ્ત્રીની સૂર્ય પ્રમાણ,
સ્રવે ગર્ભ તો નિશ્ચયે; થાય વિસ્તાર ન માન. ૧૦
વિપરીતે સુત ષંઢ એ થાએ નિશ્ચય એમ;
વહે સુષુમ્ણા ઉભયને, થાય તોય ફળ તેમ ૧૧
સમ નાડી જો બેઉની વહે તેજ પ્રમાણ,
સૂર્ય ચંદ્ર વા, થાય તો વ્યંગ સંતતિ માન. ૧૨
વ્યાધિગ્રસ્ત દરિદ્રી વા, હીન અલ્પાયુ તેમ;
માટે જાણી મૈથુને, થાવું પ્રવૃત્ત એમ. ૧૩
કારીગર ચિત્રો ઘડે, તેમ સંતતિ જાણ
જાણી નિપજાવે સ્વયં, તે જ ધન્ય નર માન. ૧૪
બીજા કુક્કુર સમ વૃથા, કરે બાળવિસ્તાર !
માટે જાણી ગુરુમુખે, કરવો તત્ત્વવિચાર. ૧૫
પ્રશ્ન કરે ગર્ભિણી વિષે, હોય ચંદ્રસ્વર ત્યાંય;
થાએ કન્યા નિશ્ચયે, વિપરીતે સુત થાય. ૧૬
પૂછે પૂર્ણ સ્થાનમાં, શૂન્ય ઉત્તરે હોય;
મરે ગર્ભથી મા નકી સુવારોગથી તોય. ૧૭
પૂછે શૂન્ય સ્થાનમાં, વિઘ્ન ગર્ભને જાણઃ
વિયોગ મા બાળક તણો, જાણી વદવું માન. ૧૮
ભલે પ્રશ્ન શૂન્યે રહ્યો, પૂર્ણ ઉત્તરે હોય;
જીવે ગર્ભ નકી તિહાં, કષ્ટે પ્રસવે તોય. ૧૯
ગર્ભપ્રશ્ન જોતાં વહે [2]આપ તત્ત્વ જો ત્યાંય,
પુત્રગર્ભ નિશ્ચય તિહાં; કન્યા પૃથ્વી માંહ્ય. ૨૦
ગર્ભપાત તેજે નકી, વાય્વાકાશે ષંઢ;
પૃથ્વીઆપે સંતતિ, અન્ય નિરર્થક દંડ. ૨૧
ચંદ્રપૃથ્વીમાં સંભવે, થાય દીર્ઘાયુ તેહ;
સકલ સંપદા ભોગવે, એમાં ના સંદેહ. ૨૨
આપે ભૂપતિ જાણ તું અલ્પાયુષ્ય પ્રમાણ;
પૂર્ણ સંપદા ચંદ્રમાં; સૂર્યે અત્યલ્પ માન. ૨૩
તેજતત્ત્વમાં સંભવે જન્મતાં જ મૃત એહ;
જન્મે જો કદિ જીવતો, જીવે ના બહુ તેહ. ૨૪
વાયુતત્ત્વમાં જન્મ જો ચંચલવૃત્તિ થાય;
જીવે પા આયુષ્ય એ ભાગ્યહીન પણ થાય. ૨૫
વ્યોમ તત્ત્વમાં સંભવે, મરે નિશ્ચયે એહ;
જીવે યદિ તો ઘાતકી થાએ નિઃસંદેહ. ૨૬
પ્રશ્નપ્રકાર કહું હવે, સાંભળ આપી ધ્યાન;
પૃચ્છક વ્હેતી નાડી ગમ, કાર્ય સફળ તો માન. ૨૭
પૂછે વામાંગે રહી, સન્મુખ વા નર એમ,
વહે ચંદ્ર જો નિશ્ચયે મળે સફળતા તેમ. ૨૮
પીઠે જમણી પાસ વા પૃચ્છક ઊભો જાણ,
વહે સૂર્ય જો દેહમાં, કાર્યસિદ્ધિ ત્યાં માન. ૨૯
જોવું પ્રશ્ન થતાંજમાં; ચંદ્ર ઉપર જો જાય,
ઉતરે રવિ નીચે યદિ, કાર્ય સફળ તો થાય. ૩૦
વિપરીતે નિષ્ફળ નકી, થાએ કાર્ય સુજાણ;
જાણી વદવું અંતરે, જોઈ સૂક્ષ્મ પ્રમાણ. ૩૧
વહે ચંદ્રનાડી યદિ, પૃથ્વી આપ પણ એમ;
પૂર્ણાંગે પૃચ્છક ઊભો, થાય શાંતિ સુખ તેમ. ૩૨
તેજતત્ત્વ સૂર્યે યદિ, ઉગ્ર કર્મમાં જાણ
પામે સિદ્ધિ, વ્યોમ ને વાયુ નાશકર માન. ૩૩
વહે સુષુમ્ણા તો નકી, કાર્યઘાત ત્યાં એમ;
સંકટ આફત નિશ્ચયે; વદવું જાણી તેમ. ૩૪
શીઘ્ર કાર્ય આવી પડ્યું, વહે સુષુમ્ણા જાણ;
ભરે ત્રણ ડગ જોડી પગ, ઉંબરામાંથી માન. ૩૫
પૂછે વ્યાધિગ્રસ્ત જો, વહે ચંદ્રસ્વર એમ,
રોગ અલ્પ; સૂર્યે બહુ, શૂન્યે મૃત્યુ તેમ. ૩૬

૧. અંગહીન - અંધ, પંગુ વગેરે ૨. જળ.

સાધ્ય રોગ ચંદ્રે નકી, કષ્ટસાધ્ય રવિ માંહ્ય;
[1]સંક્રમણે જો પ્રશ્ન તો, નિશ્ચય મૃત્યુ થાય. ૩૭

સ્થિર રોગ પૃથ્વી મહીં, મટે બહુ દિને માન;
સ્વલ્પ રોગ જલે નકી, મટે ત્વરિત તું જાણ. ૩૮

દેહનિમિત્તક પૃથ્વીમાં, જલે દેવનિમિત્ત;
મટે ઉપાયે નિશ્ચયે, ના કરવી ત્યાં ચિંત. ૩૯

તેજે ગ્રહબાધા નકી, પિતૃપીડા વા તેમ;
ગ્રહદાનાદિજપાદિથી થાએ શાંતિ એમ. ૪૦

વાયુ તત્ત્વ જો પ્રશ્નમાં, ભૂતબાધાદિક જાણ;
ડાકિન્યાદિ ઉપદ્રવો આપે દુઃખ મહાન. ૪૧

ચિંતાપ્રશ્ન કહું હવે, સાંભળ સાવધ એમ;
જીવ મૂળ ધાતુ અને શૂન્ય ચાર એ તેમ. ૪૨

સ્વરજ્ઞાને જાણી બધું, વદવું તેજ પ્રમાણ;
જીવચિંતા જીવો વિષે, મૂળ ધાન્યાદિ જાણ. ૪૩

લોહાદિક ધાતુ વિષે, ધાતુચિંતા તેમ;
શૂન્યચિંતા કોઈ ના પાસે હોવું એમ. ૪૪

મૂળચિંતા પૃથ્વીમાં, આપે જીવ પ્રમાણ;
વાય્વાકાશે શૂન્ય ને તેજે ધાતુ માન. ૪૫

આપે ચિંતા [2]દ્વિપદની, બહુપદ પૃથ્વી માંહ્ય;
ચતુષ્પાદ જલતેજમાં, શૂન્ય અન્યમાં થાય. ૪૬

નિર્જીવ સજીવ મૂળમાં, જાણી વદવું તેમ;
ભૂઆપમાં સજીવતા, કહી શાસ્ત્રમાં એમ. ૪૭

ક્ષણે ચંદ્ર સૂર્ય ક્ષણે વહે નાડી જો જાણ,
કહી વિપરીત એ નકી; આપ તત્ફળે ધ્યાન. ૪૮

જોવું નિત્ય પ્રભાતમાં, પ્રહર સુધી એ તેમ;
પડવે જો વિપરીત તો, કરવું કાંઈ ન એમ. ૪૯

હોય બીજ વિપરીત તો, માસ હાનિ તું જાણ;
ત્રીજે, મનમાં શોક ને મિત્રદુઃખ તું માન. ૫૦

ચોથે જો વિપરીત તો, મનમાં શોક ગહન;
બાંધવાદિપીડા અને થાએ આક્રોશન. ૫૧

રડારોળ પાંચમ વિષે, નિપજે મોત પ્રમાણ
સ્ત્રી મા કે સંતાનનું; નિશ્ચય મનમાં માન. ૫૨

રાજપીડા ષષ્ઠીએ, વિનાશ દુકાળ તેમ;
થાએ ધરતીકંપ વા, શોક કરાવે એમ. ૫૩

વહે સાતમે જો તથા, રાજઘાત તો જાણ;
થાય લોક કષ્ટી બહુ, કહે યોગીજન માન. ૫૪

અપમૃત્યુ આઠમ વિષે, સાધુકૃપાથી તેમ
ટળે કદાપિ એ ક્વચિત્, તોએ દુઃખદ એમ. ૫૫

શુક્લપક્ષની આ તિથિ, જોવી નિત્ય પ્રમાણ;
હરિસ્મરણે ના ચૂકવું, તારક હરિપદ માન. ૫૬

ના દુષ્કર ભજને કશું, વાગે લેખે મેખ;
જાણે વિરલો યોગી એ, અન્ય વિડંબન ભેખ. ૫૭

સૈન્ય બેઉ ભેગાં મળ્યાં લડવા કાજે જાણ;
વાયુ યત્પીઠે નકી, તે પામે જય માન. ૫૮

દૂર જવું યુદ્ધાર્થ જો, ચંદ્રે ઉત્તમ તેમઃ
પાસે સૂર્યે જાણ તું; સદા વર્તવું એમ. ૫૯

આપ ઉત્તમોત્તમ તિહાં, હતબળ વેરી જાણ;
[3]સવ્ય પાદ મૂકી પ્રથમ, જતાં સિદ્ધિપ્રદ માન. ૬૦

પૃથ્વી તત્ત્વમાં બે દળો સમાન ઉતરે તેમ;
હાર વાયુમાં ભૂપની, જાણ સ્વપક્ષે એમ. ૬૧

તેજ તત્ત્વ ચાલે યદિ, ન જવું લડવા જાણ;
જાતાં હાનિ નિશ્ચયે, સત્ય વચન તું માન. ૬૨

આવે જો શત્રુ ચઢી, ચંદ્રે પૃથ્વી તેમ,
બેસી પોતે, સૈન્યને પ્રેરે લડવા એમ. ૬૩

સ્વરજ્ઞાનીને પૂછીને કરવાં કામ તમામ;
જાણી લાભાલાભ ત્યાં, સુખે ભીડવી હામ. ૬૪

બે યોદ્ધા લડતાં યદિ, પૂછે કોઈ એમઃ
'કોણ જીતશે ?' જેહનું નામ પ્રથમ તે તેમ ૬૫

સ્વરજ્ઞાનથી જોઈને, કહે અનુભવી જાણ;
ના ચાલે પાંડિત્ય ત્યાં, અનુભવ એક પ્રમાણ. ૬૬

પૂર્ણાંગે રવિ હોય તો, વિષમ-અક્ષરી તેમ;
ચંદ્રે સમ, નિશ્ચય કહ્યો જાણ ભૂપ તું એમ. ૬૭

કાળજ્ઞાન કહું હવે, જાણી સાધવો તેહ;
સ્વરૂપાનુસંધાનથી થાવું ભૂપ વિદેહ. ૬૮

દિવસે વિધુ જેનો વહે નિત્ય નિયમથી જાણ,
રાતે રવિ, તે નિશ્ચયે જીવે શતાબ્દ માન. ૬૯

જેથી નિદ્રા તત્સ્વરે ઊઠે જો નર તેમ,
અસ્તોદયમાં સૂર્ય જો, જાણ અશુભ ફળ એમ. ૭૦

સૂર્યે નિદ્રા ચંદ્રમાં ઊઠે જો નર જાણ.
ચંદ્રે નિદ્રા સૂર્યમાં ઊઠે વા, શુભ માન. ૭૧

ત્રિદિન અખંડ વહે રવિ, ત્ર્યબ્દે મૃત્યુ તેમ;
વહે સૂર્ય બે દિન યદિ, બે વર્ષે મૃતિ એમ. ૭૨

૧. શૂન્ય સંક્રમણ વ. સુષુમ્ણાના પર્યાયો છે. ૨. મનુષ્ય કે પક્ષી; પ્રધાનતઃ માણસ ૩. જમણો.

એક દિવસ વહે રવિ, વર્ષે મૃત્યુ જાણ;
અહોરાત્ર ષોડશ દિને, આયુષ્ મ્રાસ પ્રમાણ. ૭૩

વહે સૂર્ય દિન સાત તો, છ માસે મૃતિ એમ;
ગ્રસે આવી કાળ ત્યાં, રહેવું સાવધ તેમ. ૭૪

એકાદશ દિન વિધુ વહે, એક વીસ દિન જાણ;
રહ્યું શેષ આયુષ્ય ત્યાં, વદે સ્વરજ્ઞો માન. ૭૫

ઘાલી કાને આંગળાં, સૂણે ત્યાં ધ્વનિ તેમ;
ના સંભળાએ જાણ તો, આયુ સાત દિન એમ. ૭૬

નાસિકાગ્ર દેખાય ના, ત્રિદિન આયુ તો જાણ;
ના દેખે જિહ્વાગ્ર તો, મોત તે જ દિન માન. ૭૭

થાય સૂર્યશશી બંધ ને ચાલે સુખમણ તેમ,
જાણ મોત સામું ખડું, આવ્યું તત્ક્ષણ એમ. ૭૮

સ્મરવો આત્મારામ ને થાવું સાવધ જાણ;
કરી રટણ ઓંકારનું, કરવા સુલીન પ્રાણ. ૭૯

જેવું જેનું આચરણ, તેવું થાય સ્મરણ;
માટે ચેતી પ્રથમથી, કરવું સદા ભજન. ૮૦

કરી જન્મ પર્યંત ના સત્સંગતિ કદિ જાણ,
રડે આખરે ગાભરો, થતાં યમાંકિત માન. ૮૧

જન્મમરણ ચૂકે નહીં, વિના જ્ઞાન કદિ એમ;
દંડે આવી કારમો, કાળ આખરે તેમ. ૮૨

મૃત્યુચિહ્ન માટે લહી, રહેવું સાવધ જાણ;
જાણી સાધન ગુરુમુખે, કરવું યથાર્થ માન. ૮૩

ભલે રહે સંસારમાં, ચૂકે ભજન ન જેહ;
ના પસ્તાએ એ કદી, એમાં ના સંદેહ. ૮૪

વિના જ્ઞાન વાચાળતા, મૂરખતા એ જાણ;
માટે બકબક મૂકીને, કરવું સાધન માન. ૮૫

સૂણી વચન લાંબો પડી, બોલે અલર્ક એમઃ-
જય દયાઘન જય નમું, માગું અન્ય ન ક્ષેમ. ૮૬

થયું ચિત્ત સંતુષ્ટ આ, રહી ન કાંઇ આશ;
બોધામૃત પાઇ કર્યો ધન્ય કૃતકૃત્ય દાસ. ૮૭

કરી રટણ ઓંકારનું, ત્યજવા કહ્યું શરીર;
મૃત્યુચિહ્ન બોધ્યાં અહા સ્વરાધારથી ધીર ! ૮૮

કૃપા કરી વિસ્તારથી કહો ચિહ્ન એ એમ;
સૂક્ષ્મ સ્વરોદય ના લહે, લહે મૃત્યુ તે કેમ ? ૮૯

શિષ્ય વિનંતિ સાંભળી, બોલે દત્ત દયાળ;
આગળ અનુસંધાન એ, કેવળ સુધારસાળ. ૯૦

શેષ સ્વરોદયનું કર્યું, અત્ર નિરૂપણ તેમ;
જાણી આચરતા તથા, કો ન પામે ક્ષેમ ? ૯૧

અલખ કહે આગળ નકી, **રંગ** અપૂર્વ સુજાણ
શ્રીગુરુવચને જામશે; મા ચૂકે અવધાન !! ૯૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે સ્વરોદયવિવરણં નામ એકોનચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૩૯ ॥ દોહરા ૯૨

અધ્યાય ૪૦ મો

બોલે દત્ત દયાનિધિઃ- ધન્ય ભૂપ તું જાણ;
કહું મૃત્યુલક્ષણ તને, સાંભળ આપી ધ્યાન. ૧

જાણી ભય મૃત્યુ તણો, કરવું સાધન એમ;
બદ્ધ મુમુક્ષુએ નકી, ગ્રહી સદ્ગુરુપદ તેમ. ૨

લગ્ન થકી પોતા તણા, દ્વિતીય તૃતીય સ્થાન
સપ્તમ અષ્ટમ જાણ તું, મારક સ્થાન સુજાણ. ૩

વસે અધિપતિ તેમના, તત્ તત્ સ્થાને તેમ;
બલિષ્ઠ જે તેમાં અતિ, મોત દશાંતે એમ. ૪

અથવા મારક સહ વસે, અરિષ્ટકર્તા જાણ;
ક્રૂર ગ્રહ ઘાતક નકી, હરે પ્રાણ એ માન. ૫

જ્યોતિઃશાસ્ત્રાધાર આ, કહ્યો ભૂપતે એમ;
સ્વરશાસ્ત્રાધારે કહ્યું, પૂર્વે લક્ષણ તેમ. ૬

કરી ધારણા કાળનું, થાએ અથવા જ્ઞાન;
જાણે મૃત્યુ અનુભવી યોગશાસ્ત્રજ્ઞ માન. ૭

જાણે યોગાભ્યાસ ના, ના સ્વરોદય તેમ;
જ્યોતિઃશાસ્ત્ર લહે નહીં, તેણે જોવું એમઃ- ૮

[1]દેવમાર્ગ ધ્રુવ શુક્ર વા, અરુંધતી વા જાણ,
સોમચ્છાયા નર યદિ ના દેખે તો માન, ૯

એક વરસથી ના વધુ, જીવે મનુષ્ય તેમ;
ના દેખે ભ્રૂમધ્ય વા, જાણ એહ પણ એમ. ૧૦

કિરણહીન રવિ જો દિસે, [2]પાવક સકિરણ જાણ;
એકાદશ મહિના કહ્યું, તેનું આયુષ્ માન. ૧૧

સ્વર્ણ રૌપ્ય મળ મૂત્ર વા સ્વપ્ને ઓકે એમ,
દશમાસોત્તર ના કદી જીવે તે નર તેમ. ૧૨

જુએ જાગતાં ભૂત જે પ્રેતાદિક પણ જાણ,
સ્વર્ણવર્ણ વૃક્ષો અને ગંધર્વનગરો માન; ૧૩

ના જીવે નવ માસથી, જાણ અધિક એ એમ !
જાણકાર એવું કથે, થાય અન્યથા કેમ ? ૧૪

૧. આકાશગંગા ૨. અગ્નિ.

અકસ્માત્ જેનો ફરે સ્વભાવ નિશ્ચય જાણ,
થાય દેહ કૃશ સ્થૂલ ને સ્થૂલ કૃશ પ્રમાણ, ૧૫

મરે આઠ માસે નકી તે નર નિશ્ચય તેમ;
જાણી સાવધ વર્તવું, થાએ શોક ન એમ. ૧૬

ભસ્મ ધૂળ વા કાદવે, પડે ન આખું જાણ
પગલું જેનું ચાલતાં, ભાસે ખંડિત માન; ૧૭

એડી અથવા આંગળાં દિસે સ્પષ્ટ ના તેમ,
સાત માસ જીવિત નકી, જાણ તેહનું એમ. ૧૮

સ્પર્શે માથે કાગડો, કપોત ગીધ સુજાણ,
માંસાહારી પક્ષી વા, કૃષ્ણ પક્ષી વા માન. ૧૯

મારે ચાંચો મસ્તકે, ના જીવે એ તેમ
છ માસાધિક જાણ તું, કહ્યું શાસ્ત્રમાં એમ. ૨૦

વસ્ત્રહીન દશા મહીં, કાક મસ્તકે જાણ
મારે ચંચુ પાદ વા, પાંચ માસમાં પ્રાણ, ૨૧

જાય તેહના નિશ્ચયે; ચાર માસમાં એમ,
વિરૂપ સ્વછાયા દિસે, મરે તેહ નર તેમ. ૨૨

નિરભ્ર આકાશે યદિ જુએ દક્ષિણે વીજ,
મરે ત્રણ માસે નકી; ના જીવે હરગીજ. ૨૩

જુએ વારિમાં સુરધનુ, તોએ તેમજ માન;
ત્રિમાસ આયુષ્ તેહનું, રહે અધિક ના પ્રાણ. ૨૪

જલદર્પણતૈલાદિમાં શીર્ષહીન જો દેહ
દેખાએ, તો નિશ્ચયે મરે દ્વિમાસે એહ. ૨૫

જેને અંગે શવ સમી આવે દુર્ગંધ જાણ,
પીતાં જળ શોષાય વા કંઠ તત્ક્ષણે માન; ૨૬

જીવે પંદર દિન નકી, તે નર નિશ્ચય તેમ;
ન્હાતાં હૃદય સૂકાય તો, મરે દશ દિને એમ. ૨૭

ભેદે વાયુ મર્મ જો, ઉષ્ણસ્પર્શ વિધુ જાણ
લાગે, તો તે ના કદિ જીવે અધિક પ્રમાણ. ૨૮

કાળું વા રાતું યદિ પ્હેરી લુગડું તેમ,
નારી હસતી ગાતી વા પકડી હાથે એમ, ૨૯

લઈ જાય દક્ષિણ દિશા લક્ષી વેગે જાણ;
પાસે મૃત્યુ તેહનું, નિશ્ચય મનમાં માન. ૩૦

નગ્ન [1]ક્ષપણક સ્વપ્નમાં દિસે હસંતો તેમ,
બીજો તૈલાભ્યક્ત[2] વા, પાસે મૃત્યુ એમ. ૩૧

સ્વપ્ને પોતાને જુએ, [3]પંકે ગોમય માંહ્ય
મગ્ન આમસ્તક યદિ, ત્વરિત મૃત્યુવશ થાય. ૩૨

સ્વપ્ને અસ્થિ કેશ વા, અંગારા વા એમ,
જુએ ભસ્મ [4]અહિ ક્રુદ્ધ વા, મરે દશ દિને તેમ. ૩૩

જુએ સ્વપ્નમાં તેમ જો નિર્જલ પૃથ્વી જાણ,
શુષ્ક વિષમ, તો નિશ્ચયે મૃત્યુ સંનિધ માન. ૩૪

દિસે પુરુષ વિકરાળ જો સ્વપ્ને ભીષણ એમ,
દાંત હોઠ ચાવી ઘસે ક્રોધે હણવા તેમ; ૩૫

લઈ શસ્ત્ર પથ્થર [5]કરે, મારે આવી જાણ,
મૃત્યુ તત્સંનિધ નકી, ખડું ફાડી મુખ માન. ૩૬

પ્રાતઃકાલે જો રડે, સ્હામે આવી શિયાળ,
દોડે ડાબી બાજુએ, આવ્યો સંનિધ કાળ. ૩૭

જમી ઊઠતાં તત્ક્ષણે લાગે દારુણ ભૂખ,
થાય તેમ વ્રણદંત તો, પાસે મોત સદુઃખ. ૩૮

ગંધ લહે ના અન્નની, ધૂમ અગ્નિનો તેમ,
સૂંઘી જોતાંએ યદિ, શિરે મોત તો એમ. ૩૯

છાયા જો પોતા તણી અન્ય નેત્રમાં જાણ
ના દેખાએ, તો નકી આવ્યું મૃત્યુ માન. ૪૦

મેઘધનુષ્ રાતે દિસે, તારા દિવસે તેમ;
જાણ નિશ્ચયે ભૂપ હે, મૃત્યુ દૂર ન એમ. ૪૧

વિના રોગ પણ ચિહ્ન જો દેખાએ આ જાણ,
ગ્રાસે મૃત્યુ એહને, સત્વર નિશ્ચય માન ! ૪૨

શું કહેવું રોગી થતાં ? બચે કેમ એ તેમ ?
માટે જાણી ચિહ્ન આ, થાવું સાવધ એમ. ૪૩

સ્રવે નેત્ર ડાબું યદિ, થાએ વાંકું નાક,
થાય શીત કર્ણાન્ત જો, ઝડપે મૃત્યુ દ્રાક્. ૪૪

જીભ કૃષ્ણ મુખ રક્ત જો થાએ તેમજ જાણ,
ઇંદ્રિયગણ ખેંચાય તો, મૃત્યુ તત્ક્ષણ માન. ૪૫

[6]ખરોષ્ટ્રાદિયાને ચઢી, જાય સ્વપ્નમાં એમ,
રોગી દક્ષિણમાં યદિ, નિકટ મોત તો તેમ, ૪૬

અથવા સ્વપ્ને બાંધીને બીજા ખેંચી જાય;
દેખે એવું મોત તો ત્વરિત નિશ્ચયે થાય. ૪૭

કર્ણઘોષ સૂણે નહીં, નેત્ર જ્યોતિ તેમ,
ભ્રાંત થઈ દૃષ્ટિ જુએ સઘળું ઊંધું એમ; ૪૮

જાય પેટમાં નાભિ વા જેની સછિદ્ર જાણ,
ના દેખાએ એ ફરી નકી જીવતો માન. ૪૯

પોતાને ક્રોધે યદિ મારે ભૂતો એમ,
દેખે રોગી સ્વપ્નમાં, ના જીવે એ તેમ. ૫૦

૧. જૈન વા બૌદ્ધધર્મી સાધુ ૨. તેલ ચોળેલો. ૩. કાદવમાં. ૪. સાપ. ૫. હાથમાં. ૬. ગધેડો. ઊંટ વગેરે વાહન પર.

અથવા સ્વપ્ને કર્દમે, અથવા ઉદકે જાણ,
જુએ પડેલો અગ્નિમાં, જે પોતાને માન; ૫૧

ત્યાંથી બ્હાર ન આવતાં, થાએ જાગ્રત જેહ,
ખૂટ્યું આયુષ્ય તેહનું, એમાં ના સંદેહ. ૫૨

મૃત્યુલક્ષણો આ લહી, છોડી ભીતિ તેમ;
કરવું ધ્યાન વિચક્ષણે, થાએ સુમુક્ત એમ. ૫૩

કોણ અમર ભૂતલ વિષે ? ગ્રસે કાળ તમામ;
માટે છોડી ભય સુધી કરે ધ્યાન નિષ્કામ. ૫૪

શરીરરાખાને હસે મૃત્યુ અલર્ક એમ,
વસુંધરા વસુપાળને, કુલટા પતિને જેમ ! ૫૫

જાયું તે જાશે નકી, જાણી એમ સુજાણ,
ચિત્તૈકાગ્ર્યે સર્વદા કરવું સ્વાત્મધ્યાન. ૫૬

મરણ સુધી ના છોડવું, આત્મધ્યાન એ તેમ;
ધ્યાતાં ધ્યેય થવાય ને ચૂકે ફેરો એમ. ૫૭

થાય નષ્ટ પ્રતિબંધ તો, આ જન્મે જ સુમુક્ત;
નહિ તો જન્માંતર વિષે, થાય સતત જે યુક્ત. ૫૮

જાય વૃથા અભ્યાસ ના, કહે પુકારી વેદ;
માટે રાત્રંદિન કરે યોગાભ્યાસ અખેદ. ૫૯

દૈવે જ્ઞાન થયા વિના, થાય મૃત્યુ યદિ જાણ;
યોગભ્રષ્ટ થઈ વરે, અન્ય જન્મ નિર્વાણ. ૬૦

સંસ્કારોથી પૂર્વના, પુનઃ કરે અભ્યાસ;
જ્યાંથી બાકી હોય તે, ત્યાંથી આગળ ખાસ. ૬૧

પામી અંતે જ્ઞાન ત્યાં, થાયે મુક્ત સુજાણ;
ના પામે દુર્ગતિ કદિ, અનુભવ શાસ્ત્ર પ્રમાણ. ૬૨

માટે નિશ્ચલ આસને અંતકાલમાં એમ,
બેસી સુસ્થિર દેહથી, ચિત્તૈકાગ્ર્યે તેમ; ૬૩

ડાબી એડી ગુદા વિષે, અન્ય મેંઢ્ર પર જાણ,
રાખી યુક્તિથી પુનઃ, ખેંચે ઊર્ધ્વ અપાન. ૬૪

દાબી હનુ ઉર પર તથા, સમરંધ્ર પર તેમ;
રાખી અંગુલિ, અંતરે કરે વશ્ય મન એમ. ૬૫

ઇંદ્રિય મનમાં ધ્યાનથી કરી લીન સુજાણ,
મન પ્રાણમાં લીન કરી, થઈ સુસાવધ માન; ૬૬

પંચપ્રાણો એકઠા કરી, સુષુમ્ણા માંહ્ય,
ભેદી મૂર્ધસ્થાનને, જાવું નિર્ભય ત્યાંય. ૬૭

ચિંતી પરમાત્મા હૃદે ૐ ઉચ્ચારી તેમ;
લેવી મુક્તિ જ્ઞાનથી, આત્મધ્યાને એમ. ૬૮

રાતે દિવસે નર યથા, ના ભૂલે ગૃહદ્વાર,
ખોલે અચૂક એ યથા; તેમજ આ નિર્ધાર. ૬૯

યોગાભ્યાસે દ્વાર સહુ થતાં પ્રકાશિત એમ,
મધ્યમાર્ગથી યોગીઓ જાએ અચૂક તેમ. ૭૦

માટે આળસ છોડીને, કરવો નિત્યાભ્યાસ;
મળે મોક્ષ તેને નકી, થાએ ભ્રષ્ટ ન ખાસ. ૭૧

ઊભું રહે ઘર જ્યાં સુધી; રહે મોજથી જાણ;
માંકડ ચાંચડ ઉંદરો; નાસે પડતાં માન. ૭૨

સ્ત્રીપુત્રાદિક તેમ આ રહે આશથી પાસ;
મરતાં ક્ષણ પણ ના ઠરે, દે ફૂંકી જ્યમ ઘાસ ! ૭૩

શાને સોબત એમની, લૂંટે જે પર[1] ધન;
અંતે નાસે છોડીને, રહે સાથ ના ક્ષણ ! ૭૪

યાવત્ મોજમઝા મળે, રાખે તાવત્ પ્રેમ;
દેહ થાકતાં ના રહે, પાસે કોઈ એમ ! ૭૫

થતાં પરાધીન રોગથી કહે, મરે તો ઠીક;
બોલાવ્યાં બોલે નહીં ! પ્રીત દુન્યવી ધિક્ !! ૭૬

કૂતરા સમ ટૂકડો આપે ખાવા જાણ;
છોડી વાગ્બાણો અહા, વીંધે મર્મસ્થાન ! ૭૭

નાવે કરુણા જેમને અંતે વેરી જેહ;
શાને સોબત તેમની ? જોવું આત્મહિત તેહ ! ૭૮

બને વિશેષ ન જો તહીં, અલ્પ અલ્પ પણ જાણ
કરવો ઉત્સાહે સદા આત્માભ્યાસ પ્રમાણ. ૭૯

માટીનો ઢગલો કરે ધીમે ધીમે જેમ
[2]ડીમક મુખથી, જાણ આ વધે અભ્યાસ તેમ. ૮૦

કીડી કણ મુખમાં ગ્રહી, પડે તોય પણ જાણ,
પુનઃ પુનઃ યત્ને ચઢે; કરવું તેમજ ધ્યાન. ૮૧

રાખી ઉમેદ સર્વદા, પામે સિદ્ધિ તેમ;
વત્સશૃંગવત્ ક્રમ થકી, વધે યોગ પણ એમ. ૮૨

કીડાએ ખાવા છતાં, વધે વૃક્ષ જ્યમ જાણ;
આવે વિઘ્નો તોય ત્યમ, થાએ સુસિદ્ધ ધ્યાન. ૮૩

માટે ધૈર્ય ન છોડવું, કરવો સતતાભ્યાસ
રાખી શ્રદ્ધા અંતરે, છોડી આળસ ખાસ. ૮૪

ભાસક જાગ્રત્સ્વપ્નનો, ઇંદ્રિયચાલક તેમ;
એજ સચ્ચિત્સુખ નકી, ધ્યાવો આત્મા એમ. ૮૫

થાય કીટ તન્મય યથા ભ્રમરધ્યાનથી જાણ,
એજ દેહમાં ભ્રમરતા પામે નિશ્ચય માન; ૮૬

૧. આત્મારૂપી ધન. ૨. ઉધઈ.

તેમજ યોગી ધ્યાનથી, થાએ ધ્યેયસ્વરૂપ;
ના આશ્ચર્ય તિહાં કશું, મા શંકા કર ભૂપ ! ૮૭

જીવ બ્રહ્મ મૂળે સ્વયં; કરતાં બ્રહ્મધ્યાન,
જાણી બ્રહ્મત્વ આત્મનું, લે નિશ્ચય નિર્વાણ. ૮૮

માટે ત્રિકાલ સાધીને, કરે સદા અભ્યાસ;
બને કાળનો કાળ એ, જીવન્મુક્ત ઉદાસ ! ૮૯

થવા સિદ્ધિ અભ્યાસની, ભજવો ઈશ્વર તેમ;
ઈશ્વર સદ્‌ગુરુ રીઝતાં, પડે કષ્ટ ના એમ. ૯૦

કરી મજૂરો એકઠા, કામ કરાવે જાણ
થઈ શેઠ સાક્ષી સ્વયં, તેમ અત્ર પણ માન. ૯૧

માની મજૂર ઇંદ્રિયો, કરાવવું નિજ કામ;
સાવધાન ઉપર રહી, અખંડ આત્મારામ. ૯૨

જેમ મુકાદમ મજૂર પર રાખે ધનિક સુજાણ,
તેમ ઇંદ્રિયો પર નકી મન મુકાદમ જાણ. ૯૩

થાએ ના ઉદ્દામ એ, મજૂર ઇંદ્રિય તેમ;
કરે બતાવ્યું કામ, ના પડે પ્રમાદે એમ. ૯૪

વિત્ત મુકાદમને વધુ આપી અન્યથી જાણ,
રાખે ખુશ સદા સુધી; તેમ અહીં પણ માન. ૯૫

પ્રસન્ન મન રાખે સદા, આપી ઉચ્ચાનંદ;
જોડી મદ્રૂપે નકી, ત્યજી વિષયની ગંધ. ૯૬

મન માગે સુંદર અતિ ! મન્મૂર્તિથી તેમ
ના સુંદર કોઈ વધુ, જાણ ત્રિભુવને એમ !! ૯૭

માટે જોડે એહને, વારંવાર સુજાણ
મોહક મદ્રૂપે નકી, ઠરે તોજ એ માન. ૯૮

થાએ સિદ્ધિ યોગની, થાય મુક્ત નર એમ;
સગુણક્રમે નિર્ગુણ મહીં, થતાં મનોલય તેમ !! ૯૯

અલખ નિરંજનને કહેઃ- સૂણી વચન એ જાણ,
આનંદોત્પ્લુત ચિત્તથી વદે અલર્ક સુજાણ ૧૦૦

વંદન કરી સદ્‌ભાવથી; આગળ એ વિસ્તાર !
આ અધ્યાયે વર્ણવ્યાં મૃત્યુલક્ષણો સાર. ૧૦૧

ચણા ચાવવા લોહના, ના બચ્ચાંનો ખેલ;
રંગ ગુરુકૃપા હોય તો, કરે મોતથી ગેલ !! ૧૦૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
મૃત્યુચિહ્નવર્ણનં નામ ચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૦ ॥ દોહરા ૧૦૨ (સપ્તાહ પારાયણ ૨જો દિવસ)

અધ્યાય ૪૧

મદાલસાસુત એમ એ, થઈ હૃષ્ટ સુજાણ;
વિનયનમ્ર વદે અહા, જોડી બેઉ કર માનઃ- ૧

તાર્યો ગુરુવર દીન આ, ભવાંબુધિથી એમ;
ઝાલી હાથ કૃપા થકી, માત વત્સને જેમ ! ૨

જ્ઞાનાગ્નિ પ્રગટાવીને ચિત્તે એમ સુધન્ય,
બાળી કર્મો જન્મનાં, તાર્યો બાળ [1]જઘન્ય. ૩

કરતાં વંદન ભાવથી એક વાર પ્રભુ એમ,
રીઝી આપ્યું જ્ઞાન આ; ગયું દુઃખ સહુ તેમ, ૪

વંદનભક્તિ શ્રેષ્ઠ આ, કરે મુક્ત જે આમ;
દેખે કાળ અકાળ ના, આપે ઈપ્સિત કામ. ૫

દેવગુરુવેદાંતની યાવજ્જીવિત એમ,
કરવી સેવા ભાવથી; નહિ તો કૃતઘ્ન તેમ. ૬

કહે સંત એવું સહુ, ના મિથ્યા એ વાક્;
જાણી એવું મન વિષે, નમે સર્વને દ્રાક્. ૭

સ્થાવર જંગમ સર્વને માની ભગવદ્રૂપ,
કરતાં વંદન કયાં રહે કૃતઘ્નતા ભવકૂપ ? ૮

'ઇદં સદેવ' શ્રુતિ વદે, જગત્ બ્રહ્મ આ તેમ;
જતાં ભેદદૃષ્ટિ તિહાં રહે ખેદ ના એમ. ૯

ઈશ્વરગુરુમાં ભેદ ના તેમજ નિઃસંદેહ;
કરે અવિદ્યા નષ્ટ જે, ઈશ્વર ગુરુવર તેહ. ૧૦

[2]ગુકારથી શાસ્ત્રો કહી મૂળ અવિદ્યા તેમ;
રુકાર તન્નાશક નકી, એક ગુર્વીશ એમ. ૧૧

બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ;
ભવબાધાહારક નકી, મંત્રોત્તમ ગુરુ તેહ. ૧૨

ગુરુ ગુરુ કરતાં શ્વાસ આ, જાઓ નિશ્ચય એમ;
ના ઇચ્છા બીજી કશી, પામ્યો સકળ ક્ષેમ. ૧૩

કાઢી ચર્મ આ દેહનું, જૂતાં ગુરુપદ માંહ્ય
ઘાલું તોએ ના વળે એ ઋણ, શ્રી ગુરુરાય ! ૧૪

કરો કૃપા ગુરુવર હવે, રાખો સ્મરણ અખંડ;
ના ભૂલું પદ આ કદિ, પડી જતાં પણ પંડ. ૧૫

એમ કહી વંદન કરે, આળોટે પગ માંહ્ય;
કહેઃ- ધન્ય પાવન કરી વંદનમાત્રે કાય ! ૧૬

૧. હીન; વિષયમાં ડૂબેલો. ૨. ગુમવિદ્યાં સ્યાદ્ધીતિ ગુસ્ત્રીશ્વર એવ સઃ ।

માતા ધન્ય અહા સતી ! યદાશિષથી આમ
દેખ્યા દુર્લભ પાદ આ, થયો પર્યાપ્તકામ. ૧૭
ધન્ય બંધુ સુબાહુ એ ! કેવળ નિરુપમ એહ;
યુદ્ધમિષે હિત કેવડું કીધું નિઃસંદેહ !! ૧૮
ધન્ય પ્રેમ એનો નકી, કૃપાદૃષ્ટિ પણ તેમ;
મળે ન જોટો ત્રિભુવને નકી શોધતાં એમ. ૧૯
ત્યજી ઉચ્ચતમ સ્વસ્થિતિ, કરવા મત્કલ્યાણ
આવ્યો વનમાંથી અહા, દોડી શિવ સમ માન ! ૨૦
કાશિરાજ સુધન્ય એ, જેણે મૂકી સ્નેહ,
હરી રાજ્ય હિત આ કર્યું; નકી ઉપકાર એહ ! ૨૧
લૂંટાયા જે કોશ[૧] ને સૈન્ય હણાયું તેમ;
ફૂટ્યા મંત્રીઓ અહા, થયું સર્વ હિત એમ. ૨૨
થયો નાશ આ, તો જ એ સ્મર્યો માતૃઉપદેશ;
દેખ્યા પદ સમૃદ્ધ આ, મટ્યા દેખતાં ક્લેશ. ૨૩
પ્રાપ્તિ સમૃદ્ધિ તણી, નકી અવકૃપા તેહ;
થતાં કૃપા ઈશ્વર તણી, જાય ધનાદિક એહ ! ૨૪
મળતાં સોનું મન ચળે, થાય મત્ત નર તેમ;
રહે આંખ ઊંચી સદા, ના અચરજ ત્યાં એમ. ૨૫
કનક નામ સોના તણું, કનક ધતૂરો જાણ;
યત્સેવનથી મદ ચઢે, જાણે સકળ સુજાણ ! ૨૬
મળતાં ધન ઉન્મત્ત હું થયો તેમ હા હન્ત !
ડૂબ્યું મન વિષયે અહા ! ના ઓળખ્યા સંત !! ૨૭
બંધુ સહોદર સાધુ જે, યોગિવંદ્ય તે જાણ
આવી વનમાંથી સ્વયં, ભાગ માગતાં માન; ૨૮
ધિક્કાર્યો મૂરખપણે ! શાને એને રાજ્ય ?
આત્મનિષ્ઠ નિષ્કામ જે, સ્વયં સર્વમાં [૨]પ્રાજ્ય ! ૨૯
પૂર્ણ દયાળુ એ નકી; દારિદ્ર્યાંજન એમ
નેત્રે આંજી નયન આ પૂર્ણ ઉઘાડ્યાં તેમ. ૩૦
ધન્ય માત યલ્લેખથી મળ્યા ભવત્પદ આમ;
સંતમહંત મુનીશ્વરો જ્યાં પામે વિશ્રામ. ૩૧
ધન્ય ધન્ય ગુરુચરણ આ ! યચ્છરણે ક્ષણ માંહ્ય
નાહું તમ[૩] જન્મો તણું, રહે શોક ત્યાં ક્યાંય ? ૩૨
માટે ત્યજી ગાર્હસ્થ્યને, આત્મસ્મૃતિહૃત્ જેહ;
જઈ યોગ સાધું વને, થાઉં મુક્ત સદેહ. ૩૩
જેથી ભ્રાંતિ ના નડે, પુનઃ કોઈ દિન જાણ;
મતિભ્રંશ થાએ નહીં થાએ સુદૃઢ જ્ઞાન. ૩૪
એમ કહી વંદન કરે, ફરીફરીથી એહ;
જોઈ નિશ્ચય એહનો બોલે ગુરુવર તેહઃ- ૩૫

રાજા જાણ સુબાહુનો, આ ઉપકાર મહાન્;
માટે સત્વર ચરણમાં, જા પડ એના માન. ૩૬
એની ખટપટથી નકી મળ્યો માર્ગ આ એમ;
માટે સીધો બંધુને, જા મળ તત્ક્ષણ તેમ. ૩૭
અહંકાર તુજને હવે ના સ્પર્શે કદિ માન;
મોહ મમત્વ તને નહીં; તું કૃતકૃત્ય સુજાણ. ૩૮
માટે બંધુને મળી, રહે યથેપ્સિત એમ;
ના હાનિ તેમાં તને; તું તો અસંગ તેમ. ૩૯
આત્મા અસંગ નિશ્ચયે, ઇંદ્રજાળ જગ જાણ !
મન નિશ્ચળ કરી એહવો કરતાં વિવેક માન, ૪૦
ઊઠે ચિત્તે વાસના ના સ્વપ્ને પણ તેમ;
જન્મમરણ તેને નહીં, સદા મુક્ત એ એમ. ૪૧
વેદપ્રમાણથી થયું જ્ઞાન પૂર્ણ જે જાણ,
નાશ કરે તેનો નહીં એવું અન્ય પ્રમાણ. ૪૨
માટે નિર્ભય તું હવે, જા ફાવે ત્યાં રાય !
એમ કહી પ્રેમે પ્રભુ દે આલિંગન ત્યાંય. ૪૩
આલિંગન દેતાં ગુરુ, રોમાંચિત તનુ જાણ;
પ્રેમે રૂંધાયું ગળું, નેત્ર ભરાયાં માન ! ૪૪
દેહભાન ભૂલી ખડો, રાજા નિશ્ચલ તેમ;
બાહ્યાભ્યંતર વિસરી, કાષ્ઠપૂતળી જેમ !! ૪૫
સ્વપ્ને પણ યોગીશ્વરો ના જાણે સ્થિતિ જેહ,
અનિર્વાચ્ય ગતિ ભક્તની, પ્રેમલક્ષણા તેહ. ૪૬
દેહ મડું માની વરે, કેવળ પર સાક્ષાત્
એ મિલનસુખ કો વદે ? જાણે ભક્ત સુજાત ! ૪૭
કોટિજન્મસુકૃત ફળે, ત્યારે ભક્ત થવાય;
નહિ તો વાતોમાં વહી બહુધા જીવન જાય. ૪૮
જ્ઞાનોત્તર ભક્તિ નકી, સર્વશ્રેષ્ઠ તું જાણ;
આર્તાદિક ભક્તો મહીં જ્ઞાની વરિષ્ઠ માન. ૪૯
જે આ જ્ઞાની ભક્ત તે, નિત્યયુક્ત પ્રભુ માંહ્ય;
પ્રેમરસાપ્લુત જાણ તું, તે તો મુક્ત સદાય. ૫૦
એ ભક્ત્યમૃતસ્વાદ તો, જાણે જેનો તે જ !
બીજા પામર ના લહે, જેમ જન્માંધ તેજ !! ૫૧
નિરુપમ પરમાનંદ એ, સદા અનુભવે ભક્ત;
ભવકીટક એ શું લહે, જે કીચડમાં સક્ત ? ૫૨
સ્વયં સચ્ચિદાનંદ પણ ના જાણે હરિ એહ;
લે માટે અવતાર શું, જોવા દેહ વિદેહ ? ૫૩
પડે ચેન ના દેવને, નકી ભક્ત વિણ એમ;
વર્તે ભક્તાધીન શું છોડી લજ્જા તેમ ? ૫૪

૧. ખજાનો ૨. મહાન્; વિશાળ; વ્યાપક. ૩. અંધારું; અજ્ઞાન.

પ્રેમલુબ્ધ ભક્તો કને રહે નિરંતર જાણ;
એવી અનન્યભક્તિ આ; પ્રેમલક્ષણા માન. ૫૫

લૂખી ચારે મુક્તિ ત્યાં ! ભજનાનંદ અખંડ
વર્તે ત્યાંથી તત્ક્ષણે નાસે માયાબંડ. ૫૬

એવી ભક્તિ અલર્કને, મળી અયત્ને જાણ;
ધન્ય દૈવ એનું નકી ! કરે કોણ વખાણ ? ૫૭

રમ્ય છબી એ દત્તની, શોભા મુખની તેમ;
નેત્રચપળતા શી કહું ? જીવંત મત્સ્યો જેમ ! ૫૮

રૂપ મનોહર ફૂટડું, વદનકંજ સુહાસ્ય;
પ્રેમકટાક્ષો જોઈને, કરે સૌંદર્ય [૧]લાસ્ય ! ૫૯

વરદ અભય બે કર અહા, કંઠ શંખ સમ તેમ !
વિશાળ વક્ષઃસ્થળ અહા, પેટ પર્ણ સમ એમ !! ૬૦

નાભિ સુહામણી અતિ; ઊરુ કેળ સમ જાણ;
વજ્રાંકુશધ્વજપદ્મથી અંકિત ચરણ પ્રમાણ. ૬૧

મંદસ્મિત મુખ પર લસે, તેજઃપુંજ શરીર;
જોઈ મનડું ના ખસે, ત્યાંથી જાણ લગીર. ૬૨

અત્યદ્‌ભુત છબી એ નકી, નિર્ગુણ જાળ પ્રમાણ;
મનોમત્સ્ય જેમાં જઈ થાએ તન્મય માન ! ૬૩

આમતેમ ભટકી યદા, દેખે શાંતિ ન ક્યાંય.
દેખી ભગવદ્‌રૂપ આ ઠરે આખરે ત્યાંય. ૬૪

ખસે ન ત્યાંથી ખેંચતાં, ફરે ન પાછું તેમ;
થાએ તન્મય સર્વથા, મૂકી ચેષ્ટા એમ. ૬૫

ચોંટી માખી મધ વિષે, ઊડી શકે ન જાણ;
ભગવદ્‌રૂપ તેમ આ ઠર્યું ના ખસે માન. ૬૬

મન રાજા ઇંદ્રિય તણો ઠરતાં રૂપે એમ,
દોડે બ્હાર ન ઇંદ્રિયો; રહે સ્વામિવશ તેમ. ૬૭

છોડી શેઠ ન સેવકો, જાયે ક્યાંય સુજાણ;
તેમ મનોવશ ઇંદ્રિયો, રહે સ્વસ્થ તું જાણ. ૬૮

જતાં સાથ શ્રીમંતની મિજબાનીમાં જેમ,
ન માગતાં પણ સેવકો પામે મિષ્ટાન્ન તેમ; ૬૯

મનને પરમાનંદ ત્યાં મળતાં ધ્યાને જાણ,
નાસે ઇંદ્રિયખેદ ને થાય તૃપ્ત એ માન. ૭૦

રૂપે મન રમતાં નકી, ખસે ન ઇંદ્રિય તેમ;
થાએ નિશ્ચલ સર્વથા, કેવળ અચેષ્ટ એમ. ૭૧

અલર્કની પણ એ સ્થિતિ થઈ નિશ્ચયે જાણ;
ગુરુરૂપે મન જે ઠર્યું, ત્યાંથી ખસે ન માન. ૭૨

ઊઠે વૃત્તિ ન સર્વથા ! જોઈ શ્રીગુરુ તેમ,
બોલે ઢંઢોળી કરે, સાંભળ અલર્ક એમઃ ૭૩

મન તારૂં આ ના હવે છોડે મારૂં ધ્યાન;
માટે જા કર બંધુનું દર્શન સત્વર માન. ૭૪

જઈ સુખે વનમાં પછી, થા મદ્‌રૂપે લીન;
નિર્વાસન[૨] રે' સર્વદા, મદાકાર અદીન ! ૭૫

સૂણી વચન અલર્ક એ, જોડી બેઉ કર જાણ;
કરે પ્રાર્થના ગળગળો, રાખી ચિત્તે ધ્યાનઃ- ૭૬

૧

(દરશન દીજો દાડી-એ રાગ)

બલિહારી તારી ગુરુજી, શે મુખ ગાઉં !
પામે મન વાણી વિરામ ! ....ટેક
ભક્તપ્રતિપાળ વ્હાલો [૩]અસુરનો કાળ;
સાધુહૈયાનો હાર! ....બલિહારી.....૧
બ્રહ્મા આવીને માગે આજ્ઞા ઉમંગે;
સર્જું ક્યારે કોને કેમ ? ....બલિહારી.....૨
પૂછે વિષ્ણુ કર જોડી, સ્થિતિ કફોડી !
આપું ખાવા કોને કેમ ?....બલિહારી.....૩
શંકર સંહારે પ્રાણી, આજ્ઞા વખાણી;
તું તો નિર્લેપ સદાય ! ....બલિહારી.....૪
જોઈ સતીભાવ રીઝ્યો, અંતર ભિંજ્યો;
આપ્યું સ્વયં આત્મદાન! ....બલિહારી....૫
દત્ત દિગંબર ભાવ્યો, મન લુભાયો;
રંગ અરંગી[૪] સુહાય !! ....બલિહારી....૬

૧. નૃત્ય ૨. વાસનારહિત. ૩. અસુ - પ્રાણ; ઇંદ્રિયો. તેમાં રમનાર તે અસુર-વિષયલંપટ; અભક્ત. ૪. કોઈપણ જાતના રંગ કે રૂપ વગરનો, નિરાભાસ.

વદે વેદ જે નિશ્ચયે, તું સચ્ચિત્સુખ એમ;
પ્રત્યગાત્મા અભિન્ન તું ! હવે અનુભવ્યું તેમ. ૭૭

તું કારણ આ સર્વનું, સર્વાધાર પ્રમાણ;
સ્વેચ્છાએ જ થયો સ્વયં, નરાકાર તું જાણ. ૭૮

વાણીમન પહોંચે નહીં, તુજને કોઈ તેમ;
સ્વેચ્છાચાર તને કહ્યો, વંદુ જાણી એમ. ૭૯

બ્રહ્મઈશનો ભેદ જે, કેવળ માયાભાસ;
પ્રત્યગ્ આત્મા જીવનો ભેદ અવિદ્યા ખાસ. ૮૦

તત્ત્વજ્ઞાને બેઉનો થાતાં નાશ સુજાણ,
ના ઈશ્વરના જીવ ત્યાં ! કેવળ તુંજ પ્રમાણ !! ૮૧

ભાસે ભુજંગ રજ્જુ પર, ત્વદ્રૂપે જગ તેમ;
એકાદ્વિતીય તું રહે, થતાં ભંગ ભ્રમ એમ. ૮૨

આદિ અંતમાં જે નહીં, ભાસે મધ્યે તૂત;
કાલત્રયમાં તે નહીં ! સત્તા તેની જૂઠ !! ૮૩

તવ પ્રસાદે ભ્રાંતિનો થતાં નાશ ગુરુરાય !
લાગ્યું પૂર્વે સત્ય જે, ભાસે અસત્ય ત્યાંય. ૮૪

પડતાં દૃષ્ટિ તાહરી, થયો ધન્ય હું એમ;
શમી જીવતા, બ્રહ્મતા આવી અંગે તેમ. ૮૫

તું જ બ્રહ્મ સાક્ષાત્ નકી, થઈ ખાતરી જાણ;
થયું શાંત હુંતુંપણું, અભેદજ્ઞાને માન. ૮૬

તોએ થાવા ભજન આ, માની વિકલ્પ એમ,
કરે ભજન મન માહરૂં; થાએ સુતૃપ્ત તેમ. ૮૭

હું જીવ તું શિવ નકી, હું ભક્ત તું દેવ !
ભક્તિભાવ વિશુદ્ધ એ, હરે ભ્રાંતિ તતખેવ. ૮૮

રાખી એવો ભાવ જન, લૂંટે ભજનાનંદ;
કોણ વર્ણવે મોદ એ ? મુક્તિ તત્પદગંધ ! ૮૯

થાએ મન ત્વદ્રૂપમાં લીન સર્વથા તેમ;
ભૂલી ધ્યાતાધ્યાનને, થાય ધ્યેય એ એમ. ૯૦

લીન થતાં એ મન, કરૂં એનું ફરી ઉત્થાન;
થાય ભજન જેથી વિભો ! અનુપમ એ રસ માન. ૯૧

આપ્યું દાન તેં ભક્તને સ્વયં આત્મનું તેમ;
કહે દત્ત તુજને પ્રભો ! તોએ તું અજ એમ. ૯૨

ભક્તભાવનાથી થયો સગુણ દેવ તું જાણ;
અનંત તારા ગુણ હરે, કોણ વર્ણવે માન ? ૯૩

વિપ્ર કદિ, કદિ ક્ષત્ર તું, વૈશ્ય શૂદ્ર કદિ તેમ;
ભાસે સંકર તું કદિ, કેવળ અતર્ક્ય એમ ! ૯૪

ક્વચિત્ બાલ કદિ વૃદ્ધ તું, ક્વચિત્ યુવા કદિ પ્રૌઢ;
સુજ્ઞ ક્વચિત્ કદિ મૂઢ તું, વર્તે એમ સગૂઢ ! ૯૫

ક્વચિત્ ભોગી કદિ યોગી તું, ક્વચિત્ રાગી પણ તેમ;
ક્વચિત્ ત્યાગી વિરાગી વા, ભાસે અનંત એમ ! ૯૬

ત્વત્સમ અપાપવિદ્ધ વા, ભાસે અશુદ્ધ તોય, !
શુદ્ધ, બુદ્ધ અબુદ્ધ વા, પામે પાર ન કોય ! ૯૭

સર્વેન્દ્રિયનો ઈશ તું, જે તું માયાધીશ;
વિજ્ઞાનેશ દિસે ક્વચિત્, તે તું અલ્પ અનીશ[1] ! ૯૮

એવી અગમ્ય તાહરી લીલાનો વિસ્તાર
બ્રહ્માદિક પણ ના લહે ! કોણ મનુષ્ય ગમાર ? ૯૯

વિશ્વંભર તોએ સ્વયં, ધન્ય દિગંબર એમ !
નમસ્કાર તુજને વિભો, અવધૂતાત્રિજ[2] તેમ !! ૧૦૦

ધર્માધર્માતીત તું, તુજને ભેદ ન ખેદ;
વેદ્યાવેદ્યાતીત તું, ભાટ તાહરા વેદ. ૧૦૧

વદે વેદ પરોક્ષ જે, તે તું અપરોક્ષ જાણ
અમને ભક્તોને સદા, એક જ ધ્યેય સુજાણ. ૧૦૨

તું જ મુક્તિ મારી વિભો ! ભુક્તિ યુક્તિ પણ તેમ;
પુનઃ પુનઃ પ્રણમું તને, વંદુ° શતધા એમ. ૧૦૩

કરવાનું કીધું બધું, પ્રાપ્ય મેળવ્યું જાણ;
જોવાનું જોયું, હવે રહ્યું ન એ અભિમાન. ૧૦૪

કોણ વદે ? કો સાંભળે ? સઘળું એકાકાર !
થયું નષ્ટ હુંતુંપણું, તોએ વંદુ° દયાળ !! ૧૦૫

માની આજ્ઞા આપની, જાઉં નિશ્ચય એમ;
મુક્તસંગ વિચરૂં સુખે, યથાપ્રારબ્ધ તેમ !! ૧૦૬

એમ કહી વંદન કરી, ચાલ્યો ત્યાંથી જાણ;
મળવા ભાઈને તથા, અલર્ક એહ સુજાણ. ૧૦૭

અલખ કહે આગળ હવે, **રંગ** જામશે કેમ
અનુભવશે સંતો સુધી ! તર્યો અત્ર નૃપ એમ !! ૧૦૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અલર્કોદ્ધરણં નામ એકચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૧ ॥ દોહરા ૧૦૮. ગીત ૧

૧. અન્ય જીવો જેવો અસમર્થ ૨. અત્રિપુત્ર.

અધ્યાય ૪૨

આવ્યો સીધો નગરમાં, ત્યાંથી અલર્ક એમ;
મળ્યો બંધુ સુબાહુને, પ્રસન્ન ચિત્તે તેમ. ૧

ગળી અહંતા જેહની, મમતા સમૂળ જાણ;
થયું સ્વસ્થ મન સર્વથા, વૃત્તિ સુનિશ્ચલ માન. ૨

બંધુચરણ ચૂમી વદે, સુહાસ્ય વદને એમઃ-
કાશિરાજ લે રાજ્ય આ, નિષ્કંટક તું તેમ. ૩

યથાસુખે ભોગવ સ્વયં, સુબાહુને વા આપ;
અથવા વ્હેંચી લો સુખે, બંને જણ નિસ્તાપ[1] ૪

લૂંટાવી દો વા યદિ હોયે ઇચ્છા એમ;
ના નિસબત મુજને હવે, એથી નિશ્ચય તેમ ! ૫

કાશિરાજ કહેઃ- અરે ! વિના યુદ્ધ કાં આમ;
છોડી દે આ રાજ્ય ને બોળે કુળનું નામ ? ૬

ક્ષત્રિયકુળમાં જન્મીને, વૃથા ડરે કાં એમ ?
આવ યુદ્ધ કર; ના ઘટે તને ભીરુતા તેમ. ૭

સોમવંશી નૃપ તું નકી, શૂરશિરોમણિ જાણ;
છોડી ડર મનનો બધો, સાચવ ધર્મ સુજાણ. ૮

મૃત્યુ પામે મંત્રીઓ, સૈન્ય સર્વ પણ તેમ;
તોએ રણ છોડે નહીં, નકી ક્ષત્રિયો એમ. ૯

રાખી હિંમત છાતીમાં, કરે યુદ્ધ, તું જાણ;
પીઠ બતાવે ના કદિ, થતાં મોત પણ માન. ૧૦

મળે વિજય તો ભોગવે રાજ્ય મહી પર એમ;
સ્હામે મોંએ જો મરે, સ્વર્ગ નિશ્ચયે તેમ. ૧૧

ના હાનિ ઉભયત્ર ત્યાં ! તોય અભાગી જેહ;
નાસે જીવ બચાવવા પડે નરકમાં એહ. ૧૨

જીતી શત્રુ યુદ્ધમાં ભોગ ભોગવી તેમ;
યજ્ઞયાગ કરી વરે સ્વર્ગ કીર્તિ નર એમ. ૧૩

સહજ કર્મ ક્ષત્રિય તણું, યુદ્ધ નિશ્ચયે જાણ;
પતન છોડતાં એ નકી, યજ્ઞયાગ સમ માન. ૧૪

ચઢી આવતાં શત્રુ જે કરે પલાયન એમ,
વ્હોરે શાપ પ્રજા તણો, અપકીર્તિ પણ તેમ. ૧૫

અન્ય સુલભ સાધન નહીં, ક્ષત્રિય માટે જાણ;
આવી મળતાં દૈવથી, તત્સમ ભાગ્ય ન માન. ૧૬

બોલે અલર્કઃ- માનતો પૂર્વે હું પણ તેમ;
ગયું અજ્ઞાન એ હવે, આંખ ખૂલતાં એમ. ૧૭

હું-દેહ એ ભાવના, રહી ન મૂળે જ્યાંય;
રહે તૂત એ બોલ તું, ક્ષત્રિયત્વ ક્યાં ત્યાંય ! ૧૮

જેમ ઘડો માટી તણો, તેમ દેહ આ જાણ;
પંચભૂતનું પૂતળું, ના હું એહ સુજાણ. ૧૯

પ્રાણેંદ્રિય મન ના મુને સ્પર્શે સહસા એમ;
કેવળ જડ, મદ્યોગથી ભાસે ચેતન તેમ. ૨૦

ચેતન સાક્ષી હું નકી, એકાદ્વિતીય જાણ;
સ્વજન મિત્ર શત્રુ, હવે રહ્યું ન એ અજ્ઞાન. ૨૧

આત્મા એક જ આપણો, કેવળ ચિન્મયરૂપ;
કોણ શત્રુ કો મિત્ર ત્યાં, જ્યાં ના દ્વિતીય ભૂપ ? ૨૨

આપી માયિક દુઃખ તેં કર્યો મહા ઉપકાર;
મળ્યા દત્ત યોગીશ ને નાઠું દ્વૈત અસાર ! ૨૩

જીતી ઇન્દ્રિયશત્રુઓ, કર્યો પ્રાપ્ત જય માન;
જઈ હવે વનમાં સુખે, વિચરું અસંગ જાણ. ૨૪

ના શત્રુ મુજને હવે ! તું ઉપકારી એમ;
તેમ સુબાહુ જાણ આ; ચિત્તે ભેદ ન તેમ !! ૨૫

હું સઘળે મુજમાં બધું સચ્ચિત્સુખમય જાણ !!
કહી એમ સુબાહુના પડે ચરણમાં માન. ૨૬

જોઈ અલર્કની સ્થિતિ ઝાલી પ્રેમે હાથ,
ઊઠાડી બોલે હસી સુબાહુ એ સાક્ષાત્ઃ- ૨૭

થયા સમાન હવે અમે, નકી સહોદર આજ;
છોડ્યું તપ જે કારણે, થયું પૂર્ણ તે કાજ ! ૨૮

કાશિરાજ ! યદર્થ હું આવ્યો શરણે જાણ,
થયો મનોરથ પૂર્ણ એ; થાઓ ત્વત્કલ્યાણ ! ૨૯

જાઉં સુખે વનમાં હવે, રહ્યું ન કાંઈ કામ !!
કાશિરાજ વદે સૂણીઃ- કાં બોલે તું આમ ? ૩૦

'અપાવ મુજને ભાગ તું', કહેનારો તું એમ;
વદે આમ કાં ? સાંભળી લાગે અચરજ તેમ ! ૩૧

છોડી વન આવ્યો ઈહાં કિમર્થ ? બોલ સુજાણ
કર્યો યત્ન કિમર્થ આ, ના સમજાએ જાણ. ૩૨

પડ્યો પચાવી રાજ્ય એ ભાઈ અલર્ક એમ;
જીતી આપ કહી તદા, આવ્યો શરણે તેમ. ૩૩

થતાં હસ્તગત એ હવે, કાં સેવે વન આમ ?
ના સમજાએ મુજ થકી, કર્યો યત્ન શું કામ ! ૩૪

સમજાવ્યો શતધા ન જે સમજ્યો પૂર્વે તેમ,
છોડી રાજ્ય અલર્ક એ જાય અરણ્યે કેમ ? ૩૫

કહે સુબાહુઃ- રાજ્યનું શું અમને એ કામ,
કીધો યત્ન યદર્થ આ થતાં સિદ્ધ તે આમ ? ૩૬

પાયું માતાએ અહા સ્તન્ય સાથ જે જ્ઞાન
મને તથા બે અન્યને, તેથી વિમુક્ત જાણ ૩૭

ભ્રાતૃત્રય રહીએ અમે, વનમાં અસંગ એમ;
થઈ કૃતાર્થ જ્ઞાનથી, બ્રહ્માનંદે તેમ. ૩૮

---

૧. દુઃખ વગર

દૈવે આના કર્ણમાં પડ્યો બોધ ના તેહ;
થયો વિષયલંપટ અહા, તેથી અલર્ક એહ. ૩૯

પશુપ્રાય સ્ત્રીજન વિષે, રહે સંસક્ત જાણ;
કરે સંગતિ સ્ત્રૈણની, કેવળ દુર્મતિ માન. ૪૦

રમે ઔપસ્થ્ય[૧] સુખ વિષે, સદા કીટવત્ એમ;
જોઈ ખિન્ન થયું અતિ ચિત્ત માહરું તેમ. ૪૧

દૈવે સંસારે પડ્યો, મળ્યાં રાજ્ય ધન જાણ;
તેમાં યૌવન ! શું પછી કમી ભોગમાં માન ? ૪૨

માને સુખ ગાર્હસ્થ્યમાં રમી વિષયમાં એમ;
રહે સોબતે નીચની, માની કૃતાર્થ તેમ. ૪૩

ના સાચું સુખ એ નકી, કેવળ ભ્રાંતિ એહ;
આપે અંતે દુર્ગતિ, સમજે મૂઢ ન તેહ. ૪૪

જન્મ્યા એક જ પેટથી, અમે ચાર જણ જાણ;
થતાં પતન ત્યાં એકનું, જોયું જાય ન માન. ૪૫

જતાં સંઘ જાત્રા મહીં, પડતાં પાછળ એક;
થાય ખેદ જ્યમ અન્યને, થયું મને ત્યમ છેક. ૪૬

દુઃખ વિના વૈરાગ્ય ના થાએ જાણી એમ.
કરવા વિરક્ત એહને, કર્યો યત્ન આ તેમ. ૪૭

ત્વત્સાહાય્યે યત્ન જે કીધો તેહ સુજાણ
થયો સફળ જાણી હવે, થયું તુષ્ટ મન માન. ૪૮

થતાં દુઃખ એને ગયો વનમાં રાતોરાત;
મળ્યા દત્ત દૈવે તિહાં, ત્રિમૂર્તિ જે સાક્ષાત્ ! ૪૯

કર્યો બોધ એણે નકી, ઉઘડી આની આંખ;
પૂર્વ પુણ્યથી જાણ એ થયો કૃતકૃત્ય દ્રાક્ !! ૫૦

થયું કાર્ય એ માહરું, ચાલ્યો તેથી આમ;
કરે રાજ્ય અથવા ન એ, મારે એનું ન કામ. ૫૧

યોગિમાન્ય મદાલસા, માત અમારી જાણ;
ના તત્સમ કોઈ જગે, વદાન્ય અન્યા માન. ૫૨

દૂધ એહનું પીઈને, થાય ન આનું પતન;
એમ વિચારી યત્ન આ કીધો મેં તત્ક્ષણ. ૫૩

થયો સફળ પ્રયત્ન એ; શાને રાજ્ય અસાર ?
ઓઢી દિગ્વસ્ત્રો સુખે, કરું સ્વૈર સંચાર ! ૫૪

મળ્યું આત્મસામ્રાજ્ય ત્યાં, મર્ત્યરાજ્ય કો માત્ર ?
કલ્પદ્રુમ મળતાં ચહે કોણ મૂઢ મૃત્પાત્ર ? ૫૫

સ્વજન ડૂબતાં દોડીને કાઢે સમર્થ એમ;
ના ઉપેક્ષે એહને, એનું ભૂષણ તેમ. ૫૬

વિદ્વત્તા તેની નકી તોજ ધન્ય પ્રમાણ;
સ્વજનસુહૃદ્બંધ્વાદિને તારે જ્ઞાની માન. ૫૭

છતાં સમર્થ દોડે નહિ સ્વજનસહાયે જેહ,
નિન્દ્ય તેહ [૨]ઈહપર નકી, એમાં ના સંદેહ ! ૫૮

સૂણી વચન એવાં તિહાં, કાશિરાજ એ તેમ
વિરક્ત અંતરમાં થઈ, બોલે સુદીન એમઃ- ૫૯

ધન્ય સુબાહુ તું નકી, કેવળ વદાન્ય માન;
કીધો કૃતાર્થ બંધુને, રહ્યો અન્ય હું જાણ. ૬૦

સાથે ડગલાં સાત પણ નકી ચાલતાં તેમ,
કરી મિત્રતા સાધુઓ તારે આશ્રિત એમ. ૬૧

સંત દયાઘન જો કહું, આવે લાજ સુજાણ.
વર્ષે ઘન[૩] વર્ષા મહીં, સંત પ્રતિક્ષણ માન. ૬૨

સંતકૃપાનો છાંયડો વધે ઘટે ના જેહ,
કરે શાંત ભવતાપને, કેવળ અનુપમ એહ. ૬૩

વંદનમાત્રે સાધુઓ થાએ પ્રસન્ન તેમ;
રહ્યો સાથ હું આટલો, ઘટે ઉપેક્ષા કેમ ? ૬૪

સંતશિરોમણિ તું નકી, દયાસિન્ધુ સુજાણ;
ના [૪]આપપર તુજ મહીં, તુજને સર્વ સમાન. ૬૫

[૫]તારતમ્ય તોએ દિસે, દોષ ન તુજનો એમ;
જે સેવે જેવું નકી, પામે તે ફળ તેમ. ૬૬

નિકટ રહેતાં અગ્નિની, વારે [૬]તમ ને શીત;
થતાં દૂર વધઘટ તિહાં, તેમ સર્વ સ્વાંકિત. ૬૭

દેખાએ વધઘટ અહા, સંતકૃપામાં તેમ !
હું તો સાન્નિધ્યે રહ્યો; કાં થાઉં ચ્યુત એમ ? ૬૮

સંતસમાગમ અફળ ના; હવે માર કે તાર,
આવ્યો શરણે તાહરા; વ્રત તારું તું પાળ. ૬૯

સૂણી વચન સુબાહુ એ કહેઃ- સત્ય તુજ વાણ;
કોણ અન્યથા એ કહે ? સાંભળ તોય સુજાણ ! ૭૦

ધર્મ અર્થ ને કામ તેં, સાધ્યાં નિશ્ચય તેમ;
ત્રિવર્ગમાં બાકી કશું રહ્યું જાણ ના એમ. ૭૧

ધર્મપરાયણ તું નકી; તોએ ચોથો જાણ
રહ્યો મોક્ષ, તે સાધતાં વાર લાગશે માન. ૭૨

સાધન વિણ એ હાથમાં નાવે સહસા તેમ,
માટે પ્રયત્ન કર કહું સંક્ષેપે નૃપ એમ. ૭૩

'હું-મારો' એ પ્રત્યયે,[૭] કારણ ખોળ સુજાણ;
કર નિશ્ચય એનો સુધી; એજ બંધકૃત્ માન. ૭૪

૧. ઉપસ્થથી થએલું; સ્ત્રીસુખ ૨. આ લોક ને પરલોકમાં ૩. વાદળ. ૪. પોતાનું તે પારકાનું. ૫. ઓછાવત્તાપણું ૬. અંધારૂં ૭. પ્રતીતિ; અનુભવ.

[1]અવ્યક્તાદિથી બધું વિશેષાન્ત[2] સહુ તેમ,
નામરૂપ વિણ ના કશું; નશ્વર સઘળું એમ. ૭૫

વિકારમય જડ એ નકી, એથી પર સત્ જાણ;
નિર્વિકાર શાશ્વત અહા, કેવળ ચિત્સુખખાણ. ૭૬

નિત્યાનિત્યવિચાર આ, કરી સુસાવધ એમ;
માની નશ્વર એ બધું, ફેંક દૂર સહુ તેમ. ૭૭

[3]ઈહામુત્ર વિષયે પછી થઈ વિરક્ત સુજાણ;
શમદમાદિક સાધીને, પોષ મુમુક્ષા માન. ૭૮

અન્ન વિના ભૂખ્યો કદિ ઇચ્છે અન્ય ન જેમ,
રુચે મોક્ષ વિણ અન્ય ના; કહી મુમુક્ષા તેમ. ૭૯

મહાવાક્યથી તે પછી થાશે સ્વાત્મજ્ઞાન;
તીવ્ર મુમુક્ષા વિણ બધો યત્ન નિરર્થક જાણ. ૮૦

કરી શ્રવણ વેદાંતનું, "તે હું" "હું તે" એમ
જાણી પરોક્ષ, યુક્તિથી ચિંત અહર્નિશ તેમ. ૮૧

થતાં મનન એ દઢ પછી, નિદિધ્યાસથી જાણ
નષ્ટ થતાં પ્રતિબંધ ત્યાં, થશે અપરોક્ષ જ્ઞાન. ૮૨

જોઈ આત્મામાં બધું સર્વ આત્મમાં તેમ;
એકાદ્વિતીયજ્ઞાનથી થઈશ કૃતાર્થ એમ. ૮૩

યદ્યપિ બંધુ અલર્ક આ હતો વિષયમાં સક્ત;
દૈવે એકજ પ્રશ્નથી, સમજી થયો સુભક્ત. ૮૪

માતૃકૃપાનું ફળ નકી, એ નિશ્ચય તું જાણ;
મળ્યા દત્ત યોગીશ ને પામ્યો ક્ષણમાં જ્ઞાન. ૮૫

દૈવે તુજને પણ થયો આ દુર્લભ સત્સંગ;
થયો ઉદય વૈરાગ્યનો; તોય પ્રતિબંધભંગ ૮૬

થયા વિના ન તરીશ તું, માટે સાંભળ એક;
ઉદાસીન રાજ્યાદિમાં રહી વિવેકે છેક. ૮૭

કર સત્સંગ સદા સુધી, થઈશ અસંગ એમ;
કાળે સ્વાત્મધ્યાનથી, પામીશ મુક્તિ તેમ. ૮૮

કહી એમ એને તિહાં પ્રેમે સુબાહુ જાણ;
આલિંગન આપી વદે અલર્કને ત્યાં માનઃ- ૮૯

આજે સમાન આપણે, થયા બેઉ જણ એમ;
જા વનમાં વા રાજ્ય કર, તને દોષ ના તેમ. ૯૦

લિપ્ત ન ક્યાંએ તું હવે થઈશ નિશ્ચયે જાણ;
થયું તુષ્ટ મન માહરૂં, જોઈ તુજને માન. ૯૧

કહે અલર્કઃ- હતો નકી પૂર્વે જડસો એમ;
વિષયગર્તમાં મૂઢવત્, રહેતો સુમગ્ન તેમ. ૯૨

બ્રાહ્મી સ્થિતિ પોતા તણી છોડી દયાળુ જાણ,
દોડ્યો તું મત્કારણે, તેનું આ ફળ માન. ૯૩

માન્યસ્ત્રીસુત આપણે, સમાન બંને એમ
થયા આજ હવે નકી, માતૃપુણ્ય એ તેમ ! ૯૪

બોલી એમ અલર્ક એ, પડ્યો ચરણમાં જાણ
વેગે જઈ સુબાહુના, થઈ ગળગળો માન. ૯૫

આપી આશ્વાસન તિહાં, સ્નેહે એને તેમ,
ગયો સુબાહુ વન વિષે; કાશિરાજ પણ એમ ૯૬

થઈ વિરક્ત ગયો પુરે; છોડી સંગ સુજાણ,
બેસાડી સુત રાજ્ય પર, ગયો અરણ્યે માન. ૯૭

સાધી શમદમ વેગથી, સુબાહુ પાસે એમ;
જીવન્મુક્ત થયો સ્વયં, જ્ઞાનાભ્યાસે તેમ. ૯૮

અલર્ક પણ નિજ પુત્રને સોંપી રાજ્ય સુજાણ.
આવી વનમાં દત્તનું કરે ઉપાસન માન. ૯૯

ત્યજી સંગ સત્વર થયો વીતરાગ એ તેમ;
તૂટ્યા બંધો કર્મના, થયો નિઃસંગ એમ. ૧૦૦

ગુરુકૃપાથી શીઘ્ર ત્યાં, થઈ વિદેહી જાણ; જોઈ જગ ઉચ્ચસ્વરે કરે મોદથી ગાનઃ- ૧૦૧

(મનજી મુસાફર રે - - એ રાહ)

અવિવેકે ભરિયું રે, જગ બધું ઊંધું જુએ;
નથી તેને માની રે, સ્વાધીન હાથે ખુએ ! ....ટેક
સુરાસુર નર કિન્નર સર્વે, આશ મહીં અથડાય;
સ્ત્રીપુત્રાદિક સ્નેહે તણાઇ, હાથે કરી બંધાય;
જોવા છતાં અંધા રે, પડે જઈ ઊંડે કૂવે !...અવિવેકે.....૧
હુંતુંપણું ના જેને જરીએ, તેને માની મોહે તેમ;
છોડી સુધા જઈ છાણને ચૂંથે, ઈચ્છે અમૃત એમ,
તૃષ્ણા નવ છૂટે રે, પછડાતાં છાનું રૂએ !...અવિવેકે.....૨

---

૧. પ્રધાનાદિ. ૨. ભૂતભૌતિકાદિ ૩. આ લોકમાં ને પરલોકમાં.

સર્વ જગતનાં સ્ત્રીધન પશુઓ મળે એકને જાણ,
તોએ તૃપ્તિ ન પામે કદિએ સ્વપ્નસુખે એ માન;
તૃષ્ણાત્યાગે શૂન્યે રે, અઢળક લક્ષ્મી જુએ!... અવિવેકે.....૩
સ્વાત્મસુખ એ સ્વાધીન છોડી, બાહ્યસુખે ભમે જેહ,
કલ્પો સુધી અજ્ઞાને અથડાએ, છૂટે ન તોએ તેહ;
કોલસા તે કાળા રે; કેમ થાએ ધોળા ધુએ ? !... અવિવેકે.....૪
મૂકે યુક્તિથી જ્ઞાનચિનગારી, શોધ્યો જડે ના ડાઘ;
થતાં કૃપા ગુરુદેવની વનમાં ઘેટું મારે વાઘ;
રંગ એકજ ભરિયો રે, દેખે નર જીવતાં મૂએ ! !...અવિવેકે.....૫

ગાઈ એવું અલર્ક એ, કરે અભ્યાસ એમ; [1]ચરમદશાસુખ ભોગવે, નિર્વિકલ્પ થઈ તેમ. ૧૦૨

થતાં ભોગ પ્રારબ્ધનો પૂરો એમ સુજાણ;
છોડી જડ[2] બ્રહ્મે ભળે, જલલહરિ સમ માન ! ૧૦૩

થાતાં દત્ત પ્રસન્ન એ, મદાલસાસુત એમ
નામરૂપ ઓળંગીને, થયો બ્રહ્મમય તેમ. ૧૦૪

તર્યા એમ તો કેટલા ! જાણે કોણ પ્રમાણ ?
તર્યો જેમ આ વંદને, દાસ્યે આયુ માન. ૧૦૫

કરી કીર્તિ ભૂમંડલે, અખંડ ભજને એમ;
તોડી બંધો જન્મના, મળ્યો સ્વરૂપે તેમ ! ૧૦૬

સૂણી નિરંજન એ વદે, આગળ વર્ણન તેહ;
સાંભળતાં ભાવે નકી રહે ન ભવસંદેહ. ૧૦૭

અતર્ક્ય લીલા ગુરુ તણી, પામે કોઈ ન પાર;
થાય કૃપા ગુરુદેવની, લહે **રંગ** તો સાર !! ૧૦૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદ બ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે અલર્કકૃતકૃત્યતાવર્ણનં નામ દ્વિચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૨ ॥ દોહરા ૧૦૮. ગીત ૧

અધ્યાય ૪૩ મો

કર જોડી પૂછે તિહાં, શિષ્ય નિરંજન એહઃ-
કહો કૃપા કરી કોણ એ, મુજને આયુ તેહ. ૧

તર્યો કેમ દાસ્યે વળી, કહો સકળ વિસ્તાર;
સાંભળવા ઇચ્છું પ્રભો, એહ કથાનક સાર. ૨

પીતાં ગુરુલીલાસુધા, વધે પિપાસા તેમ;
કરે તૃપ્ત કો આપ વિણ ? વિનવું ચરણે એમ ! ૩

એમ કહી વંદન કરે !! બોલે અલખ સુજાણઃ-
રમ્ય પ્રશ્ન તારો અહા, મોહનિવારક માન. ૪

ગાતાં ગુરુલીલા નકી મોદ ન ચિત્તે માય;
અનાયાસ તુજ પ્રશ્નથી, [3]ત્રિગુણ રંગ રેલાય ! ૫

સ્મરણ કથન ને ધ્યાનનો થાય ત્રિવેણીયોગ;
પાપ તાપ નાસે સહુ, રહે ન સંસૃતિરોગ !! ૬

સોમવંશી નૃપ એક ત્યાં હતો આયુ સુજાણ;
પુરૂરવાસુત એ થયો દત્તભક્ત તું માન. ૭

હતો ધન્ય દાતા વશી, રાજા ધાર્મિક એહ;
ચક્રવર્તી ભૂમંડલે, પરમ વિખ્યાત તેહ. ૮

કરે અન્યાય ન એ કદિ, સેવે સંત સુજાણ;
અદંડ્યને દંડે નહીં, છોડે દંડ્ય ન માન. ૯

સત્યવચન ત્રાતા નકી શરણાગતનો એમ;
પ્રજા તણો માબાપ જે, દુર્જનઘાતક તેમ. ૧૦

ખામી ના વૈભવ વિષે, મળે ન પણ સંતાન;
માટે ખિન્ન રહે સદા, સદા બેચેન માન. ૧૧

દેવો પણ ઈર્ષ્યા કરે, જેનો વૈભવ એમ;
તોએ દૈવે સુત નહીં, માટે સુખિન્ન તેમ ! ૧૨

થાક્યો વ્રતદાનો કરી, તેમ સુતેષ્ટિ[4] જાણ
તોએ અનપત્યત્વ એ થાય નિવૃત્ત ન માન. ૧૩

વિના પુત્ર ગૃહ જે નકી, અરણ્ય નિશ્ચય તેહ;
માની એમ સદા રહે દુઃખે નિમગ્ન એહ. ૧૪

વદે યત્ન જે જે જનો, કરે તેમ તે જાણઃ
તોએ પુત્ર ન થાય હા ! શોકાકુલ નૃપ માન !! ૧૫

કહેઃ- તંતુવિચ્છેદ જો થાશે નિશ્ચય એમ,
અધઃપાત પિતૃ તણો ! મારી શી ગતિ તેમ ? ૧૬

થાએ સત્સુત વંશમાં, તોજ અત્રા પરત્રા
થાય સૌખ્ય શાસ્ત્રો વદે; નહિ તો ડૂબે ગોત્ર[5]. ૧૭

'નાપુત્રસ્ય ગતિઃ' કહે, વેદ શાસ્ત્ર સહુ જાણ;
વૃથા પુત્ર વિણ ધર્મ ને જપ તપ તીરથ દાન. ૧૮

૧. અંતિમ સ્થિતિ; જીવન્મુક્તિ. ૨. જડ દેહ ૩. ત્રણગણો ૪. પુત્રકામેષ્ટિ ૫. વંશ.

ઉપાસનાદિક કર્મ પણ આપે સૌખ્ય ન તેમ;
શું મારૂં દુષ્કર્મ આ ! વંશે પુત્ર ન એમ !! ૧૯

એવી શંકા ઉર વિષે આણી ભૂપતિ એહ,
બોલાવી દૈવજ્ઞને પૂછે સુતસંદેહ. ૨૦

કહો યોગ સંતતિ તણો, કરી સુનિશ્ચય તેમ;
વદે ભૂપતિ વંદીને, ગણકવર્યને એમ. ૨૧

રક્ષો કુળની લાજ આ; દેવ તમે સાક્ષાત્
અવની પર બીજા નકી ! જાણો ત્રિકાલવાત. ૨૨

સૂણી વચન જોઈ વદે ગણક કુંડલી એમઃ-
શું કરીએ રાજા અમે ? યોગ ન એકે તેમ. ૨૩

સર્વ યોગ સંતતિ તણા કેવળ વિરુદ્ધ જાણઃ
વદે શાસ્ત્ર અમારૂં આ, એવું સ્પષ્ટ પ્રમાણ. ૨૪

જન્મલગ્ન પંચમ અને નવમ સ્થાનના તેમ.
સ્વામી જો બેસે [1]ત્રિકે, થાય ન સંતતિ એમ. ૨૫

તોએ સદ્‌ગુરુને ભજે સદા ભાવથી જેહ;
શરણ જાય સત્પુરુષને, થાએ કૃતાર્થ તેહ. ૨૬

થતાં કૃપા સદ્‌ગુરુ તણી, થાએ ગ્રહ અનુકૂલ;
ભૂપ રીઝતાં મંત્રીઓ, રહે કેમ પ્રતિકૂલ ? ૨૭

બાહ્ય વિષય છોડી રમે સદા બ્રહ્મમાં જાણ,
તચ્છરણે દુર્લભ કશું ના ત્રિભુવનમાં માન. ૨૮

સૂણી વચન જ્યોતિષી તણું, બોલે આયુ એમઃ-
કહો મને ક્યાં એહવો વસે સાધુજન તેમ. ૨૯

બ્રહ્મ તમે બ્રાહ્મણ નકી, જાણી આવ્યો આમ
શરણ તમારી પાસ હું; કરો માહરૂં કામ. ૩૦

દેવો પણ જે ના લહે, જાણો તે પણ આપ;
કરો ઉદ્ધાર માહરો, કરી દૂર સંતાપ. ૩૧

જાણી હૃદ્‌ગત એહનું, વદે જ્યોતિષી એમઃ-
જા સહ્યાદ્રિ પર સુધી, થશે કાર્ય તુજ તેમ. ૩૨

માહૂરગઢ પર ત્યાં વસે અનસૂયાસુત જાણ;
દત્તાત્રેય, ત્રિમૂર્તિનો એ અવતાર સુજાણ. ૩૩

જાણ દેવનો દેવ એ, દત્ત યોગીવર એમ;
આત્મારામ સદૈવ જે, તારે ભક્તો તેમ. ૩૪

થતાં ભક્ત એનો નકી, થશે મનોરથ પૂર્ણ;
જા સેવા કર એહની, અનન્યભાવે તૂર્ણ. ૩૫

એજ બ્રહ્મ પ્રત્યક્ષ તું જાણ નિશ્ચયે એમ;
જતાં શરણ એને નકી થશે સંતતિ તેમ. ૩૬

થતાં કૃપા એ દત્તની, ફરે લેખ પણ જાણ;
થાએ સુલભ અલભ્ય જે, ના શંકા ત્યાં માન. ૩૭

ભક્તકારણે જે થયો નિરાકાર પણ તેમ
મૂર્તિમંત સાકાર તે કરે ન શું ? વદ એમ. ૩૮

મહિમા એનો ના લહે, જ્યાં નિર્જર[2] પણ જાણ,
પામર નર ત્યાં બાપડા, કોણ માત્ર પ્રમાણ ! ૩૯

જા કિંકર થા તેહનો, અનન્યભાવે એમ;
ના દુર્લભ ત્રૈલોક્યમાં રહેશે કાંઈ તેમ. ૪૦

છોડી ભય ધીરજ થકી, ભાવે ભજતાં જાણ,
આપે ભક્તોને સદા ઇચ્છિત એ વરદાન. ૪૧

એજ મહાત્મા, દેવ એ, એજ બ્રહ્મ સાક્ષાત્ !
જા પકડ પગ એહના, સૂણશે તારી વાત. ૪૨

વચન સુધા સમ એ સૂણી થયો ભૂપ અતિ હૃષ્ટ;
ધનવસ્ત્રાદિ આપીને કર્યા દૈવજ્ઞ તુષ્ટ. ૪૩

આવ્યો પગપાળો સુધી, વેગે ત્યાંથી જાણ;
માહૂરગઢ પર જ્યાં વસે દત્ત યોગીવર માન. ૪૪

બેઠા આશ્રમમાં તહીં, ધ્યાનનિષ્ઠ ગુરુ એમ;
જોઈ રાજા ભાવથી નમે દંડવત્ એમ. ૪૫

કોટિમદન સમ રૂપ એ જોઈ ભૂપ સુજાણ;
થયો તુષ્ટ અતિ અંતરે; વંદે ફરી ફરી માન. ૪૬

કંઠ રૂંધાયો પ્રેમથી, વહે અશ્રુની ધાર,
કહેઃ-થયો પાવન અહા, દર્શનથી નિર્ધાર ! ૪૭

નાના યોનિ ભટકતાં, દૈવે આજે આમ
દેખ્યા પગ ભગવાનના સર્યા જન્મનાં કામ !! ૪૮

યોગયાગથી ના કદિ આવે હાથે જેહ,
પૂર્વપુણ્યથી આજ હા, દીઠો નજરે તેહ ! ૪૯

ચિંતી એવું અંતરે, વારંવાર સુજાણ
વંદે પ્રભુપદ ભાવથી આયુરાજ એ માન. ૫૦

જોવા એનું મન તિહાં, લીલા અતર્ક્ય છેક
કરે કૌતુકે શ્રીગુરુ, નિર્મી યુવતી એક. ૫૧

બેસાડી અંકે કરે પ્રેમે ચુંબન જાણ;
દે આલિંગન ભાવથી નેત્રકટાક્ષે માન. ૫૨

ચેષ્ટા કામુકવત્ કરે સ્નેહે વિધવિધ એમ;
તોએ રાજા અંતરે ના કંટાળે તેમ. ૫૩

કહે સ્વગતઃ- આવા કરી ખેલ નિશ્ચેયે એહ,
નસાડવા મુજને મથે; ના એમાં સંદેહ. ૫૪

૧. ષષ્ઠ, અષ્ટમ ને દ્વાદશ સ્થાનમાં ૨. દેવ.

બહુરૂપી એ; કો લહે પાર એહનો એમ ?
ત્યાં તો દત્ત કહેઃ- અરે ! જા અહીંથી તું તેમ. ૫૫

ના દેખે, શું આંધળો ? હું બહિષ્કૃત જાણ;
ધર્માધર્મ લહું નહીં, નિકળ અહીંથી માન ! ૫૬

નહિ તો પ્રાણ જશે નકી, દુર્ધર મારો ક્રોધ;
હું વ્રાત્ય સંસ્કારી તું, વૃથા મોત મા શોધ !! ૫૭

વંદી ભૂપ વદે તિહાંઃ- ના ભય મુજને જાણ;
આપે શાપ ન જ્ઞાનીઓ, જાણું નિશ્ચય માન. ૫૮

તારે જે [1]શપ્તાર્તને અન્યશાપથી તેમ,
આપે શાપ ન તે સ્વયં, આભ ફાટતાં એમ ! ૫૯

ડરે કાળ પણ શ્વાનથી સમર્થ ઘરના જાણ;
શી ભીતિ મુજને પછી ? શરણાગત હું માન. ૬૦

નામ સૂણી આવ્યો ઈહાં, નકી ન જાઉં તેમ;
માર તાર વા, દેહ આ અર્પ્યો ચરણે એમ ! ૬૧

વેદ શ્વાસો તાહરા, તું શ્રુતિતાત સુજાણ,
દેહે દેહાતીત તું, નિસ્ત્રૈગુણ્ય પ્રમાણ. ૬૨

બાંધે શાસ્ત્રો મૂઢને, ના જ્ઞાનીને તેમ;
વિધિનિષેધ તને નહીં, તું તો અસંગ એમ. ૬૩

બાંધે છાયા દેહને, તો માયા એ જાણ
બાંધે તુજને ધીશ હે ! હે સચ્ચિત્સુખખાણ !! ૬૪

સ્વયંપૂર્ણ સર્વજ્ઞ તું, અન્યાસ્પૃષ્ટ અભંગ,
અજ અક્ષય ક્યાંથી તને ધર્માધર્મ તરંગ ? ૬૫

એમ કહી વંદન કરે, જાય ન ત્યાંથી તેમ;
મારે ક્રોધે દત્ત પણ, ખસે ન ત્યાંથી એમ. ૬૬

અનેક યુક્તિથી મથે ભમાવવા ભગવાન;
તોએ સુદૃઢ મન કરી, રહ્યો સહી અપમાન. ૬૭

જોઈ એવું પ્રભુ વદેઃ- કરીશ સેવા એમ,
તોજ તને રાખીશ હું; નહિ તો જા તું તેમ. ૬૮

સૂણી વચન આયુ વદેઃ- આજ્ઞા દેવ પ્રમાણ;
ખડો દાસ સેવા મહીં, મા કરશો અનુમાન. ૬૯

વદે દત્તઃ- જો એમ તો, અનુદિન તાજું માંસ
તેમ મદ્ય ખપ્પર મહીં, આપ આણીને ખાસ ! ૭૦

તોએ નૃપ નવ એ ચગે, આણી આપે તેમ;
[2]પશુબુદ્ધિથી માંસ ને મદ્ય સોમ ગણી એમ. ૭૧

યજ્ઞે હવિ ખાતાં ન જે તેમ ધરાએ જાણ;
મદ્યમાંસ ખાઈ વદે, 'તૃપ્તોઽહં' એ માન ! ૭૨

એમ અબ્દશત આયુ ત્યાં, રહ્યો દાસવત્ એહ;
જોઈ એવા ખેલ ના કરે કદિ સંદેહ. ૭૩

કુતર્ક મનમાં ના કદિ આણે તેમ સુજાણ;
જોઈ દૃઢતા એહની, થયા તુષ્ટ પ્રભુ માન. ૭૪

વદે હૃષ્ટ થઈ એકદાઃ- માગ ભૂપ વરદાન;
જોઈ નિષ્ઠા તાહરી, થયો તુષ્ટ હું માન. ૭૫

પાળી આજ્ઞા માહરી, નિઃસંશય તેં એમ,
કીધી સેવા ભાવથી, માગ ઈષ્ટ વર તેમ. ૭૬

જાુએ સ્થૂલદૃષ્ટિ થકી, મુજને મૂઢ અજાણ;
તત્ત્વ માહરૂં ના લહે, દે દોષો અજ્ઞાન. ૭૭

ના જાણે નિઃસંગતા મારી નિશ્ચલ જેહ,
આરોપે અજ્ઞાનથી ભોક્તૃત્વાદિક તેહ. ૭૮

કર્તૃત્વાદ્યભિમાન ના, ક્યાં ભોક્તાપણું એમ ?
યજ્ઞેશ્વર હું યજ્ઞભુક્, ભક્ષું કાંઈ ન તેમ ! ૭૯

જીવ કર્મફળ ભોગવે, ઉદાસીન હું જાણ,
કેવલ સાક્ષી સર્વનો, નિરહંકાર સુજાણ. ૮૦

સચ્ચિત્સુખમય હું સદા, ચાલક ભાસક તેમ;
ખાઈ ભૂખ્યો સર્વદા, માટે અલિપ્ત એમ. ૮૧

કો જાણે મુજને તથા, વિના મત્કૃપા જાણ !
ધન્ય ભૂપ તું તુષ્ટ હું, માગ સુખે વરદાન !! ૮૨

દત્ત વચન એ સાંભળી, થયો હૃષ્ટ નૃપ એમ;
કહેઃ- થયો પાવન અહા, થયા તુષ્ટ પ્રભુ તેમ. ૮૩

થતાં પ્રસન્ન ત્રિમૂર્તિ તું, શું દુર્લભ ત્યાં જાણ;
તોએ અપ્રજ હું પ્રભો ! આપ પુત્રવરદાન. ૮૪

પિતૃભક્ત સન્માન્ય જે, ધાર્મિક શૂર સુજાણ;
દેવવિપ્રસુભક્ત જે, પૂજ્ય દક્ષ કવિ માન. ૮૫

સત્પથગામી સર્વદા, પ્રજાભક્ત પણ એમ;
અજેય દેવાસુર થકી રણક્રૂર યત[3] તેમ; ૮૬

શરણાગતવત્સલ સુધી, અનાથપાલક જાણ;
દાતા યાજક ભક્ત જે, વીરગેય નત[4] માન. ૮૭

ચક્રવર્તી સુત એહવો માગું, શ્રીગુરુદેવ !
બોલે દત્તઃ- અલભ્ય એ તોએ તું તતખેવ ૮૮

પામીશ ઈપ્સિત જા સુખે એવો પુત્ર સુજાણ;
દિગંત કીર્તિ જેહની, ઇન્દ્રતુલ્ય જે માન. ૮૯

નિરાશ ના કરવો તુને, જાણી સુભક્ત એમ;
આપ્યું આ વરદાન જા, નહિ તો દુર્લભ તેમ. ૯૦

૧. શાપગ્રસ્ત અને દુઃખીને. ૨. માંસદાન તે પશુયાગ અને મદ્યદાન તે સોમ એમ માનીને, કેવળ ઈશ્વરપ્રીત્યર્થ, પોતાના ઉપયોગ માટે નહિ. ૩. સંયમી ૪. નમ્ર; વિનયી.

સ્વપ્નસમો સંસાર આ, નશ્વર કેવળ જાણ;
પુત્રાદિકસુખ શું તિહાં, માગ્યું એમ સુજાણ ! ૯૧

મુક્તિદ્વાર કહ્યું નકી નરતનુ નિઃસંદેહ;
પામી દૈવે એ અહા, માગ્યું ભંગુર તેહ ! ૯૨

માયામોહિત તું નકી, નડે પ્રતિબંધ જાણ;
માટે પુત્રાર્થી અહા, ના ઇચ્છે મન જ્ઞાન ! ૯૩

બને ન એ પણ જાણ તું, સુકૃત વિણ નૃપ એમ;
કરતાં ભજન સકામ આ, થઈશ નિષ્કામ તેમ. ૯૪

અંતે જ્ઞાને મોક્ષસુખ વરીશ ભક્ત સુજાણ;
જા ભજન કર ભાવથી, થશે સત્ય વરદાન ! ૯૫

[1]પ્રાતઃસંસ્કૃત અન્ન જે, બગડે સ્હાંજે તેહ;
એ અન્ને તનુ જે વધે, ક્યાંથી શાશ્વત એહ ? ૯૬

જુએ લોક પ્રત્યક્ષ આ, તોએ મોહે એમ;
પડે જાણ માયા થકી; માયા દુસ્તર તેમ ! ૯૭

છોડી અન્ય ભજે મને, તરે તે જ એ જાણ;
કરતાં મૈત્રી શેઠની, યથા [2]શુની વશ માન !! ૯૮

જા, દોષ ન તારો અહીં; થાશે સુપુત્ર તેમ;
આપ આ ફળ પત્નીને જઈ, ભક્ષવા એમ ! ૯૯

એમ કહી ફળ શ્રીગુરુ આપે એક સુજાણ;
વંદી ગુરુપદ ભાવથી, જાય ભૂપ પણ માન. ૧૦૦

સત્સેવા નિષ્ફળ કદિ જાય ન નિશ્ચય એમ;
પામ્યો વર દુર્લભ અહા આયુ અન્યથા તેમ. ૧૦૧

પુત્રજન્મ આગળ થતાં, રેલાશે આનંદ;
કહે **રંગ** ગુરુવર ભજો, છોડી બીજા ફંદ !! ૧૦૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે આયુવરપ્રદાનં નામ ત્રિચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૩ ॥ દોહરા ૧૦૨

અધ્યાય ૪૪

પામી એવો વર તિહાં, આયુ વેગે જાણ
આવ્યો ત્યાંથી નગરમાં, થઈ સંતુષ્ટ માન. ૧

એવો સુજ્ઞ, ન તોય એ માગે સુત વિણ એમ;
જાણી અર્થાર્થી, ગુરુ આપે વર પણ તેમ. ૨

ફાવે તેવી ભક્તિ પણ, અનુક્રમે એ જાણ
[3]પરાભક્તિમાં પરિણમે અંતે જાણ સુજાણ. ૩

જાણી એવું શ્રીગુરુ, કરે નિરાશ ન તેમ;
પોષે તે તે ભક્તિને, આપી આશિષ એમ. ૪

હોય પુણ્ય ના પૂર્વનું ક્ષુદ્ર દેવની તેહ
કરે ભક્તિ અજ્ઞાનથી; ના છૂટે કદી એહ. ૫

દત્ત દયાઘન શ્રીગુરુ, બ્રહ્મ પરાત્પર જાણ;
ભજતાં એને ભાવથી સકામ પણ નર માન, ૬

થાએ અધિકારી ક્રમે, પડે ન કદિએ તેમ;
તરે જન્મમૃત્યુ નકી, જાણ નિઃશંક એમ. ૭

લાગે નીરસ કામના, ક્રમે એ થકી જાણ,
થાય ભક્ત નિરાશ[4] ને તરે એમ તું માન. ૮

રહસ્ય એવું અંતરે જાણી શ્રીગુરુદેવ.
કરે સંતુષ્ટ ભૂપને, આપી વર તતખેવ. ૯

આવ્યો સદને ભૂપ એ, મળ્યો પત્નીને તેમ;
કહેઃ- પ્રિયે ઇન્દુમતી ! રીઝ્યા ગુરુવર એમ. ૧૦

દત્ત ત્રિમૂર્તિએ સ્વયં આપ્યું જો વરદાન;
થશે પુત્ર નિશ્ચય હવે, કુલતારક તું માન. ૧૧

એમ કહી આપે તિહાં પ્રસાદફળ એ એમ;
કહેઃ- ભક્ષતાં આ નકી થશે સત્પુત્ર તેમ. ૧૨

મા ચિંતા કર લેશ તું, થશે વંશવિસ્તાર !
થઈ હૃષ્ટ રાજ્ઞી અતિ, સૂણી વચન એ સાર. ૧૩

ભક્ષે વરફળ મોદથી, ઋતુસ્નાત થઈ તેમ;
રમે વિલાસે પતિ સહ, થાય ગર્ભિણી એમ. ૧૪

ભુક્તભોગ શયને પડે, નિદ્રાવશ જ્યાં જાણ;
અકસ્માત સ્વપ્ને તિહાં, દેખે પ્રત્યક્ષ માન ૧૫

મહાપુરુષ અતિદિવ્ય એ, ચતર્હસ્તયુત એમ;
શોભે કંઠે હાર ને કાને કુંડલ તેમ. ૧૬

હાથે કેયૂર કંકણો, માથે કિરીટ[5] જાણ;
શ્વેત વસ્ત્ર પહેર્યું અહા લેપન દિવ્ય સુજાણ ! ૧૭

રત્નાંકિત જેની ફણા, શેષ છત્રવત્ એમ
શોભે શિર પર, હાથમાં શંખાદ્યાયુધ તેમ. ૧૮

હાસ્યછાયા મુખ વિષે, શોભે મોહક જાણ;
કેવળ સ્વભક્તગમ્ય એ ચિચ્છક્તિ શું માન ! ૧૯

દિશા ઝગમગે તેજથી, મ્હેકે શ્વાસસુગંધ;
દર્શનમાત્રે જે હરે વિષયવાસના ગંધ !! ૨૦

૧. સવારે રાંધેલું. ૨. કૂતરી ૩. अथ परा यया तदक्षरं अधिगम्यते । જેનાથી એ અવિનાશી બ્રહ્મનું જ્ઞાન થાય તે પરા ૪. નિષ્કામ. ૫. મુગટ.

એવો નર કરમાં તિહાં અર્પે મોતી જાણ;
પ્રોક્ષે[1] પય[2] શંખે અહા શિર પર એના માન ! ૨૧

જોઈ એવું સ્વપ્નમાં, થઈ સતી જાગ્રત્;
પુનઃ પુનઃ સંભારીને, બોલે સુદીનવત્:- ૨૨

નકી રૂપ એ ઈશનું, જોયું સ્વપ્ને જેહ;
અકસ્માત જોતાં મહીં, થયું ગુપ્ત કાં તેહ ? ૨૩

છોડી વિષયો જેહને ચિંતે ઋષિમુનિ તેમ;
દેતાં દર્શન તે સ્વયં, નડ્યું પાપ હા એમ ! ૨૪

હશે દેવ એ વિષ્ણુ શું ? થઈ તૃપ્ત ના આંખ,
ત્યાં તો ગુપ્ત થયા અહા, આપી દર્શન દ્રાક્ ! ૨૫

રૂપે તન્મય એ થઈ, ઈન્દુમતી તું જાણ;
સ્વર્ભાનુની નંદિની, રાજમહિષી[3] સુજાણ. ૨૬

[4]શૂન્યમનસ્ક દિશા મહીં ફેંકે દૃષ્ટિ એમ;
કહે, હન્ત હા ! ક્યાં ગયા દેવ લગાડી પ્રેમ ? ૨૭

ના દેખાતાં રૂપ એ, પુનઃ પુનઃ સતી જાણ
સ્મરી અંતરે એ છબી, થાએ પ્રહૃષ્ટ માન. ૨૮

માની દેવપ્રસાદ એ, પામે ઉર આનંદ;
કહે ભૂપનેઃ- મેં [5]હવાં દેખ્યો બાલમુકુંદ. ૨૯

જાગીને જોતાં ન એ દિસે ! ગયા ક્યાં એમ ?
થયો મોદ નૃપને અતિ, સૂણી વૃત્ત એ તેમ. ૩૦

કહે ભૂપઃ- ના કર હવે નિદ્રા પુનઃ સુજાણ;
તોજ સ્વપ્ન શુભ એ નકી, ફળશે નિશ્ચય માન. ૩૧

કીધી દેવે સ્વપ્નમાં [6]અનુકંપા જે એમ,
વદશે શૌનક નિશ્ચયે સૂચન એનું તેમ. ૩૨

તોએ દૈવી જાણીને, મા કર શયન સુજાણ !
સૂણી વચન રાજા તણું, માને સતી પ્રમાણ. ૩૩

સ્વપ્નછબી સ્મરતી હૃદે, બેઠી રાણી તેમ;
ત્યાં તો અરુણોદય થયો, કરે સ્નાન બે એમ. ૩૪

પ્રાતઃકર્મ કરી સુધી, સ્પર્શી મંગલ દ્રવ્ય;
બોલાવી મુનિને વદે સ્વપ્ન ભૂપતિ ભવ્ય. ૩૫

જાણી મંગલ સ્વપ્ન એ, બોલે શૌનક જાણઃ-
રાજા ઉત્તમ સ્વપ્ન આ, સાંભળ તત્ફળ માન ! ૩૬

આરાધ્યા શ્રીદત્ત તેં કરી કામના જેહ,
થઈ સફળતા તેહની; મા કર ઉર સંદેહ. ૩૭

બડભાગી તું નિશ્ચયે, રહ્યો ગર્ભ તું જાણ
ફળભક્ષણથી રાણીને દત્તાર્પિત તું માન. ૩૮

થયો સફળ ત્વદ્યત્ન હા ! થશે પુત્ર પણ એમ;
દિક્પાળાંશ સુધી વશી, ભાવિક વૈષ્ણવ[7] તેમ. ૩૯

સોમવંશભૂષણ અને વિષ્ણુસમો વિખ્યાત;
તેજસ્વી બલશાળી જે ધર્મમૂર્તિ સાક્ષાત્ ! ૪૦

વેદશાસ્ત્રવિત્ ભક્ત જે, સજ્જનપાલક તેમ;
સાર્વભૌમ પૃથ્વી વિષે, અમરનામ પણ એમ. ૪૧

હુંડાસુરને મારીને કરશે કીર્તિ જાણ;
કહે સ્વપ્ન એવું નકી, નિશ્ચય મનમાં માન. ૪૨

રક્ષો અગ્નિ ગર્ભને ચારેગમથી એમ;
મૃત્યુપાશથી માસ દશ, રક્ષો જલપતિ[8] તેમ ! ૪૩

એમ કહી પ્રેમે તિહાં આપે આશિષ જાણ;
પૂજી એને ભૂપતિ, આપે વિદાય માન. ૪૪

સૂણી સ્વપ્નફળ સ્વર્ગમાં, થયા દેવ પણ હૃષ્ટ;
આનંદોત્સવ હર્ષથી કરે સુમંગલ તુષ્ટ. ૪૫

પુષ્પવૃષ્ટિ કરે મુદા, ગાય ગંધર્વ ગાન;
નાચે [9]સ્વર્વેશ્યા અહા, વાગે દુંદુભિ જાણ. ૪૬

ગયો આયુ દત્તાશ્રમે, પુત્રાર્થી જ્યાં એમ;
હુંડદૈત્ય ભૂમંડલે, ઉપજ્યો ત્યારે તેમ. ૪૭

જીત્યું ભૂમંડલ બધું, જીત્યા સુરગણ જાણ;
થયો દૈત્ય દુર્ધર અતિ, સ્વૈરચારી એ માન. ૪૮

હરે બલાત્કારે તિહાં અશોકસુંદરી એહ,
શિવકન્યા સુંદર અતિ; થાએ વશ્ય ન તેહ. ૪૯

ધિક્કારી એને કહેઃ- આયુપુત્ર જે જાણ
નકી તે તને મારશે, નિશ્ચય ખળ તું માન. ૫૦

સૂણી શાપ એવો તિહાં, કારાગૃહમાં એમ
રાખે એને દુષ્ટ એ; નિત્ય ડરાવે તેમ. ૫૧

કન્યા એની સ્વર્ગમાં નંદનવનમાં જાણ
રમતાં આનંદે અહા સખી સાથ ત્યાં માન, ૫૨

દેવોત્સવમાં ચારણો સૂણે બોલતા એમ;
શત્રુકન્યકા આ ન એ જાણી નિશ્ચય તેમઃ- ૫૩

ઈન્દુમતીના ગર્ભમાં આયુપુત્ર જે જાણ
હુંડાસુરને મારશે; ઉતારશે અભિમાન. ૫૪

ઊંઘે પ્રમત્ત દુષ્ટ એ, હોય નિશ્ચિંત તેમ;
ગોબ્રાહ્મણપીડક નકી, દેવશત્રુ જે તેમ. ૫૫

જાણે કાર્યાકાર્ય ના, વર્તે યથેચ્છ જાણ;
ભમે મોત માથે અહા, ના જાણે એ માન ! ૫૬

૧. પ્રોક્ષણ કરે; છાંટે. ૨. દૂધ ૩. પટ્ટરાણી ૪. બાવરી; સૂનમૂન ૫. હમણાં. ૬. દયા; કૃપા ૭. વિષ્ણુભક્ત. ૮. વરુણ ૯. અપ્સરા.

દેવનિર્મિતિ ના ટળે, નકી હણાશે તેમ;
પીડ્યું ત્રિભુવન એહણે, મરશે પાપે એમ ! ૫૭

એવું ચારણ બોલતા સૂણી કન્યકા એહ,
આવી કાંચનપુર વિષે, કહે તાતને તેહ. ૫૮

મૂકી ધનુષ્ય ખીંટીએ, સૂતો નિશદિન જાણ;
સૂણી વચન આ હુંડ એ, ચમક્યો ચિત્તે માન ! ૫૯

શાપવચન ત્યાં સાંભર્યાં શિવકન્યાનાં તેમ;
થયો ભયભીત અંતરે, ઊઠ્યો તત્ક્ષણ એમ. ૬૦

આવી ગુપ્તપણે જુએ ઈન્દુમતીને જાણ;
જોઈ કૃષ્ણમુખ પુષ્ટ કુચ[1], કહે સ્વગત એ માનઃ- ૬૧

બદલાઈ આની સ્થિતિ, ખાસ ગર્ભિણી એહ;
ગર્ભપાત કરવો હવે યત્ને નિઃસંદેહ. ૬૨

થઈ પ્રસૂત ન એ તિહાં, મારૂં તત્સુત એમ,
કહે એમ ત્યાં તો દિસે ચક્ર સુદર્શન તેમ, ૬૩

આસપાસ રાણી તણી ફરતું વેગે જાણ;
જોઈ કંપે અસુર એ, થરથર ચિત્તે માન. ૬૪

દેખે દૂર રહી તથા ! કહેઃ- ગુપ્ત કો આમ
રક્ષે આને કો લહે ? વ્યર્થ પ્રયત્ન તમામ !! ૬૫

સ્વર્ગે વા ભૂમંડલે, રસાતલે પણ તેમ,
ના બળિયો મત્સમ નકી ! કો જાગ્યો આ એમ ? ૬૬

ઉષઃકાલના સૂર્ય સમ, ભાસે તેજે જાણ
રાજ્ઞીમુખ આ નિશ્ચયે; દૈવી ગર્ભ પ્રમાણ ! ૬૭

શત્રુ દારુણ ગર્ભમાં, જાગ્યો નિશ્ચય કોક;
અવતરશે જો જીવતો, કરાવશે એ શોક. ૬૮

લેવા પ્રાણ મથું યદિ યત્ને એનો જાણ,
ચક્ર સુદર્શન આ ફરે, આડું વચ્ચે માન. ૬૯

થઈ બુદ્ધિ કુંઠિત અહા, રહી ન શક્તિ તેમ;
તૂટી જીવાદોરી હા, જાગ્યો બળિયો એમ ! ૭૦

તોએ યત્ન ન છોડવો; યત્ને પણ જો માન.
ટળે મોત ના તો પછી, કિસ્મત બલી પ્રમાણ ! ૭૧

યત્ને પણ જે ના બને, તેમાં દોષ ન તેમ !!
એમ કહી માયા તિહાં રચે દુષ્ટ એ એમ. ૭૨

દુઃસ્વપ્નો દેખાડીને રાજ્ઞીને ત્યાં જાણ;
મથે દુષ્ટ ડરાવવા, હુંડાસુર એ માન. ૭૩

મસ્તક ધડ જુદું પડે, બ્હાર ગર્ભથી એમ;
દેખી એવું સ્વપ્નમાં ચમકે રાણી તેમ. ૭૪

ગભરાઈ અંતર વિષે, ઊઠી તત્ક્ષણ એહ;
કહેઃ- અશુભ આ કાં દિસે ? દુઃસૂચન શું તેહ ? ૭૫

દત્તાત્રેયવરે[2] નકી, રહ્યો ગર્ભ આ જાણ;
દુઃસ્વપ્નો હા કાં પડે ? દિસે દુશ્ચિહ્ન માન. ૭૬

સ્મરી દત્તપદ એમ એ, થઈ સુસ્વસ્થ તેમ;
જોઈ સુરક્ષિત ગર્ભને, થઈ સુનિદ્રિત એમ. ૭૭

પ્રાતઃકાલે ઊઠીને, સ્વપ્નભીતિથી માન
સ્નાનાદિક સત્વર કરી, પ્રાર્થે સૂર્ય સુજાણઃ- ૭૮

વંદું નારાયણ તને, દયાસિંધુ તું એમ;
અભયપ્રદ રવિ હે નમું, વંદું ભાસ્કર તેમ. ૭૯

દુરિત સર્વ જે માહરૂં, શીઘ્ર નિવારી તેહ;
વારી દુષ્ટ સ્વપ્ન આ, કર કલ્યાણ સુદેહ ! ૮૦

આપ્યું ફળ યોગીશ્વરે, થાઓ સફળ સુજાણ;
જન્મો સુત નિર્વિઘ્ન આ, વધો વંશ અમ માન. ૮૧

દુઃસ્વપ્ને ભયભીત હું, આવી શરણે નાથ;
કર રક્ષણ આ કુળ તણું, હે સવિતા સાક્ષાત્ ! ૮૨

આનંદદાતા તું નકી, જગત્પ્રસવ સુજાણ,
અરિષ્ટ આ વારી રવે ! કર સુપ્રસવ પ્રમાણ. ૮૩

પ્રાર્થી રવિને એમ એ, થઈ સ્વસ્થ ત્યાં તેમ;
દેખે ચક્ર ન એ સતી, જુએ દુઃસ્વપ્ન એમ. ૮૪

ફરે સુદર્શન વેગથી, દાવાનલ સમ એહ;
જોઈ હુંડ ડરે અતિ, થાએ હતાશ તેહ. ૮૫

જાય યત્ન નિષ્ફળ બધા, કરે કાળજી માન;
થાએ પતન ન ગર્ભનું, રક્ષક જ્યાં ભગવાન ! ૮૬

જોઈ એવું દુષ્ટ એ, ત્યજી અન્નજળવાત;
અહોરાત્ર જાગ્રત રહે, કરવા [3]અંતર્ઘાત. ૮૭

ધ્યાયે મુનિજન જેહને, સ્વયં દત્ત જ્યાં એમ
સંરક્ષક એ ગર્ભનો, કરે ઘાત કો તેમ ? ૮૮

વ્યાપી ઘટઘટમાં રહ્યો, દાતા અનન્ય જાણ;
કોણ છેતરે એહને ? દૈત્ય કોણ પ્રમાણ ! ૮૯

ના જાણી પ્રારબ્ધને, કરે વ્યર્થ પ્રયત્ન;
દત્તકૃપાથી રાણીનો વધ્યો ગર્ભ ત્યાં [4]કૃત્સ્ન. ૯૦

બોલાવી વિપ્રો સુધી, રાજા હર્ષે એમ;
પુંસવનાદિક આચરે, નારાયણબલિ તેમ. ૯૧

વધે વંશવલ્લી અને થાએ કુલવિસ્તાર;
એમ વિચારી વસ્ત્ર ધન આપે અમિત નૃપાલ. ૯૨

૧. સ્તન. ૨. વરદાનથી. ૩. છાનુંમાનું મારી નાંખવું તે. ૪. બધો; આખો; સમગ્ર.

થતાં પૂર્ણ દશ માસ પણ, રાણી પ્રસૂત તેમ
થાય ન; જોઈ ભૂપ એ કરે કાળજી એમ. ૯૩

કાં પ્રસવે ના આ હજી ? નડે વિઘ્ન શું ત્યાંય ?
આપું જલ મંત્રાવીને, સુખે પ્રસવ તો થાય. ૯૪

એમ વિચારી; મંત્રવિદ્ બોલાવી દ્વિજ એહ;
પાણી મંત્રી આપવા, કરે પ્રાર્થના તેહ. ૯૫

ભૂપવચન એ સાંભળી, કરી સ્નાન તતખેવ,
મંત્રે જલ વિપ્રો તિહાં ચિંતી અશ્વિનીદેવ: ૯૬

સપ્તધાતુવેષ્ટિત અહા પ્રાર્થે ગર્ભે જેહ,
છોડો તેને [1]દસ્ર હે ! સૂણો પ્રાર્થના એહ. ૯૭

એક વાર એ મંત્રથી પાતાં પાણી તેમ,
નિર્વિઘ્ને પ્રસવે તિહાં, રાણી સુપુત્ર એમ. ૯૮

પંચ ગ્રહ ઉચ્ચસ્થ જ્યાં, કોઈ અસ્ત ન જાણ;
સર્વસુયોગે એમ એ જન્મ્યો પુત્ર સુજાણ. ૯૯

થયા દીપ નિસ્તેજ ત્યાં, મધરાતે પણ એમ;
કેવળ તેજોમૂર્તિ એ શોભે સુભવ્ય તેમ. ૧૦૦

સહસ્રરશ્મિ સૂર્ય સમ, તેજઃપુંજ શરીર;
જોઈ કાન્તિ એહની, થયો હૃષ્ટ નૃપ ધીર. ૧૦૧

કહેઃ- પિતૃઋણથી હવે થયો મુક્ત હું ધન્ય;
બલિહારી ગુરુદેવની, વંદું ચરણ અનન્ય ! ૧૦૨

થઈ સંતુષ્ટ ચિત્તમાં, રાજા મોદે એમ
કરે પુત્રજાતક તિહાં, થઈ સુસ્નાત તેમ. ૧૦૩

નાંદીશ્રાદ્ધાદિક કરી, કરે તુષ્ટ ભૂસુર;[2]
ગોભૂવિત્તાદિક મુદા આપી યથેષ્ટ શૂર. ૧૦૪

જોઈ સુતમુખ પ્રેમથી, સ્વર્ણસળીથી તેમ
નાંખે મધુઘૃત સુતમુખે, આનંદે નૃપ એમ. ૧૦૫

સૂંઘી મસ્તક સ્નેહથી, કરે મહોત્સવ જાણ;
કર્યા તુષ્ટ યાચક સહુ, આપી ઈપ્સિત માન. ૧૦૬

આવ્યા દૈવજ્ઞો તિહાં, સૂણી પુત્રજનિ[3] તેમ;
જન્મલગ્ન સાધી કહે, સાંભળ ભૂપતિ એમઃ- ૧૦૭

રાજયોગ આવો કદિ ના દીઠો નૃપ જાણ;
લેશે સ્વબળે સ્વર્ગ આ, એવો સુયોગ માન. ૧૦૮

ચૌદે વિદ્યા ચોસઠે કળા જાણશે એહ;
અમર નામ કરશે નકી, જાણ ત્રિભુવને તેહ. ૧૦૯

કંઈક જન્મનું પુણ્ય આ ફળ્યું નિશ્ચયે જાણ;
થયો પુત્ર આવો તહીં, કુલતારક તું માન. ૧૧૦

થશે શિષ્ટપાલક સુધી, જાણ દુષ્ટનો કાળ;
સ્વધર્મરત દાતા વશી, મહાવીર આ બાલ. ૧૧૧

મા શંકા કર એ વિષે; માત્ર શૈશવે જાણ
કરાવશે ચિંતા જરા, યોગ એહવો માન. ૧૧૨

ના કોઈ પૃથ્વી વિષે, એના સમાન એમ !
સૂણી વચન, રાજા કરે તુષ્ટ ગણકગણ તેમ. ૧૧૩

આપે ગ્રામાદિક મુદા; તોએ શૈશવવાત
અશુભ સાંભળી અલ્પ એ, થાએ ખિન્ન સુજાત. ૧૧૪

શોકયોગ એ ટાળવા, બોલાવી દ્વિજ તેમ;
અનુષ્ઠાન શ્રદ્ધા થકી ક્ષિપ્ર કરાવે એમ. ૧૧૫

સ્મરી દત્તવર તત્ક્ષણે કહેઃ- એહને હાથ
લાજ માહરી સર્વથા; જાણે સઘળી વાત. ૧૧૬

આપ્યો જેણે પુત્ર આ, વારી દોષ [4]અશેષ;
કરશે રક્ષણ તે નકી ! કરું વૃથા કાં ક્લેશ ? ૧૧૭

સૂણી રુદન જે આર્તનું, ધાય માતૃવત્ ખાસ;
કેમ વિસારે ભક્તને ? હું તો અનન્ય દાસ !! ૧૧૮

કરી શાંત મન એમ એ, દત્તચિંતને જાણ
પત્ની સહ આનંદથી રહે સુસ્વસ્થ માન. ૧૧૯

જોઈ હુંડાસુર તિહાં તેજસ્વી સુત એહ,
યત્ન અન્ય શો આદરે, આગળ વર્ણન તેહ. ૧૨૦

અલખ નિરંજનને કહે, જાય ન નિષ્ફળ એમ
સત્સેવા, નિશ્ચય યદિ હોય **રંગ** જો તેમ. ૧૨૧

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે રાજપુત્રજનનં નામ ચતુશ્ચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૪ ॥ દોહરા ૧૨૧

અધ્યાય ૪૫ મો

જોઈ નૃપસુત અંતરે થયો હુંડ ભયભીત;
વદે વિરૂપ થઈ તિહાં, [5]વિવર્ણ ચિંતાન્વિતઃ- ૧

ખૂટ્યું આયુષ્ય માહરું, તેજસ્વી આ બાળ;
મન્નિકંદન નિશ્ચયે કરશે એ તત્કાળ. ૨

થાતાં મોટો ના કદિ આવે હાથે એમ;
કરું ઘાત હમણાંજ જો, લાગે ભીતિ તેમ ! ૩

દેવ સમર્થ કોઈ નકી રક્ષે એને જાણ;
ચાલે બુદ્ધિ ન માહરી, તેથી નિશ્ચય માન. ૪

૧. અશ્વિનીકુમાર. ૨. બ્રાહ્મણ. ૩. જન્મ. ૪. બધા ૫. ફિક્કો નિસ્તેજ

સ્વર્ગ મૃત્યુતાળમાં, બળિયો કોઈ ન એમ
દેખાએ તત્સમ અહા ! નકી વિષ્ણુ એ તેમ. ૫

હોત અન્ય જો, નિશ્ચયે મમ માયા આ જાણ
કરત પરાભવ એહનો; માટે હરિ એ માન. ૬

પ્રાર્થું સમર્થ મોહિની, ભલે દૈત્યારિ એહ;
દેશે બળ નિશ્ચય મને, થશે કાર્ય પણ તેહ ! ૭

એમ વિચારી અંતરે, હુંડદૈત્ય એ જાણ
કર જોડી પ્રાર્થે તિહાં મહામોહિની માનઃ- ૮

વંદું દેવી મોહિની, કર અનુકંપા તેમ;
કાર્ય ઈષ્ટ મારૂં કરી, દે આશ્વાસન એમ. ૯

થતાં કૃપા તારી, ટકે સ્હામે કોણ પ્રમાણ;
હોય વિરિંચિ વિષ્ણુ વા, શંકર મહેન્દ્ર માન ! ૧૦

હું માડી તુજ બાળકો, કર પ્રતિપાલન તેમ;
કરી હસ્તગત બાલ આ, સફળ યત્ન કર એમ. ૧૧

ભૂખ પ્યાસ છોડી ઈહાં, લાગ શોધતો જાણ
તપું ક્યારથી; મા હવે કર કૃપેક્ષણ[1] માન ! ૧૨

રહ્યો બ્હાર ઊભો ઈહાં, દીનવદન આ એમ;
જાવા અંદર હૃદય આ કરે ન હિંમત તેમ. ૧૩

થાય કૃપા જો તાહરી, અશક્ય કાંઈ ન જાણ;
ગણું ન કોઈને પછી, થા મા પ્રસન્ન માન ! ૧૪

વૈકુંઠાધિપ વિષ્ણુ જે, પ્રલયે તેને તેમ
નિદ્રારૂપે તું ગ્રસે ! કોણ અન્ય ત્યાં એમ ? ૧૫

અન્નોદક વિણ હું અહીં, પામું નિશદિન કષ્ટ;
થશે મરણ નિશ્ચય હવે, જો તું થાય ન તુષ્ટ. ૧૬

દે ઈપ્સિત વરદાન મા, થા પ્રસન્ન ઝટ તેમ;
મદ્યમાંસ બલિ મા તને આપીશ, વંદું એમ ! ૧૭

રાજસ ભક્તિ ઉર ધરી, પ્રાર્થે દિતિસુત જાણ;
સૂણી મોહિનીને તિહાં, આવી કરુણા માન. ૧૮

તત્ક્ષણ દાસી એક ત્યાં, અંતઃપુરથી એમ
આવી બહાર; જોઈને થયો હૃષ્ટ ખલ તેમ. ૧૯

પેસી આના દેહમાં, જાવું અંદર જાણ;
વિચાર એવો ઉર કરી, પેઠો તત્ક્ષણ માન. ૨૦

જ્ઞાનશક્તિ દાસી તણી ખેંચી સત્વર એમ,
કરી વ્યાપ્તિ તદ્દેહમાં નિજ શક્તિની તેમ. ૨૧

એમ સૂતિકાગૃહ મહીં, પેઠો સુગુપ્ત જાણ
સિદ્ધિબળે દૈતેય[2] એ; જાણે કોઈ ન માન. ૨૨

લહે દત્ત પણ ના વદે નિજ લીલાથી એમ,
માન મંત્રને આપીને અંતઃસાક્ષી તેમ. ૨૩

યન્નામસ્મરણે ટળે માયા સકાર્ય જાણ,
એ વિભુ આગળ કોણ એ માયિક દૈત્ય પ્રમાણ ? ૨૪

માન મોહિનીને પ્રભુ આપે તોએ તેમ;
કરવા લીલા અવનવી આગળ પોતે એમ. ૨૫

પેસી દાસીદેહમાં એમ હુંડ તું જાણ;
કરવા હરણ કુમારનું, પેઠો અંદર માન, ૨૬

કહે સ્વગતઃ- મોહિનીબળે આવ્યો અંદર એમ,
જપી શીઘ્ર પ્રસ્વાપિની, ઊંઘાડું સહુ તેમ. ૨૭

જ્ઞાનીને પણ મોહમાં નાંખે સત્વર જેહ,
હે દેવી પ્રસ્વાપિની ! થા તું પ્રસન્ન તેહ. ૨૮

ઊંઘે મૃતવત્ આ બધા, સત્વર માડી એમ
પ્રાતઃકાલ થતાં લગી નાંખ મોહમાં તેમ. ૨૯

ના દેખે કોઈ મને, એમ સર્વ આ જાણ
પડે ગાઢ નિદ્રા મહીં, [3]આસૂર્યોદય માન ! ૩૦

ફરી પ્રભાતે પૂર્વવત્ જગાડ સહુને એમ !!
જપતાં એવો મંત્ર ત્યાં, ઊંઘે સઘળાં તેમ. ૩૧

ધન્ય શક્તિ એ મંત્રની, પડ્યા પ્રેતવત્ જાણ
ગાઢ ઊંઘમાં સર્વ એ; થયો તુષ્ટ ખલ માન. ૩૨

આનંદે નિજ રૂપથી, થઈ પ્રગટ ત્યાં એમ;
લઈ રાજસુત હાથમાં, ચાલ્યો વેગે તેમ. ૩૩

તોએ પ્રભુ જોયા કરે, વારે લેશ ન જાણ;
પડ્યાં સકળ નિદ્રા મહીં; નિર્ભય દૈત્ય પ્રમાણ ! ૩૪

વ્યોમમાર્ગથી પક્ષિવત્ આવ્યો સત્વર તેમ;
કાંચનપુરમાં આવીને, વદે પત્નીને એમ. ૩૫

લે બાળક આ શત્રુ જે; છેદી એને જાણ,
લાવ પાક કરી એહનો, ભોજનાર્થ તું માન. ૩૬

મહાયત્નથી હાથમાં આવ્યો આજે એમ;
માટે તત્ક્ષણ મારીને, લાવ સિદ્ધ કરી તેમ. ૩૭

તપોયજ્ઞવ્રત આદિથી પામ્યો નૃપસુત એહ;
કાળ મારો એ નકી બચતાં નિઃસંદેહ. ૩૮

અરિષ્ટ મારૂં ટાળવા, માની વચન પ્રમાણ;
માંસ એહનું રાંધીને, લાવ ભક્ષવા જાણ ! ૩૯

સૂણી વચન ભાર્યા વદેઃ- કાં મારો આ એમ ?
દાંત નીસર્યા ના હજી, થયો શત્રુ એ કેમ ? ૪૦

૧. કૃપાદૃષ્ટિ. ૨. દૈત્ય. ૩. સૂર્યોદય થતાં સુધી.

શાસ્ત્રગર્હ્ય[1] આ કાં કરો સાહસ નાથ સુજાણ ?
શિશુહત્યાથી એ થશે કુળનો કચ્ચરઘાણ ! ૪૧

વદે દૈત્યઃ- તારો અહીં બોધ નકામો એમ;
નિર્મ્યો દેવોએ નકી અંતક[2] એ મમ તેમ. ૪૨

લેશે મારો પ્રાણ એ, થાતાં મોટો જાણ;
આવ્યો કષ્ટે હાથમાં, દયાપાત્ર ના માન. ૪૩

ગુરુ વિરોચન શું કહે ? કરે કેમ સંદેહ ?
ના કરવાનું પણ કરી, આત્મ રક્ષવો એહ. ૪૪

સર્વમાન્ય મત આ પ્રિયે ! તારક નિશ્ચય જાણ;
દેહ એ જ આત્મા નકી, દિસે પ્રત્યક્ષ માન. ૪૫

બ્રહ્મ અસત્, ક્યાંયે ન એ ભાસે નિશ્ચય તેમ;
માટે આત્મા એ નહીં, ગ્રાહ્ય આ જ મત એમ. ૪૬

થતાં ઘાત આત્મા તણો, કોણ ભોગવે ભોગ ?
દુર્લભ માટે દેહ આ, દુઃસહ જાણ વિયોગ. ૪૭

સ્ત્રીસુતગૃહવિત્તાદિ એ યત્કારણ પ્રિય જાણ,
પ્રેષ્ઠ[3] દેહ આત્મા નકી એ જ સુનિશ્ચિત માન. ૪૮

સ્ત્રીવિત્તાદિકને ત્યજી, સદા રક્ષવો દેહ;
મળે સ્ત્રી ધનાદિક ફરી, ના દેહાત્મા એહ. ૪૯

ગુહ્ય શાસ્ત્રમત આ નકી, માની નિશ્ચય એમ;
મારી સત્વર બાલ આ, લાવ સિદ્ધ કરી તેમ. ૫૦

સ્વયં સમક્ષ ખડી રહી, કરાવ એનો પાક;
એમ કહી બાળક [4]કરે અર્પે એને દ્રાક્. ૫૧

માની એની ધાક ત્યાં, લે પત્ની પણ એમ;
સોંપી દાસીને કહે, હણી રાંધવા તેમ. ૫૨

વેરી એ મમ કંથનો, દાસી જાણ સુજાણ;
કરી પાક એનો સ્વયં, લાવ શીઘ્ર તું માન. ૫૩

કરશે નાસ્તો એહનો, રાક્ષસેંદ્ર એ એમ;
રહેશે ના ડર મૃત્યુનો, થશે અમર પતિ તેમ ! ૫૪

એમ કહી દાસીકરે સોંપી બાળક જાણ;
ગૂંથાઈ કાર્યાંતરે, દૈત્યસ્ત્રી એ માન. ૫૫

જે જેનું મૃત્યુ લખ્યું, થાય અન્યથા કેમ ?
ના જાણી મૂરખ રમે નશ્વર દેહે એમ ! ૫૬

ગઈ રસોડામાં તથા, દાસી વેગે જાણ;
આપી શિશુ [5]બલ્લવકરે, બોલે વચન પ્રમાણઃ- ૫૭

મારી આને શસ્ત્રથી, લાવ શીઘ્ર તું એમ
કરી પાક; હું હુંડને પછી જમાડું તેમ. ૫૮

લઈ શસ્ત્ર કરમાં અહા મારે નિર્દય એહ;
પકડી બાળક જોરથી; તોએ મરે ન તેહ. ૫૯

શસ્ત્રધાર ભાંગી ગઈ, થયો [6]સૂદ નિરાશ;
લઈ અન્ય મારે ફરી, બમણા જોરે ખાસ. ૬૦

તોએ બાળ ન એ મરે, ભાંગે શસ્ત્ર જ તેમ;
રાખી ચક્ર સ્વયં કરે દત્ત સુરક્ષણ એમ. ૬૧

ખણખણ શબ્દ કરી તિહાં, ભાંગે શસ્ત્રો જાણ;
હસે બાળ આનંદથી ધ્રૂજે પણ ના માન ! ૬૨

દેખાએ ના ચક્ર એ, ફરે અદૃશ્ય એમ;
કરે યત્ન ફરી ફરી સૂદ નિરર્થક તેમ. ૬૩

જોઈ ખેલ એ બેઉ ત્યાં, થયાં સુવિસ્મિત જાણ;
બોલે દાસીઃ- સૂદ હે ! મા કર પ્રહાર માન. ૬૪

રક્ષે એને નિશ્ચયે, કોઈ દેવ સમર્થ;
કોનો સુત આ કો લહે ? કાં મારે તું વ્યર્થ ? ૬૫

દૈવ પ્રબળ આનું નકી, માટે આને એમ
જોઈ અંતર માહરૂં થાએ દયાર્દ્ર તેમ. ૬૬

કરીએ રક્ષણ એહનું; કો જાણે કાં હુંડ
ઘાત કરાવે એહનો ? ભરે વૃથા [7]અઘકુંડ ! ૬૭

રાજચિહ્નથી યુક્ત એ ભાસે સુભાગ્ય જાણ;
કોણ અધમ એને હણે ? રત્નોપમ એ માન. ૬૮

મા સાહસ કર સૂદ હે ! સૂણી વચન એ એમ,
ભીંજ્યો બલ્લવ અંતરે, ભાવિ દૈવથી તેમ. ૬૯

થઈ શાંત બોલે તિહાંઃ- સત્ય વચન એ જાણ;
સૈરંધ્રી[8] ! તેજસ્વી આ, નકી દેવવત્ માન. ૭૦

ખાટકી પણ ચિત્તમાં દ્રવે જોઈને એમ;
કો જાણે કાં દુષ્ટ આ ઘાત કરાવે કેમ ? ૭૧

ના મારૂં હું એહને, જતાં પ્રાણ પણ જાણ;
મરે ન શસ્ત્રે એ નકી, રક્ષિત દૈવે માન. ૭૨

જો તૂટ્યું આ શસ્ત્ર પણ, થાય ન વાંકું રોમ;
વજકવચ એ પર નકી, ચાલે તેમ ન જોમ ! ૭૩

દૈવ પાંશરૂ જેહનું, રક્ષે તેને કર્મ;
કો મારે એને પછી, કરે દેવ યચ્છર્મ ? ૭૪

સપડાએ આફત મહીં, દાવાનળમાં એમ,
ઘેરાએ વા વન મહીં; હિંસ્ર પશુથી તેમ; ૭૫

તોએ રક્ષક દેવ જો, મરે ન કદિએ તેહ;
શસ્ત્રાગ્ન્યાદિક સર્વથા; થાય પરાજિત એહ ! ૭૬

૧. શાસ્ત્રનિંદિત ૨. મારનારો ૩. સર્વથી વધારે પ્રિય ૪. હાથમાં ૫. રસોઇયો ૬. પાપ ૭. દાસી.

દેવ સખા જેનો, હણે તેને કોણ પ્રમાણ ?
રક્ષે સંકટમાં સદા, દેવ ભક્તને માન. ૭૭

એમ કહી મૂકે તિહાં, શસ્ત્ર બાજુએ તેમ;
જોઈ સૈરંધ્રી વદેઃ- કરવું આગળ કેમ ? ૭૮

થયું શાન્ત મન તાહરૂં, બાકી પુણ્ય પ્રમાણ
જાણ તાહરૂં નિશ્ચયે; વચન માહરૂં માન. ૭૯

લઈ સુરક્ષિત એહને, જઈએ બીજે એમ;
મૂકી સત્વર આવીએ જાણે કોઈ ન જેમ ! ૮૦

ભલે તંતુ[૧] એ કોઈનો, રક્ષ એહનો પ્રાણ !!
સૂણી વચન એવાં તિહાં, રીઝ્યો બલ્લવ માન. ૮૧

ફરી મતિ જે એમની, દત્તકૃપાએ તેમ;
અંતર્યામી ત્રીશ એ રક્ષે સ્વભક્ત એમ ! ૮૨

લઈ રાજસુત એમ એ, ત્યાંથી સત્વર જાણ;
મૂકી વસિષ્ઠદ્વારમાં, આવ્યાં પાછાં માન. ૮૩

મારી મૃગશિશુ, માંસ એ રાંધી સત્વર તેમ;
આપે ખાવા દૈત્યને, વિશ્વાસે ત્યાં એમ. ૮૪

બાલમાંસ માની સુખે, ભક્ષે દિતિસુત તેહ;
માને કૃતાર્થ આપને, મૂઢ હૃષ્ટતર એમ. ૮૫

કહેઃ- માંસ મદ્વેરીનું ખાધું આ મેં જાણ;
ટળ્યું મોત મારૂં, થયો ચિરંજીવ હું માન ! ૮૬

ભમે મોત શિર પર સદા, તોએ મૂરખ એમ
મારે શેખી; કો કદિ મૃત્યુ જીતે કેમ ? ૮૭

સંતાએ પાતાળમાં લોહદુર્ગમાં જાણ;
તોએ મોત ટળે નહીં, થાય વિલંબ ન માન ! ૮૮

રમે હુંડ સ્વપ્રે અહીં; બાળક નિર્ભય ત્યાંય
રમે વસિષ્ઠદ્વારમાં ! ટળ્યું દૈવ શું ક્યાંય ? ૮૯

પાંચ ઘડી રાત્રી રહી ત્યારે વસિષ્ઠ એહ
આવ્યા ઊઠી બારણે, દેખે ત્યાં શિશુ તેહ. ૯૦

માની કૌતુક અંતરે, મુનિગણ સાથે એમ
દેખી બાળક, ચિત્તમાં થાય સુવિસ્મિત તેમ. ૯૧

કોણે રાતે આમ આ આણ્યો અહિંયા કેમ ?
પડે ખબર ન કાંઈએ; જોઉં ધ્યાને તેમ ! ૯૨

જ્ઞાનિશ્રેષ્ઠ વસિષ્ઠ એ એમ કહીને જાણ,
જાણી સઘળું ધ્યાનથી, બોલે પ્રગટ સુજાણ; ૯૩

આયુરાજસુત આ નકી, દત્તકૃપાફળ એમ;
રાણી ઇન્દુમતી તણા જન્મ્યો ઉદરે તેમ. ૯૪

શુક્રાન્તેવાસી[૨] અહા હુંડાસર જે જાણ;
આણ્યો તેણે ભક્ષવા, માની નિજાંતક માન. ૯૫

આવ્યો દૈવે એ ઇહાં, રત્નોપમ સાક્ષાત્;
વદન ચંદ્રસમ શું દિસે ! નેત્ર દિવ્ય [૩]વરજાત !! ૯૬

રાજલક્ષ્મયુત[૪] એ દિસે, દેવગર્ભ સમ જાણ;
જાણે જન્મ્યો અબ ઘડી, અનુપમ કેવળ માન. ૯૭

રક્ષે એને દત્ત જ્યાં પરમાત્મા શ્રુતિગેય,
કો મારે એને તિહાં ? થાશે નકી અજેય ! ૯૮

મારી સત્વર દૈત્યને, કરશે સંકટ દૂર;
થશે ચક્રવર્તી નકી સોમવંશનું નૂર ! ૯૯

બોલે વસિષ્ઠ એમ જ્યાં, થાય સુમનવર્ષાવ;
વાગે દુંદુભિ સ્વર્ગમાં, ગાય ગંધર્વરાવ. ૧૦૦

થયા હૃષ્ટ ઋષિગણ સહુ, આપે આશિષ એમ;
વ્યાપ્યું જેણે જગ બધું, રક્ષો આને તેમ ! ૧૦૧

કરી મુક્ત સંકટ થકી દિવારાત્ર પ્રમાણ,
દુષ્ટ ગ્રહભૂતાદિથી, રક્ષો દત્ત સુજાણ ! ૧૦૨

મંત્રાવિભૂતિ કપાળમાં, એમ કહીને એહ
સર્વ લગાડે પ્રેમથી ઋષિ મુનિ પાવનદેહ. ૧૦૩

સ્નેહે ઊંચકી એહને, આપે વસિષ્ઠ એમ
અરુંધતીના કર મહીં; થઈ હૃષ્ટ સતી તેમ. ૧૦૪

લેતાં બાળક હાથમાં, સ્રવે દુગ્ધની ધાર
અરુંધતીના સ્તન થકી, તત્ક્ષણ ત્યાં નિર્ધાર ! ૧૦૫

અગાધ લીલા ત્રીશની, સર્વાત્મા જે જાણ;
રહી વેગળો ખેલ આ ખેલે નાના માન. ૧૦૬

સ્વતંત્ર પોતે સર્વદા, જગદ્યંત્ર આ એમ
સ્વેચ્છાએ પ્રેરે સ્વયં, સદા નિર્લેપ તેમ. ૧૦૭

નામકરણ વિધિવત્ કરે, વસિષ્ઠ પ્રેમે જાણ;
કહેઃ- નહન[૫] આ શત્રુનું કરશે નિશ્ચય માન. ૧૦૮

માટે એનું નામ હું, રાખું નહુષ સુજાણ;
નહ્-ધાતુ બંધન વિષે, યોજી યથાર્થ માન. ૧૦૯

લઈ સત્પક્ષ સર્વદા, દુષ્ટબંધને એમ
રહેશે ઉદ્યત નિશ્ચયે; નહુષ નામ આ તેમ ! ૧૧૦

એમ કહી આશિષ તિહાં, આપે મુનિવર એહ;
બાંધી તાવીજ કંઠમાં, સમંત્ર પ્રીતે તેહ. ૧૧૧

પ્રણવ આદિમાં, અંતમાં નમઃ તેજ પ્રમાણ;
ચતુર્થ્યંત વચમાં લખી, દત્તાત્રેય સુજાણ. ૧૧૨

૧. (વંશરક્ષક) ધાગો; પુત્ર. ૨. શુક્રશિષ્ય ૩. **(i)** વરદાનથી પેદા થએલો **(ii)** શ્રેષ્ઠ પુરુષથી જન્મેલો; ખાનદાન ૪. રાજલક્ષણથી યુક્ત. ૫. બંધન.

દગ્બાધાધિક ટાળવા, આધિ વ્યાધિ પણ તેમ;
બાંધી તાવીજ મોહથી કરે સુરક્ષણ એમ. ૧૧૩
પતિપત્ની આનંદથી, ઔરસ સુતવત્ જાણ
લાલનપાલન સ્નેહથી કરે અહોનિશ માન. ૧૧૪
રડતાં ક્ષણ દોડે સતી; ગાઇ ગીત સુજાણ
રાખે છાનો એહને, કરાવીને સ્તનપાન. ૧૧૫
મૂકી સમાધિ બાજુએ તેમ મુનીશ્વર એહ,
સંભાળે નૃપપુત્રને સ્નેહે વસિષ્ઠ તેહ. ૧૧૬
અરુંધતીને મા કહે, તાત ઋષિને તેમ;
વધે રાજસુત એમ ત્યાં, સદા નિર્દોષ એમ. ૧૧૭
યથાકાળ મુનિવર કરે ઉપનયનાદિક જાણ;
યથાધિકાર વેદાદિનું, આપે સમ્યક્ જ્ઞાન. ૧૧૮
ચાર વેદ ષટ્ શાસ્ત્ર ને પુરાણ સઘળાં તેમ;
સકળ કળા વિદ્યા સહુ, શીખ્યો નૃપસુત એમ. ૧૧૯

ધનુર્વેદ અભ્યાસીને, થયો ન્યાયસંપન્ન;
રાજનીતિ ઇતિહાસ ને શીખ્યો પ્રજારંજન. ૧૨૦
સેવે મુનિને આદરે નહુષ શિષ્યવત્ તેમ,
મન વચન ને કર્મથી; રીઝ્યા મુનિવર એમ. ૧૨૧
અસ્ત્રરહસ્ય કહ્યું બધું; થયો સર્વાંગ પૂર્ણ
ગુરુકૃપાથી એમ એ રાજપુત્ર ત્યાં તૂર્ણ. ૧૨૨
સોમવંશી પણ એમ એ, સૂર્યવંશીગુરુ પાસ
દૈવે વિદ્યાદિક પઢી, થયો યોગ્યતમ ખાસ. ૧૨૩
માતપિતા જાણે નહીં, આમાંની કંઇ વાત;
ના જોઈ સુત જાગતાં, કરે કરુણ કલ્પાંત ! ૧૨૪
અલખ નિરંજનને કહે, આગળ વર્ણન એહ;
સૂણે **રંગ** જો ભાવથી; પામે મુક્તિ સદેહ !! ૧૨૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે નહુષહરણં નામ પંચચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૫ ॥ દોહરા ૧૨૫

અધ્યાય ૪૬

રક્ષ પાપથી એમ જે પ્રાર્થે સકૃત્[1] પ્રમાણ,
તેને પણ હરિ ના ત્યજે; ત્યજે ભક્ત કાં માન ? ૧
દૈત્યે માયા જે રચી, થઇ સ્હવારે દૂર;
ખૂલી આંખ ત્યાં સર્વની, જાગી રાણી શૂર. ૨
ના દેખી સુત બાવરી શોધે અસ્તાવ્યસ્ત;
પૂછે દાસીને ગયો પુત્ર હાય ક્યાં કષ્ટ ! ૩
આંખો ચોળી સર્વ એ, શોધે સઘળે જાણ;
ના દેખી વિસ્મય કરે, રડે શોકથી માન. ૪
ઇન્દુમતી મૂર્છિત પડે, ફરી ફરીથી એમ;
કૂટે છાતી શોકથી, ફોડે મસ્તક તેમ ! ૫
ફેલાવી માયા હર્યો કોણે મારો બાળ ?
ચોર્યું જીવન માહરૂં ! હાય હાય નિર્ધાર !! ૬
હે પરમેશ્વર શું કરું ? ગયો પુત્ર કાં એમ ?
કાં નાવી કરુણા તને, હા જગદીશ્વર તેમ ? ૭

શોકાગ્નિમાં ફેંકીને અમને આમ સુજાણ,
બોલ પુત્ર ક્યાં રે ગયો ! કેમ રીસાયો પ્રાણ ? ૮
પાપી કો આવ્યો અહીં, અકસ્માત આ એમ ?
હર્યો પુત્ર મારો અહા, દુર્ભાગી હું તેમ. ૯
ઉત્કટ તપ વ્રત આચરી પામી દૈવે જેહ,
ગયો હન્ત ક્યાં ક્ષણ મહીં દેવપુત્ર સમ તેહ ? ૧૦
દત્તકૃપાફળ એ નકી, થયું આમ કાં નષ્ટ ?
હાય હાય વિભુ દોડ હે, મા જોયાં કર કષ્ટ ! ૧૧
અગાધ મહિમા જેહનો, દેવવંદ્ય જે જાણ;
આપ્યો દત્તે તે સ્વયં, પ્રસાદ પોતે માન. ૧૨
ડરે કાળ પણ જે થકી, વચન તેહનું એમ
ગયું હન્ત હા વ્યર્થ શું ? થાય આશ્ચર્ય તેમ. ૧૩
બોલ વત્સ ક્યાં રે ગયો, આવ બાળ સુકુમાર !
ક્યાં સંતાયો પ્રાણ હે ? આવ ગુણાકર તાર !! ૧૪
રીસાયો કાં આમ હા ? પડી ઊંઘમાં એમ ? આવ આવ સત્વર હવે, થશે ભૂલ ના તેમ !! ૧૫

(બોલ બોલ બોલ પ્રેમવેણ - એ રાહ)

હાય હાય હાય હાય, પુત્ર ક્યાં ગયો ?
ક્ષણ વિલાસ કરીને હાસ, ગુમ ક્યાં થયો ?....ટેક
નવ માસ સહન ત્રાસ, કીધો હોંશથી;
રાખી આશ તારી ખાસ, દત્તવર થકી ! હાય...૧

૧. એકવાર

સ્વપ્નરાજ્ય સમ શું પ્રાજ્ય સૌખ્ય એ થશે ?
દૈવે કષ્ટ, તેથી રુષ્ટ શું થયો હશે ? હાય....૨
થયો હૃદયમાં તું સદય ક્રૂર કાં હરે !
તું વિના ન રહેશે પ્રાણ, આણ કંઈ [1]અરે ! હાય...૩
બોલ પ્રાણ ! ખાનપાન ના ગમે કંઈ;
ખૂટ્યું પુણ્ય, સર્વ શૂન્ય, તું વિના અહીં ! હાય....૪
પડ્યો **રંગ** માંહે ભગ, તું જતાં અહા !
ભાળ પાછું, દીન યાચું; હાય હન્ત હા !! હાય....૫

રડે કરુણ એવી તિહાં ઈન્દુમતી એ જાણ; સ્મરી રૂપ એ પુત્રનું, કૂટે મસ્તક માન ! ૧૬

કહે પુત્ર ! કાં રે હજી, ના આવે તું એમ ?
ક્યાં સંતાયો બોલ હે, સ્રવે સ્તન્ય[2] આ તેમ ! ૧૭

ચીરાએ છાતી અહા, થાએ કંઈ કંઈ જાણ !
ક્યાં જાઉં તુજ વિણ હવે, જીવું કેમ પ્રમાણ ? ૧૮

ગમે ન તુજ વિણ પુત્ર હે ! થાય ચિત્ત વ્યાકુળ;
તોએ તુજ મન ના દ્રવે, હન્ત દૈવ પ્રતિકૂળ ! ૧૯

કહેતાં લાજું પુત્ર હે, તુજને પ્રસવી એમ;
કોને મુખ દેખાડું, આ ? થયું કાળું એ તેમ ! ૨૦

મૂળે જો જન્મ્યો જ ના હોત પુત્ર તું જાણ,
થાત દુઃખ ના આ કદિ; હવે સુદુઃસહ માન. ૨૧

જાય વૃથા આ દૂધ જો, આવ દોડીને તેમ;
કાં રિસાયો ? ક્યાં ગયો ? બતાવ મુખ સુત એમ ! ૨૨

એકવાર પણ પય અહા પાયું ના મેં જાણ;
દીઠો શો અન્યાય જે, ગયો છોડીને પ્રાણ ! ૨૩

આવ પુત્ર દોડી ઈહાં, આપું મુખમાં સ્તન;
મા સંતાઈ રહે હવે, કરી ક્રૂર તું મન ! ૨૪

જ્ઞાની પણ સુતખેદ આ સહી શકે નવ માન;
હું તો મંદ, સહું અહા કેમ કરી એ જાણ ! ૨૫

રૂઠ્યો ઈશ્વર નિશ્ચયે, થઈ દુર્દશા એમ;
ખૂટ્યું જીવન હન્ત હા, સૂઝે કાંઈ ન તેમ ! ૨૬

દેખાડી મુખ ક્ષણ મહીં, સંતાયો વિધુ[3] જાણ !
લાલનપાલન ના કર્યું, મેં પાપીએ માન ! ૨૭

બેસાડ્યો અંકે નહીં, એક ક્ષણ પણ તેમ;
ઘાલી પારણામાં ન મેં ગાયાં ગીતો એમ ! ૨૮

ચોળી અંગે તેલ ના ન્હવડાવ્યો કદિ જાણ;
છોડી મમત્વ માહરૂં, ગયો દૂર એ માન ! ૨૯

હતા બારણે રક્ષકો; તોએ મોહી એમ,
કોણ દુષ્ટ હરી ગયું, બાળક મારૂં તેમ ? ૩૦

સ્વપ્નોપમ નિવડ્યું બધું; સહ્યો વ્યર્થ મેં ભાર !
વ્યર્થ પ્રસૂતિવેદના ! જાતકર્મ નિઃસાર !! ૩૧

દેખાશે શું એ ફરી ? કરે કોણ વિશ્વાસ ?
પુત્રશોકથી પ્રાણ આ જાશે નિશ્ચય ખાસ ! ૩૨

કેવી પાપી હું નકી, આવ્યું મોત ન એમ !
પૂર્વકર્મ વાંકું અહા, રહ્યું ઝૂરવું તેમ !! ૩૩

કીધો પંક્તિભેદ શું ? હર્યું વિત્ત વા જાણ ?
કર્યો વિશ્વાસઘાત વા, તેનું ફળ આ માન ! ૩૪

અથવા માર્યો સર્પ શું પૂર્વજન્મમાં તેમ ?
પાડી ધાડ વા ગામમાં ? લૂંટ્યા ભૂસુર એમ ? ૩૫

મદે લોભથી વા હરે બ્રહ્મવિત્ત જે જાણ,
તેનું જન્માંતર વિષે થાએ નિઃસંતાન ! ૩૬

એવું શાસ્ત્રે સાંભળ્યું; થયો દોષ શું એમ ?
થયો નષ્ટ નંદન અહા, મારો તેથી તેમ ! ૩૭

બ્રહ્મવિત્તાપહાર[4] એ, નિશ્ચય અગ્નિ જાણ;
બાળે સમૂળ વંશને, ના શંકા ત્યાં માન. ૩૮

પૂર્વકર્મ વિણ ના, કદિ થાએ અનર્થ એમ;
થયો દોષ શું એ મહા ? અન્ય પાપ વા તેમ ? ૩૯

કર્યું ન્યાસાપહરણ[5] વા, રત્નચૌર્ય વા જાણ;
થયો નષ્ટ સુત માહરો, માટે રત્નસમાન ! ૪૦

જમતાં થાળી કોઈની, ખૂંચાવી શું તેમ ?
મ્હોં આગળથી પુત્ર આ, ગયો નિશ્ચયે એમ ! ૪૧

કીધો મિત્રદ્રોહ વા, તેનું ફળ આ જાણ;
શિશુહત્યા વા આચરી ? થયો નષ્ટ સુત માન ! ૪૨

ગ્રાસ પડાવ્યો મુખ થકી ? કર્યો ક્ષુબ્ધ યતિ તેમ ?
વિમુખ મોકલ્યો અતિથિ વા, થયો નષ્ટ સુત એમ ? ૪૩

આપી પૂર્વે અભય વા, માર્યો કપટે કોક ?
કીધો દીપક દેવનો બંધ, તેથી વા શોક ? ૪૪

૧. અનુકંપા; દયાની લાગણી. ૨. ધાવણ ૩. ચંદ્ર ૪. બ્રાહ્મણના દ્રવ્યની ચોરી. ૫. થાપણની ઉચાપત કરવી તે.

પૂર્વે એવાં પાપ ના કીધાં હોત પ્રમાણ,
કોણ હરત સુત આ સમે, ઓચિંતો આ માન ? ૪૫

અથવા વંઘા સંત ના ? નિંઘા વા પરદેવ ?
ઊઠી વચ્ચે પૂજતાં સ્વદેવ વા તતખેવ ? ૪૬

જમી એકલી રાંધીને ઉત્તમ અન્ન પ્રમાણ;
તેથી દૂર ગયો અહા પુત્ર ત્યાગીને માન ! ૪૭

ધિક્કાર્યો બ્રાહ્મણ હશે ? હર્યો હશે ગોગ્રાસ ?
સ્વજનભેદ કીધો હશે, પામું જેથી ત્રાસ ? ૪૮

કલહ દંપતીમાં કર્યો ? આપ્યું પતિને દુઃખ ?
તેથી નિશ્ચય આ ગયું અકસ્માત શું સુખ ? ૪૯

દુઃસ્વપ્નો જોયાં અહા, તેનું ફળ વા એમ ?
સ્તવન કર્યું જે સૂર્યનું, ગયું વ્યર્થ શું તેમ ? ૫૦

કોને કહેવું દુઃખ આ ? આપે ધીરજ કોણ ?
થયું ચિત્ત ઉદ્વિગ્ન હા ! આપે શક્તિ કોણ ? ૫૧

જતાં પુત્રધન રાજ્ય પણ લાગે ઝેર સમાન;
દેખે તન્મુખ કોઈ ના, જેને ના સંતાન ! ૫૨

હોય સ્ત્રી જે વાંઝણી, ભિક્ષા ના લે ત્યાંય;
ધન્ય પુત્રવતી અહા, વંઘ થાય જગ માંહ્ય ! ૫૩

સૂનું ઘર સુત વિણ નકી, નિશ્ચય એ [૧]કાંતાર;
લૂખી સંપત્તિ બધી, વિના પુત્ર નિર્ધાર ! ૫૪

રાહ જુએ પિતૃગણો, સ્વર્ગે નિશ્ચય એમ;
થતાં સત્પુત્ર વંશમાં, દેશે મુક્તિ તેમ ! ૫૫

શું કરવું જીવી હવે ? ધિક્ વંધ્યત્વ પ્રમાણ !
મરવું બહેત્તર એ થકી !! જાય કેમ ના પ્રાણ ? ૫૬

એમ કહી મૂર્છિત પડે, થાય ન સાવધ એમ;
દાસીજન જઈ ભૂપને વદે વાત એ તેમ. ૫૭

સૂણી વચન એ ભૂપ ત્યાં, થયો ઉદ્વિગ્ન જાણ;
આવ્યો સત્વર દોડીને, પડી રાણી જ્યાં માન. ૫૮

કદલી ઝંઝાવાતથી પડે ભૂમિ પર જેમ,
તેમ શોકથી એ પડી; થાય ન સાવધ તેમ. ૫૯

નાંખે પંખો દાસીઓ, છાંટે પાણી જાણ;
તોએ ના ઊઠે અહા, વળે ન મૂર્છા માન. ૬૦

જોઈ નૃપ અંતર વિષે ગભરાયો એ એમ;
હાય હાય કહી તત્ક્ષણે પડ્યો ભૂ વિષે તેમ ! ૬૧

ક્ષણમાત્રે ઊઠે ફરી; પુનઃ સુમૂર્છિત જાણ
પડે પૃથ્વી પર દુઃખથી, કહે હન્ત હા માન ! ૬૨

દારુણ દુઃખે ભૂપ એ રડે ભ્રાંતવત્ એમ;
કહે મરું નિશ્ચય હવે; ધિક્ જીવન આ તેમ ! ૬૩

શોકરક્ત તન્નેત્ર એ જોઈ રવિ સંતાય;
જોઈ આંસુઓ અહા, મેઘ સુલજ્જિત થાય ! ૬૪

આક્રંદે ગો વત્સ વિણ, તેમ રાણીને એહ
જોઈ ભૂપ રડે અહા, સ્મરી પુત્રને તેહ ! ૬૫

કહેઃ- અભય આપી હરે ! કાં દુઃખાર્ણવ માંહ્ય
નાંખે ધક્કો મારીને ? કેમ ક્રૂર હરિ થાય ? ૬૬

આપી પુત્ર સ્વયં, કરે કેમ અપુત્ર સુજાણ ?
લાજ તને તારી હરે ! તારી ગત તું જાણ !! ૬૭

સહી દુઃખ ઉત્કટ અહા પામ્યો જે ફળ એમ,
કાં ખૂંચાવી લે પ્રભો ? ગમે આ તને કેમ ? ૬૮

કીધાં જે સત્કર્મ મેં, ગયાં વ્યર્થ શું હાય ?
ફૂટ્યું નસીબ માહરું, રૂઠ્યા શ્રીગુરુરાય ! ૬૯

થયો હર્ષ જે ચિત્તમાં; ડૂબ્યો અધવચ એમ;
વિના પુત્ર જીવન હવે લાગે ખારું તેમ ! ૭૦

ધિક્ [૨]પ્રાકારો ખાઈઓ, ધિક્ દરવાજા તેમ !
ધિક્ [૩]સૌધો સાર્ગલ[૪] અહા, થયું વ્યર્થ સહુ એમ !! ૭૧

ધિક્ સેના ધિક્ શસ્ત્ર એ, આવ્યું કોઈ ન કામ !
થતાં દૈવ પ્રતિકૂલ હા, સર્વ પ્રયત્ન હરામ !! ૭૨

કો વેરી ? ક્યાંથી ચઢ્યો ? હર્યો પુત્ર ક્યાં કેમ ?
ગયો ક્યાં રહી દુષ્ટ એ, દેખે કોઈ ન તેમ ? ૭૩

ઊભા [૫]અરિષ્ટ વેષ્ટીને, વીરો સશસ્ત્ર જાણ;
કેમ રહ્યા ગાફિલ અહા ? ધિક્ ધિક્ સર્વ સમાન ! ૭૪

યંત્ર મંત્ર પ્હેરો બધું, નિરર્થ સઘળું એહ !
કોણ હરી સુત એ ગયું ? અસુર દેવ નર તેહ ? ૭૫

તૂટ્યો ધાગો વંશનો ! રૂઠ્યું કુલદૈવત !
ગયું વ્યર્થ તપ હન્ત હા ! વ્યર્થ ધર્મ તદ્વત્ !! ૭૬

જતાં પુત્ર લાગે બધું નિષ્ફળ તપ ને દાન;
આવે કામ ન એકુએ ! નિર્બળ ધર્મ પ્રમાણ !! ૭૭

પિતૃ સાથ નિશ્ચય હવે, થાશે દુર્ગતિ તેમ;
દુરિત પૂર્વનું આ નડ્યું, થયું વિપરીત એમ ! ૭૮

ના સંતાન નસીબમાં, કહ્યું જોષીએ જાણ;
ના માની મેં વ્યર્થ એ, કીધું સાધન માન. ૭૯

કેવો મૂરખ હું અહા ! સહ્યાં કષ્ટ કાં વ્યર્થ ?
હઠે તપશ્ચર્યા કરી, પામ્યું કોણ [૬]સ્વર્થ ? ૮૦

૧. જંગલ. ૨. કિલ્લા. ૩. ઊંચા મહેલો. ૪. લોઢાના આગળા સહિત. ૫. સુવાવડખાનું. ૬. સત્ફળ.

ભજતાં અનન્ય ભાવથી, રક્ષે જે નિજ ભક્ત;
ગ્રહ્યા ચરણ તેના નકી, દૈવ ટાળવા સજ્જ. ૮૧

ના રીઝે યોગાદિથી, તપોદાનથી તેમ !
થયો તુષ્ટ મુજ પર અહા અત્રિપુત્ર એ એમ ! ૮૨

આપ્યું ફળ તેણે નકી, ભક્તવત્સલે જાણ,
રાખ્યો મેં વિશ્વાસ હા વચને તેના માન ! ૮૩

કેમ ઉપેક્ષે તે મુને ? સતતયુક્ત હું તેમ;
સ્વપ્ને દૈન્ય ન ભક્તને, વ્યર્થ વચન શું એમ ? ૮૪

ફરી મતિ શું માહરી ? થયો મોહ વા હાય ?
થઈ ભૂલ વા ? ના કંઈ ચાલે બુદ્ધિ ત્યાંય ! ૮૫

બહુરૂપી એ નાટકી, દત્ત દિગંબર જાણ;
યન્મહિમા સુર ના લહે ! કોણ મનુષ્ય પ્રમાણ ? ૮૬

દર્શનથી દુઃખ જે હરે, કરે સકળ જયકાર;
તે જ દુઃખ નિવારી આ, દેશે સુખ નિર્ધાર ! ૮૭

બ્રહ્માદિક પણ ના લહે યલ્લીલાને એમ,
સર્વેશ્વરને તે નમું; હરો દુઃખ એ તેમ ! ૮૮

પરબ્રહ્મ કેવળ કહ્યું, વંદું તત્પદ જાણ;
દોષ નિવારી સર્વ એ, રક્ષો બાળ પ્રમાણ ! ૮૯

હે વિશ્વંભર ! દત્ત હે ! રક્ષ રક્ષ નિજ ભક્ત !
તુજ વિણ કોઈ ના હવે !! મા થા આવો સજ્જ ! ૯૦

કુલ વિદ્યા ધન ચાકરી, ના દેખે તું જાણ;
જતાં શરણ ભાવે નકી, રાખે ચરણે માન ! ૯૧

ભલાભલા પણ આખડે, ડગલે ડગલે એમ;
હું તો મંદમતિ અહા, જો સામું પ્રભુ તેમ ! ૯૨

નાથ ! ભક્તવત્સલ વિભો લે શરણે આ દાસ;
પ્રાર્થું આર્ત થઈ તને, મા કર પ્રભો નિરાશ ! ૯૩

અનંત તું કાં અંત હા દેખે આમ સુજાણ ?
પ્રાર્થું દુઃખે દીન હું, રાખ ભક્તના પ્રાણ ! ૯૪

પુત્ર એ જ આત્મા કહ્યો; થતાં નષ્ટ એ તેમ,
સૂઝે ના મુજને કંઈ; દોડ દયાર્ણવ એમ ! ૯૫

અભયદાન દે બાળને, ક્ષમા કરી અપરાધ;
તુજ વિણ કોઈ ના મુને; સાંભળ મારો સાદ !! ૯૬

સ્મરી દત્તપદ એમ એ, પ્રાર્થે દીન સુજાણ;
વંદી ફરી ફરી ભાવથી, આયુરાજ ત્યાં માન. ૯૭

આક્રંદન એ સાંભળી, દ્રવ્યા દત્તપ્રભુ એમ;
પ્રેરે નારદને તિહાં, દેવા સાંત્વન તેમ. ૯૮

અલખ નિરંજનને કહે, આગળ વર્ણન એહ;
પુત્રશોકથી ટળવળે અત્રા દંપતી તેહ. ૯૯

કરુણરસે સઘળો ભર્યો, આ અધ્યાય પ્રમાણ;
થાય ગુરુકૃપા **રંગ** જો ટળે તો જ અજ્ઞાન ! ૧૦૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે પુત્રશોકવર્ણનં નામ ષટ્ચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૬ ॥ દોહરા ૧૦૦ ગીત ૧

અધ્યાય ૪૭

કર અપરાધ ક્ષમા પ્રભો ! વંદું ત્વત્પદ જાણ;
એમ કહી ધરતી વિષે, પડ્યો આયુનૃપ માન. ૧

થયું ચિત્ત ઉદ્વિગ્ન ને વહે અશ્રુ ચોધાર;
બોલે, દોડ દિગંબરા ! તુજ વિણ ના આધાર !! ૨

ચાર ભક્ત શ્રીદત્તના; અર્થાર્થી ને આર્ત;
ત્રીજો જાણ મુમુક્ષુ તું, ચોથો મુક્ત ઉદાત્ત. ૩

પુણ્યવંત ચારે નકી, એમાં ના સંદેહ;
તોએ જ્ઞાની મુક્ત જે, શ્રેષ્ઠ સર્વમાં તેહ. ૪

ઈશ્વર ભક્તિ આ નકી હોય પુણ્ય તો થાય;
નહીં તો ક્ષુદ્ર દૈવતો ભજતાં આયુષ્ જાય; ૫

જેમ વૃત્તિ [1]ઇષુકારની, રહે લક્ષ્યમાં જાણ;
તેમ ઈશ્વરે મુક્તની વૃત્તિ તન્મય માન. ૬

ચૂકે લક્ષ્ય ન એ કદિ, ભલે હોય સુષુપ્ત;
વૃત્તિ ઈશ્વરમાં સદા, રાખે સુદૃઢ યુક્ત. ૭

મનપૂર્વક જે થાય તે, થાએ સમ્યક્ જાણ;
ના તેવું કાયિક કદિ; નકી વેઠ એ માન. ૮

અંતર્નિષ્ઠ રહે સદા, જ્ઞાની તન્મય એમ;
યથા યારમાં જારિણી, મુક્ત ઈશમાં તેમ. ૯

બહુધા અંતર્નિષ્ઠ એ, બહિર્નિષ્ઠ કદિ જાણ
થાય; તોય [2]ચિદન્વયે સદા વ્યવહરે માન. ૧૦

જ્ઞાનિશ્રેષ્ઠ વરિષ્ઠ આ ચારેમાં પણ તેમ;
કનિષ્ઠ એથી જાણ તું, મુમુક્ષુ ભાવિક એમ. ૧૧

ચોંટે ચિત્ત ન ઘર મહીં, નીરસ વિષય પ્રમાણ;
ઉદાસીન વર્તે બધે, જાગ્રત્ ભજને માન. ૧૨

૧. બાણ ઘડનાર, મારનાર ૨. ચૈતન્યની વ્યાપ્તિથી; સઘળે એકજ ચૈતન્ય રહેલું છે એવા નિશ્ચિત જ્ઞાનથી.

ત્યજે કામ્ય કર્મો બધાં, કરે કર્મ નિષ્કામ;
ધરી કામના મોક્ષની, સદા સ્મરે હરિનામ. ૧૩

ઈશ્વરાર્પણબુદ્ધિથી કરે સર્વથા ધર્મ;
સ્વાધ્યાયે રત સર્વદા રહે પામવા શર્મ. ૧૪

જાણ મુમુક્ષુ એ નકી ! ત્રીજો આર્ત પ્રમાણ;
થતાં ભંગ આશા તણો, વર્તે ભજને માન. ૧૫

સાંસારિક દુઃખે થઈ તૃપ્ત ચિત્તમાં તેમ;
ભજે ઈશને ભાવથી આર્ત ભક્ત આ એમ. ૧૬

પુણ્ય વિના એ પણ કદિ, બને ન ભક્તિ જાણ;
ઊલટી નાસ્તિકતા વધે, સૂઝે અવળું માન ! ૧૭

થવા જ્ઞાની જિજ્ઞાસુતા, પ્રથમ જોઈએ જેમ;
સહેજે આર્ત થતાં સુધી, થાએ મુમુક્ષુ તેમ. ૧૮

સ્ત્રીધનપુત્રાદિક મહીં રાખે દૃષ્ટિ જાણ,
અર્થાર્થી જે સર્વથા ઇચ્છે મોક્ષ ન માન. ૧૯

તે પણ પુણ્યે ઈશને ભજે ભાવથી તેમ,
નહીં તો ક્ષુદ્ર દૈવતે રમે કામાર્થ એમ. ૨૦

ભજે ક્ષુદ્ર દૈવત અહા, ચિંતી ચિત્તે અર્થ;
મળે ભજનથી સર્વ એ, પડે મોહમાં વ્યર્થ. ૨૧

ફલદાતા ઈશ્વર નકી, પ્રેરે દૈવત તેમ;
ના જાણી જન આ પડે વ્યર્થ દુઃખમાં એમ. ૨૨

આપે ઈશ્વર સર્વ એ, જાણી એવું જેહ;
ભજે ઈશને સુકૃતી[1], અર્થાર્થી શુભ એહ. ૨૩

પાપી અર્થાર્થી નકી વળે ન ઈશે તેમ;
શીઘ્ર ફલપ્રાપ્તિ ચહી, ભજે દૈવતો એમ. ૨૪

ક્ષુદ્ર દેવવત્ ઈશ ના રીઝે સત્વર જાણ;
પાપ નાસતાં ભજનથી, દે પોતે વરદાન. ૨૫

પૂર્વવાસના સમ મળે, ભક્તિ તે તે તેમ;
પામર પણ જેથી તરે થઈ સુપાવન તેમ. ૨૬

કરતાં ભક્તિ એક પણ, ટળે દુર્ગતિ જાણ;
ફરે દુર્મતિ પૂર્વની, તરે તેમ નર માન. ૨૭

નાના સાધન મુક્તિનાં, સુલભ ભક્તિ ત્યાં એમ;
કષ્ટપૂર્ણ બીજાં બધાં, સુકર ભક્તિ સપ્રેમ. ૨૮

પડે કદાપિ દૈવથી કરતાં ભજન સુજાણ;
તારે ઈશ્વર એહને, કૃપા કરીને જાણ. ૨૯

મહત્ત્વ ઈશ્વરભક્તિનું જાણ નિશ્ચયે એહ;
પતન ન થાએ ભક્તનું, રક્ષે ઈશ્વર તેહ. ૩૦

હોય દુરાચારી કદિ દુર્વર્તન પણ તેમ
થાતાં ઈશકૃપા ફરે; પડે ભક્ત ના એમ. ૩૧

દુષ્ટ વાસના ક્રમ થકી થાએ નષ્ટ સુજાણ;
આવે શાંતિ ચિત્તમાં, ક્રમે વિરક્તિ માન. ૩૨

માટે ભક્તિ [2]ગરીયસી, સાધન અન્ય ન એમ;
માન નિરંજન નિશ્ચયે, મા શંકા કર તેમ. ૩૩

પુણ્યવાન આયુ નકી, ઉર્વશીનંદન જાણ;
દંભેર્ષ્યાદિ ત્યાગીને, થયો ભક્તવર માન. ૩૪

પુત્રાર્થી થઈ દત્તને ભાવે ભજતાં જાણ,
પામી પુત્ર હવે થયો દૈવે આર્ત સુજાણ ! ૩૫

સ્મરે દત્તપદ પૂર્વવત્, થયો આર્ત પણ એમ;
સકામ ભક્તિ પૂર્વની, થઈ દ્વિગુણ આ તેમ. ૩૬

જાણી એનું દુઃખ ત્યાં, બોલે દત્ત દયાળ
બોલાવીને બ્રહ્મસુતઃ- જા નારદ તત્કાળ ! ૩૭

શોકે પીડિત નૃપ અહા, થયો આર્ત તું જાણ;
ભક્ત માહરો એ નકી, બોધયોગ્ય તું માન; ૩૮

કરી તપશ્ચર્યા સુધી, થયો શુદ્ધ એ તેમ;
મંદ [3]મુમુક્ષા એહની, જા તીવ્ર કર એમ !! ૩૯

દત્તવચન એ સાંભળી, નારદ ત્યાંથી જાણ
મૂકી વીણા સ્કંધ પર, ગાતા હરિગુણ માન. ૪૦

આવ્યા વેગે નૃપ કને, બોલેઃ- હરિ હરિ એમ;
જોઈ રાજા તત્ક્ષણે વંદે મુનિપદ તેમ. ૪૧

આપી આસન પ્રેમથી, પૂજે ભૂપ સુજાણ;
કહેઃ- ધન્ય પગલાં કર્યાં દૈવે દેવ પ્રમાણ. ૪૨

સુદિન આજનો આ નકી, દીધાં દર્શન આમ;
થયો તૃપ્ત હું અંતરે, સરિયા સઘળા [4]કામ. ૪૩

સંતો સમ ત્રિભુવન મહીં ના ઉપકારી જાણ;
મેઘસમા વરસે અહા સદા કૃપામૃત માન. ૪૪

યદ્વંદનથી દેવ પણ થાએ સુતૃપ્ત તેમ;
ઢંઢોળીને મૂઢને, નિત્ય જગાડે એમ ! ૪૫

ડૂબું હું દુઃખાર્ણવે; જાણી એવું નાથ !
ભેજ્યા શું દત્તે ઈહાં, કરવા સહાય તાત ? ૪૬

આપ્યો મુજને ગુરુવરે, પુત્ર એક સુજાણ;
થયો નષ્ટ દૈવે અહા ! સૂઝે કાંઈ ન માન. ૪૭

વિરહાગ્નિ એનો નકી બાળે મુજને એમ;
કહો કૃપા કરી નાથ હે ! કરું હું હવે કેમ ? ૪૮

૧. સદાચારી; સત્કર્મી. ૨. અન્યથી શ્રેષ્ઠ. ૩. મોક્ષેચ્છા ૪. ઇચ્છા.

સૂણી વચન એનું મુનિ, વદે હસીને જાણઃ-
શું કહેવું તુજને અહો ? ત્વત્સમ મૂઢ ન માન. ૪૯

સ્મરતાં જેને ભાવથી, એક વાર પણ રાય !
થાએ ભવભંજન નકી, રહે દુઃખ ના ક્યાંય; ૫૦

સો વર્ષો એ દત્તની, કીધી સેવા તેમ !
તોએ દુઃખ રહ્યું હજી, કરે શોક તું એમ ? ૫૧

ગૌણાત્મા સુત નિશ્ચયે, જાણ્યો હોત સુજાણ;
કેમ શોક તદ્વિરહથી થાત આમ નાદાન ? ૫૨

થાએ વિસ્મય એ અતિ, ક્ષણભંગુર જે દેહ,
પુત્રસ્ત્યાદિક તેમ એ, માને શાશ્વત એહ ! ૫૩

મુખ્યાત્માને છોડીને, ગૌણાત્માની એમ
ચિંતા વ્યર્થ કરે અહા ! ભ્રાંતિ એ તુજ તેમ. ૫૪

દેહ વિકારી ઘટ સમો, તું તત્સાક્ષી માન;
નિર્વિકાર કેવળ અરે ! અજ અક્ષય તું જાણ. ૫૫

ભટક વૃથા મા ભ્રાંતિમાં; પ્રાણેંદ્રિય મન તેમ,
બુદ્ધ્યાદિકથી વેગળો, જાણ સાક્ષી તું એમ. ૫૬

દેહસ્ત્યાદિક જેહને લાગે પ્રિય તે જાણ,
ચાલક તું ચુંબક સમો, એક સર્વથા માન. ૫૭

ત્વદ્યોગે દેહાદિ આ, ભાસે ચેતનવત્;
સાક્ષી મન ઇંદ્રિય તણો, તું નિશ્ચલ જાગ્રત્ ! ૫૮

દેહેંદ્રિય મનબુદ્ધિનો સાક્ષી વિભુ જે એક,
ના જાણી તેને અહા, રડે મૂઢવત્ છેક !! ૫૯

થતાં લીન બુદ્ધિ તિહાં, સુષુપ્ત્યવસ્થા જાણ;
એ જ બુદ્ધિ જાગ્રત થતાં, જાગ્રદવસ્થા માન. ૬૦

બુદ્ધિનિષ્ઠ આ જગ બધું; તું તત્સાક્ષી સ્પષ્ટ;
અસ્પૃષ્ટ એ સર્વથી, તને શોક ના કષ્ટ ! ૬૧

યત્પ્રીત્યર્થ કહ્યાં નકી સ્ત્રીપુત્રાદિક સર્વ;
તત્પ્રીત્યર્થ ન જે કદિ, આત્મા એ સત્ શર્વ. ૬૨

સર્વ થકી પર જે કહ્યો, તે તું નિશ્ચય જાણ;
કહે સર્વજ્ઞ જેહને; પાલક ઈશ સુજાણ ! ૬૩

રમે જીવરૂપે અહા પ્રતિદેહે જે તેમ,
યજ્ઞાને સઘળું લહે, વ્યાપક સઘળે એમ; ૬૪

કર્તૃત્વાદિક જીવને યદ્યોગે તું જાણ,
કર્મસાક્ષી જે કર્મફળ આપે અસંગ માન; ૬૫

માયા તત્કાર્યાદિથી સદા અસ્પૃષ્ટ એમ,
નેતિ નેતિ કહી વર્ણવે, જેને વેદો તેમ; ૬૬

સચ્ચિત્સુખમય જે સદા, પૂર્ણાનંદ પરેશ;
તે પરમાત્મા હું નકી, અજ અક્ષય અક્લેશ !! ૬૭

લક્ષ્યાર્થે એવું લહી, રહેતાં ઉદાસ જાણ;
પાપ તાપ ક્યાંથી રહે, જ્યાં એકજ એ માન ! ૬૮

દેહ મિલન નશ્વર નકી, મિથ્યાત્મા એ તેમ;
સાક્ષી મુખ્યાત્મા કહ્યો, નિત્ય શુદ્ધ જે એમ, ૬૯

ગૌણાત્મા સુત જાણ તું, કેવળ દુઃખનિધાન;
જ્ઞાનવિવેકે એ રહે, સદા સ્વસ્થમન માન ! ૭૦

અદ્વૈતામૃતપાનથી, થાય ક્લેશનો નાશ;
ના જાણી અજ્ઞાની એ, રડે નિરંતર ખાસ ! ૭૧

ના થાતાં સુત તેમને, આપે સંતત દુઃખ;
આવે ગર્ભે તોય પણ, પડવા ના દે સુખ ! ૭૨

પ્રસૂતિસમયે વેદના આપે મરણપ્રાય;
થાતાં જન્મ, ગ્રહાદિની ચિંતાથી દુઃખ થાય !! ૭૩

વ્યાધિગ્રસ્ત થતાં તિહાં, વિહ્વળ મા ને બાપ;
લડે પડે મોટો થતાં, થાએ તેથી તાપ ! ૭૪

નીવડે મૂરખ જો અહા, ચિંતાનો નહિ પાર;
દૈવે પડતાં વ્યસનમાં, મારે મૂગો માર ! ૭૫

વરસ ગણે માતા પિતા; કહે વિવાહ ન થાય;
આગળ આની શી ગતિ ? થશે ઈશ શું, હાય ? ૭૬

થતાં લગ્ન દૈવે તિહાં, ચોંટે ના જો પ્રેમ;
લડે પરસ્પર દંપતી, ચિંતા મોટી તેમ ! ૭૭

રહે પરસ્પર તુષ્ટ એ, થાએ ના સંતાન;
તોએ અન્ય વિવાહની, ચિંતા માથે માન !! ૭૮

દૈવે ઘરમાં અન્ન ના, સંતતિ પુષ્કળ તેમ;
થાય કેમ નિર્વાહ એ, ચિંતા ઊભી એમ ! ૭૯

કેવળ પુત્રાત્મા વિષે, રાખી દૃષ્ટિ જાણ;
રહેતાં અન્ત ન દુઃખનો, આવે કદિએ માન. ૮૦

થયો પ્રસવ ના ત્યારથી, સુતશોકાનલ એમ
બાળે જીવતાં નિશ્ચયે, માતપિતાને તેમ ! ૮૧

નશ્વર સંતતિસૌખ્ય આ, જાણી એમ સુજાણ;
થા સુસ્થિર અંતર મહીં, આત્મવિવેકે માન. ૮૨

ગૌણાત્માનો પ્રેમ એ ત્યાગી માયિક તેમ;
મુખ્યાત્મામાં પ્રેમથી રહે યુક્ત તું એમ. ૮૩

જેને માટે શોક તું કરે ભૂપ તે જાણ,
પુત્ર તાહરો હુંડ એ ગયો હરીને માન. ૮૪

માની શત્રુ, મારવા લઈ ગયો એ એમ;
છૂટ્યો ત્યાંથી દૈવથી, છે આનંદે તેમ. ૮૫

કોઈ એક મુનિ તણા આશ્રમમાં એ જાણ;
મા ચિંતા કર ભૂપ હે ! પુત્ર સુખી તુજ માન. ૮૬

મારી આગળ શત્રુને, ભણીગણીને તેમ;
વરી સુંદરી નિશ્ચયે આવી મળશે એમ. ૮૭

મા કર ચિંતા એહની, કરશે રાજ્ય સુજાણ;
આ જ દેહથી બેસશે ઇંદ્રપદે એ માન ! ૮૮

કહી એમ નારદ તિહાં ગયા સ્વર્ગમાં તેમ;
થઈ હૃષ્ટ નૃપ પત્નીને કહે સકળ એ એમઃ- ૮૯

આત્માનાત્મવિવેક જે બોધ્યો મુનિએ જાણ;
સ્મરી અંતરે તે પ્રિયે, ત્યાગ શોક આ માન ! ૯૦

કોણ પુત્ર કોનો અહા ? વ્યર્થ મોહ એ તેમ;
સ્નેહપાશ એ તૂટતાં, થાય શાન્ત મન એમ. ૯૧

કરી યત્ન મેં દત્તને કીધા પ્રસન્ન જાણ;
માગ કહેતાં પુત્ર વિણ ના માગ્યું કંઈ માન ! ૯૨

એકજ વરદાને પ્રભુ ગૂઢ સૂચવે એમ;
થશે પુત્ર દુઃખદ નકી; ના જાણ્યું મેં તેમ ! ૯૩

વધે વંશ એ મોહથી વ્યર્થ ફસાયો જાણ,
માગ્યું નશ્વર દાન હા ! હવે જાણ્યું એ માન !! ૯૪

વદે વેદ પરોક્ષ જે, સમજે મૂઢ ન તેમ;
સમજી ઊંધું ભટકતાં, થાએ અનર્થ એમ. ૯૫

કહ્યું નારદે એ હવે, સમજ્યો સકળ પ્રમાણ;
કીધી સેવા દત્તની, તેનું ફળ એ માન. ૯૬

તપોયજ્ઞજપદાનથી ના દર્શન દે તેમ;
ભક્તિગમ્ય શ્રીદત્ત એ રીઝ્યા મુજ પર એમ. ૯૭

જાણ તેહનો નિશ્ચયે સઘળો આ ઉપકાર !!
સૂણી વચન રાણી કરે પ્રેમે જયજયકાર ! ૯૮

નમસ્કાર કરી દત્તને, બોલે ગદ્‌ગદ્ એમઃ
મૃતસંજીવન સમ અહા, વચન નાથ આ તેમ ! ૯૯

સર્વ વેદના સારમય નારદવાણી એહ,
સૂણી ચિત્ત મારૂં થયું શાન્ત સર્વથા તેહ. ૧૦૦

થઈ કૃપા શ્રીદત્તની, આવ્યા નારદ તેમ;
થઈ દૂર ભ્રાંતિ બધી, વંદું તત્પદ એમ. ૧૦૧

જય જય દત્ત દયાનિધે ! પુરુષોત્તમ માધવ !
જય અધોક્ષજ જય વિધે ! જય અચ્યુત કેશવ ! ૧૦૨

કર્તા ભર્તા એક તું, સંહર્તા તું એમ;
જય મૃત્યુંજય નરહરે ! વંદું તુજને તેમ !! ૧૦૩

અનેક રૂપે એક તું, માયાચાલક જાણ;
ગુણ દ્રવ્ય ક્રિયા વિષે, ભાસક તુંજ પ્રમાણ. ૧૦૪

બ્રહ્માંડોત્પાદક વિધિ[1], સંહારક શિવ એમ;
પાલક વિષ્ણુ તું નકી, શક્તિ પણ તું તેમ ! ૧૦૫

જય [2]અપર્ણેશ્વર નમું, જય લક્ષ્મીવર જાણ;
સાવિત્રીહૃદ્વાસી હે ! વંદું તુજને માન. ૧૦૬

માયાયોગે એક તું, ભાસે અનેક તેમ;
દેહદેહમાં ભિન્ન તું, ભક્તોદ્ધારક એમ. ૧૦૭

લીલા તારી આ નકી, કેવળ અપરંપાર;
લે દાસીને શરણમાં, કર કરુણા ભવતાર. ૧૦૮

મોહશૃંખલા માહરી તોડી સત્વર એમ;
કામાદિક રિપુ[3] મારીને, કર નિર્ભય વિભુ તેમ ! ૧૦૯

લગાડ લગની ભજનની, જગાડ આત્મવિવેક;
ભગાડ ભેદો, જે થકી થાઉં અસંગ છેક ! ૧૧૦

ના જાણી ત્વત્પદ હરે, કીધા નાના ફંદ;
ત્વદ્‌ભજનામૃતસ્વાદમાં ફરૂં હવે સ્વચ્છંદ ! ૧૧૧

વિષય ઇચ્છતાં વિષયનું આપે પ્રેમે દાન;
આપી મોક્ષ મુમુક્ષુને તેમ રમાડે માન. ૧૧૨

ચિંતામણિ સમ તું નકી, હરે આર્તનાં દુઃખ;
જ્ઞાનીને નિજ પદ વિષે સ્થાપી આપે સુખ. ૧૧૩

તુંજ ગતિ મારી વિભો ! ત્વદ્ઘિણ ના આધાર;
એમ ઇન્દુમતી તિહાં, પ્રાર્થે વારંવાર !! ૧૧૪

આયુરાજ પણ વંદીને, વિનવે તેમ સુજાણ;
સળગ્યો ભવદવ ચોદિશે, રક્ષ રક્ષ ગુરુ માન ! ૧૧૫

વંદું દત્ત પદાંબુજ સાર !.....ટેક.
ગાએ મુખ આ ત્વદ્‌ગુણ તારક, જુએ નેન છબી હાર;
થાય ચિત્ત ત્વદ્રૂપે તન્મય; દ્વૈતામય[4] સંહાર !... વંદું.....૧
ના માગું બીજું ધન કાંઇ, દે સેવા ભવતાર;
તું જગમાં જગ તુજમાં નિરખું; મહિમા અપરંપાર ! વંદું....૨
એક અનેક બધે તું વ્યાપ્યો, સચ્ચિત્સુખ સોહાય;
કર્મબંધ કાપી કાતીલ આ, દે નૈષ્કર્મ્ય સદાય !.... વંદું....૩

૧. બ્રહ્મા. ૨. પાર્વતીપતિ. ૩. શત્રુ ૪. દ્વૈતરૂપી રોગ.

ભેદી ભેદ ભયાનક ભવહર, હર ભ્રાંતિ નિઃસાર;
ના હું ના તું ના જગ કાંઇ; એક અનેક અસાર !.... વંદું....૪
જે છે તે છે, ના તે ના કછું; નિરાકાર સાકાર !!
રંગરૂપ વિણ એક દિગંબર, [1]જનિમૃતિસંશય ટાળ !!....વંદું.....૫

એમ દંપતી બેઉ ત્યાં, સ્મરી દત્તપદ જાણ;
છોડી ચિંતાશોકને, થયાં સ્વસ્થમન માન. ૧૧૬
પુત્ર નહુષ આ ગમ વધે, મુન્યાશ્રમમાં એમ;
વધે હુંડને કેમ એ આગળ વર્ણન તેમ. ૧૧૭

દત્તાજ્ઞાથી નારદે બોધી આત્મજ્ઞાન;
હર્યો શોક દંપતી તણો **રંગ** અત્ર એ જાણ. ૧૧૮
અલખ નિરંજનને કહેઃ- ભજતાં ભાવે તેમ,
કેમ વિસારે શ્રીહરિ, સ્વભક્તવત્સલ તેમ ? ૧૧૯

કાચા ઘટમાં ના ટકે, પાણી જેમ સુજાણ; તેમ ભક્તિ શ્રદ્ધા વિના, કાચો **રંગ** પ્રમાણ !! ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે શોકનિદાનકથનં નામ સપ્તચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૭ ॥ દોહરા ૧૨૦ ગીત ૧ (ખંડ પારાયણ ૬ઠ્ઠો દિવસ)

અધ્યાય ૪૮

અદ્‌ભુત લીલા ત્રીશની ! પ્રેરી વસિષ્ઠ એમ;
રક્ષે સ્વભક્તપુત્રને, ભક્તવરદ એ તેમ. ૧

દત્તપ્રેરણાથી તિહાં, છોડી આત્મધ્યાન;
નહુષપાલને સર્વદા, રહે દક્ષ મુનિ માન. ૨

વસિષ્ઠશિક્ષણથી થયો નૃપસુત સમર્થ એમ;
શસ્ત્રશાસ્ત્રમાં નિપુણ ને ધનુર્વેદવિદ્ તેમ. ૩

આડો ચાલે ના કદિ, ના ઉદ્ધત કદિ જાણ;
વિનયનમ્ર વર્તે સદા, રહી સમીપે માન. ૪

નિંદાસ્તુતિમાં ચિત્ત ના રાખે કદિએ એમ;
રહે દક્ષ અભ્યાસમાં, થયો નિપુણ એ તેમ. ૫

જોઈ વર્તન એહનું, વદે તુષ્ટ મુનિ જાણ;
ક્ષત્રિય તું, જા વન વિષે,માર હિંસ્ર પશુ માન ! ૬

ગુર્વાજ્ઞાથી એમ એ લઈ ધનુષ ને બાણ;
ગયો વન વિષે એકદા, મૃગયા રમવા જાણ. ૭

પાડે જનને આપદા મારી ગવાદિક જેહ;
મારે વનમાં તેમને, વ્યાઘ્રાદિકને એહ. ૮

જોઈ શૌર્ય એ એહનું, અચૂક અનુસંધાન;
બોલે હૃષ્ટ થઈ સુરો, [2]વ્યોમવાણીથી માનઃ- ૯

સોમવંશ્ય નૃપ આયુ જે, તત્સુત તું નિર્ધાર;
ઈન્દુમતીના ઉદરમાં, જન્મ્યો નિશ્ચય બાળ ! ૧૦

આવ્યો દૈવે તું ઇહાં, વસિષ્ઠાશ્રમે જાણ;
માતપિતાને મળ જઈ, છોડી આ અભિમાન. ૧૧

માને નર નિજ [3]ચર્વ્ય જે, દૈત્યાધમ એ હુંડ;
માન શત્રુ એ તાહરો, ઉડાવ તેનું [4]મુંડ. ૧૨

તત્કારાગૃહમાં તપે અશોકસુંદરી જાણ;
વરી તેહને શીઘ્ર તું, જા નિજ પુરમાં માન. ૧૩

નકી નિજબળે દૈત્યને, હણીશ તું નૃપ તેમ;
દત્તવરે સુસમર્થ તું, મા કર ચિંતા એમ. ૧૪

વ્યોમધ્વનિ[2] એવો સૂણી, ચિંતે નહુષ સુજાણ;
વસિષ્ઠનંદન હું નકી ! આ શું વદે પ્રમાણ ? ૧૫

વદે દેવ આ વ્યોમમાં ? અથવા કપટી એમ
મતિભ્રંશ કરવા મથે, ગુપ્તપણે આ તેમ ? ૧૬

નાના તર્ક કરે તિહાં, સૂણી વચન એ જાણ,
આવી આશ્રમમાં કહે, વંદી મુનિને માન. ૧૭

સુણી વચન એ મુનિ વદેઃ- નહુષ ! સત્ય તું એમ
આયુપુત્ર, મા તાહરી જાણ ઈન્દુમતી તેમ. ૧૮

સર્વતંત્રાસ્વતંત્ર જે દત્તાત્રેય સુજાણ,
તત્કૃપોદ્‌ભવ તું નકી, રક્ષે તે જ પ્રમાણ. ૧૯

હતો ગર્ભમાં તું જિહાં, જાણ્યું દૈત્યે તેમ;
કર્યો યત્ન હણવા તને, રક્ષ્યો ત્યારે એમ ૨૦

શ્રીદત્તે નિજ ચક્રને રાખી ફરતું જાણ;
તોએ હુંડ ન એ ખસ્યો [5]છિદ્રાન્વેષી માન. ૨૧

આયુપુત્ર આ મારશે મુજને માની એમ,
જન્મ થતાં માયાબળે હરે એ તને તેમ. ૨૨

લઈ જઈ નિજ નગરમાં, હણવા તુજને જાણ
સોંપે પત્નીને તિહાં; સ્ત્રી દાસીને માન ! ૨૩

પડ્યો નાસ્તિકોના અહા, નકી હાથમાં તેમ !
તોએ જીવિત તાહરું, રક્ષ્યું દત્તે એમ !! ૨૪

૧. જન્મમરણનો ભય. ૨. આકાશવાણી. ૩. ચવાણું. ૪. માથું. ૫. ૧ છિદ્ર-બારું શોધનાર (૨) દોષ જોનાર

સુણ નહુષ આશ્ચર્ય એ; લઈ દાસીએ જાણ,
આપ્યો બલ્લવકર વિષે, વધવા તુજને માન. ૨૫

ઇંદ્રવજ્ર સમ શસ્ત્ર એ લઈ હાથમાં તેમ,
મારે તુજને ત્રણ વાર બલ્લવ નિર્દય એમ ! ૨૬

રાખી આડું ચક્ર ત્યાં, ત્યાંએ રક્ષે દત્ત;
વૃથા પછાડે શસ્ત્ર એ, દૈત્ય દુષ્ટ ઉન્મત્ત !! ૨૭

દાંત હોઠ ચાવે અહા ! થયો ક્રોધથી લાલ !!
તૂટ્યાં શસ્ત્રો કેટલાં ! થાય ન વાંકો વાળ !! ૨૮

જોઈ એવું ચિત્તમાં થયો સુવિસ્મિત જાણ;
દેખી શાન્તિ તાહરી, પલળ્યો મનમાં માન. ૨૯

આવી કરુણા ક્રૂરને, મૂકી દીધાં શસ્ત્ર;
કહે દાસીનેઃ- આપણું ના ચાલે અહીં અસ્ત્ર ! ૩૦

કરે દેવ આની નકી રક્ષા કોઈ જાણ;
માટે મૂકી આવીએ આને કયાંએ માન. ૩૧

એમ કહી તુજને અહીં, આણી મૂકે તેમ;
દૈવ બલી, માટે કરે દત્ત સુરક્ષણ એમ. ૩૨

જાણી ધ્યાને સર્વ આ, કીધું પાલન જાણ;
ના મોકલ્યો નગરમાં, દૈત્યભીતિથી માન. ૩૩

જીવું તું એ ના લહે[૧] હુંડ દુષ્ટમતિ એમ;
નહિ તો અહિંયા આવીને, કરે ઉપાધિ તેમ. ૩૪

શાપે અશોકસુંદરી પૂર્વે એને જાણઃ-
નહુષ આયુસુત મારશે, નકી તને ખલ માન ! ૩૫

નાંખી કારાગૃહ મહીં, દૈત્યે એને તેમ;
વરવા તુજને તપ કરે, ત્વન્મય કેવળ એમ. ૩૬

જા માટે વેગે હવે, મારી દૈત્ય સુજાણ;
માતપિતાને જઈ સુખે દે દર્શન તું માન. ૩૭

વિશ્વપાલ શ્રીદત્ત જે, રક્ષો તુજને તેમ;
ચિંતી ત્વપદ ભાવથી, જા હુંડ વધ એમ. ૩૮

મા વિલંબ કર નૃપ હવે, મહાબાહુ તું જાણ;
થા વિજયી ! વધ દૈત્યને !! થાઓ ત્વત્કલ્યાણ !!! ૩૯

આપો બળ દેવો તને, પિતૃગણો વર તેમ;
આપો યશ મંત્રો સદા, આયુષ્ વિપ્રો એમ ! ૪૦

દિઙ્મંડલ વ્યાપો બધું, ત્વત્કીર્તિથી જાણ;
લે આશિષ આ માહરી, જા વિજયી થા માન !! ૪૧

વચન વંદ્ય શિરસા કહી, નહુષ ગળગળો થાય,
વંદી મુનિપદ ભાવથી, અર્પે ચરણે કાય ! ૪૨

કહેઃ- વદું શું હું ગુરો ? જાણો સઘળું આપ;
ચરણ સેવતાં આ ટળે દારુણ સઘળા તાપ. ૪૩

નાસે કામાદિક બધા અંતઃશત્રુ તેમ;
બાહ્યશત્રુ હુંડાદિ એ, કોણ માત્ર ત્યાં એમ ? ૪૪

વૈનતેય[૨] જોઈ સ્વયં, નાસે અહિગણ જેમ;
ભવત્કૃપાથી [૩]અરિગણો, થાશે નિર્બલ તેમ. ૪૫

ના ચિંતા મુજને કશી; સ્મરી ચરણ આ નાથ,
અખિલ દૈત્યકુળ હુંડ સહ મર્દીશ હું સાક્ષાત્ ! ૪૬

એમ કહી ચરણે પડે; સૂંઘી મસ્તક તેમ,
ઊઠાડી મુનિ પ્રેમથી કહેઃ- જયી થા એમ. ૪૭

પિતૃદેવ વિપ્રો સદા વારી અરિષ્ટ જાણ,
રક્ષો [૪]દ્યાવાભૂમિ આ, પૂષા[૫] અઘહર માન ! ૪૮

આશિષ એવી આપતાં વસિષ્ઠ પ્રેમે એમ;
ચાલ્યો નહુષ ત્વરા થકી, સ્મરી દત્તપદ તેમ. ૪૯

કહેઃ- ન નમતાં ગર્ભથી આજ સુધી જે જાણ;
રક્ષ્યો દત્તે સ્નેહથી, વંદું તત્પદ માન. ૫૦

કરી ક્ષેમ રણમાં પ્રભુ દેજો જય તે એમ;
પૂર્ણ કરી સહુ વાસના, લેજો સેવા તેમ. ૫૧

નાસ્તિકને દંડે સદા, રક્ષે આસ્તિક જાણ;
તે જ દત્ત મારો નકી, રક્ષક એક પ્રમાણ. ૫૨

સાધુમનોવિશ્રામ જે, તચ્ચિંતનથી એમ;
ટળી ખેદ મારો સહુ, વરો વિજયશ્રી તેમ; ૫૩

ગાતાં ગુણ જેના અહા, થાકે [૬]અહિપતિ જાણ !
બૃહસ્પતિ પણ મૂક જ્યાં, હું તો કોણ પ્રમાણ ? ૫૪

ભાવે જોડી બેઉ કર, વંદું તેને એમ;
રક્ષો કૃપા કરી મને, દત્ત યોગિવર તેમ. ૫૫

રણે પરસ્પર ઝઘડતાં, અથવા સંકટ માંહ્ય,
કપટે કોઈ મારતાં, રક્ષો એ યતિરાય ! ૫૬

નડો વિઘ્ન ના ગમનમાં, રક્ષો દેવો એમ;
સુજલ અન્ન સમયે મળો, સુખે આગમન તેમ. ૫૭

લડતાં યુદ્ધે જેહને બોલાવે સહુ જાણ;
કરો ઇંદ્ર સાહાય્ય તે, રક્ષી ડરથી માન ! ૫૮

કરે સ્તવન એવું તિહાં, નહુષ પ્રેમથી એમ;
જોઈ એનું ધૈર્ય એ, થાય હૃષ્ટ સુર તેમ. ૫૯

ડોલાવે માથું અહા, કરે સુમનવર્ષાવ !
ચાલ્યો વેગે નહુષ ત્યાં, થાય શુકન શુભભાવ !! ૬૦

૧. જાણે. ૨. ગરુડ. ૩. શત્રુસમૂહ. ૪. આકાશ અને પૃથ્વી. ૫. સૂર્ય. ૬. શેષનાગ.

સ્હામે ગો કન્યા મળે, દહીં પુષ્પ ફળ તેમ;
પૂર્ણકુંભ બે દ્વિજવરો, મૃગ [1]પ્રદક્ષિણ એમ. ૬૧

જોઈ એવા શુકન એ, થાએ સુહૃષ્ટ જાણ;
ચાલે આનંદે તિહાં દેખે સુરપતિ માન. ૬૨

કહે ઈંદ્રઃ- દેવો અરે ! શૂર નહુષ આ એમ
જાય પગે લડવા જુઓ, દેવદ્વિજાર્થ તેમ. ૬૩

કરો સહાય તમે બધા, રણમાં એને ત્યાંય;
રથ મારો હું મોકલું, જેથી વિજયી થાય ! ૬૪

એમ કહી દેવેન્દ્ર ત્યાં, સારથિને નિજ જાણ
બોલાવી તત્ક્ષણ વદેઃ- આજ્ઞા માતલિ માન. ૬૫

લઈ [2]સાશ્વ રથ નહુષને જા સત્વર મળ એમ;
છત્ર કવચ [3]તૂણીર ને [4]ચાપ શસ્ત્ર સહ તેમ. ૬૬

વિવિધ અસ્ત્ર કિરીટ ને કુંડલાદિક જાણ.
કેયૂરાલંકાર સહ જા સત્વર લઈ માન. ૬૭

ઈંદ્રવચન એ માતલિ માની શિરસા એમ;
આવ્યો સર્વ લઈ તિહાં, મળ્યો નહુષને તેમ. ૬૮

ગુરુપદ ચિંતી ભાવથી ચાલે નહુષ સુજાણ;
ત્યાં તો આવી માતલિ, વદે સવંદન માનઃ- ૬૯

દેવેંદ્રે રથ મોકલ્યો સામગ્રી સહ એમ;
સ્વીકારી એ યુદ્ધમાં, થા વિજયી નૃપ તેમ. ૭૦

સર્વપૂર્ણ એ જાણ તું, અભેદ્ય કેવળ માન !
સૂણી વચન આનંદથી, સ્વીકારે નૃપ જાણ; ૭૧

રત્નજડિત શિર પર ધરે મુકુટ પ્રેમથી એમ;
કાને કુંડલ ઝગઝગે, હાર કંઠમાં તેમ. ૭૨

તેજસ્વી દઢ કવચ એ પહેર્યું અંગે જાણ;
અનુક્રમે સર્વાયુધો, બાંધે સમંત્ર માન. ૭૩

વંદન કરી રથને પછી, પ્રદક્ષિણા કરી એમ,
સ્મરી દત્તપદ મંત્ર સહ, બેસે રથમાં તેમ. ૭૪

ઊડે ફરફર રણધ્વજા, શ્વેત અશ્વ સોહાય;
શોભે રવિસમ નહુષ એ, વીરશ્રીથી ત્યાંય. ૭૫

કહે માતલિ વેગથી હાંક હવે રથ એમ !
સૂણી વચન નૃપપુત્રનાં, કરે સારથિ તેમ. ૭૬

લીધો ચાબૂક હાથમાં, ખેંચી લગામ જાણ;
ત્યાં તો વાયુ સમ અહા ! ઊડ્યો રથ એ માન. ૭૭

વિશ્વંભર શ્રીદત્ત એ થતાં સ્વયં સહાય,
શું ન્યૂનત્વ રહે તિહાં ? અવળું સવળું થાય !! ૭૮

તેત્રીસ કોટિ દેવગણ, દોડ્યા સર્વે તેમ;
કહેઃ- નહુષ ! આવ્યા અમે સહાયાર્થ સુર એમ. ૭૯

વદે નહુષઃ- હે દેવગણ ! દત્ત મહારો પ્રાણ;
તે જ કરાવે આ બધું; ના શંકા ત્યાં આન. ૮૦

માનું ગુર્વાજ્ઞા સદા તેથી નિશ્ચય એમ;
કષ્ટ નિવારી સર્વ એ, રક્ષે મુજને તેમ. ૮૧

ભક્તેચ્છાપૂરક નકી, દત્ત યોગિવર એહ;
થાતાં સહાય તે સ્વયં, રહે ન્યૂન ક્યાં તેહ ? ૮૨

એમ કહી આગળ વધે; અશોકસુંદરી એમ
જાણી રંભાને તિહાં પ્રેરે સત્વર તેમ. ૮૩

બોલે સ્હામી આવીને રંભા તેમ સુજાણઃ-
સાંભળ મારૂં નહુષ હે ! મા કર તું અપમાન. ૮૪

રંભા હું; મારી સખી અશોકસુંદરી જેહ,
જાણી ત્વદાગમ[5] ધ્યાનથી, મને મોકલે તેહ. ૮૫

પડી હુંડકારાગૃહે, ચિંતે તુજને જાણ;
કરી મુક્ત વર એહને, સાંભળ વિનંતિ માન. ૮૬

પડી બંધને તોય એ, જાણ નિર્દોષ એમ;
બોલું જો મિથ્યા, પડો તૂટી જિહ્વા તેમ ! ૮૭

વદે નહુષઃ- તું જા હવે, મા કર વિલંબ જાણ;
જાણું યથાર્થ હું બધું પ્રથમથી જ તું માન. ૮૮

થતાં હુંડવધ નિશ્ચયે, થાશે સઘળું તેમ;
મા ઘેલી થા કામિની, ધીરજ મીઠી એમ !! ૮૯

થઈ તુષ્ટ રંભા ગઈ, ભૂપવચનથી જાણ;
વદે સખીનેઃ- મા હવે ચિંતા કર તું માન. ૯૦

સુયોગ એ ઈપ્સિત નકી આવ્યો પાસે એમ !
સૂણી અશોકસુંદરી થઈ હૃષ્ટ ત્યાં તેમ. ૯૧

ત્યાંથી વેગે નહુષ એ દેવસૈન્ય સહ જાણ,
આવ્યો કાંચનપુર વિષે યુદ્ધોત્સાહે માન. ૯૨

દેવ સિદ્ધ સાધ્યો અને વિદ્યાધર પણ તેમ;
યક્ષ ગંધર્વ કિન્નરો, નાગ ગુહ્યકો એમ. ૯૩

કોલાહલ મોટો કરે, આવી વેગે જાણ;
સૂણી શોર જાગ્રત થયો, હુંડ નિંદથી માન. ૯૪

સૂતો'તો આનંદથી, જાગ્યો ત્યાંથી તેમ;
કહેઃ- કોણ શત્રુ અરે કરે ઘોંઘાટ એમ ? ૯૫

જઈ દૂત જો કોણ એ ! આવ્યો ક્યાંથી, કેમ ?
સૈન્ય કેટલું ? કાં ઈહાં માગે મૃત્યુ તેમ ? ૯૬

૧. જમણી બાજુ ૨. ઘોડા સાથે. ૩. બાણકોષ; ભાથો. ૪. ધનુષ. ૫. તારૂં પધારવું.

જાણી સઘળું વેગથી, પાછો આવ સુજાણ !
એમ કહીને હુંડ એ, દૂત મોકલે માન. ૯૭

આવી પાસે યત્નથી, જાણી સઘળું તેમ;
વદે જઈ [1]વાપિસ તિહાં, સૂણ દૈત્યપતિ એમઃ- ૯૮

આયુરાજસુત નહુષ એ દેવગણો સહ જાણ;
આવ્યો કરવા તાહરો ઘાત નિશ્ચયે માન. ૯૯

સૂણી વચન ક્રોધે થયો લાલચોળ એ તેમ;
પૂછે પત્નીનેઃ- અરે ! માર્યો [2]અર્ભક એમ ? ૧૦૦

માર્યો સમક્ષ વા કહે આપ્યો કોને કેમ ?
કહે પત્નીઃ- દાસી કરે માર્યો સમક્ષ તેમ ! ૧૦૧

હાડચામ પણ એહના, ફેંક્યાં વ્યર્થ ન જાણ !!
સૂણી વચન પૂછે તિહાં દાસીને એ માનઃ- ૧૦૨

બોલ રાંડ ! કોણે હણ્યો બાળક પેલો એમ ?
બોલે દાસીઃ- મેં નકી રાણી સંનિધ તેમ. ૧૦૩

માર્યો નિશ્ચય બાળ એ, સત્ય સત્ય ત્રિવાર;
હાડચામ સહ એહનો, કીધો પાક રસાળ ! ૧૦૪

ખાધો આપે મોજથી ! કાં ગુરૂરાઓ એમ ?
ચાવી જીભ વદે અસુરઃ- ક્યાંથી આવ્યો તેમ ? ૧૦૫

મારી શત્રુ, સર્વને કરીશ શિક્ષા જાણ;
ક્યાંથી આવ્યો જો હણ્યો ? હન્ત દૈવ બલવાન ! ૧૦૬

એમ કહી આજ્ઞા કરે સર્વ સૈન્યને તેમઃ-
ચાલો લડવા દૈત્ય હે ! આવ્યો શત્રુ એમ. ૧૦૭

જીવાશા ઉરમાં ધરી, રહેશે જે ઘર માંહ્ય;
હણી તેમને નિશ્ચયે, પછી જઈશ હું ત્યાંય. ૧૦૮

એમ કહી સેનાપતિ નીમી પાંચ સુજાણ,
દે યુદ્ધાર્થે મોકલી સર્વ સૈન્ય સહ માન. ૧૦૯

કઠોર આજ્ઞા એહની માની દૈત્યો એમ !
ચાલ્યા લડવા બીકથી, મને કમને એમ ! ૧૧૦

અલખ નિરંજનને કહેઃ- આગળ રણસંગ્રામ;
પડશે હુંડાસુર તિહાં, કુલાંગાર ઉદ્દામ ! ૧૧૧

લઈ દેવગણ નીસર્યો, નહુષ અત્ર સુજાણ;
સ્મરી દત્તપદ; **રંગ** એ અપૂર્વ કેવળ માન !! ૧૧૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
નહુષપ્રયાણં નામ અષ્ટચત્વારિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૮ ॥ દોહરા ૧૧૨

અધ્યાય ૪૯

જીવ સદા પરતંત્ર આ, તોએ મૂરખ એમ.
ચિરંજીવ થાવા મથે, તત્ત્વાજ્ઞાને તેમ. ૧

માની આત્મા દેહને, ચહે અમરતા જાણ;
ના જાણે ક્ષર દેહ આ, ભંગે ક્ષણ ક્ષણ માન. ૨

અગ્નિના તણખા યથા પામે ક્ષણમાં નાશ,
તેમ દેહ જડ આ નકી જન્મે વણસે ખાસ. ૩

હુંડ મૂઢ એવો તિહાં, કરે મૃત્યુપ્રતિકાર;
તોએ મોત ન એ ટળે ! વારે કો નિર્ધાર ? ૪

ભાગ્યવંત ભગવાનને જાય શરણ તું જાણ,
ડરે મોત એથી નકી; ઈતર મોતથી માન ! ૫

અજત્વ પોતાનું લહી, થાએ તત્પદલીન;
જન્મમરણ તેને નહીં, ના થાએ એ દીન. ૬

ભલે હોય સુર તોય જો લહે ન પ્રત્યક્તત્ત્વ;
અસુર તેહ, ના અમર એ, લહે ન જે એકત્વ. ૭

નાશવાન આ દેહને કરવા અમર સદાય,
ઇચ્છે હુંડાસુર અહા, આવ્યું મૃત્યુ ત્યાંય ! ૮

લઈ સૈન્ય સાથે બધું, બેસી રથમાં તેમ;
થઈ સજ્જ શસ્ત્રાસ્ત્રથી, ચાલ્યો વેગે એમ. ૯

આવ્યો સ્હામે ત્યાં અહા, દેખે નહુષ સુજાણ;
ઇંદ્રરથે આરૂઢ જે, શૂરાદ્વિતીય માન. ૧૦

દુર્ધર સૂર્ય સમો તિહાં, દેખી એને એમ;
ચમક્યો દાનવ અંતરે, હુંડ સુરારિ તેમ. ૧૧

સેનાનીને [3]મોકલે આપી સૈન્ય મહાન્,
રહી દૂર પોતે અહા ! જોવા અરિબળ જાણ. ૧૨

હસ્ત્યશ્વરથપાયદળ ચાલ્યું વેગે એમ;
[4]અગ્રે સેનાધ્યક્ષ એ, કાળદૂત સમ તેમ ! ૧૩

ગજાવતા બ્રહ્માંડને કરે ગર્જના જાણ;
ચાલ્યા ધમધમ શબ્દથી, દાનવ વીર મહાન !! ૧૪

ભેટ્યા અરિદલને અહા ! ચાલ્યાં શસ્ત્રો તેમ !
વાગે રણવાજિંત્ર હા ! કલાહોળ [5]રવ એમ ! ૧૫

ભેદે કવચો દાનવો, ફેંકે તોમર શૂલ;
ગદા ખડ્ગ પરશુ અહા, પ્રાસ શક્તિ [6]શર ક્રૂર ! ૧૬

૧. પાછો. ૨. બાળક. ૩. સેનાપતિ. ૪. મોખરે ૫. અવાજ; શબ્દ ૬. બાણ, તીર.

અસહ્ય મારો દૈત્યનો, વીંધે નાના શસ્ત્ર;
થયા દેવ જર્જર સહુ, ખૂંચે અંગે અસ્ત્ર. ૧૭

મહા ધનુર્ધારી અહા ! રચે બાણમંડપ;
તોડે અદ્ધર દેવનાં શસ્ત્ર અસ્ત્ર ટપટપ ! ૧૮

મચ્યો ઘોર સંગ્રામ ત્યાં, મારે દૈત્યો માર;
પરાભૂત દેવો થઈ, છોડે રણ નિર્ધાર. ૧૯

જોઈ સ્થિતિ એ દેવની, કરી ગર્જના એમ;
દોડ્યો નહુષ મોખરે, બોલે નિર્ભય તેમઃ- ૨૦

રે હુંડાસુર ! અસુરને મોકલ મારી પાસ;
કરી ચૂર્ણ શિર એમનાં, ભેજું યમપુર ખાસ ! ૨૧

મહાપાપી અસુરો તમે, પીડો ગોદ્વિજદેવ;
દેવા હિસાબ યમપુરે, ખ્હોંચાડું ततખેવ ! ૨૨

લીધાં દેવપદો હરી, થયા ઉન્મત્ત એમ;
છુંદી મસ્તક પગ તળે, મદ ઉતારું તેમ. ૨૩

દુષ્ટમર્દને ઈશ પણ, રીઝે નિશ્ચય જાણ !!
એમ કહી વેગે કરે નહુષ બાણસંધાન. ૨૪

છોડે નાના આયુધો, દૈત્ય ક્રોધથી તેમ;
તોડે અધવચ નહુષ એ, પોતે અભેદ્ય એમ. ૨૫

ઇંદ્રચાપ લઈ હાથમાં કરે નહુષ ટંકાર;
સૂણી દૈત્ય કંપે અહા, થાય ભ્રાંત નિર્ધાર ! ૨૬

કીધા જર્જર દૈત્યને, છોડી તાતાં તીર;
ક્રોધે ઉલટ્યા અસુર ત્યાં ! અડગ નહુષ રણધીર !! ૨૭

પીંખે શસ્ત્રો મેઘવત્, ટકે ન દૈત્યો તેમ;
કાળનેય જે ના ગણે, હાર્યા હિંમત એમ. ૨૮

ઘૂમે સઘળે એકલો, નહુષ ચક્રવત્ જાણ;
હણે દૈત્યને દેખતાં, મારી અચૂક બાણ. ૨૯

તોડ્યાં આયુધ દૈત્યનાં, ભાંગ્યાં ચાપ અનેક;
ફોડ્યાં ગજગંડસ્થળો, ઝૂડ્યા માવત છેક ! ૩૦

ખેંચે દૈત્યો પાશથી, મારે ઘોડા એમ;
તોડે રથ ધ્વજ સહ અહા, પાડે વીરો તેમ ! ૩૧

ફોડ્યાં કવચો એમનાં, તોડ્યા અધવચ હાથ;
ફાડ્યાં પેટ અહા કંઈ, કીધો દારુણ ઘાત ! ૩૨

સંતાએ દૈત્યો તિહાં, શોધી મારે તેમ;
પાડે શિર ભૂ પર અહા, તાડ થકી ફળ જેમ ! ૩૩

બાંધી હાથપગ દૈત્યના, ખેંચે ફરફર જાણ;
મારી ટપલા જોરથી, ગર્વ ઉતારે માન !! ૩૪

ગર્જે ક્રોધે કાળ સમ; કહેઃ ભોગવો પાપ;
આવી આખર દુષ્ટ હે ! સંભારો જગબાપ !! ૩૫

ધર્મ્યયુદ્ધમાં જે મરે, જાય યોગિવત્ તેહ
રવિમંડલ ભેદી અહા, શુદ્ધચિત્ત જો એહ ! ૩૬

સ્મરી વચન આ શૂર હે, આવો સ્હામે આમ;
ત્યજી દેહ યુદ્ધે વરો સ્વર્ગશ્રી નિષ્કામ. ૩૭

પંચ મહાપાતક થકી થાશો સુમુક્ત એમ;
ધર્મે લડતાં આમ જો, મરશો યુદ્ધે તેમ ! ૩૮

એમ પ્રેમથી નહુષ એ, બોલાવે ત્યાં જાણ;
તોએ દૈત્ય ટકે નહીં, પાપનષ્ટ એ માન. ૩૯

થયો ભંગ સેના તણો, વર્ત્યો હાહાકાર;
ચાલી નીકો લોહીની, મડદાંનો ના પાર !! ૪૦

જોઈ એવું હુંડ એ, આવ્યો સ્હામે તેમ;
બોલે ગર્જીઃ- મર્ત્ય હે ! માગ ન મૃત્યુ એમ. ૪૧

માતતાત રડશે નકી, થતાં તાહરો ઘાત;
જા છોડું જીવતો તને, મૂક યુદ્ધની વાત. ૪૨

બાળક તું હજી મૂછ ના ફૂટી તુજને તેમ;
આવે કરુણા તાહરી, જોઈ મુજને એમ ! ૪૩

શાસ્તા હું જગનો નકી, દુઃસહ મારો ક્રોધ;
આવ શરણ છોડું તને, હાથે મોત ન શોધ !! ૪૪

પ્રતાપ મારો ના લહે, તેથી બોલે એમ;
હોય જીવિતેચ્છા યદિ, પકડ પાદ આ તેમ. ૪૫

બાળક તું અજ્ઞાન છું, માટે બોધું આમ;
મા નકામો મર અરે, તારૂં અત્ર ન કામ ! ૪૬

જો શરણે આવીશ તો, આપીશ જીવિતદાન;
નહિ તો દેવો સહ નકી, કાઢીશ તારો ઘાણ !! ૪૭

એમ ડરાવે દૈત્ય એ, બોલે નૃપસુત તેમઃ-
સોમવંશીની કીર્તિ તું જાણે મૂઢ ન કેમ ? ૪૮

કરે વૃથા વાચાળતા ! સરે એમ શો અર્થ ?
હોઉં શૂર તો આવ રે, બતાવ તારૂં ગર્થ. ૪૯

આત્મપ્રશંસા તું કરે, જાણે ધર્મ ન તેમ;
મહાપાપી તું નિશ્ચયે, ચિંત દોષ નિજ એમ. ૫૦

હર્યો મારવા તેં મને, જન્મતાંજ રે જાણ;
વિરહદુઃખ મુજ માતને, આપ્યું પાપી માન. ૫૧

દુષ્ટેચ્છા એ તાહરી, કહે થઈ શું પૂર્ણ ?
કોણ મને મારે અરે ? મરીશ પોતે તૂર્ણ ! ૫૨

અત્રિપુત્ર શ્રીદત્ત એ, રક્ષે મુજને જાણ;
કોણ મૂઢ તું ત્યાં અરે ? છોડ વ્યર્થ અભિમાન. ૫૩

મેલા અંતરમાં સદા, ઘાતક હિંસ્ર પ્રમાણ;
પરવંચક કુદૃષ્ટિ જે, મરે સ્વકર્મે જાણ. ૫૪

આવ્યો તુજને મારવા, જાણ નિશ્ચયે તેમ;
બતાવ શક્તિ તાહરી, દુષ્ટ ઘાતકી એમ. ૫૫

મોતે તુજને નોતર્યો, માટે લપલપ એમ
બોલે લાંબી જીભથી; બસ કર આગળ તેમ ! ૫૬

જાણું હું તુજ શૌર્યને; થા દાનવ હુશિયાર !!
એમ કહી ખેંચે તિહાં, નહુષ ચાપ નિર્ધાર. ૫૭

છોડી સુતીક્ષ્ણ બાણને, ભેદ્યું દૈત્યકવચ;
ભાંગી [1]કાર્મુક વેગથી, તોડે શર અધવચ. ૫૮

વીંધી છાતી શસ્ત્રથી, કર્યો સુજર્જર તેમ;
જોઈ ઉછળ્યો દૈત્ય એ, ક્રોધે બમણા એમ. ૫૯

છોડે અસંખ્ય બાણ ત્યાં, જલધારાવત્ જાણ;
એકજ બાણે સર્વને, છેદે નહુષ સુજાણ. ૬૦

ફેલાવે માયા તિહાં, દૈત્ય આસુરી તેમ;
જોઈ સહસા ચિત્તમાં, થાએ ભ્રાંતિ જેમ. ૬૧

ફરે ચક્રવત્ વર્તુલે, જાણે જેમ ન કોય !
દેખાએ જ્યાં હોય ના, ભાસે ત્યાં ના હોય ! ૬૨

કરે ખેલ એવા કંઈ, ભમાવવાને જાણ;
દત્તકૃપાથી નહુષ એ, જાણે સઘળું માન. ૬૩

બોલે હાસ્ય કરી તિહાંઃ- જો જો માતલિ કેમ
ભમે દુષ્ટ માયાવી એ, થા સાવધ તું તેમ. ૬૪

જ્યાં દેખું તું એહને, તેથી ઊલટો હાંક
રથ સત્વર હે માતલે ! હણું જે થકી દ્રાક્. ૬૫

સૂણી વચન એ નહુષનાં, હાંકે તેમ સુજાણ.
ઇંદ્રસારથિ રથ અહા ! કરે ભૂલ ના માન. ૬૬

મારે શોધી દૈત્યને, રાજપુત્ર એ તેમ;
કરી દૂર માયા સહુ, ઊભો સંમુખ એમ. ૬૭

જોઈ રવિ સમ એહને; કહે હુંડઃ- હા હન્ત !
દુર્ધર યોદ્ધો આ નકી, છેદું એનો કંઠ ! ૬૮

એમ કહી છોડે તિહાં, શસ્ત્રો અપાર જાણ;
શક્તિ તોમર બાણ ને [2]પ્રાસ શૂલ તું માન. ૬૯

ક્ષણમાત્રે રાજા હણે, બાણમાત્રથી સર્વ;
છિન્નભિન્ન કરી દૈત્યને, ઊભો સ્વયં અગર્વ ! ૭૦

પુષ્પિત [3]પર્ણ સમો દિસે, હુંડાસુર એ જાણ;
પડ્યો સુમૂર્છિત રથ વિષે, નહુષબાણથી માન. ૭૧

ક્ષણમાત્રે સાવધ થઈ, છોડી શસ્ત્રો તેમ,
આચ્છાદી નૃપને વદે, કરી ગર્જના એમઃ- ૭૨

જીતી શત્રુ હું હવે પામ્યો વિજય અખંડ;
વર્યો અમર કીર્તિ અહા ! ગર્જે એમ પ્રચંડ. ૭૩

સૂણી ગર્જના એહની, જોઈ નહુષ ન તેમ;
થયા દીન મુનિગણ સહુ, ખિન્ન દેવ પણ એમ. ૭૪

કહેઃ- અહાહા શું થયું ? થયો લુપ્ત રવિ જાણ;
મૂકી અંધારે અહા, અમને રડતા માન ! ૭૫

યદ્વિશ્વાસે સુર અમે આવ્યા લડવા ખાસ,
દિસે શૂર ન ક્યાંય એ ! કોણ ટાળશે ત્રાસ ? ૭૬

દિવ્ય પરાક્રમ જેહનું, પડ્યો કેમ તે એમ ?
મશકે ઐરાવત ગળ્યો, દૈત્યે નૃપસુત તેમ ! ૭૭

થતાં દીન એવા સહુ, ઊઠ્યો નહુષ સુજાણ;
તોડી જાળું બાણનું, શોભે સૂર્ય સમાન. ૭૮

કરી દૂર સંશય બધો, દેવગણોનો તેમ;
તોડ્યું કાર્મુક દૈત્યનું, હણ્યો સારથી એમ. ૭૯

મારી અશ્વ અહા તિહા, ભાંગ્યો રથ પણ જાણ;
ચડ્યો દૈત્ય બીજા મહીં, ભાંગ્યો તે પણ માન. ૮૦

જોઈ એ સુર મોદથી, ડોલાવે શિર તેમ;
આપે આશિષ નહુષનેઃ- થા [4]ચિરજીવી એમ ! ૮૧

અસુર શક્તિ લઈ ત્યાં ધસે, વેગે નૃપ પર માન;
તોડે અધવચ નહુષ એ, ફેંકી સુતીક્ષ્ણ બાણ. ૮૨

વંદી વસિષ્ઠને પછી, સ્મરી દત્તપદ તેમ;
જોડી કર પ્રાર્થે તિહાં, થઈ ગળગળો એમઃ- ૮૩

ના જાણું હું અન્યને, દાસ તાહરો જાણ;
કરું સ્મરણ તારું સદા, દત્ત દયાઘન માન. ૮૪

દૈત્ય કારમો આ નકી, મરે ન મુજથી તેમ;
કરી કૃપેક્ષણ શ્રીગુરો, મરાવ પોતે એમ. ૮૫

કર્તાહર્તા તું નકી, હું તો નિમિત્તમાત્ર !
એમ કહી ભેદે તિહાં વેગે દાનવગાત્ર. ૮૬

અર્ધચંદ્ર સમ તીક્ષ્ણ બે છોડી સત્વર બાણ;
છેદે કર દૈત્યેંદ્રના, કરી ગર્જના માન. ૮૭

પડ્યા તાડસમ ભૂમિ પર, હાથ બેઉ એ તેમ;
પાડી દુઃખે ચીસ ત્યાં, દોડ્યો દાનવ એમ. ૮૮

ફાડી મોઢું ભૂપ પર, કરવા ભક્ષણ જાણ;
તોડે પગ મારી તિહાં, નહુષ તીક્ષ્ણ બે બાણ ! ૮૯

પડ્યો પ્હાડસમ ભૂમિ પર, પાદ તૂટતાં તેમ;
દાંત હોઠ ચાવી ધસે, તોએ [5]અહિવત્ એમ !! ૯૦

૧. ધનુષ ૨. સાંગ ૩. પલાસ; ખાખરો ૪. લાંબો વખત જીવનાર. ૫. સાપની પેઠે.

કરડી ખાવા નહુષને, ચાલ્યો પેટે જાણ;
સ્મરી દત્તપદ ભૂપ ત્યાં, ફેંકે શક્તિ માન. ૯૧

અમોઘ [1]ઐંદ્રી શક્તિ એ, વાગી હૃદયે તેમ;
પડ્યો ગતાસુ[2] હુંડ હા ! થયા હૃષ્ટ સુર એમ. ૯૨

થયા સુવિસ્મિત મુનિવરો, સુરવર તે જ પ્રમાણ;
કરે પુષ્પવર્ષાવ ને ગર્જે જય જય માન. ૯૩

વદે પ્રસન્ન થઈ સુરોઃ- માગ ભૂપ વર એમ !
કહે નહુષઃ- શ્રદ્ધા રહો ધર્મે અખંડ તેમ !! ૯૪

વદી 'તથાસ્તુ' દેવગણ, ગયા સ્વર્ગમાં જાણ;
[3]શિષ્ટ દૈત્ય નાઠા સહુ રસાતલે તું માન. ૯૫

લઈ કરે વરમાળ ત્યાં અશોકસુંદરી એહ,
આવી રંભા સહ વદે, વંદી નૃપને તેહઃ- ૯૬

અર્પી ચરણે આ તનુ, કર સ્વીકાર સુજાણ;
સૂણી વચન એ નહુષ ત્યાં, બોલે પ્રસન્ન માનઃ- ૯૭

વરતાં આમ તને અહીં, પડું દોષમાં તેમ;
આજ્ઞા શ્રીગુરુની થતાં વરીશ આગળ એમ. ૯૮

આશ્વાસી તેને તિહાં, રંભા સહ રથ માંહ્ય
બેસાડી ચાલ્યો અહા, વસિષ્ઠાશ્રમે ત્યાંય. ૯૯

હરી દૈત્યસંપત્તિ જે, આપી મુનિને જાણ;
વંદન કરી આનંદથી, બોલે સુનમ્ર માનઃ- ૧૦૦

આશીર્વાદે આપના માર્યો દાનવ દુષ્ટ.
દત્તવરે વિજયી થયો, થયા સુરનરો હૃષ્ટ. ૧૦૧

મૂઢ દાસ હું આપનો, કૃપા આપની એહ !
સૂણી વચન એ નહુષનાં, થયા તુષ્ટ મુનિ તેહ. ૧૦૨

ત્યાં તો અશોકસુંદરી પડી ચરણમાં તેમ
કહેઃ- મુનીશ્વર ! નૃપપદે અર્પો દાસી એમ. ૧૦૩

આનંદે મુનિ ઓચરેઃ- ભૂપ ! નિર્દોષ એહ;
ગમે સ્નુષા મુજને નકી, લે સ્વીકારી તેહ ! ૧૦૪

એમ કહી સુમુહૂર્તમાં, કર્યો ઉદ્વાહ[4] જાણ;
આજ્ઞા આપે મુનિ તિહાં, જાવા સ્વગૃહે માન. ૧૦૫

કહે મુનીશ્વરઃ- જા હવે સ્ત્રી સહ સ્વપુરે તેમ;
મળી સુખે માબાપને, થા રાજ્યસ્થિત એમ. ૧૦૬

સૂણી વચન ચરણે નમે, સ્નેહે નહુષ સુજાણ;
વસિષ્ઠ અરુંધતી તણા, [5]ક્લિન્નનેત્ર ત્યાં માન. ૧૦૭

બોલેઃ- વૈભવશાળી એ હતાં માત ને તાત;
કામ ન આવ્યા તોય એ, દૈવે તેમ સુજાત. ૧૦૮

થઈ તમે માબાપ જે કીધું પાલન એમ,
કોણ વિસારે એ પ્રભો ? થાય દુઃખ આ તેમ. ૧૦૯

એમ કહી પ્રેમાશ્રુથી ભીંજાવે પગ જાણ;
કરી સુબોધ વસિષ્ઠ ત્યાં, આપે આજ્ઞા માન. ૧૧૦

આવ્યો ત્યાંથી નગરમાં, મળ્યો પ્રેમથી તેમ;
વંદન કરી માબાપને, કહે વૃત્ત સહુ એમ. ૧૧૧

સ્નુષાપુત્રને જોઈને રતિસ્મરોપમ[6] એહ;
થયાં હૃષ્ટ અંતર વિષે, રાજારાણી તેહ. ૧૧૨

વર્ત્યો એકાનંદ ત્યાં, રહ્યું ન શોકનિશાન;
આયુ ઈન્દુમતી તોષથી થાએ નિવૃત્ત માન. ૧૧૩

બેસાડી સુત રાજ્ય પર, જોઈ મુહૂર્ત તેમ;
ગયાં બેઉ વનમાં અહા, કરવા તપ સપ્રેમ. ૧૧૪

જ્ઞાનનિષ્ઠ કાળે થઈ, દત્તાસ્વરૂપે જાણ,
થાએ લીન સુધન્ય એ, ભક્તિપ્રભાવે માન ! ૧૧૫

જંગદ્વંદ્ય થઈ નહુષ પણ, કરી ધર્મથી રાજ્ય;
એ જ દેહથી ઇંદ્રપદ, પામે આગળ પ્રાજ્ય. ૧૧૬

અર્થાર્થી ભક્તિ થકી, ક્રમે આયુનૃપ એમ
પામ્યો મુક્તિ નિશ્ચયે; પડે સુભક્ત ન તેમ ! ૧૧૭

ફાવે તેવી ભક્તિથી, ભજતાં ઈશ્વર જાણ;
શુદ્ધસ્વાન્ત[7] થઈ ક્રમે પામે મુક્તિ માન. ૧૧૮

તર્યો આયુ દાસ્યે નકી, યદુ અર્ચને તેમ;
સ્વાત્મનિવેદનથી વળી તર્યા કેટલા એમ. ૧૧૯

સૂણી વચન એ અલખનાં, પૂછે શિષ્ય સુજાણ;
આગળ એ વર્ણન નકી, અદ્‌ભુત **રંગ** પ્રમાણ. ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
હુંડવધો નામ એકોનપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૪૯ ॥ દોહરા ૧૨૦

અધ્યાય ૫૦

પૂછે કર જોડી ફરી શિષ્ય નિરંજન એહઃ-
કોણ યદુ ? શી રીતથી તર્યો ? કહો વળી તેહ. ૧

અપૂર્વ શ્રીગુરુચરિત આ, નૂતન નિત્ય પ્રમાણ
લાગે કર્ણોને અહા ! થાએ તૃપ્તિ ન માન. ૨

એજ તપસ્યા માહરી, દાન પુણ્ય મખ[8] તેમ;
કરો કૃપા યોગીશ હે ! વંદું ફરી ફરી એમ. ૩

શિષ્યવચન એ સાંભળી, બોલે અલખ સુજાણઃ-
ધન્ય મતિ તારી અહા ! કેવળ સાત્ત્વિક માન. ૪

૧. ઇંદ્રની ૨. ગતપ્રાણ. ૩. બાકી રહેલા. ૪. લગ્ન. ૫. ભીની આંખે ૬. રતિ અને કામદેવ જેવાં. ૭. અંતઃકરણ. ૮. યજ્ઞ.

વાયસને વિષ્ઠા ગમે, મોતી હંસને જેમ;
ચાહે વિષયી સ્ત્રીકથા, ભક્ત હરિકથા તેમ. ૫

શ્રવણભક્તિ તારી નકી, કેવળ અપૂર્વ જાણ;
મળો શિષ્ય ત્વત્સમ સુધી ! આપ હવે તું ધ્યાન. ૬

પૂર્વે દેવાસુર મહીં, થાએ દારુણ યુદ્ધ;
કરે કેર દૈત્યો અહા, લહે ન શુદ્ધ અશુદ્ધ ! ૭

જાણે મૃતસંજીવની શુક્ર દૈત્યગુરુ જાણ;
કરે સજીવન અસુરને, મરતાં યુદ્ધે માન. ૮

થયા પરાજીત દેવ ત્યાં, સ્વાભાવિક એ એમ;
વદે બૃહસ્પતિને જઈ, ઇંદ્રાદિક સુર તેમ. ૯

ઊઠે દૈત્ય ફરી ફરી; ધન્ય શુક્રગુરુ એહ !
કરો ઉપેક્ષા કાં ગુરો ? જાણો ના શું તેહ ? ૧૦

મૃતસંજીવની મંત્ર એ, જપતાં તત્ક્ષણ તેમ;
થાય સજીવન દૈત્ય ત્યાં, ચાલે યત્ન ન એમ. ૧૧

દેવવચન એ સાંભળી, વદે બૃહસ્પતિ જાણ;
થાઓ સુર નિશ્ચિત હે ! જાઓ સહુ સ્વસ્થાન. ૧૨

બોલાવી નિજ પુત્રને, આપું આજ્ઞા એમ;
જઈ તિહાં યત્ને નકી, કાર્ય સાધશે તેમ. ૧૩

આપી વિદાય દેવને, એમ દેવગુરુ જાણ,
બોલાવી કચને કહેઃ- સાંભળ પુત્ર સુજાણ ! ૧૪

શુક્રગૃહે સત્વર જઈ, નાના યત્ને એમ,
સાધી આવ સંજીવની, તોજ પુત્ર મમ તેમ. ૧૫

થયા દેવ હેરાન આ, કરવો કાંઈ ઉપાય;
તુજ વિણ કોઉ ના દિસે, જા થા ધન્ય સદાય. ૧૬

કહે વંદી કચઃ- તાત હે ! ત્વદાશિષથી એમ
શું દુષ્કર જગમાં મને ? મા કર ચિંતા તેમ. ૧૭

નમસ્કાર કરી પ્રેમથી બૃહસ્પતિને જાણ,
ચાલ્યો ત્યાંથી એમ એ વાયુવેગથી માન. ૧૮

માર્ગે સમિધા પુષ્પ ફળ, લીધાં ઉત્તમ તેમ;
અર્પી શુક્રપદે નમે, પડી દંડવત્ એમ. ૧૯

શુક્રાચાર્ય વદેઃ- અરે ! કોણ બોલ તું બાળ;
આવ્યો ક્યાંથી કેમ વા, કહે સત્ય તત્કાળ. ૨૦

સૂણી વચન એ કચ વદેઃ- ભો આચાર્ય મહાન્ !
આવ્યો વિદ્યાર્થે ઈહાં, [1]ધિષણપુત્ર હું માન, ૨૧

ના ઇચ્છા બીજી કશી ! સૂણી શુક્રગુરુ એમ;
ચિંતે ચિત્તેઃ- શું કરું, શત્રુપુત્ર આ તેમ ! ૨૨

વિદ્યાર્થી અતિથિ કહ્યો, નિત્ય શાસ્ત્રમાં જાણ;
જતાં વિમુખ એ, નિશ્ચયે પુણ્યહાનિ ત્યાં માન. ૨૩

દેવયાની ગુરુકન્યકા બોલે ત્યાં તો એમઃ-
દિસે બાળ સત્પાત્ર આ, કરો કુશંકા કેમ ? ૨૪

કરશે સેવા ખંતથી, ના સંદેહ લગાર;
કીર્તિ ફેલાશે જગે, રાખો એ સુકુમાર. ૨૫

જોઈ કચમુખ ચિત્તમાં ચિંતે કન્યા એહઃ-
મદનમનોહર આ નકી, યોગ્ય મત્પતિ તેહ. ૨૬

વરીશ એને નિશ્ચયે, કહી તાતને જાણ !
એમ વિચારી દિલ વિષે, વિનવે એમ સુજાણ. ૨૭

સૂણી વિનંતિ એહની, પુત્રીપ્રેમે તેમ
કહે દૈત્યગુરુ; બાળ હે ! સાંભળ આજ્ઞા એમઃ- ૨૮

છોડી ગોધન વન મહીં જાવું નિત્ય સુજાણ;
કરી તૃપ્ત ચરાવીને, સ્હાંજે પાછો માન ૨૯

આશ્રમ માંહે આણતાં, માર્ગે સમિધા તેમ
ફલપુષ્પાદિક તોડીને, નિત્ય આણવાં એમ. ૩૦

છોડી આળસ સર્વદા, એમ વર્તવું જાણ !!
વંદી કચ બોલેઃ- ગુરો ! આજ્ઞા વેદ પ્રમાણ. ૩૧

એમ કહી શ્રદ્ધા થકી, વર્તે તત્સમ તેહ;
પ્રાતઃકાલે ઊઠીને પૂર્વે ગુરુની એહ, ૩૨

નિત્ય નિયમ નિજનો કરી કરે વ્યવસ્થા જાણ,
શૌચસ્નાનપૂજાદિની નિત્ય ગુરુના માન. ૩૩

છોડી ગાયો વન મહીં જાય પછીથી એમ;
સમિત્ફલાદિક લાવીને અર્પે ગુરુને તેમ. ૩૪

માગી ભિક્ષા ગુરુપદે અર્પે સર્વ પ્રસન્ન;
આપે ગુરુ જે હાથથી, ખાય તેટલું અન્ન. ૩૫

એમ વર્તતાં દિન કંઈ ગયા ગુરુગૃહે જાણ;
જાણ્યું દૈત્યોએ તિહાં, થયા ખિન્ન અતિ માન ! ૩૬

મળી સર્વ એકત્ર ત્યાં બોલેઃ- કરવું કેમ ?
શત્રુપુત્ર આ નિશ્ચયે આવ્યો કપટે એમ ૩૭

મૃતસંજીવની શીખવા, એમાં ના સંદેહ;
થશે તુષ્ટ જો શુક્ર તો, દેશે વિદ્યા એહ. ૩૮

થશે દેવ દુર્જય પછી; માટે મૂલે એમ
મારો કોહાડો નકી, કરી યુક્તિ સહુ તેમ ! ૩૯

એમ વિચારી દૈત્ય એ, જોઈ લાગ સુજાણ;
દેખી વનમાં એકલો, મારે કચને માન. ૪૦

સાંજ પડી રવિ આથમ્યો, તોએ ઘેર ન એહ.
આવ્યો જોઈ, કન્યકા વદે શુક્રને તેહઃ- ૪૧

કેમ દિસે કચ ના હજી ? દેખો તાત સુજાણ !
વદે દૈત્યગુરુ ધ્યાનથી જોઈ તત્ક્ષણ માનઃ- ૪૨

૧. બૃહસ્પતિપુત્ર.

વધ્યો હન્ત વનમાં અહા, દૈત્યે કચને એહ !
સૂણી દેવયાની વદેઃ- કરો જીવતો તેહ. ૪૩

નહિ તો પ્રાણ નહીં રહે, નિશ્ચય તાત સુજાણ !
દ્રવ્યા શુક્ર એ સાંભળી કન્યાસ્નેહે માન. ૪૪

જપ્યો મંત્ર સંજીવની, ઊઠ્યો કચ ત્યાં તેમ;
આવી સત્વર ઘેર હા, વંદે ગુરુપદ એમ. ૪૫

થઈ હૃષ્ટ અંતર વિષે, દેવયાની સુજાણ;
જાણ્યું દૈત્યોએ તિહાં, વૃત્ત સકળ એ માન. ૪૬

ચિંતાક્રાંત થયા સહુ; વળી એકદા એમ
મારી ચોદિશ ટૂકડા ફેંકે કચના તેમ. ૪૭

કન્યાસ્નેહે શુક્ર એ, ફરી ઊઠાડે જાણ;
જોઈ દૈત્ય કહે અહા ! કરવું કેમ પ્રમાણ ? ૪૮

થયો જીવતો આ ફરી, કાળ આપણો એમ !
ઠરવા ના દેશે પછી; માટે પ્રયત્ન તેમ ૪૯

કરીએ જેથી ના ફરી, થાય જીવતો એહ !!
એમ વિચારી આખરે ઘડે યોજના તેહ, ૫૦

કહેઃ- વધીને એહની કરીએ સુભસ્મ તેમ,
મદ્યે નાંખી શુક્રને, દઈએ પીવા એમ; ૫૧

જેથી ના ઊઠે ફરી ! કરી એમ વિચાર,
મારી કચ, તદ્દેહની કરે ભસ્મ નિર્ધાર. ૫૨

આપી મદ્યે મેળવી પીવા ગુરુને તેમ !
સ્હાંજ પડી કચ ના દિસે, કન્યા સચિંત એમ !! ૫૩

વદે દેવયાની તિહાં, જઈ પિતાની પાસઃ-
ના આવ્યો કચ કાં હજી ? શોધો સત્વર ખાસ. ૫૪

જ્ઞાનદૃષ્ટિથી શુક્ર ત્યાં, દેખે સત્વર એમ;
ત્યાં તો નિજ દેહે દિસે ભસ્મરૂપ કચ તેમ. ૫૫

બોલેઃ- ના ઊઠે હવે, દેવયાની, કચ જાણ;
દેખાએ મુજ ઉદરમાં ભસ્મરૂપ એ માન. ૫૬

કર્યો ઘાત દૈત્યે અહા ! ના ઊઠે ફરી એહ;
સૂણી વચન કન્યા કહેઃ- તાત પ્રાણ મુજ તેહ. ૫૭

કરો સજીવન એહને, થાએ વ્યાકુળ પ્રાણ !
કહે શુક્રઃ- એ ઊઠતાં થશે મોત મુજ માન. ૫૮

જીવે કચ કે હું કહે; કોણ તને પ્રિય એમ ?
વદે દેવયાનીઃ- તમે વ્હાલા બંને તેમ. ૫૯

કચ સાથે સેવા કરી, રહું તમારી પાસ;
એ વિણ બીજું ના ચહું; જીવાડો કચ ખાસ ! ૬૦

કો મારે તમને પિતા ? તમે કાળના કાળ !
કહે શુક્રઃ- સામર્થ્ય એ સંજીવનીનું બાળ ! ૬૧

મુજ વિણ બીજો ના લહે મંત્ર એહ સુજાણ;
મરી જતાં હું કોઈ ના કરે સજીવન માન. ૬૨

બોલે કન્યાઃ- તાત હે ! કહો મને એ મંત્ર;
દેહ તમારો જો પડે, કરૂં સંજીવન યંત્ર. ૬૩

શુક્ર વદેઃ- શ્રુતિમંત્ર એ; ના સ્ત્રીને કહેવાય;
બોધું જો તુજને, નકી લુપ્તસામર્થ્ય થાય ! ૬૪

સૂણી વચન વ્યાકુળ થઈ, બોલે કન્યા એમઃ-
મરી જતાં હું મંત્ર એ જપો સુખેથી તેમ !! ૬૫

એમ કહી ધરણી વિષે ઢળી પડી એ જાણ;
દેખી શુક્રાચાર્ય એ, લે ખોળામાં માન. ૬૬

આપી સાંત્વન સ્નેહથી, બોધે સુમંત્ર એહ,
પરમ લાડકી કન્યકા, જાણ ગુરુને તેહ ! ૬૭

જપી મંત્ર પોતે પછી ઊઠાડે કચ જાણ;
આપે આજ્ઞા આવવા, ચીરી પેટ પ્રમાણ. ૬૮

માની આજ્ઞા ગુરુ તણી, પેટ વિદારી તેમ;
આવ્યો તત્ક્ષણ બ્હાર એ બૃહસ્પતિસુત એમ ! ૬૯

અદ્‌ભુતશક્તિ મંત્રની, કેવળ અતર્ક્ય એહ;
ઊઠ્યો ભસ્મ થકી અહા, [1]સુપ્તોત્થિતવત્ તેહ ! ૭૦

પડ્યા પ્રેત સમ શુક્ર ત્યાં; જોઈ તત્ક્ષણ જાણ,
મંત્ર દેવયાની જપે; કરે સજીવન માન. ૭૧

હરખાયા સર્વે તિહાં ! સૂણ્યો મંત્ર ત્રિવાર
કચે દૈવથી એમ એ, કર્યો મુખોદ્‌ગત સાર. ૭૨

જાણ્યું શુક્રે એ તથા, મદ્ય-કપટ ત્યાં એમ;
આપ્યો દૈત્યોને અહા શાપ ક્રોધથી તેમઃ- ૭૩

થશે વિજય ના દૈત્યનો, કદિ આજથી જાણ;
મરશે અપમૃત્યુ થકી, સકળ દૈત્ય એ માન ! ૭૪

તેમ દ્વિજ જે આજથી, મદ્યમાંસનું એમ
કરશે સેવન તે નકી, થઈ સુદુઃખી તેમ; ૭૫

દૈત્યો સમ અપમૃત્યુના પડશે મુખમાં જાણ !
શાપવચન એ શુક્રનું, વજ્રલેપ સમ માન. ૭૬

માટે સજ્ઞાની કદિ, મદ્યમાંસને તેમ
સ્વપ્ને પણ સ્પર્શે નકીં, જાણી સુનિંદ્ય એમ. ૭૭

શાપી દૈત્યોને તથા, બોલે કચને જાણ
બોલાવી ગુરુ પ્રેમથીઃ- જા સ્વસ્થાને માન ! ૭૮

૧. ઊંઘીને ઊઠેલાની માફક.

ઠરવા ના દેશે તને દૈત્ય કારમા એહ !!
એમ કહી સ્નેહે તિહાં આપે આશિષ તેહ. ૭૯

વંદી ગુરુપદ ભાવથી, આપી દક્ષિણા તેમ;
ચાલ્યો કચ ત્યાંથી અહા, પામી આશિષ એમ. ૮૦

ત્યાં તો કન્યા શુક્રની દેવયાની એ જાણ,
આવી સન્મુખ હાસ્યથી બોલેઃ- સુજ્ઞ સુજાણ; ૮૧

કરી લગ્ન મુજ સાથ હે, જાઓ લઈ સંગાત !!
સૂણી [1]જીવનંદન વદેઃ- શું બોલે આ વાત ? ૮૨

ગુરુકન્યા તું, માહરી બ્હેન નિશ્ચયે જાણ;
વરૂં કેમ તુજને કહે ! કરૂં અયોગ્ય ન માન !! ૮૩

વદે શુક્રકન્યા ફરીઃ- ત્રણ વાર મેં તેહ,
આપ્યું જીવિતદાન જે, તેનું કારણ એહ. ૮૪

પ્રેમ માહરો પ્રથમથી, બેઠો તમ પર તેમ;
કરશો નિરાશ જો હવે, શાપીશ નિશ્ચય એમ ! ૮૫

બોલે કચઃ- જો ચિત્તમાં વસે એમ તુજ જાણ;
આપ શાપ; પણ ના કદિ કરૂં અયોગ્ય પ્રમાણ. ૮૬

ગુરુકન્યા ભગિની નકી, કહે શાસ્ત્ર સહુ એમ;
આપ્યું જીવિતદાન તેં, થઈ માત તું તેમ. ૮૭

મર્યાદા જે શાસ્ત્રની, ના ઉલ્લંઘું જાણ !
વદે દેવયાની, કહું પૂર્વેતિહાસ પ્રમાણઃ- ૮૮

ભરદ્વાજકન્યા નકી ધીષ્ણા જેનું નામ,
પિત્રાજ્ઞાથી એ વરી તાતશિષ્ય સહ આમ. ૮૯

કહુડશિષ્ય પ્રસિદ્ધ એ, ગુર્વાજ્ઞાથી એમ
પરણ્યો ધીષ્ણા સહ યથા, વરો આપ પણ તેમ. ૯૦

લાવું આજ્ઞા તાતની, મા ધિક્કારો, પ્રાણ !
મનોભાવથી હું વરી, આપ સાથ સુજાણ !! ૯૧

શાસ્ત્રાજ્ઞા પણ એહવીઃ- વરે [2]ઉર થકી જેહ
કન્યા જેને, તે નરે વરવી નિશ્ચય તેહ; ૯૨

નહિ તો મહાકૃતઘ્ન એ ! માટે જીવકુમાર !
કરો હતાશ ન દાસીને, કરો કાંઇ વિચાર. ૯૩

જીવદાન ત્રિવાર મેં આપ્યું નિશ્ચય એમ;
વિદ્યા મૃતસંજીવની, મદ્યોગે આ તેમ. ૯૪

મા ભૂલો ઉપકાર એ, સૂણો વિનંતિ એહ;
નહિ તો મચ્છાપે થજો, વિદ્યા નિષ્ફળ તેહ ! ૯૫

સૂણી શાપ એ કચ વદેઃ- નિર્મળ હું અત્યંત;
આપ્યો શાપ વૃથા અહા ! ભોગવ તત્ફળ હન્ત !! ૯૬

બ્રાહ્મણસુત કોઇ તને, નકી ન વરશે જાણ !
આપ્યો ત્વત્તાતે તને વેદ મંત્ર જે માન. ૯૭

થશે [3]લુપ્તસામર્થ્ય એ, જાણ આજથી એહ !!
વદી શાપ એવો તિહાં, જાય ઘેર કચ તેહ. ૯૮

પડી વિસારે વાત એ, ગયા દિવસ કંઇ તેમ;
આવ્યું વ્રત કાત્યાયની; શુક્રસુતા ત્યાં એમ, ૯૯

વૃષપર્વા દૈત્યેંદ્ર જે, તત્કન્યા શુભ નામ
શર્મિષ્ઠા સહ વ્રતમિષે, ગઇ સ્નાનાર્થ આમ. ૧૦૦

નદીતટે આવી તિહાં, ત્યાગી સ્વવસ્ત્ર જાણ;
નગ્ન સહચરી બેઉ એ, કરે મોદથી સ્નાન. ૧૦૧

ત્યાં તો આવ્યો એક ત્યાં તેજસ્વી નર એમ;
જોઇ લજ્જાથી અહા દોડી બંને તેમ ! ૧૦૨

આવી વેગે બ્હાર ત્યાં, પ્હેરે વસ્ત્ર સુજાણ
શર્મિષ્ઠા એ ભૂલથી દેવયાનીનું માન. ૧૦૩

જોઇ શુક્રસુતા થઇ, ક્રોધે સુરક્ત એમ;
વદે ગાળ ભાંડી તિહાંઃ- થઇ મત્ત તું કેમ ? ૧૦૪

પ્હેર્યું મારૂં વસ્ત્ર કાં ? દુષ્ટ ડાકણી બોલ !
રંગું તારાં હાડકાં, મારી હમણાં ધોલ !! ૧૦૫

ન્યૂનાધિક એવું તિહાં સૂણી દૈત્યજા[4] એહ,
થઇ ક્રોધસંતપ્ત ત્યાં દેવયાનીને તેહ ૧૦૬

નગ્નસ્થિતિમાં કૂપમાં મારી ધક્કો જાણ,
દઇ ધકેલી એકલી ગઇ સ્વગૃહે માન. ૧૦૭

આવ્યો જલ ઢૂંઢત તિહાં, રાજ યયાતિ એમ;
થઇ શ્રાન્ત મૃગયા થકી, ભૂખ્યોપ્યાસો તેમ. ૧૦૮

દેખે વાપીમાં જિહાં, સૂણી રૂદન નૃપ એહ;
પડે કન્યકા દૃષ્ટિએ, દેવયાની ત્યાં તેહ. ૧૦૯

ઝાલી જમણો હાથ એ, કાઢે બ્હાર સુજાણ;
દેખી વિવસ્ત્ર[5] તેહને, સ્વાર્ધ [6]વસન દે માન. ૧૧૦

પૂછે આશ્વાસી તિહાંઃ- કોણ અહીં તું એમ ?
વદે દેવયાની બધું, વૃત્ત બન્યું જે તેમ. ૧૧૧

કહેઃ- ભૂપ હે ! માહરો પકડ્યો કર તેં જાણ;
જોયું નગ્ન શરીર આ, માટે મત્પતિ માન. ૧૧૨

વૃષપર્વાની દીકરી, તેણે મુજને એમ
મારી ધક્કો કૂપમાં, ફેંકી દીધી તેમ. ૧૧૩

શુક્રકન્યકા હું નકી, દેવયાની મન્નામ;
કચશાપે સઘળું બન્યું, જાણ વિપરીત આમ. ૧૧૪

૧. બૃહસ્પતિપુત્ર ૨. હૃદયનો ભાવ. ૩. ફળ આપવાની શક્તિ વિનાનો. ૪. દૈત્યપુત્રી ૫. નગ્ન. ૬. વસ્ત્ર.

ના વરશે બ્રાહ્મણ તને ! [1]ધિષણનંદને એમ
શાપી મુજને જાણ તું; કોણ કહે તું તેમ. ૧૧૫

'ક્ષત્રિય હું' નૃપ ઓચરે, નામ યયાતિ જાણ;
વિપ્રકન્યકા તું નકી ! પરણું કેમ સુજાણ ? ૧૧૬

વરતાં ચાંડાલત્વ ત્યાં, કહ્યું શાસ્ત્રમાં એમ;
તાત સર્વવિદ્ તાહરો, પૂછ તોય જઈ તેમ. ૧૧૭

સૂણી યયાતિ સાથ ત્યાં જઈ ઘેર એ જાણ,
કરે વિદિત વૃત્તાંત એ સર્વ શુક્રને માન. ૧૧૮

વદે શુક્ર એ સાંભળીઃ- કચશાપે આ એમ
બન્યું સર્વ ભૂપતિ નકી; ચાલે કાંઈ ન તેમ ૧૧૯

વિપ્રશાપ આગળ સુધી, કોઈનું પણ જાણ !
એમ કહી વિધિવત્ તિહાં, આપે કન્યાદાન. ૧૨૦

કોપ શુક્રનો ટાળવા વૃષપર્વા પણ તેમ
આપે શર્મિષ્ઠા તહીં, યોજી દાસી એમ. ૧૨૧

લઈ બેઉને એમ જ્યાં ભૂપ યયાતિ જાણ
ચાલ્યો આનંદે તિહાં, વદે દૈત્યગુરુ માનઃ- ૧૨૨

શર્મિષ્ઠા સહ ભૂપ હે ! તારે સંગ ન તેમ
કરવો સ્વપ્ને પણ સુધી; માની દાસી એમ, ૧૨૩

સેવા મત્કન્યા તણી કરાવવી તું જાણ;
થતાં ભૂલ એમાં જરી, થઈશ ક્ષુબ્ધ હું માન !! ૧૨૪

આજ્ઞા માન્ય કહી તથા, ચાલ્યો વંદી એમ;
લઈ દેવયાની અને શર્મિષ્ઠાને તેમ. ૧૨૫

આવ્યો વેગે નગરમાં; વર્ત્યું આગળ જેહ,
અલખ નિરંજનને કહે, આગળ વર્ણન તેહ. ૧૨૬

કચશાપે બ્રાહ્મણસુતા દેવયાની એ જાણ,
વરી ક્ષત્રનૃપને અહીં, દૈવગતિ બળવાન ! ૧૨૭

ભક્ત યદુ તત્પુત્ર જે, થાશે વિરક્ત તેમ;
જશે શરણ અવધૂતને **રંગ** જામશે એમ !! ૧૨૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
કચશાપો નામ પંચા શત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૦ ॥ દોહરા ૧૨૮

અધ્યાય ૫૧

લઈ દેવયાની અને શર્મિષ્ઠાને તેમ,
આવ્યો ત્યાંથી નગરમાં ભૂપ યયાતિ એમ. ૧

જાય દિવસ આનંદથી, દેવયાની સહ જાણ;
કરતાં ક્રીડા સ્નેહથી, થયા પુત્રદ્વય માન. ૨

જ્યેષ્ઠ યદુ બીજો નકી નામે તુર્વસુ તેમ;
એકનિષ્ઠ સેવા કરે શર્મિષ્ઠા પણ એમ. ૩

જોઈ રૂપ ગુણ એહનાં, થયો તુષ્ટ નૃપ જાણ;
વદે એક દિનઃ- શી વસે ઇચ્છા બોલ સુજાણ. ૪

પ્રસન્ન હું તુજ પર નકી, બોલ અપેક્ષિત[2] તેમ !
વદે દાસીઃ- નૃપ અલ્પ પણ આપ રતિસુખ એમ. ૫

અનન્ય જાણી ભૂપ ત્યાં રમ્યો એહ સહ જાણ;
રહ્યો ગર્ભ એને તિહાં, થયા સુતત્રય માન. ૬

જાણી શુક્રસુતા વદે, જઈ તાતને તેહ;
શાપે શુક્રાચાર્ય ત્યાં ક્રોધે નૃપને એહઃ- ૭

મત્કન્યાની દાસીથી, થયો ભૂપ રમમાણ !
દુષ્ટ યયાતિ માહરી તોડી આજ્ઞા માન. ૮

થા એકદમ વૃદ્ધ તું, કેવળ જર્જર એમ !
થતાં શાપ એવો તિહાં, થયો યયાતિ તેમ. ૯

કંપે તનુ થરથર અહા, થયા શુભ્ર સહુ વાળ;
પડ્યા દંત, વાંકું વળ્યું અંગ હન્ત તત્કાળ ! ૧૦

થયો ખિન્ન અતિ અંતરે, જોઈ અવસ્થા એમ;
રહી શક્તિ ના તોય એ, ઠરે ચિત્ત ના તેમ ! ૧૧

થતાં ક્ષીણ પતિ એમ ત્યાં, દેવયાની એ જાણ
ચિંતામગ્ન રહે સદા, [3]મન્મથપીડિત માન. ૧૨

કહેઃ- પાપિણી હું નકી; કીધું મેં શું હાય ?
પીધું હાથે ઝેર હા ! રડ્યે હવે શું થાય ? ૧૩

થતાં જીર્ણ પતિ સર્વથા, વૃથા ભોગની વાત;
થઈ તૃપ્ત ના હું હજી ! કર્યો કેવડો ઘાત ? ૧૪

આવી સન્નિધ તાતની, પશ્ચાત્તાપે એમ;
પ્રાર્થે પતિને આપવા, ફરી તારુણ્ય તેમ. ૧૫

રાય યયાતિ પણ તિહાં આવી જોડે હાથ;
કહેઃ- દેવ ! અપરાધી હું, બક્ષો માફી તાત ! ૧૬

જાણી સઘળું અંતરે, દ્રવ્યા શુક્ર ત્યાં જાણ;
દે ઉઃશાપ દયા થકી, સાંભળ ભૂપ પ્રમાણઃ- ૧૭

આપી નિજ વાર્દ્ધક્ય તું સુખે પુત્રને એમ,
લે યૌવન એનું નકી; થશે કાર્ય તુજ તેમ. ૧૮

૧. બૃહસ્પતિપુત્ર કચ. ૨. ઇચ્છિત. ૩. કામ.

અન્ય ઉપાય દિસે નહીં, ટળે શાપ ના તેહ !
સૂણી તુષ્ટ થઈ અંતરે, ગયો વંદી નૃપ એહ. ૧૯

બોલાવી પાંચેયને, પૂછે પૃથક્ સુજાણઃ-
આપી નિજ યૌવન મને, કો ઘડપણ લે માન ! ૨૦

સૂણી વચન એ ભૂપનું, જ્યેષ્ઠ ચાર જે એમ,
દેવયાનીના બે અને બે દાસીના તેમ; ૨૧

તેમાંથી એકેય ના થયો તિહાં તૈયાર !
શર્મિષ્ઠાસુત પૂરુ જે સૌથી ન્હાનો બાળ ૨૨

બોલે આખર, તાત હે ! સ્વીકારૂં હું એહ;
લો યૌવન મારૂં સુખે, આપો ઘડપણ તેહ ! ૨૩

એમ કહી સંકલ્પથી, થયો વૃદ્ધ એ જાણ;
આપી પ્રેમે ભૂપને નિજ તારુણ્ય પ્રમાણ. ૨૪

વદે યયાતિઃ- દુષ્ટ એ ચારે પુત્રો એમ;
ના માની આજ્ઞા અહા, પુત્રાધમ એ તેમ ! ૨૫

ચારેમાંથી કોઈને માટે નિશ્ચય જાણ,
રાજ્યાસન છત્રાદિ ના મળશે કદિએ માન. ૨૬

શાપી ચારેને તથા, દેવયાની સહ એહ
સો વરસ આનંદથી, રમે વિષયમાં તેહ. ૨૭

તોએ માનસ તૃપ્ત ના થાએ એનું જાણ;
અંતે દૈવે ચિત્તમાં, સ્ફુરે વૈરાગ્ય માન. ૨૮

વદે સ્વગતઃ- જેને નહીં આત્માનાત્મવિવેક;
રહે વિષયમાં મગ્ન એ, માની કૃતાર્થ છેક. ૨૯

રડે આખરે દુઃખથી, થાતાં પરવશ એમ;
અંત ન તૃષ્ણાનો કદિ, આવે કલ્પે તેમ. ૩૦

માટે વેળાસર હવે, થાવું સાવધ જાણ;
વદે એમ વિચારી ત્યાં, દેવયાનીને માનઃ- ૩૧

પ્રિયે દેવયાની સુધી ! સાંભળ સાવધ તેમ;
વિષયભોગથી ના કદિ, થાય તૃપ્ત મન એમ. ૩૨

જેમ જેમ વિષયે રમે, વધે વાસના જાણ;
જ્ઞાનીને પણ નરકમાં, પાડે આખર માન. ૩૩

પ્રબળ ઇંદ્રિયો આ નકી, ખેંચે મોહે એમ;
માટે પુત્રી બહેન વા, અન્ય સ્ત્રી સહ તેમ, ૩૪

એકાંતે એકાસને, ન બેસવું કદિ જાણ;
ભલે વૃદ્ધ કે તરુણ એ, રહેવું સાવધ માન. ૩૫

અગ્નિમાં ઘી હોમતાં, થાએ ભડકો જેમ,
વિષયભોગથી વાસના વધે; ના ઘટે તેમ. ૩૬

ભોગે તૃપ્તિ ના કદિ; માટે નિશ્ચય જાણ,
વિષયદોષ વિચારીને થાવું વિરક્ત માન. ૩૭

શત સંવત્સર હું પ્રિયે તુજ સહ વિષયે એમ,
રમ્યો તોય ના શાન્તતા આવી ચિત્તે તેમ. ૩૮

કરવા સાર્થક દેહનું માટે પ્રિયે સુજાણ !
જઈ વને તપ આચરી, થાવું કૃતાર્થ માન. ૩૯

એમ કહી નિજ પુત્ર જે, કનિષ્ઠ પૂરુ તેમ;
બોલાવી તેને તિહાં, સોંપે યૌવન એમ. ૪૦

ત્યજી વિષયતૃષ્ણા સુખે, લઈ સ્વઘડપણ જાણ;
સ્થાપી રાજ્યે પૂરુને, ચાલ્યો વનમાં માન. ૪૧

આપ્યા ગરાસ અન્યને, દેશ વિભાગી તેમ,
જોઈ સર્વ એ જ્યેષ્ઠ ત્યાં, થયો ખિન્ન યદુ એમ. ૪૨

અપ્સરા સમ નારીઓ, નિત્ય ભોગવે એહ;
ગજાશ્વ ધન પુત્રો થકી, પૂર્ણ વૈભવે તેહ. ૪૩

તોએ સિંહાસન વિષે, જોઈ પૂરુને તેમ,
કરે દુઃખ અંતર વિષે; કહેઃ- હન્ત ધિક્ એમ ! ૪૪

માતૃદાસીસુત એ નકી, ત્યાંએ કનિષ્ઠ જાણ,
બેસે રાજ્યાસન વિષે ! સહું કેમ અપમાન ? ૪૫

જ્યેષ્ઠ રાણીનો જ્યેષ્ઠ હું પુત્ર પાટવી તેમ;
સહું કેમ અન્યાય એ ? વ્યર્થ જીવવું એમ ! ૪૬

પૂર્વકર્મ દારુણ નકી, ના છૂટે કદિ જાણ;
સેવું વન નિશ્ચયે હવે, દૈવ હન્ત બલવાન ! ૪૭

જોતાં પૂર્ણ વિચારથી, સંસારે સુખલેશ
સ્વપ્ને પણ ભાસે નહીં ! જ્યાં ત્યાં સઘળે ક્લેશ !! ૪૮

વ્યર્થ મોહથી પ્રાણીઓ પડે જાળમાં એમ;
ધિક્કારી સુખ એ હવે, જાઉં વનમાં તેમ. ૪૯

દઢ વૈરાગ્યે એમ એ, ત્યજી સંગ સહુ જાણ;
ગયો મુમુક્ષુ વન વિષે, યયાતિસુત યદુ માન. ૫૦

દત્તભક્ત એ જાણ તું, ચિંતી પ્રભુપદ તેમ,
ફરે ઘોર વિપિને અહા, સહી શીતોષ્ણ એમ. ૫૧

એકાંતે બેસી કરે, મનમાં એમ વિચાર;
નકી દત્ત ભગવાન આ, પૂર્ણ બ્રહ્મ નિર્ધાર. ૫૨

વ્યાપક સઘળે એ નકી, જાણે સઘળું એહ.
ફળે ભાવનાસમ અહા, એમાં ના સંદેહ. ૫૩

ભક્તાંતઃકરણે વસે, કૃપાંબુધિ એ જાણ,
સદા સચ્ચિદાનંદ એ, પૂર્ણ સનાતન માન. ૫૪

ભૂલી એને પામરો, રમે કીચડે એમ,
રત્ન ગુમાવી હાથનું, ફોડે પથ્થર તેમ ! ૫૫

માટે મન તું નિશ્ચયે છોડી અન્ય વિચાર,
શોધી એને, ચરણમાં થા તન્મય નિર્ધાર !! ૫૬

એમ ભૂપ યદુ અંતરે, દત્તપદાંબુજધ્યાન
કરી કહે આર્તસ્વરે, દોડ દોડ પ્રભુ માન ! ૫૭

ભવદાવાનળ ચોદિશે સળગ્યો દત્ત દયાળ !
છાંટી જ્ઞાનામૃત પ્રભો, કર ઠંડક નિર્ધાર. ૫૮

દોડ બાપ કરુણા કરી, જન્મમૃત્યુભય એમ
ટાળી સાંત્વન દે મને; યાચું અનન્ય તેમ. ૫૯

સ્મર્તૃગામી તુજને કહ્યો, શોભે વાર ન જાણ !!
એમ અરણ્યે તરુતળે, પોકારે યદુ માન. ૬૦

જોઈ એનો ભાવ એ, અદશ્ય તોએ તેમ,
કાવેરીતટ પર તિહાં થયા દશ્ય પ્રભુ એમ ! ૬૧

ભવ્ય દિગંબર મૂર્તિ એ એકાએક સુજાણ
દેખી તરુ નીચે તહીં, રહ્યો જોઈ યદુ માન. ૬૨

તેજ ન માએ [1]અંબરે, પ્રફુલ્લ મુખ સોહાય;
પડ્યો નિશ્ચિંત ભૂતલે, જોતાં વિસ્મય થાય ! ૬૩

જોઈ એ અવધૂતને, કેવળ નિર્ભય એહ;
આનંદે પાસે જઈ, વંદે નૃપવર તેહ. ૬૪

સાષ્ટાંગ પ્રણતિ કરી, પૂછે વિનીત તેમઃ-
કોણ અહીં તું એકલો, ઘોર વને આ એમ ? ૬૫

બીજું કોઈ ના દિસે, કેવળ ઘોર અરણ્ય !
ચાલે યોગક્ષેમ શેં ? કહે કૃપા કરી ધન્ય !! ૬૬

કેમ થાય રક્ષણ અહીં, સમાધાન પણ તેમ ?
વૃત્તિ પૂર્ણ રહે સદા ! લાગે અચરજ એમ. ૬૭

જોતાં જગમાં આ બધે, જ્યાં ત્યાં ઝઘડો જાણ;
આયુષ્યાર્થે કો મથે, કો ધન માટે માન. ૬૮

કીર્તિ માટે કેટલા, મારે વલખાં તેમ;
ધર્મઅર્થકામાર્થ વા, કોક મોક્ષાર્થ એમ. ૬૯

જંપે ના કોઈ કદિ; તું તો નિશ્ચલ આમ !
ઠરે ચિત્ત આ શેં કહે, વિના કાંઈ પણ કામ ! ૭૦

કામક્રોધાદિક તણી સળગી ચોદિશ આગ;
દાઝે ના તુજ અંગ આ, કહે કેમ બડભાગ ! ૭૧

ઉદાસીન સર્વત્ર તું, કેવળ અસંગ એમ;
જીવનની પણ ના દિસે, પરવા તુજને તેમ ! ૭૨

સંપત્તિ માટે જનો કરે કેટલાં ખૂન !
પડ્યો અકિંચન તું અહીં, સદાનંદથી પૂર્ણ !! ૭૩

કીર્તિ અપકીર્તિ તણી, તને ન ચિંતા તેમ;
જોઈ વૃત્તિ તાહરી, થઈ ગુંગ મતિ એમ ! ૭૪

જ્ઞાનહીન કોઈ જગે, શક્તિહીન વા જાણ;
[2]કર્તબગારી વિણ નકી, રહે કર્મ વિણ માન. ૭૫

તું તો શક્તિનો ઝરો, સ્વયં નૈપુણ્ય તેમ !
જ્ઞાનમૂર્તિ તોએ અહા, રહે અકર્મા કેમ ? ૭૬

થાય મોહ જોઈ મને; [3]રહઃસ્થાન આ જાણ;
કેમ રહે નિશ્ચિંત તું કેવળ નિર્ભય માન ! ૭૭

હું તો પામર દેવ તું, કહે કૃપા કરી સર્વ;
સ્ત્રીપુત્રાદિક વિણ અહીં, ગમે કેમ હે શર્વ ? ૭૮

મોહશોક તુજને ન એ, પીડે કેમ સુજાણ ?
આનંદે વર્તે સદા, એકાકી તું માન. ૭૯

ધન દારા સુત સહ અમે, રહીએ જગમાં એમ;
તોએ સડીએ દુઃખમાં ! તારૂં અવળું કેમ ? ૮૦

નિરિચ્છ કેવળ અંતરે, નિષ્કર્મ સુખધામ;
જોઈ તુજને આ અહીં, કરે ન અક્કલ કામ ! ૮૧

કૃપાંબુધિ[4] કરુણા કરી, માટે રહસ્ય એહ
કહો દાસને; એમ ત્યાં બોલી પ્રણમે તેહ !! ૮૨

સૂણી પ્રશ્ન એ એટલા, કરી હાસ્ય અવધૂત
બોલેઃ- સાંભળ ભૂપ હે, યયાતિપુત્ર સુપૂત ! ૮૩

તત્ત્વજ્ઞાન થયું મને, માટે આમ સુજાણ
રહું પડી આનંદથી, કેવળ નિર્ભય માન. ૮૪

ચોવીસ ગુરુથી જ્ઞાન જે પામ્યો યત્ને તેમ;
તેથી વૃત્તિ અખંડ આ રહે સુનિશ્ચલ એમ. ૮૫

મનન થકી એના સ્વયં, થાય બ્રહ્મનું જ્ઞાન;
નિદિધ્યાસને તે પછી સાક્ષાત્કાર પ્રમાણ. ૮૬

રાજા મનુષ્યદેહ આ, ઈશે નિર્મ્યો જેહ;
કરવા વિચાર તત્ત્વનો, જાણ નિશ્ચયે તેહ. ૮૭

ઇતર દેહ આહાર ને વિહારનાં સ્થળ જાણ;
ઈશ્વરપ્રાપ્તિ ના તહીં; સુલભ અત્ર એ માન. ૮૮

માનવતનુ પ્રજ્ઞાનનું એકમેવ સ્થળ તેમ;
માટે પામી રત્ન એ, કરવો પ્રયત્ન એમ. ૮૯

સાધી શમદમ ખંતથી, સદ્‌ગુરુશરણે જાણ
જઈ સતત વેદાન્તનું કરવું શ્રવણ સુજાણ. ૯૦

મનનાદિક યુક્તિ થકી, થતાં જ્ઞાન દૃઢ એહ;
ટળે ક્લેશ જન્મો તણા, એમાં ના સંદેહ. ૯૧

જેથી ચિત્તાદિક બધાં થાય પ્રકાશિત એમ,
તે જ બ્રહ્મ દૃઢ જાણતાં, થાય મુકત નર તેમ. ૯૨

૧. આકાશે ૨. કામ કરવાની શક્તિ. ૩. એકાંત, નિર્જન સ્થળ. ૪. દયાના સાગર.

અનાત્મ વસ્તુ જેટલી, હેય[૧] સર્વ એ જાણ;
ઉપાદેય[૨] આત્મા નકી, એક બ્રહ્મ તું માન. ૯૩

ત્યાગી મનથી હેય જે, ઉપાદેય ગ્રહી તેમ;
સૂક્ષ્મ દૃષ્ટિથી શોધતાં, થાય જ્ઞાન તે એમ. ૯૪

જગમાં મિશ્ર બધું નકી સદ્‌ગુણદુર્ગુણયુક્ત;
ત્યાગી દુર્ગુણ, સદ્‌ગુણે ઠરતાં થાએ મુક્ત. ૯૫

દેહાધ્યાસ વધારીને વિષયકીચડે જેહ
પાડે તે દુર્ગુણ નકી; એમાં ના સંદેહ. ૯૬

કરે વૃદ્ધિ વૈરાગ્યની, સદ્‌ગુણ તે જ સુજાણ;
ના જાણી અજ્ઞાની એ, પડે મોહમાં માન. ૯૭

છોડી સદ્વર્તન પડે વિષયકૂપમાં એમ,
પશુસમાન એ જાણવા; ભક્ષે તૃણ ના તેમ. ૯૮

મહાભાગ્ય એ પશુતણું, નિશ્ચય ભૂપ સુજાણ;
એક દૃષ્ટિથી પશુથીએ, અધમાધમ એ માન ! ૯૯

પશુઓ તૃણસંગ્રહ કદિ, કરે ન સ્વપ્ને તેમ;
પેટ પૂરતું ખાઈને, રહે સંતુષ્ટ એમ. ૧૦૦

માણસ સંગ્રહમાં મરે, [૩]ભાવિચિંતથી જાણ;
ખાય ન પોતે, અન્યને ના ખાવા દે માન. ૧૦૧

કાલાધીન શરીર આ; તોએ મોહે એમ
માની એને અમર હા, રમે સંગ્રહે તેમ ! ૧૦૨

ઋતુગામી પશુઓ નકી, લહે ન નર સંતોષ;
અલ્પનિદ્ર પશુઓ અહા ! માણસ [૪]નિદ્રાકોશ !! ૧૦૩

દેહ તણું પણ ભાન એ ભૂલી ઊંઘે એમ;
કૃતઘ્ન નર, પશુઓ નકી આજ્ઞાપાલક તેમ ! ૧૦૪

કરતાં તુલના એહવી, હીન મનુષ્ય પ્રમાણ;
માટે શ્રુતિ "પશુનો પશુ", વદે મૂઢને માન ! ૧૦૫

શું મૂર્ખત્વ મનુષ્યનું ! અલ્પ મૂલ્યનું જેહ,
ઘૃતદુગ્ધાદિક જો ઢળે, માને હાનિ તેહ. ૧૦૬

થાએ વિહ્વળ ખેદથી ! જાણે મૂઢ ન તેમ;
અમૂલ્ય આયુષ્ વ્યર્થ આ, જાય વહી ઝટ એમ ! ૧૦૭

મહાહાનિની કલ્પના નાવે કદિ એ જાણ;
છતાં કાન સૂણે નહીં, વેદઘંટ એ માન !! ૧૦૮

સ્વપ્ને પણ જેનો કદિ કરવો સંગ ન એમ
કહે વેદ એવું નકી; તે વિષયો ગમ તેમ. ૧૦૯

દોડી લોલુપ શ્વાનવત્, થાએ ખુવાર જાણ;
માટે સુજ્ઞે જાણીને, થાવું જાગ્રત્ માન. ૧૧૦

પામી નરતનુ ચિત્તમાં રાખી વિવેક એમ,
ત્યાગી વિષયો ઈશની કરવી પ્રાપ્તિ તેમ. ૧૧૧

પામી તત્ત્વજ્ઞાન એ ચોવીસ ગુરુથી જાણ;
એકાકી નિર્ભય સદા, રહું સ્વાત્મરત માન. ૧૧૨

પૃથ્વી વાયુ નભ અને ઉદક અગ્નિ પણ તેમ,
ચંદ્ર સૂર્ય કપોત ને અજગર સમુદ્ર એમ; ૧૧૩

પતંગ ભૃંગ [૫]માતંગ ને હરિણ માછલું જાણ,
મધુહા[૬] વેશ્યા પિંગલા, બાલ ટિટોડી માન; ૧૧૪

કુમારીકંકણ સર્પ ને બાણકાર પણ તેમ,
કરોળિયો ભમરી મળી, ચોવીસ ગુરુ એ એમ. ૧૧૫

થોડું થોડું સર્વથી, કરી એકઠું જ્ઞાન;
નિર્મી જ્ઞાનાર્ણવ સ્વયં, કર્યું તેહમાં સ્નાન. ૧૧૬

ધોઈ સઘળું દુરિત ત્યાં, થયો શાન્ત હું એમ;
રહું સદા આનંદમાં, કેવળ નિર્ભય તેમ. ૧૧૭

થયો જ્ઞાનમય જ્ઞાનમાં ન્હાઈ એમ સુજાણ;
જને વને નિર્લેપ હું, રહું અગ્નિવત્ માન. ૧૧૮

નિજરંગે રંગાઈને, રહ્યો પડી હું એમ;
સુખદુઃખોનું સ્ફુરણ ના, ભાસે મુજમાં તેમ. ૧૧૯

નિત્ય શુદ્ધ સુબુદ્ધ હું, યોગયુક્ત તું જાણ;
પરિત્યક્તસર્વાર્થ હું, નિત્ય મુક્ત તું માન. ૧૨૦

આત્મજ્ઞાનામૃત તણાં અંદર ઝરણાં એમ,
વહેતાં ભવદવ ક્યાં રહે, બોલ ભૂપતે તેમ ! ૧૨૧

શ્રદ્ધાભાવે સેવતાં એકજ ગુરુને એહ,
પામે આત્મજ્ઞાન ત્યાં, ચોવીસ ગુરુ કાં તેહ ? ૧૨૨

જાતાં શરણ અનેકને જારિણી સમ એમ,
થાએ ના વ્યભિચાર શું ? શંકા ઉપજે તેમ. ૧૨૩

સાંભળ ભૂપ કહું તિહાં; [૭]પરમાર્થાર્થે જાણ,
એકજ ગુરુને નિશ્ચયે, જાવું શરણ પ્રમાણ. ૧૨૪

આપે ગુરુ ઉપદેશ જે, થતાં શંકા ત્યાંય;
કરવો વિવેક અંતરે, નિજ બુદ્ધિથી રાય ! ૧૨૫

વેદાન્તાધારે તિહાં, કરવો તર્ક સુજાણ;
જેથી સંશય ના રહે, થાય સ્વાત્મનું ભાન. ૧૨૬

કરવા એવા તર્ક જો, કરવા દ્વૈતે તેમ;
બ્રહ્માદ્વૈતે તર્કને, ના અવસર નૃપ એમ. ૧૨૭

માટે તે તે વસ્તુના, સ્વબુદ્ધિથી જાણ,
લેવા ગુણ હે ભૂપતે ! [૮]જ્ઞાનદાઢર્યાર્થ માન. ૧૨૮

૧. ત્યજવા યોગ્ય. ૨. ગ્રહણ કરવા યોગ્ય. ૩. ભવિષ્યની ચિંતાથી ૪. ઊંઘનો ભંડાર. ૫. હાથી. ૬. મધમાખી ૭. મોક્ષાર્થે. ૮. જ્ઞાન દૃઢ કરવા માટે.

શોધી દ્વૈતે દાખલા, થાવું સુસ્થિર એમ;
ચોવીસ ગુરુથી મેં તથા, લઈ સાર ગુણ તેમ, ૧૨૯

શંકાઓ મનની બધી કરી નિર્મૂળ જાણ;
સ્વસ્વરૂપનિશ્ચય કરી થયો શાન્ત હું માન. ૧૩૦

જેથી સચ્ચિત્સુખ તણો થયો પૂર્ણ આ લાભ;
બ્રહ્મરૂપે બ્રહ્મે રમું, લહી દશ્ય આ [1]ખ્વાબ ! ૧૩૧

બ્રહ્મજ્ઞાન વિશુદ્ધ એ, એકાએક સુજાણ
થાય બુદ્ધિથી ગ્રહણ ના, માટે એમ પ્રમાણ ૧૩૨

[2]દૃષ્ટાંતાંતર શોધીને તે તે પદાર્થ માંહ્ય,
ચોવીસ વસ્તુના ગુણો, માન્યા ગુરુવત્ ત્યાંય. ૧૩૩

ના વ્યભિચાર તિહાં નકી, શોધકબુદ્ધિ એહ;
સાર શોધવો સર્વથી, જાણ સુજ્ઞતા તેહ ! ૧૩૪

સૂણી વચન અવધૂતને વંદી ભૂપ સુજાણ,
આનંદે પૂછે ફરી, આગળ એ રસ જાણ. ૧૩૫

સાર સર્વ વેદાન્તનો, જાણ નિરંજન એહ;
કહે અલખ પુણ્યે પડે, **રંગ** કાન પર તેહ ! ૧૩૬

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અવધૂતદર્શનં નામ એકપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૧ ॥ દોહરા ૧૩૬

અધ્યાય ૫૨

પૂછે વંદન કરી યદુઃ- જ્યાંથી જે જે દેવ,
લીધા ગુણ તે તે તથા, કહો મને ततખેવ; ૧

યદ્‌બોધે કૃતકૃત્યતા, પામું હું પણ એમ !
સૂણી વચન અવધૂત એ, વદે હાસ્ય કરી તેમઃ- ૨

સાંભળ ભૂપ કહું તને, થા સાવધ મન માંહ્ય;
અદ્વૈતામૃત આ નકી, પીતાં મુક્તિ થાય. ૩

જાવા ઉપર સીડીની આવશ્યકતા જાણ
તેમ મુમુક્ષુને નકી, સહનશીલતા માન. ૪

શીખ્યો હું એ ભૂમિથી; વર્તે પૃથ્વી તેમ,
સ્વપ્રાકતનનો[3] અંતરે, સુવિચાર કરી એમ. ૫

પ્રાણિમાત્ર ભૂતલ વિષે, મલમૂત્રાદિક જાણ
ફેંકે થૂંકે તોય એ કરે ક્રોધ ના માન. ૬

દૈવે સઘળું આ બને; આપું કોને દોષ ?
એમ વિચારી અંતરે, રહે રાખી સંતોષ ! ૭

રાખ્યાં મુજ પર પ્રાણીઓ, સ્વયં ઈશ્વરે એમ;
અન્યાધાર મળે નહીં ! જાય કંઈ એ તેમ ? ૮

પ્રાણિમાત્રનું હું નકી નિર્મ્યું જીવન જાણ;
માટે ખોદી ખેડી એ, કરે ધાન્ય નિર્માણ. ૯

[4]ભર્જન વા કોઈ કરે, ખોદે વાવ તલાવ;
ફલપુષ્પાદિ લે સ્વયં ! કરું કેમ અટકાવ ? ૧૦

સ્વકાર્યાર્થે ચાલતાં, છૂંદે પગથી જાણ;
કહું એમ તો જાય ક્યાં ? સહું સર્વ હું માન. ૧૧

લઈ અંક પર બાળને પાતાં દૂધ કુમાર
મારે લાતો તોય ના મારે મા નિર્ધાર ! ૧૨

મલમૂત્રાદિક ત્યાગતાં દેહે તે જ પ્રમાણ;
ના મારે ના ગાળ દે, ના તરછોડે માન ! ૧૩

માતા હું સહુની [5]ધરા ! લાવું મનમાં કેમ,
સ્વચ્છંદે રમતાં અહા, પ્રાણિમાત્ર આ તેમ ૧૪

એમ વિચારી અંતરે, રહે સ્વસ્થ ભૂ જાણ;
સહનશીલતા પૃથ્વીથી શીખ્યો હું એ માન. ૧૫

રાખી દૃષ્ટિ ધ્યેયમાં મુમુક્ષુએ પણ એમ;
ગ્રહી ક્ષમા ચિત્તે સદા, કરવો ક્રોધ ન તેમ. ૧૬

શાસ્ત્ર સકળ એવું કથે, રક્ષે ધર્મ સુજાણ;
રાખી ધીરજ અંતરે, સહી માન અપમાન. ૧૭

કઠણ શબ્દ કોઈ કહે, કાઢે આંખો એમ,
મારે અપમાને યદિ, બોલે કુશબ્દ તેમ. ૧૮

થૂંકે દેહે દ્વેષથી, મારે પથ્થર જાણ,
હણે લાત યષ્ટિ[6] થકી હરે વિત્ત[7] વા માન; ૧૯

તોયે મુમુક્ષુએ કદિ ચિત્તે વિષાદ તેમ
સ્વપ્ને પણ ના આણવો, જાણી પ્રારબ્ધ એમ. ૨૦

ત્રિવિધ જાણ પ્રારબ્ધ આ, સ્વેચ્છા પ્રથમ સુજાણ;
દ્વિતીય પરેચ્છા જાણ તું, ત્રીજું અનિચ્છા માન. ૨૧

વૈદ્યે ઓસડ આપીને કીધું સુપથ્ય જેમ,
ના પાળ્યું તે જાણીને; વધ્યું દુઃખ જે એમ, ૨૨

સ્વેચ્છા એ જ કહ્યું નકી, પ્રથમ પ્રારબ્ધ જાણ;
બીજું પરેચ્છા, અન્યથી થાય દુઃખ જે માન. ૨૩

માફક ના નિજ જઠરને, તોએ બીજા એમ
માની ઉત્તમ વસ્તુ જે બળે[8] ખવાડે તેમ; ૨૪

૧. સ્વપ્ન. ૨. અન્ય દૃષ્ટાંત ૩. પૂર્વકર્મ, પ્રારબ્ધ ૪. બાળવું. ૫. પૃથ્વી ૬. લાકડી. ૭. દ્રવ્ય, પૈસા. ૮. બળાત્કારથી.

અથવા અતિથિ અન્યના થાતાં વિધવિધ ભોગ
આવી મળતાં થાય જે દુઃખ શોક કે રોગ; ૨૫

અન્યેચ્છા પ્રારબ્ધ એ ! કહું અનિચ્છા તેમ;
કરતાં સારૂં દૈવથી, થાએ વિરુદ્ધ એમ. ૨૬

તેથી શોકાદિક હૃદે થાય, અનિચ્છા એહ;
ત્યજી પ્રથમ બે સાધકે, સ્હેવું ત્રીજું તેહ. ૨૭

જાણી નશ્વર દેહને, પ્રારબ્ધાધીન તેમ
કરી, સ્વયં સાક્ષી થઈ રહેવું અલિપ્ત એમ. ૨૮

સુખદુઃખાદિ ના પછી સ્પર્શે તેને જાણ;
રહે વૃત્તિ આનંદમાં, સદા સર્વદા માન. ૨૯

ઘોંચે કંટક દેહમાં, કરવો ક્રોધ ન તેમ;
પૂજે ચંદનપુષ્પથી, તોએ હર્ષ ન એમ ! ૩૦

કહો સાધુ કોઈ ભલે, કોઈ દુષ્ટ પ્રમાણ;
કોઈ મૂરખ સુજ્ઞ કો, ક્ષમા રાખવી જાણ. ૩૧

દુષ્કર વસ્તુ જે નકી, નાના યત્ને એમ,
થાય ક્ષમાથી સુલભ એ; મા શંકા કર તેમ. ૩૨

વસે ક્ષમા જેને ઉરે, તેને જગમાં ક્યાંય,
વેરી કોઈ ના રહે; ક્રોધે નર પછડાય. ૩૩

અંધકાર સમ ક્રોધ એ, પાડે નિશ્ચય એહ;
ક્ષમા સૂર્યસમ જાણ તું, તારે આખર તેહ. ૩૪

માની ઉપગુરુ વૃક્ષ મેં, ત્યજી સર્વ અભિમાન,
લીધો બોધ અગાધ જે, સાંભળ ભૂપ સુજાણઃ- ૩૫

પામી માનવદેહ આ, કરવો પરોપકાર;
વદે વૃક્ષ મૂગા ન શું, તત્ત્વ એહ નિર્ધાર ? ૩૬

થઈ તમોગુણવશ નકી, નરનારી જે જાણ
અસત્ય કર્મો આચરે, થાય વૃક્ષ તે માન ! ૩૭

નિજ અભિમાન તણું અહા દારુણ ફળ એ એમ,
ખડાં રહી આજન્મ શું, ભોગવે ન નૃપ તેમ ? ૩૮

પરાધીન પોતે સદા, તોએ પ્રસન્ન આમ;
પરોપકારે પૂર્વનું ધુએ પાપ તમામ ! ૩૯

પશુપંખીને આશરો આપે નિશ્ચય તેમ;
આપી છાયા [૧]પથિકને, કરે સંતુષ્ટ એમ. ૪૦

શીત ઉષ્ણ વર્ષા સહી, સ્વયં નિરાશ્રય જાણ;
રક્ષે આશ્રિતને અહા, આદેહાંત[૨] સુજાણ ! ૪૧

પર્ણ પુષ્પ ફળ અર્પીને, પોષે જીવો એમ;
તોએ નિષ્ઠુર માનવો તોડે એને તેમ ! ૪૨

તોડે કોઈ ડાળીઓ, કોઈ પુષ્પફળ જાણ;
કોઈ ઉખાડી મૂળથી, આપે દુઃખ મહાન. ૪૩

કોઈ [૩]દુગ્ધાદિકમિષે, છૂંદે શસ્ત્રો તેમ;
કોઈ કાપી છાલને કાઢે અધવચ એમ. ૪૪

યોજે ગૃહકાર્યો મહીં, છોલી વ્હેરી જાણ;
પાકાદિકમાં ઈંધણાં કરે એહનાં માન. ૪૫

શીતકાલમાં સર્વનું શીત નિવારે તેમ;
મરી જતાં શવ બાળીને, સેવે આખર એમ ! ૪૬

થતાં રાખ પણ એહને, ના છોડે નર જાણ;
નાંખી ખાતર ખેતમાં, લે ઉત્તમ ફળ માન !! ૪૭

માને દુઃખ ન તોય એ, સાધે પરાર્થ એમ;
જીવતે મૂએ ધન્ય એ, વૃક્ષ સાધુવર તેમ ! ૪૮

તેમ મુમુક્ષુએ નકી, સહી દુઃખ સહુ જાણ,
પરોપકારે દેહ આ કરવી ક્ષીણ સુજાણ. ૪૯

દે વિશ્રાંતિ પથિકને, સહી સર્વ તરુ જેમ;
તેમ ગૃહસ્થે અતિથિને દેવો આશ્રય એમ. ૫૦

યથાશક્તિ અન્નાદિથી, પ્રેમપુરસ્સર જાણ;
કરવો સુતૃપ્ત, આવતાં દ્વારે અતિથિ માન. ૫૧

આપી આશ્વાસન મુદા, કરી યોગ્ય સન્માન;
ભૂખપ્યાસ [૪]માર્ગસ્થની હરવી નિશ્ચય જાણ. ૫૨

દૈવે સંપત્તિ મળે, થાવું તોય ન મસ્ત;
ફલપુષ્પોથી જો નમે તરુવર અધિક સ્પષ્ટ ! ૫૩

તેમ સંપદા આવતાં, થાવું નમ્ર સુજાણ;
હાથ અધિક લંબાવવો, પરોપકારે માન. ૫૪

સંપત્તિનો મદ નકી, દુર્ધર કેવળ એમ;
પાડી નાના ફંદમાં, પછી રડાવે તેમ. ૫૫

સદા નમીને ચાલવું, સંપત્તિમાં જાણ;
શીખ્યો હું તરુ પાસથી, તત્ત્વ એહ તું માન. ૫૬

નૂતન મૂળી તરુ તણી, જોઈ સુનમ્ર તેમ;
[૫]પ્રસ્તર પણ આપે અહા એને પ્રવેશ એમ. ૫૭

ધીમે ધીમે કોટ ને કિલ્લામાં પણ જાણ,
ફોડી દિવાલો ધસે; રોકે કોઈ ન માન. ૫૮

થાય સ્વયં વિસ્તીર્ણ ત્યાં રમ્ય વૃક્ષ એ જેમ,
જાણ અંતરે માનવે રાખી મૃદુતા તેમ; ૫૯

નિષ્કપટે જગમાં બધે સદા વર્તતાં જાણ,
બ્રહ્માંડે કોઈ નહીં, એનો શત્રુ માન. ૬૦

૧. વટેમાર્ગુ. ૨. મરતાં સુધી ૩. દૂધ વગેરે લેવા માટે ૪. વટેમાર્ગુ ૫. પથ્થર.

પૂજે સઘળા એહને; જાણ તપસ્વી એહ;
થાય બ્રહ્મવેત્તા નકી; તારે જગને તેહ ! ૬૧

વૃક્ષ તણી મૂળી થકી, લીધો આ મેં બોધ;
સૂણ શૈલથી[૧] જે શીખ્યો, કરી બુદ્ધિથી શોધ. ૬૨

પર્વત પૃથ્વી ઉદરમાં, ધનરત્નાદિક સાર
રાખે સંગ્રહી; જે થકી થાય અમિત ઉપકાર. ૬૩

તેમ પ્રયત્ને માણસે, વિદ્યારત્ન મહાન્
કરી પ્રાપ્ત અધિકારીને કરવું અર્પણ જાણ. ૬૪

ઉષ્ણકાલમાં ગિરિવરો શીત ઝરણથી એમ,
ઉષ્ણતપ્ત મનુષ્યને આપે ઠંડક જેમ; ૬૫

તેમ ભૂપ ! મુમુક્ષુએ, મધુર ભાષણે જાણ
[૨]તાપત્રયસંતપ્તને શાન્તિ આપવી માન. ૬૬

ગુહા વિવિધ નિજ દેહમાં રાખે પર્વત એમ,
જેથી યોગિજન આવીને લે આશ્રય ત્યાં જેમ; ૬૭

તેમ માણસે સંતને દેવો આશ્રય જાણ,
સત્સંગતિથી નિશ્ચયે થાએ શ્રેય સુજાણ ! ૬૮

કંદમૂલાદિ જોઈને આકર્ષાએ જેમ
સંતસાધુઓ પર્વતે; જાણ યત્નથી તેમ, ૬૯

રાખી સદ્‌ગુણ અંતરે, રહેતાં નિત્ય સુજાણ;
આવે સંતો ઢૂંઢતા, થાએ લાભ મહાન્ ! ૭૦

અસાર આ સંસારમાં, એકમેવ એ સાર;
થાય સંગ જો સંતનો, ટળે તોજ યમદ્વાર. ૭૧

એમ કરી બુદ્ધિ થકી, ઉપગુરુ પર્વત જાણ;
લીધો સુબોધ અંતરે, યયાતિસુત તું માન. ૭૨

પર્વતતરુનો પૃથ્વીથી, કર્યો જ્ઞાનાર્થ ભેદ;
બોધે મૂક ક્ષમા અહા ! ટળે જે થકી ખેદ. ૭૩

બીજો ગુરુ વાયુ નકી, વ્યાપક તોએ જેમ
રહે નિર્લેપ સર્વથા, વર્તે મુમુક્ષુ તેમ. ૭૪

કેવળ વિરક્ત અંતરે, વાયુ જેમ સુજાણ;
તેમ વર્તતા વિષયમાં થાએ લિપ્ત ન માન. ૭૫

વિણ વૈરાગ્ય, ક્ષમા અને વ્યર્થ તિતિક્ષા તેમ;
ભોગે ભંગે યોગ ને પડે મુમુક્ષુ એમ. ૭૬

બ્રહ્માનંદસ્વાદ વિણ ચહે ન અન્ય સ્વાદ;
મિષ્ટામિષ્ટે સક્ત ના થાવું ભૂપ સુજાત ! ૭૭

ટકે પ્રાણ જેથી સુખે, ખાવું તેટલું અન્ન;
પ્રાણવાયુથી બોધ એ લીધો જાણ પ્રસન્ન. ૭૮

વિના અન્ન દેહેંદ્રિયો, થાએ શિથિલ સુજાણ;
થાય તૃપ્ત આહારથી, ના સ્વાદથી માન. ૭૯

રસાસ્વાદની પ્રાણને નહીં અપેક્ષા એમ;
યથાપ્રાપ્ત અન્નાદિથી થાય તૃપ્ત એ તેમ. ૮૦

આ મિષ્ટ કદન્ન આ, આ નીરસ પ્રમાણ;
એમ અન્નરુચિલાલસા કરે પ્રાણ ના જાણ. ૮૧

તેમ દૈવયોગે મળે જેવું જેટલું અન્ન,
તેવું તેટલું ખાઈને, રહેવું સદા પ્રસન્ન. ૮૨

રાખી દૃષ્ટિ ધ્યેયમાં, મિતાહારથી એમ
કરવી અખંડ સાધના, જીતી અન્નરસ તેમ. ૮૩

ખટપટની બીકે તથા કરવો ત્યાગ ન જાણ
મુમુક્ષુએ આહારનો, હઠે કદાપિ માન. ૮૪

આવે ગ્લાનિ દેહમાં, રહે ચિત્ત ના સ્થિર;
થાએ વિકાર વાણીમાં, અન્ન ત્યાગતાં ધીર ! ૮૫

ભંગે સાધન, જ્ઞાનનો થાએ સત્વર નાશ;
ઈશ્વરપ્રાપ્તિ ના કદિ થાય એહને ખાસ. ૮૬

શય્યા પર આળોટતાં, મળે મુક્તિ ના તેમ;
લોહીનું પાણી કરે, થાય મુક્ત નર એમ. ૮૭

ચાવે લોઢાના ચણા, તે જ મુક્તિપદ તેહ
દેખે કષ્ટે આખરે; ના એદી ખર એહ ! ૮૮

મુક્તીચ્છા ઉરમાં વસે તેણે નિશ્ચય એમ,
યોગ્યાહારવિહારથી કરવો સુયત્ન તેમ. ૮૯

સ્વાદમાત્ર છોડે સદા, અત્યાહાર પ્રમાણ;
નહિ તો ચિત્ત ઠરે નહીં થાએ ધ્યાન ન માન. ૯૦

સ્વાદિષ્ટાન્ને સર્વથા [૩]બહ્વાહારે તેમ
થાય ચિત્ત વિક્ષિપ્ત ને આવે સુસ્તી એમ. ૯૧

નાના રસ જાણે અહા, રસના[૪] અડિયલ એહ;
પાછળ એની દોડતાં, પડે મુમુક્ષુ તેહ. ૯૨

રસાસ્વાદથી ઇંદ્રિયો બહેકે નિશ્ચય જાણ;
પડ્યા કેટલા ચક્કરે, જિહ્વાલૌલ્યે માન ! ૯૩

જીત્યો રસ તેણે નકી જીત્યું સઘળું એમ;
હોય સુજ્ઞ કે અજ્ઞ પણ; સ્વયં ઈશ એ તેમ. ૯૪

એકાએક બને નહીં, વિષયત્યાગ સુજાણ;
શનૈઃ શનૈઃ કરવો ઘટે, થતાં [૫]વિરતિ દૃઢ માન. ૯૫

હોય ન ઇચ્છા ચિત્તમાં, તોયે દૈવે એમ
આવી મળતાં ભોગ ત્યાં, થાવું લિપ્ત ન તેમ. ૯૬

૧. પર્વત. ૨. આધિ, વ્યાધિ ને ઉપાધિના વિવિધ તાપથી પીડાતાને. ૩. અતિ આહાર. ૪. જીભ. ૫. વૈરાગ્ય.

શીખ્યો હું એ વાયુથી, અનાસક્તિ ગુણ જાણ;
પ્રાપ્તાપ્રાપ્તે ભોગમાં થાવું બદ્ધ ન માન. ૯૭

શીતોષ્ણાદિ પ્રદેશમાં દૈવે મારુત[1] જેમ,
ફરે તોયે ગુણદોષને ના સ્પર્શે કદિ તેમ; ૯૮

રહેવું મુમુક્ષુએ નકી, અલિપ્ત સઘળે જાણ;
ગુણદોષો જોયા વિના ફરવું અસંગ માન. ૯૯

શ્રુતિમાર્ગે વર્તી સદા, અનાસક્ત નર એમ;
રહે નિર્દોષ વાયુવત્, થાએ બદ્ધ ન તેમ. ૧૦૦

ગંધાદિક આશ્રય કરી, રહે વાત તું જાણ;
તોએ અલિપ્ત સર્વથા, તેમ મુમુક્ષુ માન. ૧૦૧

[2]અશાશ્વત જાણી બધું, કેવળ સાક્ષી જેમ.
રહે દેહમાં દેહથી જાણી ન્યારો એમ. ૧૦૨

દેહાહંતા ના કદિ પાસ આવવા જાણ
દેવી નિશ્ચયજ્ઞાનથી, રહેવું ઉદાસ[3] માન. ૧૦૩

કારણ વિણ કાર્યો નકી, બને ન કદિએ તેમ;
વિકલ્પકારણ જાણ તું, પ્રમાદ નિશ્ચય એમ. ૧૦૪

માટે ત્યાગી એહને, સર્વ પ્રયત્ને જાણ;
રાખે અખંડ અંતરે સ્વરૂપાનુસંધાન. ૧૦૫

તાર ન તૂટે વૃત્તિનો; વધતાં વધતાં એમ,
બ્રહ્માકાર બધું દિસે; નાસે ભ્રાંતિ તેમ. ૧૦૬

અંતર્બાહ્ય વાયુ થકી, શીખ્યો હું આ જાણ;
છોડી રસાસક્તિ રહું સદા નિર્લેપ માન. ૧૦૭

ચરાચરે વ્યાપી રહ્યો આત્મા અખંડ એક,
નિર્વિકાર નિશ્ચલ સદા; શીખ્યો નભથી છેક. ૧૦૮

ન્હાના મોટા ઘટમઠે, તેમજ બહાર સુજાણ !
વ્યાપી સઘળે એક આ રહ્યું વ્યોમ તું જાણ. ૧૦૯

નાના દેહે તેમ આ વ્યાપક આત્મા એમ,
રહ્યો બ્હાર પણ; ઠામ ના એ વિણ ઠાલું તેમ. ૧૧૦

ભાસે ઉપાધિયોગથી, ગુણમય એ તું જાણ;
નાના રંગે એક એ, જોતાં યથાર્થ માન. ૧૧૧

સાક્ષિભૂત નિઃસંગ એ, વ્યાપક સઘળે એમ;
ના જડ દુઃખાત્મા નકી, સચ્ચિત્સુખ એ તેમ. ૧૧૨

તોએ અજ્ઞાને તથા, ભાસે એમ ન જાણ;
માટે નાના યુક્તિથી, કરવો નિશ્ચય માન. ૧૧૩

વિવિધ દેહ જે દૃશ્ય આ, તત્કારણ ત્રણ તેમ;
કાલ કર્મ ને ગુણ નકી, જાણ ભૂપ તું એમ. ૧૧૪

ત્રણેનો એ જ્યાંસુધી, એક સંબંધ જાણ;
ભેદ ત્યાં સુધી આ દિસે, ઉપાધિભેદે માન. ૧૧૫

જેમ પૂર નદીઓ તણું વહે અખંડ સમાન;
ના જાણે જે ઉગમ તે, કરે આશ્ચર્ય માન. ૧૧૬

પ્રવાહ આ સંસારનો ના જાણે જે તેમ,
જન્મમૃત્યુના ચક્રમાં પડે અવ્યાહત[4] એમ. ૧૧૭

કરે ક્ષોભ જે ગુણ તણો, કાળ તેજ તું જાણ;
નિમિત્ત જન્મતણું કહ્યું, કર્મ નિશ્ચયે માન. ૧૧૮

ત્રિવિધ ભેદ ગુણના નકી, સત્ત્વ રજસ ને તમ;
જાણ જગતનું એજ તું, ઉપાદાન પરમ. ૧૧૯

ઈશ્વરસત્તાત્મક અહા, માયા એજ સુજાણ;
આદિ અંતમાં ના દિસે, ભાસે મધ્યે માન. ૧૨૦

કાલકર્મગુણવશ નકી, દેહ સર્વ આ તેમ;
ભાસે મિથ્યા મધ્યમાં, માટે નશ્વર એમ. ૧૨૧

પડતાં છૂટાં કાળ ને કર્મ ગુણત્રય જાણ;
પડે દેહ આ સર્વથા, અકસ્માત તું માન. ૧૨૨

દેહ સમસ્ત મરે ભલે, મરે ન આત્મા એમ;
મારે કોઈ ન એહને, ના કોને એ તેમ. ૧૨૩

વ્યાપક સઘળે વ્યોમવત્, નિર્વિકાર એ જાણ;
થતાં જ્ઞાન આ, તેહને ના દ્વેષ્ટા પ્રિય માન. ૧૨૪

એક પૂર્ણ સઘળે ભર્યો ! જન્મમરણ ક્યાં તેમ ?
ભાસે દેહાદિક વૃથા, વ્યોમે મલવત્ એમ ! ૧૨૫

દેહમાત્ર આ જેટલા, સઘળા વિકાર તેહ
અગ્નિ અન્ન ને જળ તણા; એમાં ના સંદેહ. ૧૨૬

વાયુવેગથી વાદળાં ફરે વ્યોમમાં જેમ;
જાણ દેહ આત્મા વિષે, કેવળ કલ્પિત તેમ. ૧૨૭

મેઘ તણો સંસર્ગ ના વ્યોમે લેશ સુજાણ;
તેમ દેહસંબંધથી, આત્મા અલિપ્ત માન. ૧૨૮

સર્વ દેહમાં એક એ આત્મા અક્ષર[5] તેમ,
સર્વનિયંતા જાણ તું, ચેતન મંગલ એમ. ૧૨૯

હાલે ચાલે દેહ સહ, ભાસે એવું જાણ;
ચલનવલન એમાં નહીં તોયે યથાર્થ માન. ૧૩૦

ઘડો હાલતાં વ્યોમ ત્યાં દિસે હાલતું તેમ,
તોએ નિશ્ચલ એ સદા; આત્માનું પણ એમ. ૧૩૧

રાખ્યું સ્વોદરમાં અહા જેણે વ્યોમ સુજાણ,
કોણ હલાવે એહને ? નિરાભાસ એ માન ! ૧૩૨

૧. પવન; વાયુ ૨. ક્ષણભંગુર; ૩. તટસ્થ; અસંગ ૪. સતત ૫. અવિનાશી.

ઘડો ફૂટતાં વ્યોમ ના ફૂટે કદિએ જેમ,
મરતાં દેહ ન એ મરે આત્મા અક્ષય તેમ. ૧૩૩

અજ અવ્યય અવિનાશી એ, કેવળ સ્વયંપ્રકાશ;
જાણી એવું ચિંતતાં નડે ન માયાપાશ. ૧૩૪

સંગ ન ત્રણે દેહનો જેને નિશ્ચય જાણ;
પ્રત્યગ્ આત્મા બ્રહ્મ એ, એકાદ્વિતીય માન ! ૧૩૫

જાણી એવું જે રહે, મૃત્યુંજય એ તેમ !
કો એને મારી શકે, જ્યાં બીજું ના એમ ? ૧૩૬

તૃતીય ગુરુ આકાશથી પામી આ વિજ્ઞાન;
દૂર કરી ભ્રમ મૃત્યુનો, નિર્ભય રહું સુજાણ ! ૧૩૭

ચોથો ગુરુ પાણી નકી, વદે અવધૂત એમ;
અલખ કહે આગળ હવે, **રંગ** અલૌકિક તેમ ! ૧૩૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે અવધૂતયદુસંવાદો નામ દ્વિપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૨ ॥ દોહરા ૧૩૮

અધ્યાય ૫૩

વદે દત્તઃ- સૂણ ભૂપ હે ! નિર્મલ સલિલ સમાન
રહેવું રાખી અંતરે સ્નેહ સર્વ પર માન. ૧

પક્ષાપક્ષીથી કદિ, થવું ન કડવું તેમ;
હળીમળીને ચાલવું, સદા સર્વથી એમ. ૨

જ્યાં નાંખે ત્યાં તેહવું, રહે થઈને આપ;
તેમ મળીને વર્તતાં, નડે ન ભવદવતાપ. ૩

મિષ્ટ સુધા સમ બોલવું, હિત મિત અંબુ સમાન;
પ્રાણિમાત્ર પર રાખીને સ્નેહ અંતરે માન. ૪

સ્વચ્છ મધુર જળ જોઈને દોડે લોકો જેમ,
જાણ મિષ્ટ ભાષણ થકી થાય સર્વ વશ એમ. ૫

પ્રસરે આપ સમાન એ, સઘળે જાણ સુજાણ;
તેમ આર્દ્રતાથી બધે થાવું તન્મય માન. ૬

સ્નાન પાન પ્રોક્ષણ થકી, આચમને પણ એમ;
દર્શનમાત્રે વા કરે પાણી પવિત્ર તેમ. ૭

વારિ જીવન વિશ્વનું, નિશ્ચય ભૂપ સુજાણ;
જલસાહાય્યે જન કરે, ધંધા અનેક માન. ૮

ના કંટાળે તોય એ, કરે સુપાવન તેમ
ભ્રષ્ટ જનોને સર્વથા; સ્વયં અભ્રષ્ટ એમ. ૯

તેમ સ્વચ્છ રહી અંતરે યોગિજને પણ જાણ,
કરવા પાવન અન્યને, વર્તી અંબુવત્ માન. ૧૦

દર્શનમાત્રે એહના, પાપી પાવન થાય;
કરતાં સેવા ભાવથી, જન્મમરણભય જાય. ૧૧

પાપવિમોચન તીર્થ એ, સંત નિશ્ચયે જાણ;
નદીનાવવત્ સર્વને પાર ઉતારે માન. ૧૨

જેમ વારિ નિજ મેલને રાખી તળીએ તેમ,
અન્યમલક્ષાલન કરે; યોગિજને પણ એમ, ૧૩

મેલી મલમૂત્રાદિથી કાયા કૂડી જાણ,
ત્યજી અહંતા તેહની, નાના યત્ને માન, ૧૪

જ્ઞાનપ્રાપ્તિ કરી સ્વયં, સન્માર્ગે જન એમ
પ્રેરી જ્ઞાનાનલ થકી હરવા દોષો તેમ; ૧૫

બાળી સંચિત જ્ઞાનથી, ટાળી તેમ ક્રિયમાણ,
વરી મુક્તિ વિજ્ઞાનથી, રે'વું પરાર્થ માન. ૧૬

સોંપી તનુ પ્રારબ્ધને, નિરહંકારે એમ,
સ્વચ્છંદે વિચરી સદા સ્વચ્છ અંબુવત્ તેમ, ૧૭

આપી દર્શન ભક્તને, કરવા પાવન જાણ;
પ્રેરી સન્માર્ગે તથા જ્ઞાનામૃતથી માન. ૧૮

ત્યાગી ઉચ્ચ સ્થાનને, અધોભાગમાં જેમ
વહી વારિ રક્ષે સદા શરણાગતને એમ; ૧૯

મૂળો સહ ઉન્મત્તને તોડી પાડે જાણ,
પોષે નમ્ર વનસ્પતિ; તેમ વિમુક્તે માન ૨૦

ધનસત્તાદિકમદ થકી અક્કડ જે જગ માંહ્ય,
ત્યાગી તેમને વેગથી, જોઈ નમ્ર સદાય, ૨૧

દોડી જાવું ત્યાં સ્વયં; આપી કૃપાપ્રસાદ,
હરી પાપ જ્ઞાનામૃતે કરવા મુક્ત સુજાત ! ૨૨

નાસ્તિક પાખંડી જનો ખંડી સમૂળ તેમ,
શરણાગતને તારવા સદા જ્ઞાનીએ એમ. ૨૩

એકજ સ્થાને સંચઈ રહેતાં પાણી જાણ,
થાય યુક્ત દુર્ગંધથી; વહેતાં નિર્મલ માન. ૨૪

તેમ સાધુ પણ જાણ તું; માટે સુજ્ઞે એમ
છોડી આગ્રહ સ્થાનનો, સદા વિચરવું તેમ. ૨૫

જલ પાસેથી આ નકી, લીધું શિક્ષણ જાણ;
રહું પડી ફાવે તિહાં, તેથી નિર્ભય માન. ૨૬

અગ્નિ ગુરુ જે પાંચમો, સાંભળ તદ્ગુણ તેમ;
કરી તપશ્ચર્યા સદા, રહેવું પ્રદીપ્ત એમ. ૨૭

સુખે મળે તે ભક્ષવું, થાવું લિપ્ત ન ક્યાંય;
ક્વચિત્ ગુપ્ત રહેવું તથા ક્વચિત્ પ્રગટ જન માંહ્ય. ૨૮

હોય ગુણો જે આપણા કરવા પ્રગટ સુજાણ
કાર્યકારણે યોગીએ, વિના ઘોંઘાટ માન. ૨૯

ભક્તજનોની કામના કરવી સુપૂર્ણ તેમ,
બાળી પાપો એમનાં, સમૂળ ભૂપતિ એમ. ૩૦

જ્યાં જ્યાં અન્નાદિક મળે દૈવે જે જે જાણ,
સંગ્રહ ના કરતાં બધું, કરવું ખલાસ માન. ૩૧

અગ્નિ તેજસ્વી સ્વયં, કરે અન્યને તેમ;
પાપતાપ હરી ભક્તનાં, આપે શાન્તિ એમ. ૩૨

ફાવે તે ખાવા છતાં રહે શુદ્ધતમ[૧] જાણ;
ના સ્પર્શે કદિ દોષને, વર્તે સદા સમાન. ૩૩

બાળે દોષો અન્યના, થાય ન દૂષિત તેમ;
તેમ જ્ઞાનીએ વર્તવું, રહી નિર્લેપ એમ. ૩૪

અગ્નિ સ્વતંત્ર તોય એ, ભક્તભાવનાધીન
વર્તી, પાવન ભક્તને કરે જોઈ [૨]યકીન. ૩૫

અગ્નિહોત્રના નિયમથી [૩]અવદાનાદિક એમ
દેતાં ભાવે, એ વિભુ પ્હોંચાડે તે તેમ ૩૬

તે તે દેવોને સદા, વિના વિલંબે જાણ;
પૂર્ણ કરે મનકામના નિત્ય ભક્તની માન. ૩૭

ભક્ષે તૃણકાષ્ઠાદિ એ, કરે ન સંગ્રહ તેમ;
કરે સર્વને આત્મસમ ! યોગિજને પણ એમ ૩૮

લૂખૂંસૂકું ખાઈને, ભાવિક જનને આમ
જોઈ સેવા તારવા, કરી પૂર્ણ મનકામ. ૩૯

ના સંગ્રહ કરવો કદિ, સદા વર્તવું એમ;
શરણાગતને આત્મસમ કરવા રાખી પ્રેમ. ૪૦

નિરાકાર વ્યાપ્યો બધે પરમાત્મા એ જાણ;
દેખાએ સાકાર જે, કાષ્ઠાગ્નિવત્ માન. ૪૧

લાંબું પ્હોળું ગોળ વા, ન્હાનું મોટું એમ;
તે તે કાષ્ઠે પેસીને, ભાસે અગ્નિ તેમ. ૪૨

ન્હાનો મોટો ગોળ વા, મિથ્યા એ આકાર;
નિરાકાર તોએ તથા, ભાસે કાષ્ઠાકાર. ૪૩

તેમજ આત્મા જાણ આ, નિરાકાર પણ તેમ
નાના દેહે પેસીને, દિસે સાકાર એમ. ૪૪

જ્ઞાનબળે એ ત્યાગતાં ઉપાધિ નશ્વર જાણ,
નિરાકાર પરબ્રહ્મ એ થાય તૂર્ણ તું માન. ૪૫

દેહમૂળ જે વાસના, બાળી જ્ઞાને તેહ;
થાય બ્રહ્મવિદ્ બ્રહ્મ એ, એમાં ના સંદેહ. ૪૬

કાષ્ઠે પેસી કાષ્ઠવત્ ભાસે અગ્નિ જાણ;
બાળી અંતે કાષ્ઠને કાષ્ઠાકૃતિ સહ માન, ૪૭

થાય લીન સ્વરૂપમાં નિરાકાર એ જેમ;
જ્ઞાનાભ્યાસે વાસના બળતાં આત્મા તેમ. ૪૮

જાણી એ અગ્નિ થકી, ત્યજી દેહઅભિમાન;
પડી રહું હું આ સ્થળે, બની બ્રહ્મમય માન. ૪૯

ક્ષણભંગુરતા દેહની કરવા નિશ્ચિત એમ,
અગ્નિજ્વાળાનો સદા કરવો વિચાર તેમ. ૫૦

જ્વાળા એકાએક એ થાએ પ્રગટ સુજાણ;
બૂઝાએ ક્ષણમાં નકી ! તેમ દેહ આ માન ૫૧

અકસ્માત ભૂતો થકી, થાયે પેદા એમ,
થાય નષ્ટ ક્ષણમાં અહા ! સૂક્ષ્મ વિચારે તેમ, ૫૨

ક્ષણભંગુરતા એહની, ઠસતાં અંતર માંહ્ય;
થાએ દૃઢ વૈરાગ્ય ને પાર ભવાંબુધિ થાય ! ૫૩

ત્યજવું મમત્વ દેહનું, જાણી એમ સુજાણ;
રહેવું પ્રદિપ્ત અંતરે જ્ઞાનાગ્નિથી માન. ૫૪

શીખ્યો હું એ અગ્નિથી, પંચમ ગુરુ જે એમ;
સાંભળ છઠ્ઠો ચંદ્ર જે, કહું તદ્ગુણો તેમ. ૫૫

નિર્વિકાર આત્મા સ્વયં, વધે ઘટે ના જાણ;
ક્ષયવૃદ્ધ્યાદિ વિકાર એ, નકી દેહના માન. ૫૬

અગ્નિરૂપ રવિ જાણ તું, તેજોમંડલ જેહ;
નક્ષત્રો સહ ચંદ્રમા જલસ્વરૂપી તેહ. ૫૭

થાય યોગ રવિચંદ્રનો એક નક્ષત્રા માંહ્ય,
ચંદ્રકલાઓ તે દિને નષ્ટ જાણ તું થાય. ૫૮

વદે અમાવાસ્યા નકી તે દિનને જન જાણ !
વસે એક નક્ષત્રામાં સૂર્ય તેર દિન માન. ૫૯

દિવસ સવા બે ચંદ્ર એ, જાણ નિશ્ચયે તેમ;
ન્યૂનાધિકત્વ એમની માન ગતિમાં એમ. ૬૦

વિષમ ગતિયોગે કરી, ન્યૂનાધિકત્વ જાણ;
ભાસે ચંદ્રકલા મહીં ક્ષય વૃદ્ધિ પણ માન. ૬૧

પડે સૂર્યપ્રતિબિંબ ત્યાં ચંદ્રમંડલે એમ,
પંચદશાંશ પ્રતિદિને; કલા પંચદશ તેમ. ૬૨

વધે શુક્લપક્ષે કલા, નિત્ય એક તું જાણ;
ઘટે કૃષ્ણપક્ષે તથા, અનુભવ શાસ્ત્ર પ્રમાણ. ૬૩

એમ તેર નક્ષત્રામાં ફરી નિશાકર[૪] તેમ
આવે સ્હામે સૂર્યની ભૂછાયાંકિત[૫] એમ. ૬૪

૧. અત્યંત શુદ્ધ ૨. શ્રદ્ધા; નિષ્ઠા. ૩ આહુતિ. ૪. ચંદ્ર. ૫. પૃથ્વીની છાયાવાળો

પડે પૂર્ણ પ્રતિબિંબ ત્યાં, જાણ વર્તુલાકાર;
શોભે શાન્ત પ્રભા અહા, એજ પૌર્ણિમા સાર ! ૬૫
કલા પંચદશ ચંદ્રની શુક્લપક્ષની એમ;
મળતાં સૂક્ષ્મ અમાસની, કલા સોળ એ તેમ, ૬૬
પ્રતિપદાથી એમ એ, ફરતાં મંડલ જાણ;
ભાસે ઘટતી વિધુકલા, એક એક તું માન. ૬૭
જાણે પંડિત આ ગતિ, સમજે મૂઢ ન તેમ;
ના જાણી કારણ, પડે વૃથા મોહમાં એમ. ૬૮
કેવળ કાર્ય વિલોકીને, કરે કુતર્ક અનેક;
વધે ઘટે તોએ કલા, નિર્વિકાર વિધુ છેક ! ૬૯
વધતાં કલા વધે નહીં, ઘટતાં ઘટે ન ખાસ;
વૃદ્ધિક્ષય એને નહીં; વ્યર્થ એહ આભાસ ! ૭૦
તેમ જાણ આત્મા નકી કેવળ વિકારહીન;
દેહાદિક સંબંધથી થાએ ના કદિ દીન. ૭૧
દેહાદિક જડ સર્વથા, આત્મા ચેતન તેમ;
દ્રષ્ટા દેહાદિક તણો, સદા અસ્પૃષ્ટ એમ. ૭૨
દેહ સર્વ એવા યદિ, કેમ વ્યવહરે એહ ?
શંકા એવી થાય તો, સાંભળ કારણ તેહ. ૭૩
જાુદું વિધુમંડલ નકી, સૂર્ય થકી તું જાણ;
તોએ રવિસત્તા થકી ભાસે પ્રકાશમાન. ૭૪
હરી અન્યતમ[૧] સર્વથા, આપે ઉજાસ એમ;
હોવાથી જલમય તથા, ભાસે શીતલ તેમ. ૭૫
તેમ આત્મસત્તા થકી, ચેતનયુક્ત શરીર
સદા વ્યવહરે જાણ તું; સત્ય સર્વથા ધીર ! ૭૬
જેમ [૨]વારિ વિધુમંડલે, તેમ દેહમાં જાણ
અંતઃકરણ રહ્યું નકી, ભૂતમાત્રના માન. ૭૭
પડે આત્મપ્રતિબિંબ ત્યાં; તદ્યોગે સહુ એહ,
દેહેંદ્રિય નિજ વિષયમાં, થાએ પ્રવૃત્ત તેહ. ૭૮
આત્મા અલિપ્ત સર્વથા, સાક્ષિભૂત તું જાણ;
દેહવિકાર નડે નહીં, તેને કદિએ માન. ૭૯
ના જન્મે ના એ મરે, કેવળ અવિચળ એમ;
ચંદ્રબોધથી એ લહી, રહું સ્વસ્થ હું તેમ. ૮૦
રવિ સપ્તમ ગુરુ જાણ તું, સાંભળ તદ્ગુણ સાર;
આત્મસ્થિરતા જે થકી, સમજાએ નિર્ધાર. ૮૧
ભાસે ફરતો દેહ સહ આત્મા નિશ્ચય એમ;
અચલ કેમ ? શંકા થતી એવી સાંભળ તેમઃ- ૮૨
વ્યાપક એ સઘળે નકી, દેહસ્થિત પણ જાણ;
ઉપાધિભેદે ભિન્ન પણ, અલિપ્ત વ્યોમ સમાન. ૮૩

કહ્યું એમ આગળ તને; થાવા દૃઢ એ જ્ઞાન,
સૂર્યબિંબનો બુદ્ધિથી કરવો વિચાર માન. ૮૪
પાત્ર એક જળથી ભરી, પડે પ્રતિબિંબ જેમ,
તેમ સૂર્યમંડલતળે ફેરવતાં એ એમ; ૮૫
પાત્ર હાલતાં બિંબ એ દિસે હાલતું જાણ;
ફરતાં ફરતું; સ્થિર થતાં ભાસે સુસ્થિર માન. ૮૬
જોતાં યથાર્થ દૃષ્ટિથી, હાલે બિંબ ન એહ;
સ્વસ્થાને સ્થિત સર્વદા, કેવળ સુસ્થિર તેહ. ૮૭
તોએ ભાસે હાલતું, એમ વારિ સહ જાણ;
થાતાં વિકાર વારિમાં, ભાસે ત્યાં પણ માન. ૮૮
જોઈ એવું બાળકો કહે, તમારિ[૩] એહ
હાલે કેવો આ જાુઓ ! યથાર્થ તોય ન તેહ; ૮૯
પાત્ર મહીં કે વારિમાં, જે જે વિકાર એમ
થાએ તેમાંનો નકી એક ન રવિમાં તેમ. ૯૦
ના તેમજ પ્રતિબિંબમાં ! તદ્વત્ દેહવિકાર
નડે ન આત્માને કદિ; સાક્ષી એ નિર્ધાર. ૯૧
જાણી એવું અંતરે, છોડી શંકા જાણ;
રહેવું અલિપ્ત સર્વથા, સદા સૂર્યવત્ માન. ૯૨
કરી વિચાર ભવિષ્યનો, અપાર જલસંચય
કરી, યોગ્યકાળે યથા કરે સૂર્ય [૪]તદ્વ્યય ૯૩
વર્ષાવી જીવન બધે પરાર્થ માટે જાણ;
તેમ વર્તવું ભૂપ હે ! ત્યજી અહંતા માન. ૯૪
જે જે ઉપયોગી દિસે જગમાં તે તે તેમ,
અનાસક્તિથી સંઘરી, કેવળ પરાર્થ એમ; ૯૫
દેશ કાળ સત્પાત્રતા જોઈ હર્ષે જાણ,
કરવો વ્યય તેનો સદા, ત્યજી સર્વ અભિમાન. ૯૬
છોડી રાગદ્વેષને અનાયાસથી એમ,
કરી અર્થસંચય સ્વયં રહેવું અલિપ્ત તેમ. ૯૭
પરોપકારમાં આખરે સર્વ વાપરી જાણ,
કરવો ખેદ ન અંતરે, રહેતાં કાંઈ ન માન. ૯૮
મળે અન્ય કાળે કરી, તોએ હર્ષ ન તેમ,
કરવો સુજ્ઞે સર્વથા; રહેવું નિર્મલ એમ. ૯૯
શીખ્યો હું એ સૂર્યથી ! સાંભળ તેમ સુજાણ,
[૫]કપોત ગુરુ જે આઠમો, તદ્ગુણ આપી ધ્યાન. ૧૦૦
રાખી સ્ત્રીપુત્રાદિમાં મમતા ઘેલી જેહ,
લાડ લડાવે તેમને, રડે આખરે તેહ. ૧૦૧

૧. અંધારૂં ૨. જળ; પાણી ૩. સૂર્ય ૪. તેનો ઉપયોગ ૫. હોલો.

માને ઇતિકર્તવ્યતા જીવનની જે એમ;
પડે મૃત્યુમુખમાં અહા, કપોત સમ એ તેમ ! ૧૦૨

જાય વ્યર્થ આયુષ્ય ને થાય ન સાધન જાણ;
દીઠું જે નજરે નકી, બોલું તે જ પ્રમાણ. ૧૦૩

વસે અરણ્યે બાંધીને માળો કપોત એક,
સ્વસ્ત્રી સહ આનંદથી, જાણ ભૂપ તું છેક. ૧૦૪

પડે વિખૂટાં ના કદિ, સ્નેહે સુબદ્ધ એમ;
હરે ફરે સાથે સદા, હર્ષે નિર્ભર[૧] તેમ. ૧૦૫

રમે પરસ્પર પ્રેમથી, આપી ચુંબન જાણ;
મંજુલ શબ્દે દંપતી, કરે કલ્લોલ માન. ૧૦૬

પીછાં ઊંચાં પ્રીતથી કરી અન્યોન્ય એમ,
આલિંગે આનંદથી નર માદા એ તેમ. ૧૦૭

મૃત્યુ આગળ આવશે, પડશે દેહ અજાણ;
ના જાણી એવું, વૃથા રમે વિષયમાં માન. ૧૦૮

મૃત્યુંજય ઈશાન[૨] જે, સ્મરે ન તેને તેમ;
રમે હર્ષથી અંતરે, માની કૃતાર્થ એમ. ૧૦૯

ગયાં એમ આનંદમાં વરસ કેટલાં જાણ !
ના જાણે એ સર્વથા, લાગે ક્ષણવત્ માન ! ૧૧૦

હરે કાળ આયુષ્યને, ઘડી ઘડીથી એમ;
ભૂલી એહ કપોત એ, રહે સ્ત્યાસક્ત તેમ ! ૧૧૧

ક્ષુધાતૃષા ભૂલી સદા, સ્ત્રીને પ્રસન્ન જાણ
નાના યત્ને રાખવા, રહે સુતત્પર માન. ૧૧૨

સંભોગાલિંગન થકી તેમ કપોતી એહ,
બાંધી રાખે એહને સ્નેહપાશથી તેહ. ૧૧૩

કાળે એમ કપોતી એ, મૂકે ઈંડા જાણ;
જોઈ કપોત એ કરે અધિક પ્રેમ તું માન. ૧૧૪

કરી કષ્ટ અત્યંત એ, ચારોપાણી તેમ
આણી આપી એહને, રાખે પ્રસન્ન એમ. ૧૧૫

જુઓ ઈશ્વરી ખેલ એઃ- ઈંડાંમાં જલ જાણ
હતું પ્રથમ જ્યાં એકલું, કાળ કર્મ ગુણ માન ૧૧૬

થતાં એકઠાં ત્રણ તથા, જતાં દિવસ કંઈ તેમ
જન્મ્યાં બચ્ચાં જીવતાં, ઈંડાંમાંથી એમ ! ૧૧૭

થયો આનંદ બેઉને, જોઈ બચ્ચાં એહ;
આલિંગે તત્ક્ષણ અહા, કપોત મોહે તેહ ! ૧૧૮

માને સાર્થક જન્મનું, એમ મૂઢ એ જાણ;
લાલનપાલન પ્રેમથી કરતાં કાળે માન. ૧૧૯

ફૂટી પાંખો એમને, લાગ્યાં ઊડવા એમ;
જોઈ કૌતુક એ કરે, મુદિત દંપતી તેમ ! ૧૨૦

દે આલિંગન સ્નેહથી, ચૂંબે વારંવાર;
રહી અર્ધભૂખ્યાં સ્વયં પોષે શિશુ નિર્ધાર. ૧૨૧

લહે ન સ્વાત્માનંદ જે સ્ત્રીપુત્રાદિક માંહ્ય.
રમે સતત તોએ ન તે તુષ્ટ કદાપિ થાય ! ૧૨૨

એક દિવસ બંને જણાં બચ્ચાં માટે તેમ
લેવા ચારો વન મહીં, ગયાં દંપતી એમ. ૧૨૩

જોઈ બચ્ચાં ન્હાનલાં, રમતાં સૂનાં બ્હાર;
અકસ્માત આવી તિહાં ફેંકે વાઘરી જાળ ! ૧૨૪

સપડાયાં બાળક અહા, વ્યાધજાળમાં એમ;
આવી કપોતી ઘેર જ્યાં, દેખે સઘળું તેમ. ૧૨૫

[૩]અપત્યસ્નેહે દુઃખી એ થઈ કપોતી જાણ,
હા હા કરતી વેગથી પડી જાળમાં માન ! ૧૨૬

આવ્યો મૂઢ કપોત ત્યાં, દેખે ઘરમાં એમ;
ના દેખાએ સ્ત્રી અહા, ના બચ્ચાં પણ તેમ ! ૧૨૭

દેતું ગૃહ આનંદ જે, આજે ભીષણ જાણ
ભાસે સ્ત્રીબાળક વિણ, સ્મશાનવત્ એ માન ! ૧૨૮

શોધે આવી બ્હાર ત્યાં, દેખે જાળા માંહ્ય
સ્ત્રીપુત્રાદિક દુઃખથી તરફડતાં ત્યાં હાય ! ૧૨૯

કહેઃ- વ્યર્થ જીવન હવે, મરતાં સ્ત્રીસુત એમ !
એમ કહી આવેશથી, પડ્યો જાળમાં તેમ !! ૧૩૦

મિથ્યામોહે એમ એ, પામ્યાં મૃત્યુ જાણ;
માટે આસક્તિ ત્યજી, થાવું સાવધ માન. ૧૩૧

વિષયે અતૃપ્ત જે રમે સ્ત્રીપુત્રાદિક માંહ્ય,
આખર સહ પરિવાર તે દુઃખી અતિશય થાય. ૧૩૨

લીધો બોધ કપોતથી, જાણ ભૂપ મેં એમ;
રહું સદા આનંદથી, નિરાસક્ત હું તેમ. ૧૩૩

નવમો ગુરુ અજગર નકી, વદે દત્ત ભગવાન;
અલખ નિરંજનને કહે, આગળ એ રસ માન. ૧૩૪

અનેક રંગે એકલો, ખેલે એ અવધૂત !
સ્પર્શે **રંગ** ન એહને, એ તો સદાય [૪]પૂત !! ૧૩૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અવધૂતયદુસંવાદો નામ ત્રિપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૩ ॥ દોહરા ૧૩૫

૧. ભરેલું, પૂર્ણ. ૨. સર્વનો નિયંતા, ઈશ્વર. ૩. બાળક. ૪. પવિત્ર.

અધ્યાય ૫૪

કૃપાંબુધિ ગુરુ ઓચરે;- સાંભળ ભૂપ સુજાણ !
સુખ સુખ કરતાં પ્રાણીઓ પડે દુઃખમાં માન. ૧

વિણ યત્ને આવી મળે દુઃખ કારમું એમ,
તેમ સૌખ્ય પણ જાણ તું મળે અયત્ને એમ. ૨

કારણ સુખદુઃખો તણું, પૂર્વકર્મ તું જાણ;
કાં આયુષ્ ખોવું વૃથા, ભમી સુખાર્થ અજાણ ? ૩

માટે મુમુક્ષુએ નકી, ત્યાગી આ સંસાર;
રાખી ભરોસો [1]પ્રાક્તને, અજગરવત્ નિર્ધાર; ૪

રહેવું ફાવે ત્યાં પડી, અંતર્નિષ્ઠ સદાય;
જાણી રહસ્ય અંતરે, છોડી દૈવ પર કાય ! ૫

ઇંદ્રિયસૌખ્ય સમાન આ, સઘળે નિશ્ચય જાણ;
પ્રારબ્ધે આવી મળે, ફાવે ત્યાં પણ માન. ૬

જતાં [2]શ્વયોનિમાં મળે શુની[3] ભોગાર્થ જેમ,
થતાં ઇંદ્રપદ પ્રાપ્ત ત્યાં ઇંદ્રાણી એ તેમ. ૭

રમી ઇંદ્ર ઇંદ્રાણીથી પામે જે સુખ જાણ,
તે જ શ્વાન શુની થકી; ના ન્યૂનાધિક માન ! ૮

ઇંદ્રિયસુખ પરતંત્ર આ, સમાન સઘળે તેમ;
સુખાભાસ એ જાણ તું, ના સાચું સુખ એમ. ૯

આદિ અંતમાં પ્રાણીને આપે દુઃખ મહાન;
ભાસમાત્ર વચ્ચે દિસે ક્ષણિક સૌખ્યનો માન. ૧૦

મુખ્ય સૌખ્ય આ ના કદિ; તોએ દૈવે તેહ,
મળે જાણ સર્વત્ર તું; એમાં ના સંદેહ. ૧૧

કરે ન ચિંતા ચિત્તમાં, અજગર જેમ સુજાણ,
પડી રહે ફાવે તિહાં; તેમ જ્ઞાનીએ માન. ૧૨

ઉદાસીન રહેવું બધે દેહગેહમાં એમ;
રાખી [4]યકીન અંતરે, સદા દૈવ પર તેમ. ૧૩

રહે પડી વિશ્વાસથી [5]આર નિશ્ચયે એહ;
યથાપ્રાપ્ત અન્નાદિને ભક્ષી તોષે તેહ. ૧૪

થોડું વત્તું ના કહે, કડવું મીઠું તેમ;
ખાય સર્વ સંતોષથી, મળે જેટલું જેમ. ૧૫

ક્વચિત્ દૈવથી ના મળે, તોએ ધૈર્યે જાણ,
પડી રહે જાગ્રત્ સદા; તેમ સાધકે માન. ૧૬

મળે જે ક્ષણે જે નકી, ખાવું ત્યારે તેમ;
ક્વચિત્ ગ્રાસ પણ ના મળે, તોએ ધૈર્યે એમ. ૧૭

રાખી નિશ્ચય અંતરે, રહેવું પડી સુજાણ;
રાખી લક્ષ્ય સ્વરૂપમાં, સદા સુજાગ્રત માન. ૧૮

હોય પૂર્ણ બળ અંગમાં, તોયે નિશ્ચલ એમ
રહેતાં પડી, શનૈઃ શનૈઃ શમે વૃત્તિઓ તેમ. ૧૯

દર્શનાદિ વ્યાપાર એ, થાએ સુલીન જાણ;
જામે એકજ રંગ ને રહે ન બીજું ભાન ! ૨૦

એમ પડી રહેતાં કદિ, થયું પ્રારબ્ધ નષ્ટ,
ના દેખ્યું ના સાંભળ્યું ! માટે સદા પ્રહૃષ્ટ, ૨૧

રહું પડી હું, ભૂપ હે ! જાણ આરવત્ એમ;
આનંદે નિર્ભય સદા, જને વને વા તેમ. ૨૨

મળે ના મળે કાંઇ વા, કરું ન હર્ષવિષાદ;
શીખ્યો હું એ [6]અબ્ધિથી, ગુરુ દશમો સાક્ષાત્ ! ૨૩

નિત્ય પૂર્ણ સમુદ્ર એ; વર્ષાકાલે જાણ
મળતાં નદીઓ ના કદિ મૂકે માઝા માન, ૨૪

હર્ષે ગાંડો થઈ તથા; જાણ ભૂપતિ તેમ,
સૂકાએ ના ગ્રીષ્મમાં કદિ દુઃખથી એમ, ૨૫

મળે ન વારિ તોય એ; રહે સદા ગંભીર;
તેમ સ્વધર્મે વર્તીને રહેવું સ્વસ્થ સુધીર ! ૨૬

મળતાં ભોગ ન ચિત્તમાં થાવું હૃષ્ટ સુજાણ;
ના મળતાં ના દીન ત્યાં; રહેવું સદા સમાન. ૨૭

સુખમાં ફૂલી ના જવું; દુઃખમાં ખિન્ન ન તેમ
થાવું ચિત્તે સર્વથા; રહેવું પ્રશાન્ત એમ. ૨૮

સમુદ્ર ઊંડો કેટલો, કેટલાં મહીં રત્ન,
જાણે કોઇ ન એ કદિ, કરવા છતાં પ્રયત્ન. ૨૯

તેમ ગુણો પોતા તણા, જ્ઞાનગાંભીર્ય એમ,
પાર ન તેનો લાગવા દેવો સુજ્ઞે તેમ. ૩૦

રહેવું [7]દુરતિક્રમ સદા, પ્રસન્ન અંદર બ્હાર;
નિર્વિકાર અંતર મહીં, સમુદ્રવત્ નિર્ધાર. ૩૧

વિષય પાંચ પંચેન્દ્રિયે સેવે અખંડ જેહ;
મૃતપ્રાય એ જાણવો; એમાં ના સંદેહ. ૩૨

પતંગાદિ ગુરુ પાંચથી જાણી એવું જાણ;
ત્યાગી વિષયો આમ હું, રહું સ્વસ્થ તું માન. ૩૩

ગાઢ ઊંઘમાં ના લહે વિષય માનવી જેમ,
જાગતાંએ તેમ જો, છૂટે કોણ ન તેમ ? ૩૪

૧. પૂર્વકર્મ; પ્રારબ્ધ; દૈવ. ૨. કૂતરાની યોનિ. ૩. કૂતરી. ૪. શ્રદ્ધા. ૫. અજગર. ૬. સમુદ્ર. ૭. અપરાજિત, અજેય.

જોઈ સ્ત્રીલાવણ્ય ને વિલાસાદિને જાણ,
પડે મોહમાં તે નકી મરે પતંગ સમાન. ૩૫

જોઈ દીપજ્યોતિ એ, મોહિત રૂપે એમ;
દોડી વેગે આગમાં, મરે પતંગિયું તેમ ! ૩૬

તેમ જોઈ નવયૌવના પડે મોહમાં જેહ,
હાથે મૃત્યુ નોતરે; એમાં ના સંદેહ. ૩૭

છોડી વસ્ત્રાભૂષણો, ત્યજી તેમ શણગાર;
જોતાં પ્રેત સમો ન શું, સ્ત્રીનો દેહ અસાર ? ૩૮

ગોળો અસ્થિમાંસનો જોઈ નજરે તેમ
મલમૂત્રાદિકપૂર્ણ એ, રમે તત્ર નર કેમ ? ૩૯

દુર્ગંધિનું સ્થાન જે [1]વ્રણપ્રાય તું જાણ,
લાગે સુખ જો ત્યાં ન કાં થાવું કીટક માન ! ૪૦

જાવા દો એ વાતને, વછૂટે કમકમાટ
સ્મરણમાત્રથી એહના ! માટે ત્યજી કુજાત ૪૧

વિષયસૌખ્ય એ, આમ હું સ્વાનંદાર્ણવ માંહ્ય,
સોહં શબ્દે ગર્જતો, ડૂબી રહું સદાય ! ૪૨

જાણ ગુરુ અગીયારમો પતંગ નિશ્ચય એમ;
ભમરો મધુકૃત્[2] બારમો મધમાખી પણ તેમ. ૪૩

રમે સુગંધે ભ્રમર એ, ચિત્તે અતિશય માન;
તત્સુખ માટે કમલ પર બેસે જઈને જાણ. ૪૪

સૂર્યવિકાસિત [3]કંજ એ, સાયંકાળે એમ
બીડાતાં, બંધન મહીં પડી મરે એ તેમ ! ૪૫

કોરે મોટા પાટડા, એવી શક્તિ જાણ !
કોણ કમલ ત્યાં ? તોય એ પડી મોહમાં માન, ૪૬

થઈ બદ્ધ સૌગંધ્યમાં, મરે મૂઢવત્ તેમ;
માટે ગંધાસક્તિથી રહું દૂર હું એમ. ૪૭

એકજ કંજે ના કદિ, બેસે [4]ભૃંગ સુજાણ;
ફરી અનેકે મોજથી લે આમોદ[5] પ્રમાણ. ૪૮

તેમ મુમુક્ષુએ સદા, જોઈ શાસ્ત્ર અનેક;
સાર સર્વથી ખેંચવો, થાવું બદ્ધ ન છેક. ૪૯

રસાધિક્યલોભે[6] તથા એકજ કંજે જાણ
ઠરતાં ભૃંગ મરે અહા, બીડાતાં એ માન ! ૫૦

નાના સ્વાદ મળે કદિ એકજ સ્થાને તેમ,
તોએ આસક્તિ વધી, પડે બંધને એમ. ૫૧

માટે મુમુક્ષુએ તથા રસાસ્વાદમાં જાણ
લપટાઈ એકજ સ્થળે રહેવું પડી ન માન. ૫૨

ધ્યાન સર્વદા ઈશનું કરવું પ્રેમે તેમ;
જન્મમૃત્યુ બાધે નહીં તેને કદિએ એમ. ૫૩

શીખ્યો હું આ ભ્રમરથી; મધમાખીથી જેહ
લીધો સાર કહું તને, સાંભળ સાવધ તેહઃ- ૫૪

વેઠી દુઃખ અનેક એ મધમાખી તું જાણ,
જોઈ વિકટ સ્થાનને ઉચ્ચ સ્થળમાં માન, ૫૫

કષ્ટે મધુસંચય[7] કરે, ભક્ષે સ્વયં ન એહ;
ના ખાવા દે અન્યને, રક્ષે યત્ને તેહ. ૫૬

તોએ જન ધૂણી કરી, બાળી એને એમ !
કરે હરણ મધ એહનું; ઘસે હાથ એ તેમ ! ૫૭

તેમ કૃપણ ધન એકઠું કરી કષ્ટથી જેહ,
ના ખર્ચે ના દાન દે, થાએ દુઃખી તેહ. ૫૮

હરે અગ્નિ નૃપ ચોર વા, અથવા અનીતિમાન
પુત્ર પાકતાં વેડફે કુમાર્ગમાં એ જાણ. ૫૯

મરે નિપુત્રિક[8] વા યદિ, રહે જ્યાંયનું ત્યાંય
દાટેલું ધન હન્ત હા ! વારસ બીજા થાય !! ૬૦

રહે વાસના વિત્તમાં અંતકાળમાં તેમ;
થાય ભૂત કે સાપ હા, કૃપણ આખરે એમ ! ૬૧

એમ અનર્થ પરંપરા, છૂટે ના કદિ જાણ;
થાએ દુર્ગતિ સર્વથા, ધનસંચયથી માન. ૬૨

જાણી આ મધમાખીથી, કરું ન સંચય તેમ;
આપી સઘળું [9]મોદથી, રહું અકિંચન એમ. ૬૩

થાએ સ્ત્રીવશ જે નકી, પડે બંધને તેહ;
ગુરુ ત્રયોદશ ગજ કરી, લીધો સુબોધ એહ. ૬૪

પોતાની કે પારકી, સ્ત્રીની પ્રીતિ જાણ
બંધનકારક આખરે, નિશ્ચય ભૂપ સુજાણ ! ૬૫

મદોન્મત્ત હાથી નકી, કેવળ અજેય તેમ,
એક સિંહ વિણ અન્યને, ના ગાંઠે જે એમ; ૬૬

કરવા વશ તેને જનો, ખોદી ખાડો જાણ
ઊંડો ચોગમ યુક્તિથી તૃણપર્ણોથી માન ૬૭

આચ્છાદી તેને તથા, સ્થાપે ઉપર એમ
ગજચર્માચ્છાદિત અહા કાષ્ઠહસ્તિની તેમ ! ૬૮

જોઈ એને મોહથી થઈ કામાંધ જાણ,
દોડે લુબ્ધ [10]કરી તિહાં, વેગે ઉપર માન ! ૬૯

પડે જઈ ખાડા મહીં, વિષયલાલચે એમ;
પકડે જન જઈ ત્યાં, થતાં નરમ હાડકાં તેમ !! ૭૦

૧. ચાંદા જેવું. ૨. મધુ કૃન્તતિ કરોતીતિ વા- ફૂલોમાંથી મધ ખેંચી કાઢે તે; ભ્રમર અનેક રસ હરી મધ બનાવે તે; મધમાખ. ૩. કમળ ૪. ભમરો. ૫. સુવાસ. ૬. વધારે ચૂસવાના લોભમાં. ૭. સંગ્રહ. ૮. પુત્ર વિનાનો. ૯. આનંદથી. ૧૦ હાથી.

કાષ્ઠહસ્તિની બંધને પાડે એમ સુજાણ !
માંસમયી શું ના કરે ? થા સાવધ નૃપ માન. ૭૧

પોતાના સુખકારણે નારી નરને એહ
પાડી મોહે, નરકમાં નાખે આખર તેહ ! ૭૨

લડી પરસ્પર હાથીઓ, થઈ કામવશ જેમ,
પડે મૃત્યુમુખમાં અહા ! જાણ માનવી તેમ ૭૩

કુલટા સ્ત્રીના મોહમાં ફસી આખરે જાણ,
થાએ ખુવાર હાથથી; મરી કમોતે માન ! ૭૪

હરે ચિત્ત દર્શન થકી, સ્પર્શનથી બળ તેમ;
હરે વીર્ય સંભોગથી, નારી ડાકણ એમ ! ૭૫

પ્રેમપાશમાં સ્ત્રીતણા, યૌવનમાં પણ જેહ
ના સપડાએ ધન્ય તે ! જાણ વીર નર તેહ !! ૭૬

જોઈ સ્ત્રીરાત્રી અહા, નાચે કામી ભૂત !
યોગી સિદ્ધાસન સજી, રહે જાગતો [1]પૂત !! ૭૭

બેઠો હું પણ એમ આ, જાણી ગજથી તેમ;
સ્પર્શાસક્તિ ત્યાગીને, કેવળ વિરક્ત એમ !! ૭૮

રહે ધ્યાનરત સર્વદા, યોગાભ્યાસે જાણ;
કરે તપસ્યા ખંતથી, વિદ્યાર્જન વા માન; ૭૯

તેણે ગૃહસ્થગેહથી માગી ભિક્ષા તેમ;
રહેવું સંતોષે સદા, સિદ્ધ અન્ન પર એમ. ૮૦

કરે એકઠું કષ્ટથી, માખીઓ મધુ જાણ;
આવી ઓચિંતો હરે, મધુહા[2] એહ સુજાણ ! ૮૧

વિણ ઉદ્યોગે જાણ એ કરે પ્રાપ્ત મધુ જેમ,
તેમ સાધકે પેટની છોડી ખટપટ એમ; ૮૨

ચૂલોચોકો લાકડાં પાત્રાન્નાદિક જાણ
ત્યજી સર્વ ઉપાધિ એ, પાક ન કરતાં માન; ૮૩

માગી સુખે મધુકરી ગૃહસ્થને ત્યાં તેમ,
ભક્ષી સંતોષે સદા, કરવું સાધન એમ ! ૮૪

વખત એહ શક્તિ તથા એમ બચાવી જાણ,
ઈશભજનમાં યોજવાં, તેમ તેમને માન. ૮૫

માગી ભિક્ષા આળસે, નિદ્રા પ્રમાદ માંહ્ય
કાળ વિતાડે તે નકી, નરકે અંતે જાય ! ૮૬

ચેનબાજી કરવા નહીં જાણ મધુકરી એહ;
ધ્યાનનિષ્ઠ જે સર્વદા, પચે તેહને તેહ. ૮૭

તારે તે યજમાનને, તરે સ્વયં પણ જાણ;
ધન્ય યોગિજન એ અહા ! નકી દેવ સમ માન !! ૮૮

લીધો સુબોધ આ સુધી, મધુહારકથી તેમ;
ચૌદમો ગુરુ એ નકી, પંદરમો મૃગ એમ. ૮૯

સ્પર્શે મરે કરી યથા, શબ્દે મૃગ તું જાણ
થઈ લુબ્ધ નિજ પ્રાણને, ખોવે હાથે માન. ૯૦

પવન સમી જેની ગતિ, પકડ્યો ના પકડાય;
લપટાતાં નાદે અહા, સ્હેજે એહ ઝલાય ! ૯૧

કસ્તુરીમૃગ વન મહીં વસે જે સ્થળે જાણ,
કપટી લોકો ત્યાં જઈ, ગાયન મધુર સુજાણ ૯૨

આલાપાદિક સહ કરે, વાદ્ય વગાડી તેમ;
વીણા સારંગી અહા, કોમળ સુસ્વર એમ ! ૯૩

થઈ મુગ્ધ એ ગાનથી, ભૂલી સઘળું ભાન;
આવે દોડી મૃગ તિહાં, સાંભળવા એ માન. ૯૪

થતાં લીન સંગીતમાં, પકડે મૃગયુ[3] તેમ;
હણી નાભિથી કસ્તુરી કાઢે સત્વર એમ ! ૯૫

થઈ લુબ્ધ સ્ત્રીગાનમાં તેમ માનવી જેહ,
હોમે ધનયૌવન તિહાં, થાએ ખુવાર તેહ. ૯૬

શબ્દવિષય ઘાતક નકી, માટે નિશ્ચય જાણ;
છોડી એના મોહને, ભગવત્કીર્તન માન ૯૭

કરવું ભાવે સર્વદા, ભૂલી તન મન તેમ;
ભવબંધન પીડે નહીં, થાય મુક્ત નર એમ. ૯૮

નાદ અનાહત સાંભળી, થાવું તન્મય ત્યાંય;
જેથી બીજું ના રહે શેષ શ્રોતવ્ય ક્યાંય ! ૯૯

શીખ્યો હું એ મૃગ થકી; સાંભળ આગળ તેમ;
સોળમો ગુરુ [4]મીન જે, કહું તદ્‌બોધ એમ. ૧૦૦

સ્વેચ્છાએ જેની ગતિ, જળમાં સદા સુજાણ;
દોડે વાયુ સમ અહા મત્સ્ય એહ તું માન, ૧૦૧

જિહ્વાલોલુપતા થકી પડે બંધને એમ;
માંસયુક્ત ગળ નાંખીને પકડે [5]ધીવર તેમ ! ૧૦૨

ગળતાં ગળ એ લોહનો માંસલાલચે જાણ,
મરે માછલું તરફડી ! ઘાતક સ્વાદ સુજાણ !! ૧૦૩

થાય લુબ્ધ રસવિષયમાં, એમ માનવી જેહ;
છૂટે ના સંસારથી, જાણ કદિએ તેહ. ૧૦૪

થતાં સ્મરણ રસનું, મુખે છૂટે પાણી જાણ;
લેતાં સુવાસ ઘ્રાણથી, ઠરે ચિત્ત ના માન. ૧૦૫

કરવા તૃપ્તિ જીભની થઈ નિર્લજ્જ એમ,
વેચે ગૃહક્ષેત્રાદિ એ સુતકન્યાદિક તેમ ! ૧૦૬

તોએ તૃપ્ત ન થાય હા રસના રસથી એહ !
લૂલી બાંધે સર્વને ! દુર્જય નિશ્ચય તેહ !! ૧૦૭

૧. પવિત્ર. ૨. મધ હરણ કરનાર; વાઘરી. ૩. પારધી ૪. માછલું. ૫. માછીમાર

જોઈ અંગુલ ચાર આ રસના રસજ્ઞ જાણ,
થાકે વીર પરાક્રમી, ભલે મહા વિદ્વાન્ ! ૧૦૮

જીતે શત્રુઓ સભા, હારે તે પણ તેમ;
થાય દાસ જિહ્વા તણા ! પ્રભુ બચાવે એમ !! ૧૦૯

ના જીતાઈ જીભ જો, અન્ય ઇંદ્રિયો જાણ
ના જીતાએ સર્વથા; નિશ્ચય મનમાં માન. ૧૧૦

થતાં ઉન્મત્ત ઇંદ્રિયો, પાડે નરકે તેમ;
જન્મમરણ છૂટે નહીં ! માટે યત્ને એમ ૧૧૧

રસાસ્વાદ શનૈઃ શનૈઃ ઘટાડવો તું જાણ;
રોકી રસના યુક્તિથી, મુમુક્ષુએ તું માન. ૧૧૨

[1]'જિતે રસે સર્વં જિતં' સૂત્ર સનાતન એહ;
થતાં સ્વવશ રસના, થશે સર્વેન્દ્રિય વશ તેહ ! ૧૧૩

વિશ્વ સકળ વશ વર્તશે, થાશે જયજયકાર !
આગળ સત્તરમો ગુરુ, વેશ્યા જે નિર્ધાર !! ૧૧૪

અલખ નિરંજનને કહે સઘળે એકજ **રંગ**;
ઉચ્ચનીચ તેને નહીં, થતાં દ્વૈતનો ભંગ !!! ૧૧૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
અવધૂતયદુસંવાદો નામ ચતુઃપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૪ ॥ દોહરા ૧૧૫

અધ્યાય ૫૫

વદે દિગંબર એ ફરી, દત્ત યોગિવર એમ;
સાંભળ યદુ, વેશ્યા થકી મળ્યો બોધ જે તેમ ! ૧

એક પુરુષ સાથે ન જે કરે લગ્ન તું જાણ,
નિત્ય નવીન કરે ધણી, દ્રવ્યલોભથી માન. ૨

વેશ્યા વારસ્ત્રી કહી, તેને નિશ્ચય એમ;
કાળી નાગણ એ નકી, કરડે સહાસ્ય તેમ ! ૩

લહે ન લજ્જા સ્વપ્નમાં, લંપટ કેવળ જાણ;
પવિત્રતા જાણે નહીં, દુરાચારની ખાણ ! ૪

થઈ આંધળો ભીંત જે, થાએ તદ્વશ તેમ;
અધઃપતન પામે નકી, ઉભયભ્રષ્ટ થઈ એમ. ૫

પૂર્વે પિંગલા નામની, વિદેહનગરે એક
વેશ્યા સુંદર જાણ તું, હતી રતિ સમ છેક. ૬

સુવર્ણલતિકા સમ અહા, નાજુક દેહ પ્રમાણ;
ચંદ્રવદન મૃગનેની એ, જોબનવંતી માન. ૭

જોતાં વેંતજ એહનું અનુપમ એ સૌદર્ય;
વિંધાએ નર કામથી, હો શ્રીમંત [2]કદર્ય ! ૮

મતિભ્રષ્ટ થયા કંઈ, કામી લોકો એમ;
આવે નિત્ય નવા નવા, પડે પાશમાં તેમ. ૯

નૃત્યગાયને તેમને કરી મુગ્ધ એ જાણ;
નેત્રકટાક્ષે વીંધીને, કરે સ્વવશ તું માન. ૧૦

થાતાં લુબ્ધ તથા, હરે ધનજોબન એ તેમ;
કરી ખોખું નિચોવીને, કાઢી મૂકે એમ ! ૧૧

તોએ તૃપ્ત ન થાય એ, વેશ્યા મનમાં જાણ;
એક દિવસ દૈવે તિહાં, આવ્યું કોઈ ન માન. ૧૨

સજી સોળ શણગાર એ, ઊભી દ્વારે તેમ;
છોડે નેત્રકટાક્ષને, જોઈ શોખીન એમ. ૧૩

આધીપાછી થાય પણ આવે કોઈ ન જાણ;
થાકી આખર અંતરે થઈ નિરાશ માન. ૧૪

પડી પથારીમાં જઈ; આવે ઊંઘ ન તેમ;
દૈવે વિવેક અંતરે સ્ફૂર્યો એહને એમ ! ૧૫

કહે વિરક્ત થઈઃ- અહા ! મત્સમ કોઈ ન આન
ભાગ્યહીન સ્ત્રી આ જગે, દુરાચારિણી માન. ૧૬

દ્રવ્યલોભથી હન્ત મેં, હાય અંધવત્ એમ
અર્પ્યું શરીર ધિક્ અહા, અનેક જણને તેમ ! ૧૭

પામી રત્ન સમાન આ માનવદેહ પ્રમાણ,
કર્યું એક પણ ના કદિ પુણ્યકર્મ હા જાણ ! ૧૮

માટે ચિત્ત ! હવે નકી પશ્ચાતાપે તેમ
ત્યાગી દુર્ગુણ પૂર્વના, થા સાવધ તું એમ. ૧૯

વ્યાપી સઘળે જે રહ્યો, વિશ્વાધાર મહેશ;
રમતાં તત્સહ ના કદિ થાત આમ આ કલેશ. ૨૦

છોડી અક્ષય એ પતિ, ઇચ્છું મર્ત્ય ગમાર !
ધિક્ મુજને ! ધિક્ દેહ આ ! ધિક્ તૃષ્ણા નિર્ધાર !! ૨૧

એમ વિચારે અંતરે કહેઃ- દેવ હે જાણ,
યાચું દુષ્કૃતની ક્ષમા, પતિતોદ્ધારક માન. ૨૨

રામા[3] હું તુજની પ્રભુ, નકી આજથી તેમ;
રમું ન તુજ વિણ અન્યથી, જાણ સુનિશ્ચિત એમ ! ૨૩

એમ કહી પ્રભુચિંતને નિદ્રાવશ તત્કાળ
થઈ પિંગલા એ અહા, ત્યજી આશ નિર્ધાર ! ૨૪

આશા ચિત્તે જ્યાં સુધી, આવે ઊંઘ ન સ્વસ્થ;
નૈરાશ્યે સુખ સર્વદા, જાણી એમ હું મસ્ત ૨૫

પડી રહું આનંદમાં ! જાણ ભૂપતિ એમ,
બોધ એહ વેશ્યા તણો; કેવળ અમૂલ્ય તેમ. ૨૬

૧. રસ જીત્યો તો બધું જીત્યો. ૨. કંજુસ ૩. સ્ત્રી

આશા દુખનું મૂળ છે; તેમ પરિગ્રહ એહ !
જાણ્યું એહ ટિટોડીથી; અઢારમો ગુરુ તેહ. ૨૭

પાંચપચીસ ટિટોડીઓ મળી એકદા જાણ,
ખાવા માટે યત્નથી આણી માંસ સુજાણ, ૨૮

લે સરખું વ્હેંચી સહુ, ખાએ તત્ક્ષણ તેહ;
એક જણી તેમાં થકી રાખે સંઘરી એહ. ૨૯

જોઈ એ બીજી બધી વદે ટિટોડી જાણ;
રાખ્યું તેં આ ચોરીને, આપ અમોને માન. ૩૦

કહે પેલીઃ- મમ ભાગ એ ! સૂણે કોઈ ન એમ;
મારી ચાંચો એહને, કીધી જર્જર તેમ !! ૩૧

સ્વયં એકલી એ બહુ, ચાલે કંઈ ન જાણ;
કહેઃ- વ્યર્થ કાં માર આ ખાઈ ખોવા પ્રાણ ? ૩૨

એમ વિચારી અંતરે, છોડી દે એ તેમ
માંસ એહ નિજ ચાંચથી; બચે મોતથી એમ ! ૩૩

જોઈ એવું મેં તિહાં, કીધો નિશ્ચય જાણ,
સંગ્રહ કારણ દુઃખનું; માટે સુજ્ઞે માન ૩૪

ત્યજી પરિગ્રહ સર્વથા, સદા અગ્નિવત્ તેમ,
યથાપ્રાપ્તસંતોષથી રહેવું સુખમાં એમ. ૩૫

સંગ્રહ કરનારા તણું ચિત્ત સર્વદા જાણ
રહે સંગૃહિત વસ્તુમાં; ના થાએ સ્થિર ધ્યાન. ૩૬

માટે સંગ્રહબુદ્ધિને વિવેકજ્ઞાને આમ
છોડી, અપરિગ્રહ સદા રહેવું નૃપ નિષ્કામ. ૩૭

જાણ્યું એહ ટીટોડીથી ! આગળ બાળક જાણ
ગુરુ ઓગણીસમો નકી, સાંભળ આપી ધ્યાન. ૩૮

નિજાનંદથી ધૂળમાં રમે મોજથી એમ;
કાદવકીચડ ના લહે, સુગંધ પરિમલ તેમ, ૩૯

કરે કોઈ સત્કાર વા, ધિક્કારે વા જાણ;
થાએ ખિન્ન ન અંતરે બાલારાજા માન. ૪૦

રજ્જુસર્પ જાણે નહીં, કરે ન એ અનુતાપ;
પાપપુણ્ય લહે નહીં, એને લેપ ન બાપ ! ૪૧

પડે સુકાળ દુકાળ વા, કરે ન ચિંતા જાણ;
શું ખૂટ્યું ? શું ના ગૃહે ? મળે કેમ વા માન ? ૪૨

ચિંતા એવી એહને સ્પર્શે કદિ ના તેમ;
નિર્વિકાર એ તો સદા, સારે નરસે એમ ! ૪૩

થશે મરણ હમણાં નકી; પડશે આફત જાણ;
થાશે અપકીર્તિ જગે; ચિંતે એમ ન માન. ૪૪

શી રીતે ધન મેળવું ? રક્ષું એને કેમ ?
પોષણ ઘરનાંનું અહા, થાશે સુખથી કેમ ? ૪૫

ચિંતા એવી ના કરે; કેવળ એ નિષ્કામ;
રમે મોજથી એકલો, સદા નિશ્ચિંત આમ ! ૪૬

મારૂંતારૂં ના લહે, માને સર્વ સમાન;
ભૂખ લાગતાં જે મળે ખાઈ લે તે માન. ૪૭

એમ વર્તતાં જગતમાં, લાગે લેપ ન ક્યાંય;
સ્હેજે અંતર્નિષ્ઠતા આપે ભૂપ ! પમાય. ૪૮

માયામય સંસાર આ ! કો કોનો પરિવાર ?
ક્યાં કોનું ઘરબાર વા ? સમણું આ નિઃસાર ! ૪૯

ચિંતામય આ હાટમાં, ચિંતા વિણ શું એમ
મળે, બોલ વિચારી એ, ભૂપ અંતરે તેમ ! ૫૦

મળશે શેં મિષ્ટાન્ન હા ? ચ્હાશે લોકો કેમ ?
ટળશે આફત કેમ આ ? થાશે સુભિક્ષ કેમ ? ૫૧

થાઉં પ્રસિદ્ધ લોકમાં, કેમ ત્વરાએ જાણ;
થાએ સત્કીર્તિ બધે ! ચિંતામાં એ માન ૫૨

રહે નિરંતર જે સદા, થાએ વ્યાકુળ તેમ;
કરે શ્રવણ શત વર્ષ એ, તોએ ઠરે ન એમ. ૫૩

વૃત્તિ અંતર્મુખ કદિ થાએ તેમ ન જાણ !
જાણી એવું શિશુ થકી, ત્યજી માન અપમાન, ૫૪

છોડી ચિંતા બાલવત્, નિજાનંદમાં એમ
રહું પડી નિર્ભય સદા ! જાણ ભૂપ તું તેમ. ૫૫

લેવા એ અનુભવ નકી, કરવો સતતાભ્યાસ;
વિણ એકાંત બને નહીં, સાધન એ પણ ખાસ. ૫૬

ગુરુ વીસમો મેં કરી કુમારીકંકણ તેમ,
જાણ્યું તત્ત્વ મહાન આ; જાણ નિશ્ચયે એમ. ૫૭

હતો મુકામ માહરો દૂર ગામમાં એક;
દીઠું કૌતુક એક ત્યાં, વિપ્રગૃહે મેં છેક. ૫૮

ઉપવર[1] કન્યા એકલી મૂકી ઘરમાં જાણ,
માતપિતા ગ્રામાંતરે ગયાં કાર્યસર માન. ૫૯

આવ્યા મ્હેમાનો તિહાં, રંકઘેર એ તેમ;
ચોખા પૂરતા ના મળે, જુએ કન્યકા એમ. ૬૦

કરૂં રસોઈ શેં હવે ? એમ વિચારી જાણ;
કાઢી ડાંગર, ખાંડવા બેઠી તત્ક્ષણ માન. ૬૧

ખાંડે અંતર્ગૃહ મહીં, ખખડે કંકણ તેમ;
જશે આબરૂ જાણીને કન્યા સુબુદ્ધ[2] એમ, ૬૨

૧. પરણાવવાને યોગ્ય ૨. ડાહી

કાઢી મૂકે કંકણો, રાખી બબ્બે જાણ;
તોએ શબ્દ ન થાય એ બંધ નિશ્ચયે માન. ૬૩

જોઈ કાઢે અન્ય પણ; માત્ર બંગડી એક
દરેક કરમાં રાખતાં થયો બંધ રવ[૧] છેક. ૬૪

આનંદે વેગે પછી, ખાંડી ડાંગર તેમ;
કરી પાક, મ્હેમાનને પ્રીતે પીરસે એમ. ૬૫

જોઈ મેં લીધું તિહાં, કંકણથી એ જ્ઞાન;
થતાં એકઠા બહુ જનો, થાયે કલહ સુજાણ ! ૬૬

રહેતાં બે પણ એકઠા, વાતોચીતો માંહ્ય
જાય વખત એળે બધો; ધ્યાનાદિક ના થાય. ૬૭

રહે વૃત્તિ વિક્ષિપ્ત[૨] ને પેસે પ્રમાદ જાણ;
માટે મુમુક્ષુએ સદા, સંગ ત્યાગવો માન. ૬૮

રહી એકલા યત્નથી, કરવું સાધન તેમ;
કંકણથી મેં જ્ઞાન એ ભૂપ મેળવ્યું એમ. ૬૯

એકવીસમો ગુરુ કર્યો, આગળ સર્પ સુજાણ;
રહું તેમ આનંદથી, ત્યજી સ્થાન અભિમાન. ૭૦

એકસ્થાને સર્વથા રહે સર્પ ના જેમ,
ફરે ન સાથે બેય પણ, રે'વું સાવધ તેમ. ૭૧

જાણે લોકો ના કદિ, તેમ વર્તવું જાણ;
નહિ તો જન આવી કરે નિત્ય ઉપદ્રવ માન. ૭૨

સાથે બે જણ ના રહે, ફરે નિઃશબ્દ તેમ,
એકલા જ સાવધ સદા, સર્પ યોગિવર જેમ. ૭૩

ફાવે તેના ઘર મહીં, રહે મોજથી જાણ;
ના બાંધે ઘર સર્વથા, રહે ગુહામાં માન, ૭૪

પ્રગટપણે વિચરે નહીં, લહે પ્રમાદ ન તેમ;
નિષ્કારણ પોતે થઈ, કરે કોપ ના એમ. ૭૫

તેમ મુમુક્ષુએ સદા રહેવું સાવધ જાણ;
બે જણાએ એકઠા રહેવું ફરવું ન માન ૭૬

કરવો ક્રોધ ન કોઈ પર, પ્રમિત[૩] બોલવું તેમ;
વિતંડવાદે[૪] કોઈ સહ, પડવું વ્યર્થ ન એમ. ૭૭

સદા વિચારી વર્તવું; મઠાશ્રમાદિક જાણ
ના બાંધી, રહેવું સદા સિદ્ધસ્થાનમાં માન. ૭૮

પર્ણકુટી પણ બાંધતાં, વધે અહંતા તેમ;
પડે મોહમાં આખરે, વધતાં મમતા એમ. ૭૯

ગુણ પોતાના જાણવા ના દેવા કદિ જાણ;
કરી સભાદિક ભાષણો કરવાં તેમ ન માન. ૮૦

ઈશધ્યાનમાં સર્વથા, રહેવું સુમગ્ન તેમ;
જાણી નશ્વર દેહ આ, કરવું સાર્થક એમ. ૮૧

સાધી આસન શ્વાસજય કરી ખંતથી જાણ,
કરે વૃત્તિ એકાગ્ર જો, તોજ થાય એ ધ્યાન. ૮૨

શીખ્યો એ [૫]શરકારથી, જાણ ભૂપતિ એમ;
ગુરુ બાવીસમો એ નકી, સુણ વૃત્ત[૬] એ તેમ. ૮૩

ચિત્ત એહનું બાણમાં, આસન નિશ્ચલ જાણ;
મંડ્યો નિજ કાર્યે અહા, રહે ન બીજું ભાન ! ૮૪

શર ઉપર શર વેગથી, કરે તૈયાર તેમ;
ઊંચી આંખ કરે નહીં, ધન્ય શરકાર એમ ! ૮૫

જાય નૃપસ્વારી તિહાં, માર્ગે ધમધોકાર;
વાગે વાદ્યો જોરથી; લહે ન એ નિર્ધાર ! ૮૬

નૃત્યગીતજયકારનો થાએ શોર મહાન !
તોયે વૃત્તિ ના ખસે, એની બીજે જાણ !! ૮૭

પૂછ્યું કોઈએ પછીઃ- કેમ આજ શરકાર
દીઠી સ્વારી ? એ કહેઃ- હું તો શર તૈયાર ૮૮

કરવામાં મંડ્યો હતો; જાણ્યું કાંઈ ના તેમ !
સૂણી કરે આશ્ચર્ય એ, જાણે રીતિ ન એમ ! ૮૯

તેમ યોગીએ યત્નથી સાધી આસન જાણ,
કરી શ્વાસજય, લક્ષ્યમાં રાખી વૃત્તિ માન, ૯૦

થતાં ધ્યાનસ્થ અંતરે, દ્વૈત વિસારી એમ;
તદાકાર સ્વરૂપમાં થાએ નિશ્ચય એમ. ૯૧

થતાં શ્વાસજય ક્રમ થકી, થાય મનોજય જાણ;
નડે વિઘ્ન ના ધ્યાનમાં; તોયે દૈવે માન ૯૨

ઠરે વૃત્તિ જો ના તિહાં, સગુણ સ્વરૂપે તેમ
કરતાં સુસ્થિર એહને, થાશે સુલીન એમ. ૯૩

વિષયસ્મરણે ના તથા થાશે ચલાયમાન;
દશ્ય અલૌકિક દેખતાં, જશે બ્હાર ના માન. ૯૪

ના પડશે નિદ્રા મહીં, થશે સ્વરૂપે લીન;
વધતાં સત્ત્વપ્રકાશ ત્યાં, થશે રજસ્તમ ક્ષીણ. ૯૫

પડી અગ્નિમાં કાષ્ઠ એ થાય અગ્નિમય જેમ;
થશે ચિત્ત તન્મય તથા, જાણ ધ્યાનથી એમ. ૯૬

કરે ધ્યાન જે જેહનું થાએ તન્મય તેહ,
જાણ્યું [૭]પેશસ્કારથી; ગુરુ તેવીસમો એહ. ૯૭

નિર્મી ઘર માટી તણું, આણી કીટક જાણ,
રાખી એને ત્યાં સુધી, મારે ડંખ પ્રમાણ. ૯૮

૧. અવાજ ૨. તૂટેલી; ક્ષુબ્ધ ૩. પ્રમાણસર. ૪. ખોટી શુષ્ક ચર્ચામાં. ૫. બાણ કરનારો. ૬ હકીકત ૭. ભમરી.

ભૂલી સ્વરૂપ પૂર્વનું, ચિંતે કીડો એમ
બીકે ભમરીને તથા; થાએ ભમરી તેમ ! ૯૯

તેમ વર્ણ આશ્રમ તણું ત્યજી પૂર્વ અભિમાન;
ધ્યાતાં ઈશ, સ્વયં બને જીવ ઈશ તું માન. ૧૦૦

અન્યજાતિ કીટક અહા ! તોએ ધ્યાને તેમ,
બને સ્વયં ભમરી તથા; ના અચરજ જો એમ. ૧૦૧

બ્રહ્મરૂપ જે જીવ તે કરતાં બ્રહ્મધ્યાન,
બ્રહ્માત્મૈક્યજ્ઞાનથી થાય બ્રહ્મ નિર્વાણ ! ૧૦૨

સ્નેહે દ્વેષે વા ભયે ધ્યાતાં ઈશ્વર એમ,
બને જીવ ઈશ્વર સ્વયં; મા શંકા કર તેમ. ૧૦૩

શીખ્યો એ ભમરી થકી ! ગુરુ ચોવીસમો જાણ
કરી કરોળિયો કર્યું અદ્વૈતામૃતપાન. ૧૦૪

કરોળિયો નિજ નાભિથી નિર્મી તંતુ જેમ;
ગૂંથી જાળું એહનું, ક્રીડે એમાં તેમ; ૧૦૫

સ્વેચ્છાએ ગ્રાસી પુનઃ, નિજ નાભિમાં જાણ
રાખી સ્વતંત્ર એકલો ક્રીડે જેમ સુજાણ; ૧૦૬

તેમ જાણ ઈશ્વર સ્વયં, ઇચ્છામાત્રો એમ
વિશ્વ ચરાચર આ રચી, ક્રીડે સ્વતંત્ર તેમ. ૧૦૭

આખર નિજ ઇચ્છા થકી, કરી લીન સહુ જાણ;
રમે નિરામય એકલો, ત્રિગુણાતીત પ્રમાણ ! ૧૦૮

વિણ સામગ્રીએ રચે, ઈક્ષણમાત્રો એમ;
આખર સંહારે બધું, કાળશક્તિથી તેમ. ૧૦૯

આદિઅંતમાં એક એ, વચ્ચે વિશ્વાધાર;
સત્ત્વરજસ્તમથી કરે, સ્વતંત્ર એમ વિહાર ! ૧૧૦

કર્તા ત્રિગુણ નકી તિહાં, વિભુ અકર્તા જાણ;
ખાઈ ભૂખ્યો સર્વદા, જગન્નાટકી માન !! ૧૧૧

ભૂતોની જે વાસના મરે ન પ્રલયે તેમ;
થતાં ફલોન્મુખ એ, વિભુ ઇચ્છે ઉદ્‌ભવ એમ. ૧૧૨

મનોરથે એ ગુણમયી સર્જી માયા જાણ,
નિર્મે વિશ્વ અનુક્રમે પુનઃ પૂર્વવત્ માન. ૧૧૩

પાળે સંહારે તથા, વિના પ્રયત્ને તેમ;
કેવળ સંકલ્પે કરી, લીલા એની એમ. ૧૧૪

માટે બંધ ન એહને, અજ અક્ષય એ જાણ;
વ્યાપક આત્મા એક એ, સચ્ચિત્સુખ તું માન. ૧૧૫

માયિક વિશ્વ બધું નકી, નામરૂપમય એમ;
ન્હોતું મૂળે, ના હશે, ભાસે વચ્ચે તેમ. ૧૧૬

આત્મા વ્યાપક બ્રહ્મ એ ઉપાદાન નિમિત્ત;
એજ બ્રહ્મ હું જાણતાં, ઠર્યું સર્વથા ચિત્ત ! ૧૧૭

કરી ગુરુ ચોવીસ તથા, લીધો સુબોધ એમ;
નિર્વિકલ્પ પરબ્રહ્મ એ, જાણ દુર્જ્ઞેય તેમ. ૧૧૮

વિણ વૈરાગ્ય ના ઠસે બોધ સૂક્ષ્મ એ જાણ;
જાણી એવું દેહને માની ગુરુ પ્રમાણ, ૧૧૯

શીખ્યો જે હું તે કહું, સાંભળ ભૂપતિ તેમ;
મારો મારો એહને કહે વ્યર્થ જન એમ ! ૧૨૦

માતપિતાના મેલથી થયો એહ નિર્માણ;
જાણ અમંગલ, ઊડતાં લાગે વાર ન માન; ૧૨૧

કરતાં ધારણ એહને લજ્જા આવે તેમ;
માટે સૂક્ષ્મ વિચારથી, થાવું સાવધ એમ. ૧૨૨

ભાડાની ગાડી સમો માની એને જાણ,
આપી પરિમિત અન્ન ને કરવું સાધન માન ૧૨૩

ઈશપ્રાપ્તિનું તથા; નહિ તો આખર એમ,
પશ્ચાત્તાપે અંતરે થશે ખાખ નર તેમ ! ૧૨૪

લાખ પ્રયત્ને રક્ષતાં, પડે આખરે એહ;
રાખી પાછળ વાસના, વૃક્ષબીજવત્ તેહ. ૧૨૫

રાખી કાયમ બીજને, મરે ઉદ્‌ભિજ્જો જાણ;
થાય વૃક્ષ ફરી બીજનાં, તેમ દેહ પણ માન. ૧૨૬

વિવિધ કર્મની વાસના થઈ ફલોન્મુખ તેમ,
કરે દેહ નિર્માણ આ ફરી ફરીથી એમ. ૧૨૭

ત્રિવિધ તાપનું મૂળ એ જાણી ભૂપ સુજાણ;
વર્તું નિશ્ચલ માનસે, ત્યજી દેહ અભિમાન. ૧૨૮

જ્ઞાનાગ્નિથી વાસનાબીજ બાળીને એમ,
સોંપી તનુ પ્રારબ્ધને, રહું નિઃશંક તેમ; ૧૨૯

મગ્ન સદા સ્વાનંદમાં; કેવળ નિર્ભય જાણ;
જોઈ સ્વાત્મા સર્વમાં, સર્વ સ્વાત્મમાં માન !! ૧૩૦

સૂણી જ્ઞાન અગાધ આ, સાવધાન યદુ તેમ
થઈ નિજાંતરમાં કહેઃ- નકી દત્ત આ એમ, ૧૩૧

ઈષ્ટદેવ મારા અહા ! જાણી એમ સુજાણ,
દંભાદિક ત્યાગી કરે વંદન ભાવે માન. ૧૩૨

થયો ધ્વંસ અજ્ઞાનનો, રહ્યું દ્વૈત ના ક્યાંય;
કહેઃ- પ્રભો ! પાવન થયો, ઇચ્છું કાંઇ ન ત્યાંય ! ૧૩૩

વ્યાપ્યો તું સચરાચરે; જાણી નિશ્ચય એમ;
વિશ્વરૂપ આ તાહરૂં, અર્ચું ભાવે તેમ !! ૧૩૪

એમ કહી વંદન કરે, વારંવાર સુજાણ;
મૂકી વરદ કર મસ્તકે, થાય ગુપ્ત પ્રભુ માન ! ૧૩૫

ગયો યદુ આનંદથી, થઈ કૃતકૃત્ય એમ;
ફરે સ્વૈર ભૂમંડલે, સ્વાત્માનંદે તેમ !! ૧૩૬

અલખ નિરંજનને કહેઃ- તર્યો એમ યદુ જાણ;
અગાધ લીલા ત્રીશની, જાણે કોણ પ્રમાણ ? ૧૩૭

થયા ભક્ત વા કેટલા, લહે ન કોઈ તેમ;
કલિતારક એ વિણ નહીં, જાણ દૂસરૂં એમ. ૧૩૮

બહુરૂપી અવધૂત એ, નાના વેષે જાણ,
ભક્તજનોને તારવા, ફરે ભૂતલે માન. ૧૩૯

રક્ષી ભક્તોને તથા, દંડે દુષ્ટો એમ;
ધરી અવતાર યુગે યુગે, પ્રગટ ગુપ્ત જો તેમ. ૧૪૦

ભૂખ્યો કેવળ ભાવનો, દેખે અન્ય ન જાણ;
થતાં ભક્તિવશ, ના કશું તેને અદેય માન. ૧૪૧

રીઝ્યો અનસૂયા તણો જોઈ ભાવ જે તેમ;
થતાં વ્યાપ્ત કલિયુગ બધે, ફરી અવતર્યો એમ. ૧૪૨

જોઈ વિપ્રસ્ત્રી તણી ભક્તિ અનન્ય જાણ;
આપ્યું ત્રિમૂર્તિએ અહા, ફરી સ્વાત્મનું દાન ! ૧૪૩

કલિદોષે દૂષિત બધા શુષ્કજ્ઞાનરત એમ
જોઈ, અનન્ય ભક્તિનો મહિમા સુવિમલ તેમ ૧૪૪

કરવા પ્રસ્થાપિત ફરી, ધર્યો અન્ય અવતાર;
શ્રીપાદશ્રીવલ્લભ નૃસિંહસરસ્વતી સાર ! ૧૪૫

કલિતારક શ્રીપાદ એ, દત્ત દિગંબર ધન્ય !
વંદું ચરણાંબુજ મુદા થાઉં લીન અનન્ય !! ૧૪૬

ભાવાવેશે એમ ત્યાં, અલખ યોગિવર એહ
થયા ધ્યાનસ્થ તત્ક્ષણે; દિસે કાષ્ટવત્ દેહ ! ૧૪૭

કહે **રંગ** આગળ હવે, એ અદ્‌ભુત વિસ્તાર;
ગુરુકૃપાથી વિશ્વમાં થાશે જયજયકાર !! ૧૪૮

એની લીલા એ લહે !! જેમ વદાવે તેમ
બોલે મુખ મુરદાલ આ, કાષ્ટનર્તકી જેમ !!! ૧૪૯

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
યદ્બ્રહ્મરણં નામ પંચપંચાશત્તમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૫૫ ॥ દોહરા ૧૪૯
કુલ દોહરા ૭૨૮૦ ગીતાદિ ૧૫

અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત

જ્ઞાનકાંડ સમાપ્ત

આરતી

૧

જય જય જય ગુરુદેવ !
વંદે અત્રિકુમારં ત્રિભુવનભર્તારમ્ (૨)
જનિમૃતિસંસૃતિકાલં તાપત્રયહારમ્.
જય જય જય ગુરુદેવ - ધ્રુ૦

કરુણાપારાવારં યોગિજનાધારમ્ (૨)
કૃતભવજલનિધિપારં ષડ્‌દર્શનસારમ્.....જય જય....૧

ભોગાપવર્ગદ્વારં કૃતમોદાસારમ્ (૨)
નતજનવરદાતારં નિગમાગમસારમ્.....જય જય....૨

ધૃતગલમૌક્તિકહારં કીર્ણજટાભારમ્ (૨)
ધામ્ના નિર્જિતમારં ષડ્‌રિપુસંહારમ્.....જય જય....૩

દુઃશીલાતિકરાલં ભસ્માંકિતભાલમ્ (૨)
શંખ ત્રિશૂલ ભાજન-સ્રગ્વાદ્યારિકરમ્.....જય જય....૪

કલિકલ્મષહન્તારં સુરનરમુનિતારમ્ (૨)
વૃતવિજનૈકવિહારં જ્ઞપ્તિસુધાહારમ્.....જય જય....૫

દેવત્રયાવતારં શાન્તિસુધાગારમ્ (૨)
દૂરીકૃતનતભારં **રંગા**રંગકરમ્.....જય જય....૬

રંગ અવધૂત

આરતી

૨

આનંદવાજાં વાગે ગગનમાં, ઘણણણ ઘંટા ભેરી (૨);
મંગલઆરતી થાએ મારા ગુરુની, મંગલઆરતી કરૂં મારા ગુરુની
સત્‌ચિત્ આનંદ હેલી !! (૨)...ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨), કરે અગમગઢ કેલિ (૨);
શૂન્યશિખર પર શબ્દ સૂણાએ (૨), ચાલ દોડ અલબેલી !! (૨)
આનંદ૦ ૧

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨) ઘુડુડુડુ નોબત ઘેરી (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨), નાચે અપસરા ઘેલી !! (૨)
આનંદ૦ ૨

થેઈ થેઈ થન્‌થન્ ઘુડુડુડુ ઘમ્ ઘમ્ (૨), ખમા ખમા રંગરેલી (૨)
જ્ઞાનવિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨), પિંડબ્રહ્માંડની હોળી !! (૨)
આનંદ૦ ૩

આપ હી ગાવત આપ બજાવત (૨), ફિરે આપ ફંફેરી (૨)
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨) એહી દેવ યહ ડેરી !! (૨)
આનંદ૦ ૪

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨), દત્ત દિગંબર લ્હેરી (૨);
સૂરત નૂરત બીચમેં મૂરત (૨) દેખે **રંગ** ગુરુચેરી !! (૨)
આનંદ૦ ૫

રંગ અવધૂત